# પ્રસ્તાવના

સ્પર્ધાત્મક પરીક્ષામાં ગણિત વિષયનું એક આગવું સ્થાન છે. મેરીટમાં સ્થાન પ્રાપ્ત કરવા, ગણિતમાં શક્ય તેટલા વધુ માર્ક્સ મેળવવા અત્યંત આવશ્યક છે. સરકારી નોકરી મેળવવા ગણિત વિષય સફળતાની ચાવીરૂપ છે. સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતાં વિદ્યાર્થીઓ માટે સૌથી અઘરી લાગતી બાબત એટલે 'ગણિતની તૈયારી' છે. ખરેખર ગણિત આપણે માનીએ છીએ, તેટલો અઘરો વિષય નથી. જો ગણિતના પાયાના સિદ્ધાંતોને સમજીને તૈયારી કરીએ તો, તે સાવ સરળતાથી શીખી શકાય છે.

આ પુસ્તકમાં મેં મારા છેલ્લા ૨૫ વર્ષના ગણિત ભણાવવાના આગવા અનુભવના ભાથામાંથી, વિદ્યાર્થીઓની પાયાની કચાશને જાણીને, તે કઇ રીતે દુર કરી શકાય ? તે અંગે મારાથી બનતો પ્રામાણિક અને નિષ્ઠાપૂર્વકનો પ્રયત્ન કરેલો છે. આ પુસ્તકમાં તમામ સ્પર્ધાત્મક પરીક્ષાના અભ્યાસક્રમને આવરી લેવાનો પ્રયત્ન કરવામાં આવેલો છે.

આ પુસ્તકમાં દરેક પ્રકરણની પાયાથી સમજ આપવામાં આવેલી છે. તે પ્રકરણમાંથી પરીક્ષામાં વારંવાર પૂછાતાં અગત્યના દાખલાઓને ધ્યાને લઇ અઘરી ગણતરીની સરળ પદ્ધતિઓમાં વર્ગીકરણ કરેલું છે, આથી તે પ્રકરણ સરળતાથી યાદ રહી જાય છે. વિવિધ પદ્ધતિઓને ખૂબ જ ઝડપથી ઓછા સમયમાં ગણતરી કરી શકાય તે માટેની શોર્ટ ટ્રીક્સ પણ આપવામાં આવેલી છે. જેથી પરીક્ષામાં અમૂલ્ય સમયને બચાવી વધારે માર્ક્સ પ્રાપ્ત કરી શકાય.

આ પુસ્તકની વિશેષતામાં દરેક પ્રકરણમાં ગણતરી કરેલા પુરતા દાખલા આપેલાં છે તથા પ્રકરણને અંતે પ્રેક્ટીસના દાખલા, તેના જવાબ પણ આપેલાં છે. તદુપરાંત ૨૫ પ્રેક્ટીસ પેપર પણ આપવામાં આવેલાં છે.

સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતાં ગુજરાતના તમામ વિદ્યાર્થીને માટે આ પુસ્તક ગણિત વિષયની તમામ મુંઝવણને દુર કરશે અને પરીક્ષામાં જરૂરથી સફળતા અપાવશે, તેવા સંપૂર્ણ વિશ્વાસ સાથે મા સરસ્વતીના ચરણોમાં આ પુસ્તક અર્પણ કરું છું.

આ પુસ્તકની સહાયથી આપ સૌ પરીક્ષામાં જરૂરથી સફળ બનશો તેવી હાર્દિક શુભેચ્છા...


*આપનો ઋણાનુરાગી*

***રાજુભાઈ પટેલ***

*૫, આશ્રય ફ્લેટ, પ્લોટ નં. ૨૬૯,*

*સેક્ટર-૨૯, ગાંધીનગર.*


***નમ્ર વિનંતી :***

આ પુસ્તક પુરી નિષ્ઠા અને પ્રામાણિકતાથી તૈયાર કરેલું છે, તેમ છતાં આપને કંઇ ક્ષતિ જણાય તો જરૂરથી મારું ધ્યાન દોરવા નમ્ર વિનંતી છે. જો આપની પાસે ગણતરીને હજુ વધારે સરળ બનાવવાની શોર્ટ ટ્રીક્સ હોય તો, પત્ર/ઈ-મેલ vivekanandacademy2012@gmail.com દ્વારા મને જરૂરથી જણાવી આ શિક્ષણરૂપી યજ્ઞમાં આપના જ્ઞાનની આહુતિ આપી સહભાગી બનવાનું સહર્ષ આમંત્રણ છે.

*॥ શિક્ષણ હૈ સેવાયજ્ઞ સમિધા સમ હમ જલે ॥*

***ભારતમાતાકી જય***


***ટાઈપ અને સેટીંગ : મનીષ ભીમાણી*** (મો. : ૮૪૯૦૦૩૦૧૪૧), ***સંતોષ રાવ*** (મો. : ૯૬૮૭૧ ૩૦૫૦૫)

# અનુક્રમણિકા


| ક્રમ | પ્રકરણનું નામ | પેજ નંબર |
|---|---|---|
| 01. | વર્ગ - વર્ગમૂળ તથા ઘન - ઘનમૂળ | 1 |
| 02. | સંખ્યા જ્ઞાન, | 8 |
| 03. | સંખ્યાઓના પ્રકાર | 14 |
| 04. | દશાંશ અપૂર્ણાંક | 19 |
| 05. | લ.સા.અ. અને ગુ.સા.અ. | 25 |
| 06. | બીજગણિતની ભૂમિકા અને સાદુરૂપ | 31 |
| 07. | ઘાત અને ઘાતમૂળ | 45 |
| 08. | સરેરાશ અને ભારિત સરેરાશ | 50 |
| 09. | ટકાવારી | 59 |
| 10. | ગુણોત્તર-પ્રમાણ, હિસ્સો-ચલ, ત્રણ સાંકળનો નિયમ | 65 |
| 11. | સાદુવ્યાજ | 72 |
| 12. | ચક્રવૃધ્ધિ વ્યાજ | 77 |
| 13. | નફોખોટ | 83 |
| 14. | કામ, સમય, મહેનતાણું અને ભાગીદારી | 92 |
| 15. | અંતર, સમય અને ઝડપ (સાપેક્ષ ગતિ, ટ્રેન, નાવ અને સ્ટીમર સંબંધિત પ્રશ્નો) | 101 |
| 16. | શ્રેણી તથા આંકડાશાસ્ત્ર, મધ્યક, મધ્યસ્થ અને બહુલક | 108 |
| 17. | શ્રેણી અને શ્રેઢી | 116 |
| 18. | કોયડા, સમીકરણ, ઉંમર સંબંધિત પ્રશ્નો | 120 |
| 19. | રૈખિક સમીકરણ | 127 |
| 20. | વર્ગાત્મક સમીકરણ | 130 |
| 21. | ભૂમિતીનું માળખું | 132 |
| 22. | ક્ષેત્રફળ અને પરિમિતિ | 137 |
| 23. | ઘનફળ | 147 |
| 24. | ત્રિકોણમિતિ | 156 |
| 25. | અંતર અને ઊંચાઇ | 161 |

| | | |
|---|---|---|
| 26. | ક્રમચય અને સંચય | 164 |
| 27. | સંભાવના | 166 |
| 28. | કાર્તેઝિયન યામ પદ્ધતિ | 173 |
| 29. | ગણિત વિશે જાણવા જેવું | 174 |
| 30. | ગણનો સિદ્ધાંત | 179 |
| 31. | તાર્કિક વેન આકૃતિ | 181 |
| 32. | કેલેન્ડર સંબંધિત કોયડાઓ | 193 |
| 33. | ઘડિયાળને અનુલક્ષીને કોયડાઓ | 199 |
| 34. | પ્રેક્ટીસ પેપર | 201 |

# 01. વર્ગ - વર્ગમૂળ તથા ઘન - ઘનમૂળ

## ■ વર્ગ

● વર્ગ કરવાના નિયમો

1 થી 20 ના વર્ગ

| | |
|---|---|
| $1^2 = 1 \times 1 = 1$ | $11^2 = 11 \times 11 = 121$ |
| $2^2 = 2 \times 2 = 4$ | $12^2 = 12 \times 12 = 144$ |
| $3^2 = 3 \times 3 = 9$ | $13^2 = 13 \times 13 = 169$ |
| $4^2 = 4 \times 4 = 16$ | $14^2 = 14 \times 14 = 196$ |
| $5^2 = 5 \times 5 = 25$ | $15^2 = 15 \times 15 = 225$ |
| $6^2 = 6 \times 6 = 36$ | $16^2 = 16 \times 16 = 256$ |
| $7^2 = 7 \times 7 = 49$ | $17^2 = 17 \times 17 = 289$ |
| $8^2 = 8 \times 8 = 64$ | $18^2 = 18 \times 18 = 324$ |
| $9^2 = 9 \times 9 = 81$ | $19^2 = 19 \times 19 = 361$ |
| $10^2 = 10 \times 10 = 100$ | $20^2 = 20 \times 20 = 400$ |

● એકમનો અંક 5 હોય તેવી સંખ્યાનો વર્ગ કરવો :

નિયમ: પહેલા 5નો વર્ગ કરવો અને 5 આગળની સંખ્યા જે હોય તે સંખ્યાને તેના પછીના ક્રમની સંખ્યા સાથે ગુણવી.

દા.ત.: (i) $(25)^2 =$

સૌ પ્રથમ ૫ નો વર્ગ કરવો $\rightarrow (5)^2 = 25$

2 નો ગુણાકાર તેના પછી આવતી સંખ્યા સાથે કરવો.

$2 \times 3 = 6$

જવાબ : $\boxed{625}$

(ii) $(35)^2 = (5)^2 = 25$

$3 \times 4 = 12$

જવાબ : $\boxed{1225}$

(iii) $(15)^2 = (5)^2 = 25$

$1 \times 2 = 2$

જવાબ : $\boxed{225}$

● જે સંખ્યામાં બધા અંક 1 આવતા હોય તેવી સંખ્યાનો વર્ગ કરવો:

નિયમ: જેટલા 1 હોય તેટલી જ સંખ્યા પહેલા ચડતા ક્રમમાં લખવી અને છેલ્લે જે અંક આવે ત્યારથી તેટલી જ સંખ્યા ઉતરતા ક્રમમાં લખવી.

દા.ત.: $(11)^2 = 121$

$(111)^2 = 12321$

$(1111)^2 = 1234321$

● જે સંખ્યામાં બધા અંક 9 આવતા હોય તેવી સંખ્યાનો વર્ગ કરવો.

નિયમ: સ્ટેપ-1 : છેલ્લા (એકમના) અંકના 9 ની જગ્યાએ 8 લખવા.

સ્ટેપ-2 : 8 ની આગળ જેટલા 9 તેટલા 8 પાછળ શૂન્ય લખવા.

સ્ટેપ-3 : છેલ્લે 1 લખવો.

દા.ત.: $(99)^2 = 9801$

$(9999)^2 = 99980001$

$(999)^2 = 998001$

● બે અંકની કોઈ પણ સંખ્યાનો વર્ગ કરવો :

નિયમ: સ્ટેપ-1 : એકમના અંકનો વર્ગ કરવો

સ્ટેપ-2 : એકમ અને દશકના અંકનો ગુણાકાર કરી બે ગણા કરવા (જો વદી હોય તો ઉમેરવી)

સ્ટેપ-3 : પ્રથમ સંખ્યાનો વર્ગ કરવો. (જો વદી હોય તો ઉમેરવી)

દા.ત.: $(34)^2 =$ સૌ પ્રથમ એકમના અંક 4 નો વર્ગ કરવો.

$(4)^2 = 16$ તો 6 મૂકવા વદી 1.

$\rightarrow$ 3 અને 4 નો ગુણાકાર કરી બે ગણા કરવા.

$3 \times 4 = 12$ અને

એના 2 ગણા $12 \times 2 = 24$

આગળની વદી 1 ઉમેરવી $24 + 1 = 25$

25 માંથી 5 મૂકવા વદી 2

$\rightarrow$ 3 નો વર્ગ કરવો.

$(3)^2 = 9$ વદી ૨ ઉમેરવી $9 + 2 = 11$

જવાબ : $\boxed{1156}$

$(67)^2 = 7 \times 7 = 49 \rightarrow \boxed{9}$ (4 વદી)

$6 \times 7 = 42 \times 2 = 84 + 4 = 88 = \boxed{8}$ (8 વદી)

$6^2 = 36 + 8 = \boxed{44}$

જવાબ : $\boxed{4489}$

● જે સંખ્યામાં છેલ્લે 0 આવતી હોય તેવી સંખ્યાનો વર્ગ કરવો.

નિયમ: 0 (શૂન્ય) સિવાયની સંખ્યાનો વર્ગ કરવો અને જેટલા 0 હોય તેટલા ડબલ કરી લખવા.

દા.ત.: $(70)^2 = 4900,\ (30)^2 = 900,\ (20)^2 = 400$

● દશાંશ ચિન્હ વાળી સંખ્યાનો વર્ગ કરવો :

નિયમ: આપેલ સંખ્યાનું દશાંશ ચિન્હ ભૂલી જઈ સંખ્યાનો વર્ગ કરવો પછી દશાંશ ચિન્હ પછી જેટલી સંખ્યા હોય તેની ડબલ સંખ્યા રહે તે રીતે પછી દશાંશ ચિન્હ મૂકવું.

દા.ત.: (i) $(3.2)^2 = (32)^2 = 1024$

$\rightarrow$ 1 સંખ્યા છે તો 2 સંખ્યા પછી ચિન્હ મૂકવું.

જવાબ : $\boxed{10.24}$

(ii) $(0.07)^2 = 0.0049$

VIVEKANAND ACADEMY , GANDHINAGAR. M. : 99256 38721

(iii) $(0.17)^2 = 0.0289$

## ■ વર્ગમૂળ

- કોઈપણ પૂર્ણવર્ગ સંખ્યાનું વર્ગમૂળ નીકળી શકે છે.
- પૂર્ણવર્ગ : "આપેલી સંખ્યા જો કોઈ સંખ્યાનો વર્ગ હોય તો તે સંખ્યા પૂર્ણવર્ગ છે તેમ કહેવાય"
- કોઈપણ સંખ્યાનો એકમનો અંક 2, 3, 7 કે 8 હોય તો તે સંખ્યા પૂર્ણવર્ગ સંખ્યા હોય જ નહિ.
- કોઈ સંખ્યાના એકમના સ્થાનમાં શૂન્ય હોય પરંતુ દશકના સ્થાનમાં શૂન્ય ન હોય તેવી સંખ્યા પૂર્ણ વર્ગ સંખ્યા ન હોય.

■ વર્ગમૂળના નિયમો :

(1) 1 થી 400 સુધીમાં આવતી પૂર્ણવર્ગ સંખ્યાનું વર્ગમૂળ 1 થી 20 સુધી સંખ્યાના વર્ગના આધારે કરવું.

દા.ત.: $\sqrt{49} = \sqrt{7^2} = 7,\ \sqrt{169} = \sqrt{13^2} = 13,$

$\sqrt{361} = \sqrt{19^2} = 19$

(2) જેને છેલ્લે 25 આવતાં હોય તેવી સંખ્યાનું વર્ગમૂળ શોધવા 25ની આગળની સંખ્યા કઈ બે ક્રમીક સંખ્યાનો ગુણાકાર છે તે શોધી તેમાંથી નાની સંખ્યા લખી તેની પાછળ 5 લખવા.

દા.ત.: $\underline{56}\underline{25}$ માં $56 = 7 \times 8$ થાય $\therefore \sqrt{5625} = 75$

$\underline{12}\underline{25}$ માં $12 = 3 \times 4$ થાય $\therefore \sqrt{1225} = 35$

(3) 1 થી શરૂ કરી ચડતા ક્રમમાં ત્યારબાદ ઉતરતા ક્રમમાં 1 સુધીની સંખ્યા આપી હોય તેવું વર્ગમૂળ શોધવા જેટલી ચઢતા ક્રમમાં સંખ્યા હોય તેટલા 1 તેનું વર્ગમૂળ થાય.

દા.ત.: $\sqrt{12321} = 111,\ \sqrt{123454321} = 11{,}111$

(4) જે સંખ્યામાં પ્રથમ અમુક અંક 9 હોય ત્યારબાદ 8 હોય, 8ની આગળ જેટલા અંક 9 હોય તેટલી 8 ની પાછળ 0 હોય તથા છેલ્લે 1 અંક લખેલ હોય તેવી સંખ્યાનું વર્ગમૂળ શોધવા જેટલા અંક 9 હોય તેટલાથી 1 વધારે 9 મૂકવાથી તેનું વર્ગમૂળ મળે છે.

દા.ત.: $\sqrt{998001} = 999,\ \sqrt{9801} = 99$

(5) ચાર આંકડાની કોઈપણ સંખ્યાનું વર્ગમૂળ શોધવું.

સ્ટેપ-1: આપેલ સંખ્યા 10 ના ગુણાંક (10, 20, 30, 40, ...) માંથી કઈ સંખ્યાના વર્ગ પછી આવે તે શોધવું.

સ્ટેપ-2: તે 10 ના ગુણાંકની સંખ્યામાં 5 ઉમેરી તેનો વર્ગ કરવો જો વર્ગ મૂળ-સંખ્યાથી ઓછો હોય તો તેનાથી મોટી સંખ્યા હોઈ શકે તથા વર્ગ મૂળસંખ્યાથી વધારે હોય તો તેનાથી નાની સંખ્યા હોય શકે.

સ્ટેપ-3: મૂળ સંખ્યાના એકમના અંકના આધારે તેનું વર્ગમૂળ નક્કી કરવું.

દા.ત.: $\sqrt{1849}$ એ $40^2 = 1600$ પછી આવતી સંખ્યા છે. ત્યારબાદ $45^2 = 2025$ એ 1849 થી મોટી સંખ્યા હોવાથી 1849નું વર્ગમૂળ 45 થી ઓછું થાય. 1849નો છેલ્લો અંક 9 એ $3^2 = 9$ થાય.

$\therefore \sqrt{1849} = 43$ થાય

(6) છેલ્લે બેકી સંખ્યામાં શુન્ય આવતી હોય તેનું વર્ગમૂળ શોધવા માટે શુન્ય સિવાયની સંખ્યાનું વર્ગમૂળ શોધી તેની પાછળ મૂળ સંખ્યામાં જેટલા શુન્ય હોય તેનાથી અડધા શુન્ય મૂકવા.

દા.ત.: $\sqrt{4900}\ \therefore \sqrt{49} = 7\ \therefore \sqrt{4900} = 70$

$\sqrt{42250000}\ \therefore \sqrt{4225} = 65$

$\therefore \sqrt{42250000} = 6500$

(7) દશાંશ ચિન્હવાળી સંખ્યાનું વર્ગમૂળ શોધવા સૌપ્રથમ દશાંશ ચિન્હ ભૂલી જઈને મળેલ સંખ્યાનું વર્ગમૂળ શોધવું ત્યારબાદ તે સંખ્યામાં મૂળ સંખ્યામાં જેટલી સંખ્યા દશાંશ ચિન્હ પછી હોય તેનાથી અડધી સંખ્યા દશાંશ ચિન્હ પછી થાય તે રીતે દશાંશ ચિન્હ મૂકવું. જો સંખ્યા ખૂટતી હોય તો આગળ શુન્ય મૂકી શકાય.

દા.ત.: $\sqrt{0.0009}$

$\therefore \sqrt{9} = 3\ \therefore \sqrt{0.0009} = 0.03$

## ■ ઘન :

ઘન એટલે તે સંખ્યાનો ત્રણ વખત ગુણાકાર.

દા.ત.: $1^3 = 1 \times 1 \times 1 = 1$

$2^3 = 2 \times 2 \times 2 = 8$

$3^3 = 3 \times 3 \times 3 = 27 \quad 4^3 = 4 \times 4 \times 4 = 64$

$5^3 = 5 \times 5 \times 5 = 125 \quad 6^3 = 6 \times 6 \times 6 = 216$

$7^3 = 7 \times 7 \times 7 = 343 \quad 8^3 = 8 \times 8 \times 8 = 512$

$9^3 = 9 \times 9 \times 9 = 729 \quad 10^3 = 10 \times 10 \times 10 = 1000$

$11^3 = 11 \times 11 \times 11 = 1331$

## ■ ઘનમૂળ :

ઘનમૂળ એટલે એવી સંખ્યા કે જે ચોક્કસ સંખ્યાનો ત્રણ વખત ગુણાકારથી બનેલ હોય તો તે ચોક્કસ સંખ્યાને તે સંખ્યાનું ઘનમૂળ કહે છે.

દા.ત.: $\sqrt{343}$ માં 343 એ 7 ને ત્રણ વખત ગુણવાથી બનતી સંખ્યા છે.

$\therefore$ 343 નું ઘનમૂળ 7 થાય.

નિયમ-1: 1 થી 1331 વચ્ચેની કોઈપણ સંખ્યાનું ઘનમૂળ 1 થી 11નાં ઘનને આધારે કાઢી શકાય.

નિયમ-2: 1331 પછી કોઈપણ સંખ્યાનું ઘનમૂળ કાઢવાની રીતઃ

દા.ત.: $\sqrt[3]{19683}$

સ્ટેપ-1: એકમનો અંક (3) એ 1 થી 10માંથી કઈ સંખ્યાના ઘનનો એકમનો અંક છે તે શોધી કાઢી ઘનમૂળમાં તે એકમનો અંક

VIVEKANAND ACADEMY, GANDHINAGAR

લખવો ($7^3$ = 343માં એકમનો અંક 3 છે માટે ઘનમૂળમાં એકમનો અંક 7 થાય)

સ્ટેપ-2: છેલ્લા ત્રણ આંકડા (683) સિવાયની સંખ્યા (19) એ 1 થી 10માં કઈ સંખ્યાના ઘન પછી આવતી સંખ્યા છે તે શોધવી (19 એ $2^3$ = 8 પછી આવતી સંખ્યા છે.)

$\therefore$ દશકના અંક તરીકે તે સંખ્યા (2) લખવી.

$\therefore \sqrt[3]{19683} = 27$ થાય.

$\sqrt[3]{4096} = 16,\ \sqrt[3]{79507} = 43,\ \sqrt[3]{9261} = 21$

## ● પ્રેક્ટીસના દાખલાઓ :

1. $\sqrt{6084}$ નું વર્ગમૂળ શોધો :

$= \sqrt{6084} = \boxed{78}$

2. $\sqrt{248+\sqrt{51+\sqrt{169}}} = (?)$

$= \sqrt{248+\sqrt{51+13}}$

$= \sqrt{248+\sqrt{64}}$

$= \sqrt{248+8}$

$= \sqrt{256}$

$= \boxed{16}$

3. $\sqrt{1\frac{9}{16}}$ ની કિંમત શોધો.

$= \sqrt{\frac{25}{16}} = \boxed{\frac{5}{4}}$

4. $\sqrt{\frac{0.289}{0.00121}}$

$\sqrt{\frac{289}{121}\times\frac{100000}{1000}} = \frac{17}{11}\times 10 = \frac{170}{11} = 15\frac{5}{11}$

5. $\sqrt{110\frac{1}{4}}$

$= \sqrt{\frac{441}{4}} = \boxed{\frac{21}{2}} = 10\frac{1}{2}$ અથવા 10.5

6. $\sqrt{10+\sqrt{25+\sqrt{108+\sqrt{154+\sqrt{225}}}}}$

$= \sqrt{10+\sqrt{25+\sqrt{108+\sqrt{154+15}}}}$

$= \sqrt{10+\sqrt{25+\sqrt{108+\sqrt{169}}}}$

$= \sqrt{10+\sqrt{25+\sqrt{108+13}}}$

$= \sqrt{10+\sqrt{25+\sqrt{121}}}$

$= \sqrt{10+\sqrt{25+11}}$

$= \sqrt{10+\sqrt{36}}$

$= \sqrt{10+6}$

$= \sqrt{16}$

$= \boxed{4}$

7. $\frac{\sqrt{625}}{22}\times\frac{28}{\sqrt{25}}\times\frac{11}{\sqrt{196}} = (?)$

$= \frac{25}{22}\times\frac{28}{5}\times\frac{11}{14} \quad = \boxed{5}$

8. $\left(\sqrt{\frac{225}{729}} - \sqrt{\frac{25}{144}}\right) \div \sqrt{\frac{16}{81}} = (?)$

$= \left(\frac{15}{27} - \frac{5}{12}\right) \div \frac{4}{9}$

$= \left(\frac{15\times12 - 27\times5}{27\times12}\right) \div \frac{4}{9}$

$= \frac{45}{27\times12}\times\frac{9}{4} \quad = \boxed{\frac{5}{16}}$

9. $\sqrt{\frac{9.5\times0.0085\times18.9}{0.0017\times1.9\times0.021}}$ નું સાદું રૂપ આપો.

$= \sqrt{\frac{95}{10}\times\frac{10000}{17}\times\frac{85}{10000}\times\frac{10}{19}\times\frac{189}{10}\times\frac{1000}{21}}$

$= \sqrt{5\times5\times9\times100}$

$= 5\times3\times10$

$= \boxed{150}$

10. $\sqrt{\frac{0.204\times42}{0.07\times3.4}} = (?)$

$= \sqrt{\frac{204}{1000}\times\frac{100}{7}\times42\times\frac{10}{34}}$

$= \sqrt{6\times6}$

VIVEKANAND ACADEMY , GANDHINAGAR. M. : 99256 98721

$= \boxed{6}$

11. $\dfrac{\sqrt{80}-\sqrt{112}}{\sqrt{45}-\sqrt{63}} = (?)$

$= \dfrac{\sqrt{16\times5}-\sqrt{16\times7}}{\sqrt{9\times5}-\sqrt{9\times7}}$

$= \dfrac{4\sqrt{5}-4\sqrt{7}}{3\sqrt{5}-3\sqrt{7}}$

$= \dfrac{4\left(\sqrt{5}-\sqrt{7}\right)}{3\left(\sqrt{5}-\sqrt{7}\right)}$

$= \dfrac{4}{3}$

$= \boxed{1.33}$

12. $\sqrt{0.00004761} =$ ______

$= \boxed{0.0069}$

13. $\sqrt{0.01+\sqrt{0.0064}} =$ _______

$= \sqrt{0.01+0.08}$

$= \sqrt{0.09}$

$= \boxed{0.3}$

14. $\dfrac{\sqrt{24}+\sqrt{216}}{\sqrt{96}}$

$= \dfrac{\sqrt{6\times4}+\sqrt{36\times6}}{\sqrt{16\times6}}$

$= \dfrac{2\sqrt{6}+6\sqrt{6}}{4\sqrt{6}}$

$= \dfrac{8\sqrt{6}}{4\sqrt{6}}$

$= 2$

15. $\sqrt{50}\times\sqrt{98} =$ _____

$= \sqrt{25\times2}\times\sqrt{49\times2}$

$= 5\sqrt{2}\times7\sqrt{2}$

$= 35\times2$

$= \boxed{70}$

16. $\dfrac{3\sqrt{12}}{2\sqrt{28}} \div \dfrac{2\sqrt{21}}{\sqrt{98}} = (?)$

$= \dfrac{3\sqrt{4\times3}}{2\sqrt{7\times4}} \div \dfrac{2\sqrt{7\times3}}{\sqrt{49\times2}}$

$= \dfrac{3\times2\sqrt{3}}{2\times2\sqrt{7}} \times \dfrac{7\sqrt{2}}{2\sqrt{7\times3}}$

$= \dfrac{21\sqrt{2}}{4\times7}$

$= \boxed{\dfrac{3}{2\sqrt{2}}}$

17. $a*b*c = \sqrt{\dfrac{(a+2)(b+3)}{c+1}}$ હોય તો $6*15*3$ ની કિંમત શોધો.

$= \sqrt{\dfrac{(a+2)(b+3)}{c+1}}$

$= \sqrt{\dfrac{(6+2)(15+3)}{3+1}}$

$= \sqrt{\dfrac{8\times18}{4}}$

$= \sqrt{36}$

$= \boxed{6}$

18. $x*y = x+y+\sqrt{xy}$ તો $6*24 = (?)$

$x*y = x+y+\sqrt{xy}$

$= 6+24+\sqrt{6\times24}$

$= 30+\sqrt{144}$

$= 30+12$

$= \boxed{42}$

19. જો $y=5$ તો $10y\sqrt{y^3-y^2} = (?)$

$= 10\,(5)\sqrt{(5)^3-(5)^2}$

$= 50\,\sqrt{125-25}$

$= 50\left(\sqrt{100}\right)$

VIVEKAN AND ACADEMY , GANDHINAGAR. M. : 99256 98721

$= \boxed{500}$

20. જો $\sqrt{5} = 2.236$ તો $\frac{\sqrt{5}}{2} - \frac{10}{\sqrt{5}} + \sqrt{125} = (?)$

$= \frac{\sqrt{5}}{2} - \frac{10}{\sqrt{5}} + \sqrt{125}$

$= \frac{\sqrt{5}}{2} - \frac{5\times 2}{\sqrt{5}} + \sqrt{25\times 5}$

$= \sqrt{5}\left(\frac{1}{2} - 2 + 5\right)$

$= \sqrt{5}\left(\frac{1}{2} + 3\right)$

$= \sqrt{5}\left(\frac{1+6}{2}\right)$

$= \sqrt{5}(3.5)$

$= 2.236 \times 3.5$

$= \boxed{7.826}$

21. જો $\sqrt{1+\frac{x}{144}} = \frac{13}{12}$ તો $x =$ ________

$= \sqrt{1+\frac{x}{144}} = \frac{13}{12}$

બંને બાજુ વર્ગ કરતા $1+\frac{x}{144} = \frac{169}{144}$

$\therefore \frac{x}{144} = \frac{169}{144} - 1$

$= \frac{169-144}{144}$

$\therefore \frac{x}{144} = \frac{25}{144}$

$\therefore \boxed{x = 25}$

22. $\frac{52}{x} = \sqrt{\frac{169}{289}}$ તો $x = (?)$

$\therefore \frac{52}{x} = \frac{13}{17}$

$\therefore x = \frac{17\times 52}{13}$

$\therefore \boxed{x = 68}$

23. 0.0009 નું વર્ગમૂળ શોધો.

$\boxed{0.03}$

24. $\sqrt{41-\sqrt{21+\sqrt{19-\sqrt{9}}}}$

$= \sqrt{41-\sqrt{21+\sqrt{19-3}}}$

$= \sqrt{41-\sqrt{21+\sqrt{16}}}$

$= \sqrt{41-\sqrt{21+4}}$

$= \sqrt{41-5}$

$= \sqrt{36}$

$= \boxed{6}$

25. $\sqrt{176+\sqrt{2401}}$

$= \sqrt{176+49}$

$= \sqrt{225}$

$= \boxed{15}$

26. 0.16 નું વર્ગમૂળ શોધો.

$\sqrt{0.16}$

$= \boxed{0.4}$

27. $\sqrt{0.000441}$

$= \boxed{0.021}$

28. $\sqrt{0.01} + \sqrt{0.81} + \sqrt{1.21} + \sqrt{0.0009} = (?)$

$= 0.1 + 0.9 + 1.1 + 0.03$

$= \boxed{2.13}$

29. $\sqrt{0.0025} \times \sqrt{2.25} \times \sqrt{0.0001} = (?)$

$= 0.05 \times 1.5 \times 0.01$

$= 0.00075$

30. $\sqrt{\frac{3.61}{0.0169}} = (?)$

$= \frac{1.9}{0.13} = \frac{19}{1.3} = \boxed{14.61}$

VIVEKANAND ACADEMY , GANDHINAGAR. M. : 99256 98721

31. $\sqrt{\dfrac{48.4}{0.289}} = ____$

$= \sqrt{\dfrac{484}{10} \times \dfrac{1000}{289}}$

$= \dfrac{22 \times 10}{17}$

$= \boxed{\dfrac{220}{17}}$

32. $\sqrt{\dfrac{0.81 \times 4.84}{0.0064 \times 6.25}} = ______$

$= \sqrt{\dfrac{81}{100} \times \dfrac{484}{100} \times \dfrac{10000}{64} \times \dfrac{100}{625}}$

$= \dfrac{9 \times 22 \times 10}{8 \times 25}$

$= \dfrac{45 \times 22}{100}$

$= \dfrac{990}{100}$

$= \boxed{9.9}$

33. $\sqrt{\dfrac{9.5 \times 0.085}{0.0017 \times 0.19}} = ______$

$= \sqrt{\dfrac{95}{10} \times \dfrac{85}{1000} \times \dfrac{10000}{17} \times \dfrac{100}{19}}$

$= \sqrt{5 \times 5 \times 100}$

$= 5 \times 10$

$= \boxed{50}$

34. $\dfrac{\sqrt{0.16}}{0.4}$ ***ની કિંમત શોધો.***

$= \dfrac{0.4}{0.4}$

$= \boxed{1}$

35. $\left(2\sqrt{27} - \sqrt{75} + \sqrt{12}\right) = (?)$

$= 2 \times 3\sqrt{3} - 5\sqrt{3} + 2\sqrt{3}$

$= 6\sqrt{3} - 3\sqrt{3}$

$= \sqrt{3}(3)$

$= \boxed{3\sqrt{3}}$

36. $\sqrt{12} + \sqrt{18} = _____$

$= \sqrt{4 \times 3} + \sqrt{9 \times 2}$

$= \boxed{2\sqrt{3} + 3\sqrt{2}}$

37. $\sqrt{2} = 1.414$ ***તો*** $\sqrt{8} + 2\sqrt{32} - 3\sqrt{128} + 4\sqrt{50} = (?)$

$= \sqrt{4 \times 2} + 2\sqrt{16 \times 2} - 3\sqrt{64 \times 2} + 4\sqrt{25 \times 2}$

$= 2\sqrt{2} + 8\sqrt{2} - 24\sqrt{2} + 20\sqrt{2}$

$= 30\sqrt{2} - 24\sqrt{2}$

$= 6\sqrt{2}$

$= 6 \times 1.414$

$= 8.484$

38. ***જો*** $\sqrt{15} = 3.88$ ***તો*** $\sqrt{\dfrac{5}{3}} = (?)$

$\sqrt{\dfrac{5}{3}} = \sqrt{\dfrac{5 \times 3}{3 \times 3}}$ ***(અંશ અને છેદની સંખ્યાને ૩ વડે ગુણતાં)***

$= \sqrt{\dfrac{15}{9}}$

$= \dfrac{\sqrt{15}}{3}$

$= \dfrac{3.88}{3}$

$= \boxed{1.29}$

39. ***5 આંકડાની મોટામાં મોટી પૂર્ણ વર્ગ સંખ્યાનું વર્ગમૂળ ...... થાય.***

$\boxed{316}$

40. $\dfrac{(?)}{\sqrt{128}} = \dfrac{\sqrt{162}}{(?)}$

$= \dfrac{x}{8\sqrt{2}} = \dfrac{9\sqrt{2}}{x}$

VIVEKAN AND ACADEMY, GANDHINAGAR. M.: 99256 98721

$\therefore x^2 = 8\sqrt{2} \times 9\sqrt{2}$

$= 72(2)$

$x^2 = 144$

$\therefore \boxed{x = 12}$

41. 1780 ને નાનામાં નાની કઈ સંખ્યા વડે ગુણવાથી તે પૂર્ણવર્ગ બને ?

$= 178 \times 10$

$= 89 \times 2 \times 5 \times 2$

$= (89 \times 2 \times 2 \times 5) \times 5 \times 89 = 89^2 \times 2^2 \times 5^2$

$\therefore 89 \times 5$ વડે ગુણતા સંખ્યા પૂર્ણ વર્ગ બને.

42. જો $\sqrt{18 \times 14 \times x} = 84$ તો $x = (?)$

$\sqrt{18 \times 14 \times x} = 84$ બંને બાજુ વર્ગ કરતાં,

$\left(\sqrt{18 \times 14 \times x}\right)^2 = (84)^2$

$\therefore 18 \times 14 \times x = 84 \times 84$

$\therefore x = \dfrac{84 \times 84}{18 \times 14} \therefore \boxed{x = 28}$

43. $\sqrt{\dfrac{(?)}{169}} = \dfrac{54}{39}$

$\therefore \dfrac{\sqrt{x}}{13} = \dfrac{54}{39}$

$\therefore \sqrt{x} = \dfrac{54 \times 13}{39}$

$\therefore \sqrt{x} = 18$

બંને બાજુ વર્ગ કરતાં,

$\left(\sqrt{x}\right)^2 = (18)^2$

$\therefore \boxed{x = 324}$

---

## પ્રેક્ટીસના દાખલા

1. 1 થી 100 વચ્ચે કેટલી પૂર્ણવર્ગ સંખ્યા મળે ?
   (અ) 8 (બ) 9 (ક) 10 (ડ) 11
2. $\sqrt{0.01} + \sqrt{0.81} + \sqrt{1.21} + \sqrt{0.0009} =$ ........
   (અ) 2.13 (બ) 2.03 (ક) 2.1 (ડ) 2.11
3. $\sqrt[3]{175616} =$ .............
   (અ) 62 (બ) 56 (ક) 46 (ડ) 66
4. 81 ના વર્ગમૂળનું વર્ગમૂળ શું થાય છે ?
   (અ) 9 (બ) 3 (ક) 27 (ડ) 18
5. $(3.9)^3 =$ .............
   (અ) 59.319 (બ) 49.320
   (ક) 39.319 (ડ) 29.319
6. $(52)^3 =$ ...........
   (અ) 2.40608 (બ) 1.40.608
   (ક) 1.20.608 (ડ) 1.30.608
7. 1 અને 100 સંખ્યાની વચ્ચે કેટલી પૂર્ણઘન સંખ્યાઓ આવે ?
   (અ) 5 (બ) 2 (ક) 3 (ડ) 4
8. વિસંગત સંખ્યા શોધો : 8, 64, 125, 216, 49
   (અ) 125 (બ) 216 (ક) 64 (ડ) 49
9. નીચેનામાંથી ક્યો અંક પૂર્ણવર્ગ સંખ્યાનો એકમ હોઈ શકે ?
   (અ) માત્ર 0 (બ) માત્ર 8
   (ક) માત્ર 9 (ડ) 0 અને 9 બંને
10. નીચેનામાંથી કઈ સંખ્યા અન્ય ત્રણ સંખ્યાઓની જુદી પડે છે ?
    (અ) 529 (બ) 576 (ક) 625 (ડ) 636
11. $\sqrt[3]{64000} =$ ..........
    (અ) 40 (બ) 44 (ક) 5 (ડ) 4
12. 64 ના ઘનમૂળનું વર્ગમૂળ જણાવો.
    (અ) 8 (બ) 4 (ક) 2 (ડ) 1
13. $(53)^2 =$ ...................
    (અ) 2880 (બ) 2809 (ક) 2870 (ડ) 2813
14. $83^2$
    (અ) 7889 (બ) 4889 (ક) 6889 (ડ) 6489
15. $\sqrt{14\dfrac{1}{16}} =$
    (અ) $4\frac{1}{4}$ (બ) $3\frac{3}{4}$ (ક) $3\frac{1}{4}$ (ડ) $2\frac{1}{4}$

## : જવાબો :

(1) (અ) 8 (2) (અ) 2.13 (3) (બ) 56 (4) (બ) 3 (5) (અ) 59.319 (6) (બ) 1.40.608 (7) (ક) 3 (8) (ડ) 49 (9) (ડ) 0 અને 9 બંને (10) (ડ) 636 (11) (અ) 40 (12) (ક) 2 (13) (બ) 2809 (14) (ક) 6889 (15) (બ) $3\frac{3}{4}$

VIVEKANAND ACADEMY, GANDHINAGAR. M. : 99256 98721

# 02. સંખ્યા જ્ઞાન, સંખ્યા વ્યવસ્થા

મિત્રો, આ પ્રકરણમાં આપણે ત્રણ બાબતોનો અભ્યાસ કરવાનો છે.
(1) સરવાળા સુત્રો (2) અવયવ સુત્રો (3) વિવિધ ચાવીઓ

■ **સરવાળા સુત્રો :**

(1) ક્રમિક સંખ્યાના સરવાળા....

$$1+2+3+4+5+\ldots\ \ldots+99=\frac{99\times100}{2}=4950$$

સરળતાથી યાદ રાખવા :

$$\frac{\text{છેલ્લી સંખ્યા} \times \text{તેના પછીની સંખ્યા}}{2}=\frac{n(n+1)}{2}$$

(જ્યાં $n =$ છેલ્લી સંખ્યા)

(2) ક્રમિક એકી સંખ્યાના સરવાળા....

$$1+3+5+7+9+\ldots.\ \ \ldots.+79$$

$$=\left(\frac{79+1}{2}\right)^2=\left(\frac{80}{2}\right)^2=(40)^2=1600$$

**સરળતાથી યાદ રાખવા :**

છેલ્લી સંખ્યામાં એક ઉમેરી તેના અડધા કરી તેનો વર્ગ કરવો

$$=\left(\frac{n+1}{2}\right)^2$$ (જ્યાં $n =$ છેલ્લી સંખ્યા)

(3) ક્રમિક બેકી સંખ્યાના સરવાળા....

$$2+4+6+8\ldots+88=44\times45=1980$$

**સરળતાથી યાદ રાખવા :**

છેલ્લી સંખ્યાના અડધા × તે પછીની સંખ્યા

$$=\left(\frac{n}{2}\right)\times\left(\frac{n}{2}+1\right)$$ (જ્યાં $n =$ છેલ્લી સંખ્યા)

(4) વર્ગવાળી સંખ્યાના સરવાળા....

$$1^2+2^2+3^2+4^2+\ldots+60^2=\frac{60\times61\times121}{6}$$

$$=73810$$

સરળતાથી યાદ રાખવી :

$$=\frac{\text{છેલ્લી સંખ્યા} \times \text{તેના પછીની સંખ્યા} \times (\text{છેલ્લી સંખ્યા} \times 2+1)}{6}$$

$$=\frac{n\times(n+1)\times(2n+1)}{6}$$ (જ્યાં $n =$ છેલ્લી સંખ્યા)

(5) ઘન સંખ્યાના સરવાળા....

$$1^3+2^3+3^3+4^3+\ldots+27^3=\frac{27^2\times28^2}{4}$$

$$=142884$$

સરળતાથી યાદ રાખવા :

$$:\frac{\text{છેલ્લી સંખ્યાનો વર્ગ} \times \text{તેના પછીની સંખ્યાનો વર્ગ}}{4}$$

$$:\frac{n^2\times(n+1)^2}{4}$$ (જ્યાં $n =$ છેલ્લી સંખ્યા)

■ **અવયવ સુત્રો :**

**01.** $25^2+2\times25\times55+55^2=(25+55)^2=(80)^2=6400$

સમજૂતી : જ્યારે કોઈ બે અલગ અલગ સંખ્યાનો વર્ગ આપેલો હોય, તથા $2 \times$ પ્રથમ $\times$ બીજી સંખ્યા પદ આપેલું હોય, તો તેનું સાદુરૂપ તે બે સંખ્યાનો સરવાળો કરી વર્ગ કરવાથી થાય.

સુત્ર : $x^2+2xy+y^2=(x+y)^2$

**02.** $93^2-2\times93\times43+43^2=(93-43)^2$

$$=(50)^2=2500$$

સમજૂતી : ઉપરના ઉદાહરણમાં માત્ર મધ્યમ પદની નિશાની + ને બદલે – હોય તો, તે બે સંખ્યાની બાદબાકી કરી, તેમનો વર્ગ કરવો.

સુત્ર : $x^2-2xy+y^2=(x-y)^2$

**03.** $83^2-17^2=(83+17)\times(83-17)$

$$=100\times66=6600$$

સમજુતી : કોઈપણ બે સંખ્યાના વર્ગની બાદબાકી કરવા માટે તે બે સંખ્યાનો સરવાળો કરવો, ત્યારબાદ બાદબાકી ત્યારબાદ, તે બંનેનો ગુણાકાર કરવો.

સુત્ર : $x^2-y^2=(x+y)(x-y)$

**04.** $507\times92-297\times92=92(507-297)$

$$=92\times210=19320$$

સમજુતી : બે ગુણાકારની સંખ્યામાં એક સંખ્યા કૉમન હોય તો તે સિવાયની બે સંખ્યાનો + અથવા – કરી કૉમન સંખ્યા વડે ગુણાકાર કરવો.

સુત્ર : $ax+ay=a\times(x+y)$ અથવા

$ax-ay=a\times(x-y)$

**05.** $\frac{183^3+27^3}{183^2-183\times27+27^2}=183+27=210$

*સમજુતી:* કોઈપણ બે ઘન વાળી સંખ્યાનો અંશમાં સરવાળો કે બાદબાકી હોય, તથા છેદમાં તે બંનેનો વર્ગ તથા ગુણાકાર હોય તો, તેનું સાદુરૂપ અંશમાં આપેલ સંખ્યાનો તેમની વચ્ચેની નિશાની અનુસાર સરવાળો કે બાદબાકી કરવી.

સુત્ર : $\frac{x^3 \pm y^3}{x^2 \mp xy + y^2} = x \pm y$

**06.** $\frac{(787+291)^2+(787-291)^2}{787^2+291^2}=2$

*સમજુતી/સુત્ર :*

જ્યારે કોઈપણ $\frac{(a+b)^2+(a-b)^2}{a^2+b^2}$ પ્રકારની હોય તો તેનું સાદુરૂપ હંમેશાં 2 થાય.

**07.** $\frac{(787+291)^2-(787-291)^2}{787\times291}=4$

*સમજુતી / સુત્ર :*

જ્યારે કોઈપણ રકમ $\frac{(a+b)^2-(a-b)^2}{a.b}$ સ્વરૂપની હોયતો તેનું સાદુરૂપ હંમેશા 4 હોય.

**08.** $3452\times999=3452000-3452=3448548$

*સમજુતી:* કોઈપણ સંખ્યાનો 9,99,999, ... વગેરે સંખ્યા વડે ગુણાકાર કરવા તેને ગુણાકારમાં જેટલા નવ હોય તેટલી શુન્ય મુકી મૂળ સંખ્યા બાદ કરવી.

**09.** $854^2=(850+4)^2=850^2+4^2+850\times4\times2$

$=722500+16+6800=729316$

*સમજુતી:* તે સંખ્યાના બે ભાગ પાડી, તે બંનેનો વર્ગ કરવો તથા તેમનો સરવાળો કરવો તેમાં તે સંખ્યાના ગુણાકારને ડબલ કરી ઉમેરવા.

સુત્ર : $(x+y)^2=x^2+y^2+2xy$

**10.** $397^2=(400-3)=400^2+3^2-2\times400\times3$

$=160000+9-2400=157609$

*સમજુતી નિયમ 9 મુજબ.*

## ■ વિવિધ ચાવીઓ :

**01. 2ની ચાવી :**

જે સંખ્યાનો છેલ્લો અંક (એકમનો અંક) 2, 4, 6, 8 કે 0 હોય તેવી તમામ સંખ્યાને 2 વડે નિઃશેષ ભાગી શકાય.

ઉદા. : 576, 232, 1894, 90798, 2240 વગેરે

**02. 3ની ચાવી :**

જે સંખ્યાના અંકોના સરવાળાને 3 વડે નિઃશેષ ભાગી શકાય તો તે સંખ્યાને પણ 3 વડે નિઃશેષ ભાગી શકાય.

ઉદા.: $4713 = 4 + 7 + 1 + 3 = 15$,

15 ને 3 વડે નિઃશેષ ભાગી શકાય.

$\therefore$ 4713 ને 3 વડે ભાગી શકાય.

**03. 4ની ચાવી :**

જે સંખ્યાના છેલ્લા બે આંકડાની સંખ્યાને 4 વડે નિઃશેષ ભાગી શકાય તો તે સંખ્યાને પણ 4 વડે નિઃશેષ ભાગી શકાય.

ઉદા.: 7824માં 24ને 4 વડે ભાગી શકાય છે

$\therefore$ 7824ને 4 વડે નિઃશેષ ભાગી શકાય.

**04. 5ની ચાવી :**

જે સંખ્યાનો છેલ્લો અંક 5 કે 0 હોય તેને 5 વડે નિઃશેષ ભાગી શકાય.

ઉદા.: 34520, 6775, 8720, 9695, વગેરે

**05. 6ની ચાવી :**

જે સંખ્યાને 2 અને 3ની ચાવી લાગે તેને 6 વડે નિઃશેષ ભાગી શકાય.

ઉદા. : 1548નો છેલ્લો અંક 8 હોવાથી 2 વડે નિઃશેષ ભાગી શકાય તથા $1 + 5 + 4 + 8 = 18$ ને 3 વડે નિઃશેષ ભાગી શકાય માટે તેને 6 વડે નિઃશેષ ભાગી શકાય.

**06. 8ની ચાવી :**

જે સંખ્યાના છેલ્લા ત્રણ આંકડાની બનેલી સંખ્યાને 8 વડે ભાગી શકાયતો તે સમગ્ર સંખ્યાને 8 વડે નિઃશેષ ભાગી શકાય.

ઉદા.: 62984માં 984ને 8 વડે નિઃશેષ ભાગી શકાય છે.

$\therefore$ 62984ને પણ 8 વડે નિઃશેષ ભાગી શકાય.

**07. 9ની ચાવી :**

જે સંખ્યાના અંકોના સરવાળાને 9 વડે નિઃશેષ ભાગી શકાય તો તે સંખ્યાને પણ 9 વડે નિઃશેષ ભાગી શકાય.

ઉદા.: 627831 માં $6 + 2 + 7 + 8 + 3 + 1 = 27$

27 ને 9 વડે નિઃશેષ ભાગી શકાય છે.

$\therefore$ 627831ને પણ 9 વડે નિઃશેષ ભાગી શકાય.

**08. 10ની ચાવી :**

જે સંખ્યાનો છેલ્લો અંક 0 આવતો હોય તેને 10 વડે નિઃશેષ ભાગી શકાય.

ઉદા. : 3270, 5190, 182350, ....

**09. 11ની ચાવી :**

જે સંખ્યાના એકી ક્રમના અંકોનો સરવાળો તથા બેકી ક્રમના અંકોનો સરવાળો કરી તેમની બાદબાકી કરતાં 0 આવે અથવા 11ના ગુણાંકની સંખ્યા આવે તો તેને 11 વડે નિઃશેષ ભાગી શકાય.

ઉદા.: 5324માં એકી ક્રમના અંકો : 5, 2 છે તથા બેકી ક્રમના અંકો : 3, 4 છે તેમનો સરવાળો 5+2 = 7 તથા 3 + 4 = 7 છે તે બંનેની બાદબાકી 0 થાય છે તેથી તેને 11 વડે

નિઃશેષ ભાગી શકાય.

85723માં 8 + 7 + 3 = 1 8 તથા

2 + 5 = 7, 18-7=11

∴ 85723 ને 11 વડે નિઃશેષ ભાગી શકાય.

**પ્રેક્ટીસના દાખલાઓ :**

**0 1 .** $9754305 \times 999 =$ _______

9754305000 - 9754305

= 9744550695

**0 2 .** $857 \times 328 + 857 \times 672 =$ _____

$\therefore 857(328+672)$

$\therefore 857(1000)$

$\therefore \boxed{857000}$

**0 3 .** $689 \times 712 - 689 \times 512 = (?)$

$= 689(712-512)$

$= 689(200)$

$= \boxed{137800}$

**0 4 .** $1802 \times 1802$

$= (1800+2)^2$

$= (1800)^2 + 2(1800)(2) + (2)^2$

$= 3240000 + 7200 + 4$

$= \boxed{3247204}$

**0 5 .** $1498 \times 1498$

$= (1500-2)^2$

$= (1500)^2 - 2(1500)(2) + (2)^2$

$= 2250000 - 6000 + 4$

$= 2250004 - 6000$

$= \boxed{2244004}$

**0 6 .** $3452 \times 99$

$= 345200 - 3452$

= 341748

**0 7 .** $(527 \times 823 + 823 \times 473) =$ ______

$= 823(527+473)$

$= 823(1000)$

$= \boxed{823000}$

**(8)** $3956 \times 658 - 3956 \times 558 =$ _____

$= 3956(658-558)$

$= 3956(100)$

$= \boxed{395600}$

**09** $997 \times 997$

$= (1000-3)^2$

$= (1000)^2 - 2(1000)(3) + (3)^2$

$= 1000000 - 6000 + 9$

$= \boxed{994009}$

**10.** $502 \times 502$

$= (500+2)^2$

$= (500)^2 + 2(500)(2) + (2)^2$

$= 250000 + 2000 + 4$

$= \boxed{252004}$

**11.** $512 \times 512$

$= (500+12)^2$

$= (500)^2 + 2(500)(12) + (12)^2$

$= 250000 + 12000 + 144$

$= \boxed{262144}$

**1 2 .** $273 \times 273 + 2(273)(327) + 327 \times 327$

$= (273+327)^2$

$= (600)^2$

$= \boxed{360000}$

**13.** $$\frac{534 \times 534 \times 534 + 264 \times 264 \times 264}{534 \times 534 - (534 \times 264) + 264 \times 264}$$

$$= \frac{(534)^3 + (264)^3}{(534^2 - (534 \times 264) + (264)^2}$$

$= (534+264) \quad = \boxed{798}$

**14.** $$\frac{(697+571)^2 - (697-571)^2}{697 \times 571}$$

$= \boxed{4}$

**15.** $532\times398\times106\times771$ ના ગુણાકારમાં એકમનો અંક ........ છે. તમામ સંખ્યાના એકમના અંકનો ગુણાકાર $=2\times8\times6\times1=96$ $\therefore$ તમામ સંખ્યાના ગુણાકારના એકમનો અંક 6 છે.

**16.** $1+2+3+4+$ ______ $+99=$ ______

$\frac{99\times100}{2}=99\times50$

$=\boxed{4950}$

**17.** $1+3+5+$ ______ $+99=$ ________

$(50)^2$

$=\boxed{2500}$

**18.** $2+4+6$ ______ $+68=$ ______

$34\times35$

$=\boxed{1190}$

**19.** $1^3+2^3+3^3+$ ______ $+19^3=$ ______

$\frac{19\times19\times20\times20}{4}$

$=361\times100$

$=\boxed{36100}$

**20.** $1^2+2^2+3^2+4^2+$ ______ $+21^2=$ ______

$=\frac{21\times22\times43}{6}$

$=77\times43$

$=\boxed{3311}$

**21.** $517*324$ ને **3** વડે ભાગી શકાય તો $*$ ની કિંમત શોધો.

$5+1+7+*+3+2+4=22+*$

$=22+(2)\quad=24$

24 ને 3 વડે ભાગી શકાય.

$\therefore\boxed{*=2}$

**22.** $481*673$ ને 9 વડે ભાગી શકાય તો $*$ ની કિંમત શોધો.

$4+8+1+*+6+7+3=29+*$

$=29+7\quad=36$

36 ને 9 વડે ભાગી શકાય.

$\therefore\boxed{*=7}$

**23.** $97215x6$ ને 11 વડે ભાગી શકાય તો Xની કિંમત શોધો.

એકી ક્રમના અંકોનો સરવાળો $=9+2+5+6=22$

બેકી ક્રમના અંકોનો સરવાળો $=7+1+x=8+x$

બંનેની બાદબાકી $=22-(8+x)$

બાદબાકી 0 કે 11 થવા માટે $\therefore\ x=3$

**24.** $784\times618\times917\times463$ મા એકમનો અંક કયો આવે ?

એકમના અંકોનો ગુણાકાર $=\mathbf{(4\times8\times7\times3)=672}$

$\therefore$ તમામ સંખ્યાના ગુણાકારનો એકમનો અંક =2

**25.** $1904\times1904$

$=(1900+4)^2$

$=(1900)^2+2(1900)(4)+(4)^2$

$=3610000+15200+16$

$=\boxed{3625216}$

**26.** $107\times107-93\times93$

$=(107)^2-(93)^2$

$=(107-93)(107+93)$

$=(14)(200)=\boxed{2800}$

**27.** $106\times106-94\times94$

$=(106)^2-(94)^2$

$=(106-94)(106+94)$

$=(12)(200)$

$=\boxed{2400}$

**28.** $8796\times223+8796\times77=(?)$

$=8796(223+77)$

$=8796(300)$

$=\boxed{2638800}$

**29.** $287\times287+269\times269-2\times287\times269=$ ______

$=(287-269)^2=(18)^2$

$=\boxed{324}$

**30.** $397\times397+104\times104+2\times104\times397=(?)$

$(397+104)^2=(501)^2=\boxed{251001}$

**31.** $(64)^2-(36)^2=20\times x$

$(64-36)(64+36)=20\times x$

$\therefore 28\times100=20\times x$

$\therefore x=\frac{100\times28}{20}$ $\therefore x=140$

**32.** $\frac{(489+375)^2-(489-375)^2}{489\times375}$

$=\boxed{4}$

**33.** $\frac{(963+476)^2+(963-476)^2}{963\times963+476\times476}$

$=\boxed{2}$

**34.** $\frac{768\times768\times768+232\times232\times232}{(768)^2-(768\times232)+(232)^2}$

$=(768+232)$ $=\boxed{1000}$

**35.** $\frac{854\times854\times854-276\times276\times276}{(854)^2+(854\times276)+(276)^2}$

$=(854-276)$ $=\boxed{578}$

**36.** $\frac{753\times753-753\times247+247\times247}{(753)^3+(247)^3}$

$=\frac{(753)^2-(753\times247)+(247)^2}{(753+247)[(753)^2-(753\times247)(247)^2]}$

$=\frac{1}{1000}$ $=\boxed{0.001}$

**37.** $91876\Delta2$ ને 8 વડે નિઃશેષ ભાગી શકાય તો $\Delta$ ની કિંમત શોધો.

$6\Delta2/8$

$$8\overline{)672}=84$$
64

32
32
00

$$8\overline{)632}=79$$
56

72
72
00

$\boxed{\Delta=7}$ અથવા $\boxed{\Delta=3}$

**38.** નીચેનામાંથી કઈ સંખ્યાને 99 વડે નિઃશેષ ભાગી શકાય ?

(a) 3572404 (c) 202860
(c) 351145 (d) 2024550

11 તથા 9 ની ચાવી લગાવતા જવાબ : 2024550

**39.** નીચેનામાંથી કઈ સંખ્યાને 45 વડે ભાગી શકાય ?

(a) 181560 (b) 202860
(c) 331145 (d) 2033551

દરેક સંખ્યાને 9 તથા 5 ની ચાવી લગાવતાં.... Ans. : (b) 202860

**40.** જો $653xy$ ને 80 વડે નિશેષ ભાગી શકાય છે તો $x+y=$ ___

$80=8\times10$

$\therefore 653xy$ ને 8 તથા 10 ની ચાવી લગાવતાં.

$y=0$ તથા $x=6$ $\therefore x+y=6+0=6$

**41.** $4864\times9P2$ ને 12 વડે નિઃશેષ ભાગી શકાય છે તો $P$ નું મૂલ્ય શોધો ?

$=\frac{4864\times9P2}{4\times3}$ $\therefore$ 4864 ને 4 વડે ભાગી શકાય

$\therefore 9P2$ ને 3 વડે ભાગી શકાય

$\boxed{P=1}$ અથવા $\boxed{P=4}$ અથવા

$\boxed{P=7}$

**42.** નીચેનામાંથી કઈ સંખ્યાને 24 વડે નિઃશેષ ભાગી શકાય.

(a) 35718 (c) 537804
(d) 63810 (d) 3125736

3 અને 8 ની ચાવી લગાવતાં (d) 3125736 ને 24 વડે ભાગી શકાય

**43.** પ્રથમ 45 પ્રાકૃતિક સંખ્યાઓનો સરવાળો _____ થાય.

$\frac{45\times46}{2}=\boxed{1035}$

**44.** 1 થી 31 ની વચ્ચે આવતી બેકી સંખ્યાઓનો સરવાળો કેટલો થાય ?

$2+4+6+8+$ _____ $+30$

$=15\times16=\boxed{240}$

**45.** $51+52+53+$ _____ $+100=$ _____

$=\frac{100\times101}{2}=\boxed{5050}-\frac{50\times51}{2}=1275$

$\therefore 5050-1275=3775$

**46.** ચાર આંકડાની મોટામાં મોટી કઈ સંખ્યાને 88 વડે નિઃશેષ ભાગી શકાય ?

ચાર આંકડાની મોટામાં મોટી સંખ્યા 9999 છે

$$88\overline{)9999}=113$$

88
119
88
319
$-$ 264
55
$\therefore$ 9999-55
$= \boxed{9944}$
9944 ને 88 વડે નિઃશેષ ભાગી શકાય.

**47.** $3897 \times 999$
$= 3897000 - 3897$
$= 3893103$

**48.** $587 \times 99 = 58700 - 587$
$= 58113$

## પ્રેક્ટીસના દાખલા

1. નીચેના પૈકી કઈ સંખ્યાને 3 વડે નિઃશેષ ભાગી શકાય ?
(અ) 3232 (બ) 3433
(ક) 3553 (ડ) 8211

2. 44, 42, 40, .......... નો વધુમાં વધુ સરવાળો કેટલો થશે ?
(અ) 502 (બ) 504
(ક) 506 (ડ) 500

3. બે અંકોની એક સંખ્યાનો એકમનો અંક 'p' અને દશકનો અંક 'r' હોય તો તે સંખ્યા ........... છે ?
(અ) $10x + y$ (બ) $10p + r$
(ક) $10r + p$ (ડ) $10y + x$

4. 3783527820 ને કઈ રકમથી ભાગી શકાય ?
(અ) 2, 5, 10 (બ) 2, 3, 6
(ક) 20, 30, 60, 10 (ડ) એ, બી, સી

5. 1 થી 400 માં કેટલી સંખ્યાને 9 વડે ભાગી શકાય ?
(અ) 40 (બ) 41
(ક) 44 (ડ) 44

6. પ્રથમ $n$ પ્રાકૃતિક સંખ્યાઓનો સરવાળો ........ છે.
(અ) $n/2$ (બ) $\frac{n+1}{2}$
(ક) $\frac{n(n+1)}{2}$ (ડ) એકપણ નહીં.

7. પ્રથમ દસ મૂળ વિષમ સંખ્યાઓનો સરવાળો છે ?
(અ) 10 (બ) 50
(ક) 75 (ડ) 100

જવાબો :

1. (ડ) 8211, 2. (ક) 506, 3. (ક) $10r + p$, 4. (અ) 2, 5, 10, 5. (ડ) 44, 6. (ક) $\frac{n(n+1)}{2}$, 7. (ડ) 100

# 02. સંખ્યા જ્ઞાન, સંખ્યા વ્યવસ્થા

*મિત્રો, આ પ્રકરણમાં આપણે ત્રણ બાબતોનો અભ્યાસ કરવાનો છે.*
(1) *સરવાળા સુત્રો* (2) *અવયવ સુત્રો* (3) *વિવિધ ચાવીઓ*

■ ***સરવાળા સુત્રો :***

(1) *ક્રમિક સંખ્યાના સરવાળા....*

$$1+2+3+4+5+\ldots\ \ldots+99=\frac{99\times100}{2}=4950$$

*સરળતાથી યાદ રાખવા :*

$$\frac{\text{છેલ્લી સંખ્યા} \times \text{તેના પછીની સંખ્યા}}{2}=\frac{n(n+1)}{2}$$

(*જ્યાં* $n$ = *છેલ્લી સંખ્યા*)

(2) *ક્રમિક એકી સંખ્યાના સરવાળા....*

$$1+3+5+7+9+\ldots\ \ldots+79$$

$$=\left(\frac{79+1}{2}\right)^2=\left(\frac{80}{2}\right)^2=(40)^2=1600$$

***સરળતાથી યાદ રાખવા :***
*છેલ્લી સંખ્યામાં એક ઉમેરી તેના અડધા કરી તેનો વર્ગ કરવો*

$$=\left(\frac{n+1}{2}\right)^2$$ (*જ્યાં* $n$ = *છેલ્લી સંખ્યા*)

(3) *ક્રમિક બેકી સંખ્યાના સરવાળા....*

$$2+4+6+8\ldots+88=44\times45=1980$$

***સરળતાથી યાદ રાખવા :***
*છેલ્લી સંખ્યાના અડધા × તે પછીની સંખ્યા*

$$=\left(\frac{n}{2}\right)\times\left(\frac{n}{2}+1\right)$$ (*જ્યાં* $n$ = *છેલ્લી સંખ્યા*)

(4) વર્ગવાળી સંખ્યાના સરવાળા....

$$1^2+2^2+3^2+4^2+\ldots+60^2=\frac{60\times61\times121}{6}$$

$$=73810$$

*સરળતાથી યાદ રાખવી :*

$$=\frac{\text{છેલ્લી સંખ્યા} \times \text{તેના પછીની સંખ્યા} \times (\text{છેલ્લી સંખ્યા} \times 2+1)}{6}$$

$$=\frac{n\times(n+1)\times(2n+1)}{6}$$ (*જ્યાં* $n$ = *છેલ્લી સંખ્યા*)

(5) *ઘન સંખ્યાના સરવાળા....*

$$1^3+2^3+3^3+4^3+\ldots+27^3=\frac{27^2\times28^2}{4}$$

$$=142884$$

*સરળતાથી યાદ રાખવા :*

$$:\frac{\text{છેલ્લી સંખ્યાનો વર્ગ} \times \text{તેના પછીની સંખ્યાનો વર્ગ}}{4}$$

$$:\frac{n^2\times(n+1)^2}{4}$$ (*જ્યાં* $n$ = *છેલ્લી સંખ્યા*)

■ ***અવયવ સુત્રો :***

**01.** $25^2+2\times25\times55+55^2=(25+55)^2=(80)^2=6400$

*સમજૂતી : જ્યારે કોઈ બે અલગ અલગ સંખ્યાનો વર્ગ આપેલો હોય, તથા* $2\times$ *પ્રથમ* $\times$ *બીજી સંખ્યા પદ આપેલું હોય, તો તેનું સાદુરૂપ તે બે સંખ્યાનો સરવાળો કરી વર્ગ કરવાથી થાય.*

*સુત્ર :* $x^2+2xy+y^2=(x+y)^2$

**02.** $93^2-2\times93\times43+43^2=(93-43)^2$

$$=(50)^2=2500$$

*સમજૂતી : ઉપરના ઉદાહરણમાં માત્ર મધ્યમ પદની નિશાની + ને બદલે – હોય તો, તે બે સંખ્યાની બાદબાકી કરી, તેમનો વર્ગ કરવો.*

*સુત્ર :* $x^2-2xy+y^2=(x-y)^2$

**03.** $83^2-17^2=(83+17)\times(83-17)$

$$=100\times66=6600$$

*સમજુતી : કોઈપણ બે સંખ્યાના વર્ગની બાદબાકી કરવા માટે તે બે સંખ્યાનો સરવાળો કરવો, ત્યારબાદ બાદબાકી ત્યારબાદ, તે બંનેનો ગુણાકાર કરવો.*

*સુત્ર :* $x^2-y^2=(x+y)(x-y)$

**04.** $507\times92-297\times92=92(507-297)$

$$=92\times210=19320$$

*સમજુતી : બે ગુણાકારની સંખ્યામાં એક સંખ્યા કૉમન હોય તો તે સિવાયની બે સંખ્યાનો + અથવા – કરી કૉમન સંખ્યા વડે ગુણાકાર કરવો.*

*સુત્ર :* $ax+ay=a\times(x+y)$ *અથવા*

$ax-ay=a\times(x-y)$

**05.** $\frac{183^3+27^3}{183^2-183\times27+27^2}=183+27=210$

*સમજુતી:* કોઈપણ બે ઘન વાળી સંખ્યાનો અંશમાં સરવાળો કે બાદબાકી હોય, તથા છેદમાં તે બંનેનો વર્ગ તથા ગુણાકાર હોય તો, તેનું સાદુરૂપ અંશમાં આપેલ સંખ્યાનો તેમની વચ્ચેની નિશાની અનુસાર સરવાળો કે બાદબાકી કરવી.

સુત્ર : $\frac{x^3\pm y^3}{x^2\mp xy+y^2}=x\pm y$

**06.** $\frac{(787+291)^2+(787-291)^2}{787^2+291^2}=2$

*સમજુતી/સુત્ર :*

જ્યારે કોઈપણ $\frac{(a+b)^2+(a-b)^2}{a^2+b^2}$ પ્રકારની હોય તો તેનું સાદુરૂપ હંમેશાં 2 થાય.

**07.** $\frac{(787+291)^2-(787-291)^2}{787\times291}=4$

*સમજુતી / સુત્ર :*

જ્યારે કોઈપણ રકમ $\frac{(a+b)^2-(a-b)^2}{a.b}$ સ્વરૂપની હોયતો તેનું સાદુરૂપ હંમેશા 4 હોય.

**08.** $3452\times999=3452000-3452=3448548$

*સમજુતી:* કોઈપણ સંખ્યાનો 9,99,999, ... વગેરે સંખ્યા વડે ગુણાકાર કરવા તેને ગુણાકારમાં જેટલા નવ હોય તેટલી શુન્ય મુકી મૂળ સંખ્યા બાદ કરવી.

**09.** $854^2=(850+4)^2=850^2+4^2+850\times4\times2$

$=722500+16+6800=729316$

*સમજુતી:* તે સંખ્યાના બે ભાગ પાડી, તે બંનેનો વર્ગ કરવો તથા તેમનો સરવાળો કરવો તેમાં તે સંખ્યાના ગુણાકારને ડબલ કરી ઉમેરવા.

સુત્ર : $(x+y)^2=x^2+y^2+2xy$

**10.** $397^2=(400-3)=400^2+3^2-2\times400\times3$

$=160000+9-2400=157609$

*સમજુતી નિયમ 9 મુજબ.*

## ■ વિવિધ ચાવીઓ :

**01. 2ની ચાવી :**

*જે સંખ્યાનો છેલ્લો અંક (એકમનો અંક) 2, 4, 6, 8 કે 0 હોય તેવી તમામ સંખ્યાને 2 વડે નિઃશેષ ભાગી શકાય.*

ઉદા. : 576, 232, 1894, 90798, 2240 વગેરે

**02. 3ની ચાવી :**

*જે સંખ્યાના અંકોના સરવાળાને 3 વડે નિઃશેષ ભાગી શકાય તો તે સંખ્યાને પણ 3 વડે નિઃશેષ ભાગી શકાય.*

ઉદા.: 4713 = 4 + 7 + 1 + 3 = 15,

15 ને 3 વડે નિઃશેષ ભાગી શકાય.

$\therefore$ 4713 ને 3 વડે ભાગી શકાય.

**03. 4ની ચાવી :**

*જે સંખ્યાના છેલ્લા બે આંકડાની સંખ્યાને 4 વડે નિઃશેષ ભાગી શકાય તો તે સંખ્યાને પણ 4 વડે નિઃશેષ ભાગી શકાય.*

ઉદા.: 7824માં 24ને 4 વડે ભાગી શકાય છે

$\therefore$ 7824ને 4 વડે નિઃશેષ ભાગી શકાય.

**04. 5ની ચાવી :**

*જે સંખ્યાનો છેલ્લો અંક 5 કે 0 હોય તેને 5 વડે નિઃશેષ ભાગી શકાય.*

ઉદા.: 34520, 6775, 8720, 9695, વગેરે

**05. 6ની ચાવી :**

*જે સંખ્યાને 2 અને 3ની ચાવી લાગે તેને 6 વડે નિઃશેષ ભાગી શકાય.*

ઉદા. : 1548નો છેલ્લો અંક 8 હોવાથી 2 વડે નિઃશેષ ભાગી શકાય તથા 1 + 5 + 4 + 8 = 18 ને 3 વડે નિઃશેષ ભાગી શકાય માટે તેને 6 વડે નિઃશેષ ભાગી શકાય.

**06. 8ની ચાવી :**

*જે સંખ્યાના છેલ્લા ત્રણ આંકડાની બનેલી સંખ્યાને 8 વડે ભાગી શકાયતો તે સમગ્ર સંખ્યાને 8 વડે નિઃશેષ ભાગી શકાય.*

ઉદા.: 62984માં 984ને 8 વડે નિઃશેષ ભાગી શકાય છે.

$\therefore$ 62984ને પણ 8 વડે નિઃશેષ ભાગી શકાય.

**07. 9ની ચાવી :**

*જે સંખ્યાના અંકોના સરવાળાને 9 વડે નિઃશેષ ભાગી શકાય તો તે સંખ્યાને પણ 9 વડે નિઃશેષ ભાગી શકાય.*

ઉદા.: 627831 માં 6 + 2 + 7 + 8 + 3 + 1 = 27

27 ને 9 વડે નિઃશેષ ભાગી શકાય છે.

$\therefore$ 627831ને પણ 9 વડે નિઃશેષ ભાગી શકાય.

**08. 10ની ચાવી :**

*જે સંખ્યાનો છેલ્લો અંક 0 આવતો હોય તેને 10 વડે નિઃશેષ ભાગી શકાય.*

ઉદા. : 3270, 5190, 182350, ....

**09. 11ની ચાવી :**

*જે સંખ્યાના એકી ક્રમના અંકોનો સરવાળો તથા બેકી ક્રમના અંકોનો સરવાળો કરી તેમની બાદબાકી કરતાં 0 આવે અથવા 11ના ગુણાંકની સંખ્યા આવે તો તેને 11 વડે નિઃશેષ ભાગી શકાય.*

ઉદા.: 5324માં એકી ક્રમના અંકો : 5, 2 છે તથા બેકી ક્રમના અંકો : 3, 4 છે તેમનો સરવાળો 5+2 = 7 તથા 3 + 4 = 7 છે તે બંનેની બાદબાકી 0 થાય છે તેથી તેને 11 વડે

નિઃશેષ ભાગી શકાય.

85723માં 8 + 7 + 3 = 1 8 તથા

2 + 5 = 7, 18-7=11

∴ 85723 ને 11 વડે નિઃશેષ ભાગી શકાય.

**પ્રેક્ટીસના દાખલાઓ :**

**0 1 .** $9754305 \times 999 =$ _______

9754305000 - 9754305

= 9744550695

**0 2 .** $857 \times 328 + 857 \times 672 =$ _____

$\therefore 857(328 + 672)$

$\therefore 857(1000)$

$\therefore \boxed{857000}$

**0 3 .** $689 \times 712 - 689 \times 512 = (?)$

$= 689(712 - 512)$

$= 689(200)$

$= \boxed{137800}$

**0 4 .** $1802 \times 1802$

$= (1800 + 2)^2$

$= (1800)^2 + 2(1800)(2) + (2)^2$

$= 3240000 + 7200 + 4$

$= \boxed{3247204}$

**0 5 .** $1498 \times 1498$

$= (1500 - 2)^2$

$= (1500)^2 - 2(1500)(2) + (2)^2$

$= 2250000 - 6000 + 4$

$= 2250004 - 6000$

$= \boxed{2244004}$

**0 6 .** $3452 \times 99$

$= 345200 - 3452$

= 341748

**0 7 .** $(527 \times 823 + 823 \times 473) =$ ______

$= 823(527 + 473)$

$= 823(1000)$

$= \boxed{823000}$

**(8)** $3956 \times 658 - 3956 \times 558 =$ _____

$= 3956(658 - 558)$

$= 3956(100)$

$= \boxed{395600}$

**09** $997 \times 997$

$= (1000 - 3)^2$

$= (1000)^2 - 2(1000)(3) + (3)^2$

$= 1000000 - 6000 + 9$

$= \boxed{994009}$

**10.** $502 \times 502$

$= (500 + 2)^2$

$= (500)^2 + 2(500)(2) + (2)^2$

$= 250000 + 2000 + 4$

$= \boxed{252004}$

**11.** $512 \times 512$

$= (500 + 12)^2$

$= (500)^2 + 2(500)(12) + (12)^2$

$= 250000 + 12000 + 144$

$= \boxed{262144}$

**1 2 .** $273 \times 273 + 2(273)(327) + 327 \times 327$

$= (273 + 327)^2$

$= (600)^2$

$= \boxed{360000}$

**13.** $\dfrac{534 \times 534 \times 534 + 264 \times 264 \times 264}{534 \times 534 - (534 \times 264) + 264 \times 264}$

$= \dfrac{(534)^3 + (264)^3}{(534^2 - (534 \times 264) + (264)^2}$

$= (534 + 264) \quad = \boxed{798}$

**14.** $\dfrac{(697 + 571)^2 - (697 - 571)^2}{697 \times 571}$

$= \boxed{4}$

**15.** $532\times398\times106\times771$ ના ગુણાકારમાં એકમનો અંક ........ છે. તમામ સંખ્યાના એકમના અંકનો ગુણાકાર $= 2\times8\times6\times1 = 96$ $\therefore$ તમામ સંખ્યાના ગુણાકારના એકમનો અંક 6 છે.

**16.** $1+2+3+4+$ ______ $+99=$ ______

$\frac{99\times100}{2} = 99\times50$

$= \boxed{4950}$

**17.** $1+3+5+$ ______ $+99=$ ________

$(50)^2$

$= \boxed{2500}$

**18.** $2+4+6$ ______ $+68=$ ______

$34\times35$

$= \boxed{1190}$

**19.** $1^3+2^3+3^3+$ _____ $+19^3=$ _____

$\frac{19\times19\times20\times20}{4}$

$= 361\times100$

$= \boxed{36100}$

**20.** $1^2+2^2+3^2+4^2+$ _____ $+21^2=$ _____

$= \frac{21\times22\times43}{6}$

$= 77\times43$

$= \boxed{3311}$

**21.** $517*324$ ને **3** વડે ભાગી શકાય તો $*$ ની કિંમત શોધો.

$5+1+7+*+3+2+4 = 22+*$

$= 22+(2) \quad = 24$

24 ને 3 વડે ભાગી શકાય.

$\therefore \boxed{*=2}$

**22.** $481*673$ ને 9 વડે ભાગી શકાય તો $*$ ની કિંમત શોધો.

$4+8+1+*+6+7+3 = 29+*$

$= 29+7 \quad = 36$

36 ને 9 વડે ભાગી શકાય.

$\therefore \boxed{*=7}$

**23.** $97215x6$ ને 11 વડે ભાગી શકાય તો Xની કિંમત શોધો.

એકી ક્રમના અંકોનો સરવાળો $= 9+2+5+6 = 22$

બેકી ક્રમના અંકોનો સરવાળો $= 7+1+x = 8+x$

બંનેની બાદબાકી $= 22-(8+x)$

બાદબાકી 0 કે 11 થવા માટે $\therefore x=3$

**24.** $784\times618\times917\times463$ મા એકમનો અંક કયો આવે ?

એકમના અંકોનો ગુણાકાર $= \mathbf{(4\times8\times7\times3)=672}$

$\therefore$ તમામ સંખ્યાના ગુણાકારનો એકમનો અંક =2

**25.** $1904\times1904$

$= (1900+4)^2$

$= (1900)^2+2(1900)(4)+(4)^2$

$= 3610000+15200+16$

$= \boxed{3625216}$

**26.** $107\times107-93\times93$

$= (107)^2-(93)^2$

$= (107-93)(107+93)$

$= (14)(200) = \boxed{2800}$

**27.** $106\times106-94\times94$

$= (106)^2-(94)^2$

$= (106-94)(106+94)$

$= (12)(200)$

$= \boxed{2400}$

**28.** $8796\times223+8796\times77 = (?)$

$= 8796(223+77)$

$= 8796(300)$

$= \boxed{2638800}$

**29.** $287\times287+269\times269-2\times287\times269 =$ _____

$= (287-269)^2 = (18)^2$

$= \boxed{324}$

**30.** $397\times397+104\times104+2\times104\times397 = (?)$

$(397+104)^2 = (501)^2 = \boxed{251001}$

**31.** $(64)^2-(36)^2 = 20\times x$

$(64-36)(64+36) = 20\times x$

$\therefore 28\times100=20\times x$

$\therefore x=\frac{100\times28}{20}$ $\therefore x=140$

**32.** $\frac{(489+375)^2-(489-375)^2}{489\times375}$

$=\boxed{4}$

**33.** $\frac{(963+476)^2+(963-476)^2}{963\times963+476\times476}$

$=\boxed{2}$

**34.** $\frac{768\times768\times768+232\times232\times232}{(768)^2-(768\times232)+(232)^2}$

$=(768+232)=\boxed{1000}$

**35.** $\frac{854\times854\times854-276\times276\times276}{(854)^2+(854\times276)+(276)^2}$

$=(854-276)=\boxed{578}$

**36.** $\frac{753\times753-753\times247+247\times247}{(753)^3+(247)^3}$

$=\frac{(753)^2-(753\times247)+(247)^2}{(753+247)[(753)^2-(753\times247)(247)^2]}$

$=\frac{1}{1000}$ $=\boxed{0.001}$

**37.** $91876\Delta2$ ને 8 વડે નિઃશેષ ભાગી શકાય તો $\Delta$ ની કિંમત શોધો.

$6\Delta2/8$

$$8\overline{)672} = 84,\quad 64,\ 32,\ 32,\ 00$$

$$8\overline{)632} = 79,\quad 56,\ 72,\ 72,\ 00$$

$\boxed{\Delta=7}$ અથવા $\boxed{\Delta=3}$

**38.** નીચેનામાંથી કઈ સંખ્યાને 99 વડે નિઃશેષ ભાગી શકાય ?

(a) 3572404 (c) 202860

(c) 351145 (d) 2024550

11 તથા 9 ની ચાવી લગાવતા જવાબ : 2024550

**39.** નીચેનામાંથી કઈ સંખ્યાને 45 વડે ભાગી શકાય ?

(a) 181560 (b) 202860

(c) 331145 (d) 2033551

દરેક સંખ્યાને 9 તથા 5 ની ચાવી લગાવતાં.... Ans. : (b) 202860

**40.** જો $653xy$ ને 80 વડે નિશેષ ભાગી શકાય છે તો $x+y=$ ____

$80=8\times10$

$\therefore 653xy$ ને 8 તથા 10 ની ચાવી લગાવતાં.

$y=0$ તથા $x=6$ $\therefore x+y=6+0=6$

**41.** $4864\times9P2$ ને 12 વડે નિઃશેષ ભાગી શકાય છે તો $P$ નું મૂલ્ય શોધો ?

$=\frac{4864\times9P2}{4\times3}$ $\therefore$ 4864 ને 4 વડે ભાગી શકાય

$\therefore 9P2$ ને 3 વડે ભાગી શકાય

$\boxed{P=1}$ અથવા $\boxed{P=4}$ અથવા

$\boxed{P=7}$

**42.** નીચેનામાંથી કઈ સંખ્યાને 24 વડે નિઃશેષ ભાગી શકાય.

(a) 35718 (c) 537804

(d) 63810 (d) 3125736

3 અને 8 ની ચાવી લગાવતાં (d) 3125736 ને 24 વડે ભાગી શકાય

**43.** પ્રથમ 45 પ્રાકૃતિક સંખ્યાઓનો સરવાળો ____ થાય.

$\frac{45\times46}{2}=\boxed{1035}$

**44.** 1 થી 31 ની વચ્ચે આવતી બેકી સંખ્યાઓનો સરવાળો કેટલો થાય ?

$2+4+6+8+$ ____ $+30$

$=15\times16=\boxed{240}$

**45.** $51+52+53+$ ____ $+100=$ ____

$=\frac{100\times101}{2}=\boxed{5050}-\frac{50\times51}{2}=1275$

$\therefore 5050-1275=3775$

**46.** ચાર આંકડાની મોટામાં મોટી કઈ સંખ્યાને 88 વડે નિઃશેષ ભાગી શકાય ?

ચાર આંકડાની મોટામાં મોટી સંખ્યા 9999 છે

$$88\overline{)9999} = 113$$

88

119

88

319

$-$ 264

55

$\therefore$ 9999-55

$= \boxed{9944}$

9944 ને 88 વડે નિઃશેષ ભાગી શકાય.

**47.** $3897 \times 999$

$= 3897000 - 3897$

$= 3893103$

**48.** $587 \times 99 = 58700 - 587$

$= 58113$

## પ્રેક્ટીસના દાખલા

1. નીચેના પૈકી કઈ સંખ્યાને 3 વડે નિઃશેષ ભાગી શકાય ?

(અ) 3232 (બ) 3433

(ક) 3553 (ડ) 8211

2. 44, 42, 40, .......... નો વધુમાં વધુ સરવાળો કેટલો થશે ?

(અ) 502 (બ) 504

(ક) 506 (ડ) 500

3. બે અંકોની એક સંખ્યાનો એકમનો અંક 'p' અને દશકનો અંક 'r' હોય તો તે સંખ્યા ............ છે ?

(અ) $10x + y$ (બ) $10p + r$

(ક) $10r + p$ (ડ) $10y + x$

4. 3783527820 ને કઈ રકમથી ભાગી શકાય ?

(અ) 2, 5, 10 (બ) 2, 3, 6

(ક) 20, 30, 60, 10 (ડ) એ, બી, સી

5. 1 થી 400 માં કેટલી સંખ્યાને 9 વડે ભાગી શકાય ?

(અ) 40 (બ) 41

(ક) 44 (ડ) 44

6. પ્રથમ $n$ પ્રાકૃતિક સંખ્યાઓનો સરવાળો ........ છે.

(અ) $n/2$ (બ) $\frac{n+1}{2}$

(ક) $\frac{n(n+1)}{2}$ (ડ) એકપણ નહીં.

7. પ્રથમ દસ મૂળ વિષમ સંખ્યાઓનો સરવાળો છે ?

(અ) 10 (બ) 50

(ક) 75 (ડ) 100

જવાબો :

1. (ડ) 8211, 2. (ક) 506, 3. (ક) $10r + p$, 4. (અ) 2, 5, 10, 5. (ડ) 44, 6. (ક) $\frac{n(n+1)}{2}$, 7. (ડ) 100

# 04. દશાંશ અપૂર્ણાંક, દક્ષાંશ અવયવ

→ 0.5, 1.5, -2.5, .... વગેરે સંખ્યાઓને દશાંશ અપૂર્ણાંક કહે છે.

■ **રીત નં. 1 :**
દશાંશ અપૂર્ણાંકને સાદા અપૂર્ણાંકમાં રૂપાંતરિત કરવા.

(i) $3.5 = \frac{35}{10}$ (ii) $2.75 = \frac{275}{100}$

નોંધ: જો દશાંશ(•) પછી એક સંખ્યા હોય તો 10, બે સંખ્યા હોય તો 100, ત્રણ સંખ્યા 1000, .... એમ છેદમાં લખી, અંશની સંખ્યામાંથી દશાંશ(•) કાઢી નાખવું.

■ **રીત નં. 2 :**
સાદા અપૂર્ણાંકને દશાંશમાં રૂપાંતરિત કરવા.

(i) $\frac{537}{100} = 5.37$ (ii) $\frac{67}{1000} = 0.067$

નોંધ : જો છેદમાં
10 હોય તો એકમની સંખ્યા પહેલાં ← દશાંશ(•),
100 હોય તો દશકની સંખ્યા પહેલા ← દશાંશ(•) મૂકવું.
1000 હોય તો સોની સંખ્યા પહેલા ← દશાંશ(•) મૂકવું.

■ **રીત નં. 3 :**
દશાંશ અપૂર્ણાંક ના સરવાળા - બાદબાકી કરવા.

(i) 5.064 + 3.98 + 0.7636 + 2
= 5.0640 + 3.9800 + 0.7636 + 2.000
$= \boxed{11.8076}$

(ii) 13-5.1967
$13.000 - 5.1967 = \boxed{7.8033}$

નોંધ: દશાંશ અપૂર્ણાંકના સરવાળા બાદબાકી કરવા દશાંશ(•) પછીના અંકની સંખ્યા સમાન કરી ગણતરી કરવી. અંક સમાન કરવા દશાંશ પછી જરૂરી શૂન્ય મુકવી.

■ **રીત નં. 4 :**
દશાંશ અપૂર્ણાંકના ગુણાકાર કરવા.

(i) 43.28 × 10 = 432.8
(ii) 2.61 × 1.3 = 261 × 13 = 3393 = 3.393

નોંધ: આપેલ દશાંશ અપૂર્ણાંકના ગુણાકાર કરવા માટે સૌપ્રથમ આપેલ સંખ્યામાંથી દશાંશ(•) ભૂલી જવા, ત્યારબાદ દશાંશ પછીની સંખ્યા ગણી તેને સરવાળો કરી મળેલ જવાબમાં સરવાળા જેટલા દશાંશ (•) મૂકવા.

■ **રીત નં. 5 :**
દશાંશ અપૂર્ણાંકના ભાગાકાર કરવા.

નોંધ: દશાંશ અપૂર્ણાંક સંખ્યાઓના ભાગાકાર કરવા તે સંખ્યાઓમાંથી દશાંશ ચિન્હ કાઢી નાખી મળેલ સંખ્યાના ભાગાકાર કરવા ત્યારબાદ ભાગફળની સંખ્યામાં અંશ અને છેદની સંખ્યામાં દશાંશ ચિન્હ પછીની સંખ્યાની બાદબાકીને આધારે ભાગાફળમાં દશાંશ ચિન્હ મુકવું. જો બાદબાકી ધન હોય તો ભાગફળમાં છેલ્લેથી તેટલા અંક પછી દશાંશ ચિન્હ મુકવું. જો બાદબાકી ઋણ હોય તો જેટલા ઋણ પૂર્ણાંક હોય તેટલી શૂન્ય ભાગફળમાં મૂકવી.

ઉદા.: (i) $0.063 \div 0.9$
$= 63 \div 9$
$= 7$ (અંશના ત્રણ દશાંશ – છેદના એક દશાંશ = બે દશાંશ)
$= 0.07$ જવાબ

(ii) $0.75 \div 0.025$
$= 75 \div 25$
$= 3$ (અંશના બે દશાંશ – છેદના ત્રણ દશાંશ = ઋણ એક દશાંશ)
$= 30$ જવાબ

**પ્રેક્ટીસના દાખલાઓ :**

**1.** નીચેના દશાંશ અપૂર્ણાંકને સાદા અપૂર્ણાંકમાં ફેરવો.

**01.** $0.007 = \frac{7}{1000}$

**02.** $15.8 = \frac{158}{10}$

**03.** $0.27 = \frac{27}{100}$

**04.** $0.08 = \frac{8}{100}$

**05.** $0.0002 = \frac{2}{10000}$

**2.** નીચેના દશાંશ અપૂર્ણાંકને સાદા અપૂર્ણાંકમાં ફેરવો.

**01.** $\frac{2}{5} = \frac{2\times2}{5\times2}$

$= \frac{4}{10} = \boxed{0.4}$

**02.** $\frac{3}{2} = \frac{3\times5}{2\times5}$

$= \frac{15}{10} = \boxed{1.5}$

03. $\frac{8}{25}=\frac{8\times4}{25\times4}$

$=\frac{32}{100}=\boxed{0.32}$

04. $\frac{7}{4}=\frac{7\times25}{4\times25}$

$=\frac{175}{100}=\boxed{1.75}$

05. $\frac{11}{8}=\frac{125\times11}{125\times8}$

$=\frac{1375}{1000}=\boxed{1.375}$

06. $\frac{3}{125}=\frac{8\times3}{125\times8}$

$=\frac{24}{1000}=\boxed{0.024}$

**3. નીચેની સંખ્યાઓને ચઢતા ક્રમમાં ગોઠવો.**

$\frac{1}{3},\frac{2}{5},\frac{4}{7},\frac{3}{5},\frac{5}{6},\frac{6}{7}$

ઉપરની દરેક સંખ્યામાં બે દશાંશ સુધી ભાગાકાર કરવા

$\frac{1}{3}=0.33,\ \frac{2}{5}=0.40,\ \frac{4}{7}=0.57$

$\frac{3}{5}=0.60,\ \frac{5}{6}=0.83,\ \frac{6}{7}=0.85$

તેના દર્શાંશ મૂલ્યને આધારે ચઢતા ક્રમમાં $\frac{1}{3},\frac{2}{5},\frac{4}{7},\frac{3}{5},\frac{5}{6},\frac{6}{7}$

**4. નીચેની સંખ્યાઓને ઉતરતા ક્રમમાં ગોઠવો.**

$\frac{13}{16},\frac{15}{19},\frac{17}{21},\frac{7}{8}$

$\frac{13}{16}=0.81,\ \frac{15}{19}=0.78,\ \frac{17}{21}=0.80,\ \frac{7}{8}=0.87$

તેના દર્શાંશ મૂલ્યને આધારે ઉતરતા ક્રમમાં $\frac{7}{8},\frac{13}{16},\frac{17}{21},\frac{15}{19}$

**5. નીચેના પૈકી સૌથી નાની સંખ્યા શોધો.**

$\frac{5}{9},\frac{7}{11},\frac{8}{15},\frac{11}{17}$

$\frac{5}{9}=0.55,\quad \frac{7}{11}=0.63,\ \frac{8}{15}=0.53,\quad \frac{11}{17}=0.64$

સૌથી નાની સંખ્યા $=\frac{8}{15}$

**6. નીચેના પૈકી સૌથી મોટી સંખ્યા શોધો.**

**(i)** $\frac{1}{4},\frac{23}{24},\frac{11}{12},\frac{17}{24}$

$\frac{1}{4}=0.25,\quad \frac{23}{24}=0.95$

$\frac{11}{12}=0.91,\quad \frac{17}{24}=0.70$

દશાંશ મૂલ્યને આધારે સૌથી મોટી સંખ્યા $=\frac{23}{24}$

**(ii)** $\frac{1}{2},\frac{2}{3},\frac{3}{4},\frac{4}{5}$

$\frac{1}{2}=0.50,\quad \frac{2}{3}=0.66$

$\frac{3}{4}=0.75\quad \frac{4}{5}=0.80$

દશાંશ મૂલ્યને આધારે સૌથી મોટી સંખ્યા $=\frac{4}{5}$

07. $337.62+8.591+34.4=(?)$

$=337.620+8.591+34.400$

$=\boxed{380.611}$

08. $1+0.1+0.01+0.001$ ની કિંમત શોધો.

$=1+0.100+0.010+0.001$

$=\boxed{1.111}$

09. $34.95+240.016+23.98=(?)$

www.gujposts.in

# 07. ઘાત અને ઘાતમૂળ

મિત્રો, આ પ્રકરણને સમજવા માટે નીચેના કેટલાક નિયમો પહેલા સમજીશું.

01. $\boxed{x^{\circ}=1}$ કોઈપણ સંખ્યાની શૂન્ય ઘાતની કિંમત 1 થાય.

ઉદા.: $5^{\circ}=1,\quad 4^{\circ}=1$

$-1^{\circ}=1,\quad -254^{\circ}=1$

02. $\boxed{1^x=1}$ 1ની કોઈપણ ઘાત કરવાથી તેનું મૂલ્ય 1 થાય.

ઉદા.: $1^5=1,\quad 1^{251}=1$

$1^{-100}=1$

03. $\boxed{x^1=x}$ કોઈપણ સંખ્યાની 1 ઘાત કરવાથી તેનું મૂલ્ય તે સંખ્યા જ રહે છે.

ઉદા.: $5^1=5$, $\quad 6^1=6$

$-2^1=-2$

04. $\boxed{x^a\times x^b\times x^c=x^{a+b+c}}$ જે ઘાતવાળી સંખ્યાના આધાર સરખા હોય તેનું સાદુરૂપમાં ઘાતોનો સરવાળો થાય.

ઉદા.: $5^2\times5^7\times5^5=5^{2+7+5}=\boxed{5^{14}}$

05. $\boxed{\frac{x^a}{x^b}=x^{a-b}}$ ઘાતોની બાદબાકી થાય.

ઉદા.: $=\frac{5^7}{5^3}=5^{7-3}=\boxed{5^4}$

06. $\boxed{\left(x^a\ y^b\ z^c\right)^d=x^{ad}\ y^{bd}\ z^{cd}}$ કૌંસના ઉપરની ઘાત કૌંસની અંદરની તમામ સંખ્યાની ઘાત સાથે ગુણાય.

ઉદા.: $\left(5^2\times\ 4^3\times\ 7^2\right)^4=5^{(2)(4)}\times\ 4^{(3)(4)}\times\ 7^{(2)(4)}$

$=\boxed{5^8\times4^{12}\times7^8}$

07. $\boxed{\left(x^a\right)^b=x^{ab}}$ ઘાતની ઘાતનો ગુણાકાર થાય.

ઉદા.: $\left(5^2\right)^3=5^{2\times3}=\boxed{5^6}$

08. $\boxed{x^{-y}=\left(\frac{1}{x}\right)^y}$ કોઈપણ સંખ્યાની ઋણઘાત હોય તો આધારનો વ્યસ્ત કરવાથી તે ઘાત ધન થાય.

ઉદા.: $5^{-2}=\left(\frac{1}{5}\right)^2$

■ **અન્ય ઉદાહરણો :**

01. નીચેમાંથી કઈ કિંમતો સમાન છે ?

(a) $1^4$ (b) $4^0$ (c) $0^4$ (d) $4^1$

ગણતરી : $1^4=1,\quad 4^0=1,\quad 0^4=0,\quad 4^1=4,$

જવાબ : a અને bની કિંમત સમાન છે.

02. નીચેમાંથી કોનું મૂલ્ય સૌથી વધારે છે ?

(a) $\left[\left(4^0\right)^{-\frac{1}{2}}\right]^2$ (b) $\left[\left(2^{-1}\right)^0\right]^2$

(c) $\left[\left(2^{-2}\right)^{-1}\right]^2$ (d) $\left[\left(2^{-1}\right)^2\right]^2$

ગણતરી: (a) $\left[\left(4^0\right)^{-\frac{1}{2}}\right]^2=4^{0\times\frac{1}{2}\times2}=4^0=1$

(b) $\left[\left(2^{-1}\right)^0\right]^2=2^{-1\times0\times2}=2^0=1$

(c) $\left[\left(2^{-2}\right)^{-1}\right]^2=2^{(-2)\times(-1)\times2}=2^4=16$

(d) $\left[\left(2^{-1}\right)^2\right]^2=2^{-1\times2\times2}=2^{-4}=\frac{1}{16}$

જવાબ: સૌથી મોટી સંખ્યા વિકલ્પ C છે.

03. જો તો $m^n=121$ તો $(m-1)^{n+1}=$ ______

$\therefore m^n=11^2$

$\therefore m=11$ તથા $n=2$

$(m-1)^{n+1}$

$\therefore (11-1)^{2+1}$

$\therefore (10)^3=1000$

04. $a^{15}\times a^{-8}\times a^{-7}=$______

$\therefore a^{15+(-8)+(-7)}=a^{15-15}=a^0=1$

05. $\left[5\left(8^{\frac{1}{3}}+27^{\frac{1}{3}}\right)^3\right]^{\frac{1}{4}}$ નું મુલ્ય______ થાય.

$=\left[5\left(2+3\right)^3\right]^{\frac{1}{4}}=\left[5(5)^3\right]^{\frac{1}{4}}$

$=\left[5^4\right]^{\frac{1}{4}}=5^{4\times\frac{1}{4}}=5^1=5$

06. કિંમત શોધો.

(અ) $(27)^{\frac{2}{3}}=(3^3)^{\frac{2}{3}}=3^{3\times\frac{2}{3}}=3^2=9$

(બ) $\left(\frac{8}{125}\right)^{\frac{-4}{3}}=\left(\frac{125}{8}\right)^{\frac{4}{3}}=\frac{5^{3\times\frac{4}{3}}}{2^{3\times\frac{4}{3}}}=\frac{5^4}{2^4}=\frac{625}{16}$

(ક) $(0.00032)^{\frac{3}{5}} = \left(0.2^{5}\right)^{\frac{3}{5}} = \left(0.2\right)^{5\times\frac{3}{5}} = 0.008$

(ડ) $\left(256\right)^{0.16} \times \left(16\right)^{0.18}$

$= \left(2^{8}\right)^{0.16} \times \left(2^{4}\right)^{0.18}$

$= 2^{1.28} \times 2^{0.72} = 2^{2.0} = 4$

(ઢ) $\dfrac{9^4 \times 3^5 \times 27^3}{3\times 81^4} = \dfrac{(3^2)^4 \times (3)^5 \times (3^3)^3}{3\times (3^4)^4}$

$= \dfrac{3^8 \times 3^5 \times 3^9}{3\times 3^{16}}$

$= \dfrac{3^{22}}{3^{17}} = 3^5 = 243$

**પ્રેક્ટીસ માટેના દાખલાઓ :**

**[01]** *નીચેનાની કિંમત શોધો.*

**01.** $(256)^{5/4}$

$= (4^4)^{5/4} = (4)^5$

$= 4\times 4\times 4\times 4\times 4 = \boxed{1024}$

**02.** $\left(\sqrt{8}\right)^{1/3}$

$= \sqrt{8^{1/3}}$

$= \sqrt{2}$

**03.** $\left(\dfrac{32}{243}\right)^{-4/5}$

$= \left(\dfrac{243}{32}\right)^{4/5}$

$= \left(\dfrac{3^5}{2^5}\right)^{4/5}$

$= \dfrac{3^4}{2^4} = \boxed{\dfrac{81}{16}}$

**04.** $\left(-\dfrac{1}{216}\right)^{-2/3}$

$= (-216)^{2/3}$

$= (-6^3)^{2/3}$

$= (-6)^2$

$= \boxed{36}$

**05.** $5^{1/4} \times (125)^{0.25}$

$= 5^{1/4} \times (5^3)^{25/100}$

$= 5^{1/4} \times (5^3)^{1/4}$

$= 5^{1/4} \times 5^{3/4}$

$= 5^{1/4+3/4} = 5^{\frac{1+3}{4}}$

$= 5^{4/4} = \boxed{5}$

**06.** $(216)^{2/3} + (256)^{3/4} + (32)^{1/5}$

$= (6^3)^{2/3} + (4^4)^{3/4} + (2^5)^{1/5}$

$= 6^2 + 4^3 + 2$

$= 36 + 64 + 2$

$= \boxed{102}$

**07.** $\left[(10)^{150} \div (10)^{146}\right]$

$= 10^{150-146}$

$= 10^4$

$= \boxed{10000}$

**08.** $(2.4\times 10^3) \div (8\times 10^{-2})$

$= \dfrac{2.4\times 10^3}{8\times 10^{-2}}$

$= \dfrac{24}{10\times 8}\times 10^5$

$= 3\times 10^4$

$= \boxed{30000}$

**09.** $\left(\dfrac{1}{216}\right)^{-2/3} \div \left(\dfrac{1}{27}\right)^{-4/3}$

$= (216)^{2/3} \div (27)^{4/3}$

$= \dfrac{(6^3)^{2/3}}{(3^3)^{4/3}}$

$= \dfrac{6^2}{3^4} = \dfrac{36}{81}$

$= \boxed{\dfrac{4}{9}}$

**10.** $$\frac{(243)^{0.13}\times(243)^{0.07}}{(7)^{0.25}\times(49)^{0.075}\times(343)^{0.2}}$$

$$=\frac{(3^5)^{0.13}\times(3^5)^{0.07}}{(7)^{0.25}\times(7^2)^{0.075}\times(7^3)^{0.2}}$$

$$=\frac{3^{0.65}\times3^{0.35}}{7^{0.25}\times7^{0.15}\times7^{0.6}}$$

$$=\frac{3^{0.65+0.35}}{7^{0.25+0.15+0.6}}$$

$$=\frac{3^{1.00}}{7^{1.00}}=\boxed{\frac{3}{7}}$$

**11.** $(1000)^7\div(10)^{18}$

$=(10^3)^7\div10^{18}$

$$=\frac{10^{21}}{10^{18}}$$

$=10^3$

$=\boxed{1000}$

**12.** $(256)^{0.16}\times(256)^{0.09}$

$=(256)^{0.16+0.09}$

$=(256)^{0.25}$

$=(4^4)^{\frac{25}{100}}$

$=(4^4)^{\frac{1}{4}}$

$=\boxed{4}$

**13.** $(0.04)^{-1.5}$

$$=\left(\frac{1}{0.04}\right)^{-1.5} \qquad =\left(\frac{100}{4}\right)^{\frac{15}{10}}$$

$=(25)^{3/2}$

$=(5^2)^{3/2}$

$=5^3$

$=\boxed{125}$

**14.** $(17)^{3.5}\times(17)^{(?)}=(17)^8$

$$\therefore(17)^?=\frac{17^8}{17^{3.5}}$$

$=17^{8-3.5}$

$17^{(?)}=17^{4.5}$

$\boxed{(?)=4.5}$

**15.** $(64)^{-1/2}-(-32)^{-4/5}$

$$=\left(\frac{1}{64}\right)^{1/2}-\left(-\frac{1}{32}\right)^{4/5}$$

$$=\left(\frac{1}{8^2}\right)^{1/2}-\left(-\frac{1}{2^5}\right)^{4/5}$$

$$=\left(\frac{1}{8^2}\right)^{1/2}-\left(\frac{1}{2^5}\right)^{4/5}$$

$$=\frac{1}{8}-\frac{1}{16}$$

$$=\frac{2-1}{16}=\boxed{\frac{1}{16}}$$

**16.** $49\times49\times49\times49=7^{(?)}$

$\therefore 7^2\times7^2\times7^2\times7^2=7^{(?)}$

$\therefore 7^{2+2+2+2}=7^{(?)}$

$\therefore 7^8=7^{(?)}$

$\therefore \boxed{(?)=8}$

**17.** $(18)^{3.5}\div(27)^{3.5}\times6^{3.5}=2^{(?)}$

$(18\div27\times6)^{3.5}=2^?$

$$\left(\frac{18\times6}{27}\right)^{3.5}=2^?$$

$(4)^{3.5}=2^?$

$(2^2)^{3.5}=2^?$

$2^7=2^{(?)}$

$\boxed{(?)=7}$

**18.** $(25)^{7.5}\times(5)^{2.5}\div(125)^{1.5}=5^{(?)}$

$(5^2)^{7.5}\times(5)^{2.5}\times(5^3)^{1.5}=5^{(?)}$

$\therefore\ (5)^{15}\times(5)^{2.5}\div 5^{4.5}=5^{(?)}$

$\therefore\ 5^{15+2.5-4.5}=5^{(?)}$

$\therefore\ 5^{13}=5^{?}$

$\boxed{13=(?)}$

**19.** જો $\sqrt{2^n}=64$ તો $n=(?)$

$\sqrt{2^n}=64$ બંને બાજુ વર્ગ કરતાં,

$2^n=(64)^2=\left(2^6\right)^2=2^{12}$

$\therefore n=12$

**20.** $5^x=3125$ હોય તો $x-3$ ની કિંમત ______ થાય.

$5^x=3125$

$\therefore 5^x=5^5$

$\therefore x=5\ \therefore$ x-3 = 2

**21.** $\dfrac{9^n\times 3^5\times(27)^3}{3\times(81)^4}=27$ હોય તો $n=(?)$

$\therefore \dfrac{9^n\times 3^5\times(3^3)^3}{3\times(3^4)^4}=3^3$

$\therefore \dfrac{3^{2n}\times 3^5\times 3^9}{3\times 3^{16}}=3^3$

$\therefore 3^{2n}\times 3^{14-17}=3^3$

$\therefore 3^{2n}=3^3\div 3^{-3}$

$3^{2n}=3^6\ \therefore 2n=6\ \therefore n=3$

**22.** જો $3^{(x-y)}=27$ અને $3^{(x+y)}=243$ તો $x=$ ______

$\therefore 3^{(x-y)}=27\qquad 3^{(x+y)}=243$

$\therefore 3^{(x+y)}=3^3\qquad 3^{(x+y)}=3^5$

$\therefore x-y=3\qquad x+y=5$

સમીકરણ-1 અને સમીકરણ-2નો સરવાળો કરતાં

$$\begin{array}{r} x-y=3\\ +\ \ x+y=5\\ \hline 2x=8 \end{array}$$

$\therefore x=4$

**23.** જો $\left(\dfrac{9}{4}\right)^x\times\left(\dfrac{8}{27}\right)^{x-1}=\dfrac{2}{3}$ તો $x=(?)$

$\therefore\left(\dfrac{3^2}{2^2}\right)^x\times\left(\dfrac{2^3}{3^3}\right)^{x-1}=\dfrac{2}{3}$

$\therefore\left(\dfrac{2}{3}\right)^{-2x}\times\left(\dfrac{2}{3}\right)^{3x-3}=\left(\dfrac{2}{3}\right)^1$

$\therefore -2x+3x-3=1$

$\therefore x=1+3$

$\boxed{x=4}$

**24.** જો $2^x=\sqrt[3]{32}$ તો $x=(?)$

$2^x=(32)^{1/3}$

$\therefore 2^x=(2^5)^{\frac{1}{3}}\ \therefore 2^x=2^{\frac{5}{3}}$

$\therefore \boxed{x=\dfrac{5}{3}}$

**25.** $(1^3+2^3+3^3+4^3)^{1/2}=$ ______

$(1+8+27+64)^{1/2}$

$\therefore (100)^{1/2}\ \therefore \boxed{10}$

**26.** $2^x\times 8^{1/5}=2^{1/5}$ તો $x=$ ______

$\therefore 2^x\times(2^3)^{1/5}=2^{1/5}$

$\therefore 2^x\times 2^{3/5}=2^{1/5}$

$\therefore 2^x=2^{1/5-3/5}=2^{\frac{1-3}{5}}=2^{\frac{-2}{5}}$

$\therefore \boxed{x=-\dfrac{2}{5}}$

**27.** $5^{(x+3)}=25^{3x-4}$ તો $x=(?)$

$\therefore 5^{(x+3)}=25^{3x-4}$

$\therefore 5^{(x+3)}=(5^2)^{3x-4}$

$\therefore 5^{x+3}=5^{6x-8}\ \therefore x+3=6x-8$

$\therefore 11=5x\quad \therefore \boxed{x=\dfrac{11}{5}}$

**28.** $\sqrt{2},\sqrt[3]{3}$ અને $\sqrt[4]{4}$ પૈકી સૌથી મોટી સંખ્યા કઈ છે ?

$\sqrt{2},\sqrt[3]{3},\sqrt[4]{4}$

$\therefore (2)^{1/2}, (3)^{1/3}, (4)^{1/4}$

$\therefore 2^{6/12}, 3^{4/12}, 4^{3/12}$

$\therefore (2^6)^{1/12}, (3^4)^{1/12}, (4^3)^{1/12}$

$\therefore (64)^{1/12}, (81)^{1/12}, (64)^{1/12}$

સૌથી મોટી સંખ્યા $\boxed{(81)^{1/12}} = \sqrt[3]{3}$

**29.** જો $5^{5x+5} = 1$ તો $x =$ ______

$5^{5x+5} = 1$

$\therefore 5^{5x+5} = 5^0 \therefore 5x+5 = 0$

$\therefore 5x = -5 \quad \therefore x = -\frac{5}{5} \quad \boxed{x = -1}$

**30.** $3^{x+3} + 7 = 250$ તો $x =$ ____

$\therefore 3^{x+3} + 7 = 250$

$\therefore 3^{x+3} = 250 - 7 = 243$

$\therefore 3^{x+3} = 3^5 \therefore x + 3 = 5$

$\therefore x = 5 - 3 \therefore \boxed{x = 2}$

**14.** $(16)^{1.75}$ બરાબર કેટલા થાય ?

$\therefore (16)^{\frac{175}{100}} \qquad \therefore (16)^{7/4}$

$\therefore (2^4)^{7/4} \quad \therefore 2^7 \quad \therefore \boxed{128}$

**15.** $3^{12} \times (2^x)^2 = 6^{12}$ તો $x = (?)$

$\therefore 3^{12} \times 2^{2x} = 3^{12} \times 2^{12}$

$\therefore 2^{2x} = \frac{3^{12} \times 2^{12}}{3^{12}}$

$2^{2x} = 2^{12} \therefore 2x = 12$

$\boxed{x = 6}$

---

## પ્રેક્ટીસના દાખલા

1. $(64)^{\frac{2}{3}} \times (32)^{\frac{2}{5}} = ?$

(અ) $8^2$ (બ) $4^4$

(ક) $2^3$ (ડ) $2^4$

2. $(-1)^9 + (-1)^{10} =$ ...........

(અ) -1 (બ) 2

(ક) 0 (ડ) 1

3. જો x = 64 હોય તો $x^{\frac{1}{6}} + x^{\frac{-1}{6}}$ નો સરવાળો શું થાય ?

(અ) 1 (બ) $2\frac{1}{2}$

(ક) 2 (ડ) 36

4. $(8)^{\frac{2}{3}}$ ની કિંમત જણાવો.

(y ) 16 (બ) 64

(ક) 4 (ડ) $\frac{1}{4}$

5. $(256)^{0.16} \times (256)^{0.09}$ નો જવાબ શું થાય ?

(અ) 4 (બ) 16

(ક) 0.25 (ડ) 256

6. $3^2 \times 3^4 = 3^x$ તો x = ?

(અ) 6 (બ) 8

(ક) 2 (ડ) 1

7. $4^3 \div 2^4 \times 3 =$ .........

(અ) 8 (બ) 12

(ક) 2 (ડ) 4

8 . $(-4)^8 \div (-4)^2 \div (-4)^3$ ની કિંમત કેટલી થાય ?

(અ) $-64$ (બ) $(-12)$

(ક) $(-256)$ (ડ) $(-128)$

## જવાબો

1. (અ) $8^2$, 2. (ક) 0, 3. (બ) $2\frac{1}{2}$, 4. (ક) 4, 5. (અ) 4,

6. (અ) 6, 7. (બ) 12, 8 . (અ) $-64$

# 08. સરેરાશ અને ભારિત સરેરાશ

$$\text{સરાસરી} = \frac{\text{અવલોકનોનો સરવાળો}}{\text{અવલોકનોની સંખ્યા}} = \frac{\Sigma xi}{n}$$

■ **રીત નં. 1 :**

આપેલ અવલોકનો પરથી સરાસરી શોધવી.

ઉદા.: (i) 76, 65, 82, 67 અને 85ની સરાસરી શોધો.

$$\text{સરાસરી} = \frac{76+65+82+67+85}{5}$$

$$= \frac{375}{5} = 75$$

(ii) પ્રથમ સાત પૂર્ણવર્ગ સંખ્યાઓનો મધ્યક શોધો.

$$\text{સરાસરી} = \frac{1^2+2^2+3^2+....+7^2}{7}$$

$$= \frac{7\times8\times15}{6\times7} = 20$$

(iii) પ્રથમ 9 અવિભાજ્ય સંખ્યાની સરાસરી શોધો.

$$\text{સરાસરી} = \frac{2+3+5+7+11+13+17+19+23}{9}$$

$$= \frac{100}{9} = 11\frac{1}{9}$$

■ **રીત નં. 2 :**

ક્રમિક સંખ્યાઓની સરેરાશ પરથી તે સંખ્યાઓ શોધવી.
ક્રમિક સંખ્યાઓ માટે પ્રથમ ક્રમિક - x, ત્યારબાદની
$x+1,\ x+2,\ x+3,...$

ક્રમિક એકી / બેકી સંખ્યાઓ માટે પ્રથમ ક્રમિક સંખ્યા : $x$ ત્યારબાદની
$x+2,\ x+4,\ x+6,...$

ઉદા.: (i) પાંચ ક્રમિક સંખ્યાની સરાસરી 22 છે તો સૌથી મોટી સંખ્યા શોધો.

$$\text{સરાસરી} = \frac{x+x+1+x+2+x+3+x+4}{5}$$

$$\therefore 22 = \frac{5x+10}{5} \therefore 22\times5 = 5x+10$$

$$\therefore 110 = 5x+10 \quad \therefore x = 20$$

$\therefore$ સૌથી મોટી સંખ્યા $= 20+4 = 24$

(ii) ચાર ક્રમિક બેકી સંખ્યાની સરેરાશ 27 છે તો તે સંખ્યાઓ શોધો.

$$\text{સરાસરી} = \frac{x+x+2+x+4+x+6}{4}$$

$$\therefore 27\times4 = 4x+12 \ \therefore 108-12 = 4x$$

$$\therefore \frac{96}{4} = x \ \therefore 24 = x$$

$\therefore$ તે સંખ્યાઓ 24, 26, 28, 30

(iii) પાંચ ક્રમિક એકી સંખ્યાની સરાસરી 23 છે તો છેલ્લી બે સંખ્યાની સરેરાશ શોધો.

$$\text{સરાસરી} = \frac{x+x+2+x+4+x+6+x+8}{5}$$

$$\therefore 23\times5 = 5x+20 \ \therefore 115-20 = 5x$$

$$\therefore \frac{95}{5} = x \quad \therefore 19 = x$$

$\therefore$ તે સંખ્યાઓ = 19, 21, 23, 25, 27

છેલ્લી બે સંખ્યાની સરેરાશ $= \frac{25+27}{2} = \frac{52}{2} = 26$

■ **રીત નં. 3 :**

સરાસરી પરથી ખૂટતી વિગત શોધવી.

ઉદા.: (i) 18, 1, 6, 5 અને x ની સરાસરી 10 છે તો x = ___

$$\text{સરાસરી} = \frac{18+1+6+5+x}{5}$$

$$\therefore 10\times5 = 30+x \ \therefore 50-30 = x \ \therefore 20 = x$$

(ii) પાંચ સંખ્યાની સરેરાશ 213 છે તેમાંની પ્રથમ બે સંખ્યાની સરેરાશ 233.5 તથા છેલ્લી બે સંખ્યાની સરેરાશ 271 છે તો ત્રીજી સંખ્યા શોધો.

પાંચ સંખ્યાનો સરવાળો = 213 × 5 = 1065
પ્રથમ બે સંખ્યાનો સરવાળો = 233.5 × 2 = 467
છેલ્લી બે સંખ્યાનો સરવાળો = 271 × 2 = 542
ચારેય સંખ્યાનો સરવાળો = 467 + 542 = 1009
ત્રીજા ક્રમની સંખ્યા = 1065 – 1009 = 56

■ **રીત નં. 4 :**

અમુક સંખ્યાની સરાસરી પરથી નવું ઉમેરેલ અવલોકન કે કાઢી નાખેલ અવલોકન શોધવું.

ઉદા.: (i) એક ટીમના 12 ખેલાડીઓની સરેરાશ ઉંમર 25 વર્ષ છે જો તેમાં કોચની ઉંમર ઉમેરવામાં આવે તો સરાસરી ઉંમર 26 વર્ષ થાય છે તો કોચની ઉંમર કેટલી હશે ?

12 ખેલાડીઓની ઉંમરનો સરવાળો $= 25\times12 = 300$

કોચની ઉંમર સહિતનો સરવાળો $= 26\times13 = 338$

$\therefore$ કોચની ઉંમર $= 338-300 = 38$ વર્ષ

(ii) પાર્થના 7 વિષયોના માર્કસની સરેરાશ 85 છે. તેમાંથી વિજ્ઞાનના માર્કસને કાઢી નાખતાં બાકીના વિષયના માર્કસની સરેરાશ 88 થાય છે તો તેના વિજ્ઞાનના માર્કસ કેટલા હશે ?

વિજ્ઞાન સહિતના 7 વિષયના માર્કસનો સરવાળો $= 85\times7 = 595$

વિજ્ઞાન સિવાયના માર્કસનો સરવાળો $= 88 \times 6 = 528$

$\therefore$ વિજ્ઞાનના માર્કસ $= 595 - 528 = 67$

■ **રીત નં. 5 :**

ભૂલથી લીધેલ અવલોકનમાંથી સાચી સરેરાશ શોધવી.

ઉદા.: (i) 100 પ્રાપ્તાંકોનો મધ્યક 30 છે પાછળથી માલૂમ પડ્યું કે તેમાં એક અવલોકન 35 ને બદલે 38 લેવાઈ ગયું છે તો સાચો મધ્યક શોધો.

100 પ્રાપ્તાંકોનો સરવાળો $= 100 \times 30 = 3000$

સાચો સરવાળો $= 3000 - 38 + 35 = 2997$

સાચો મધ્યક $= \frac{2997}{100} = 29.97$

(ii) 14 વિદ્યાર્થીઓના માર્કસની સરેરાશ 71 છે. પાછળથી માલૂમ પડ્યું કે તેમાં એક વિદ્યાર્થીના માર્કસ 56 ને બદલે 42 તથા બીજાના 32 ને બદલે 74 લખાઈ ગયા છે તો સાચી સરેરાશ શોધો.

14 વિદ્યાર્થીઓના માર્કસનો સરવાળો $= 71 \times 14 = 994$

સુધારેલો સરવાળો $= 994 - 42 + 56 - 74 + 32$

$= 966$

સાચી સરેરાશ $= \frac{\text{સાચો સરવાળો}}{\text{સંખ્યા}}$

$= \frac{966}{14} = 69$

## પ્રેક્ટીસ માટેના દાખલાઓ :

**01.** 30 થી 50 વચ્ચે આવતી અવિભાજ્ય સંખ્યાઓની સરાસરી શોધો.

30 થી 50 વચ્ચે આવતી અવિભાજ્ય સંખ્યાઓ...

31, 37, 41, 43, 47

સરાસરી $= \frac{31 + 37 + 41 + 43 + 47}{5}$

$= \frac{199}{5} = \boxed{39.8}$

**02.** પ્રથમ 40 પ્રાકૃતિક સંખ્યાની સરાસરી શોધો.

સરાસરી $= \frac{40 \times 41}{2 \times 40}$

$= \frac{41}{2} = \boxed{20.5}$

**03.** 7 ના ગુણાંકની પ્રથમ 20 સંખ્યાની સરાસરી શોધો.

સરાસરી $= \frac{20 \times 21}{2 \times 20} \times 7 = 73.5$

**04.** ત્રણ સંખ્યાની સરાસરી 44 છે. પ્રથમ સંખ્યા કરતા બીજી સંખ્યા ત્રણ ગણી તથા ત્રીજી સંખ્યા બે ગણી છે. તો સૌથી મોટી સંખ્યા શોધો.

ધારો કે એક સંખ્યા $x$

બીજી સંખ્યા $3x$

ત્રીજી સંખ્યા $2x$

$\frac{x + 2x + 3x}{3} = 44$

$\therefore 6x = 132 \quad \therefore x = \frac{132}{6}$

$\therefore \boxed{x = 22}$

પ્રથમ સંખ્યા $x = 22$

બીજી સંખ્યા $3x = 66$

ત્રીજી સંખ્યા $2x = 44$

તો સૌથી મોટી સંખ્યા 66 છે.

**05.** 25 સંખ્યાની સરાસરી 18 છે. તેમાંની પ્રથમ 12 સંખ્યાની સરાસરી 14 છે. તથા છેલ્લી 12 સંખ્યાની સરાસરી 17 છે. તો 13 મા ક્રમની સંખ્યા શોધો.

ધારો કે 25 સંખ્યાઓ ....

$x_1, x_2, x_3 \ldots\ldots x_{25}$ છે.

25 સંખ્યાની સરાસરી 18 છે.

$\therefore 25 \times 18 = 450$

$\therefore x_1 + x_2 + \ldots\ldots + x_{25} = 450$

પ્રથમ 12 સંખ્યાની સરાસરી 14 છે.

$\therefore 14 \times 12 = 168$

$\therefore x_1 + x_2 + \ldots\ldots x_{12} = 168$

છેલ્લી 12 સંખ્યાની સરાસરી 17 છે.

$\therefore 12 \times 17 = 204$

$\therefore x_{14} + x_{15} + \ldots. + x_{25} = 204$

$[x_1 + x_2 + \ldots..x_{12}] + [x_{14} + x_{15} + \ldots..x_{25}]$

$= 168 + 204 = 372$

$\therefore$ 13 ની ક્રમની સંખ્યા $x_{13} = 450 - 372$

$\boxed{x_{13} = 78}$

**06.** 11 સંખ્યાની સરાસરી 60 છે. તેમાંની પ્રથમ 6 સંખ્યાની સરાસરી 58 છે. તથા છેલ્લી 6 સંખ્યાની સરાસરી 63 છે. તો 6 ક્રમની સંખ્યા શોધો.

$x_1 + x_2 \ldots. x_{11}$ છે.

પ્રથમ 11 સંખ્યાની સરાસરી 60 છે.

$\therefore 11 \times 60 = 660$

$\therefore x_1 + x_2 \ldots. x_{11} = 660$

પ્રથમ 6 સંખ્યાની સરાસરી 58 છે.

$\therefore 58 \times 6 = 348$

$x_1 + x_2 + \ldots. x_6 = 348$

છેલ્લી 6 સંખ્યાની સરાસરી 63 છે.

$\therefore 63 \times 6 = 378$

$x_6 + x_7 + .... x_{11} = 378$

$[x_1 + x_2 + .....x_6] + [x_6 + x_7 + .....x_{11}]$

$= 348 + 378 = 726$

$x_6$ (6 **ક્રમની સંખ્યા**) $= 726 - 660$

$\boxed{x_6 = 66}$

**07.** *39 વિદ્યાર્થીઓની સરેરાશ ઉંમર 15 વર્ષ છે. જો તેમાં શિક્ષકની ઉંમર ઉમેરવામાં આવે તો સરેરાશ ઉંમરમાં 3 માસનો વધારો થાય છે તો શિક્ષકની ઉંમર શોધો.*

39 વિદ્યાર્થીઓની સરેરાશ ઉંમર 15 વર્ષ છે.

ઉંમરનો કુલ સરવાળો $15 \times 39 = 585$ વર્ષ

જો તેમાં શિક્ષકની ઉંમર ઉમેરવામાં આવે તો ત્રણ માસનો વધારો થાય છે.

$15\frac{3}{12} = 15\frac{1}{4} = \frac{61}{4}$

શિક્ષક સાથે 40 સંખ્યાનો સરવાળો $= \frac{61}{4} \times 40$

$= 610$ વર્ષ

શિક્ષકની ઉંમર $= 610 - 585$

$= \boxed{25 \text{ વર્ષ}}$

**08.** *20 સંખ્યાની સરાસરી શૂન્ય છે. આ સંખ્યાઓ પૈકીની વધુમાં વધુ કેટલી સંખ્યા શૂન્યથી વધારે હોઈ શકે ?*

20 સંખ્યામાંથી 19 સંખ્યા ધન હોય.

તે 19 સંખ્યાનો સરવાળો જેટલો થાય તેટલી જ સંખ્યા 20મા ક્રમની ઋણ હોય તો સરવાળો 0 થાય જેથી સરાસરી પણ 0 થાય.

$\therefore$ વધુમાં વધુ 19 સંખ્યા શૂન્ય થી વધારે એટલે કે ધન હોઈ શકે.

**09.** *3 ના ગુણાંકની પ્રથમ પાંચ સંખ્યાની સરાસરી શોધો.*

$= \frac{5 \times 6}{2 \times 5} \times 3 = \boxed{9}$

**10.** *પાંચ એકી સંખ્યાની સરાસરી 11 છે. તો છેલ્લી ત્રણ સંખ્યાની સરેરાશ શોધો.*

$\frac{x + x + 2 + x + 4 + x + 6 + x + 8}{5} = 11$

$\therefore 5x + 20 = 55$

$\therefore 5x = 35$

$\therefore x = 7$

છેલ્લી ત્રણ સંખ્યાઓ 11, 13, 15 સરાસરી

$= \frac{11 + 13 + 15}{3}$

$= \frac{39}{3} \quad = \boxed{13}$

**11.** *પ્રથમ 50 પ્રાકૃતિક સંખ્યાઓની સરાસરી શોધો.*

સરાસરી $= \frac{50 \times 51}{2 \times 50}$

$= \boxed{25.5}$

**12.** *પ્રથમ સાત પૂર્ણવર્ગ સંખ્યાઓની સરેરાશ શોધો.*

સાત પૂર્ણવર્ગ સંખ્યાઓ....

સરાસરી $= \frac{1^2 + 2^2 + 3^2 + 4^2 + 5^2 + 6^2 + 7^2}{7}$

$= \frac{7 \times 8 \times 15}{7 \times 6}$

$= \boxed{\textbf{સરાસરી} = 20}$

**13.** 100 સુધીની પ્રાકૃતિક એકી સંખ્યાઓની સરાસરી શોધો.

100 સુધીની પ્રાકૃતિક એકી સંખ્યાનો સરવાળો $= (50)^2$

$= 2500$

**સરાસરી** $= \frac{2500}{50}$

$= \boxed{50 \textbf{ સરાસરી}}$

**14.** *કોઈ એક સંખ્યા અને તેના વર્ગની સરેરાશ તે સંખ્યાની 5 ગણી છે. તો તે સંખ્યા શોધો.*

ધારો કે કોઈ એક સંખ્યા x છે

$\frac{x + x^2}{2} = 5x$

$\therefore x + x^2 = 10x$

$\therefore x^2 = 10x - x$

$\therefore x^2 = 9x$

$\boxed{x = 9}$

**15.** *એક કુટુંબમાં દાદા-દાદી, મમ્મી-પપ્પા અને ત્રણ સંતાનો છે. દાદા-દાદીની સરેરાશ ઉંમર 67 વર્ષ મમ્મી-પપ્પાની સરેરાશ ઉંમર 35 વર્ષ તથા સંતાનોની સરેરાશ ઉંમર 6 વર્ષ છે. તો આખા કુટુંબની સરેરાશ ઉંમર શોધો.*

$\rightarrow$ દાદા-દાદીની સરેરાશ ઉંમર 67 વર્ષ છે.

$\therefore$ સરવાળો $= 67 \times 2 = 134$

$\rightarrow$ મમ્મી-પપ્પાની સરેરાશ ઉંમર 35 વર્ષ છે.

$\therefore$ સરવાળો $= 35 \times 2 = 70$

$\rightarrow$ ત્રણ સંતાનોની સરેરાશ ઉંમર 6 વર્ષ છે.

$\therefore$ સરવાળો $= 6 \times 3 = 18$

કુટુંબના સભ્યોની કુલ ઉંમરનો સરવાળો $= 134 + 70 + 18$

$= 222$

કુટુંબના સભ્યોની સરેરાશ $= \frac{222}{7}$

$= 31.71$

**16.** 5 ક્રમિક એકી સંખ્યાઓની સરાસરી 61 છે તો સૌથી મોટી અને સૌથી નાની સંખ્યાની બાદબાકી કેટલી થાય ?

5 ક્રમિક એકી સંખ્યાઓ ....

57, 59, 61, 63, 65 છે. જેમની સરાસરી 61 થાય છે.

સૌથી મોટી અને સૌથી નાની સંખ્યાની બાદબાકી = 65-57

= 8

**17.** સાત ક્રમિક સંખ્યાની સરાસરી 20 છે. તો તેમાં સૌથી મોટી સંખ્યા કઈ ?

ધારો કે પ્રથમ ક્રમિક સંખ્યા x છે.

$$\therefore \frac{x+x+1+x+2+x+3+x+4+x+5+x+6}{7} = 20$$

$$\therefore 7x+21 = 20\times 7$$

$$\therefore 7x = 140-21$$

$$\therefore 7x = 119$$

$$\therefore x = \frac{119}{7}$$

$$\therefore \boxed{x=17}$$

સૌથી મોટી સંખ્યા x + 6 છે.

$17+6=23$ છે

**18.** રવિવારથી શરૂ થતા જૂન માસમાં એક લાયબ્રેરીમાં રવિવારે સરેરાશ 510 અને અન્ય દિવસે સરેરાશ 240 મુલાકાતી આવે છે તો આખા મહિનાની દરરોજની સરેરાશ મુલાકાતીઓની સંખ્યા કેટલી થાય ?

રવિવારથી શરૂ થતા જૂન માસમાં 5 રવિવાર આવે.

રવિવારે લાયબ્રેરીની મુલાકાતે 510 મુલાકાતી આવે છે.

$\therefore$ કુલ મુલાકાતી $= 510\times 5$

$= 2550$

રવિવાર બાદ કરતા બાકી રહેલ દિવસો 25 છે.

25 દિવસોમાં 240 મુલાકાતી સરેરાશ આવે છે.

$\therefore$ કુલ મુલાકાતી $= 240\times 25$

$= 6000$

જૂન માસમાં લાયબ્રેરીની મુલાકાતે આવતા કુલ મુલાકાતી

$= 6000+2550$

$= 8550$

સરેરાશ $= \frac{8550}{30} = \boxed{285}$

19. 55, 60 અને 45ની સંખ્યા ધરાવતા ત્રણ વર્ગોમાં વિદ્યાર્થીઓની સરેરાશ માર્ક્સ 50, 55 અને 60 છે. તો તે તમામ વિદ્યાર્થીઓના સરેરાશ માર્ક્સ શોધો.

55 વિદ્યાર્થીઓના કુલ માર્ક્સ $= 55\times 50 = 2750$

60 વિદ્યાર્થીઓના કુલ માર્ક્સ $= 55\times 60 = 3300$

45 વિદ્યાર્થીઓના કુલ માર્ક્સ $= 45\times 60 = 2700$

તમામ વિદ્યાર્થીઓના કુલ માર્ક્સ $= 2750+3300+2700$

$= 8750$

સરાસરી $= \frac{8750}{160} = \boxed{54.68}$

20. એક વર્ગના 16 વિદ્યાર્થીઓનું સરેરાશ વજન 50.25 kg છે. બીજા 4 વિદ્યાર્થીનું સરેરાશ વજન 45.15 kg છે. બધા વિદ્યાર્થીઓનું સરેરાશ વજન કેટલુ થાય ?

16 વિદ્યાર્થીઓનું સરેરાશ વજન 50.25 છે.

કુલ વજન $= 50.25\times 16$

$= 804$

4 વિદ્યાર્થીઓનું સરેરાશ વજન 45.15 છે.

કુલ વજન $= 45.15\times 4$

$= 180.60$

કુલ 20 વિદ્યાર્થીઓનું વજન $= 804+180.60$

$= 984.60$

સરાસરી $= \frac{984.60}{20}$

$=$ $\boxed{49.23 \text{ સરાસરી}}$

21. 9 વ્યક્તિ પૈકી 8 વ્યક્તિનું ભોજન બીલ સરેરાશ રૂ.30 છે. જો 9 મી વ્યક્તિનું ભોજન બીલ સરેરાશ કરતા 20 વધારે છે તો તેઓનું કુલ ભોજન બીલ કેટલું ?

8 વ્યક્તિનું સરેરાશ ભોનજબીલ 30 રૂ. છે

કુલ બીલ $= 30\times 8 = 240$

9મી વ્યક્તિનું ભોજન બીલ કરતા સરેરાશ કરતાં 20 વધારે છે.

$\therefore$ 9મી વ્યક્તિનું ભોજન બીલ = 30+20 = 50

9 વ્યક્તિનું કુલ ભોજનબીલ $= \boxed{290}$

22. 50 સંખ્યાની સરેરાશ 30 છે. જો તેમાંથી 35 અને 40 એ સંખ્યાઓ રદ કરવામાં આવે તો બાકીની સંખ્યાઓની સરેરાશ શોધો.

50 સંખ્યાની સરેરાશ 30 છે.

કુલ $= 50\times 30 = 1500$

35 અને 40 સંખ્યાઓ રદ કરતા...

$1500-35-40 = 1425$

બે સંખ્યા રદ કરતા 48 સંખ્યા રહે.

સરાસરી $= \frac{1425}{48} = \boxed{29.68}$

23. પાંચ સંખ્યાની સરેરાશ 27 છે. જો તેમાંથી એક સંખ્યા કાઢી નાખવામાં આવે તો સરાસરી 25 થાય છે તો કાઢી નાખેલી સંખ્યા શોધો.

$\therefore 5\times 27 = 135$

એક સંખ્યા કાઢી નાખતા સરાસરી 25 થાય છે.

$\therefore 25\times 4 = 100$

કાઢી નાખેલ સંખ્યા $= 135-100 = \boxed{35}$

24. 10 અને 16 સંખ્યાના બે ગ્રૂપના સરાસરી માર્કસ 76 છે. જો પ્રથમ ગ્રૂપના સરાસરી માર્કસ 75 હોય તો બીજા ગ્રૂપના સરાસરી માર્કસ શોધો.

10 અને 16 સંખ્યાના બે ગ્રૂપ છે.

$\therefore$ કુલ સંખ્યા 26 થાય

26 સંખ્યાના કુલ માર્કસ $= 26 \times 76 = 1976$

પ્રથમ ગ્રૂપના સરાસરી માર્ક 75 છે

કુલ માર્કસ $75 \times 10 = 750$

બીજા ગ્રૂપના માર્કસ $1976 - 750 = 1226$

બીજા ગ્રૂપની સરાસરી $= \dfrac{1226}{16}$

$= \boxed{76.62}$ **સરાસરી**

25. યુવરાજના 10 મેચના સરાસરી રન 38.9 છે. જો પ્રથમ 6 મેચના સરાસરી રન 42 હોય તો છેલ્લી ચાર મેચના સરાસરી રન કેટલા હશે ?

યુવરાજના 10 મેચના સરાસરી રન 38.9 છે.

$\therefore$ 10 મેચના કુલ રન $= 38.9 \times 10 = 389$

પ્રથમ 6 મેચના કુલ રન $= 42 \times 6 = 252$

છેલ્લી 4 મેચના કુલ રન $= 389 - 252 = 137$

સરાસરી $= \dfrac{137}{4} = \boxed{34.25}$

26. 6 સંખ્યાની સરાસરી 3.95 છે. તેમાંની પ્રથમ બે સંખ્યાની સરાસરી 3.4 છે. તથા છેલ્લી બે સંખ્યાની સરાસરી 3.85 છે. તો બાકીની સંખ્યાની સરાસરી શોધો.

6 સંખ્યાની સરાસરી 3.95 છે.

6 સંખ્યો સરવાળો $= 3.95 \times 6 = 23.7$

પ્રથમ બે સંખ્યાની સરાસરી 3.4 છે.

પ્રથમ બે સંખ્યો સરવાળો $= 3.4 \times 2 = 6.8$

છેલ્લી બે સંખ્યાની સરાસરી 3.85 છે.

છેલ્લી બે સંખ્યો સરવાળો $= 3.85 \times 2 = 7.7$

પ્રથમ બે અને છેલ્લી બે સંખ્યાનો સરવાળો $= 6.8 + 7.7$

$= 14.5$

બાકીની બે સંખ્યાનો સરવાળો $= 23.7 - 14.5 = 9.2$

બાકીની સંખ્યાની સરાસરી $= \dfrac{9.2}{2}$

$= \boxed{4.6}$

28. એક વેપારીનું 5 મહિનાનું ક્રમિક સરેરાશ દૈનિક વેચાણ 6435, 6927, 6855, 7230 અને 6562 રૂા. છે. છઠ્ઠા મહિને કેટલું સરેરાશ દૈનિક વેચાણ કરવુ જોઈએ કે જેથી છ માસનું સરેરાશ દૈનિક વેચાણ રૂા. 6500 થાય ?

$\therefore$ 5 મહિનાનું વેચાણ

= 6435+6927+6855+7230+ 6562 = 34009

6 માસનું વેચાણ = 6500 × 6 = 39000

છઠ્ઠા મહિનાનું વેચાણ = 39000 − 34009 = $\boxed{4991}$

28. 10 પુસ્તકોની સરેરાશ કિંમત રૂા. 12 છે. તેમાની 8 પુસ્તકોની સરેરાશ 11.75 છે. તે બાકીના બે પુસ્તકોની કુલ કિંમત કેટલી હશે ?

કુલ 10 પુસ્તકોની કિંમત $= 12 \times 10 = 120$

8 પુસ્તકોની કિંમત $= 8 \times 11.75 = 94$

બાકીના પુસ્તકોની કુલ કિંમત $= 120 - 94$

$= \boxed{26}$ **રૂા.**

29. ચાર સંખ્યાઓ પૈકી પ્રથમ સંખ્યા બીજી સંખ્યા કરતા બમણી, બીજી સંખ્યાના ત્રીજી સંખ્યા કરતાં ત્રીજા ભાગની અને ત્રીજી સંખ્યા ચોથી સંખ્યા કરતા પાંચ ગણી છે. જો આ ચારે સંખ્યાની સરેરાશ 24.75 છે. તો સૌથી મોટી સંખ્યા કઈ હશે ?

ધારો કે ચોથી સંખ્યા $= x$ છે.

$\therefore$ ત્રીજી સંખ્યા $= 5x$

$\therefore$ બીજી સંખ્યા $= \dfrac{5x}{3}$

$\therefore$ પ્રથમ સંખ્યા $= \dfrac{10x}{3}$

ચાર સંખ્યાની સરેરાશ 24.75 છે

$$\therefore \frac{\frac{10x}{3} + \frac{5x}{3} + 5x + x}{4} = 24.75$$

$$\therefore \frac{10x}{3} + \frac{5x}{3} + 5x + x = 24.75 \times 4$$

$$\therefore 10x + 5x + 15x + 3x = 24.75 \times 4 \times 3$$

$$\therefore 33x = 297$$

$$\therefore x = \frac{297}{33}$$

$$\therefore x = 9$$

પ્રથમ સંખ્યા $= \dfrac{10x}{3} = \dfrac{10 \times 9}{3} = 30$

બીજી સંખ્યા $= \dfrac{5x}{3} = \dfrac{5 \times 9}{3} = 15$

ત્રીજી સંખ્યા $= 5x = 5 \times 9 = 45$

ચોથી સંખ્યા $= x = 9$

$\therefore$ સૌથી મોટી સંખ્યા ત્રીજી સંખ્યા 45 છે.

30. ચાર સંખ્યાઓની સરેરાશ 60 છે. પ્રથમ સંખ્યા છેલ્લી ત્રણ સંખ્યાના સરવાળાથી ચોથા ભાગની છે તો પ્રથમ સંખ્યા કઈ હશે ?

ધારો કે છેલ્લી ત્રણ સંખ્યાનો સરવાળો $x$ છે.

$\therefore$ પ્રથમ સંખ્યા $\dfrac{x}{4}$ થાય.

$$\frac{x + \frac{x}{4}}{4} = 60$$

$\therefore x + \frac{x}{4} = 240$

$\therefore 4x + x = 240\ (4)$

$\therefore 5x = 960 \therefore x = \frac{960}{5} \therefore \boxed{x = 192}$

પ્રથમ સંખ્યા $\frac{x}{4} = \frac{192}{4} = \boxed{48}$

31. 75 સંખ્યાનો મધ્યક 35 છે. જો દરેક સંખ્યામાં 5 નો વધારો કરવામાં આવે તો નવો મધ્યક કેટલો થાય ?

નવો મધ્યક = જૂનો મધ્યક + વધારો
= 35 + 5
= 40

નવો મધ્યક 40 થાય.

32. 10 સંખ્યાની સરેરાશ 7 છે. જો દરેક સંખ્યાને 12 વડે ગુણવામાં આવે તો નવો મધ્યક કેટલો થાય ?

નવો મધ્યક = 12 × 7
= 84

33. પતિ, પત્ની અને બાળકની ત્રણ વર્ષ પહેલા સરેરાશ ઉંમર 27 હતી અને પત્ની તથા બાળકની 5 વર્ષ પહેલા સરેરાશ ઉંમર 20 વર્ષ હતી તો પતિની હાલની ઉંમર શોધો.

પતિ, પત્ની અને બાળકની ત્રણ વર્ષ પહેલા સરેરાશ ઉંમર 27 વર્ષ હતી. ∴ ઉંમરનો સરવાળો $= 27 \times 3 = 81$

હાલ ઉંમરનો સરવાળો = 81+9 = 90 વર્ષ

5 વર્ષ પહેલા પત્ની અને બાળકની સરેરાશ ઉંમર ૨૦ વર્ષ હતી.

5 વર્ષ પહેલાંની ઉંમરનો સરવાળો $= 20 \times 2 = 40$

હાલ ઉંમરનો સરવાળો = 40 + 10 = 50 વર્ષ

પતિની હાલની ઉંમર = 90 – 50

$= \boxed{40 \text{ વર્ષ}}$

34. એક કારખાનાના તમામ કામદારોનો સરેરાશ માસિક પગાર રૂા. 8000 છે. તેમાંના 7 ટેકનીશીયનોનો સરેરાશ માસિક પગાર રૂા. 12000 છે. તથા બાકીના કારીગરોનો સરેરાશ પગાર રૂા. 6000 છે તો કુલ કામદારો કેટલા હશે ?

ધારો કે એક કારખાનામાં કુલ કામદારો x છે.

તમામ કામદારોનો સરેરાશ માસિક પગાર રૂા. 8000 છે.

∴ કુલ પગાર $= 8000 \times x$

7 ટેકનીશીયનોનો સરેરાશ માસિક પગાર 12000 છે.

કુલ પગાર $= 12000 \times 7$

$= 84000$ રૂા.

હવે, બાકીના કામદારોનો માસિક પગાર રૂા. 6000 છે.

∴ કુલ પગાર $= (x-7) \times 6000$

હવે.... $8000x = (x-7)6000 + 84000$

$8000x = 6000x - 42000 + 84000$

$2000x = 42000$

$x = \frac{42000}{2000}$

$x = 21$

કુલ કામદારોની સંખ્યા 21 હશે.

35. ત્રણ વર્ષ પહેલા A અને Bની સરેરાશ ઉંમર 18 વર્ષ હતી જો. હાલ તેમાં Cની ઉંમર ઉમેરતા સરેરાશ 22 વર્ષ થાય છે તો Cની ઉંમર શોધો.

ત્રણ વર્ષ પહેલાં A અને Bની કુલ ઉંમર = 36 વર્ષ

∴ હાલ A અને Bની કુલ ઉંમર = 36 + 6 = 42 વર્ષ

A, B અને Cની હાલની કુલ ઉંમર = 2 2 × 3 = 66 વર્ષ

∴ C ની હાલની ઉંમર = 66 – 42 = 24 વર્ષ

36. એક સ્કૂલમાં 600 સ્ટુડન્ટ્સ છે. તેમની સરેરાશ ઉંમર 11 વર્ષ 9 માસ છે. જો છોકરાઓની સરેરાશ ઉંમર 12 વર્ષ અને છોકરીઓની સરેરાશ ઉંમર 11 વર્ષ હોય તો છોકરીઓની સંખ્યા કેટલી હશે ?

ધારો કે છોકરીઓની સંખ્યા x છે.

∴ કુલ સ્ટુડન્ટ્સ 600 છે અને તેમની સરેરાશ ઉંમર 11 વર્ષ 9 માસ છે.

∴ કુલ ઉંમર $= 600 \times 11\frac{3}{4}$

$= 600 \times \frac{47}{4}$

$= 7050$

છોકરીઓની સરેરાશ ઉંમર 11 વર્ષ છે.

∴ કુલ ઉંમર $= 11x$

છોકરાઓની સરેરાશ ઉંમર 12 વર્ષ છે.

કુલ ઉંમર $= (600 - x)12$

$= 7200 - 12x$

$\therefore 7050 = 11x + 7200 - 12x$

$\therefore x = 7200 - 7050$

$\therefore \boxed{x = 150}$

છોકરીઓની સંખ્યા 150 હોય.

### વધારે પ્રેક્ટીસ માટેના દાખલાઓ :

01. 8 વ્યક્તિઓની એક ટીમે નિશાનેબાજી હરિફાઈમાં ભાગ લીધો, સૌથી સારા નિશાનેબાજે 85 પોઈન્ટ બનાવ્યા. જો તેણે 92 પોઈન્ટ બનાવ્યા હોય તો ટીમનો સરેરાશ સ્કોર 84 હોત, તો ટીમે કેટલા પોઈન્ટ બનાવ્યા.

(અ) 668 (બ) 665 (ક) 768 (ડ) 756

02. ચાર સંખ્યાઓમાંથી પ્રથમ ત્રણ સંખ્યાની સરેરાશ 15 છે. તથા અંતિમ ત્રણ ની સરેરાશ 16 છે. જો અંતિમ સંખ્યા 19 હોય તો પ્રથમ સંખ્યા કઈ છે.

(અ) 16 (બ) 17 (ક) 15 (ડ) 18

03. નવ વ્યક્તિનું વજન 55, 50, 70, 62, 67, 70, 64, 45, 48 કિ.ગ્રા. છે. તો તેમનું સરેરાશ વજન કેટલું થશે ?

(અ) 59 (બ) 60 (ક) 49 (ડ) 58

04. 25 વિદ્યાર્થીઓના ગુણની સરેરાશ 18 છે. તેમાં પ્રથમ 12ની સરેરાશ 14 છે. અને અંતિમ 12 ની સરેરાશ 17 છે. તો ૧ ૩માં વિદ્યાર્થીના ગુણ શોધો.
(અ) 78 (બ) 76 (ક) 75 (ડ) 72

05. પહેલી 10 અવિભાજ્ય સંખ્યાઓની સરેરાશ બતાવો ?
(અ) 12.9 (બ) 13.0 (ક) 13.2 (ડ) 13.4

06. પાંચ ક્રમશઃ વિષમ સંખ્યા A, B, C, D, E ની સરેરાશ 15 છે. તો E ની કિંમત શોધો.
(અ) 21 (બ) 19 (ક) 17 (ડ) 23

07. ત્રણ સંખ્યાઓની સરેરાશ 135 છે. તેમાંથી સૌથી મોટી 180 છે. તથા અન્ય બંનેનું અંતર 25 છે. તો સૌથી નાની સંખ્યા કઈ ?
(અ) 100 (બ) 110 (ક) 115 (ડ) 120

08. કોઈ ક્રિકેટ ખેલાડીના 40 દાવનાં સરેરાશ રનની સંખ્યા 50 છે. તેના સૌથી વધુ તથા સૌથી ઓછા રનનું અંતર 172 છે. જો તે બે દાવને કાઢી નાંખે તો બાકી 38 દાવના સરેરાશ રન સંખ્યા 48 છે. તો તેનાં સૌથી વધુ રન કેટલાં છે.
(અ) 173 (બ) 175 (ક) 174 (ડ) 165

09. ત્રણ સંખ્યાઓમાંથી પહેલી સંખ્યા, બીજા સંખ્યાથી બે ગણી છે. તથા ત્રીજીની ત્રણ ગણી છે. જો ત્રણેય સંખ્યાની સરેરાશ 44 છે. તો પહેલી સંખ્યા કઈ છે ?
(અ) 72 (બ) 75 (ક) 70 (ડ) 78

10. જો 2, 4, 6, $x$, 3ની સમાંતર મધ્યક 4 છે. તો xની કિંમત શું હશે ?
(અ) 5 (બ) 6 (ક) 7 (ડ) 8

11. 7, 9, 5, 4, 8, 10 આંકડાનું મધ્યમ પદ કયું છે.
(અ) 7.17 (બ) 6.50 (ક) 5.50 (ડ) 7.25

12. 8 તથા 18 નું મધ્યપદ શોધો.
(અ) 12 (બ) 13 (ક) 14 (ડ) 15

13. 40 વ્યક્તિઓની સરેરાશ આવક 4200 રૂપિયા છે. તથા અન્ય 10 વ્યક્તિઓની સરેરાશ આવક 4000 રૂપિયા છે. પૂરા સમૂહની સરેરાશ આવક શું હોય ?
(અ) 3440 (બ) 3220 (ક) 3540 (ડ) 4160

14. 3 સંખ્યાઓની સરેરાશ 12 છે. જો બે સંખ્યાઓ 13 અને 15 છે, તો ત્રીજી સંખ્યા કઈ છે ?
(અ) 16 (બ) 17 (ક) 8 (ડ) 15

15. જો 6 સંખ્યાઓની સરેરાશ 12 છે. તો દરેક સંખ્યામાંથી 3 ને ઘટાડવાથી તેની સરેરાશ કેટલી આવશે.
(અ) 10 (બ) 9 (ક) 0 (ડ) 7

16. 12 બાળકોની સરેરાશ ઉંમર 20 વર્ષ છે. જો એક અન્ય બાળકની ઉંમર તેમાં વધારી દેવામાં આવે તો સરેરાશ ઉંમર 1 વર્ષ ઓછી થઈ જાય છે તો નવા બાળકની ઉંમર કેટલી ?
(અ) 7 (બ) 8 (ક) 9 (ડ) 6

17. હરિ અને સોહન પાસે સરેરાશ લખોટી 14 છે. સોહન અને મોહનની લખોટીની સરેરાશ 16 છે. અને જો ત્રણેયની લખોટીની સરેરાશ 14 હોય તો હરિની લખોટીની સંખ્યા કેટલી ?
(અ) 10 (બ) 11 (ક) 12 (ડ) 9

18. 21 સંખ્યાઓની સરેરાશ 15 છે. પહેલી 11 સંખ્યાઓની સરેરાશ 16 તથા અંતિમ 11 સંખ્યાઓની સરેરાશ 14 છે. તો 11મી સંખ્યા કઈ છે ?
(અ) 15 (બ) 16 (ક) 17 (ડ) 14

19. જો 8, 10, 12, $x$, 13ની સમાંતર મધ્યક 12 હોય તો xની કિંમત શોધો.
(અ) 17 (બ) 18 (ક) 16 (ડ) 15

20. 10, 15, 18, 17.5, 22, 28 સંખ્યાઓની મધ્યિકા છે ?
(અ) 18.41 (બ) 19.50 (ક) 17.75 (ડ) ૧3.41

21. 5, 10, 20, 80, 160ની સરેરાશ કિંમત શોધો.
(અ) 55 (બ) 45 (ક) 40 (ડ) 42

22. એક મહાવિદ્યાલયના 45 કર્મચારીઓનું સરેરાશ વેતન 950 રૂપિયા છે જો પ્રિન્સીપાલનો પગાર ઉમેરી દેવામાં આવે તો સરેરાશ 50 રૂપિયા વધી જાય છે. તો પ્રિન્સિપાલનો પગાર શું હશે ?
(અ) 3250 (બ) 3150 (ક) 3050 (ડ) 2850

23. દસ સંખ્યાઓની સરેરાશ 15 છે. પ્રથમ ચાર સંખ્યાઓ ક્રમશઃ 10, 12, 14, 16 છે. બાકીની 5 સંખ્યાઓની સરેરાશ 18 છે. તો 10મી સંખ્યા શું હશે ?
(અ) 8 (બ) 5 (ક) 6 (ડ) 7

24. સાત સળંગ પૂર્ણાંકોનો સરવાળો 49 છે. તેમાં સૌથી નાનો પૂર્ણાંક કયો છે ?
(અ) 4 (બ) 5 (ક) 7 (ડ) 8

25. જો 8 વ્યક્તિઓના એક પરિવારમાં પિતા, માતા અને સૌથી મોટા પુત્રની માસિક આવક અનુક્રમે 600 રૂા, 400 રૂા, અને 200 રૂા. હોય તો પરિવારના એક સભ્યની સરેરાશ આવક કેટલી હશે ?
(અ) 150 (બ) 160 (ક) 125 (ડ) 115

26. A, B, C, D અને E નિરંતર વિષમ સંખ્યાઓ છે આ પાંચ સંખ્યાઓનો સરવાળો 475 છે. તો A અને Bનો ગુણનફળ કેટલો છે ?
(અ) 8463 (બ) 6707 (ક) 6721 (ડ) 6709

27. એક વર્ગના 30 વિદ્યાર્થીઓની સરેરાશ વય 16 વર્ષ છે. જો તેમાં શિક્ષકની વય ઉમેરવામાં આવે તો સરેરાશ વયમાં એક વર્ષનો વધારો થાય છે, તો શિક્ષકની વય કેટલા વર્ષ હશે ?
(અ) 47 (બ) 42 (ક) 31 (ડ) 30

28. ચાર ક્રમશ- એકી સંખ્યાઓની સરેરાશ 40 હોય તો બીજી અને ચોથી સંખ્યાનો ગુણાકાર કેટલો થાય ?
(અ) 1599 (બ) 1591 (ક) 1763 (ડ) 1677

29. પાંચ સંખ્યાની સરાસરી 51.4 છે. પહેલી બે સંખ્યાની સરાસરી 30.5 છે. ચોથી અને પાંચમી સંખ્યાની સરાસરી 62 છે, તો ત્રીજી સંખ્યા કઈ ?
(અ) 75 (બ) 72 (ક) 78 (ડ) 77

30. એક પ્રવાસી તેની અડધી મુસાફરી ટ્રેન દ્વારા 60 કિ.મી. / કલાક, બાકી બચેલી મુસાફરીમાંથી અડધી 30 કિ.મી. / કલાક બસ દ્વારા અને વધેલી મુસાફરી સાયકલ દ્વારા 10 કિ.મી. / કલાકની ગતિએ કરે છે. તો આખી મુસાફરી દરમિયાન તેની સરેરાશ ગતિ કેટલા કિ.મી. / કલાકની હશે ?
(અ) 36 (બ) 30 (ક) 24 (ડ) 18

31. એક માહિતીનો મધ્યક 84 છે. દરેક પ્રાપ્તાંકમાં 3 ઉમેરી 5 વડે ભાગતાં મળતો નવો મધ્યક કેટલો થાય ?
(અ) 87 (બ) 84 (ક) 17.4 (ડ) 8.4

32. એક આવૃત્તિ - વિતરણમાં કુલ આવૃત્તિ છે, $efixi = 122$ હોય તો મધ્યકની કિંમત શોધો.

(અ) 1.22 (બ) 12.2 (ક) 2.44 (ડ) 24.4

33. $\frac{a^2}{b^2}$ અને $\frac{b^2}{a^2}$ નો ગુણોત્તર મધ્યક કેટલો થાય ?

(અ) $\frac{a^2}{b^2}$ (બ) 1 (ક) $\frac{a}{b}$ (ડ) $\sqrt{\frac{a}{b}}$

34. 10 પ્રાપ્તાંકોનો મધ્યક 12.5 છે, તેમાં ભૂલથી એક પ્રાપ્તાંક +8 ને બદલે (-8) લંખાઈ ગયું છે, તો સાચો મધ્યક કેટલો થાય ?

(અ) 8 (બ) -8 (ક) 141 (ડ) 14.1

35. - 5 થી +5 સુધીની પૂર્ણાંક સંખ્યાઓનો મધ્યસ્થ કેટલો થાય ?

(અ) 1 (બ) 0 (ક) 10 (ડ) -1

36. 2 અને x નો ગુણોત્તર મધ્યક 4 હોય તો x ની કિંમત કેટલી થાય ?

(અ) 2 (બ) 4 (ક) 6 (ડ) 8

37. 10 પ્રાપ્તાંકોનો મધ્યક 19.2 છે. જેમાં એક પ્રાપ્તાંક ભૂલથી 23 ને બદલે 32 લેવાયો હોય તો સાચો મધ્યક શોધો.

(અ) 18 (બ) 18.3 (ક) 19.7 (ડ) 20.1

38. ચાર ક્રમશઃ વિષમ સંખ્યાઓની સરેરાશ 40 હોય તો બીજી અને ચોથી સંખ્યાનો ગુણાકાર કેટલો થાય ?

(અ) 1599 (બ) 1677 (ક) 1572 (ડ) 1772

39. 2, 7, 9, 13, 14 નો મધ્યસ્થ ........... છે ?

(અ) 5 (બ) 45 (ક) 9 (ડ) 18

40. 8 વર્ષ પહેલાં એક કુટુંબના 4 સભ્યોની ઉંમરની સરેરાશ 24 વર્ષ હતી. હવે, બે બાળકો જન્મ્યા પછી પણ આજે કુટુંબના સભ્યોની ઉંમરની સરેરાશ પહેલાની સરેરાશ ઉંમર જેટલી જ છે. જો બન્ને બાળકોની ઉંમર વચ્ચે 4 વર્ષનો ગાળો હોય તો, સૌથી મોટા બાળકની હાલની ઉંમર શું થશે ?

(અ) 10 વર્ષ (બ) 6 વર્ષ (ક) 5 વર્ષ (ડ) 8 વર્ષ

41. 10 પ્રાપ્તાંકોનો સરવાળો 95 છે. તેમનો એક પ્રાપ્તાંક 5 કાઢી લે તો બાકીના પ્રાપ્તાંકોનો મધ્યક ........ થાય.

(અ) 9.5 (બ) 90 (ક) 9 (ડ) 10

42. એક માહિતીનો મધ્યક 84 છે. જો દરેક પ્રાપ્તાંકના 6 ઉમેરી 9 વડે ભાગવામાં આવે, તો નવી માહિતીનો મધ્યક ...... થાય.

(અ) 90 (બ) 99 (ક) 10 (ડ) 20

43. એક બેટ્સમેન 17 મી વન-ડેમાં 85 રન બનાવે છે જેથી તેની સરેરાશ 3 રન વધી જાય છે તો 17 મી વન-ડે બાદ તેની સરેરાશ કેટલા રનની હશે ?

(અ) 37 (બ) 35 (ક) 33 (ડ) 31

44. ત્રણ સળંગ બેકી સંખ્યાઓનો સરવાળો 210 છે તો તેમાં સૌથી મોટી અને નાની સંખ્યા વચ્ચેનું અંતર કેટલું છે ?

(અ) 2 (બ) 8 (ક) 6 (ડ) 4

45. 10 બાળકોની 10 વર્ષ પહેલાંની ઉંમરનો સરવાળો 10 વર્ષ હતો. તો 10 વર્ષ પછી તેમની ઉંમરનો સરવાળો કેટલો થશે ?

(અ) 200 વર્ષ (બ) 210 વર્ષ

(ક) 250 વર્ષ (ડ) 300 વર્ષ

46. એક ક્રિકેટ ટીમની સરેરાશ ઉંમર 27 વર્ષ છે. તેમાંથી 24 અને 27 વર્ષની ઉંમરના બે ખેલાડીઓના સ્થાને 23 અને 28 વર્ષની ઉંમરવાળા બે નવા ખેલાડી આવે છે તો હવે ટીમની સરેરાશ ઉંમર કેટલા વર્ષ હશે ?

(અ) 27 (બ) 26 (ક) 24 (ડ) 28

47. એક દિવાલને રંગકામ કરવા માટે પ્રથમ અસ્તરમાં લીટર દીઠ 6 ચો.મીટર રંગકામ થાય છે. બીજા અસ્તરમાં લીટર દીઠ 12 ચો.મીટર રંગકામ થાય છે, તો બે અસ્તરનું રંગકામ કરવામાં સરેરાશ લીટર દીઠ કેટલા કેટલા ચો.મીટર રંગકામ થાય ?

(અ) 8 (બ) 9 (ક) 4 (ડ) 3

48. 623, 164, 529, 425, ........ 205, 301, 824. આપેલ તમામ સંખ્યાની સરેરાશ 472 હોય તો ખાલી જગ્યામાં કઈ સંખ્યા આવશે ?

(અ) 737 (બ) 705 (ક) 723 (ડ) 711

49. 7,10,16,20,27 નો મધ્યક ........... છે.

(અ) 20 (બ) 10 (ક) 15 (ડ) 16

50. કોઈ માહિતી માટે $Z - M = 2.5$ અને માહિતીનો મધ્યક 20 હોય તો $Z =$ ...............

(અ) 22.25 (બ) 21.25 (ક) 22.75 (ડ) 23.75

51. 10 વિદ્યાર્થીઓની હાલની ઉંમરનો સરવાળો 100 વર્ષ છે. 5 વર્ષ પહેલાં તેમની સરેરાશ ઉંમર કેટલી હશે ?

(અ) 20 (બ) 5 (ક) 10 (ડ) 15

52. 50 વિદ્યાર્થીઓના વર્ગમાં વિદ્યાર્થીઓએ મેળવેલ સરેરાશ માર્ક્સ 85 છે. સૌથી વધારે માર્ક્સ મેળવનાર 4 વિદ્યાર્થીઓને બાદ કરીએ તો બાકીના વિદ્યાર્થીઓની સરેરાશમાં 1 માર્ક્સથી ઘટાડો થાય છે, તો સૌથી વધારે માર્ક્સ મેળવનાર 4 વિદ્યાર્થીઓના સરેરાશ માર્ક્સ જણાવો.

(અ) 99 (બ) 98.5 (ક) 98 (ડ) 96.5

53. હોકી ટીમના 20 ખેલાડીઓની સરેરાશ ઉંમર 19 છે. જો મેનેજરની ઉંમર ઉમેરવામાં આવે તો તમામની સરેરાશ ઉંમર 20 થાય છે, તે મેનેજરની ઉંમર કેટલી હશે ?

(અ) 42 વર્ષ (બ) 31 વર્ષ (ક) 40 વર્ષ (ડ) 21 વર્ષ

54. 8 પ્રાપ્તાંકોની સરાસરી 45 છે. આ પૈકી એક પ્રાપ્તાંક બાદ કરતાં સરાસરી 44 થાય છે તો બાદ કરેલા પ્રાપ્તાંકો ક્યાં હશે ?

(અ) 51 (બ) 52 (ક) 50 (ડ) 49

55. છ સંખ્યાઓ 7, 12, 24, 26, 19 અને 28 છે, જો દરેક સંખ્યામાં 8 ઉમેરાયેલ છે તો નવું સરેરાશ શું હશે ?

(અ) 23 (બ) 27 (ક) 33 (ડ) 36

56. 1 થી 15 સુધીના અંકોના સરવાળાની સરેરાશ કિંમત નીચેના પૈકી

એક થાય.

(અ) 7.5 (બ) 8 (ક) 120 (ડ) 15

57. એક સ્ટોર્સના 25 કામના દિવસોની સરેરાશ દૈનિક કમાણી રૂ. 100 છે. આ પૈકી પ્રથમ 15 દિવસોની સરેરાશ દૈનિક કમાણી રૂ. 80 છે, જ્યારે પછીના 10 દિવસોમાં એક તહેવારના દિવસ સિવાયની કુલ કમાણી રૂપિયા 540 છે, તો તહેવારના દિવસની કમાણી નીચેની પૈકી એક થાય.

(અ) રૂપિયા 1740 (બ) રૂપિયા 760
(ક) રૂપિયા 140 (ડ) રૂપિયા 670

58. અવલોકનો 12, 13, x, 17, 18, 20 નો મધ્યક 16 છે, તો x ની કિંમત શોધો.

(અ) 8 (બ) 4 (ક) 16 (ડ) 32

59. બે ક્રમિક સંખ્યાનો સરવાળો 51 છે તો તે સંખ્યા કઈ ?

(અ) 25 અને 26 (બ) 24 અને 27
(ક) 21 અને 30 (ડ) 20 અને 31

60. - 5 થી +5 સુધીની પૂર્ણાંક સંખ્યાઓનો મધ્યક કેટલો થાય ?

(અ) 10 (બ) -1 (ક) 1 (ડ) 0

61. બે ક્રમિક સંખ્યાઓનો સરવાળો 61 છે તો તે સંખ્યાઓ કઈ હશે ?

(અ) 29 અને 32 (બ) 30 અને 31
(ક) 33 અને 28 (ડ) 27 અને 34

62. $20-30$ વર્ગની વર્ગ લંબાઈ કેટલી થાય ?

(અ) 10 (બ) 11 (ક) 12 (ડ) 30

63. 9.5 ટકા લેખે રૂ. 2400 ની 4.5 વર્ષની રાશ શોધો.

(અ) રૂ. 2426 (બ) રૂ. 3426
(ક) રૂ. 4426 (ડ) રૂ. 1426

64. પહેલી પાંચ અવિભાજ્ય સંખ્યાનો મધ્યક શોધો.

(અ) 3.6 (બ) 4.6 (ક) 5.6 (ડ) 6.6

65. $10, 8, 5, x, 7$ નો મધ્યક 7 છે, તો $x$ ની કિંમત શોધો.

(અ) 6 (બ) 8 (ક) 9 (ડ) 5

66. $22 \times 18 = .........?$

(અ) 396 (બ) 296 (ક) 496 (ડ) 596

67. માધવી કરતા વર્ષા 3 વર્ષ નાની છે. જો બંનેની હાલની ઉંમરનો સરવાળો 27 વર્ષનો હોય તો બન્નેની હાલની ઉંમર શોધો.

(અ) 15, 12 (બ) 20, 12 (ક) 16, 11 (ડ) 20,07

68. ધોરણ-9 ના 30 વિદ્યાર્થીઓની સરાસરી ઉંમર 15 વર્ષ છે. જો શિક્ષકની ઉંમર ઉમેરી દેવામાં આવે તો સરાસરી 1 વધી જાય છે. શિક્ષકની ઉંમર કેટલી હશે ?

(અ) 45 (બ) 46 (ક) 40 (ડ) 42

69. પ્રથમ અગિયાર પ્રાકૃતિક સંખ્યાઓનો મધ્યક ............ છે.

(અ) 11 (બ) 6 (ક) 66 (ડ) 10

70. શ્રેણીની 10 સંખ્યાનાં મધ્યક 25 છે. દરેક સંખ્યામાંથી 5 બાદ કરવામાં આવે તો નવો મધ્યક કેટલો થશે ?

(અ) 5 (બ) 10 (ક) 20 (ડ) 25

71. ત્રણ વર્ષ પહેલાં એક કુટુંબના 5 સભ્યોની સરેરાશ ઉંમર 18 વર્ષ હતી. જો એક બાળકના જન્મ બાદ તે કુટુંબના સભ્યોની સરેરાશ ઉંમર હાલ એટલી જ રહેતી હોય, તો બાળકની ઉંમર શું હશે ?

(અ) 5 વર્ષ (બ) 6 વર્ષ (ક) 2 વર્ષ (ડ) 3 વર્ષ

72. પહેલી 10 બેકી સંખ્યાઓનો મધ્યક કેટલો થાય ?

(અ) 10 (બ) 11 (ક) 12 (ડ) 13

## જવાબો

(1) બ (2) અ (3) અ (4) અ (5) અ (6) બ (7) અ (8) ક (9) અ (10) અ (11) અ (12) અ (13) ડ (14) ક (15) બ (16) અ (17) અ (18) અ (19) અ (20) અ (21) અ (22) અ (23) અ (24) અ (25) અ (26) અ (27) અ (28) ડ (29) બ (30) ક (31) ક (32) ક (33) બ (34) ડ (35) બ (36) ડ (37) બ (38) બ (39) ક (40) અ (41) ડ (42) ક (43) અ (44) ડ (45) બ (46) અ (47) બ (48) બ (49) ડ (50) ડ (51) બ (52) ડ (53) ક (54) બ (55) બ (56) બ (57) બ (58) ક (59) અ (60) ડ (61) બ (62) અ (63) બ (64) ક (65) ડ (66) અ (67) અ (68) બ (69) બ (70) ક (71) ડ (72) બ

# 09. ટકાવારી (ચલ સંબંધિત સમસ્યાઓ)

ટકા એટલે શતમાન એટલે કે કોઈ પણ સંખ્યાનું 100નું પ્રમાણ.
કેટલીક મહત્વપૂર્ણ ટકાવારીની કિંમત નીચે મુજબ છે.

| | | | |
|---|---|---|---|
| $1\% = \frac{1}{100}$ | $2\% = \frac{1}{50}$ | $64\% = \frac{16}{25}$ | $96\% = \frac{24}{25}$ |
| $5\% = \frac{1}{20}$ | $10\% = \frac{1}{10}$ | $20\% = \frac{1}{5}$ | $40\% = \frac{2}{5}$ |
| $60\% = \frac{3}{5}$ | $80\% = \frac{4}{5}$ | $6\frac{1}{4}\% = \frac{1}{16}$ | $12\frac{1}{2}\% = \frac{1}{8}$ |
| $25\% = \frac{1}{4}$ | $37\frac{1}{2}\% = \frac{3}{8}$ | $50\% = \frac{1}{2}$ | $87\frac{1}{2}\% = \frac{7}{8}$ |
| $100\% = 1$ | $8\frac{1}{3}\% = \frac{1}{12}$ | $16\frac{2}{3}\% = \frac{1}{6}$ | $33\frac{1}{3}\% = \frac{1}{3}$ |
| $66\frac{2}{3}\% = \frac{2}{3}$ | $88\frac{1}{3}\% = \frac{3}{0}$ | $133\frac{1}{3}\% = \frac{4}{3}$ | $150\% = \frac{3}{2}$ |
| $4\% = \frac{1}{25}$ | $8\% = \frac{2}{25}$ | $16\% = \frac{4}{25}$ | $120\% = \frac{6}{5}$ |

■ **રીત નં. 1 :**
**સંખ્યાનું ટકામાં અને ટકાનું સંખ્યામાં રૂપાંતર કરવું.**
જ્યારે કોઈ અપૂર્ણાંક અથવા દશાંશ પર આધારિત સંખ્યાને ટકાવારીમાં ફેરવવાના હોય તો તે સંખ્યાને 100 વડે ગુણવામાં આવે છે.

ઉદા.: (i) $\frac{4}{5}$ એટલે કેટલા ટકા થાય ?

$$\frac{4}{5} \times 100 = \boxed{80\%}$$

(ii) 0.32 એટલે કેટલા ટકા થાય ?

$$0.32 \times 100 = \boxed{32\%}$$

જ્યારે કોઈ ટકાવારીને અપૂર્ણાંક અથવા દશાંશ પર આધારિત સંખ્યામાં બદલવામાં આવે તો તેને 100 વડે ભાગવામાં આવે છે.

(i) 15% એટલે કેટલા ? (ii) 40% એટલે કેટલા ?

$$\frac{15}{100} = \boxed{0.15} \text{ અથવા } \frac{3}{20} \qquad \frac{40}{100} = \boxed{0.4} \text{ અથવા } \frac{2}{5}$$

■ **રીત નં. 2 :**
કોઈપણ સંખ્યાના અમુક ટકાની કિંમત શોધવી.

સૂત્ર : $\boxed{\frac{\text{સંખ્યા} \times \text{ટકાવારી નો દર}}{100}}$

ઉદા.: (i) 250 ના 18% (ii) 1200 ના 45%

$$= 250 \times \frac{18}{100} \qquad 1200 \times \frac{45}{100}$$

$$= \boxed{45} \qquad = \boxed{540}$$

■ **રીત નં. 3 :**
સમીકરણની મદદથી માંગેલી વિગત શોધવી.

સૂત્ર : $\boxed{\frac{\text{સંખ્યા } (x) \times \text{ટકાવારી નો દર}}{100} = \text{ટકાવારીનું મૂલ્ય}}$

ઉદા. (i) કઈ સંખ્યાના 9% 63 થાય ?

$$x \times \frac{9}{100} = 63$$

$$x = \frac{100 \times 63}{9} \qquad \boxed{x = 700}$$

(ii) 50ના કેટલા ટકા 2 થાય ?

$$50 \times \frac{\text{ટકાવારી નો દર}}{100} = 2$$

$$\therefore \text{ટકાવારીનો દર} = \frac{2 \times 100}{50} = \boxed{4\%}$$

■ **રીત નં. 4 :**
ટકામાં વધારો કે ઘટાડો કરવો.

સૂત્ર : $\boxed{\frac{r}{100+r} \times 100}\ \%,\ \boxed{\frac{r}{100-r} \times 100}\ \%$

ઉદા.: (i) ખાંડની કિંમતમાં 25% વધારો થાય છે. તો ગૃહીણીએ ખાંડના વપરાશમાં કેટલા ટકા ઘટાડો કરવો જોઈએ છે જેથી ઘરનું બજેટ જળવાઈ રહે.

$$\frac{r}{100+r} \times 100 = \frac{25}{100+25} \times 100$$

$$= \frac{25}{125} \times 100 \qquad \boxed{x = 20\%}$$

ખાંડના વપરાશમાં 20% ઘટાડો કરવો જોઈએ.

(ii) કોઈ વસ્તુની મૂળકિંમતમાં 10% ઘટાડો કરવામાં આવે છે. ત્યારબાદ તેમાં કેટલા ટકા વધારો કરવાથી મૂળ કિંમત પ્રાપ્ત થાય છે ?

$$\frac{r}{100-r} \times 100 = \frac{10}{100-10} \times 100$$

$$= \frac{10}{90} \times 100 \qquad \boxed{x = 11.11\%}$$

11.11% નો વધારો કરવાથી મૂળ કિંમત પ્રાપ્ત થાય.

■ **રીત નં. 5 :**
ક્રમિક વટાવદરનો સંયુક્ત વટાવદર શોધો.

સૂત્ર : $\boxed{100 - \frac{(100 - r_1)\ (100 - r_2)\ (100 - r_3)}{100 \times 100}}$

ઉદા.: (1) 10%, 20% અને 25%નો ક્રમિક વટાવનો સંયુક્ત વટાવદર કેટલો થાય ?
સંયુક્ત વટાવદર

$$=100-\frac{(100-10)\ (100-20)\ (100-25)}{100\times100}$$

$$=100-\frac{90\times80\times75}{100\times100}$$

$$=100-54=\boxed{46}$$

■ **રીત નં. 6 :**
**કોઈક રકમમાં પ્રથમ અમુક ટકાનો વધારો ત્યારબાદ તેટલા ટકા ઘટાડો અથવા પ્રથમ અમુક ટકા ઘટાડો ત્યારબાદ તેટલા જ ટકા વધારો કરવાથી સંખ્યા ઘટે જ.**

સૂત્ર : $\boxed{\left(\frac{\text{ઘટાડો / વધારો}}{10}\right)^2}$

ઉદા.: (i) એક વ્યક્તિના પગારમાં 25% વધારો કરવામાં આવે ત્યારબાદ તેમાં 25% નો ઘટાડો કરવામાં આવે તો તેને કેટલા ટકા ફાયદા કે નુકશાન થાય ?

$$\left(\frac{25}{10}\right)^2=\frac{25\times25}{10\times10}=6.25\%\ \text{નુકશાન}$$

■ **રીત નં. 7 :**
વસ્તી અંગેના ઉદાહરણો :
ધારો કે શહેરની વસ્તી P, વસ્તી વૃધ્ધિ દર R%, દર વર્ષે

(i) n વર્ષ પછી વસ્તી $=P\left(1+\frac{R}{100}\right)^n$

(ii) n વર્ષ પહેલાની વસ્તી $=\frac{P}{\left(1+\frac{R}{100}\right)^n}$

ઉદા.: (i) બાળકોની સંખ્યામાં પ્રતિવર્ષ 10% ની વૃદ્ધિ થાય છે. જો 2003ના વર્ષમાં વસ્તી 2000 હોય તો 2006માં કેટલી થશે ?
n વર્ષ પછી વસ્તી :

$$=P\left(1+\frac{R}{100}\right)^n=2000\left(1+\frac{10}{100}\right)^3$$

$$=\frac{2000\times(11)^3}{1000}$$

$$=\frac{2000\times121\times11}{1000}=\boxed{2662}$$

■ **રીત નં. 8 :**
ઘસારાના ઉદાહરણો :
ધારોકે વર્તમાન મૂલ્ય મશીનનું P
ઘસારોનો દર દર વર્ષે R%

(i) n વર્ષ પછી મશીનની કિંમત $=P\left(1-\frac{R}{100}\right)^n$

(ii) n વર્ષ પહેલા મશીનની કિંમત $=\frac{P}{\left(1-\frac{R}{100}\right)^n}$

ઉદા.: (i) એક મશીન પર દર વર્ષે 10%ના દરે ઘસારો લાગે છે. જો તે ત્રણ વર્ષ પહેલા ખરીદવામાં આવેલ હોય તો તેની વર્તમાન કિંમત રૂા. 8748 હોય તો તે મશીન કેટલામાં ખરીદવામાં આવેલ હશે ?
n વર્ષ પહેલા મશીનની કિંમત

$$=\frac{P}{\left(1-\frac{R}{100}\right)^n}$$

$$=\frac{8748}{\left(1-\frac{10}{100}\right)^3}=\frac{8748\times10^3}{9^3}=\boxed{12000}$$

**પ્રેક્ટીસ માટેના દાખલાઓ :**

**01.** $3\frac{4}{7}$ ના $63\% =$ ______

$$\therefore\frac{25}{7}\times\frac{63}{100}=\frac{9}{4}=2.25$$

**02.** 50 ના 860% + 860 ના 50% = ______

$$50\times\frac{860}{100}+860\times\frac{50}{100}$$

$$\therefore 430+430\ \therefore\boxed{860}$$

**03.** 1640ના $40\%+x=980$ ના $35\%+850$ ના 50% તો $x=$ ______

$$1640\times\frac{40}{100}+x=980\times\frac{35}{100}+850\times\frac{50}{100}$$

$$\therefore 656+x=343+425$$

$$\therefore 656+x=768$$

$$\therefore x=768-656$$

$$\boxed{x=112}$$

**04.** 750 ના 60%-480 ના 25% = ______

$$750\times\frac{60}{100}-480\times\frac{25}{100}$$

$$\therefore 450-120\ \therefore\boxed{330}$$

**05.** 7.2 kg ના 18 ગ્રામ કેટલા ટકા થાય ?

1 kg = 1000 ગ્રામ

7.2 kg = 7200 ગ્રામ

7200 ગ્રામ પર 18 ગ્રામ

$\therefore$ 100 ગ્રામ (?)

$\therefore \frac{100\times18}{7200}=\frac{1}{4}\ \therefore \boxed{0.25\%}$

**06.** 28% ને દશાંશ અપૂર્ણાંકમાં ફેરવો

$\frac{28}{100}=\boxed{0.28}$ અથવા $\frac{7}{25}$

**07.** 370 ના 88% + 210 ના 24% - $x$ = 118 તો $x$ = _____

$\therefore 370\times\frac{88}{100}+210\times\frac{24}{100}-x=118$

$\therefore 325.6+50.4-x=118$

$\therefore 376-x=118$

$\therefore -x=118-376$

$=-258\ \boxed{x=258}$

**08.** 1674 ના 218% = $x$ × 1800 તો $x$ = ______

$1674\times\frac{218}{100}=x\times1800$

$\therefore x=\frac{1674\times218}{1800\times100}$

$\therefore \boxed{x=2.027}$

**09.** 34 રૂપિયાના 15% = ______ પૈસા.

1 રૂપિયો = 100 પૈસા

34 રૂપિયો = 3400 પૈસા

$\therefore 3400\times\frac{15}{100}\ \therefore \boxed{510}$

**10.** એક દિવસના 3 કલાક બરાબર કેટલા ટકા કહેવાય ?

એક દિવસના 24 કલાક થાય.

$\frac{3}{24}\times100\ \therefore \boxed{12.5\%}$

**11.** 1600 ના 25% ના 5% = ______

$\therefore 1600\times\frac{25}{100}\times\frac{5}{100}=\boxed{20}$

**12.** રૂા. 10000 ના $33\frac{1}{3}\%$ ના 0.15% = (?)

$\therefore 10000\times\frac{100}{3\times100}\times\frac{15}{100\times100}=\boxed{5}$

**13.** 400 ના 25% ના 25% = ______

$400\times\frac{25}{100}\times\frac{25}{100}=\boxed{25}$

**14.** એક સંખ્યાના 45% એ 255.6 છે તો તે સંખ્યાના 25% કેટલા ?

45% હોય ત્યારે 255.6

25% હોય ત્યારે (?)

$\frac{2556\times25}{10\times45}=\boxed{142}$

**15.** એક સ્કૂલમાં 60% છોકરાઓ છે જો છોકરીઓની સંખ્યા 400 હોય તો છોકરાઓની સંખ્યા કેટલી હશે ?

40% છોકરીએ સંખ્યા = 400

$\therefore$ 60% છોકરીએ સંખ્યા = (?)

$\frac{60\times400}{40}=600$

**16.** 20%, 40% અને 25% ના ક્રમિક વટાવનો સંયુક્ત વટાવ દર કેટલો ?

$r_1=20\%$, $r_2=40\%$, $r_3=25\%$

સંયુક્ત વટાવદર

$$=100-\frac{(100-r_1)(100-r_2)(100-r_3)}{100\times100}$$

$$=100-\frac{(100-20)(100-40)(100-25)}{100\times100}$$

$$=100-\left[\frac{80\times60\times75}{100\times100}\right]$$

$$=100-36=\boxed{64}$$

**17.** 5%, 10% અને 20% ક્રમિક વટાવનો એકમાત્ર વટાવદર કેટલો ?

$r_1=5\%$, $r_2=10\%$, $r_3=20\%$

$$=100-\left[\frac{(100-5)(100-10)(100-20)}{100\times100}\right]$$

$$=100-\left[\frac{95\times90\times80}{100\times100}\right]$$

$$=100-68.4=\boxed{31.6}$$

**18.** એક સંખ્યાના 42 % અને 28 % વચ્ચેનો તફાવત 210 છે. તો આ સંખ્યાના 61 % બરાબર કેટલા ?

ધારો કે તે સંખ્યા x છે.

$\therefore \frac{x\times42}{100}-\frac{x\times28}{100}=210$

$\therefore 42x-28x=210\times100\ \therefore 14x=21000$

$\therefore x=\frac{21000}{14}\ \therefore \boxed{x=1500}$

1500ના 61% $=\frac{1500\times 61}{100}=\boxed{915}$

19. રાકેશના પગારમાં 10 % ઘટાડો કરવામાં આવે છે તો ફરીથી તેનો મૂળ પગાર કરવા માટે તેમાં કેટલા ટકા વધારો કરવો પડશે ?
મૂળ કિ.માં 10 % ના ઘટાડો કરવામાં આવે છે.
નવી કિંમતમાં કરવો પડતો વધારો :

$$=\frac{r}{100-r}\times 100$$

$$=\frac{10}{90}\times 100$$

$$=\frac{100}{9}=\boxed{11\frac{1}{9}\%}$$

**20.** એક ટી.વી.ની છાપેલી કિંમતમાં 5 % વળતર આપતા ગ્રાહક રૂા. 9595 ચૂકવે છે તો છાપેલી કિંમત કેટલી હશે ?
ધારો કે છાપેલી કિંમત ટ છે.

છાપેલી કિંમત $\times\frac{95}{100}=$ વેચાણ કિંમત

$$x=\frac{9595\times 100}{95}$$

$$=505\times 20 \qquad \boxed{x=10100}$$

છાપેલી કિંમત 10100 રૂપિયા હશે.

**21.** એક શહેરની કુલ વસ્તી 1,60,000 છે. છેલ્લા ત્રણ વર્ષમાં ક્રમિક 3%, 2.5 % અને 5 % નો વધારો થાય છે તો છેલ્લા વર્ષે કેટલી વસ્તી હશે ?
છેલ્લા વર્ષની વસતિ

$$=1,60,000\left(1+\frac{3}{100}\right)\left(1+\frac{2.5}{100}\right)\left(1+\frac{5}{100}\right)$$

$$=1,60,000\times\frac{103}{100}\times\frac{1025}{1000}\times\frac{105}{100}\quad =1,77,366$$

**22.** ખાંડનો ભાવ 1 kgના 6 રૂપિયાથી વધીને 7.50 થઈ ગયો તો ખાંડના વપરાશમાં કેટલા ટકા ઘટાડો કરવાથી ઘરનું બજેટ જળવાઈ રહે?
1 kgના 6 રૂા થી વધીને 7.50 રૂા. થયો.
7.50 રૂા.માં થતો વધારો 1.50 રૂા.
6રૂા. એ 1.50 રૂા. ઘટાડો કરવો પડે.
7.50 રૂા. એ 1.50 રૂા. ઘટાડો

$$\frac{100\times 150}{750}=\boxed{20\%}$$

**23.** રાજન તેના માસિક પગારમાંથી 5 % વિમા, 15 % ભાડુ અને 25% ઘરખર્ચ કરતા રૂા. 1100 વધે છે તો તેનો પગાર કેટલો હશે ?

| | |
|---|---|
| રાજને કરેલ કુલ ખર્ચની રકમ | = 5% + 15% + 25% |
| | = 45% |
| બચેલી રકમ | = 55% |
| xના 55% | = 1100 |

$$\therefore x\times\frac{55}{100}=1100\ \therefore\ x=\frac{1100\times 100}{55}=2000$$

**24.** એક પરીક્ષામાં 5% ઉમેદવારો ગેરહાજર રહ્યા, બાકીનામાંથી 15% નાપાસ થયા જો 3230 ઉમેદવારો પાસ થયા હોય તો કુલ ઉમેદવારો કેટલા હશે ?
ધારો કે કુલ ઉમેદવારોની સંખ્યા = x છે.

માટે પાસ થયેલ ઉમેદવારો $= x\times\frac{95}{100}\times\frac{85}{100}$

$$\frac{3230\times 100\times 100}{95\times 85}=x$$

$$4000=x$$

**25.** એક ગામની વસ્તી વાર્ષિક 25%ના દરે વધે છે. જો ત્રણ વર્ષ પછી વસ્તી 10,000 હશે તો પ્રથમ વર્ષની શરૂઆતમાં કેટલી વસ્તી હશે ?

ત્રણ વર્ષ પહેલાની વસ્તી $=\frac{P}{\left(1+\frac{R}{100}\right)^n}$

$$=\frac{10000}{\left(1+\frac{25}{100}\right)^3}$$

$$=\frac{10000}{\left(\frac{125}{100}\right)^3}$$

$$=1000\left(\frac{4}{5}\right)^3$$

$$=10000\times\frac{64}{125}$$

$$=\boxed{5120}$$

## પ્રેક્ટીસના દાખલા

1. નીચેનામાંથી કઈ સંખ્યાના 560 ના 40 ટકાના 30 ટકા બરાબર છે ?
(અ) 280 ના 80 ટકાના 15 ટકા
(બ) 280 ના 40 ટકાના 30 ટકા
(ક) 280 ના 40 ટકાના 60 ટકા
(ડ) એકપણ નહીં.

2. 320 ના 68 % નું માન છે ?
(અ) 2176 (બ) 217.6
(ક) 21.76 (ડ) 21760

3. ............ના 64 ટકા - 1120 ના 96 ટકા = 499.2 થાય.
(અ) 2600 (બ) 2540
(ક) 2460 (ડ) 2280

4. એક સંખ્યાના 10 ટકાના 10 ટકા બરાબર 10 થાય છે, તો તે સંખ્યા શોધો.
(અ) 800 (બ) 1000
(ક) 900 (ડ) 500

5. નીચે પૈકી કોના 24 ટકા બરાબર 78 થાય ?
(અ) 320 (બ) 324
(ક) 328 (ડ) 325

6. એક પરીક્ષામાં પાસ થવા માટે ઉમેદવારોને 33 ટકા માર્ક્સની જરૂર છે, તે 282 માર્ક્સ મેળવે છે અને 15 માર્ક્સથી નાપાસ થાય છે, તો તે પરીક્ષા કેટલા માર્ક્સની ?
(અ) 900 (બ) 800
(ક) 700 (ડ) 600

7. 40 ટકાના 40 ટકા કેટલા થાય ?
(અ) 0.06 ટકા (બ) 0.016 ટકા
(ક) 1.60 ટકા (ડ) 0.16 ટકા

8. 65 બાળકોના એક વર્ગમાં દરેક બાળકને બાળકોની કુલ સંખ્યામાં 20 ટકા જેટલી મીઠાઈ મળી હોય તો કુલ કેટલા કિલો મીઠાઈ હતી ?
(અ) 955 (બ) 636
(ક) 845 (ડ) 600

9. એક પ્રાણી સંગ્રહાલયમાં 20 જાનવરો, 25 પક્ષીઓ અને 35 સરીસૃપ પ્રાણીઓ હોય તો જાનવરોની ટકાવારી કેટલી થાય ?
(અ) 40 (બ) 20
(ક) 25 (ડ) 30

10. કોઇ એક સંખ્યાના 60 ટકામાંથી 60 બાદ કરતાં જવાબ 60 આવે છે, તો તે સંખ્યા કઈ ?
(અ) 200 (બ) 400
(ક) 300 (ડ) 300

11. કોઈ પરીક્ષામાં પાસ થવા માટે 33 ટકા માર્ક જરૂરી છે. રાજુને 25 ટકા માર્ક આવ્યા અને તે 40 માર્કથી ફેલ થયો. તો પછી કુલ માર્ક કેટલા હશે ?
(અ) 800 (બ) 300
(ક) 500 (ડ) 1000

12. જો રામને લક્ષ્મણ કરતાં 10 ટકા વધુ મળે તો લક્ષ્મણને રામ કરતા નીચેના પૈકી એક મળે ?
(અ) 10 ટકા ઓછા (બ) 11 ટકા ઓછા
(ક) $9\frac{1}{11}$ ટકા ઓછા (ડ) $11\frac{1}{9}$ ટકા ઓછી

13. જો $A$ ની આવક $B$ કરતાં 150 ટકા વધારે છે, તો $B$ ની આવક $A$ ની આવક કરતાં કેટલા ટકા ઓછી છે ?
(અ) 40% (બ) 60%
(ક) 75 % (ડ) 80%

14. કઈ એક રકમના 40 % 2000 થાય ?
(અ) 4000 (બ) 5000
(ક) 6000 (ડ) 8000

15. એક વ્યક્તિ 2 રૂપિયાની 3 પેન્સિલ લઈને 3 રૂપિયામાં 2 પેન્સિલ વેચે છે, તો તેને કેટલા ટકા નફો થાય ?
(અ) 50 % (બ) 125 %
(ક) 80 % (ડ) 120 %

16. જો કોઈ સંખ્યાના 15 ટકા, 105 થાય તો તે જ સંખ્યાના 105 ટકા શું થશે ?
(અ) 15 (બ) 105
(ક) 1575 (ડ) 735

17. કઈ એક રકમનાં 40 % 2000 થાય ?
(અ) 4000 (બ) 5000
(ક) 6000 (ડ) 8000

18. જો $A$ ની આવક $B$ કરતાં 150 ટકા વધારે છે, તો $B$ ની આવક $A$ ની આવક કરતાં કેટલા ટકા ઓછી છે ?
(અ) 40% (બ) 60%
(ક) 75 % (ડ) 80%

19. એક વસ્તુની છાપેલી કિંમત પર 20 ટકા અને 5 ટકા ક્રમશઃ વળતર મળતું હોય તો ખરેખર વળતર કેટલા ટકા થયું ગણાય ?
(અ) 24 (બ) 25
(ક) 20 (ડ) 15

20. એક સાઈકલની છાપેલી કિંમત 1560 રૂ. અને તેના પર લેવાતા વેચાણ વેરાના દર 5 ટકા હોય તો કેટલો વેચાણવેરો ભરવો પડે ?
(અ) 120 રૂ. (બ) 100 રૂ.
(ક) 80 રૂ. (ડ) 78 રૂ.

21. જો એક કારની કિંમત 52,000 છે. જો ખરીદનાર માટે તેનો 12.5 ટકા વેટ આપવો પડે તો વેટની કેટલી રકમ ચૂકવવી પડશે ?

(અ) 6200 (બ) 6300

(ક) 6400 (ડ) 6500

22. એક સાયકલની છાપેલી કિંમત રૂ. 1560 અને તેના પર લેવાતા વેચાણ વેરાના દર 5 ટકા હોય તો કેટલો વેચાણવેરો ભરવો પડે ?

(અ) રૂ. 120 (બ) રૂ. 100

(ક) રૂ. 80 (ડ) રૂ. 78

23. ગઈ ચુંટણીમાં કોઈ ગ્રામીણ ક્ષેત્રમાં બે ઉમેદવારો વચ્ચે સીધી સ્પર્ધા ÚE. y ƒi W( Ëõlk 30% મત મેળવ્યા પછી પણ 4000 મતથી હારે છે. તો કુલ મળેલા વોટની સંખ્યા કેટલી હશે?

24. એક વસ્તુની કિંમતમાં 10% નો વધારો થવાથી વપરાશકાર પોતાની વપરાશમાં કેટલા ટકા ઘટાડો કરે કે જેથી તેનાં ખર્ચ અને આવકનું પ્રમાણ પહેલા જેટલું જળવાઈ રહે ?

25. 800 ના 64% = ________

26. એક વ્યક્તિ પોતાની આવકનો 45% રકમ ઘરખર્ચ માટે, 15% રકમ કપડા પર અને 20% અન્ય ખર્ચ માટે ખર્ચે છે. જો તેની પાસે 75 રૂપિયાની બચત થતી હોય તો તેની આવક કેટલી હશે ?

27. જો ટીકીટની કિંમતમાં 20% ઘટાડો થાય તો દર્શકોની સંખ્યામાં કેટલા ટકા વધારો થાય તો આવક જળવાઈ રહે?

28. 20 ના 40% = 40 ના x %

29. એક ખાદ્યતેલની કિંમત 25 વધી જાય છે. તો તેલના ખર્ચામાં કેટલા ટકા ઘટાડો કરવો પડશે. તેના પર થતો ખર્ચ પરિવર્તિત રહે.

30. જો કોઈ સંખ્યાના 147%, 441 છે. તો તે સંખ્યાના 20% કેટલા હશે ?

31. કોઈ વ્યક્તિ 1800 રૂપિયા દર મહિને કમાય છે. અને પોતાના પગારના 10% ભાગ બચાવે છે. તો કેટલા બચાવે છે.

32. 1000 વિદ્યાર્થીઓમાંથી 200 બંગાળી બોલે છે 400 તમિલ બોલે છે અને બાકીના વિદ્યાર્થીઓ હિન્દી બોલે છે. તો કેટલા ટકા હિન્દી બોલે છે.

33. શીલા 8 રૂપિયા લઈને બજાર ગઈ તેણે 1.10 રૂપિયા પ્રતિ નકલના ભાવની 5 પેન્સિલ અને 0.60 રૂપિયા પ્રતિનકલના ભાવની 2 પેન્સિલ ખરીદી હવે તેની પાસે કેટલા રૂપિયા હશે.

34. પગારમાં કેટલા ટકાની કપાત કરાય કે તે પગારમાં કરેલ 20% ના વધારાને સમાપ્ત કરી છે ?

35. કોઈ પરીક્ષામાં 60% વિદ્યાર્થી અંગ્રેજીમાં પાસ થયા છે. 70% હિન્દીમાં અને 40% બંનેમાં ઉત્તીર્ણ થાય છે. તો અંગ્રેજી અને હિન્દી બંને નાપાસ થનાર વિદ્યાર્થીની સંખ્યા કેટલી ?

36. બે સંખ્યાઓનું અંતર બંનેમાં મોટી સંખ્યાનો 20% ના બરાબર છે, જો નાની સંખ્યા 20 હોય તો મોટી સંખ્યા શોધો.

37. અભયનો માસિક પગાર વિજયના માસિક પગારના 50% છે, વિજયનો માસિક પગાર રાજનના માસિક પગારના 75% છે, જો આમાંથી દરેકનો ભેગો માસિક પગાર 25500 રૂપિયા થાય છે તો અભયનો માસિક પગાર કેટલો ?

38. જ્યારે એક કંપની સ્કુટરની કિંમત 30% ઘટાડે છે. ત્યારે સ્કુટરની વેચાણ 20% વધે છે. કુલ વેચાણ પર શું અસર થશે?

39. એક વિદ્યાર્થી એક વિષયમાં પાસ થવા માટે 45% પ્રાપ્ત કરવા પડે છે, તે 45 ગુણ પ્રાપ્ત કરે છે. અને 9 ગુણથી નાપાસ થઈ જાય છે. તો વિષયમાં વધુમાં કેટલા ગુણ છે?

40. 10%, 12% તથા 15% ના ક્રમશઃ ઘટતા ભાગની સમતુલ્ય છુટ શું થશે ?

41. લોખંડ અને તાંબાની બનેલ એક મિશ્રધાતુમાં 20 ભાગ લોખંડ અને 100 ભાગ તાંબુ છે. મિશ્રિત ધાતુમાં લોખંડની ટકાવારી શોધો.

42. જો ખાંડનો ભાવ પહેલાથી 25% વધી જાય તો એક વ્યક્તિ કેટલા ટકા ખાંડ ઓછી ખરીદે કે જેથી તેનો ખર્ચ પહેલા જેટલો રહે ?

## જવાબો

(1) ક (2) બ (3) ક (4) બ (5) ડ (6) અ (7) ડ (8) ક (9) ક (10) અ (11) ક (12) ક (13) બ (14) બ (15) બ (16) ડ (17) બ (18) બ (19) અ (20) ડ (21) ડ (22) ડ (23) 10,000 (24) $9\frac{1}{11}\%$ (25) 512 (26) 375 (27) 25% (28) 20% (29) 20 (30) 60 (31) 180 (32) 40% (33) 1.30 (34) $16\frac{2}{3}\%$ (35) ..... (36) 25 (37) 4500 (38) 16% (39) 120 (40) 18% (41) $83\frac{1}{3}\%$ (42) 20%

# 10. ગુણોત્તર-પ્રમાણ, હિસ્સો-ચલ, ત્રણ-સાંકળનો નિયમ

■ **રીત નં. 1 :**

**આપેલ બે ગુણોત્તર પરથી ત્રણ સંખ્યાઓનો ગુણોત્તર શોધવો તથા ત્રણ ગુણોત્તર પરથી ચાર સંખ્યાઓનો ગુણોત્તર શોધવો.**

ઉદા.: (1) $a:b=5:14$ તથા $b:c=7:3$ હોય તો

$a:b:c=$____

સૌ પ્રથમ બંને ગુણોત્તરમાં b સમાન છે તો તેની સંખ્યાઓને સમાન બનાવવી.

$a:b$ તથા $b:c$ ∴ $a:b$ તથા $b:c$

$5:14$ તથા $7:3$ ∴ $5:14$ તથા $14:6$ થાય

તે પરથી $a:b:c=5:14:6$ થાય.

(2) $A:B=1:2,\ B:C=3:4$ અને

$C:D=6:9$ તો $A:B:C:D=$______

| $A:B$ | $B:C$ | $C:D$ |
|---|---|---|
| $1:2$ , | $3:4$ , | $6:9$ |
| $1\times3:2\times3$ | $3\times2:4\times2$ | $6:9$ |
| $3:6$ , | $6:8$ , | $6:9$ |
| $3\times3:6\times3$ | $6\times3:8\times3$ | $6\times4:9\times4$ |
| $9:18$ , | $18:24$ , | $24:36$ |

$\therefore 9:18:24:36=A:B:C:D$

■ **રીત નં. 2 :**

**પ્રમાણપદ શોધવું.**

સમજુતી : જ્યારે ચાર પદો પ્રમાણમાં હોય ત્યારે

સુત્ર : અંત્યપદોનો ગુણાકાર = મધ્ય પદોનો ગુણાકાર થાય

ઉદા.: (1) 6, 10, અને 12 નું ચોથુ પ્રમાણ પદ શોધવો.

$\therefore 6, 10, 12$ અને x પ્રમાણમાં છે.

$\therefore 6\times x=10\times12$

$\therefore x=\frac{10\times12}{6}=20$

(2) 5 અને 15 નું ત્રીજુ પ્રમાણપદ શોધો.

નોંધ : જ્યારે ત્રીજુ પ્રમાણપદ શોધવાનું હોય ત્યારે બીજુ પદ બે વખત લખવું.

$\therefore 5, 15, 15, x$ પ્રમાણમાં છે.

$\therefore 5\times x=15\times15$

$\therefore x=\frac{15\times15}{5}=45$

(3) 8 અને 18 નું બીજુ પ્રમાણ પદ શોધો.

નોંધ : જ્યારે બે જ પદ આપ્યા હોય તો બીજુ પદ બે વખત લખવું.

$\therefore 8, x, x, 18$ પ્રમાણમાં છે.

$\therefore 8\times18=x\times x$

$\therefore 144=x^2$

$\therefore 12=x$

> ટૂંકમાં
> ગુ.મ. = $\sqrt{\text{બે પદોનો ગુણાકાર}}$
> $=\sqrt{8\times18}$
> $=\sqrt{144}=12$

બીજા પ્રમાણ પદને ગુણોત્તર મધ્યક તથા મધ્યપદ તરીકે ઓળખાય છે.

■ **રીત નં. 3 :**

**નાના ગુણોત્તર પરથી મોટા ગુણોત્તરની કિંમત શોધવી.**

સમજુતી: નાના ગુણોત્તરમાં આપેલ સંખ્યાની કિંમતને મોટા ગુણોત્તરમાં મુકવાથી મોટા ગુણોત્તરની કિંમત મળે છે.

ઉદા.: $a:b=2:3$ હોય તો $3a+2b:4a+3b$ ની કિંમત શોધો.

અહીં $a=2$ તથા $b=3$ ની કિંમત મોટા ગુણોત્તરમાં મુકતાં.

$3(2)+2(3):4(2)+3(3)$

$=6+6:8+9=12:17$

■ **રીત નં. 4 :**

**મોટા ગુણોત્તર પરથી નાના ગુણોત્તરની કિંમત શોધવી.**

સમજુતી: સૌ પ્રથમ મોટા ગુણોત્તરનો ચોકડી ગુણાકાર કરવો, ત્યારબાદ સજાતીય પદો એકબાજુ લઈ સરવાળા અથવા બાદબાકી કરવી.

ઉદા.: $\frac{2x+3y}{x+3y}=\frac{3}{2}$ તો $x:y$ ની કિંમત શોધો.

$\therefore 2(2x+3y)=3(x+3y)$

$\therefore 4x+6y=3x+9y$

$\therefore 4x-3x=9y-6y$

$x=3y$

$\frac{x}{y}=\frac{3}{1}$

$x:y=3:1$

■ **રીત નં. 5 :**

**આપેલ ગુણોત્તર પ્રમાણે રકમની વહેંચરી કરવી.**

સમજુતી: આપેલ ગુણોત્તરનો સરવાળો કરી દરેક ગુણોત્તરના છેદમાં લખવાથી તે વ્યક્તિને મળતી રકમ શોધી શકાય છે.

ઉદા.: (1) રૂા. 1458 ને રમેશ અને મહેશ વચ્ચે 2:7 ના પ્રમાણમાં વહેંચતા દરેકને કેટલી કેટલી રકમ મળે?

$2:7 \therefore 2+7=9$

રમેશને મળતી રકમ $=1458\times\frac{2}{9}=324$

મહેશને મળતી રકમ $=1458\times\frac{7}{9}=1134$

(2) રૂા. 2400ને 4 : 5 : 7 ના પ્રમાણમાં વહેંચતો સૌથી વધુ રકમ કેટલી મળે ?

$4+5+7=16$

સૌથી વધુ રકમનું પ્રમાણ ૭ છે

$\therefore 2400\times\frac{7}{16}=1050$

■ **રીત નં. 6 :**

*આપેલ ગુણોત્તર પરથી માંગેલ વિગત શોધવી.*

ઉદા.: સૌરભ, અનિલ અને ચિરાગની માસીક આવકનું પ્રમાણ 53 : 70 : 57 જો અનિલની માસીક આવક રૂા. 42000 હોય તો બાકીના બંનેની આવક શોધો.

નોંધ: આપેલ ગુણોત્તરમાં દરેકને $x$ વડે ગુણવાથી મૂળ રકમ પ્રાપ્ત થાય છે.

$\therefore$ અનિલની માસિક આવક $=70x$

$\therefore 42000=70x \therefore \frac{42000}{70}=x \therefore 600=x$

$\therefore$ સૌરભની માસિક આવક $= 53x = 53 \times 600 = 31800$

$\therefore$ ચિરાગની માસિક આવક $= 57x = 57 \times 600 = 34200$

**પ્રેક્ટીસ માટેના દાખલાઓ :**

**01.** $A:B=5:7$ અને $B:C=6:11$ તો $A:B:C=$ ____

$A:B=5\times6:7\times6=30:42$

$B:C=6\times7:11\times7=42:77$

$\therefore A:B:C=30:42:77$

**02.** $x:y=3:4$ અને $y:z=8:9$ તો $x:y:z$ તથા $x:z$ શોધો.

$x:y=3\times2:4\times2=6:8$

$y:z=8\times1:9\times1=8:9$

$\therefore x:y:z=6:8:9$

$\therefore x:z=6:9$

$\boxed{x:z=2:3}$

**03.** $P:Q=8:15, Q:R=5:8$ અને $R:S=4:5$ તો $P:Q:R:S=?$

$P:Q=8\times1:15\times1=8:15$

$Q:R=5\times3:8\times3=15:24$

$\therefore P:Q:R=8:15:24$

$\therefore R:S=4\times6:5\times6=24:30$

$\therefore \boxed{P:Q:R:S=8:15:24:30}$

**04.** $A:B:C=2:3:4$ અને $\frac{A}{B}:\frac{B}{C}:\frac{C}{A}=$ ______

$A=2x, B=3x, C=4x$

$\therefore \frac{A}{B}:\frac{B}{C}:\frac{C}{A}=\frac{2x}{3x}:\frac{3x}{4x}:\frac{4x}{2x}$

$=\frac{2}{3}:\frac{3}{4}:\frac{4}{2}$

$=\frac{2}{3}\times12:\frac{3}{4}\times12:\frac{4}{2}\times12$

$=\boxed{8:9:24}$

**05.** $A:B=\frac{1}{2}:\frac{3}{8}, B:C=\frac{1}{3}:\frac{5}{9}$ અને $C:D=\frac{5}{9}:\frac{3}{4}$ તો $A:B:C:D=$ _____

$A:B=\frac{1}{2}\times8:\frac{3}{8}\times8=4:3=16:12$

$B:C=\frac{1}{3}\times9:\frac{5}{9}\times9=3:5=12:20$

$C:D=\frac{5}{9}\times36:\frac{3}{4}\times36=20:27$

$\therefore \boxed{A:B:C:D=16:12:20:27}$

**06.** $2A=3B=4C$ તો $A:B:C=$ ____

$\frac{A}{B}=\frac{3}{2}=\frac{6}{4} \therefore A:B=6:4$

$\frac{B}{C}=\frac{4}{3} \therefore B:C=4:3$

$\therefore A:B:C=6:4:3$

**07.** $2A=3B$ અને $4B=5C$ તો $A:C=$ _____

$\frac{A}{B}=\frac{3}{2}=\frac{15}{10} \therefore A:B=15:10$

$\frac{B}{C}=\frac{5}{4}=\frac{10}{8} \therefore B:C=10:8$

$A:C=15:8 \therefore A:B:C=15:10:8$

$\therefore A:C=15:8$

**08.** $4^{3.5}:2^5$ ને સમાન ગુણોત્તર ______ છે.

$2^{2(3.5)}:2^5$

$\therefore 2^7:2^5$

$\therefore 2\times2:1$

$\therefore \boxed{4:1}$

**09.** $0.75 : x : : 5 : 8$ તો $x$ ની કિંમત શોધો.

$\frac{0.75}{x} = \frac{5}{8}$

$\therefore \frac{0.75 \times 8}{5} = x$

$\therefore \boxed{x = 1.2}$

**10.** $x : y = 5 : 2$ તો $8x + 9y : 8x + 2y =$ _____

$\therefore (8 \times 5) + (9 \times 2) : (8 \times 5) + (2 \times 2)$

$\therefore 40 + 18 : 40 + 4$

$\therefore 58 : 44 \quad \therefore \boxed{29 : 22}$

**11.** $x$ ના 15% એ y ના 20% ની બરાબર હોય તો $x : y = (?)$

$x \times \frac{15}{100} = y \times \frac{20}{100}$

$\therefore \frac{x}{y} = \frac{20}{15}$

$\therefore \boxed{x : y = 4 : 3}$

**12.** $x : y = 2 : 1$ હોય તો $(x^2 - y^2) : (x^2 + y^2)$ કેટલા થાય?

$(x^2 - y^2) : (x^2 + y^2)$

$= (2^2 - 1^2) : (2^2 + 1^2)$

$= \boxed{3 : 5}$

**13.** $(4x^2 - 3y^2) : (2x^2 + 5y^2) = 12 : 19$ હોય તો $x : y = (?)$

$\frac{4x^2 - 3y^2}{2x^2 + 5y^2} = \frac{12}{19}$

$\therefore 19(4x^2 - 3y^2) = 12(2x^2 + 5y^2)$

$\therefore 76x^2 - 57y^2 = 24x^2 + 60y^2$

$\therefore 52x^2 = 117y^2$

$\therefore \frac{x^2}{y^2} = \frac{117}{52}$

$\therefore \frac{x^2}{y^2} = \frac{9}{4}$

$\therefore \frac{x}{y} = \frac{3}{2}$

$\therefore \boxed{x : y = 3 : 2}$

**14.** $\frac{x}{5} = \frac{y}{8}$ હોય તો $x + 5 : y + 8 =$ _____

$\therefore \frac{x}{y} = \frac{5}{8}$

$\therefore x : y = 5 : 8$

$\therefore x + 5 : y + 8 = 5 + 5 : 8 + 8$

$= 10 : 16$

$= \boxed{5 : 8}$

**15.** 76 ને 7:5:3:4 ના પ્રમાણમાં વહેંચતા સૌથી નાની સંખ્યા કઈ મળે.

સૌથી નાની સંખ્યા $= \frac{3}{7 + 5 + 3 + 4} \times 76$

$= \frac{3}{19} \times 76$

$= \boxed{12}$

**16.** રૂા. 782 ને 6:8:9 ના પ્રમાણમાં વહેંચતા સૌથી વધુ કઈ રકમ મળે ?

સૌથી વધુ રકમ $= \frac{9}{6 + 8 + 9} \times 782$

$= \frac{9}{23} \times 782$

$= 9 \times 34$

$= \boxed{306}$

**17.** બે સંખ્યાઓ 3:5 ના પ્રમાણમાં છે. જો બંને સંખ્યામાંથી 9 બાદ કરવામાં આવે તો નવો ગુણોત્તર 12:23 મળે છે તો નાની સંખ્યા કઈ ?

$3 : 5$

$\therefore 3x - 9 : 5x - 9 = 12 : 23$

$\therefore \frac{3x - 9}{5x - 9} = \frac{12}{23}$

$\therefore 23(3x - 9) = 12(5x - 9)$

$\therefore 69x - 207 = 60x - 108$

$\therefore 69x - 60x = -108 + 207$

$\therefore 9x = 99$

$\therefore x = 11$

સૌથી નાની સંખ્યા

$= 3x$

$= 3 \times 11$

$= 33$

**18.** બે સંખ્યાઓ 1:2 ના પ્રમાણમાં છે. જો તે બંને સંખ્યામાં 7 ઉમેરવામાં આવે તો તેમનો ગુણોત્તર 3:5 થાય છે તો તે સંખ્યાઓ શોધો.

$1 : 2$

$\therefore 1x + 7 : 2x + 7 = 3 : 5$

$\therefore \frac{x + 7}{2x + 7} = \frac{3}{5}$

$\therefore 5(x+7)=3(2x+7)$

$\therefore 5x+35=6x+21$

$\therefore 35-21=6x-5x$

$\therefore \boxed{14=x}$

પ્રથમ સંખ્યા = 14

બીજી સંખ્યા = 28

**19.** A, B અને C ત્રણ વ્યક્તિ વચ્ચે રૂા. 1210 એવી રીતે વહેંચવામાં આવ્યા કે જેથી A:B=5:4 અને B:C=9:10 થાય, તો Cને મળતી રકમ શોધો.

$A:B=5\times9:4\times9=45:36$

$B:C=9\times4:10\times4=36:40$

$\therefore A:B:C=45:36:40$

$\therefore C$ ને મળતી રકમ $=\dfrac{40}{45+36+40}\times1210$

$=\dfrac{40}{121}\times1210$

$=\boxed{400}$ રૂા.

**20.** એક થેલીમાં 25 પૈસા, 10 પૈસા અને 5 પૈસાના સિક્કાનું પ્રમાણ 1:2:3 છે. જો થેલીમાં કુલ રૂપિયા 30 હોય તો 5 પૈસાના સિક્કા કેટલા હશે ?

25 પૈસા : 10 પૈસા : 5 પૈસા

1 : 2 : 3

સિક્કાની સંખ્યા $=x:2x:3x$

સિક્કાનું મૂલ્ય $=25x:20x:15x$

થેલીમાં કુલ રૂા. $30=3000$ પૈસા

$\therefore 25x+20x+15x=3000$

$\therefore 60x=3000$

$\therefore x=\dfrac{3000}{60}$

$\therefore x=50$

5 પૈસાના સિક્કા

$=3x$

$=3\times50=150$

**21.** ત્રણ સંખ્યાઓ $3:4:5$ ના પ્રમાણમાં છે, જો તેમના વર્ગોનો સરવાળો 1250 થાય તો તે સંખ્યાઓનો સરવાળો કેટલો?

ત્રણ સંખ્યાઓ $=3x, 4x$ અને $5x$

તેમના વર્ગોનો સરવાળો $=9x^2+16x^2+25x^2$

$\therefore 1250=50x^2$

$\therefore \dfrac{1250}{50}=x^2$

$\therefore x^2=25$ $\boxed{x=5}$

ત્રણ સંખ્યાઓ $=3\times5, 4\times5, 5\times5$

$=15, 20, 25$

તેમનો સરવાળો $=15+20+25$

$=60$

**22.** સુનીલ અને ભાવેશના પગારનું પ્રમાણ 2:3 છે. જો દરેકના પગારમાં રૂા. 4000નો વધારો કરવામાં આવે તો નવો ગુણોત્તર 40:57 થાય છે તો સુનીલનો હાલનો પગાર કેટલો હશે ?

સુનીલનો હાલનો પગાર $2x$ રૂા.

ભાવેશનો હાલનો પગાર $3x$ રૂા.

$2x+4000:3x+4000=40:57$

$\dfrac{2x+4000}{3x+4000}=\dfrac{40}{57}$

$\therefore 57(2x+4000)=40(3x+4000)$

$\therefore 114x+228000=120x+160000$

$\therefore 228000-160000=120x-114x$

$\therefore 68000=6x$

$\therefore \dfrac{68000}{6}=x$

સુનીલનો પગાર $=2\times\dfrac{68000}{6}$

$=\boxed{22666.66}$

**23.** ત્રણ સંખ્યાઓનો સરવાળો 98 છે. જો પ્રથમ અને બીજી સંખ્યાનું પ્રમાણ 2:3, બીજી અને ત્રીજી સંખ્યાનું પ્રમાણ 5:8 છે. તો બીજી સંખ્યા કઈ હશે ?

ધારો કે પ્રથમ સંખ્યા = x

બીજી સંખ્યા = y

ત્રીજી સંખ્યા = z

$\therefore x:y=2:3=2\times5:3\times5=10:15$

$y:z=5:8=5\times3:8\times3=15:24$

$\therefore x:y:z=10:15:24$

$10M+15M+24M=98$

$\therefore 49M=98$

$M=2$

$\therefore$ બીજી સંખ્યા $:15M=15\times2=30$

**24.** એક સ્કૂલમાં છોકરા છોકરીઓનું પ્રમાણ 7:8 છે. જો છોકરા 20% વધે અને છોકરીઓ 10% વધે તો નવુ પ્રમાણ કેટલું થાય ?

$7:8$

$7\times\dfrac{120}{100}:8\times\dfrac{110}{100}$

$\therefore 84:88$

$\therefore \boxed{21:22}$

**25.** 5, 8, 15, નું ચોથું પ્રમાણપદ શોધો.

$5, 8, 15, x$

$\therefore 5\times x=8\times15$

$x=\dfrac{8\times15}{5}$ $\therefore \boxed{x=24}$

**26.** 234 અને 104 નો ગુણોત્તર મધ્યક શોધો.

$(ગુ.મ.)^2 = 234 \times 104$

$= 117 \times 2 \times 13 \times 8$

$= 13 \times 9 \times 2 \times 13 \times 8$

$= (13)^2 \times (3)^2 \times (4)^2$

ગુ.મ. $= 13 \times 3 \times 4$

$= \boxed{156}$

**27.** 0.36 અને 0.48 નું ત્રીજુ પ્રમાણપદ શોધો.

$0.36, 0.48, 0.48, x$

$\therefore x = \frac{0.48 \times 0.48}{0.36}$

$\therefore \boxed{x = 0.64}$

**28.** 12 અને 30નું ત્રીજું પ્રમાણપદ તથા 9 અને 25ના ગુ.મ.નો ગુણોત્તર કેટલો થાય ?

12 અને 30નું ત્રીજુ પ્રમાણપદ

$12, 30, 30, x$

$\therefore 12 \times x = 30 \times 30$

$\therefore x = \frac{30 \times 30}{12}$

$\therefore \boxed{x = 75}$

9 અને 25 નો ગુ.મ.

ગુ.મ. $= \sqrt{9 \times 25}$

$= 3 \times 5 = 15$

ગુણોત્તર $= 75 : 15$

$= 5 : 1$

**29.** સ્કૂટર અને ટી.વી.ની કિંમતનું પ્રમાણ 7:5 છે. જો સ્કૂટરની કિંમત ટીવીની કિંમત કરતા રૂા. 8000 વધુ હોય તો ટી.વી.ની કિંમત શોધો.

સ્કૂટરની કિંમત = રૂા. $7x$

ટીવીની કિંમત = રૂા. $5x$

$\therefore 7x = 5x + 8000$

$\therefore 2x = 8000$

$\therefore \boxed{x = 4000}$

ટીવીની કિંમત $= 5x$

$= 5 \times 4000$

$= 20,000$

**30.** રૂા. 795 ને A, B અને C વચ્ચે ચોક્કસ પ્રમાણમાં વહેંચવામાં આવે છે. જો દરેક રકમમાંથી રૂા. 25 ઘટાડવામાં આવે તો પ્રમાણ 1:3:2 થાય છે તો C ની રકમ શોધો.

રૂા. 25 ઘટાડતા પ્રમાણ 1:3:2

દરેકની રકમ $= 1x, 3x, 2x$

$\therefore$ મૂ. રકમ $= x + 25, 3x + 25, 2x + 25$

$\therefore (x + 25) + (3x + 25) + (2x + 25) = 795$

$\therefore 6x + 75 = 795$

$\therefore 6x = 720$

$\therefore x = \frac{720}{6} = 120$

$C$ ની રકમ $= 2x + 25$

$= 2 \times 120 + 25$

$= 240 + 25$

$= 265$

**31.** બે સંખ્યાનું પ્રમાણ 3:4 છે. જો તેમનો લ.સા.અ. 180 હોય તો પ્રથમ સંખ્યા કઈ હશે.

ધારો કે પ્રથમ સંખ્યા $= 3x$

અને બીજી સંખ્યા $= 4x$

લ.સા.અ. $= 3 \times 4 \times x$

$\frac{180}{12} = x$

$\therefore \boxed{x = 15}$

પ્રથમ સંખ્યા $= 45$

**32.** ધાતુના એક વાસણમાં કોપર અને ઝીંકનું પ્રમાણ 9:4 છે. જો તેમાં 24 કિ.ગ્રા. ઝીંક વપરાયુ હોય તો કોપર કેટલા કિ.ગ્રા. વપરાયુ હોય ?

ધારો કે કોપર $= 9x$ કિ.ગ્રા. અને

ઝીંક $= 4x$ કિ.ગ્રા.

$4x = 24$ $\boxed{x = 6}$

કોપર $= 9x = 9 \times 6 = 54$ કિ.ગ્રા.

**33.** 20 લિટરમાં પાણી અને દુધના મિશ્રણનું પ્રમાણ 5:3 છે. તે મિશ્રણમાં 4 લિટર ઘટાડો કરી 4 લિટર દૂધ ઉમેરવામાં આવે તો નવું પ્રમાણ શોધો.

ધારો કે પાણી $= 5x$ લિટર

દૂધ $= 3x$ લિટર

$5x + 3x = 16$

$8x = 16$

$x = \frac{16}{8}$

$\boxed{x = 2}$

પાણી $= 5 \times 2 = 10$ લિટર

દૂધ $= 3 \times 2 = 6$ લિટર

નવુ પ્રમાણ $= 10 : 6 + 4$

$= 10 : 10$

$= \boxed{1 : 1}$

**34.** A અને Bની હાલની ઉંમરનું પ્રમાણ 3:1 છે. 15 વર્ષ પછી તેમની ઉંમરનું પ્રમાણ 2:1 થશે તો હાલની ઉંમર શોધો.

ધારો કે Aની હાલની ઉંમર $= 3x$

Bની હાલની ઉંમર $= x$

15 વર્ષ પછીનું પ્રમાણ : $3x+15 : x+15 = 2:1$

$$\frac{3x+15}{x+15} = \frac{2}{1}$$

$\therefore 3x+15 = 2(x+15)$

$\boxed{x=15}$

Aની હાલની ઉંમર = 45 વર્ષ

Bની હાલની ઉંમર = 15 વર્ષ

**35.** ત્રણ છોકરાની સરેરાશ ઉંમર 25 વર્ષ છે. તેમની હાલની ઉંમરનું પ્રમાણ 3:5:7 છે તો સૌથી નાના છોકરાની ઉંમર શોધો.

ત્રણ છોકરાની સરેરાશ ઉંમર $= 25$

$\therefore$ ત્રણેયની ઉંમરનો સરવાળો $= 25 \times 3 = 75$

$= 75$

$\therefore 3x+5x+7x = 75$

$\therefore 15x = 75$

$\boxed{x=5}$

સૌથી નાના છોકરાની ઉંમર $= 3x = 3\times 5$

$= 15$ વર્ષ

**36.** એક કૉલેજમાં છોકરાઓ અને છોકરીઓનું પ્રમાણ 8:5 છે. જો છોકરીઓની સંખ્યા 160 હોય તો કુલ સંખ્યા શોધો.

ધારો કે છોકરાઓની સંખ્યા $= 8x$

છોકરીઓની સંખ્યા $= 5x$

$\therefore 5x = 160$ $\boxed{x=32}$

કુલ સંખ્યા $= 8x+5x$

$= 13x = 13\times 32 = \boxed{416}$

**37.** A અને Bની આવકનું પ્રમાણ 5:4 છે તથા તેમના ખર્ચનું પ્રમાણ 3:2 દરેક વ્યક્તિ વર્ષના અંતે રૂ. 1600 બચાવે છે. તો Aની આવક શોધો.

$5x-3y = 1600 ......(1)$

$4x-2y = 1600 .....(2)$

સમી (1) ને 2 વડે તથા સમી (2) ને 3 વડે ગુણી બાદબાકી કરતાં...

$\therefore\ 10x-6y = 3200$

$-12x+6y = -4800$

$\therefore\ -2x = -1600$

$x = 800$

A ની આવક $= 5x$

$= 5(800) = \boxed{40000}$

**38.** 2:3, 6:11 અને 11:2 નું સંયુક્ત પ્રમાણ શોધો.

| | | |
|---|---|---|
| 2:3 | 6:11 | 11:2 |
| 4:6 | 6:11 | 11:2 |

$\therefore \boxed{4:6:11:2}$

**39.** એક સંખ્યાના 0.4 ગણાએ બીજી સંખ્યાના 0.6 ગણાની બરાબર છે. તો તેમનો ગુણોત્તર ?

$x \times 0.4 = y \times 0.6$

$$\frac{x}{y} = \frac{0.6}{0.4}$$

$\boxed{x:y = 3:2}$

**40.** જો $5:15 = 2:x$ તો $x =$ ______

$$\frac{5}{15} = \frac{2}{x}$$

$\therefore 5x = 30$ $\quad x = 6$

**41.** રૂા. 53 ને A, B અને C વચ્ચે એવી રીતે વહેંચવામાં આવે છે કે જેથી A ને B કરતા 7 રૂા. વધારે મળે છે અને B ને C કરતા રૂા. 8 વધારે મળે છે તો ત્રણેયનું પ્રમાણ શોધો.

ધારો કે C ને મળતી રકમ $= x$

$\therefore B$ ને મળતી રકમ $= x+8$

$\therefore A$ ને મળતી રકમ $= x+8+7$

$= x+15$

$(x)+(x+8)+(x+15) = 53$

$\therefore 3x+23 = 53$

$\therefore 3x = 30$

$x = 10$

A ને મળતી રકમ $= x+15 = 25$

B ને મળતી રકમ $= x+8 = 18$

C ને મળતી રકમ $= 10$

પ્રમાણ $= 25:18:10$

**42.** A અને B વચ્ચે કોઈ ચોક્કસ રકમ 4:3 ના પ્રમાણમાં વહેંચતા B ના ભાગે રૂા. 4800 આવે છે તો કુલ રકમ કેટલી હશે ?

ધારો કે A ની રકમ $= 4x$ અને

B ની રકમ $= 3x$

$\therefore 3x = 4800$

$x = 1600$

કુલ રકમ $= 3x+4x = 7x = 7\times 1600 = \boxed{11200}$

**43.** 45:75, 3:4, 51:68 અને 256:81 ગુણોત્તરનો સંયુક્ત ગુણોત્તર કેટલો થાય ?

$45\times 3\times 51\times 256 : 75\times 4\times 68\times 81$

$\therefore 16:15$

# પ્રેક્ટીસના દાખલા

1. રમેશભાઈની આવક અને ખર્ચનો ગુણોત્તર 8 : 7 છે, જો તેમનો ખર્ચ 2100 રૂ. હોય તો બચત કેટલી થાય ?

   (અ) રૂ. 300 (બ) રૂ. 2400
   (ક) રૂ. 100 (ડ) રૂ. 800

2. કુંવરજી કાકા અને દુર્લભજી દાદાની ઉંમર વચ્ચે 24 વર્ષનું અંતર છે. ઉંમરનું પ્રમાણ 5:7 છે તો તેમની હાલની ઉંમરનો સરવાળો કેટલો છે ?

   (અ) 162 વર્ષ (બ) 144 વર્ષ
   (ક) 80 વર્ષ (ડ) 120 વર્ષ

3. A અને B ઉંમરનો ગુણોત્તર 6 : 5 તથા તેનો સરવાળો 44 છે તો આઠ વર્ષ બાદ તેની ઉંમરનો ગુણોત્તર કેટલો હશે ?

   (અ) 8 : 7 (બ) 1 : 4
   (ક) 5 : 6 (ડ) 8 : 3

4. ત્રણ સંખ્યાઓ 5, M, 80 ગુણોત્તર શ્રેણીમાં છે તો M શોધો.

   (અ) 40 (બ) $\pm 20$
   (ક) +20 (ડ) - 20

5. રમેશ અને સુરેશના વચ્ચે અમુક રકમ 5 : 7 ના પ્રમાણમાં વહેંચવામાં આવે છે, જો રમેશને ભાગે 2500 રૂપિયા આવે તો સુરેશના ભાગે કેટલી રકમ આવશે ?

   (અ) 7000 (બ) 2700
   (ક) 3000 (ડ) 3500

6. $X$ અને $Y$ 3:2 ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતાં ભાગીદારી પેઢીમાં $Z$ ને $\frac{1}{5}$ ના ભાગ સાથે પ્રવેશ આપ્યો તો નવું વહેંચણીનું પ્રમાણ શું થશે ?

   (અ) 12 : 8 : 1 (બ) 8 : 12 : 5
   (ક) 2 : 2 : 1 (ડ) 14 : 8 : 3

7. જો $25 : x :: x : 4$ હોય તો $x$ નું મૂલ્ય નીચેના પૈકી એક થાય ?

   (અ) 2.5 (બ) 9
   (ક) 10 (ડ) 21

8. જો $\frac{a}{b}=\frac{3}{5}$ હોય તો $\frac{a-b}{a+b}$ નું મૂલ્ય નીચેના પૈકી એક થાય ?

   (અ) $\frac{-1}{4}$ (બ) $\frac{3}{4}$
   (ક) $\frac{3}{5}$ (ડ) $\frac{5}{3}$

9. 'અ', 'બ', અને 'ક' ભાગીદારો અનુક્રમે 2 : 3 : 1 ના પ્રમાણમાં નફો - નુકસાન વહેંચે છે. 'અ' સક્રિય ભાગીદાર હોઈ તેને માસિક રૂપિયા 1000 વેતન પણ મળે છે. જો કોઈ વર્ષે 'અ'નો પગાર તથા નફાની કુલ કમાણી રૂ. 42,000 થાય તો આ વર્ષની પેઢીનો કુલ નફો નીચે પૈકીનો એક હોય ?

   (અ) રૂ. 90,000 (બ) રૂ. 1,26,000
   (ક) રૂ. 1,00,000 (ડ) રૂ. 1,02,000

10. ત્રણ મોટરકારની કિંમતનો ગુણોત્તર 4 : 5 : 7 છે. આ પૈકી સૌથી મોંઘી અને સૌથી સસ્તી મોટરકારની કિંમતનો તફાવત રૂ. 60,000 હોય તો મધ્યમકક્ષાની મોટરકારની કિંમત નીચેના પૈકી એક થાય.

    (અ) રૂ. 80,000 (બ) રૂ. 1,00,000
    (ક) રૂ. 1,40,000 (ડ) રૂ. 1,20,000

11. 2 અને x નો ગુણોત્તર મધ્યક 4 હોય તો x ની કિંમત કેટલી થાય ?

    (અ) 6 (બ) 8
    (ક) 2 (ડ) 4

12. અ અને બ એક વેપારમાં 5 : 4 નાં પ્રમાણમાં રોકાણ કરે છે, કુલ લાભના 10 ટકા દાન આપે છે, 'અ' ને ભાગે રૂ. 7500 આવે છે, તો કુલ લાભ કેટલો થયો હશે ?

    (અ) રૂ. 7500 (બ) રૂ. 10,000
    (ક) રૂ. 12,000 (ડ) રૂ. 15,000

13. જગદીશ, રામ તથા પ્રકાશની હાલની ઉંમરનો સરવાળો 93 વર્ષ છે. 10 વર્ષ પહેલાં તેમની ઉંમરનો ગુણોત્તર 2:3:4 હતો તો પ્રકાશની હાલની ઉંમર કેટલી ?

    (અ) 24 વર્ષ (બ) 30 વર્ષ
    (ક) 36 વર્ષ (ડ) 38 વર્ષ

14. ત્રણ આંકડાઓ 3 : 4 : 5 ના ગુણોત્તરમાં છે. જો પ્રથમ અને ત્રીજા આંકડાનો સરવાળો બીજા આંકડા કરતાં 52 જેટલો વધુ હોય તો મોટો આંક ક્યો મળે ?

    (અ) 52 (બ) 65
    (ક) 67 (ડ) 72

## જવાબો

(1) અ (2) બ (3) અ (4) બ (5) ડ (6) અ (7) ક (8) અ (9) અ (10) બ (11) બ (12) ડ (13) ડ (14) બ

# 11. સાદુવ્યાજ

■ **મુદ્દલ :**
કોઈપણ ઉધાર આપવામાં આવેલ રકમને મુદ્દલ કહે છે.

■ **વ્યાજ :**
ઉધાર આપેલ રકમ પર મળતી આવકને વ્યાજ કહે છે.

■ **વ્યાજમુદ્દલ :**
કોઈ ચોક્કસ સમયે વ્યાજ અને મુદ્દલ સાથે આપવામાં આવે છે તેને વ્યાજમુદ્દલ કહે છે.
નીચેના શબ્દોને આપણે ધ્યાને લઈશું.

| | | | |
|---|---|---|---|
| $P$ | = | મુદ્દલ | (Principal) |
| $S.I$ | = | સાદુવ્યાજ | (Simpal Interest) |
| $A$ | = | વ્યાજ મુદ્દલ | (Amount) |
| $R$ | = | વ્યાજનો દર | (Rate of Interest) |
| $N,T$ | = | સમય | (Time) |

■ **રીત નં. 1 :**

સાદુવ્યાજ અથવા વ્યાજમુદ્દલ શોધવું.

$$\text{સાદુવ્યાજ} = \frac{\text{મુદ્દલ } (P) \times \text{વ્યાજદર } (R) \times \text{સમય } (N)}{100}$$

$$\boxed{I = \frac{PRN}{100}}$$

વ્યાજ મુદ્દલ = વ્યાજ + મુદ્દલ

$$\boxed{A = I + P}$$

ઉદા.: (i) રૂા. 68000 નું $16\frac{2}{3}\%$ લેખે 9 માસનું સાદુવ્યાજ શોધો.

$P = 68000$

$N = 9 \text{ માસ} = \frac{9}{12} \text{ વર્ષ} = \frac{3}{4} \text{ વર્ષ}$

$R = 16\frac{2}{3}\% = \frac{50}{3}\%$

$I = \frac{PRN}{100}$

$= \frac{68000 \times 50 \times 3}{100 \times 3 \times 4}$

$\boxed{I = 8500 \text{ રૂા.}}$

(ii) રૂા. 4800નું $8\frac{1}{2}\%$ લેખે 2 વર્ષ 3 માસનું સાદુવ્યાજ શોધો.

$P = 4800$ રૂા. $\quad N = 2$ વર્ષ 3 માસ

$R = 8\frac{1}{2}\% = \frac{17}{2}\% \quad = \frac{9}{4}$ વર્ષ

$I = \frac{PRN}{100}$

$= \frac{4800 \times 17 \times 9}{100 \times 2 \times 4}$

$\boxed{I = 918 \text{ રૂા.}}$

■ **રીત નં. 2 :**
સાદુવ્યાજ (I) આપેલ હોય તે પરથી મુદ્દલ (P), વ્યાજનો દર (R) અને સમય (N) શોધવા.

$$\boxed{\text{મુદ્દલ } (P) = \frac{I \times 100}{RN}} \qquad \boxed{\text{સમય } (N) = \frac{I \times 100}{PR}}$$

$$\boxed{\text{વ્યાજનો દર } (R) = \frac{I \times 100}{PN}}$$

ઉદા.: (i) રૂા. 450 નું 4.5% લેખે કેટલા વર્ષનું સાદુવ્યાજ રૂા. 81 થાય ?

$P = 450$ રૂા. $\quad R = 4.5\%$
I = 81 રૂા. $\quad$ N = ?

$N = \frac{I \times 100}{PR} = \frac{81 \times 100 \times 10}{45 \times 450}$

$\boxed{N = 4 \text{ વર્ષ}}$

(ii) રૂા. 12500 ને 4 વર્ષ માટે કેટલા ટકા વ્યાજના દરે મૂકતા રૂા. 15500 થાય ?

$P = 12500$ રૂા. $\quad N = 4$ વર્ષ
I = 15500 – 12500 રૂા.
= 3000 રૂા. $\quad$ R = ?

$R = \frac{I \times 100}{PN} = \frac{3000 \times 100}{12500 \times 4} = 6\ \%$

(iii) કઈ રકમનું 5% લેખે 2 વર્ષનું સાદુવ્યાજ રૂા. 132 થાય?

$R = 5\%$ $\quad N = 2$ વર્ષ
I = 132 રૂા. $\quad$ P = ?

$P = \frac{I \times 100}{RN} = \frac{132 \times 100}{5 \times 2}$

$\boxed{P = 1320 \text{ રૂા.}}$

■ **રીત નં. 3 :**

કોઈ રકમ અમુક વર્ષમાં આટલી બને અને બીજા અમુક વર્ષમાં તે રકમ આટલી બને તો તે રકમ કઈ હશે અથવા વ્યાજનો દર કયો હશે તે શોધવું.

ઉદા.: (i) કોઈ રકમ સાદાવ્યાજે 3 વર્ષમાં રૂા. 815 થાય છે અને 4 વર્ષમાં રૂા. 854 થાય છે તો તે રકમ કઈ હશે?
વ્યાજમુદ્દલ = મુદ્દલ + વ્યાજ
$815 = x + 3$ વર્ષનું વ્યાજ ... (i)
$854 = x + 4$ વર્ષનું વ્યાજ ... (ii)
1 વર્ષનું વ્યાજ = 854 - 815 = 39

$\therefore$ 3 વર્ષનું વ્યાજ $\therefore 3 = 39 \times 3 = 117$

સમી (i) માં કિંમત મૂકતાં,

$815 = x + 117 \therefore x = 815 - 117 = 698$

**પ્રેક્ટીસ માટેના દાખલાઓ :**

**01.** રૂા. 4800 નું 8.5%ના દરે 2 વર્ષ અને 3 માસનું સાદુવ્યાજ કેટલુ થાય ?

$P = 4800$

$R = 8.5\%$

$N = 2\frac{3}{12} = \frac{9}{4}$

$I = \frac{4800 \times 85 \times 9}{100 \times 10 \times 4}$

$\boxed{I = 918}$

**02.** રૂા. 16800 નું 9 માસનું $6\frac{1}{4}$ લેખે સાદુવ્યાજ કેટલુ થાય?

$I = \frac{16800 \times 25 \times 3}{100 \times 4 \times 4}$

$\boxed{I = 787.5}$

**03.** રાજેશ રૂા. 5000, 2 વર્ષ માટે 2% ના દરે સાદાવ્યાજે લાવે છે તથા જયેશ તે જ રકમ તેટલી જ મુદ્દત માટે $6\frac{1}{4}$ %ના દરે લાવે છે તો કોને ઓછુ વ્યાજ ભરવું પડે ? કેટલુ ?

રાજેશ, $I = \frac{5000 \times 2 \times 4}{100}$ $\boxed{I = 400}$

જયેશ, $I = \frac{5000 \times 2 \times 25}{4 \times 100}$ $\boxed{I = 625}$

રાજેશને 225 રૂા. ઓછુ વ્યાજ ભરવુ પડે.

**05.** રૂા. 1600 નું 2 વર્ષ 4 માસનું વ્યાજ રૂા. 252 છે તો વ્યાજનો દર કેટલો હશે ?

$N = 2\frac{4}{12} = 2\frac{1}{3} = \frac{7}{3}$

$R = \frac{252 \times 100 \times 3}{1600 \times 7}$

$\boxed{R = 6.75\%}$

**૦૬.** રીના રૂા. 1200 લોન લે છે તેનો વ્યાજદર અને સમય સરખા છે. જો તેણીએ વ્યાજ પેટે રૂા. 432 ચૂકવે છે તો કેટલા સમય પછી તેણીએ લોન ચૂકવી હશે ?

$N = R = x$

$x = \frac{432 \times 100}{1200 \times x}$

$x^2 = \frac{432 \times 100}{1200}$

$x^2 = 36$

$\boxed{x = 6}$

6 વર્ષ પછી લોન ચૂકવી હશે.

**07.** જયા 12%ના દરથી 3 વર્ષ માટે સાદુવ્યાજે લોન બેંક પાસેથી લે છે તેણે 3 વર્ષના અંતે વ્યાજ રૂા. 5400 ચૂકવે છે તો તેણે કેટલી રકમ લોન લીધી હશે ?

$P = \frac{5400 \times 100}{12 \times 3}$

$\boxed{P = 15000}$

15000 રૂા. રકમ લોન લીધી હશે.

**08.** એક રકમનું 9% લેખે 5 વર્ષનું સાદુવ્યાજ રૂા. 4016.25 થાય છે તો તે રકમ શોધો.

$P = \frac{4016.25 \times 100}{100 \times 9 \times 5}$

$\boxed{P = 8925 \text{ રૂા.}}$

**09.** રૂા. 800 ત્રણ વર્ષ માટે સાદાવ્યાજે મૂકતા 956 પરત મળે છે. જો વ્યાજ દરમાં 4% નો વધારો કરવામાં આવે છે તો ત્રણ વર્ષ પછી કેટલી રકમ પરત મળે ?

$R = \frac{156 \times 100}{800 \times 3}$

$\boxed{R = 6.5\%}$

વ્યાજનો દર 4% વધારતાં નવા દર $= 10.5\%$

$I = \frac{800 \times 105 \times 3}{100 \times 10}$

$I = 252$ રૂા.

$A = P + I$

$= 800 + 252$

$\boxed{A = 1052 \text{ રૂા.}}$

ત્રણ વર્ષ પછી 1052 રૂા. પરત મળે

**10.** જો રૂા. 64 અમુક ટકાના દરે વ્યાજે મૂકતા 2 વર્ષના અંતે રૂા. 83.20 પરત મળે છે. તો તેજ દરે રૂા. 86 ને 4 વર્ષ માટે સાદાવ્યાજે મૂકતા કેટલી રકમ પરત મળે ?

$I = 83.20 - 64$

$I = 19.20$

$R = \frac{1920 \times 100}{100 \times 64 \times 2}$

$\boxed{R = 15\%}$

હવે $P = 86,\ R = 15,\ N = 4$ માટે $I = ?$

$I = \frac{86 \times 15 \times 4}{100}$

$I = 51.60$

$A = P + I$

$= 86 + 51.60$

$\boxed{A = 137.60 \text{ રૂા.}}$

**11.** કોઈ રકમનું 6% ના દરે 6 મહિના અને 9 મહિનાના વ્યાજનો ગુણોત્તર કેટલો ?

ધારો કે કોઈ એક રકમ 100 છે.

6 મહિનાનું વ્યાજ :

$$I = \frac{100 \times 6 \times 1}{100 \times 2}$$

$\boxed{I = 3 \text{ રૂા.}}$

9 મહિનાનું વ્યાજ :

$$I = \frac{100 \times 3 \times 6}{100 \times 4} \qquad \boxed{I = 4.5 \text{ રૂા.}}$$

વ્યાજનો ગુણોત્તર $= 3 : 4.5 = 30 : 45 = 2 : 3$

**12.** નરેશ અમુક રકમ 11 વર્ષ માટે સાદાવ્યાજે લાવે છે જો વ્યાજનો દર પ્રથમ ત્રણ વર્ષ માટે 9% ત્યાર પછીના 5 વર્ષ માટે 13% અને છેલ્લે 5% વ્યાજદર ગણતા કુલ વ્યાજ 8560 રૂા. થાય છે તો રકમ કઈ હશે ?

ધારો કે મુદ્દલ $x$ છે.

$$\therefore \frac{x \times 3 \times 9}{100} + \frac{x \times 5 \times 13}{100} + \frac{x \times 3 \times 5}{100} = 8560$$

$$\therefore \frac{27x}{100} + \frac{65x}{100} + \frac{15x}{100} = 8560$$

$$\therefore \frac{107x}{100} = 8560$$

$$\therefore x = \frac{8560 \times 100}{107}$$

$\therefore \boxed{x = 8000 \text{ રૂા.}}$

મુદ્દલ 8000 રૂા. થાય

**13.** એક રકમનું 5% લેખે 8 વર્ષનું સાદુ વ્યાજ 840 રૂ. છે. તો તેજ રકમનું 5 વર્ષનું સાદુવ્યાજ તે જ હોય તો વ્યાજનો દર કેટલો થાય ?

$$P = \frac{840 \times 100}{5 \times 8}$$

$\boxed{P = 2100 \text{ રૂા.}}$

$$R = \frac{840 \times 100}{5 \times 2100}$$

$\boxed{R = 8\%}$

**14.** એક રકમનું 2 વર્ષનું સાદુવ્યાજ રૂા. 720 તથા 5 વર્ષનું રૂા. 1020 છે. તો તે રકમ શોધો.

3 વર્ષનું સાદુવ્યાજ = 1020 - 720 = 300 રૂા.

$\therefore$ 1 વર્ષનું સાદુ વ્યાજ = રૂા. 100

2 વર્ષનું સાદુ વ્યાજ = રૂા. 200

મુદ્દલ $= 720 - 200$

$\boxed{P = 520 \text{ રૂા.}}$

**15.** એક રકમ 2 વર્ષમાં સાદાવ્યાજે રૂા. 1760 થાય છે. 5 વર્ષમાં 2000 રૂા. થાય છે તો મુદ્દલ શોધો.

3 વર્ષનું સાદુવ્યાજ $= 2000 - 1760 = 240$ રૂા.

$\therefore$ 1 વર્ષનું સાદુ વ્યાજ = રૂા. 80

2 વર્ષનું સાદુ વ્યાજ = રૂા. 160

મુદ્દલ $= 1760 - 160$

$\boxed{P = 1600 \text{ રૂા.}}$

**16.** એક રકમનું 1 વર્ષનું સાદુવ્યાજ તે રકમનું $\frac{1}{9}$ છે અને તેના વ્યાજદરમાં 3% નો વધારો કરવામાં આવે તો વ્યાજદર કેટલો થશે.

ધારો કે રકમ $x$ છે

$\therefore$ વ્યાજ $= \frac{x}{9}$ છે

$$I = \frac{PRN}{100}$$

$$\frac{x}{9} = \frac{x \times R \times 1}{100}$$

$$\therefore \frac{100}{9} = R$$

$\therefore R = 11.11\%$

3% નો વધારો કરતા વ્યાજદર 14.11% થાય.

**17.** કોઈ પણ રકમ 12 વર્ષમાં કેટલા ટકા વ્યાજના દરે બમણી થશે.

$$I = \frac{PRN}{100} \quad P = \frac{P \times R \times N}{100}$$

$$R = \frac{P \times 100}{P \times 12} \quad R = 8\frac{1}{3}\ \%$$

**18.** વાર્ષિક કેટલા ટકા સાદાવ્યાજની રકમ 10 વર્ષમાં એ મૂળ રકમની $\frac{2}{5}$ થાય ?

$$I = \frac{2}{5}P \quad I = \frac{PRN}{100}$$

$$\frac{2P}{5} = \frac{PR \times 10}{100}$$

$$\therefore R = \frac{2 \times P \times 100}{5 \times P \times 10} \quad \therefore \boxed{R = 4\%}$$

**19.** 10 રૂ.નું 4 માસનું વ્યાજ 100 પૈસાના 3 પેસા બરાબર છે તો વ્યાજ શોધો.

$P = 10$ રૂા. $\quad N = \frac{4}{12} = \frac{1}{3}$

$R = 100$ પૈસાના 3 પૈસા

$= 3\%$

$I = \frac{10 \times 3 \times 1}{100 \times 3}$ $\quad \boxed{I = 0.1 \text{ રૂા.}}$

**20.** કોઈ રકમ 12% લેખે સાદાવ્યાજે કેટલા વર્ષમાં બમણી થાય?

ધારો કે કોઈ રકમ 100 રૂપિયા છે.

N વર્ષમાં તે 200 રૂા. થાય છે.

N વર્ષનું વ્યાજ = 100 રૂા.

$N = \frac{100 \times 100}{100 \times 12}$

$\boxed{N = 8\frac{1}{3} \text{ વર્ષ}}$ = 8 વર્ષ 4 માસ

**21.** 15 વર્ષમાં કેટલા ટકા વ્યાજના દરે કોઈ પણ રકમ ચાર ગણી થાય ?

$R = \frac{300 \times 100}{100 \times 15}$ $\boxed{R = 20\%}$

**22.** એક રકમનું 6 વર્ષમાં વ્યાજ મૂડીનું અડધુ થાય છે તો વ્યાજદર શોધો.

$R = \frac{50 \times 100}{100 \times 6}$ $\boxed{R = 8\frac{1}{3}\%}$

**વધુ પ્રેક્ટીસ માટેના દાખલાઓ :**

1. કોઈ રકમ સાધારણ વ્યાજના દરે ઉધાર લેવામાં આવે જે 10 વર્ષ અંતમાં મૂળ રકમથી બે ગણી થઈ જાય તો વાર્ષિક વ્યાજની ટકાવારી શોધો.
2. જો 1200 રૂપિયા સાધારણ વ્યાજથી 4 વર્ષમાં વ્યાજ મુદ્દલ 1440 રૂપિયા થઈ જાય છે. તો વ્યાજનો વાર્ષિક દર શું છે.
3. 10% વાર્ષિક વ્યાજ ના દરથી 600 રૂપિયા પર સાધારણ વ્યાજ કેટલા સમયમાં 300 રૂપિયા થઈ જશે ?
4. કોઈ સંખ્યા સાધારણ વ્યાજ દર થી 20 વર્ષમાં ત્રણ ગણી થાય છે તો વ્યાજનો દર શોધો.
5. કોઈ રકમનું સાધારણ વ્યાજ 4 વર્ષમાં રકમનાં $\frac{1}{5}$ ભાગ છે. તો વ્યાજનો દર શોધો.
6. 500 રૂપિયાના 5% ના વાર્ષિક સાધારણ વ્યાજના દરથી કેટલા સમયમાં વ્યાજ રૂપિયા 50 થશે.
7. કોઈ વ્યક્તિ એ સાધારણ વ્યાજ પર બે વર્ષ માટે 20000 રૂપિયા ઉધાર લીધા બે વર્ષના અંતમાં તેને વ્યાજ સહિત 24800 રૂપિયા આપવાના હતા તો વાર્ષિક વ્યાજનો દર છે.
8. 800 રૂપિયાના 3 વર્ષમાં સાધારણ વ્યાજની મિશ્રધન 920 રૂપિયા થઈ જાય છે. જો વ્યાજનો દર 3% વધી જાય તો મિશ્રધન શું થશે ?
9. કોઈ રકમનું 10% વ્યાજના દરે 5 તથા 3 વર્ષનાં સાદા વ્યાજનું અંતર 180 રૂપિયા છે તો તે રકમ શોધો.
10. જો કોઈ રકમ સાધારણ વ્યાજના દર થી 2 વર્ષમાં 5184 રૂપિયા તથા 3 વર્ષમાં 5832 રૂપિયા થઈ જાય છે. તો તે રકમ કેટલી હશે ?
11. સાધારણ વ્યાજ પર જમા કરાયેલ રકમ 2 વર્ષમાં 2800 રૂપિયા અને 5 વર્ષમાં 3250 રૂપિયા થઈ જાય છે. તો વ્યાજના દરની ટકાવારી શોધો.
12. 5000 રૂપિયાનું 2% લેખે 3 વર્ષનું સાદુ વ્યાજ કેટલું ?
13. એક વેપારી તા. 5-6-2012 ના રોજ શરાફ પાસેથી વ્યાજે લીધેલી રકમ તા. 14-8-2012 ના રોજ પરત કરે છે, તો વેપારીએ કેટલા દિવસનું વ્યાજ ચૂકવ્યું હશે ?
   (અ) 68 (બ) 71
   (ક) 74 (ડ) 70
14. રૂ. 15,000 એક T.V. હપ્તેથી ખરીદવા માટે રૂ. 6000 રોકડા અને પછી રૂ. X નો એક એવા માસિક સાત હપ્તા ચૂકવવાના હોય તો ............ રૂપિયા વ્યાજ ચૂકવ્યું ગણાય.
   (અ) 7X - 9000 (બ) 15000 - 7X
   (ક) 9000 - 7X (ડ) 9000 + 7X
15. કઈ રકમનું 10 ટકા લેખે 10 વર્ષનું વ્યાજ રૂ. 10 થાય છે ?
   (અ) રૂ. 100 (બ) રૂ. 10
   (ક) રૂ. 1000 (ડ) રૂ. 110
16. રૂ. 6000 નું 8 ટકા લેખે સાદા વ્યાજે 3 વર્ષનું વ્યાજ મુદ્દલ કેટલું થાય ?
   (અ) 7140 (બ) 7240
   (ક) 7340 (ડ) 7440
17. રૂ. 15,000 ને 8 વર્ષ માટે સાધારણ વ્યાજ પર લગાવાથી રૂ. 25,800 થઈ જાય છે. વાર્ષિક વ્યાજ દર હશે ?
   (અ) $5\frac{1}{2}$ % (બ) 9 %
   (ક) 10 % (ડ) 11 %
18. રૂ. 16,000 નું સ્કુટર હપ્તેથી ખરીદવા રૂ. 6000 રોકડા ચૂકવવા પડે છે અને પછી રૂ. X નો એક એવા માસિક ત્રણ હપ્તા ચૂકવવાના હોય, તો વ્યાજની રકમ રૂ. ...... થાય.
   (અ) 3x - 6000 (બ) 6000 - 3x
   (ક) 3x - 1000 (ડ) 3x - 10,000
19. જે રકમ વ્યાજે મૂકવામાં કે લેવામાં આવે તેને શું કહે છે ?
   (અ) મુદ્દત (બ) મુદ્દલ
   (ક) વ્યાજમુદ્દલ (ડ) વ્યાજ
20. ધ્રુવીબેન 6000 રૂપિયા 5 ટકાના લેખે 3 માસ માટે સહકારી બેન્કમાં મૂકે છે તેમને મુદ્દતને અંતે વ્યાજ સહિત કુલ કેટલા રૂપિયા મળશે ?
   (અ) રૂ. 6075 (બ) રૂ. 7065
   (ક) રૂ. 8075 (ડ) રૂ. 5075

21. ધારો કે અમુક રૂપિયા 12 વર્ષે બમણા થાય તો તેના પ્રતિવર્ષ વ્યાજનો દર કેટલો થશે ?
(અ) 10.5 ટકા (બ) 10 ટકા
(ક) 8.33 ટકા (ડ) 6.51 ટકા

22. સાદા વ્યાજે રૂ. 2000 નું 5 વર્ષનું વ્યાજમુદ્દલ 2600 રૂ. છે. જો વ્યાજનો દર 3 ટકા વધારે હોત તો વ્યાજમુદ્દલ કેટલા રૂપિયા થાય.
(અ) 3080 (બ) 2900
(ક) 3000 (ડ) 3380

23. મુદ્દત માટે વપરાતો સંકેત =............
(અ) N (બ) R
(ક) I (ડ) P

24. 4 ટકા લેખે કઇ રકમનું 3 વર્ષનું વ્યાજ રૂપિયા 96 થાય ?
(અ) 300 (બ) 400
(ક) 600 (ડ) 800

25. એક વ્યક્તિને ઘરની મરામત માટે રૂ. 20,000 ના 10 ટકા લેખે 2 વર્ષ માટે સાદા વ્યાજે લીધા તો તે વ્યક્તિએ 2 વર્ષ પછી કુલ કેટલા રૂપિયા ચૂકવવા પડે ?
(અ) 22,000 (બ) 23,0000
(ક) 25,000 (ડ) 24,000

26. રૂ. 1100 નું ૫ ટકા લેખે 2 વર્ષનું સાદુ વ્યાજ કેટલું થાય ?
(અ) 90 રૂ. (બ) 100 રૂ.
(ક) 110 રૂ. (ડ) 120 રૂ.

27. કોઇ વ્યક્તિ અમુક રકમ બે વર્ષ માટે 25 ટકાના વ્યાજે લઇ કુલ 9000 રૂપિયા ચૂકવે છે, તો તેણે કેટલી રકમ વ્યાજે લીધી હશે ?
(અ) 6000 (બ) 5000
(ક) 4000 (ડ) 3000

28. 14 ટકા સાદા વ્યાજે લીધેલી રકમ ચાર વર્ષ પછી રૂ. 11,700 પરત કર્યા તો કેટલા રૂ. લાવ્યા હશે ?
(અ) 6000 (બ) 6500
(ક) 7000 (ડ) 7500

29. 4 ટકાના સાદા દરે રકમ કેટલાં વર્ષે બમણી થાય ?
(અ) 25 વર્ષ (બ) 5 વર્ષ
(ક) 10 વર્ષ (ડ) 20 વર્ષ

30. રૂ. 500 બે વર્ષમાં 10 % લેખે સાદું વ્યાજ ............ થાય.
(અ) રૂ. 100 (બ) રૂ. 110
(ક) રૂ. 120 (ડ) રૂ. 10

31. રૂ. 6000નું 8 ટકા લેખે સાદા વ્યાજે 3 વર્ષનું વ્યાજમુદ્દલ કેટલું થાય ?
(અ) 7340 (બ) 7440
(ક) 7140 (ડ) 7240

32. રૂ. 10,000 નું 15 ટકા લેખે છ માસનું સાદું વ્યાજ કેટલું થાય ?
(અ) 550 (બ) 750
(ક) 850 (ડ) 870

33. સાદા વ્યાજે 8 ટકા રૂ. 500 ની રાશ રૂ. 660 કેટલા વર્ષે થાય ?
(અ) 3 વર્ષે (બ) 4 વર્ષે
(ક) 2 વર્ષે (ડ) 5 વર્ષે

34. રમેશે રૂ. 8000, 6.5 % નાં દરે 1 વર્ષ 9 માસ માટે સાદા વ્યાજે બેંકમાં મુક્યા તો મુદ્દતનાં અંતે રમેશને કેટલી રકમ મળશે ?
(અ) 910 (બ) 8910
(ક) 8190 (ડ) 190

35. એક ઘડીયાળની રોકડ વેચાણ કિંમત રૂ.1525 છે. હપતાથી ખરીદનારને ખરીદતી વખતે રૂ. 1000 રોકડા અને રૂ. 600 નો એક માસિક હપ્તો આપવો પડે છે, તો વેપારી રૂ. ............. વ્યાજ લે છે.
(અ) 525 (બ) 25
(ક) 250 (ડ) 75

36. એક સ્કુટરની રોકડ વેચાણ કિંમત રૂ. 40,000 છે, અથવા ખરીદતી વખતે રૂ. 25,000 રોકડા અને 8000 નો એક એવા બે માસિક હપ્તા આપવાના છે, તો હપ્તા - પદ્ધતિમાં રૂ. ...... વ્યાજ ચૂકવવું પડે.
(અ) 1500 (બ) 1000
(ક) 150 (ડ) 2000

37. એક કમ્પ્યુટર રોકડેથી ખરીદવા રૂ. 12,000 આપવા પડે છે અથવા ખરીદતી વખતે રૂ. 7000 રોકડા અને રૂ. 3000 નો એવા માસિક બે હપ્તા આપવાના હોય છે, તો હપ્તેથી ખરીદવામાં રૂ. ........... વધારે આપવા પડે છે.
(અ) 1500 (બ) 1000
(ક) 150 (ડ) 2000

38. એક ઘડિયાળની રોકડ વેચાણ કિંમત રૂ. 8000 છે. હપ્તેથી ખરીદતા 50 ટકા રોકડા અને બાકીની રકમ રૂ. 500 વ્યાજ સહિત બે સરખા હપ્તામાં ચૂકવવાની હોય, તો હપ્તાની રકમ રૂ. .......... હોય.
(અ) 8500 (બ) 4000
(ક) 4500 (ડ) 2250

39. એક સાયકલની રોકડ કિંમત રૂ. 1540 છે. હપતાથી ખરીદવામાં આવે તો ખરીદતી વખતે રૂ. 400 રોકડા અને રૂ. 625 નો એક એવા બે હપ્તા ચૂકવતા હપ્તાની રીતમાં વેપારીએ કેટલા રૂપિયા વધુ લીધા ?
(અ) રૂ. 130 (બ) રૂ. 110
(ક) રૂ. 150 (ડ) રૂ. 1650

: જવાબો :

(1) 10 % (2) 5 % (3) 5 વર્ષ (4) 10% (5) 5% (6) 2 વર્ષ (7) 12% (8) 992 (9) 900 (10) 3888 (11) % (12) 300 (13) ડ (14) અ (15) બ (16) ડ (17) બ (18) ડ (19) બ (20) અ (21) ક (22) બ (23) અ (24) ડ (25) ડ (26) ક (27) બ (28) ડ (29) અ (30) અ (31) બ (32) બ (33) બ (34) બ (35) ડ (36) બ (37) બ (38) ડ (39) બ

# 12. ચક્રવૃધ્ધિ વ્યાજ

□ **ચક્રવૃધ્ધિ વ્યાજ :**
જ્યારે એક નિશ્ચિત સમય પછી આપેલ વ્યાજ જમા કરનારને આપ્યા સિવાય મૂળધનમાં જોડી દેવામાં આવે છે અને ફરીથી તેની ઉપર વ્યાજ ગણવામાં આવે છે. આ મળેલ વ્યાજને ચક્રવૃધ્ધિવ્યાજ કહે છે.

■ **રીત નં. 1 :**
વાર્ષિક વ્યાજ ગણતાં ચક્રવૃધ્ધિ વ્યાજ અને વ્યાજમુદ્દલ.

$$A = P\left(1+\frac{R}{100}\right)^N = \text{મુદ્દલ}\left(1+\frac{\text{વ્યાજનોદર}}{100}\right)^{\text{વર્ષ}}$$

ચક્રવૃધ્ધિવ્યાજ $(I) = A - P$

= વ્યાજમુદ્દલ - મુદ્દલ

(i) રૂા. 5000 નું 12% લેખે 2 વર્ષનું ચક્રવૃધ્ધિવ્યાજ શોધો.

$$A = P\left(1+\frac{R}{100}\right)^N = 5000\left(1+\frac{12}{100}\right)^2$$

$$= 5000\left(\frac{112}{100}\right)^2$$

$$= 5000\times\frac{112}{100}\times\frac{112}{100}$$

$$A = 6272$$

$$I = A - P = 6272 - 5000$$

$$\boxed{I = 1272 \text{ રૂા.}}$$

ચક્રવૃધ્ધિવ્યાજ 1272 રૂા.

(ii) રૂા. 7500 નું 10% લેખે 3 વર્ષનું ચક્રવૃધ્ધિવ્યાજ મુદ્દલ શોધો.

$$A = P\left(1+\frac{R}{100}\right)^N = 7500\left(1+\frac{10}{100}\right)^3$$

$$= 7500\left(\frac{11}{10}\times\frac{11}{10}\times\frac{11}{10}\right)$$

$$= \frac{75\times1331}{10}$$

$$\boxed{A = 9982.5 \text{ રૂા.}}$$

■ **રીત નં. 2 :**
દર 6 માસે વ્યાજની ગણતરી કરીને ચક્રવૃધ્ધિવ્યાજ તથા વ્યાજ મુદ્દલ શોધવું.

સૂત્ર : $A = P\left(1+\frac{R}{200}\right)^{2N}$ અથવા $A = P\left[1+\frac{R/2}{100}\right]^{2n}$

(i) રૂા. 7000 નું 20% લેખે દર 6 માસે વ્યાજની ગણતરી કરતા $1\frac{1}{2}$ વર્ષનું ચક્રવૃધ્ધિવ્યાજ મુદ્દલ કેટલું થાય ?

$$A = 7000\left(1+\frac{20}{200}\right)^{2\left(\frac{3}{2}\right)}$$

$$= 7000\left(\frac{11}{10}\times\frac{11}{10}\times\frac{11}{10}\right)$$

$$= 7\times1331$$

$$\boxed{A = 9317 \text{ રૂા.}}$$

જો ચક્રવૃધ્ધિ વ્યાજની ગણતરી ત્રિમાસિક કરવાની હોય ત્યારે

સુત્ર : $\boxed{A = P\left(1+\frac{R}{400}\right)^{4N}}$

■ **રીત નં. 3 :**
ચક્રવૃધ્ધિ વ્યાજ કે વ્યાજ મુદ્દલ આપેલ હોય તે પરથી P, R, N શોધવું.

(i) કેટલા સમયમાં 10% વ્યાજના દરે રૂા. 1000 ચક્રવૃધ્ધિ વ્યાજે 1331 રૂા. થાય ?

$$A = P\left(1+\frac{R}{100}\right)^N$$

$$1331 = 1000\left(1+\frac{10}{100}\right)^N$$

$$\frac{1331}{1000} = \left(\frac{11}{10}\right)^N$$

$$\therefore\left(\frac{11}{10}\right)^3 = \left(\frac{11}{10}\right)^N$$

$$\boxed{N = 3 \text{ વર્ષ}}$$

(i) કઈ રકમ 2 વર્ષ માટે 5% લેખે ચક્રવૃધ્ધિવ્યાજે મૂકતા વ્યાજમુદ્દલ 11025 થાય.

$$A = P\left(1+\frac{R}{100}\right)^N$$

$$11025 = P\left(1+\frac{5}{100}\right)^2$$

$$P = \frac{11025\times100\times100}{105\times105}$$

$$\boxed{A = 10000 \text{ રૂા.}}$$

(iii) કેટલા ટકા વાર્ષિક ચક્રવૃધ્ધિ વ્યાજના દરે 2 વર્ષમાં રૂા. 625 મુકતા મુદ્દતના અંતે રૂા. 676 થાય ?

$$A = P\left(1+\frac{R}{100}\right)^N$$

$$676 = 625\left(1+\frac{R}{100}\right)^2$$

$$\therefore \frac{676}{625} = \left(\frac{100+R}{100}\right)^2$$

$$\therefore \left(\frac{26}{25}\right)^2 = \left(\frac{100+R}{100}\right)^2$$

$$\therefore \frac{26}{25} = \frac{100+R}{100} \quad \therefore \frac{26\times100}{25} = 100+R$$

$$\therefore 104 = 100+R$$

$$R = 104-100$$

$$\boxed{R = 4\%}$$

■ **રીત નં. 4 :**

● સાદાવ્યાજ અને ચક્રવૃધ્ધિ વ્યાજનો તફાવત :

સૂત્ર : $\boxed{\text{2 વર્ષ માટે} = \frac{PR^2}{100^2}}$

$$\boxed{\text{3 વર્ષ માટે} = \frac{PR^2(300+R)}{(100)^3}}$$

(i) રૂા. 400 ઉપર 5% વ્યાજના દરે ચક્રવૃધ્ધિ વ્યાજ અને સાદા વ્યાજનો 2 વર્ષની મુદ્દતનો તફાવત કેટલો થાય?

$$\text{તફાવત} = \frac{PR^2}{(100)^2} = \frac{400\times(5)^2}{(100)^2}$$

$$= \frac{400\times5\times5}{100\times100}$$

$$\boxed{\text{તફાવત} = 1 \text{ રૂા.}}$$

(ii) રૂા. 1000 નું 10% લેખે 3 વર્ષના સાદા વ્યાજ અને ચક્રવૃધ્ધિ વ્યાજનો તફાવત શોધો.

$$\text{તફાવત} = \frac{PR^2(300+R)}{(100)^3}$$

$$= \frac{1000\times(10)^2[300+10]}{(100)^3}$$

$$\boxed{\text{તફાવત} = 31 \text{ રૂા.}}$$

● જ્યારે સાદાવ્યાજ અને ચક્રવૃધ્ધિવ્યાજનો તફાવત ર વર્ષનો હોય ત્યારે વ્યાજનો દર તથા મુદ્દલ શોધવો...

સુત્ર : $R = \frac{2\times\text{તફાવત}}{\text{સાદુ વ્યાજ}}\times100, \quad P = \text{તફાવત}\left(\frac{100}{R}\right)^2$

■ **રીત નં. 5 :**

વ્યાજનો દર અલગ અલગ હોય ત્યારે વપરાતું સુત્ર :

$$A = P\left(1+\frac{R_1}{100}\right)^{N_1}\left(1+\frac{R_2}{100}\right)^{N_2}\left(1+\frac{R_3}{100}\right)^{N_3}$$

(i) રૂા. 2000 ઉપર 3 વર્ષ માટે ચક્રવૃધ્ધિ વ્યાજ પ્રથમ વર્ષે 10% બીજા વર્ષે 20%, ત્રીજા વર્ષે 30% વ્યાજના દરે કુલ કેટલુ વ્યાજ થાય ?

$$A = 2000\left(1+\frac{10}{100}\right)\left(1+\frac{20}{100}\right)\left(1+\frac{30}{100}\right)$$

$$= 2000\left(\frac{11}{10}\right)\left(\frac{12}{10}\right)\left(\frac{13}{10}\right)$$

$$= 2\times11\times12\times13$$

$$\boxed{A = 3432 \text{ રૂા.}}$$

$$I = A-P = 3432-2000 = \boxed{1432 \text{ રૂા.}}$$

## પ્રેક્ટીસ માટેના દાખલાઓ :

1. રૂા. 7500 નું 4% લેખે 2 વર્ષનું ચક્રવૃધ્ધિ વ્યાજ મુદ્દલ શોધો.

$$A = P\left(1+\frac{R}{100}\right)^N$$

$$= 7500\left(1+\frac{4}{100}\right)^2$$

$$= 7500\times\frac{104}{100}\times\frac{104}{100}$$

$$\boxed{A = 8112 \text{ રૂા.}}$$

2. રૂા. 8000 નું 2 વર્ષનું 3% લેખે ચ. વ્યાજ શોધો.

$$A = 8000\left(1+\frac{3}{100}\right)^2$$

$$= 8000\times\frac{103}{100}\times\frac{103}{100}$$

$$\boxed{A = 8487.2 \text{ રૂા.}}$$

$$A = A-P = 8487.2-8000$$

$$\boxed{I = 487.2 \text{ રૂા.}}$$

3. રૂા. 2500 નું 10% લેખે 3 વર્ષનું ચ. વ્યાજ કેટલું થાય?

$$A = 2500\left(1+\frac{10}{100}\right)^3$$

$$= 2500 \times \frac{11}{10}\times\frac{11}{10}\times\frac{11}{10}$$

$\boxed{A = 3327.5 \text{ રૂા.}}$

$I = A - P = 3327.5 - 2500$

$\boxed{A = 827.5 \text{ રૂા.}}$

4. રૂા. 4000 નું 15% લેખે 1 વર્ષ 4 માસ નું ચ. વ્યાજમુદ્દલ કેટલું થાય?

$N = 1$ વર્ષ ૪ માસ

$$A = P\left(1+\frac{R}{100}\right)^N\left(1+\frac{R}{3\times100}\right)$$

$$= 4000\left(1+\frac{15}{100}\right)^1\left(1+\frac{15}{3\times100}\right)$$

$$= 4000\times\frac{115}{100}\times\frac{21}{20}$$

$\boxed{A = 4830 \text{ રૂા.}}$

5. રૂા. 10,000 નું 12% લેખે 1 વર્ષ 6 માસ નું ચક્રવૃધ્ધિ વ્યાજ કેટલું થાય?

$$A = 10000\left(1+\frac{12}{100}\right)\left(1+\frac{12}{2\times100}\right)$$

$$= 10000\times\frac{112}{100}\times\frac{106}{100}$$

$= 11872$

$\therefore I = 11872 - 10000$

$= 1872$ રૂ.

6. દર 6 માસે વ્યાજ ઉમેરતા રૂા. 10000 નું 4% લેખે 2 વર્ષનું ચ.વ્યાજ કેટલુ થાય ?

$$A = P\left(1+\frac{R}{200}\right)^{2(N)}$$

$$= 10,000\left(1+\frac{4}{200}\right)^{2(2)}$$

$$= 10,000\left(\frac{51}{50}\right)^4$$

$A = 10824.32$ રૂા.

$I = A - P$

$= 10824.32 - 10,000$

$\boxed{I = 824.32 \text{ રૂા.}}$

7. રૂા. 15000 ને 10% વ્યાજના દરે મૂકતા 1 વર્ષ પછી કેટલી રકમ પરત મળે. (વ્યાજની ગણતરી દર 6 માસે કરવી)

$$A = P\left(1+\frac{R}{200}\right)^{2N}$$

$$= 15000\left(1+\frac{10}{200}\right)^{2(1)}$$

$$= 15000\times\frac{21}{20}\times\frac{21}{20}$$

$\boxed{A = 16537.5}$

16537.50 રૂા. પરત મળે.

8. રૂા. 5000 ના 4% લેખે 1½ વર્ષના ચ.વ્યાજમાં વ્યાજની ગણતરી અર્ધવાર્ષિક તથા વાર્ષિકમાં શું તફાવત છે ?

અર્ધવાર્ષિક ગણતરી :

$$A = 5000\left(1+\frac{4}{200}\right)^{2\left(\frac{3}{2}\right)}$$

$$= 5000\left(\frac{204}{200}\right)^3 = 5000\left(\frac{102}{100}\right)^3$$

$A = 5306.04$ રૂા.

$I = A - P$

$= 5306.04 - 5000$

$\boxed{I = 306.04 \text{ રૂા.}}$

વાર્ષિક ગણતરી :

$$A = 5000\left(\frac{104}{100}\right)\left(\frac{204}{200}\right)$$

$A = 5304$

$I = A - P$

$= 5304 - 5000$

$\boxed{I = 304 \text{ રૂા.}}$

વાર્ષિક અને અર્ધવાર્ષિક વ્યાજમાં 2.04 રૂા. તફાવત છે.

9. જો વ્યાજની ગણતરી દર ત્રણ માસે કરવામાં આવે તો 16000 રૂા. નું 20% લેખે નવ માસનું ચ. વ્યાજ મુદ્દલ કેટલું ?

$$A = P\left(1+\frac{R}{400}\right)^{4N}$$

$$= 16000\left(1+\frac{20}{400}\right)^{4\left(\frac{3}{4}\right)}$$

$$= 16000\times\left(\frac{420}{400}\right)^{3}$$

$$\boxed{A = 18522 \text{ રૂા.}}$$

10. કોઈ રકમનું 5% લેખે 2 વર્ષનું સાદુ વ્યાજ 50 રૂા. થાય છે તો ચ. વ્યાજ શોધો.

સાદુ વ્યાજ $(I) = \frac{PRN}{100}$

એક વર્ષનું વ્યાજ રૂ. 25

રૂ. 25 નું 1 વર્ષનું સાદુ વ્યાજ

$$\therefore I = \frac{25\times5\times1}{100}$$

$$= \frac{5}{4}$$

$$= 1.25$$

વ્યાજમુદ્દલ $= 25 + 1.25 = 26.25$

બે વર્ષનું ચક્રવૃધ્ધિ વ્યાજ $= 25 + 26.25$

$= 51.25$

11. અર્ધવાર્ષિક વ્યાજ ગણતા રૂા. 1200 ના 10% લેખે 1 વર્ષના સાદા વ્યાજ અને ચ.વ્યાજનો તફાવત શોધો.

તફાવત $= \frac{PR^2}{100^2}$

$$= \frac{1200\left(\frac{10}{2}\right)^2}{100^2}$$

$$= \frac{1200\times25}{100\times100}$$

$= 3$ રૂા.

12. રૂા. 15000 નું 2 વર્ષનું સાદુ વ્યાજ અને ચ. વ્યાજનો તફાવત રૂા. 96 છે તો વ્યાજદર શોધો.

તફાવત $= \frac{PR^2}{(100)^2}$

$$R^2 = \frac{96\times100\times100}{15000}$$

$R^2 = 64$ $\quad \boxed{R = 8\%}$

13. 8% લેખે રૂા. 8000 ના સાદા વ્યાજ અને ચક્રવૃધ્ધિ વ્યાજનો તફાવત શોધો. (સમયગાળો = 2 વર્ષ)

તફાવત $= \frac{PR^2}{(100)^2} = \frac{8000\times8\times8}{100\times100}$

$= \boxed{51.2 \text{ રૂા.}}$

14. અમુક રકમ 6 વર્ષના અંતે ચ.વ્યાજે રૂા. 2500 થાય છે અને 4 વર્ષના અંતે રૂા. 1600 થાય છે તો વ્યાજનો દર શોધો.

6 વર્ષ માટે, $2500 = P\left(1+\frac{R}{100}\right)^6$ .....(i)

4 વર્ષ માટે, $1600 = P\left(1+\frac{R}{100}\right)^4$ .....(ii)

સમી (1) અને (2) પરથી

$$\frac{P\left(1+\frac{R}{100}\right)^6}{P\left(1+\frac{R}{100}\right)^4} = \frac{2500}{1600}$$

$$\therefore \left(1+\frac{R}{100}\right)^2 = \frac{25}{16}$$

વર્ગમૂળ લેતાં, $1+\frac{R}{100} = \frac{5}{4}$

$$\therefore \frac{R}{100} = \frac{5}{4} - 1$$

$$\therefore R = \frac{1}{4}\times100$$

$$\therefore \boxed{R = 25\%}$$

15. કઈ રકમનું 2 વર્ષનું 4% લેખે સાદા વ્યાજ અને ચ.વ્યાજનો તફાવત 1 રૂા. થાય ?

તફાવત $= \frac{PR^2}{(100)^2}$

$$1 = \frac{P(4\times4)}{100\times100}$$

$$\boxed{P = 625 \text{ રૂા.}}$$

16. કોઈ રકમ 10% વ્યાજે 3 વર્ષ માટે સાદા વ્યાજ અને ચક્રવૃધ્ધિ વ્યાજ રોકતા બંને વ્યાજનો તફાવત રૂા. 155 મળે છે તો વ્યાજે મુકેલ રકમ શોધો.

$$\text{તફાવત} = \frac{PR^2(300+R)}{(100)^3}$$

$$155 = \frac{P\times(10\times10)(310)}{100\times100\times100}$$

$$P = \frac{155\times1000}{31}$$

$$\therefore \boxed{P = 5000 \text{ રૂા.}}$$

17. ચક્રવૃધ્ધિ વ્યાજ અને સાદા વ્યાજનો વાર્ષિક 8% લેખે 2 વર્ષનો અમુક રકમનો તફાવત રૂા. 128 છે. તો આ રકમ કઈ હશે ?

$$\text{તફાવત} = \frac{PR^2}{(100)^2}$$

$$128 = \frac{P(8\times8)}{100\times100}$$

$$P = \frac{128\times100\times100}{8\times8}$$

$$\boxed{P = 20000 \text{ રૂા.}}$$

18. એક રકમનું 2 વર્ષનું સાદુ વ્યાજ રૂા. 660 તેજ રકમનું ચ. વ્યાજ 696.30 રૂા. છે તો વ્યાજનો દર શોધો.

તફાવત = 696.30 - 660

= 36.30 રૂા.

$$R = \frac{2\times\text{તફાવત}}{\text{સાદુ વ્યાજ}}\times100$$

$$= \frac{2\times363}{10\times660}\times100$$

$$\boxed{R = 11\%}$$

19. એક રકમનું 3 વર્ષ નું ચ. વ્યાજમુદ્દલ રૂા. 800 તથા 4 વર્ષનું ચ. વ્યાજમુદ્દલ રૂા. 840 છે તો વ્યાજદર શોધો.

1 વર્ષનું વ્યાજ 40 રૂા. થાય.

$$I = \frac{PRN}{100} \quad \therefore 40 = \frac{800\times R\times1}{100}$$

$$R = \frac{100\times40}{800}$$

$$\boxed{R = 5\%}$$

20. એક રકમ ચ. વ્યાજે 5 વર્ષમાં બમણી થાય છે તો 8 ગણી કેટલા વર્ષમાં થાય ?

$$A = P\left(1+\frac{R}{100}\right)^5 = 2P$$

$$\therefore \left(1+\frac{R}{100}\right)^5 = 2 \text{ ....}(i)$$

ધારો કે n વર્ષમાં 8 ગણી થાય છે.

$$\therefore P\left(1+\frac{R}{100}\right)^n = 8P$$

$$\therefore \left(1+\frac{R}{100}\right)^n = 2^3 \text{ ....}(ii)$$

સમી. (i) માંથી 2 ની કિંમત 8 માં મૂકતા

$$\left(1+\frac{R}{100}\right)^N = \left[\left(1+\frac{R}{100}\right)^5\right]^3$$

$$\left(1+\frac{R}{100}\right)^N = \left(1+\frac{R}{100}\right)^{15}$$

$$\therefore \boxed{n = 15 \text{ વર્ષ}}$$

15 વર્ષમાં 8 ગણી થાય.

21. એક રકમ ચ. વ્યાજે 4 વર્ષમાં ત્રણ ગણી થાય તો તે કેટલા વર્ષમાં 27 ગણી થશે ?

$$A = P\left(1+\frac{R}{100}\right)^4 = 3P$$

$$\left(1+\frac{R}{100}\right)^4 = 3 \text{ ......}(i)$$

$$P\left(1+\frac{R}{100}\right)^n = 27P$$

$$\therefore \left(1+\frac{R}{100}\right)^n = 3^3 \text{ ......}(ii)$$

સમી. (i) માંથી 3 ની કિંમત (ii) માં મૂકતા,

$$\left(1+\frac{R}{100}\right)^N = \left[\left(1+\frac{R}{100}\right)^4\right]^3$$

$$\left(1+\frac{R}{100}\right)^{N}=\left(1+\frac{R}{100}\right)^{12}$$

$\therefore$ $\boxed{n=12}$ **વર્ષ**

12 વર્ષમાં 27 ગણી રકમ થાય.

22. રૂા. 1250 ની મુદ્દલ 2 વર્ષમાં ચ. વ્યાજે રૂા. 1800 થાય છે તો વ્યાજનો દર શોધો.

$$A=P\left(1+\frac{R}{100}\right)^{N}$$

$$1800=1250\left(1+\frac{R}{100}\right)^{2}$$

$$\therefore \frac{1800}{1250}=\left(\frac{100+R}{100}\right)^{2}$$

$$\therefore \left(\frac{6}{5}\right)^{2}=\left(\frac{100+R}{100}\right)^{2}$$

બંને બાજુ વર્ગમૂળ લેતાં, $\frac{6}{5}\times 100=100+R$

$\therefore 120=100+R$

$\therefore \boxed{R=20\%}$

## પ્રેક્ટીસ માટેના દાખલાઓ :

1. કોઈ રકમ ચક્રવૃધ્ધિ વ્યાજ પર 15 વર્ષમાં બે ગણી થઈ જાય છે તો આ દરથી આ રકમ 8 ગણી કેટલા વર્ષમાં થાય ?
2. 5% વાર્ષિક દરથી 6000 રૂપિયા પર ત્રણ વર્ષનાં અંતમાં ચક્રવૃધ્ધિ વ્યાજ કેટલું થશે ?
3. તે દરે જેના પર 64 રૂપિયા ની રકમ ચક્રવૃધ્ધિ વ્યાજ પર 3 વર્ષોમાં 125 રૂપિયા થઈ જાય.
4. 1000 રૂપિયાનું ચક્રવૃધ્ધિ વ્યાજ 10% ના દરથી કેટલા સમયમાં 210 રૂપિયા થશે.
5. 2000 રૂપિયા પર 3 વર્ષ ને માટે 10% વાર્ષિકના દરથી ચક્રવૃધ્ધિ વ્યાજ બતાવો જ્યારે વ્યાજ વાર્ષિક અપાય.
6. કોઈ રકમ પર 4% વાર્ષિક દરથી ૨ વર્ષનું ચક્રવૃધ્ધિ વ્યાજ તથા સાધારણ વ્યાજનું અંતર 10 રૂપિયા હશે.
7. કોઈ રકમ ચક્રવૃધ્ધિ વ્યાજનાં દરથી 4 વર્ષમાં બમણી થઈ જાય છે. તો કેટલા વર્ષોમાં 8 ગણી થઈ જાય ?
8. ચક્રવૃદ્ધિ વ્યાજે એક રકમનું 5 ટકા લેખે પહેલા વર્ષનું ચક્રવૃદ્ધિ વ્યાજ રૂ. 80 થાય છે. તો બીજા વર્ષનું વ્યાજ કેટલા રૂપિયા થાય ?

   (અ) 88 (બ) 84

   (ક) 85 (ડ) 04
9. એક રકમનું 10 ટકા લેખે પ્રથમ વર્ષનું વ્યાજ 450 છે. તે જ રકમનું બીજા વર્ષનું ચક્રવૃદ્ધિ વ્યાજ ............ રૂપિયા થાય.

   (અ) 445 (બ) 495

   (ક) 95 (ડ) 45
10. રૂ. 1200 ના 5 ટકા દરે 2 વર્ષનું ચક્રવૃદ્ધિ વ્યાજ શોધો.

    (અ) રૂ. 130 (બ) રૂ. 123

    (ક) રૂ. 223 (ડ) રૂ. 143
11. ચક્રવૃદ્ધિ વ્યાજ મુદ્દલ ગણવાનું સૂત્ર ક્યું છે ?

    (અ) $(A)=R\left(1+\frac{P}{100}\right)^{N}$ (બ) $A=\frac{PRN}{100}$

    (ક) $A=P\left(1+\frac{R}{100}\right)^{N}$ (ડ) $A=P\left(1+\frac{N}{100}\right)^{R}$
12. 50,000 રૂપિયા 2 વર્ષ માટે 12 ટકાના દરે સાદા વ્યાજે મુકવા કરતા ચક્રવૃદ્ધિ વ્યાજે મુકતા કેટલું વ્યાજ વધારે મળે ?

    (અ) 2400 રૂપિયા (બ) 600 રૂપિયા

    (ક) 720 રૂપિયા (ડ) 1200 રૂપિયા
13. એક રકમનું પહેલા વર્ષનું વ્યાજ 150 અને બે વર્ષનું ચક્રવૃદ્ધિ વ્યાજ રૂ. 309 થાય છે તો વ્યાજનો દર શોધો.

    (અ) 7 % (બ) 6 %

    (ક) 12 % (ડ) 8 %
14. સહકારી મંડળીમાંથી એક ખેડૂત રૂ. 11,236 , 12 ટકાનાં દરે 1 વર્ષ માટે ચક્રવૃદ્ધિ વ્યાજે લે છે તો મુદ્દતનાં અંતે તેણે કેટલા રૂપિયા ચૂકવવા પડશે ? (વ્યાજ દર 6 માસે ઉમેરાય છે.)

    (અ) 11,236 (બ) 11,336

    (ક) 11,623 (ડ) 11,200

**જવાબો :**

***(1)*** 45 **વર્ષ** ***(2)*** 945.096 ***(3)*** 25% ***(4)*** 2 **વર્ષ** ***(5)*** 662 **રૂ.** ***(6)*** 6250 **રૂ.** ***(7)*** 12 **વર્ષ** ***(8)*** 84 ***(9)*** 495 ***(10)*** 123 **વર્ષ** ***(11)*** $A=P\left(1+\frac{R}{100}\right)^{N}$ ***(12)*** 720 **રૂ.** ***(13)*** 6 % ***(14)*** 12,624.77 **રૂ.**

# 13. નફોખોટ

01. કોઈ વસ્તુનું વેચાણ કરતાં તેની ખરીદ કિંમત કરતા વધારે રકમ મળે ત્યારે નફો થાય અને ઓછી રકમ મળે ત્યારે ખોટ જાય.

02. ખરીદ કિંમતને મૂળ કિંમત કહેવામાં આવે છે.

03. નફો = વેચાણ કિંમત - મૂળ કિંમત,
ખોટ = મૂળ કિંમત - વેચાણ કિંમત

04. $\text{નફાની ટકાવારી} = \frac{\text{નફો રૂમાં}}{\text{મૂળ કિંમત}} \times 100,$

$\text{ખોટની ટકાવારી} = \frac{\text{ખોટ રૂમાં}}{\text{મૂળ કિંમત}} \times 100$

વસ્તુ ખરીદયા બાદ તેમાં કોઈ ખર્ચ કરેલ હોય તો તે ઉમેરતાં પડતર કિંમત (પ.કિ.) મળે છે.
પડતર કિંમત = મૂળ કિંમત + ખર્ચ

■ **રીત નં. 1 :**
નફો અથવા ખોટ ટકાવારીમાં શોધવી.

ઉદા.: (i) રૂા. 4500 નો મોબાઈલ રૂા. 5400 માં વેચતા કેટલા ટકા નફો થાય.

નફો = વેચાણ કિમત - મૂળ કિંમત
= 5400 - 4500 = 900

$\text{નફો (ટકામાં)} = \frac{900}{4500} \times 100 = 20\%$

(ii) રૂા. 2250 ની વસ્તુ રૂા. 1890 માં વેચતાં કેટલા ટકા ખોટ જાય ?

$\text{ખોટ} = 2250 - 1890 = 360,$

$\text{ખોટની ટકાવારી} = \frac{360}{2250} \times 100 = 16\ \%$

(iii) એક વેપારીએ 6 નંગ રૂા. 10 ના ભાવે મોસંબી ખરીદી 4 નંગના રૂા. 6 ના ભાવે વેચતાં તેને કેટલા ટકા નફો કે ખોટ જાય ?

**ટુંકી રીત :**

| નંગ | ભાવ |
|---|---|
| 6 | 10 |
| 4 | 6 |

$= \frac{6 \times 6 - 4 \times 10}{4 \times 10} \times 100$

$= \frac{36 - 40}{40} \times 100 = \frac{-4}{40} \times 100 = -10$

જો જવાબ ધન સંખ્યા હોય તો નફો થાય અને ઋણ સંખ્યા હોય તો ખોટ જાય.

$\therefore$ જવાબ : 10 % ખોટ જાય.

■ **રીત નં. 2 :**
નફો કે ખોટની ટકાવારી પરથી મૂ.કિ. કે વે.કિ. શોધવી.

સુત્ર : $\text{મૂળ કિંમત} = \frac{\text{વેચાણ કિંમત} \times 100}{100 + \text{નફો (ટકા)}}$ અથવા

$\text{મૂળ કિંમત} = \frac{\text{વેચાણ કિંમત} \times 100}{100 - \text{ખોટ (ટકા)}}$

$\text{વેચાણ કિંમત} = \frac{\text{મૂળ કિંમત} \times (100 + \text{નફો})}{100}$

$\text{વેચાણ કિંમત} = \frac{\text{મૂળ કિંમત} \times (100 - \text{ખોટ})}{100}$

ઉદા.: (i) રૂા. 2500 માં ખરીદેલ ટેબલ 15% નફો લઈ વેચતાં કેટલા રૂપિયા ઉપજે ?

$\text{વેચાણ કિંમત} = \frac{2500 \times 115}{100} = 2875$

(ii) રૂા. 7500 ની વસ્તુ 25% ખોટ ખાઈ વેચતાં તેની વેચાણ કિંમત કેટલી થાય ?

$\text{વેચાણ કિંમત} = \frac{7500 \times 75}{100} = 5625$

(iii) એક વસ્તુ રૂા. 1710 માં વેચતાં 14% નફો થાય છે તો તેની મૂળ કિંમત શોધો.

$\text{મૂળ કિંમત} = \frac{1710 \times 100}{114} = 1500$

■ **રીત નં. 3 :**
બે વખત લે-વેચ થતી વસ્તુની મૂળ કિમત કે વેચાણ કિંમત શોધવી.

ઉદા.: (i) નરેશે 30% નફો લઈ રાકેશને સાયકલ વેચે છે. રાકેશે તે સાયકલ 20% ખોટ ખાઈને હરેશને રૂા. 520 માં વેચે છે તો નરેશે તે સાયકલ કેટલામાં ખરીદી હશે.

$520 \times \frac{100}{80} \times \frac{100}{130} = 500$

(ii) રૂા. 570 માં એક વસ્તુ વેચતાં 5% ખોટ જાય તો 5% નફો મેળવવા તે વસ્તુ કેટલામાં વેચવી જોઈએ?

$570 \times \frac{100}{95} \times \frac{105}{100} = 630$

(iii) એક મશીન 10% નફો લઈ વેચતાં રૂા. 5060 ઉપજે છે જો તે મશીન રૂા. 4370 માં વેચ્યું હોય તો કેટલા ટકા નફો કે ખોટ થાય ?

$$મૂળ\ કિંમત = 5060 \times \frac{100}{110} = 4600$$

બીજી વખત વેચતાં થતી ખોટ

$$4600 - 4370 = 230$$

$$ખોટ\ ટકાવારી = \frac{230}{4600} \times 100 = 5\%$$

■ **રીત નં. 4 :**

*વસ્તુની સંખ્યા પરથી નફો કે ખોટની ટકાવારી શોધવી.*

$$સુત્ર : \frac{\textbf{મૂળ કિંમતના નંગ – વેચાણ કિંમતના નંગ}}{\textbf{વેચાણ કિંમતના નંગ}} \times 100$$

ઉદા.: (i) 20 ટેબલ 24 ટેબલની મૂળ કિંમતે વેચતાં કેટલા ટકા નફો કે ખોટ થાય.

$$\frac{24 - 20}{20} \times 100 = \frac{4}{20} \times 100 = 20\%\ નફો\ થાય$$

(2) 32 રમકડાની છાપેલ કિંમતે 40 રમકડા વેચે તો કેટલા ટકા ડિસ્કાઉન્ટ આપ્યું ગણાય ?

$$\frac{32 - 40}{40} \times 100 = \frac{-8}{40} \times 100 = -20\%$$

$\therefore$ 20% **ડિસ્કાઉન્ટ**

## પ્રેક્ટીસ માટેના દાખલાઓ :

1. રૂા. 27.50 માં ખરીદેલ વસ્તુ રૂા. 28.60 માં વેચતા કેટલા ટકા નફો થાય ?

નફો = વેચાણ કિંમત – મૂળ કિંમત

= 28.60 - 27.50

= 1.10

$$\textbf{નફો}\ (\%) = \frac{\textbf{નફો}}{\textbf{મૂ.કિમત}} \times 100$$

$$= \frac{1.10}{27.50} \times 100$$

$$= \boxed{4\%}$$

2. રૂા. 490 માં ખરીદેલ રેડિયો રૂા. 465.50 માં વેચતા કેટલા ટકા ખોટ જાય ?

ખોટ = મૂળ કિંમત – વેચાણ કિંમત

= 490 - 465.50 = 24.5

$$\textbf{ખોટ}\ (\%) = \frac{245}{10 \times 490} \times 100$$

$$= \boxed{5\%}$$

3. એક વસ્તુ 16% નફો લઈ વેચતા 40.60 રૂા. ઉપજે છે તો તેની મૂ.કિંમત શોધો.

$$\textbf{મૂ.કિ.} = \frac{100}{100 + \textbf{નફો}\ (\%)} \times \textbf{વે.કિ.}$$

$$= \frac{100}{116} \times \frac{4060}{100}$$

$$\boxed{\textbf{મૂ.કિ.} = 35\ \textbf{રૂા.}}$$

4. રૂા. 1140 માં ખરીદેલ ઘડીયાળ 5% ખોટ ખાઈને વેચવામાં આવે છે. જો 5% નફો લઈને વેચી હોત તો કેટલા રૂપિયા ઉપજે ?

$$\textbf{વે.કિ.} = \frac{105}{100} \times 1140$$

$$= \boxed{1197\ \textbf{રૂા.}}$$

5. 21 વસ્તુની મૂ.કિ. 18 વસ્તુની વે.કિ. જેટલી થાય છે તો કેટલા ટકા નફો કે ખોટ ગણાય ?

$$\textbf{નફો}\ (\%) = \frac{\textbf{વેચાણ કિંમત – મૂ.કિંમત}}{\textbf{વેચાણ કિમત}} \times 100$$

$$= \frac{21 - 18}{18} \times 100$$

$$= \boxed{16.66\%}$$

6. એક વેપારી 6 નંગના રૂા. 10 ના ભાવે ખરીદી 4 નંગના રૂ. 6 ના ભાવે ચીકુ વેચે તો કેટલા ટકા નફો કે ખોટ થયો ગણાય?

6 10

4 6

$$\frac{36 - 40}{40} \times 100$$

$$= \frac{-4}{40} \times 100 = \boxed{-10\%}$$

10% ખોટ જાય.

7. એક ટેબલ રૂા. 1265 માં વેચતા ઉત્પાદકને 10% નફો, ડિલરને 15% અને વિક્રેતાને 25% નફો મળે છે તો તેની ઉત્પાદન કિંમત કેટલી હશે ?

$$મૂ.કિ. = 1265 \times \frac{100}{110} \times \frac{100}{115} \times \frac{100}{125}$$

$$\boxed{\textbf{મૂ.કિ.} = 800\ \textbf{રૂા.}}$$

8. રૂા. 2090.42 માં ખરીદેલ વસ્તુ રૂા. 2602.58 માં વેચતા કેટલા ટકા નફો થાય ?

નફો = 512.16

$$\textbf{નફો}\ (\%) = \frac{512.16}{2090.42} \times 100$$

$$= \boxed{24.50\%}$$

9. એક સ્કૂટર રૂા. 4700 માં ખરીદી રૂા. 800 રીપેરીંગ ખર્ચ થયો તેણે આ સ્કૂટર થોડા સમય પછી રૂા. 5800 માં વેચ્યુ તો કેટલા ટકા નફો થયો ?

પડતર કિંમત = મૂળ કિંમત + ખર્ચ

$= 4700 + 800$

$= 5500$ રૂા.

નફો $= 5800 - 5500$

$= 300$ રૂા.

નફો $(\%) = \frac{300}{5500} \times 100$

$= \boxed{5.45\%}$

10. એક વેપારીએ 70 કિ.ગ્રા. બટાટા રૂા. 420 માં ખરીદી 1 કિ.ગ્રા.ના 6.50 રૂા.ના ભાવે બધા બટાટા વેચી દીધા તો કેટલા ટકા નફો કે ખોટ થઈ ગણાય ?

1 કિ.ગ્રા. બટાટાના 6.50 રૂા.

70 કિ.ગ્રા. બટાટાના (?)

$= \frac{650 \times 70}{100} = 455$

નફો = વેચાણ કિંમત – મૂળ કિંમત

$= 455 - 420 = 35$

નફો $(\%) = \frac{35}{420} \times 100$

$= \boxed{8.33\%}$

11. શ્યામે રૂા. 375 ના ડઝનના ભાવે 20 ડઝન રમકડા ખરીદે દરેક રમકડું રૂા. 33 ના ભાવે વેચે છે તો તેને કેટલા ટકા નફો થયો ગણાય ?

1 ડઝન રમકડાના 375 રૂા.

20 ડઝન રમકડાના $= 375 \times 20$

$= 7500$ રૂા.

હવે ડઝન ની વેચાણ કિંમત $= 33 \times 12 = 396$ રૂ.

1 ડઝનના 396 રૂા.

20 ડઝનના (?) $= 396 \times 20$

$= 7920$ રૂા.

નફો $= 420$ રૂા.

નફો $(\%) = \frac{420}{7500} \times 100$

$= \boxed{5.6\%}$

12. 100 નારંગી રૂા. 350 ના ભાવે ખરીદી રૂા. 48 ના ડઝનના ભાવે વેચે તો કેટલા ટકા નફો કે ખોટ થઈ ગણાય ?

100 નારંગીના 350 રૂા.

1 નારંગી ના (?) $= \frac{350}{100}$

$= 3.5$ રૂા.

1 નારંગી ના 3.5 રૂા.

12 નારંગી ના (?) $= 3.5 \times 12$

$= 42$ રૂા.

નફો = વેચાણ કિંમત – મૂળ કિંમત

$= 48 - 42 = 6$

નફો $(\%) = \frac{6}{42} \times 100 = \boxed{14.28\%}$

13. રમેશે રૂા. 1400 માં એક સાયકલ ખરીદી 15% ખોટમાં વેચતા તેને કેટલા રૂપિયા મળ્યા હશે.

મૂળ કિંમત = 1400 રૂા.

ખોટ = 15%

વેચાણ કિંમત $= 1400 \times \frac{85}{100}$

$= \boxed{1190 \text{ રૂા.}}$

14. ચિરાગે એક ઘડિયાળ જેની કિંમત રૂા. 400 છે તેને 20% નફો લઈ નીરવને વેચી નીરવે 10% નફો લઈ ચિંતનને વેચે છે તો ચિંતન કેટલામાં તે મળી હશે.

$= 400 \times \frac{120}{100} \times \frac{110}{100}$

$= \boxed{528 \text{ રૂા.}}$

15. પરાગે રૂા. 80,000 માં એક મશીન ખરીદી રૂા. 5000 રંગ રોગાન તથા રીપેરીંગમાં ખર્ચ તથા 1000 રૂા. લાવવાનું ભાડુ થયુ હોય તો 25% નફો મેળવવા કેટલામાં વેચ્યુ હશે?

પ.કિ. $= 80000 + 5000 + 1000$

$= 86000$ રૂા.

વે.કિ. $= 86000 \times \frac{125}{100}$

$= \boxed{107500 \text{ રૂા.}}$

16. એક પ્લોટ માલિકે 15% ખોટમાં રૂા. 18700 લઈ પ્લોટ વેચી દીધો. જો તેણે 15% નફો લઈ આ પ્લોટ વેચ્યો હોત તો તેને કેટલા રૂપિયા મળ્યા હોત ?

વેચાણ કિંમત $= 18700 \times \frac{100}{85} \times \frac{115}{100}$

$= 25300$ રૂા.

17. એક ફળ વેચનારને રૂા. 9 ભાવે ચીકુ વેચતા 20% ખોટ જાય છે. કઈ કિંમતે વેચવાથી તેને 5% નફો થયો હતો.

માંગેલ કિંમત $= 9 \times \frac{100}{80} \times \frac{105}{100}$

$= 11.81$ રૂા.

18. એક દુકાનદારે એક ટ્રાન્ઝીસ્ટર રૂા. 840 માં 20% નફો લઈ તથા બીજો 960 માં 4% ખોટમાં વેચે તો તેને કુલ કેટલા ટકા નફો કે ખોટ ગઈ ગણાય ?

મૂળ કિંમત $= \frac{840 \times 100}{120}$ (પ્રથમ ટ્રાન્ઝીસ્ટર)

$= 700$ રૂા.

મૂળ કિંમત $= \frac{960 \times 100}{96}$ (બીજું ટ્રાન્ઝીસ્ટર)

$= 1000$ રૂા.

કુલ મૂ.કિ. $= 1000 + 700$

$= 1700$ રૂા.

કુલ વે.કિ. $= 840 + 960$

$= 1800$ રૂા.

નફો (%) $= \frac{100}{1700} \times 100$

$= \boxed{5.88\%}$

19. એક વસ્તુની મૂ.કિ. અને વેચાણ કિંમતનું પ્રમાણ 4:5 છે. તો નફાનું ટકાવારી શોધો.

મૂ.કિ. = 4x રૂા.

વે.કિ. = 5x રૂા.

નફો = x રૂા.

નફો (%) $= \frac{x}{4x} \times 100 = \boxed{25\%}$

20. એક વસ્તુ વેચતા 20% નફો થાય છે તો તે વસ્તુ બે ગણી કિંમતમાં વેચવામાં આવે તો કેટલા ટકા નફો થયો ગણાય ?

ધારો કે વસ્તુની મૂળ કિંમત 100 રૂા. છે.

વેચાણ કિંમત $= 100 \times \frac{120}{100}$

$= 120$

બે ગણી કિંમતમાં વેચતા 240 રૂા.

નફો (%) $= \frac{140}{100} \times 100$

$= \boxed{140\%}$

21. એક માણસે 16 નંગના રૂા. 24 ના ભાવે ફળ ખરીદી 8 નંગના રૂા. 18 ના ભાવે વેચ્યા તો કેટલા ટકા નફો થયો ગણાય ?

$$\begin{matrix} 16 & 24 \\ 8 & 18 \end{matrix} \quad = \frac{(16)\,(18) - (24)\,(8)}{24 \times 8} \times 100$$

$$= \frac{288 - 192}{192} = 100$$

$$= \frac{96}{192} \times 100$$

$\boxed{\text{નફો } (\%) = 50\%}$

22. એક વસ્તુ પર ખરીદનારને ઉત્પાદક, ડીલર અને વિક્રેતા તરફથી અનુક્રમે 20%, 10% અને 5% ડિસ્કાઉન્ટ મળે છે તો ખરેખર કેટલુ ડિસ્કાઉન્ટ મળ્યુ હશે ?

ધારો કે વસ્તુની મૂ. કિ. 100 રૂા. છે.

વેચાણ કિંમત $= 80 \times \frac{90}{100} \times \frac{95}{100}$

$= \frac{6840}{100} = 68.4$

ડિસ્કાઉન્ટ $= 100 - 68.4$

$= \boxed{31.6\%}$

23. 8 પેનની વે.કિ. 12 પેનની મૂ.કિ. જેટલી છે તો કેટલા ટકા નફો મળ્યો ગણાય ?

નફો (%) $= \frac{12 - 8}{8} \times 100$

$= \boxed{50\%}$

24. 33 મીટર કાપડ વેચતા 11 મીટર કાપડની મૂ.કિ. જેટલો નફો થાય છે. તો કેટલા ટકા નફો ગણાય ?

નફો (%) $= \frac{11}{33} \times 100$

$\boxed{\text{નફો } (\%) = 33.33\%}$

25. બે અલગ અલગ ડિસ્કાઉન્ટ મળવાથી રૂા. 150 ની કિંમતનો શર્ટ રૂા. 105 માં મળે છે. જો બીજા નંબરનુ ડિસ્કાઉન્ટ 12.5% હોય તો પ્રથમ કેટલું ડિસ્કાઉન્ટ મળ્યુ હશે ?

$$105 = 150 \times \frac{100 - x}{100} \times \frac{87.5}{100}$$

$$\therefore \frac{105 \times 100 \times 100}{150 \times 87.5} = 100 - x$$

$$\therefore 80 = 100 - x$$

$\therefore x = 20$

પ્રથમ ડિસ્કાઉન્ટ 20%

26. એક પેન રૂ. 15 માં વેચતા મૂળ કિંમત ના છઠ્ઠા ભાગની ખોટ જાય છે તો તે વસ્તુની મૂળ કિંમત શોધો.

વેચાણ કિંમત $= 15$ રૂા.

મૂળ કિંમત $x$ છે.

ખોટ = મૂળ કિંમત – વેચાણ કિંમત

$$\frac{x}{6} = x - 15$$

$\therefore x = 6x - 90$

$\therefore 90 = 6x - x$

$\therefore 90 = 5x$

$\boxed{x = 18}$

વસ્તુની મૂ.કિ. 18 રૂા. હોય

27. એક વ્યક્તિ 1 રૂપિયાની 3 ચોકલેટ ખરીદે છે તો તેણે 50% નફો મેળવવા 1 રૂપિયાની કેટલી ચોકલેટ વેચવી જોઈએ ?

1 ચોકલેટની મૂળ કિંમત $= \frac{1}{3}$ રૂા.

$\therefore$ 1 ચોકલેટની વેચાણ કિંમત $= \frac{150}{100} \times \frac{1}{3}$

$= \frac{1}{2}$ રૂપિયા

$\frac{1}{2}$ રૂપિયાની 1 ચોકલેટ વેચાય

1 રૂપિયાની કેટલી ચોકલેટ વેચાય ?

$= 1 \div \frac{1}{2} = \boxed{2}$ ચોકલેટ

28. એક વસ્તુ 12% ખોટમાં વેચતા રૂા. 51.70 મળે છે તો મૂળ કિંમત શોધો.

મૂળ કિંમત $= 51.70 \times \frac{100}{88}$

**મૂ.કિ. = 58.75% રૂા.**

29. એક વ્યક્તિ બે અલગ અલગ ફલેટ પૈકી દરેક રૂા. 6,75,958 માં વેચે છે એક ફલેટમાં 16% નફો થાય છે તથા બીજા ફલેટમાં 16% ખોટ જાય છે. તો આ સોદામાં ખરેખર કેટલા રૂપિયા નફો કે ખોટ ગણાય ?

પ્રથમ ફલેટની મૂળ કિંમત $= \frac{100}{116} \times 675958$

$= 582722.41$

બીજા ફલેટની મૂળ કિંમત $= \frac{100}{84} \times 675958$

$= 804711.90$

બંને ફલેટની મૂળ કિંમત $= 1387434.31$

બંને ફલેટ વેચાણ કિંમત $= 675958 \times 2 = 1351916$

ખોટ $= 1387434.31 - 1351916$

$= 35518.31$

30. કયો સોદો ટકાવારીની દૃષ્ટિએ સારો :

(1) રૂા. 36 ની વસ્તુ 17 માં વેચતા

(2) રૂા. 50 ની વસ્તુ 24 માં વેચતા

(3) રૂા. 40 ની વસ્તુ 19 માં વેચતા

(4) રૂા. 60 ની વસ્તુ 29 માં વેચતા

રૂા. 36 ની વસ્તુ 17 માં વેચતા ખોટ = 19 રૂા.

ટકામાં ખોટ $= \frac{19}{36} \times 100$

$= 52.77\%$

રૂા. 50 ની વસ્તુ 24 માં વેચતા ખોટ = 26 રૂા.

ટકામાં ખોટ $= \frac{26}{50} \times 100$

$= 52\%$

રૂા. 40 ની વસ્તુ રૂા. 19 માં વેચતા ખોટ = 21 રૂા.

ટકામાં ખોટ $= \frac{21}{40} \times 100$

$= 52.5\%$

રૂા. 60 ની વસ્તુ 29 માં વેચતા ખોટ = 31 રૂા.

ટકામાં ખોટ $= \frac{31}{60} \times 100$

$= 51.66\%$

સૌથી ઓછી ખોટ 51.66% થાય છે તો છેલ્લો સોદો સૌથી સારો ગણાય.

31. રૂા. 70 ની વસ્તુ પર 70 પૈસા નફો મળે તો કેટલા ટકા નફો ગણાય.

70 **રૂા.** = 7000 **પૈસા**

$\therefore$ **નફો** $(\%) = \frac{70}{7000} \times 100$

$= \boxed{1\%}$

32. એક વેપારીએ 22½ % નફો લઈ વસ્તુ વેચતા રૂા. 392 ઉપજ્યા તો નફો કેટલો ગણાય ?

મૂ.કિ. $= \frac{100}{122.5} \times 392 = 320$ **રૂા.**

નફો $=392-320=72$ રૂા.

33. કોઈ વસ્તુની વે.કિ. તેની મૂળ કિંમત કરતા $\frac{4}{3}$ ગણી છે તો કેટલા ટકા નફો ગણાય ?

ધારો કે મૂળ કિંમત $= 300$ રૂા. છે.

$\therefore$ **વેચાણ કિંમત** $=300\times\frac{4}{3}=400$

$\therefore$ **નફો** $=100$ **રૂા.**

**નફો** $(\%)=\frac{100}{300}\times100$

$=\boxed{33.33\%}$

34. સેલટેક્ષ ઉમેરેલ એક વસ્તુની વેચાણ કિંમત રૂા. 616 છે. જો તેમાં 10% સેલટેક્ષ તથા 12% નફો ઉમેરેલ હોય મૂ.કિ. શોધો.

મૂ.કિ. $=616\times\frac{100}{110}\times\frac{100}{112}$

**મૂ.કિ.** $=\boxed{500 \text{ રૂા.}}$

35. મહેશે અમુક કિંમતમાં સ્કૂટર ખરીદયું તેણે 10% રીપેરીંગ ખર્ચ કરી રૂા. 1100 નફો લઈ વેચ્યુ આ સોદમાં 20% નફો થયો હોય તો રીપેરીંગ ખર્ચ શોધો.

રૂા. 20 નફો થયો ત્યારે મૂળ કિંમત = 100 રૂા.

1100 રૂા. નફો થયો ત્યારે મૂળ કિંમત = (?)

$=\frac{1100\times100}{20}=5500$ **રૂા.**

110 પડતર કિંમત હોય તો 10 રૂા. ખર્ચ

5500 પડતર કિંમત હોય તો કેટલો ખર્ચ

$=\frac{5500\times10}{110}$

$=\boxed{500 \text{ રૂા.}}$

36. 5 ડઝન પેનની ખરીદી પર 1 ડઝન પેન ફ્રી મળે તો કેટલા ટકા ડિસ્કાઉન્ટ ગણાય.

60 નંગ પેન પર 12 નંગ ડિસ્કાઉન્ટ

$\therefore$ 100 નંગ પેન પર કેટલું ?

$\frac{100}{60}\times12=\boxed{20\%}$

37. એક માણસે 18 પલંગ રૂા. 16800 માં વેચતા 3 પલંગની મૂ.કિ. જેટલો નફો થાય છે તો પલંગની મૂ.કિ. શોધો.

18 પલંગની વે.કિ. = 21 પલંગની મૂ.કિ.

$16800=21\times1$ પલંગની મૂ.કિ.

$\frac{16800}{21}=$ પલંગની મૂ.કિ.

રૂા. 800 પલંગની મૂ.કિ.

38. એક વ્યક્તિએ 2 ડઝન કેળા રૂા. 16ના ડઝનના ભાવે ખરીધ્યા. તેણે 18 નંગ રૂા. 12ના ડઝનના ભાવે વેચી બાકીના કેળા ડઝનના ભાવમાં રૂા. 4નો ઘટાડો કરી વેચતા કેટલા ટકા ખોટ જાય ?

2 ડઝન કેળાની મૂ.કિ. =32 રૂા.

18 નંગ રૂા. 12ના ડઝનના ભાવે વેચતા મળતી રકમ =18 રૂા.

બાકીના 6 નંગ રૂા. 4નો ઘટાડો કરી રૂા. 8ના ડઝનના ભાવે વેચતા મળતી રકમ =4 રૂા.

24 નંગ કેળાની વે.કિ. =22 રૂા.

ખોટ = 32 - 22 =10 રૂા.

**ખોટ** $(\%)=\frac{10}{32}\times100=\boxed{31.25\%}$

## વધારે પ્રેક્ટીસ માટેના દાખલાઓ :

1. ડીઝલ 1.70 રૂપિયા લીટર થી 2.04 રૂપિયા પ્રતિ લિટર થઈ જાય છે. તો તેના મુલ્યમાં કેટલા ટકાની વૃધ્ધિ થઈ ?
2. 9 વસ્તુઓની ખરીદ કિંમત 10 વસ્તુઓના વેચાણ કિંમત બરાબર છે તો થતો લાભ કે ખોટ ટકાવારીમાં બતાવો.
3. 95 ના 10% કેટલા થાય ?
4. જો કોઈ વસ્તુની ઉત્પાદન કિંમત : વેચાણ કિંમત = 4:3 તો, વસ્તુ પર થતો લાભ કે નુકસાન ટકામાં બતાવો.
5. 200 નાં 125% + 350 ના 36% = ?
6. એક વ્યાપારી અંકિત મુલ્ય પર 15% ની છુટ આપે છે. તે પોતાના માલ પર ખરીદ કિંમતથી કેટલા ટકા વધારે અંકિત કરે તો તેનો 19% લાભ થાય.
7. એક વ્યક્તિ 1 રૂપિયામાં 8 લીંબુ ખરીદે છે. હવે તેણે 1 રૂપિયામાં કેટલા લીંબુ વેચવાથી તેને 60% લાભ થાય ?
8. 20% ખોટ ખાઈને એક ટેબલ 1600 રૂપિયામાં વેચ્યું 15% લાભ મેળવવા માટે તેને કેટલામાં વેચવું જોઈએ ?
9. એક છત્રીની કિંમત 80 રૂપિયા છે. પરંતુ 65 રૂપિયામાં વેચવામાં આવે તો આપેલ ડિસ્કાઉન્ટની ટકાવારી શોધો.
10. સંજયે એક રેડિયો 500 રૂપિયામાં ખરીધ્યો તેણે મુકેશને 5% ના લાભથી વેચી દીધો. થોડા સમય પછી મુકેશે તેને 5% ની ખોટ પર ફરી સંજને વેચી દીધો. ત્યારે સંજયને કેટલું લાભ કે નુકસાન થશે ?
11. એક રૂપિયામાં 12 સંતરા વેચીને એક આદમી 20% નુકશાન ઉઠાવે છે. 25% લાભ મેળવવા માટે તે આદમી એક રૂપિયામાં કેટલાં સંતરા વેચશે.
12. એક બળદ 10% ખોટથી વેચાયો જો તેને 70 રૂપિયાના વધારાથી વેચવામાં આવ્યો હોય તો તેમાં 4 ટકા લાભ થયો હતો. તો બતાવો કે બળદને કેટલામાં વેચવામાં આવ્યો હતો.

13. એક દુકાનદાર 10% કમીશન થી છાપેલ કિંમત રાખે છે. છતાં પણ 25% લાભ થાય છે એ વસ્તુની ઉત્પાદન કિંમત નક્કી કરો જેની છાપેલી કિંમત 50 રૂપિયા છે.

14. જો 5 જામફળની ઉત્પાદન કિંમત 4 જામફળની વેચાણ કિંમતની બારબર છે. લાભની ટકાવારી બતાવો.

15. જો 16 વસ્તુઓની ખરીદ કિંમત 12 વસ્તુઓના વેચાણ કિંમતને બરાબર છે તો લાભ ટકામાં બતાવો.

16. કોઈ રમકડાને 90 રૂપિયામાં વેચવાથી થતો લાભ અને તેને 60 રૂપિયામાં વેચવાથી થતા નુકસાનની ટકાવારી બરાબર છે. તો રમકડાની મૂળ કિંમત શોધો.

17. જો બટાકાનો ભાવ 25 ઘટી જાય છે તો કોઈ વ્યક્તિ 100 રૂપિયામાં 6.25 કિલો વધુ બટાકા ખરીદી શકે છે તો બટાકાનો ઘટેલો ભાવ છે.

18. એક દુકાનદાર પોતાના સામાન પર ખરીદ કિંમત કરતા 20% વધુ ભાવ છાપે છે તથા છાપેલ ભાવ પર 15% ની છુટ આપે છે. તો તેને કેટલા ટકા લાભ થાય ?

19. 28 રૂપિયા 11 કેરી ખરીદીને 28 રૂપિયામાં 9 કેરીના ભાવે વેચે તો કેટલા ટકા લભા થશે ?

20. એક મકાન વેચતાં 2% લેખે દલાલીની રકમ રૂા. 530 મળે તો મકાનની વેચાણ કિંમત શું હશે ?

21. 20 વસ્તુઓની ખરીદ કિંમત 15 વસ્તુઓના વેચાણ કિંમત બરાબર છે તો વેપારમાં લાભની ટકાવારી કેટલી ?

22. એક વ્યક્તિ બે ઘોડામાંથી દરેકને 7820 રૂપિયામાં વેચે છે એક પર તેને 15% ફાયદો અને બીજા પર તેને 15% ખોટ જાય છે તો વેપારમાં તેની કુલ ખોટ કે લાભ શું હશે ?

23. એક વેપારી 10 રૂપિયામાં 6 ચોકલેટ ખરીદી તેને 5 રૂપિયામાં 2 ના દરથી વેચે છે. તો તેને કેટલા ટકા લાભ થશે ?

24. કોઈ વસ્તુની ખરીદ કિંમત 153 રૂપિયા છે. તેના પર કેટલી કિંમત છાપવામાં આવે તો 10% ડિસ્કાઉન્ટ પર વેચવાથી 63 રૂા. નફો થાય.

25. જો મને 70 રૂપિયામાં 70 પૈસાનો લાભ થાય છે. તો મારો લાભ કેટલા ટકા કહેવાય.

26. કોઈ વસ્તુની ખરીદ કિંમતમાં કેટલા ટકા વધારીને તેનો ભાવ છાપવામાં આવે તો ગ્રાહકોને 5% છુટ આપીને પણ 33% ફાયદો થાય.

27. એક મશીન 10% લાભથી વેચ્યું, જો તેને 80 રૂપિયા ઓછામાં વેચ્યુ હોય તો 10% ની ખોટ જાય તો મશીનની ખરીદ કિંમત શું છે ?

28. એક ટાઈપરાઈટરને 9243.50 રૂપિયા પડતર કિંમતથી ખરીધ્યુ તેની છાપેલી કિંમત 9730 રૂપિયા હતી. ટાઈપરાઈટર પર આપેલ છુટની ટકાવારી શું છે ?

29. રેડીમેઈડ શર્ટની એક દુકાનમાં 20 ટકા વળતર આપવામાં આવે છે. ક્રિશ એ દુકાનમાંથી રૂ. 600 ની છાપેલી કિંમતવાળા 10 શર્ટ ખરીદે છે. એ તમામ શર્ટ કાવ્યાને રૂ. 5500 માં વેચી દે છે. તો તેને શર્ટદીઠ કેટલા રૂપિયા નફો કે ખોટ થાય ?

(અ) 700 રૂ. નફો | (બ) 50 રૂ. ખોટ
(ક) 70 રૂ. નફો | (ડ) 500 રૂ. ખોટ

30. સરસ્વતીચંદ્ર પોતાની સાયકલ રૂ. 7200 /-માં વેચે છે તો તેને 20 ટકાની ખોટ જાય છે. તેનાં બદલે 20 ટકા નફો મેળવવો હોય તો કેટલા રૂપિયા વેચવી જોઈએ ?

(અ) રૂ. 10,800 | (બ) 8950
(ક) રૂ. 11,200 | (ડ) ગણતરી શક્ય નથી.

31. એક વ્યક્તિ એક વસ્તુને 20 ટકા નફા પર વેચે છે પરંતુ વાસ્તવમાં તેણે તે વસ્તુને 20 ટકા ખોટ પર રૂ. 480 માં વેચી છે. તો આ નફો પ્રાપ્ત કરવા માટે તેણે આ વસ્તુને કેટલા રૂપિયામાં વેચવી જોઈતી હતી ?

(અ) 350 | (ક) 720
(ક) 840 | (ડ) 600

32. જો ચોખાનો અમુક જથ્થો 11 રૂ. પ્રતિ કિગ્રા વહેંચવાથી 10 ટકાનો લાભ થાય છે. જો કુલ લાભ રૂ. 50 હોય તો, કેટલા કિગ્રા ચોખા વહેંચ્યા હશે ?

(અ) 100 કિગ્રા | (બ) 60 કિગ્રા
(ક) 50 કિગ્રા | (ડ) 80 કિગ્રા

33. રૂ. 340 માં ખરીદેલી ખુરશી પર ખરાજાત રૂ. 30 છે. આ ખુરશી રૂ. 405 માં વેચતાં કેટલા રૂપિયા નફો થાય ?

(અ) 50 | (બ) 53
(ક) 65 | (ડ) 35

34. તે શર્ટનું મૂલ્ય શું હશે જેને 25 ટકા નફામાં વેચવાથી રૂ. 2500 મળે ?

(અ) રૂ. 1250 | (બ) રૂ. 1750
(ક) રૂ. 2000 | (ડ) રૂ. 2425

35. ક્યું સૂત્ર સાચું નથી ?

(અ) ખરાજાત = મૂ.કિં. - વે.કિં.
(બ) નફો = વે. કિં. - પ. કિ.
(ક) ખોટ = પ. કિં. - વે. કિં.
(ડ) પ.કિં. = મૂ.કિંમ. + ખરાજાત

36. એક વેપારી એક પુસ્તક રૂ. 42 માં વેચતાં 40 ટકા નફો મેળવે છે, તો તેણે 50 ટકા નફો મેળવવા તે પુસ્તક કઈ કિંમતે વેચવું જોઈએ ?

(અ) રૂ. 42.50 | (બ) રૂ. 43.50
(ક) રૂ. 45 | (ડ) રૂ. 46

37. કોઈ એક વસ્તુની છાપેલી કિંમત પર ગ્રાહકોને 5 ટકા વટાવ આપવામાં આવે છે. એક વ્યક્તિ એક વસ્તુ રૂ. 76 માં ખરીદે છે, તો તે વસ્તુની છાપેલી કિંમત શું હશે ?

(અ) 81 | (બ) 80

(ક) 80.50 (ડ) 86

38. એક વસ્તુ એક રૂપિયામાં વેચવાથી 15 ટકા ખોટ જાય છે, તો તેનાથી બમણી કિંમતે વેચવાથી ....... ટકા નફો થાય ?

(અ) 15 (બ) 50

(ક) 70 (ડ) 30

39. જો કોઈ વસ્તુને 270 માં વેચવાથી 10 ટકાનો લાભ થાય છે, તો તે વસ્તુની ખરીદ કિંમત કેટલી હશે ?

(અ) રૂ. 245.45 (બ) રૂ. 297

(ક) રૂ. 260 (ડ) રૂ. 280

40. રૂ. 460 માં વસ્તુ વેચતાં 15 ટકા નફો થાય છે તો વસ્તુની પડતર કિંમત ?

(અ) રૂ. 200 (બ) રૂ. 300

(ક) રૂ. 400 (ડ) રૂ. 500

41. રૂ. 50 માં ખરીદેલી વસ્તુ રૂ. 65 વેચતા ....... નફો થાય.

(અ) 5 ટકા (બ) 10 ટકા

(ક) 15 ટકા (ડ) 30 ટકા

42. રૂ. 80 માં ખરીદેલી વસ્તુ અડધી કિંમતે વેચતાં ...... ખોટ થાય.

(અ) 10 ટકા (બ) 20 ટકા

(ક) રૂ. 30 ટકા (ડ) 50 ટકા

43. એક વસ્તુ રૂ. 84 માં વેચતા 25 ટકા ખોટ જાય છે તો વસ્તુની ખરીદ કિંમત ?

(અ) રૂ. 75 (બ) રૂ. 9

(ક) રૂ. 112 (ડ) રૂ. 109

44. એક ટેબલ રૂ. 365 માં ખરીદાયું અને તેનો મરામત ખર્ચ રૂ. 25 થયો. ત્યારબાદ તે ટેબલ રૂ. 420 માં વેચાયું તો કેટલા ટકા નફો થયો ?

(અ) 15 ટકા (બ) 7.69 ટકા

(ક) 25 ટકા (ડ) 20 ટકા

45. એક સાઈકલ રૂ. 60 ની ખોટ ખાઈને રૂ. 840 માં વેચી. જો તે સાયકલ રૂ. 1020 માં વેચાય તો તેને કેટલા રૂપિયા નફો થાય ?

(અ) 100 રૂ. (બ) 90 રૂ.

(ક) 110 રૂ. (ડ) 120 રૂ.

46. એક વસ્તુની ખરીદ કિંમત રૂ. 480 છે અને તેની વેચાણ કિંમત 500 રૂ. છે. તો તેને કેટલો નફો થયો હશે ?

(અ) $4\frac{1}{6}$ (બ) $5\frac{1}{2}$

(ક) $7\frac{1}{6}$ (ડ) $8\frac{2}{6}$

47. એક સાઈકલ 450 માં લઈ તેમાં 50 રૂપિયાની મરામત કરાવી 600 રૂપિયામાં વેચી તો કેટલા ટકા નફો થયો ?

(અ) 10 ટકા (બ) 20 ટકા

(ક) 30 ટકા (ડ) 40 ટકા

48. રૂ. 400 ની પડતર કિંમતની વસ્તુ ઉપર કેટલી એમ.આર.પી. રાખી શકાય કે જેથી 12 ટકા વળતર આપવાથી 10 ટકા નફો થઈ શકે ?

(અ) 600 (બ) 448

(ક) 488 (ડ) 500

49. રૂ. 80 ની મૂળકિંમતની વસ્તુ રૂ. 90 માં વેચવાથી ...........

(અ) 12.5 ટકા નફો થાય (બ) રૂ. 10 ખોટ થાય.

(ક) 10 ટકા નફો થાય (ડ) 12.5 ટકા ખોટ થાય.

50. રૂ. 1 લાખનું મશીન ખરીદાયું, રૂ. 20,000 ટ્રાન્સપોર્ટનો ખર્ચ કર્યો અને રૂ. 10,000 મશીન બેસાડવાની મજૂરી આપી તો કુલ મૂડીગત ખર્ચ કેટલો ?

(અ) રૂ. 1,00,000 (બ) રૂ. 1,20,000

(ક) રૂ. 1,10,000 (ડ) રૂ. 1,30,000

51. 5 એકમના ઉત્પાદનની કુલ પડતર રૂ. 300 છે અને છઠ્ઠા એકમના ઉત્પાદન બાદ કુલ પડતર રૂ. 342 થાય તો છઠ્ઠા y t{ LleõÄíles íleÃzílh (marginal cost) કેટલી ?

(અ) રૂ. 57 (બ) રૂ. 60

(ક) રૂ. 42 (ડ) રૂ. 50

52. 5 એકમના ઉત્પાદનમાં અસ્થિર પડતર (Variablc cost) રૂ. 1000 છે. જો સ્થિર પડતર (Fix cost) રૂ. 400 હશે તો 5 એકમથી સરેરાશ પડતર કેટલી ?

(અ) રૂ. 1400 (બ) રૂ. 280

(ક) રૂ. 80 (ડ) રૂ. 200

53. કંપની 'ક્ષ' તેનાં 25 ઉત્પાદનો રૂ. 1200 ની સરેરાશ કિંમતે વેચે છે. જો તેના આ 25 ઉત્પાદનોમાંથી કોઈપણ રૂ. 420 ના ભાવથી નીચે ન વેચાતું હોય અને તેનાં 10 ઉત્પાદનો રૂ. 1000 થી ઓછી કિંમતે વેચાતાં હોય તો સહુથી મોંઘા ઉત્પાદનની સહુથી વધારે કિંમત કેટલી હશે ?

(અ) 7800 (બ) 11,800

(ક) 3900 (ડ) 18,200

54. એક ઉત્પાદક પેઢીની કુલ પડતરમાં કાચામાલનો ખર્ચ 30 ટકા, મજૂરી ખર્ચ 40 ટકા અને અન્ય ખર્ચા 30 ટકા છે. કુલ પડતર પર 20 ટકા નફો ચઢાવીને વેચાણ કિંમત નક્કી કરવામાં આવે છે. કાચો માલ અને મજૂરી ખર્ચમાં અનુક્રમે 20 ટકા અને 25 ટકા ભાવવધારો અને અન્ય ખર્ચામાં 20 ટકા ઘટાડો થાય તો કુલ પડતર પર અગાઉ જેટલો જ નફાનો દર જાળવી રાખવા માટે વેચાણ કિંમતમાં કેટલા ટકા વધારો કરવો જોઈએ ?

(અ) 10 ટકા (બ) 20 ટકા

(ક) 12 ટકા (ડ) 15 ટકા

55. એક વ્યાપારી પાસે 1000 કિ.ગ્રા ખાંડ છે. તેના કેટલાક ભાગને તે 8 ટકા લાભ પર તથા શેષને 18 ટકા લાભ પર વેચી દે છે. આનાથી તેને કુલ ખાંડ પર 14 ટકા લાભ થાય છે. 18 ટકા લાભ પર કેટલી ખાંડ વેચાઈ ગઈ ?

(અ) 400 કિગ્રા (બ) 560 કિગ્રા

(ક) 600 કિગ્રા (ડ) 640 કિગ્રા

56. આકાશ એક ફેન્સી પેન ધરતીને પડતર પર 20 ટકા નફો ચઢાવીને વેચે છે. ધરતી આ જ પેન પોતાની પડતર પર 25 ટકા નફો ચઢાવીને પાતાળને વેચે છે. જો પાતાળ આ પેનના રૂપિયા 75 ચૂકવતો હોય તો આકાશને આ પેન કેટલામાં પડી હશે ?

(અ) રૂપિયા 100 (બ) રૂપિયા 50

(ક) રૂપિયા 80 (ડ) રૂપિયા 55

57. 56 રૂપિયામાં એક પેન વેચતા તેની મૂળકિંમત જેટલા ટકા નફો થયો, તો તેની મૂળ કિંમત કેટલી થશે ?

(અ) 140 (બ) 40

(ક) -140 (ડ) 100

58. ખરીદ કિંમત + ખરાજાત = ............

(અ) નફો (બ) ખોટ

(ક) વેચાણ કિંમત (ડ) પડતર કિંમત

59. એક દુકાનદાર એક ટેબલ રૂ. 5000 માં ખરીદી 4500 માં વેચે છે તો તેના કેટલા ટકા ખોટ ગઈ કહેવાય ?

(અ) 5 % (બ) 8 %

(ક) 10 % (ડ) 12 %

---

**જવાબો :**

(1) 20% (2) 10 % **ખોટ** (3) 9.5 (4) 25 % **ખોટ** (5) 376 (6) ........ (7) 5 **લીંબુ** (8) 230 **રૂ.** (9) 18.75 % (10) 0.25 % **રૂ.** (11) 7.68 **સંતરા** (12) 450 **રૂ.** (13) 36 **રૂ.** (14) 25 % (15) $33\frac{1}{3}\%$ (16) 75 **રૂ.** (17) ....... (18) 2 % (19) 22.22 % (20) 26500 **રૂ.** (21) $33\frac{1}{3}\%$ (22) 2.25% (23) 50% (24) 237.6 **રૂ.** (25) 1 % **લાભ** (26) ..... (27) 400 **રૂ.** (28) 5 % (29) 70 **રૂ. નફો** (30) **રૂ.** 10,800 (31) 720 (32) 50 **કિગ્રા** (33) 35 (34) **રૂ.** 2000 (35) **ખરાજાત = મૂ.કિં.મ. – વે. કિં.** (36) **રૂ.** 45 (37) 80 (38) 70 (39) 245.45 (40) 400 **રૂ.** (41) 30 **ટકા** (42) 50 **ટકા** (43) **રૂ.** 112 (44) 7.69 % (45) 120 **રૂ.** (46) $4\frac{1}{6}$ (47) 20 **ટકા** (48) 500 (49) 12.5% **નફો થાય** (50) **ટકા** 1,30,000 (51) **રૂ.** 42 (52) ....... (53) 11,800 (54) 10 **ટકા** (55) 400 **કિગ્રા** (56) **રૂ.** 50 (57) 40 (58) **પડતર કિંમત** (59) 10 %

# 14. કામ, સમય, મહેનતાણું અને ભાગીદારી

■ **રીત નં. 1 :**

જ્યારે બે વ્યક્તિ અલગ - અલગ કામ કરે તો તે કામ કરવા લાગતો સમય આપ્યો હોય તેના પરથી બંને વ્યક્તિ ભેગા મળી કામ કરે તો કેટલો સમય લાગે તે શોધવાની રીત :

ઉદા.: A વ્યક્તિ એક કામ 10 દિવસમાં તથા B વ્યક્તિ 15 દિવસમાં પુરું કરી શકે છે તો બંને સાથે મળી કામ કરે તો તે કામ કેટલા દિવસમાં પુરું થાય ?

ગણતરી : A વ્યક્તિનું 1 દિવસનું કામ $= \frac{1}{10}$,

B વ્યક્તિનું $= \frac{1}{15}$

$\therefore$ બંનેનું 1 દિવસનું કામ

$$= \frac{1}{10} + \frac{1}{15} = \frac{3}{30} + \frac{2}{30} = \frac{5}{30} = \frac{1}{6}$$

$\therefore$ તે કામ કરતાં લાગતો સમય $= 6$ દિવસ.

■ **રીત નં. 2 :**

જ્યારે બે વ્યક્તિ અમુક દિવસમાં કામ પુરું કરી શકતા હોય તથા એક વ્યક્તિ એકલો અમુક દિવસમાં કામ પુરું કરી શકે તો બીજો વ્યક્તિ એકલો કેટલા દિવસમાં કામ કરી શકે તે શોધવાની રીત.

ઉદા.: A અને B સાથે મળી એક કામ 9 દિવસમાં પુરું કરી શકે છે. A એકલો આ કામ 12 દિવસમાં પુરું કરી શકે છે તો B આ કામ કેટલા દિવસમાં પુરું કરી શકશે ?

ગણતરી: A અને B નું સંયુક્ત એક દિવસનું કામ $= \frac{1}{9}$

A નું 1 દિવસનું કામ $= \frac{1}{12}$

$\therefore$ B નું 1 દિવસનું કામ $= \frac{1}{9} - \frac{1}{12}$

$$= \frac{4}{36} - \frac{3}{36} = \frac{1}{36}$$

$\therefore$ B એકલો તે કામ 36 દિવસમાં પુરું કરી શકે.

■ **રીત નં. 3 :**

જ્યારે ત્રણ વ્યક્તિ વ્યક્તિગત રીતે કોઈ કામ અમુક દિવસમાં પુરું કરી શકતા હોયતો ત્રણેય સાથે મળી કામ કરે તો તે કામ કેટલા દિવસમાં પુરુ થઈ શકે ?

ઉદા.: A વ્યક્તિ એક કામ 8 દિવસમાં, B વ્યક્તિ 10 દિવસમાં તથા C વ્યક્તિ 12 દિવસમાં પુરું કરી શકે છે તો ત્રણેય સાથે મળી કામ કેટલા દિવસામાં પૂર્ણ કરી શકે?

ગણતરી: A નું 1 દિવસનું કામ $= \frac{1}{8}$,

B નું 1 દિવસનું $= \frac{1}{10}$,

C નું 1 દિવસનું કામ $= \frac{1}{12}$

$\therefore$ A, B અને C નું 1 દિવસનું કામ

$$= \frac{1}{8} + \frac{1}{10} + \frac{1}{12}$$

$$= \frac{15}{120} + \frac{12}{120} + \frac{10}{120}$$

$$= \frac{15+12+10}{120} = \frac{37}{120}$$

$\therefore$ A, B અને C ને સાથે મળી કામ કરતાં લગતા

દિવસો $= \frac{120}{37} = 3\frac{9}{37}$

■ **રીત નં. 4 :**

ત્રણ વ્યક્તિ પૈકી બે-બે ના ગ્રુપમાં કામ કરતા અમુક દિવસો લાગે તો ત્રણેય વ્યક્તિ સાથે મળી કામ કરે તો તે કામ કેટલા દિવસમાં પુરું થાય તે શોધવું.

ઉદા.: A અને B સાથે મળી એક કામ 12 દિવસમાં, B અને C સાથે મળી 15 દિવસમાં તથા A અને C સાથે મળી 20 દિવસમાં પૂર્ણ કરી શકે છે તો ત્રણેય સાથે મળી આ કામ કેટલા દિવસમાં પૂર્ણ કરી શકે ?

ગણતરી: A અને B નું 1 દિવસનું $= \frac{1}{12}$

B અને C નું 1 દિવસનું $= \frac{1}{15}$

A અને C નું 1 દિવસનું $= \frac{1}{20}$

$\therefore (A+B)+(B+C)+(C+A)$ નું 1 દિવસનું કામ

$$= \frac{1}{12} + \frac{1}{15} + \frac{1}{20}$$

$\therefore 2(A+B+C)$ નું 1 દિવસનું કામ

$$= \frac{5}{60} + \frac{4}{60} + \frac{3}{60}$$

$$= \frac{12}{60} = \frac{1}{5}$$

$\therefore A+B+C$ નું 1 દિવસનું કામ $= \frac{1}{5\times 2} = \frac{1}{10}$

$\therefore$ ત્રણેય સાથે મળી તે કામ 10 દિવસમાં પુરું કરી શકે.

■ **રીત નં. 5 :**

**બે અથવા ત્રણ વ્યક્તિ સાથે મળી કામ શરૂ કરે અને કોઈ એક કે બે વ્યક્તિ અમુક દિવસ પછી કામ છોડીને જતા રહે તો બાકીનું કામ બાકી રહેલ વ્યક્તિ / વ્યક્તિઓ કેટલા દિવસમાં પુરું કરી શકે તે શોધવું.**

ઉદા.: x અને y એક કામ અનુક્રમે 20 દિવસ અને 12 દિવસમાં પુરું કરી શકે છે. બંનેએ સાથે કામ શરૂ કર્યા બાદ 4 દિવસ પછી y વ્યક્તિ કામ છોડીને જતો રહે છે તો બાકીનું કામ x વ્યક્તિ કેટલા દિવસમાં પુરું કરી શકે ?

ગણતરી: x નું 1 દિવસનું કામ $= \frac{1}{20}$ તથા

y નું 1 દિવસનું કામ $= \frac{1}{12}$

$\therefore$ x અને y નું 1 દિવસનું કામ

$$= \frac{1}{20} + \frac{1}{12} = \frac{3}{60} + \frac{5}{60} = \frac{8}{60}$$

$\therefore$ x અને y નું 4 દિવસનું કામ $= \frac{8}{60} \times 4 = \frac{8}{15}$

$\therefore$ x બાકી રહેલા કામ $= 1 - \frac{8}{15} = \frac{15-8}{15} = \frac{7}{15}$

x ને 1 કામ કરતાં 20 દિવસ લાગે

$\therefore$ x ને $\frac{7}{15}$ કામ કરતો કેટલા દિવસ લાગે

$$= \frac{7}{15} \times 20 = \frac{28}{3} = 9\frac{1}{3} \text{ દિવસ.}$$

■ **રીત નં. 6 :**

**મહેનતાણું વહેંચવાની રીત.**

ઉદા.: A, B અને C એક કામ અનુક્રમે 6, 8 અને 12 દિવસમાં વ્યક્તિગત રીતે પૂર્ણ કરી શકે છે. રૂા. 1350માં ઉચ્ચક કામ રાખી ત્રણેય સાથે મળી કામ કર્યું હોય તો A ને કેટલા રૂપિયા મળે ?

ગણતરી: A નું 1 દિવસનું કામ $= \frac{1}{6}$,

B નું $= \frac{1}{8}$ તથા C નું $= \frac{1}{12}$ થાય.

A, B, C ના 1 દિવસના કામનું પ્રમાણ $= \frac{1}{6} : \frac{1}{8} : \frac{1}{12}$

$= 4 : 3 : 2$

$\therefore$ A, ને મળતી રકમ (મહેનતાણું)

$$= \frac{4}{9} \times 1350 = 600 \text{ રૂપિયા.}$$

■ **રીત નં. 7 :**

**અમુક વ્યક્તિનું જુથ અમુક કામ અમુક દિવસમાં પૂર્ણ કરી શકે તથા બીજા વ્યક્તિઓનું જુથ અમુક કામ અમુક દિવસમાં પૂર્ણ કરી શકે તે માહિતી પરથી ખૂટતી કે માંગેલ માહિતી શોધવી.**

ઉદા.: 40 માણસો 60 વૃક્ષો 8 કલાકમાં વાવી શકે છે તો 32 માણસો 12 કલાકમાં કેટલા વૃક્ષો વાવી શકે ?

ગણતરી: $M_1 D_1 W_2 = M_2 D_2 W_1$

[M = માણસો, D = દિવસો/કલાક, W = કામ]

$$40 \times 8 \times W_2 = 32 \times 12 \times 60$$

$$W_2 = \frac{32 \times 12 \times 60}{40 \times 8} = 72$$

નોંધ: દાખલામાં દિવસો અને કલાક બંને આપેલ હોય તો $M_1 D_1 T_1 W_2 = M_2 D_2 T_2 W_1$ વાપરવું.

**વધારે પ્રેક્ટીસ માટે ના દાખલાઓ :**

01. રમેશને એક કામ કરતા 10 દિવસ અને મહેશને તે જ કામ કરતા 15 દિવસ લાગે છે. જો બંને સાથે મળીને કામ કરે તો તે કામ કેટલા દિવસમાં પુરુ થાય.

$$= \frac{10 \times 15}{10 + 15} = \frac{150}{25} = \boxed{6}$$

બંનેને કામ પુરુ કરતા 6 દિવસ લાગે

02. ચેતનને એક મકાન રંગતા 18 દિવસ લાગે છે હિરેન તે જ કામ ચેતન કરતા અડધા દિવસોમાં પુરુ કરી શકે છે. તો બંને સાથે મળી એક દિવસમાં કેટલુ કામ પુરુ કરી શકે ?

ચેતન - 18 દિવસ

હિરેન - 9 દિવસ

$$= \frac{18 + 9}{18 \times 9}$$

$$= \frac{27}{162} = \boxed{\frac{1}{6} \text{ કામ}}$$

03. નયન, આકાશ અને જનકને એક કામ વ્યક્તિગત રીતે પૂરું કરતા અનુક્રમે 24, 16 અને 12 દિવસ લાગે છે. જો ત્રણેય સાથે મળી કામ કરે તો કેટલા દિવસમાં પૂર્ણ થાય ?

નયનનું 1 દિવસનું કામ $= \frac{1}{24}$

આકાશનું 1 દિવસનું કામ $= \frac{1}{16}$

જનકનું 1 દિવસનું કામ $= \frac{1}{12}$

ત્રણેયનું એક દિવસનું કામ $= \frac{1}{24} + \frac{1}{16} + \frac{1}{12}$

$= \frac{9}{48} = \frac{3}{16}$

તે કામ માટે લાગતો સમય $= \frac{16}{3}$

$= \boxed{5\frac{1}{3} \text{ દિવસ}}$

03. એક ટાયરમાં બે પંચર છે. પ્રથમ પંચરથી ટાયર 9 મીનીટમાં બેસી જાય છે અને બીજા પંચરથી 6 મીનીટરમાં. જો બંને પંચર સાથે પડે તો ટાયર કેટલી મીનીટમાં બેસી જાય ?

$= \frac{9 \times 6}{9 + 6} = \frac{54}{15}$

$= \frac{18}{5} = 3\frac{3}{5}$

3 મીનીટ 36 સેકન્ડમાં ટાયર બેસી જાય.

05. એક કડિયાને એક દિવાલ ચણતા 15 દિવસ તેના પિતાજીને 20 દિવસ અને તેના પુત્રને 25 દિવસ લાગે છે. જો ત્રણેય સાથે મળીને કામ કરે તો કેટલા દિવસમાં પૂર્ણ થાય ?

કડીયાનું 1 દિવસનું કામ $= \frac{1}{15}$

તેના પિતાજીનું 1 દિવસનું કામ $= \frac{1}{20}$

તેના પુત્રનું 1 દિવસનું કામ $= \frac{1}{25}$

ત્રણેય સાથે મળી 1 દિવસનું કામ $= \frac{1}{15} + \frac{1}{20} + \frac{1}{25}$

$= \frac{20 + 15 + 12}{300}$

$= \frac{47}{300}$

તે કામ કરતા લાગતો સમય $= \frac{300}{47}$

$= \boxed{6\frac{18}{47}}$

**06.** મિતેશ એક મશીન 5 દિવસમાં બનાવી શકે છે તેણે તે મશીન તેના કારીગરની સહાય લઈ 3 દિવસમાં બનાવી દીધુ તો કારીગર એકલો કેટલા દિવસમાં બનાવે ?

કારીગરના કામના દિવસો $= \frac{5 \times 3}{5 - 3}$

$= \frac{15}{2}$

$= \boxed{7.5 \text{ દિવસ}}$

**07.** બે સ્ટેશન વચ્ચેનો રેલ્વે ટ્રેક બનાવતા A ને 16 દિવસ, B ને 12 દિવસ લાગે છે. તેઓ C ની સહાય લઈ 4 દિવસમાં ટ્રેક બનાવી દીધો તો એકલો C કેટલા દિવસમાં બનાવી શકે ?

C ને ધારો કે x દિવસ લાગે.

$\frac{1}{16} + \frac{1}{12} + \frac{1}{x} = \frac{1}{4}$

$\therefore \frac{3}{48} + \frac{4}{48} + \frac{1}{x} = \frac{12}{48}$

$\therefore \frac{1}{x} = \frac{12}{48} - \frac{7}{48}$

$\therefore \frac{1}{x} = \frac{5}{48} \quad \therefore x = \frac{48}{5}$

$\therefore \boxed{x = 9.6}$

08. A ને કામ કરતા B કરતા બે ગણા દિવસો લાગે છે. જો બંને સાથે મળી 2 દિવસમાં કામ પૂરુ કરી શકે છે. તો એકલો B આ કામ કેટલા દિવસમાં પૂરુ કરી શકે.

ધારો કે B ને x દિવસ લાગે.

A ને 2x દિવસ લાગે.

$\frac{1}{2x} + \frac{1}{x} = \frac{1}{2}$

$\therefore 1 + 2 = x$

$\therefore \boxed{x = 3}$

09. રોનક 6 કલાકમાં 32 પેજ ટાઈપ કરી શકે. તારક 5 કલાકમાં 40 પેજ ટાઈપ કરી શકે છે. બંને સાથે મળી અલગ અલગ કોમ્પ્યુટર પર 110 પેજ ટાઈપ કરતા કેટલો સમય લાગે ?

રોનક, 32 પેજ ટાઈપ કરતા 6 કલાક

1 પેજ ટાઈપ કરતા કેટલો સમય લાગે ?

$= \frac{6}{32} = \frac{3}{16}$ કલાક

તારક, 40 પેજ ટાઈપ કરતા 5 કલાક

1 પેજ ટાઈપ કરતા $= \frac{5}{40} = \frac{1}{8}$

બંને સાથે મળી, 2 પેજ ટાઈપ કરતા $= \left(\frac{3}{16} + \frac{1}{8}\right)$

$= \frac{3 + 2}{16} = \frac{5}{16}$

$\therefore$ 110 પેજ ટાઈપ કરતા $= \frac{5}{16} \times \frac{110}{2}$

$= \frac{275}{16}$

$= \boxed{17\frac{3}{16} \text{ કલાક}}$

**10.** A અને B સાથે મળી એક કામ 12 દિવસમાં B અને C સાથે મળીને 15 તથા C અને A મળીને 20 દિવસમાં પૂરુ કરે તો ત્રણેય સાથે મળી કેટલા દિવસમાં પૂર્ણ કરી શકે ?

$= 2 \times \frac{12 \times 15 \times 20}{(12 \times 15) + (15 \times 20) + (20 \times 12)}$

$= \frac{12 \times 15 \times 20}{720} \times 2$

$= \boxed{10 \text{ દિવસ}}$

**11.** પંકજ રોજના 8 કલાક કામ કરી 12 દિવસમાં અનિલ રોજના 10 કલાક કામ કરી 8 દિવસમાં એક કામ પૂરુ કરી શકે છે. તે બંને સાથે મળી રોજના 8 કલાક કામ કરી કેટલા દિવસમાં પૂર્ણ કરે ?

પંકજ $= 12 \times 8 = 96$ કલાકમાં કામ પુરં કરે.

અનીલ $= 10 \times 8 = 80$ કલાકમાં કામ પુરં કરે.

1 કલાકનું કામ $= \frac{1}{96} + \frac{1}{80}$

$= \frac{5}{480} + \frac{6}{480}$

$= \frac{11}{480}$

8 કલાકનું કામ $= \frac{11}{480} \times 8$

$= \frac{11}{60}$

લાગતા દિવસ $= \frac{60}{11}$

$= \boxed{5\frac{5}{11} \text{ દિવસ}}$

12. A અને B સાથે મળી 8 દિવસમાં B અને C સાથે મળી 12 દિવસમાં તથા A, B અને C સાથે મળીને એક કામ 6 દિવસમાં પૂરુ કરી શકે તો A અને C કેટલા દિવસમાં પૂરું કરી શકે ?

A અને B નું 1 દિવસનું કામ $= \frac{1}{8}$

B અને C નું 1 દિવસનું કામ $= \frac{1}{12}$

A+B+C નું 1 દિવસનું કામ $= \frac{1}{6}$

C નું 1 દિવસનું કામ $= \frac{1}{6} - \frac{1}{8} = \frac{8-6}{48} = \frac{1}{24}$

A નું 1 દિવસનું કામ $= \frac{1}{6} - \frac{1}{12}$

$= \frac{2-1}{12} = \frac{1}{12}$

A અને C નું 1 દિવસનું કામ $= \frac{1}{24} + \frac{1}{12}$

$= \frac{2-1}{24} = \frac{3}{24}$

$= \boxed{\frac{1}{8} \text{ કામ}}$

બંને સાથે મળી 8 દિવસમાં કામ પૂરું કરે.

**13.** A અને B સાથે મળી 5 દિવસમાં B અને C સાથે મળી 7 દિવસમાં તથા A અને C સાથે મળીને એક કામ 4 દિવસમાં પૂર્ણ કરી શકે તો ત્રણેય પૈકી કોણ ઓછા દિવસમાં કામ પૂર્ણ કરી શકે ?

A અને B નું 1 દિવસનું કામ $= \frac{1}{5}$

B અને C નું 1 દિવસનું કામ $= \frac{1}{7}$

C અને A નું 1 દિવસનું કામ $= \frac{1}{4}$

2 (A + B + C) નું 1 દિવસનું કામ $= \frac{1}{5} + \frac{1}{7} + \frac{1}{4}$

$= \frac{28 + 20 + 35}{140}$

$= \frac{83}{140}$

A + B + C નું 1 દિવસનું કામ $= \frac{83}{280}$

C નું 1 દિવસનું કામ $= \frac{83}{280} - \frac{1}{5}$

$= \frac{83 - 56}{280}$

$=\frac{27}{280}$

A નું 1 દિવસનું કામ $=\frac{83}{280}-\frac{1}{7}$

$=\frac{83-40}{280}$

$=\frac{43}{280}$

B નું 1 દિવસનું કામ $=\frac{83}{280}-\frac{1}{4}$

$=\frac{83-70}{280}$

$=\frac{13}{280}$

$\therefore A$ સૌથી ઓછા દિવસમાં કામ પૂરુ કરી શકે.

**14.** A વ્યક્તિ એક કામ 18 દિવસમાં, B વ્યક્તિ 15 દિવસમાં પૂરુ કરી શકે છે. સાથે મળી કામ શરૂ કર્યા બાદ પાંચ દિવસ પછી B વ્યક્તિ કામ છોડી દે તો બાકીનું કામ A કેટલા દિવસમાં પૂર્ણ કરી શકે ?

A અને Bનું સાથે મળી 1 દિવસમાં કામ $=\frac{1}{18}+\frac{1}{15}$

$=\frac{5+6}{90}$

$=\frac{11}{90}$

$\therefore$ 5 દિવસમાં સાથે કરેલ કામ $=\frac{55}{90}$

બાકીનું કામ $=1-\frac{55}{90}=\frac{35}{90}$

$\therefore A$ ને $\frac{1}{18}$ કામ કરતા 1 દિવસ લાગે.

$\frac{35}{90}$ કામ કરતા કેટલા દિવસ લાગે.

$=\frac{35}{90}\times 18$

$=7$ દિવસમાં પૂરુ કરે.

**15.** x અને y એક કામ અનુક્રમે 20 દિવસ અને 12 દિવસમાં પૂરું કરી શકે છે. x વ્યક્તિ એ કામ શરૂ કર્યા પછી 4 દિવસ બાદ y તેમાં જોડાય છે. તો હવે તે કામ કેટલા દિવસમાં પૂરું થશે ?

x વ્યક્તિનું 1 દિવસમાં કરેલ કામ $=\frac{1}{20}$

$\therefore$ x વ્યક્તિનું 4 દિવસનું કામ $=\frac{4}{20}=\frac{1}{5}$

$\therefore$ બાકી રહેલ કામ $=1-\frac{1}{5}=\frac{4}{5}$

x અને y સાથે મળી 1 દિવસમાં કરેલ કામ $=\frac{1}{20}+\frac{1}{12}$

$=\frac{3+5}{60}=\frac{8}{60}$

$\therefore \frac{8}{60}$ કામ કરતા 1 દિવસ લાગે

$\frac{4}{5}$ કામ કરતા લાગતા દિવસ $=\frac{4}{5}\times\frac{60}{8}$

$=\boxed{6 \text{ દિવસ}}$

**16.** કિરણ એક કામ 3 દિવસમાં તથા મહેશ 2 દિવસમાં પૂરુ કરી શકે છે. જો બંને એ સાથે મળીને કામ પૂરું કર્યું હોય અને કામ પેટે રૂા. 150 મળ્યા હોય તો કિરણને કેટલા રૂપિયા મળે ?

$=150\times\frac{2}{5}=\boxed{60 \text{ રૂા.}}$

કિરણને 60 રૂા. મળે

**17.** એક કામ ચંદ્રકાન્ત 6 દિવસમાં તથા રોહિત 8 દિવસમાં પૂરુ કરી શકે છે. બંને એ ભેગા મળી તે કામ ઉચ્ચક રૂા. 3200 માં રાખી નરેશની મદદ લઈ 3 દિવસમાં પૂરુ કર્યું તો તેઓએ નરેશને કેટલા રૂપિયા ચૂકવ્યા હશે ?

ચંદ્રકાન્તનું 1 દિવસનું કામ $=\frac{1}{6}$

રોહિતનું 1 દિવસનું કામ $=\frac{1}{8}$

બંનેનું 1 દિવસનું કામ $=\frac{1}{6}+\frac{1}{8}=\frac{7}{24}$

નરેશ, ચંદ્રકાન્ત, રોહિતનું 1 દિવસનું કામ $=\frac{1}{3}$

નરેશનું 1 દિવસનું કામ $=\frac{1}{3}-\frac{7}{24}=\frac{1}{24}$

કામનું પ્રમાણ :

| ચંદ્રકાન્ત | : | રોહિત | : | નરેશ |
|---|---|---|---|---|
| $\frac{1}{6}$ | : | $\frac{1}{8}$ | : | $\frac{1}{24}$ |

$\therefore 4:3:1$

નરેશને મળતી રકમ $= 3200 \times \frac{1}{8}$

$= \boxed{400 \text{ રૂા.}}$

**18.** કમલ એક કામ 10 દિવસમાં તથા નયન 15 દિવસમાં કરી શકે છે તેઓ બંને સાથે મળી 5 દિવસ કામ કરે છે બાકીનું કામ હરેશને સોંપે છે. હરેશ તે કામ 2 દિવસમાં પૂર્ણ કરે છે. જો તે કામની કુલ મજૂરી રૂા. 1500 હોય તો કમલ અને નયનને કેટલા રૂપિયા મળે ?

કમલનું 1 દિવસનું કામ $= \frac{1}{10}$

નયનનું 1 દિવસનું કામ $= \frac{1}{15}$

બંને નું 1 દિવસનું કામ $= \frac{1}{10} + \frac{1}{15}$

$= \frac{3+2}{30}$

$= \frac{5}{30} = \frac{1}{6}$

5 દિવસમાં કરેલ કામ $= 5 \times \frac{1}{6} = \frac{5}{6}$

બાકી રહેલ કામ $= 1 - \frac{5}{6} = \frac{1}{6}$

2 દિવસમાં હરેશ $\frac{1}{6}$ કામ કરશે.

$\therefore$ 1 દિવસમાં કરેલ કામ $= \frac{1}{6 \times 2} = \frac{1}{12}$

ત્રણેયનું કામનું પ્રમાણ

| કમલ | : | નયન | : | હરેશ |
|---|---|---|---|---|
| $\frac{1}{10}$ | : | $\frac{1}{15}$ | : | $\frac{1}{12}$ |

$\therefore 6 : 4 : 5$

કમલને મળતી રકમ $= 1500 \times \frac{6}{15} = 600$

નયનને મળતી રકમ $= 1500 \times \frac{4}{15} = 400$

બંને ને મળતી રકમ $= 600 + 400 = 1000$

**19.** A અને B વ્યક્તિ એ એક કામ રૂા. 600માં ઉચ્ચક રાખેલ છે. A એકલો તે કામ 6 દિવસમાં તથા B એકલો 8 દિવસમાં પૂરુ કરી શકે છે. તે બંનેએ Cની મદદ લઈ તે કામ 3 દિવસમાં પૂર્ણ કર્યું તો દરેકને ભાગે કેટલી રકમ આવશે?

A નું 1 દિવસનું કામ $= \frac{1}{6}$

B નું 1 દિવસનું કામ $= \frac{1}{8}$

A અને B નું 1 દિવસનું કામ $= \frac{1}{6} + \frac{1}{8}$

$= \frac{4+3}{24} = \frac{7}{24}$

ત્રણેયનું 1 દિવસનું કામ $= \frac{1}{3}$

$\therefore$ C નું 1 દિવસનું કામ $= \frac{1}{3} - \frac{1}{24}$

$= \frac{8-7}{24} = \frac{1}{24}$

કામનું પ્રમાણ

| A | : | B | : | C |
|---|---|---|---|---|
| $\frac{1}{6}$ | : | $\frac{1}{8}$ | : | $\frac{1}{24}$ |

$\therefore 4 : 3 : 1$

Aને મળતી રકમ $= 600 \times \frac{4}{8} = 300$ રૂા.

B ને મળતી રકમ $= 600 \times \frac{3}{8} = 225$ રૂા.

C ને મળતી રકમ $= 600 \times \frac{1}{8} = 75$ રૂા.

20. 20 સ્ત્રીઓ એક કામ 16 દિવસમાં કરી શકે છે. 16 પુરુષો તે કામ 15 દિવસમાં પુરું કરી શકે છે તો પુરુષો અને સ્ત્રીઓ વચ્ચે કામ કરવાની ક્ષમતાનું પ્રમાણ શોધો.

20 સ્ત્રીએ 16 દિવસમાં પૂરુ કરે

1 સ્ત્રી તે કામ =320 દિવસમાં પૂરુ કરે

16 પુરુષો 15 દિવસમાં પૂરુ કરી શકે

$\therefore$ 1 પુરુષ તે કામ $= 15 \times 16 = 240$ દિવસમાં

1 પુરુષનું 1 દિવસનું કામ $= \frac{1}{240}$

1 સ્ત્રીનું 1 દિવસનું કામ $= \frac{1}{320}$

પુરુષ અને સ્ત્રીનું કામનું પ્રમાણ

$= \frac{1}{240} : \frac{1}{320}$

$\therefore 4 : 3$

**21.** 10 પુરુષો એક કામ 15 દિવસમાં કરી શકે છે. 15 સ્ત્રીઓ તે કામ 12 દિવસમાં કરી શકે છે. તો આ 10 પુરુષો અને 15 સ્ત્રીઓ સાથે મળી કામ કરે તો કેટલા દિવસમાં પૂર્ણ થાય?

10 પુરુષો — 15 દિવસ

15 સ્ત્રી — 12 દિવસ

$$\frac{15\times12}{15+12}=\frac{180}{27}$$

$$=\frac{20}{3}=\boxed{6\frac{2}{3}\text{ દિવસ}}$$

**24.** એક ટાંકીને બે અલગ અલગ નળ વડે અનુક્રમે 20 અને 30 મીનીટમાં ભરી શકાય છે. જો બંને નળ એક સાથે ચાલુ રાખવામાં આવે તો ટાંકી કેટલા સમયમાં ભરાય ?

પ્રથમ નળનું 1 મિનિટ નું કામ $=\frac{1}{20}$

બીજા નળનું 1 મિનિટ નું કામ $=\frac{1}{30}$

બંને નળ સાથે ખોલવામાં આવે તો 1 મિનિટનું કામ

$$=\frac{1}{20}+\frac{1}{30}$$

$$=\frac{3}{60}+\frac{2}{60}$$

$$=\frac{5}{60}$$

$$=\frac{1}{12}$$

$\therefore$ 12 મિનિટમાં ટાંકી ભરાઈ જાય

**25.** એક ટેન્કરને એક પાઈપ વડે 4 કલાકમાં તથા બીજી પાઈપ વડે 6 કલાકમાં ભરી શકાય છે. બંને પાઈપ વડે એક સાથે ભરવામાં આવે તો ટાંકી કેટલા સમયમાં ભરાઈ જાય ?

ટેન્કરની એક પાઈપનું 1 કલાકનું કામ $=\frac{1}{4}$

બીજી પાઈપનું 1 કલાકનું કામ $=\frac{1}{6}$

$\therefore$ કુલ $=\frac{1}{4}+\frac{1}{6}=\frac{3+2}{12}$

$$=\frac{5}{12}=\boxed{2\frac{2}{5}\text{ કલાક}}$$

**26.** એક ટાંકીને પ્રથમ નળ વડે 5 કલાકમાં બીજા વડે 10 કલાકમાં તથા ત્રીજા વડે 30 કલાકમાં સંપૂર્ણ ભરી શકાય છે. જો ત્રણેય નળ એક સાથે ચાલુ કરવામાં આવે તો કેટલા સમયમાં ભરાય ?

પ્રથમ નળ નું 1 કલાકનું કામ $=\frac{1}{5}$

બીજા નળનું 1 કલાકનું કામ $=\frac{1}{10}$

ત્રીજા નળનું 1 કલાકનું કામ $=\frac{1}{30}$

કુલ 3 નળનું 1 કલાકનું કામ $=\frac{1}{5}+\frac{1}{10}+\frac{1}{30}$

$$=\frac{6}{30}+\frac{3}{30}+\frac{1}{30}$$

$$=\frac{10}{30}=\frac{1}{3}$$

ત્રણેય નળ વડે 3 કલાકમાં ટાંકી સંપૂર્ણ ભરાઈ જાય.

**27.** એક ટાંકીને A અને B નળ વડે અનુક્રમે 5 અને 6 કલાકમાં ભરી શકાય છે તથા C નળ વડે 12 કલાકમાં ખાલી કરી શકાય છે જો ત્રણેય નળ એક સાથે ચાલુ હોય તો કેટલા સમયમાં ભરાઈ જાય ?

ત્રણેય નળ સાથે ચાલુ હોય ત્યારે $=\frac{1}{5}+\frac{1}{6}-\frac{1}{12}$

$$=\frac{6+5}{30}-\frac{1}{12}$$

$$=\frac{11}{30}-\frac{1}{12}$$

$$=\frac{22-5}{60}$$

$$=\frac{17}{60}$$

ટાંકી ભરાતા લાગતો સમય $=\boxed{3\frac{9}{17}\text{ કલાક}}$

**28.** 10 માણસો રોજના 12 કલાક કામ કરીને 20 મશીન તૈયાર કરી શકે છે તો 24 માણસો 16 કલાક કામ કરી કેટલા મશીન બનાવી શકે ?

$$M_1T_1W_2=M_2T_2W_1$$

$$10\times12\times W_2=24\times16\times20$$

$$W_2=\frac{24\times16\times20}{10\times12}$$

$$\boxed{W_2=64}$$

64 મશીન બનાવી શકે.

**29.** 6 બાળકોને એક કામ કરતા 16 કલાક લાગે છે. જો તેમાં વધુ બે બાળકો જોડાય તો તે કામ કેટલું પહેલુ પૂર્ણ થાય ?

$$6 \times 16 \times 1 = 8 \times T_2 \times 1$$

$$T_2 = \frac{6 \times 16}{8}$$

$$\boxed{T_2 = 12}$$

તે કામ 4 કલાક વહેલુ પૂર્ણ થાય

### વધુ પ્રેક્ટીસ માટેના દાખલાઓ :

**01.** બે નળ A અને B કોઈ હોજને 30 અને 40 મિનિટમાં ભરી શકે છે ત્રીજો નળ Cને હોજમાંથી 50 લિટર દર મિનિટે પાણી બહાર કાઢે છે. જો ત્રણે નળો એક સાથે ખોલવામાં આવે તો હોજ 1 કલાકમાં ભરાઈ જાય તો બતાવો કે હોજમાં કેટલું પાણી આવે છે?

**02.** જો 3 પુરૂષો કે 5 છોકરા કોઈ કામને 12 દિવસમાં પુરું કરે છે તો 6 પુરુષો અને 5 છોકરા પહેલા કરતાં બમણું કામ કેટલા દિવસમાં કરે ?

**03.** 16 માણસો એક કામને 14 દિવસમાં સમાપ્ત કરે છે. તેમના દ્વારા કામ શરૂ કર્યાના 6 દિવસ પછી 3 માણસો તેમની સાથે જોડાય છે. તો બાકીનું કાર્ય પુરુ કરવામાં કેટલા દિવસ લાગશે ?

**04.** A અને B એક કામને 16 દિવસમાં કરે છે. B તેને 20 દિવસમાં કરે છે. A તેને કેટલા દિવસમાં પુરુ કરશે?

**05.** જો 6 પુરુષો અથવા 10 સ્ત્રીઓ કોઈ કાર્યને 18 દિવસમાં પુરું કરે છે. તો 3 પુરુષ તથા 5 સ્ત્રીઓ તે કાર્યને કેટલા દિવસામં પુરુ કરી શકે.

**06.** A એક કામ 20 દિવસમાં કરે છે, B એજ કામને 25 દિવસમાં કરે છે. તેઓ 5 દિવસ સાથે કામ કરે છે. અને ત્યારે B કામ છોડી ચાલી જાય છે. તો આ કામને A કેટલા દિવસમાં પુરું કરી નાખશે ?

**07.** A કોઈ કામ 30 દિવસમાં પુરુ કરે છે B કોઈ કામ 40 દિવસમાં પુરુ કરી શકે છે. બંને ભેગા થઈને તે કામ કેટલા દિવસમાં પુરુ કરશે ?

**08.** A કોઈ કામ Bની તુલનામાં બમણી ગતિથી કરે છે જો બંને મળીને તે કામ 12 દિવસમાં પુરુ કરે તો એકલો B તે કામને કેટલા દિવસમાં પુરુ કરશે ?

**09.** જો 5 પુરુષો અથવા 9 છોકરાં એક કામને 15 દિવસમાં કરી શકે છે. તો 10 પુરુષો અને 12 છોકરા બમણાં કામને કેટલા દિવસમાં પુરું કરે ?

**10.** એક કામ 20 દિવસમાં પુરું કરવા માટે કેટલાક વ્યક્તિઓના એ સમૂહને વહેંચ્યુ, પરંતુ 12 વ્યક્તિ કામ પર ન આવી અને બાકીની વ્યક્તિઓ એ તે કામ 32 દિવસમાં પુરું કર્યું તો શરૂઆતનાં સમયે કેટલી વ્યક્તિ હતી ?

**11.** જો 24 વ્યક્તિ 8 કલાક પ્રત્યેક દિવસ કામ કરીને એક કામ 10 દિવસમાં પુરું કરી શકે છે. તો તેજ કામને 10 કલાક પ્રત્યેક દિવસ કામ કરીને 6 દિવસમાં કેટલી વ્યક્તિઓ પુરું કરી શકે ?

**12.** A એક કામ 10 દિવસમાં પુરું કરી શકે છે. જ્યારે B તેને 15 દિવસમાં પુરું કરી શકે છે જો બંને સાથે મળી કામ કરે તો તે કામને કેટલા દિવસમાં પુરું કરી શકે છે ?

**13.** સંદિપ કોઈ કામને 8 દિવસાં, જયદિપ 10 દિવસમાં તથા પ્રદિપ 15 દિવસામં કરી શકે છે. તો ત્રણેય મળીને કામ કેટલા દિવસમાં કરશે ?

**14.** જો 5 માણસોની 12 દિવસની મજુરી 60 રૂપિયા છે. તો 6 માણસોની 20 દિવસની મજુરી શું હશે ?

**15.** પાઉચ બનાવવાની કામગીરીમાં 5000 પાઉચ બનાવતા ભાવનાબહેને 10 કલાક અને રમબહેનને 8 કલાક લાગે છે. જો બંનેને તેટલાં જ પાઉચ બનાવવાનું કામ એક સાથે સોંપવામાં આવે તો સંયુક્ત કામનો દર કેટલો થાય ?

(અ) 500 (બ) 725
(ક) 1125 (ડ) 625

**16.** 45 વ્યક્તિ કોઈ કાર્યને 16 દિવસમાં પુરું કરે છે. કાર્ય શરૂ થયાના 6 દિવસ પછી બીજા 30 વ્યક્તિઓ આ કામમાં સામેલ થયા, તો બાકીનું કાર્ય કેટલા દિવસમાં પુરું થશે ?

17. જો સાત કરોળિયા 7 જાળાં 7 દિવસમાં બનાવે તો 1 કરોળિયાને 1 જાળું બનાવતા કેટલા દિવસો લાગે ?

(અ) 1 (બ) 7
(ક) $\frac{7}{2}$ (ડ) 49

18. 10 માણસો રોજના 6 કલાક કામ કરી એક કામને 18 દિવસમાં પૂરું કરે છે, તો 15 માણસો એ કામને 12 દિવસમાં પૂરું કરવા રોજના કેટલા કલાક કામ કરશે ?

(અ) 15 (બ) 6
(ક) 10 (ડ) 12

19. એક ઠેકેદાર એક કામ 20 દિવસમાં પૂરું કરવા માટે 30 માણસો કામે લગાવ્યા. જો તેને તે કામ 15 દિવસમાં પૂરું કરવું હોય તો તેને કેટલા માણસો વધારે કામ લગાડવા પડશે ?

(અ) 50 (બ) 40
(ક) 30 (ડ) 10

20. એક ટાંકીને બે નળ છે. ઉપરના નળથી ટાંકી 6 કલાકમાં ભરાય છે, જ્યારે તળીયાના નળથી ટાંકી 15 કલાકમાં ખાલી થાય છે. જો નળ એક સાથે ખોલવામાં આવે તો ટાંકીને ભરાતા કેટલો સમય લાગે ?

(અ) 9 કલાક (બ) 10 કલાક, 10 મિનિટ
(ક) 10 કલાક (ડ) 13 કલાક, 30 મિનિટ

21. $A$ અને $B$ અમુક કામ અનુક્રમે 18 દિવસ અને 24 દિવસમાં પૂરું કરી શકે છે. બંને ભેગા મળીને તે કામ 8 દિવસ સુધી કરે છે અને પછી $A$ કામ છોડી જાય છે. તો બાકીનું કામ પૂરું કરતાં $B$ ને કેટલા દિવસ લાગશે ?

(અ) 5 (બ) $5\frac{1}{3}$
(ક) 8 (ડ) $10^3$

22. એક હોજમાં ત્રણ નળ A, B અને C લગાડવામાં આવ્યા છે. નળ A અને B અનુક્રમે 3 કલાક અને 6 કલાકમાં હોજ ભરી દે છે. જ્યારે નળ C હોજને 4 કલાકમાં ખાલી કરી દે છે. જો ત્રણેય નળ A, B અને C એકી સાથે ખોલવામાં આવે તો હોજ પૂરેપૂરો કેટલા સમયમાં ભરાઈ જશે ?
(અ) 2 કલાક (બ) 3 કલાક
(ક) 4 કલાક (ડ) 5 કલાક

23. દસ મીટર લંબાઈની ચોરસ જમીનનું ઘાસ નિંદતા એક કલાક લાગે તો 30 મીટર લંબાઈની ચોરસ જમીનનું ઘાસ નિંદતા કેટલો સમય લાગે ?
(અ) 10 કલાક (બ) 3 કલાક
(ક) 9 કલાક (ડ) 4 કલાક

24. દિયા અને નેહા સાથે મળીને એક કામ 12 દિવસમાં પૂરં કરી શકે છે. દિયાની કુશળતા નેહા કરતાં બમણી છે, તો નેહા એકલી તે કામ કેટલા દિવસમાં પૂરું કરશે ?
(અ) 18 (બ) 9
(ક) 36 (ડ) 12

25. 20 માણસો એક રસ્તાનું સમારકામ ૬ દિવસમાં કરી શકે છે તો 30 માણસો તે રસ્તાનું સમારકામ કેટલા દિવસમાં કરી શકશે ?
(અ) 2 દિવસ (બ) 3 દિવસ
(ક) 4 દિવસ (ડ) 5 દિવસ

26. કોઈ કામ 12 વ્યક્તિઓ 14 દિવસમાં કરી શકે તો 8 વ્યક્તિઓ તે કામ કેટલા દિવસમાં કરી શકે ?
(અ) 27 (બ) 21
(ક) 20 (ડ) 18

27. એક યંત્ર 10 કલાકમાં જેટલા પ્લાનનું ઉત્પાદન કરે છે તેટલા જ પ્યાલાનું ઉત્પાદન કરતા બીજા યંત્રને 15 કલાક લાગે છે. જો બંને યંત્રો એક સાથે ચલાવવામાં આવે તો એટલું જ ઉત્પાદન કેટલા સમયમાં થાય.
(અ) 7 કલાક (બ) 8 કલાક
(ક) 6 કલાક (ડ) 9 કલાક

28. જો 42 વ્યક્તિ કોઈ કાર્ય 15 દિવસમાં પૂરું કરે. જો 30 વ્યક્તિ આ જ કાર્ય કેટલાં દિવસમાં કરે ?
(અ) 21 દિવસમાં (બ) 28 દિવસમાં
(ક) 26 દિવસમાં (ડ) 24 દિવસમાં

29. 16 વ્યક્તિ 8 કલાક રોજના કામ કરી 8 દિવસમાં 168 પેટીઓ બનાવે છે. 24 વ્યક્તિ 10 કલાક કામ કરી 8 દિવસમાં કેટલી પેટીઓ બનાવશે ?
(અ) 360 પેટીઓ (બ) 370 પેટીઓ
(ક) 310 પેટીઓ (ડ) 315 પેટીઓ

30. 640 ચો. ફુટ દીવાલને રંગકામ કરતા A નોટ કલાક અને B ને 20 કલાક લાગે છે, બન્ને સાથે મળીને કેટલા કલાકમાં કામ પૂરું કરી શકશે ?
(અ) 8 (બ) $7\frac{1}{2}$
(ક) 11 (ડ) 16

31. એક કામ 40 મજુર 100 દિવસમાં પૂર્ણ કરે તો તે કામ 125 મજૂર કેટલા દિવસમાં પૂર્ણ કરી શકે ?
(અ) 60 (બ) 32
(ક) 48 (ડ) 24

32. A નળ વડે એક ટાંકી 40 મિનિટમાં ભરી શકાય છે, B નળ વડે આ ટાંકી 2 કલાકમાં ખાલી થાય છે. જો બન્ને નળ એક સાથે ખુલ્લા કરવામાં આવે તો ટાંકીને ભરાતા કેટલો સમય લાગે ?
(અ) 1 કલાક 40 મિનટ (બ) 1 કલાક
(ક) 1 કલાક 20 મિનિટ (ડ) 1.5 કલાક

33. જો 24 કારીગરો 8 દિવસ કામ કરે તો તેઓને કુલ રૂપિયા 960 ની કમાણી થાય છે. તેઓ પૈકી 12 કારીગરો તે જ દરે 12 દિવસ કામ કરે તો તેઓની કુલ કમાણી કેટલા રૂપિયા થાય ?
(અ) 720 (બ) 800
(ક) 700 (ડ) 680

34. બે પાઈપો $A$ અને $B$ ક્રમશઃ 20 મિનિટ અને 30 મિનિટમાં એક ટાંકીને ભરી શકે છે. જો બન્ને પાઈપો એકી સાથે ખોલી નાંખવામાં આવે તો ટાંકી કેટલા સમયમાં ભરાઈ જશે ?
(અ) 10 મિનિટ (બ) 9 મિનિટ
(ક) 7 મિનિટ (ડ) 12 મિનિટ

**: જવાબો :**

(1) 1200, (2) 8 દિવસ, (3) $6\frac{14}{19}$ દિવસ, (4) 80 દિવસ, (5) 72 દિવસ (6) 11 દિવસ, (7) $17\frac{1}{7}$ દિવસ, (8) 36 દિવસ, (9) 9 દિવસ, (10) 32, (11) 30, (12) 6 દિવસ, (13) $3\frac{3}{7}$ દિવસ, (14) 120 દિવસ, (15) $17\frac{1}{7}$ દિવસ, (16) 6 દિવસ, 17. (બ) 7, 18. (બ) 6, 19. (ડ) 10, 20. (ક) 10 કલાક, 21. (બ) $5\frac{1}{3}$, 22. (ક) ૪ કલાક, 23. (ક) 9 કલાક, 24. (ક) 36, 25. (ક) 4 દિવસ, 26. (બ) 21, 27. (ક) 6 કલાક, 28. (અ) 21 દિવસમાં, 29. (ડ) 315 પેટીઓ, 30. (ડ) 16, 31. (બ) 32, 32. (બ) 1 કલાક, 33. (અ) 720, 34. (ડ) 12 મિનિટ

# 15. અંતર - સમય અને ઝડપ

**પ્રકરણનું મુખ્ય સુત્ર :** $ઝડપ = \frac{અંતર}{સમય}$

1 કિ.મી. = 1000 મીટર,

1 કલાક = 60 મીનીટ = 3600 સેકન્ડ

$કિ.મી./કલાક \times \frac{5}{18} = મીટર/સેકન્ડ$

$મીટર/સેકન્ડ \times \frac{18}{5} = કિ.મી./કલાક$

■ **રીત નં. 1 :**

જ્યારે કોઈ દાખલામાં અંતર, ઝડપ અને સમય પૈકી બે વિગત આપેલ હોય અને તેના પરથી ત્રીજી વિગત શોધવાની રીત :

ઉદા.: (1) એક કાર 350 કિ.મી. અંતર 7 કલાકમાં કાપે છે તો તેની ઝડપ શોધો.

$$ઝડપ = \frac{અંતર}{સમય} = \frac{350}{7} = 50 \text{ કિ.મી./કલાક}$$

(2) અમદાવાદથી 55 કિમી./કલાકની ઝડપે જતી બસ દ્વારકા 9 કલાકમાં પહોંચે છે. તો અમદાવાદથી દ્વારકા વચ્ચેનું અંતર કેટલા કિ.મી. થાય ?

$$ઝડપ = \frac{અંતર}{સમય} \quad \therefore 55 = \frac{અંતર}{9}$$

$$\therefore 55 \times 9 = અંતર = 495 \text{ કિ.મી.}$$

(3) 15 કિમી/કલાકની ઝડપે ચાલતો એક માણસ 4500 મી. અંતર કેટલી મીનીટમાં કાપશે.

$$ઝડપ = \frac{અંતર}{સમય} \quad \therefore \frac{15000}{60} = \frac{4500}{સમય}$$

$$\therefore સમય = \frac{4500 \times 60}{15000} = 18 \text{ મિનિટ}$$

■ **રીત નં. 2 :**

જ્યારે ટ્રેન કોઈ વ્યક્તિ કે વસ્તુ પાસેથી પસાર થાય તેના પરથી ટ્રેનની લંબાઈ, ટ્રેનની ઝડપ કે ટ્રેને પસાર થવા લાગતો સમય શોધી શકાય.

સુત્ર : $ટ્રેનની\ ઝડપ = \frac{ટ્રેનની\ લંબાઈ}{સમય}$

ઉદા.: 40.5 કિમી/કલાકની ઝડપે જતી ટ્રેન એક વ્યક્તિ પાસેથી 24 સેકન્ડમાં પસાર થાય છે તો ટ્રેનની લંબાઈ શોધો.

ગણતરી: $$40.5 \times \frac{5}{18} = \frac{ટ્રેનની\ લંબાઈ}{24}$$

$$\therefore \frac{40.5 \times 5 \times 24}{18} = ટ્રેનની\ લંબાઈ = 270 \text{ મીટર}$$

■ **રીત નં. 3 :**

ટ્રેન જ્યારે પુલ, બોગદું, પ્લેટફોર્મ જેવી લંબાઈ ધરાવતી વસ્તુઓને પસાર કરે ત્યારે ટ્રેનની લંબાઈ, ઝડપ અને સમય તથા વસ્તુની લંબાઈ શોધી શકાય.

સુત્રઃ $ટ્રેનની\ ઝડપ = \frac{ટ્રેનની\ લંબાઈ + વસ્તુની\ લંબાઈ}{સમય}$

ઉદા.: 110 મીટર લાંબી ટ્રેનને 36 કિમી/કલાકની ઝડપે જતાં 135 મીટર લાંબા પુરને પસાર કરવા કેટલો સમય લાગશે?

$$36 \times \frac{5}{18} = \frac{110+135}{સમય}$$

$$\therefore સમય = \frac{245 \times 18}{36 \times 5} = 24.5 \text{ સેકન્ડ}$$

■ **રીત નં. 4 :**

બે સામસામેથી આવતી ટ્રેનોને એકબીજાને ક્રોસ કરવા લાગતો સમય, ટ્રેનની લંબાઈ તથા ટ્રેનની ઝડપ શોધવાની રીત.

પ્રથમ ટ્રેનની ઝડપ + બીજી ટ્રેનની ઝડપ

$$= \frac{પ્રથમ\ ટ્રેનની\ લંબાઈ + બીજી\ ટ્રેનની\ લંબાઈ}{સમય}$$

ઉદા. : વિરુધ્ધ દિશામાંથી આવતી બે ટ્રેનની લંબાઈ અનુક્રમે 121 મીટર અને 99 મીટર છે. તેમની ઝડપ અનુક્રમે 40 કિમી/કલાક અને 32 કિમી/કલાક તો એકબીજાને કેટલા સમયમાં ક્રોસ કરશે.

ગણતરી: $$(40+32) \times \frac{5}{18} = \frac{121+99}{સમય}$$

$$\therefore 72 \times \frac{5}{18} = \frac{220}{સમય}$$

$$\therefore સમય = \frac{220 \times 18}{72 \times 5} = 11 \text{ સેકન્ડ}$$

■ **રીત નં. 6 :**

એક જ દિશામાં જઈ રહેલ ટ્રેનોને એકબીજાને ક્રોસ કરવામાં લાગતો સમય, ટ્રેનની લંબાઈ તથા ઝડપ શોધવાનાં દાખલા.

સુત્રઃ પાછળથી આવતી ટ્રેનની ઝડપ –
આગળ જઈ રહેલ ટ્રેનની ઝડપ

$$= \frac{પ્રથમ\ ટ્રેનની\ લંબાઈ + બીજી\ ટ્રેનની\ લંબાઈ}{સમય}$$

ઉદા.: એક જ દિશામાં જઈ રહેલ બે ટ્રેનની ઝડપ અનુક્રમે 40 કિમી/કલાક તથા 22 કિમી/કલાક છે. તે એકબીજાને 1 મીનીટમાં ક્રોસ કરે છે. જો પ્રથમ ટ્રેનની લંબાઈ 125 મીટર હોય તો બીજી ટ્રેનની લંબાઈ શોધો.

ગણતરી : $$(40-22) \times \frac{1000}{60} = 125 + બીજી\ ટ્રેનની\ લંબાઈ$$

$$\therefore 300 = 125 + બીજી\ ટ્રેનની\ લંબાઈ$$

$$\therefore બીજી\ ટ્રેનની\ લંબાઈ = 175 \text{ મીટર}$$

■ **રીત નં. 6 :**
બોટ તથા તરવૈયાના દાખલા
ધારો કે સ્થિર પ્રવાહમાં તરનારની ઝડપ = x તથા
પ્રવાહની ઝડપ = y છે.

(1) પ્રવાહની દિશામાં બોટ / તરનારની ઝડપ $= x + y = U$

(2) પ્રવાહની વિરુધ્ધ દિશામાં બોટ/તરનારની ઝડપ $= x - y = V$

(3) સ્થિર પાણીમાં બોટ / તરનારની ઝડપ $\frac{U+V}{2}$

(4) પ્રવાહની ઝડપ $= \frac{1}{2}(U - V)$

ઉદા.: (1) સ્થિર પાણીમાં બોટની ઝડપ 4 કિમી/કલાક છે. જો પ્રવાહનો વેગ 2 કિમી / કલાક હોય તો વિરુધ્ધ દિશામાં બોટની ઝડપ શોધો.

ગણતરી: બોટની ઝડપ $= x - y$

$= 4 - 2$

$= 2$ કિમી / કલાક

(2) એક તરવૈયાની સ્થિરપાણીમાં ઝડપ 9 કિમી/કલાક છે જો પ્રવાહનો વેગ 6 કિમી / કલાક હોયતો પ્રવાહની દિશામાં તરવૈયાની ઝડપ શોધો.

ગણતરી : $= 9 + 6 = 15$ કિમી/કલાક

**પ્રેક્ટીસ માટેના દાખલાઓ :**

**01.** એક કાર 7 કલાકમાં 560 કિ.મી. અંતર કાપે છે તેની ઝડપ ....... મી/સે.

$$\text{ઝડપ} = \frac{\text{અંતર}}{\text{સમય}}$$

$$= \frac{560000}{7 \times 3600} = \frac{800}{36}$$

$$= \boxed{22.22\ m/s}$$

**02.** મિલન 24 સેકન્ડમાં 200 મીટર દોડી શકે છે તો તેની ઝડપ_______ કિ.મી. / કલાક

$$\text{ઝડપ} = \frac{200}{24} \times \frac{3600}{1000}$$

$$= \boxed{30\ km/hr}$$

**03.** 35 મીટર લંબાઈના ચોરસ પ્લોટની ફરતે 9 કિમી / કલાકની ઝડપે આંટો મારતા વિવેકને કેટલી સેકન્ડ લાગશે.

$$\text{સમય} = \frac{(35 \times 4)\,(\text{મીટર})}{9\ \text{કિમી / કલાક}}$$

$$= \frac{140}{9000} \times 3600$$

$$= \boxed{56\ \text{સેકન્ડ}}$$

**04.** વિનીતને 600 મીટર ચાલતા જતા 5 મીનીટ લાગે છે તો તેની ઝડપ _______ કિમી / કલાક.

$$\text{ઝડપ} = \frac{600}{1000} \times \frac{60}{5} = \frac{36}{5}$$

$$= \boxed{7.2\ km/hr}$$

**05.** ચિરાગને 5 કિમી. / કલાક ની ઝડપે જતા એક પુલ પસાર કરવામાં 15 મીનીટ લાગે છે તો પુલની લંબાઈ કેટલા મીટર હશે ?

$$\text{ઝડપ} = \frac{\text{અંતર}}{\text{સમય}}$$

$$\text{પૂલની લંબાઈ} = \frac{5000}{60} \times 15$$

$$= \boxed{1250\ \text{મીટર}}$$

**06.** 108 એમ્બ્યુલન્સને 108 કિમી/કલાકની ઝડપે અકસ્માતના સ્થળે પહોંચતા 15 સેકન્ડ લાગે છે તો અકસ્માત કેટલા મીટર દૂર થયો હશે ?

અંતર = ઝડપ × સમય

$$= \frac{108000}{3600} \times 15$$

$$= \boxed{450\ \text{મીટર}}$$

**07.** બે ટ્રેનોની ઝડપનું પ્રમાણ 7:8 છે. જો બીજી ટ્રેન 400 કિમી અંતર 4 કલાકમાં કાપે છે તો પ્રથમ ટ્રેનની ઝડપ શોધો.

ધારો કે પ્રથમ ટ્રેનની ઝડપ $7x$ છે.

બીજી ટ્રેનની ઝડપ $8x$ છે.

ઝડપ $= 100\ km/hr$

$$\therefore 8x = 100 \quad \therefore x = \frac{100}{8} \quad \therefore x = \frac{25}{2}$$

$$\text{પ્રથમ ટ્રેનની ઝડપ} = 7\left(\frac{25}{2}\right) = \frac{175}{2}$$

$$= \boxed{87.5\ km/hr}$$

**08.** ટ્રેનની મુસાફરી કરતો ગણિતશાસ્ત્રી 1 મીનીટમાં 21 થાંભલા ગણે છે જો દરેક થાંભલા વચ્ચેનું અંતર 50 મીટર હોય તો ટ્રેનની ઝડપ શોધો.

2 થાંભલા વચ્ચેનું અંતર = 50 મીટર

21 થાંભલા વચ્ચેનું અંતર = 50 × 20

= 1000 મીટર

$$\text{ઝડપ} = \frac{1000}{1000} \times 60$$

$$= \boxed{60\ km/hr}$$

**09.** એક બસને 300 કિમી અંતર કાપતા 7½ કલાક તથા બીજી બસને 450 કિમી અંતર કાપતા 9 કલાક થાય છે તો બંને બસની ઝડપનું

પ્રમાણ શોધો.

એક બસને 300 કિ.મી. અંતર કાપતા $\frac{15}{2}$ કલાક થાય છે.

ઝડપ $= \frac{300}{\frac{15}{2}} = \frac{300 \times 2}{15}$

$= \boxed{40\, km/hr}$

બીજી બસને 450 km અંતર કાપતાં 9 કલાક થાય છે.

ઝડપ $= \frac{450}{9} = 50\ km/hr$

પ્રમાણ 40 : 50 $= \boxed{4:5}$

**10.** 100 કિમી / કલાકની ઝડપે જતી ટ્રેન દર 75 કિમી અંતર કાપ્યા બાદ 3 મીનીટ ઊભી રહે છે તો તેને પ્રારંભથી 600 કિમી દૂર આવેલા સ્થળે પહોંચતા કેટલો સમય લાગશે ?

ટ્રેનને 600 કિમી અંતર કાપતા લાગતો સમય $= \frac{600}{100} = 6\ hr$

ટ્રેન દર 75 કિમી 3 મીનીટ ઊભી રહે છે એટલે 7 વાર ટ્રેન ઊભી રહેશે.

$= 7 \times 3 = 21$

$\therefore$ 6 કલાક 21 મિનીટ લાગશે.

**11.** 1 મોટરકાર 70 કિમી / કલાકની ઝડપે ઉપડે છે. દર બે કલાકે તેની ઝડપમાં 10 કિમી / કલાકનો વધારો થાય છે તો તેને 345 કિમી અંતર કાપતા કેટલો સમય લાગશે ?

પ્રથમ બે કલાકમાં કાપેલુ અંતર =140

પછીના બે કલાકમાં કાપેલુ અંતર $=160$

માટે 4 કલાકમાં કાપેલું અંતર = 140 + 160 = 300 કિ.મી.

બાકીનું 45 કિમિ અંતર કાપતા લાગતો સમય $= \frac{\text{અંતર}}{\text{ઝડપ}}$

$= \frac{45}{90} = \frac{1}{2}$ કલાક

કુલ સમય $= 4\frac{1}{2}$ કલાક

**12.** 1 વિમાનને 240 કિમી / કલાકની ઝડપે અમુક ચોક્કસ અંતર કાપતા 5 કલાક લાગે છે. તેજ અંતર $1\frac{2}{3}$ કલાકમાં પૂર્ણ કરવા કેટલી ઝડપે વિમાન હંકારવું પડશે ?

અંતર = ઝડપ × સમય

$= 240 \times 5$

$= 1200$ કિમી

ઝડપ $= \frac{1200 \times 3}{5}$

$= \boxed{720 \text{ કિમી / કલાક}}$

**13.** 1 ટ્રેન 10 કિમી અંતર 12 મીનીટમાં કાપે છે. તેની ઝડપમાં 5 કિમી/કલાક નો ઘટાડો કરવામાં આવે તો તેટલુ જ અંતર કાપતા કેટલો સમય લાગશે ?

12 મીનીટ $= \frac{12}{60}$ કલાક

ઝડપ $= \frac{10 \times 60}{12}$

$= 50\ km/hr$

ઝડપમાં 5 કિમી / કલાકનો ઘટાડો કરતાં 50 કિમી/કલાકના 45 કિમી/કલાક થાય.

સમય $= \frac{10}{45} \times 60$

$= \boxed{13.33 \text{ મીનીટ}}$

**14.** 1 ખેડૂત 61 કિમી અંતર 9 કલાકમાં કાપે છે. તે થોડુક અંતર 4 કિમી/કલાકની ઝડપે પગે ચાલીને તથા બાકીનું અંતર સાયકલ પર 9 કિમી/કલાલની ઝડપે કાપે છે. તો તેણે પગે ચાલીને કેટલા કિમી મુસાફરી કરી હશે ?

ધારોકે પગે ચાલીને કાપેલ અંતર $= x$ કિમી.

સાયકલથી કાપેલ અંતર $= 61 - x$ કિમી.

પગે ચાલીને કાપતા લાગતો સમય $= \frac{\text{અંતર}}{\text{ઝડપ}} = \frac{x}{4}$

સાયકલ પર લાગતો સમય $= \frac{61-x}{9}$

કુલ સમય $= \frac{x}{4} + \frac{61-x}{9}$

$9 = \frac{x}{4} + \frac{61-x}{9}$

$\therefore 36 \times 9 = 9x + 244 - 4x$

$\therefore 324 - 244 = 5x$

$\frac{80}{5} = x$

$\boxed{x = 16}$

પગે ચાલીને 16 કિમી મુસાફરી કરી હશે.

**15.** 1 કાર તળેટીથી હીલસ્ટેશન સુધીનું 200 કિમી અંતર 20 કિમી/કલાલની ઝડપે ચડે છે ઉતરતી વખતે 40 કિમી/કલાકની ઝડપે તળેટીમાં પાછી ફરે તો આ સમગ્ર 400 કિમીની મુસાફરીની સરાસરી ઝડપ શોધો.

કાર ઉપર જાય ત્યારે ઝડપ $= 20$ કિમી/કલાક

સરાસરી $= \frac{2xy}{x+y}$

$$= \frac{2\times20\times40}{20+40} = \frac{2\times20\times40}{60} = \frac{80}{3}$$

$$= 26.66$$

**16.** મહેશ Aથી B સ્થળ સુધીનું 250 કિ.મી. અંતર $5\frac{1}{2}$ કલાકમાં કાપે છે તે પાછો A સ્થળે 4 કલાક 30 મીનીટમાં પહોંચી જાય છે તો સમગ્ર મુસાફરીની સરેરાશ ઝડપ શોધો.

$$\text{સરેરાશ} = \frac{500}{\frac{11}{2}+\frac{9}{2}} = \frac{500\times2}{20}$$

$$= \boxed{50 \text{ કિમી / કલાક}}$$

**17.** 1 વિદ્યાર્થી ઘરેથી સ્કૂલે ચાલતા 3 કિમી/કલાકની ઝડપે પહોંચે છે. પાછો ફરતા 2 કિમી/કલાકની ઝડપે ચાલે તેને આવતા જતા કુલ 5 કલાક લાગે છે તો ઘરેથી સ્કૂલ કેટલા કિમી દૂર હશે ?

ઘરેથી સ્કૂલ વચ્ચેનું અંતર $x$ કિમી છે.

$$\text{સરેરાશ ઝડપ} = \frac{2\times3\times2}{3+2}$$

$$= \frac{2\times3\times2}{5}$$

$$= \frac{12}{5} \text{ કિ.મી./કલાક}$$

$$\text{અંતર} = \frac{12}{5}\times\frac{5}{2} = 6 \text{ કિ.મી.}$$

ઘરથી સ્કૂલનું અંતર 6 કિમી છે.

**18.** 144 કિમી/કલાકની ઝડપે જતી 100 મીટર લાંબી ટ્રેન એક થાંભલા પાસેથી કેટલા સમયમાં પસાર થશે ?

$$\text{સમય} = \frac{\text{અંતર}}{\text{ઝડપ}} = \frac{100}{144}\times\frac{18}{5}$$

= 2.5 સેકન્ડ

ટ્રેન થાંભલા પાસેથી 2.5 સેકન્ડમાં પસાર થઈ જાય.

**19.** 63 કિમી/કલાકની ઝડપે જતી 280 મીટર લાંબી ટ્રેન એક વૃક્ષ પાસેથી કેટલા સમયમાં પસાર થશે ?

$$\text{સમય} = \frac{280}{63}\times\frac{18}{5}$$

= 16 સેકન્ડ

ટ્રેન વૃક્ષ પાસેથી 16 સેકન્ડમાં પસાર થઈ જાય

**20.** 72 કિમી/કલાકની ઝડપે જતી 110 મીટર લાંબી ટ્રેન 132 મીટર લંબાઈના પુલને કેટલા સમયમાં પસાર કરશે ?

$$\text{સમય} = \frac{242}{72}\times\frac{18}{5} = 12.1 \text{ સેકન્ડ}$$

પુલને ટ્રેન 12.1 સેકન્ડમાં પસાર કરશે.

**21.** 75 માઈલ/કલાકની ઝડપે જતી 0.25 માઈલ લાંબી ટ્રેન 3½ માઈલ લાંબા બોગદામાંથી કેટલી મીનીટમાં બહાર નિકળી જશે ?

$$\frac{75}{60} = \frac{\frac{1}{4}+\frac{7}{2}}{\text{સમય}}$$

$$\text{સમય} = \frac{15}{4}\times\frac{60}{75} = 3 \text{ મીનીટ}$$

ટ્રેન બોગદામાંથી 3 મીનીટમાં બહાર નીકળી જશે.

**22.** એક ટ્રેન 60 કિમી/કલાકની ઝડપે દોડે છે તે એક થાંભલા પાસેથી 9 સેકન્ડમાં પસાર થાય છે તો ટ્રેનની લંબાઈ કેટલી હશે ?

$$\text{અંતર} = \text{ઝડપ}\times\text{સમય}$$

$$= \frac{60\times5\times9}{18} = 150 \text{ મીટર}$$

ટ્રેનની લંબાઈ 150 મીટર લાંબી હશે.

**23.** 63 કિમી / કલાકની ઝડપે જતી 500 મીટર લાંબી ટ્રેન 3 કિમી/કલાકની ઝડપે ટ્રેનની દિશામાં ચાલતા વ્યક્તિ પાસેથી કેટલી સેકન્ડમાં પસાર થઈ જશે ?

$$\text{સમય} = \frac{500}{60\times\frac{5}{18}} = \frac{500\times18}{60\times5}$$

$$= \boxed{30 \text{ સેકન્ડ}}$$

**24.** 6 કિમી/કલાકની ઝડપે ટ્રેનની સામેથી દોડતા આવતા વ્યક્તિ 110 મીટર લાંબી ટ્રેન કે જે 60 કિમી/કલાકની ઝડપે દોડી રહી છે તે કેટલા સમયમાં તે વ્યક્તિને ક્રોસ કરશે ?

$$\text{સમય} = \frac{110}{66\times\frac{5}{18}}$$

$$= \frac{110\times18}{66\times5} = \boxed{6 \text{ સેકન્ડ}}$$

**25.** એક જ દિશામાં ચાલતી બે ટ્રેનની લંબાઈ અનુક્રમે 200 મીટર અને 150 મીટર છે. જો તેમની ઝડપ અનુક્રમે 40 અને 45 કિમી / કલાક હોય તો એક બીજાને કેટલા સમયમાં ક્રોસ કરી શકે ?

$$\text{ઝડપ} = \frac{\text{અંતર}}{\text{સમય}}$$

$$45-40 = \frac{200+150}{\text{સમય}}$$

$$\text{સમય} = \frac{350\times18}{5\times5} = 252 \text{ સેકન્ડ}$$

$$= \frac{252}{60}$$

4 મીનીટ 12 સેકન્ડ

**26.** 140મી અને 160મી લાંબી બે ટ્રેનની ઝડપ અનુક્રમે 60 અને 40 કિમી/કલાક છે. તે બંને સમાન્તર ટ્રેક પર સામસામેથી કેટલા સમયમાં પસાર થાય ?

$$ઝડપ = \frac{અંતર}{સમય}$$

$$સમય = \frac{140+160}{100\times\frac{5}{18}}$$

$$સમય = \frac{300\times18}{500} = \boxed{10.8 \text{ સેકન્ડ}}$$

**27.** 270 મીટર લાંબી ટ્રેનની ઝડપ 120 કિમી/કલાક છે. સામેથી 80 કિમીની ઝડપે આવતી ટ્રેન 9 સેકન્ડમાં પસાર થઈ જાય છે તો તે ટ્રેનની લંબાઈ શોધો.

$$ઝડપ = \frac{અંતર}{સમય}$$

$$\therefore \frac{5}{18}(120+80) = \frac{270+x}{9}$$

$$\therefore x+270 = 500 \quad \therefore x = 500-270$$

$$\boxed{x = 230}$$

લંબાઈ 230 મીટર હોય.

**28.** 1 કલાકમાં 1 બોટ પ્રવાહની દિશામાં 11 કિમી અંતર કાપી શકે છે તથા તે વિરુદ્ધ દિશામાં 5 કિમી અંતર કાપી શકે છે તો શાંત પાણીમાં તેની ઝડપ શોધો.

11 = સ્થિર પાણીમાં બોટની ઝડપ + પ્રવાહીની ઝડપ

5 = સ્થિર પાણીમાં બોટની ઝડપ - પ્રવાહીની ઝડપ

---

16 = 2 (સ્થિર પાણીમાં ઝડપ) + 0

$\frac{16}{2}$ = સ્થિર પાણીમાં બોટની ઝડપર

8 કિમી/કલાક = સ્થિર પાણીમાં બોટની ઝડપ

**29.** 1 બોટની પ્રવાહની દિશામાં 16 કિ.મી. અંતર કાપતા 1 કલાક લાગે છે તથા પાછા ફરતા 4 કલાક લાગે છે તો સ્થિર પાણીમાં બોટની ઝડપ કેટલી હશે ?

બોટની પ્રવાહીની દિશામાં ઝડપ (U) $= \frac{16}{1}$ = 16 કિમી/કલાક

વિરુધ્ધ દિશામાં બોટની ઝડપ (V) $= \frac{16}{4} = 4$ કિમી/કલાક

સ્થિર પાણીમાં ઝડપ $= \frac{U+V}{2}$

$= \frac{16+4}{2} = \frac{20}{2}$

= 10 કિમી/કલાક

**30.** 1 માણસ પ્રવાહની વિરુધ્ધ દિશામાં 8 કિમી/કલાકની ઝડપે તથા પ્રવાહની દિશામાં 13 કિમી/કલાકની ઝડપે તરી શકે છે. તો પ્રવાહની ઝડપ શોધો.

8 = સ્થિર પાણીમાં ઝડપ - પ્રવાહીની ઝડપ

13 = સ્થિર પાણીમાં ઝડપ + પ્રવાહીની ઝડપ

---

$\therefore 21 = 2$ (સ્થિર પાણીમાં ઝડપ) + 0

$\therefore 10.5 =$ સ્થિર પાણીમાં ઝડપ

$\therefore 13 = 10.5 +$ પ્રવાહીની ઝડપ

$\therefore 13-10.5 =$ પ્રવાહીની ઝડપ

$\therefore$ $\boxed{2.5 = \text{પ્રવાહીની ઝડપ}}$

**31.** 1 માણસ 6 કલાકમાં પ્રવાહીની દિશામાં 32 કિમી અને તેટલા જ સમયમાં પ્રવાહની વિરુધ્ધ દિશામાં 14 કિમી અંતર તરી શકે છે તો પ્રવાહનો વેગ શોધો.

તે માણસની પ્રવાહી દિશામાં ઝડપ $= \frac{32}{6} = \frac{16}{3}$

તે માણસની વિરુધ્ધ દિશામાં $= \frac{14}{6} = \frac{7}{3}$

$\frac{16}{3}$ = સ્થિર પાણીમાં ઝડપ + પ્રવાહીની ઝડપ

$\frac{7}{3}$ = સ્થિર પાણીમાં ઝડપ - પ્રવાહીની ઝડપ

---

$\therefore \frac{16}{3}+\frac{7}{3} = 2\times$ સ્થિર પાણીમાં ઝડપ

$\therefore \frac{23}{6} =$ સ્થિર પાણીમાં ઝડપ

$\therefore$ પ્રવાહીની ઝડપ $= \frac{16}{3} - \frac{23}{6}$

$= \frac{32-23}{6} = \frac{3}{2} = \boxed{1.5 \text{ કિમી}}$

**32.** એક માણસ પ્રવાહની દિશામાં 15 કિમી/કલાકની ઝડપે તરી શકે છે જો પ્રવાહનો વેગ 2.5 કિમી/કલાક હોય તો વિરુધ્ધ દિશામાં તેની ઝડપ કેટલી હશે ?

પ્રવાહની દિશામાં ઝડપ = સ્થિર પાણીમાં ઝડપ + પાણીનો વેગ

15 = સ્થિર પાણીમાં ઝડપ + 2.5

સ્થિર પાણીમાં ઝડપ = 12.5

પ્રવાહની વિરુધ્ધ દિશામાં ઝડપ = સ્થિર પાણીમાં ઝડપ - પાણીનો વેગ

= 12.5 - 2.5

= 10 કિમી/કલાક.

**33.** 1 તરવૈયાની સ્થિર પાણીમાં ઝડપ 5 કિમી/કલાક છે. જ્યારે પ્રવાહનો વેગ 1 કિમી/કલાક હોય ત્યારે 1 કલાકમાં એક સ્થળેથી બીજે સ્થળે

જઈ પરત આવે છે તો બે સ્થળ વચ્ચેનું અંતર શોધો.

પ્રવાહીની દિશામાં ઝડપ = 5 + 1 = 6 કિમી/કલાક

પ્રવાહની વિરુધ્ધ દિશામાં ઝડપ = 5 - 1

= 4 કિમી/કલાક

$\therefore$ 2 કલાકમાં કાપેલ અંતર = 10 કિમી

$\therefore$ 1 કલાકમાં કાપેલ અંતર = 5 કિમી

**34.** 1 તરવૈયાને પ્રવાહની દિશામાં ચોક્કસ અંતર કાપતા વિરુધ્ધ દિશામાં લાગતા સમય કરતા અડધો સમય લાગે છે તો તેની સ્થિર પ્રવાહમાં ઝડપ અને પ્રવાહીના વેગનો ગુણોત્તર કેટલો થાય ?

ધારો કે પ્રવાહની દિશામાં લાગતો સમય $= x$ કલાક

પ્રવાહની વિરુધ્ધ દિશામાં લાગતો સમય $= 2x$ કલાક

પ્રવાહની દિશામાં ઝડપ $= \frac{\text{અંતર}}{x}$

પ્રવાહની વિરુધ્ધ દિશામાં ઝડપ $= \frac{\text{અંતર}}{2x}$

પ્રવાહની દિશામાં ઝડપ = સ્થિર પાણીમાં ઝડપ + પ્રવાહની ઝડપ

$\frac{y}{x}$ = સ્થિર પાણીમાં ઝડપ + પ્રવાહની ઝડપ

$\frac{y}{2x}$ = સ્થિર પાણીમાં ઝડપ − પ્રવાહની ઝડપ

$\frac{y}{x} + \frac{y}{2x} = 2 \times$ સ્થિર પાણીમાં ઝડપ

$\therefore \frac{3y}{2x} = 2 \times$ સ્થિર પાણીમાં ઝડપ

$\therefore \frac{3y}{4x}$ = સ્થિર પાણીમાં ઝડપ

$\therefore \frac{y}{x} - \frac{3y}{4x}$ = પ્રવાહીની જડપ $\therefore \frac{y}{4x}$ = પ્રવાહીની જડપ

સ્થિર પાણીમાં ઝડપ : પ્રવાહીની ઝડપ $\frac{3y}{4x} : \frac{y}{4x}$

$\therefore \boxed{3 : 1}$

## વધુ પ્રેક્ટીસ માટેના દાખલાઓ :

01. કોઈ વિશિષ્ટ પ્રકારની ગતિથી ચાલતી રેલગાડી એક સ્થિર એન્જિનને 20 સેકન્ડામાં પાર કરી જાય છે. ગાડીની ઝડપ જાણવા માટે કઈ જાણકારી હોવી જરૂરી છે.

02. એક 500 મીટર લાંબી રેલગાડી સમાન ગતિથી ચાલીને એક સ્ટેશનના પ્લેટફોર્મ ને 35 સેકન્ડમાં પાર કરે છે. જો પ્લેટફોર્મની લંબાઈ 221 મીટર હોય તો ગાડીની ઝડપ દર કલાકે કેટલા કિ.મી. હશે ?

03. એક વ્યક્તિ નદીના પ્રવાહની દિશામાં 12 કિ.મી.નું અંતર 3 કલાકમાં અને પ્રવાહની વિરુધ્ધ દિશામાં 4 કલાકમાં પુરુ કરે છે. તો શાંત જળમાં વ્યક્તિની ઝડપ શું હશે ?

04. એક રેલગાડી એક સરખી ઝડપથી ચાલી રહી છે. તે 130 મીટર લાંબા પ્લેટફોર્મ ને 14 સેકન્ડમાં અને બીજા 180 મીટર લાંબા પ્લેટફોર્મને 18 સેકન્ડમાં પાર કરે છે. રેલગાડીની ઝડપ દર સેકન્ડે શું હશે ?

05. એક નાવિક નદીના વહેણ તરફ 7 કલાકમાં 42 કિ.મી. અને પ્રવાહની વિરુધ્ધ દિશામાં 4 કલાકમાં 8 કિ.મી. થઈ શકે છે. તો પ્રવાહની ઝડપ દર કલાકે કેટલા કિ.મી. હશે?

06. 150 મીટર લાંબીરેલગાડી300 મીટર લાંબી સુરંગને45 સેકન્ડમાં પાર કરી જાય છે. તો ગાડીની ગતિ શું છે. ?

07. એક ટ્રેન એક વ્યક્તિને 8 સેકન્ડમાં પસાર કરે છે. જો ટ્રેનની ઝડપ 54 કિ.મી./કલાક છે તો ટ્રેનની લંબાઈ શોધો.

08. એક રેલગાડી A થી B સ્ટેશન સુધી 60 કિ.મી. અંતરને 45 મિનિટમાં પુરું કરે છે. જો ગાડીની ગતિ 5 કિ.મી. દર કલાકે ઓછી કરવામાં આવે તો તે અંતરને કાપતાં ગાડીને કેટલો સમય લાગે ?

09. બે રેલ્વે સ્ટેશન A અને B એક બીજાથી 110 કિ.મી. દુર છે. એક સ્કૂટર સવાર A થી Bની તરફ સવારે 7 વાગે 20 કિ.મી. કલાકની ગતિથી જવાનો પ્રારંભ કરે છે. તથા બીજો એક સ્કૂટર સવાર B થી Aની તરફ સવારે 8 વાગે 25 કિ.મી./કલાકની ગતિથી જવાનો પ્રારંભ કરે છે. તો બતાવો બંને ક્યારે એક બીજાને મળશે.

10. 300 મીટર લાંબી એક રેલગાડી 900 મીટર લાંબા પ્લેટફોર્મ 1 મિનિટ 12 સેકન્ડમાં પાર કરી શકે છે. તે રેલગાડીની ઝડપ કિ.મી./કલાક માં બતાવો.

11. 240 મીટર લાંબી રેલગાડી એક થાંભલાને 24 સેકન્ડમાં પસાર કરે છે, તો આ રેલગાડી 650 મીટર લાંબા પ્લેટફોર્મને કેટલા સમયમાં પસાર કરશે ?

12. 160 મીટર લાંબી ટ્રેન 160 મીટર લાંબા પ્લેટફોર્મને 16 સેકન્ડમાં પસાર કરે છે. તો ટ્રેનની ગતિ શોધો.

13 270 મીટર લાંબી રેલગાડી કોઈ ટેલિફોનનાં થાંભલાને 18 સેકન્ડમાં પાર કરે છે. તો રેલગાડીની ગતિ કેટલી છે.

14. 1 વ્યક્તિ 250 મીટર પહોળો રસ્તો 75 સેકન્ડમાં પાર કરે છે તે વ્યક્તિની ઝડપ કેટલા કિ.મી. દર કલાકની હશે ?

15. એક રેલગાડી એક સમાન ગતિથી ચાલી રહી છે. તે 140 મી. લાંબા એક પ્લેટફોર્મ ને 16 સેકન્ડમાં અને બીજા 190 મીટર લાંબા પ્લેટફોર્મને 20 સેકન્ડમાં પાર કરે છે. તો રેલગાડીની ઝડપ પ્રતિ સેકન્ડ શોધો.

16. ગૌતમ પોતાની કાર કલાકના 72 કિ.મી.ની ઝડપે ચલાવે છે, જ્યારે અનંત પોતાની કાર 4 મિનિટમાં 56 કિ.મી.ની ઝડપે ચલાવે છે. બંનેની ઝડપનો ગુણોત્તર ......

(અ) 7 : 6 (બ) 4 : 5

(ક) 3 : 35 (ડ) 6 : 7

17. એક કાર 400 કિ.મી.નું અંતર 5 કલાકમાં કાપે છે તો કારની ઝડપ શોધો.

(અ) 60 કિ.મી./કલાક (બ) 70 કિ.મી./કલાક

(ક) 80 કિ.મી./કલાક (ડ) 82 કિ.મી./કલાક

(અ) 6.5 કિ.મી. (બ) 5 કિ.મી.
(ક) 5.5 કિ.મી. (ડ) 6 કિ.મી.

18. એક ગાડી (કાર) બિંદુ B માટે, જે 210 કિ.મી.ની દૂરી પર છે, 60 કિ.મી./કલાકની ઝડપે સવારે 9.30 વાગે ચાલે છે. તો તે પોતાના નિર્ધારિત મુકામ B પર ક્યારે પહોંચશે ?
(અ) 12.00 વાગે બપોરે
(બ) 1.00 વાગે બપોર પછી
(ક) 12.30 વાગે બપોર પછી
(ડ) 1.30 વાગે બપોર પછી

19. એક કાર 45 કિ.મી./કલાકની ગતિથી ચાલે છે, તો તેને 450 કાપતાં તેને કેટલો સમય લાગે ?
(અ) 36 સેકન્ડ (બ) 64 સેકન્ડ
(ક) 90 સેકન્ડ (ડ) 120 સેકન્ડ

20. એક કારની ઝડપ તેની મૂળ ઝડપ કરતાં 5 કિ.મી./કલાક વધારવામાં આવે તો 150 કિ.મી.નું અંતર કાપતાં તેને પહેલાં કરતા 60 મિનિટ ઓછી લાગે છે. તો કારની મૂળ ઝડપ શોધો.
(અ) 50 કિ.મી./કલાક (બ) 30 કિ.મી./કલાક
(ક) 40 કિ.મી./કલાક (ડ) 25 કિ.મી./કલાક

21. બે શહેર A અને B ની વચ્ચેનું અંતર 390 કિ.મી. છે. એક ટ્રેન શહેર A થી સવારે 8.15 કલાકે ઉપડી શહેર B તરફ 60 કિ.મી./કલાકની ઝડપથી દોડે છે. બીજી ટ્રેન શહેર B થી સવારે 9.15 કલાકે ઉપડી શહેર A તરફ 72 કિ.મી./કલાકની ઝડપથી દોડે છે, તો તે બંને ટ્રેન કેટલા વાગે મળશે ?
(અ) સવારે 11.45 કલાકે
(બ) સવારે 11.30 કલાકે
(ક) બપોરે 12.00 કલાકે
(ડ) સવારે 10.45 કલાકે

22. એક બસ દિલ્હીથી દહેરાદૂન તરફ 60 કિ.મી./કલાકના વેગે જાય છે, ત્રણ કલાકમાં બંને શહેરો વચ્ચેનું અડધું અંતર કાપે છે તો દિલ્હી અને દહેરાદૂન વચ્ચે અંતર કેટલું ?
(અ) 90 કિ.મી. (બ) 120 કિ.મી.
(ક) 180 કિ.મી. (ડ) 360 કિ.મી.

23. 3.5 કિલોમીટર લાંબા તારમાંથી 5 મીટર લંબાઈના કેટલા ટુકડા થાય ?
(અ) 7 (બ) 70
(ક) 700 (ડ) 7000

24. એક વાહન 315 કિ.મી.નું અંતર 5 કલાક અને 15 મિનિટમાં કાપે છે, તો તેની ઝડપ કેટલી હશે ?
(અ) 20 કિ.મી. પ્રતિ કલાક (બ) 10 કિ.મી. પ્રતિ કલાક
(ક) 40 કિ.મી. પ્રતિ કલાક (ડ) 60 કિ.મી. પ્રતિ કલાક

25. બે ટ્રેન અમદાવાદથી એક સાથે રવાના થાય છે. એક ટ્રેન ઉપર તરફ 60 કિ.મી. અને બીજી ટ્રેન દક્ષિણ તરફ 40 કિ.મી.ના ગતિથી ચાલે છે. કેટલા કલાક પછી બન્ને ટ્રેન 150 કિ.મી.ના દૂરી પર રહેશે ?
(અ) 3/2 (બ) 4/3
(ક) 3/4 (ડ) 15/2

26. 1 નોટીકલ માઈલ =......... કિ.મી. ?
(અ) 0.852 (બ) 1.852
(ક) 1.852 (ડ) 3.852

27. એક કારની ઝડપ તેની મૂળ ઝડપ કરતાં 5 કિ.મી. / કલાક વધારવામાં આવે તો 150 કિ.મી.નું અંતર કાપતા તેને પહેલાં કરતાં 60 મિનિટ ઓછી લાગે છે, તો કારની મૂળ ઝડપ શોધો.
(અ) 50 કિ.મી./કલાક (બ) 30 કિ.મી./કલાક
(ક) 40 કિ.મી./કલાક (ડ) 25 કિ.મી./કલાક

www.gujposts.in

**: જવાબો :**

*(1)* રેલગાડી અને એન્જિનની લંબાઈ, *(2)* **74.16 કિ.મી./કલાક**, *(3)* $3.5\ \text{km}/\text{hr} = \frac{35}{36}\ \text{m}/\text{sed}$, *(4)* **45 કિ.મી./કલાક** *(5)* **2 કિ.મી./કલાક**, *(6)* **10 મીટર/સેકન્ડ**, *(7)* **120 મીટર**, *(8)* **48 મિનિટ**, *(9)* **10 વાગે**, *(10)* **60 કિ.મી./કલાક**, *(11)* **89 સેકન્ડ**, *(12)* **72 કિ.મી./કલાક**, *(13)* **54 કિ.મી./કલાક**, *(14)* **12 કિ.મી./કલાક**, *(15)* $12\frac{1}{2}$ **મી./સેકન્ડ**, 16. (ક) 3 : 35, 17. (ક) 80 કિ.મી./કલાક, 18. (બ) 1.00 વાગે બપોર પછી, 19. ......, 20. (ડ) 25 કિ.મી./કલાક, 21. (અ) સવારે 11.45 કલાકે, 22. (ડ) 360 કિ.મી., 23. (ક) 700, 24. (ડ) 60 કિ.મી. પ્રતિ કલાક, 25. (અ) 3/2, 26. (ક) 1.852, 27. (ક) 40 કિ.મી./કલાક

# 16. શ્રેણી-આંકડાશાસ્ત્ર અને સમાન્તર શ્રેણી

અવર્ગીકૃત માહિતી માટે મધ્યવર્તી સ્થિતિનાં માપ ત્રણ પ્રકારે મેળવી શકાય છે.

(1) મધ્યક ($\bar{x}$) (2) મધ્યસ્થ ($M$) (3) બહુલક ($Z$)

ત્રણેય વચ્ચેનો સંબંધ $Z = 3M - 2\bar{x}$

સરાસરી, સરેરાશ $\bar{x} = \frac{\sum X_i}{n_i}$

- માહિતીનાં અવલોકનોને ચઢતા કે ઉતરતા ક્રમમાં ગોઠવ્યા પછી મધ્યમાં રહેલા અવલોકનને મધ્યસ્થ કહે છે.

મધ્યસ્થ $(M) = \frac{n+1}{2}$ મો પ્રાપ્તાંક

પરંતુ અવલોકનોની સંખ્યા બેકી હોય તો,

મધ્યસ્થ $(M) = \frac{\text{મધ્યમાં રહેલા બે પ્રાપ્તાંકોનો સરવાળો}}{2}$

- બહુલક ($Z$) = અવર્ગીકૃત માહિતીમાં સૌથી વધુ વખત પુનરાવર્તન પામતા અવલોકનને માહિતીનો બહુલક કહે છે.
- ક્રમિક સંખ્યાઓમાં મધ્યક, મધ્યસ્થ અને બહુલકનાં માપ સરખા હોય છે.
- બહુલક ન પણ હોઈ શકે, તેમજ એકથી વધારે પણ હોઈ શકે.

સમાન્તર શ્રેણી

nમું પદ = Tn = a + (n - 1) × d

જ્યાં a = પ્રથમ પદ

n = પદોની સંખ્યા

તથા d = તફાવત

Tn = nમું પદ

ઉપરાંત n પદોનો સરવાળો =

$$Sn = \frac{n}{2}[2a + (n-1) \times d]$$

$$= \frac{n}{2}[a + a + (n-1) \times d]$$

$$= \frac{n}{2}(a + Tn) \text{ અથવા}$$

$$= \frac{n}{2}[a + l] \text{ જ્યાં } l = \text{છેલ્લુ પદ}$$

દા. ત. (1) $9 + 19 + 29 + ......... + 99$ નો સરવાળો કેટલો થાય ?

અહીં $a = 9,\ d = 10$ તથા $n$ મું પદ $= 99$

$\therefore$ n મું = a + (n - 1) d

99 = 9 + (n-1) ×10

$\therefore$ (n - 1) 10 = 90

$\therefore$ n - 1 = 9

$\therefore$ n = 10

$\therefore$ n પદોનો સરવાળો = $\frac{n}{2}(a + l)$

$= \frac{10}{2}(9 + 99)$

$= 5 \times 108$

$= 540$

સંખ્યા શ્રેણી

પ્રકાર - ૧

1. જ્યારે કોઈ શ્રેણી આપેલી હોય અને આ શ્રેણી પૂર્ણ રીતે ચડતા ક્રમમાં ગોઠવાયેલી હોય તો આ શ્રેણીમાં (i) સરવાળો (ii) ગુણાકાર (iii) વર્ગ (iv) ઘન (v) વર્ગ ± સંખ્યા તથા ઘન ± સંખ્યા કરેલ હોય છે.

રીત નં. : (1) શ્રેણી પૂર્ણ રીતે ચઢતા ક્રમમાં હોય તથા કંઈક ઉમેરેલ હોય, સરવાળા થયેલ હોય. તેવી શ્રેણી.

દા. ત.

(1) 1, 3, 5, 7, 9, 11, <u>13</u>

$1^{+2}, 3^{+2}, 5^{+2}, 7^{+2}, 9^{+2}, 11^{+2}, \underline{13}$

(2) 1, 8, 15, 22, 29, <u>36</u>

$1^{+7}, 8^{+7}, 15^{+7}, 22^{+7}, 29^{+7}, \underline{36}$

(3) 11, 22, 33, 44, 55, <u>66</u>

$11^{+11}, 22^{+11}, 33^{+11}, 44^{+11}, 55^{+11}, \underline{66}$

(4) 2, 3, 5, 8, 12, 17, <u>23</u>

$2^{+1}, 3^{+2}, 5^{+3}, 8^{+4}, 12^{+5}, 17^{+6}, \underline{23}$

(5) 8, 12, 18, 26, 36, <u>48</u>

$8^{+4}, 12^{+6}, 18^{+8}, 26^{+10}, 36^{+12}, \underline{48}$

(6) 0, 3, 8, 15, 24, <u>35</u>

$0^{+3}, 3^{+5}, 8^{+7}, 15^{+9}, 24^{+11}, \underline{35}$

(7) -4, -2, 1, 5, 11, 17 <u>24</u>

$-4^{+2}, -2^{+3}, 1^{+4}, 5^{+5}, 11^{+6}, 17^{+7}, \underline{24}$

**રીત નં. :** (2)

*શ્રેણી* પૂર્ણ રીતે ચઢતા ક્રમમાં હોય તથા કંઇક સંખ્યા વડે ગુણાકાર થયેલ હોય તેવી શ્રેણી.

**દા.ત.**

1. 1, 3, 9, 27, <u>81</u>

   $1^{\times 3}, 3^{\times 3}, 9^{\times 3}, 27^{\times 3}, \underline{81}$

2. 10, 70, 490, 3430, <u>24010</u>

   $10^{\times 7}, 70^{\times 7}, 490^{\times 7}, 3430^{\times 7}, \underline{24010}$

3. 7, 7, 14, 42, 168, <u>840</u>

   $7^{\times 1}, 7^{\times 2}, 14^{\times 3}, 42^{\times 4}, 168^{\times 5}, \underline{840}$

4. 12, 24, 48, 96, <u>192</u>

   $12^{\times 2}, 24^{\times 2}, 48^{\times 2}, 96^{\times 2}, \underline{192}$

**રીત નં. :** (3)

શ્રેણી પૂર્ણ રીતે ચઢતા ક્રમમાં હોય તથા આપેલ દરેક સંખ્યા કોઇ સંખ્યાનો વર્ગ હોય તેવી શ્રેણી.

**દા.ત.**

1. 1, 4, 9,16, <u>25</u>

   $1^2, 2^2, 3^2, 4^2, \underline{5^2}$

2. 16, 36, 64, 100, <u>144</u>

   $4^2, 6^2, 8^2, 10^2, \underline{12^2}$

3. 25, 49, 81, 121, 169, <u>225</u>

   $5^2, 7^2, 9^2, 11^2, 13^2, \underline{15^2}$

4. 1, 1, 2, 4, 3, 9, 4, 16, 5, <u>25</u>

   $1, 1^2, 2, 2^2, 3, 3^2, 4, 4^2, 5, \underline{5^2}$

5. 81:9: : 64 : <u>8</u>

   $9^2 : 9 :: 8^2 : \underline{8}$

**રીત નં. :** (4)

શ્રેણી પૂર્ણ રીતે ચઢતા ક્રમમાં હોય તથા આપેલ દરેક સંખ્યા કોઇ સંખ્યાનો ઘન હોય તેવી શ્રેણી.

1. 1, 8, 27, 64, 125, <u>216</u>

   $1^3, 2^3, 3^3, 4^3, 5^3, \underline{6^3}$

2. 1, 27, 125, 343, <u>729</u>

   $1^3, 3^3, 5^3, 7^3, \underline{9^3}$

3. 8, 64, 216, 512, <u>1000</u>

   $2^3, 4^3, 6^3, 8^3, \underline{10^3}$

4. 27, 64, 125, 216, <u>343</u>

   $3^3, 4^3, 5^3, 6^3, \underline{7^3}$

5. 1, 1, 2, 8, 3, 27, 4, 64, 5, <u>125</u>

   $1, 1^3, 2, 2^3, 3, 3^3, 4, 4^3, 5, \underline{5^3}$

**રીત નં. :** (5)

શ્રેણી પૂર્ણ રીતે ચઢતા ક્રમમાં હોય તથા પૂર્ણ વર્ગ અને પૂર્ણ ઘન સંખ્યામાં કંઇક ઉમેરેલ હોય કે કંઇક બાદ કરેલ હોય તેવી શ્રેણી.

**દા.ત.**

1. 0, 3, 8, 15, 24, <u>35</u>

   $1^2-1, 2^2-1, 3^2-1, 4^2-1, 5^2-1, \underline{6^2-1}$

2. 2, 5, 10, 17, 26, <u>37</u>

   $1^2+1, 2^2+1, 3^2+1, 4^2+1, 5^2+1, \underline{6^2+1}$

3. 0, 7, 26, 63, 124, <u>215</u>

   $1^3-1, 2^3-1, 3^3-1, 4^3-1, 5^3-1, \underline{6^3-1}$

4. 3, 10, 29, 66, 127, <u>218</u>

   $1^3+2, 2^3+2, 3^3+2, 4^3+2, 5^3+2, \underline{6^3+2}$

5. 2, 2, 5, 9, 10, 28, 17, 65, <u>26</u>

   $1^2+1, 1^3+1, 2^2+1, 2^3+1, 3^2+1, 3^3+1,$
   $4^2+1, 4^3+1, \underline{5^2+1}$

6. 6 : 37 : : 8 : <u>65</u>

   $6 : 6^2+1 :: 8 : \underline{8^2+1}$

## પ્રકાર - 2

- જ્યારે કોઇ શ્રેણી આપેલી હોય અને આ શ્રેણી પૂર્ણ રીતે ઉતરતા ક્રમમાં ગોઠવાયેલી હોય તો આ શ્રેણીમાં (i) બાદબાકી (ii) ભાગાકાર (iii) વર્ગ ઉતરતા ક્રમમાં (iv) ઘન ઉતરતા ક્રમમાં (v) પૂર્ણ વર્ગ કે પૂર્ણ ઘનમાં કંઇ ઉમેરેલ કે કંઇક બાદ કરેલ હોય.

**રીત નં. :** (1)

શ્રેણી પૂર્ણ રીતે ઉતરતા ક્રમમાં ગોઠવાયેલી હોય તથા કંઇક બાદ કરેલ હોય તેવી શ્રેણી.

1. $99_{-10}, 89_{-10}, 79_{-10}, 69_{-10}, 59_{-10}, \underline{49}$
2. $65_{-15}, 50_{-13}, 37_{-11}, 26_{-9}, 17_{-7}, 10_{-5}, \underline{5}$
3. $19_{-2}, 17_{-2}, 15_{-2}, 13_{-2}, 11_{-2}, \underline{9}$
4. $103_{-19}, 84_{-17}, 67_{-15}, 52_{-13}, 39_{-11}, 28_{-9}, \underline{19}$
5. $32_{-7}, 25_{-6}, 19_{-5}, 14_{-4}, 10_{-3}, 7_{-2}, \underline{5}$

6. $105_{-20}, 85_{-25}, 60_{-30}, 30_{-35}, -5_{-40}, -45_{-45}, \underline{-90}$

7. $42_{-5}, 37_{-7}, 30_{-5}, 25_{-7}, 18_{-5}, \underline{13}$

**રીત નં. :** (2)

**શ્રેણી પૂર્ણ રીતે ઉતરતા ક્રમમાં હોય તથા કંઇક ભાગાકાર કરેલ હોય તેવી શ્રેણી.**

1. $60000_{\div 10}, 6000_{\div 10}, 600_{\div 10}, 60_{\div 10}, \underline{6}$

2. $5000_{\div 10}, 500_{\div 10}, 50_{\div 10}, 5_{\div 10}$

3. $5000_{\div 5}, 1000_{\div 5}, 200_{\div 5}, 40_{\div 5}, \underline{8}$

4. $720_{\div 2}, 360_{\div 3}, 120_{\div 4}, 30_{\div 5}, 6_{\div 6}, \underline{1}$

5. $240_{\div 1}, 240_{\div 2}, 120_{\div 3}, 40_{\div 4}, 10_{\div 5}, \underline{2}$

6. $2000_{\div 2}, 1000_{\div 2}, 500_{\div 2}, 250_{\div 2}, 125_{\div 2}, \underline{62.5}$

**રીત નં. :** (3)

**શ્રેણી પૂર્ણ રીતે ઉતરતા ક્રમમાં હોય તથા આપેલ દરેક સંખ્યા કોઈ સંખ્યાનો વર્ગ હોય તેવી શ્રેણી.**

1. $121_{11^2}, 100_{10^2}, 81_{9^2}, 64_{8^2}, 49_{7^2}, \underline{36_{6^2}}$

2. $441_{21^2}, 361_{19^2}, 289_{17^2}, 225_{15^2}, \underline{169_{13^2}}$

3. $489_{22^2}, 324_{18^2}, 196_{14^2}, 100_{10^2}, \underline{36_{6^2}}$

4. $324_{18^2}, 289_{17^2}, 256_{16^2}, 225_{15^2}, 196_{14^2}, \underline{169_{13^2}}$

**રીત નં. :** (4)

**શ્રેણી પૂર્ણ રીતે ઉત્તરતા ક્રમમાં હોય તથા આવેલ દરેક સંખ્યા કોઈ સંખ્યાનો ઘન હોય તેવી શ્રેણી.**

1. $125_{5^3}, 64_{4^3}, 27_{3^3}, 8_{2^3}, \underline{1_{1^3}}$

2. $1331_{11^3}, 729_{9^3}, 343_{7^3}, 125_{5^3}, \underline{27_{3^3}}$

3. $1000_{10^3}, 512_{8^3}, 216_{6^3}, 64_{4^3}, \underline{8_{2^3}}$

4. $6_6, 216_{6^3}, 5_5, 125_{5^3}, 4_4, 64_{4^3}, 3_3, \underline{27_{3^3}}$

5. $512_{8^3}, 343_{7^3}, 216_{6^3}, 125_{5^3}, 64_{6^3}, 27_{3^3}, \underline{8_{2^3}}$

**રીત નં. :** (5)

**શ્રેણી પૂર્ણ રીતે ઉતરતા ક્રમમાં હોય તથા આપેલ દરેક સંખ્યા એ કોઈ પૂર્ણ વર્ગ કે પૂર્ણઘન સંખ્યામાંથી કંઇક બાદ થયેલ કે કંઇક ઉમેરેલ સંખ્યા હોય તેવી શ્રેણી.**

1. $99_{10^2-1}, 80_{9^2-1}, 63_{8^2-1}, 48_{7^2-1}, 35_{6^2-1}, 24_{5^2-1}$

2. $360_{19^2-1}, 323_{18^2-1}, 288_{17^2-1}, 255_{16^2-1}, 224_{15^2-1}, 195_{14^2-1}$

3. $100_{10^2-0}, 80_{9^2-1}, 62_{8^2-2}, 46_{7^2-3}, 32_{6^2-4}, 20_{5^2-5}$

4. $167_{13^2-2}, 142_{12^2-2}, 119_{11^2-2}, 98_{10^2-2}, 79_{9^2-2}, 62_{8^2-2}$

5. $510_{8^3-2}, 341_{7^3-2}, 214_{6^3-2}, 123_{5^3-2}, 62_{4^3-2}, 25_{3^3-2}$

6. $730_{9^3+1}, 513_{8^3+1}, 344_{7^3+1}, 217_{6^3+1}, 126_{5^3+1}, 65_{4^3+1}$

7. $122_{11^2+1}, 101_{10^2+1}, 82_{9^2+1}, 65_{8^2+1}, 50_{7^2+1}, 37_{6^2+1}$

8. $445_{21^2+4}, 365_{19^2+4}, 293_{17^2+4}, 129_{15^2+4}, 173_{13^2+4}$

9. $103_{10^2+3}, 84_{9^2+3}, 67_{8^2+3}, 52_{7^2+3}, 39_{6^2+3}, 28_{5^2+3}$

10. $223_{15^2-2}, 167_{13^2-2}, 119_{11^2-2}, 79_{9^2-2}, 97_{7^2-2}$

## પ્રકાર - 3

**જ્યારે કોઈ શ્રેણી સંપૂર્ણ રીતે ચઢતા કે ઉતરતા ક્રમમાં ગોઠવાયેલ ન હોય ત્યારે આ શ્રેણી બે કે તેથી વધારે અલગ અલગ શ્રેણીથી rõ¼ks íkÚÃu nkÞ íÞt{ Mk[ S y kø÷Lk Type-1 તથા Type-2 માંથી યોગ્ય નિયમનો ઉપયોગ કરવો.**

**દા. ત.**

1. 5, 3, 6, 4, 7, 5, 8, 6, $\underline{9}$

અહીં શ્રેણી - 1 માં 5, 6, 7, 8, $\underline{9}$

શ્રેણી - 2 માં 3, 4, 5, 6, ........

2. 11, 10, 13, 11, 15, 12, 17, 13, $\underline{19}$

અહી શ્રેણી-1માં 11, 13, 15, 17, 19

શ્રેણી - 2 માં 10, 11, 12, 13, ......

3. 1, 1, 2, 4, 3, 9, 4, 16, 5, $\underline{25}$

અહીં શ્રેણી-1માં 1, 2, 3, 4, 5, ........

શ્રેણી - 2 માં 1, 4, 9, 16, $\underline{25}$

4. 16, 21, 14, 22, 12, 23, 10, $\underline{24}$

અહીં શ્રેણી-1માં 16, 14, 12, 10, .....

શ્રેણી-2 માં 21, 22, 23, $\underline{24}$

5. 1, 1, 2, 8, 3, 27, 4, 64, 5, $\underline{125}$

અહીં શ્રેણી-1માં 1, 2, 3, 4, 5, ......

શ્રેણી-2 માં 1, 8, 27, 64, $\underline{125}$

6. 1, 1, 1, 2, 4, 8, 3, 9, 27, 4, 16, $\underline{64}$

અહીં શ્રેણી-1માં 1, 2, 3, 4, ........

શ્રેણી-2 માં 1, 4, 9, 16, .......

શ્રેણી-3 માં 1, 8, 27, $\underline{64}$

7. 10, 9, 13, 8, 16, 7, 19, 6, $\underline{22}$

અહીં શ્રેણી-1માં 10, 13, 16, 19, $\underline{22}$

શ્રેણી-2 માં 9, 8, 7, 6, .........

● **આંકડાશાસ્ત્ર : અગત્યનું પ્રશ્ન રૂપે**

1. કોઈક માહિતી માટે $Z = 25$ અને $\overline{x} = 25$, તો $M =$.......

(અ) 25 (બ) 75

(ક) 50 (ડ) 0

2. કોઈક માહિતી માટે $Z - M = 2.5$, જો માહિતીનો મધ્યક 20 હોય, તો $Z =$.........

(અ) 21.25 (બ) 22.75

(ક) 23.75 (ડ) 22.25

3. જો $\overline{x} - Z = 3$ અને $\overline{x} + Z = 45$, તો $M =$.......

(અ) 24 (બ) 22

(ક) 26 (ડ) 23

4. જો $Z = 24$, $\overline{x} = 18$, તો $M =$........

(અ) 10 (બ) 20

(ક) 30 (ડ) 40

5. જો $M = 15$, $\overline{x} = 10$, તો $Z =$.........

(અ) 15 (બ) 20

(ક) 25 (ડ) 30

6. જો $M = 22, Z = 16$, તો $\overline{x} =$.........

(અ) 22 (બ) 25

(ક) 32 (ડ) 66

7. જો $\overline{x} = 21.44$ અને $Z = 19.13$, તો $M =$.........

(અ) 21.10 (બ) 19.67

(ક) 20.10 (ડ) 20.67

8. જો $M = 26$, $\overline{x} = 36$, તો $Z =$.........

(અ) 6 (બ) 5

(ક) 4 (ડ) 3

9. નીચે આપેલી માહિતીનો બહુલકીય વર્ગ ........... છે.

| વર્ગ | 0-10 | 10-20 | 20-30 | 30-40 | 40-50 |
|---|---|---|---|---|---|
| આવૃત્તિ | 7 | 15 | 13 | 17 | 10 |

(અ) $10-20$ (બ) $20-30$

(ક) $30-40$ (ડ) $40-50$

10. ઉપરના દાખલા $(9)$ માં આપેલ વર્ગ $20-30$ ની સંચયી આવૃત્તિ.......... છે.

(અ) 25 (બ) 35

(ક) 15 (ડ) 40

11. દાખલા $(9)$ માં આપેલ આવૃત્તિ વિતરણનો મધ્યસ્થ વર્ગ.......... છે.

(અ) 40-50 (બ) 30-40

(ક) 20-30 (ડ) 10-20

12. શાળામાં કુલ વર્ગોની સંખ્યા એ ......... માહિતી છે.

13. પુસ્તકાલયોમાં પુસ્તકોની સંખ્યાએ ........ માહિતી છે.

14. દૈનિક સમાચારપત્રોમાંથી મેળવેલ ફુગાવાના દરના આંકડા ...... માહિતી છે.

15. કંપનીના વાર્ષિક અહેવાલમાંથી નફો - નુકશાનનાં મેળવેલ આંકડા ...... માહિતી છે.

16. 10 વિદ્યાર્થીઓએ 50 ગુણની એક કસોટીમાં મેળવેલ ગુણ 13, 25, 42, 11, 40, 33, 49, 37, 19, 27 છે માટે આ માહિતીનો વિસ્તાર ...... છે.

17. પાંચ કામદારોનો રોજનો પગાર રૂપિયામાં 45, 32, 59, 37 અને 52 છે. આ માહિતીનો મધ્યક ...... છે.

18. વર્ગ 41-50 ની ઉર્ધ્વ સીમા ........ છે.

19. વર્ગ 20-29 ની અધઃસીમા ...... છે.

20. માહિતી 3, 7, 5, 6, 7, 5, 7, 9, 4, 7 માં 7 ની આવૃત્તિ ........ છે.

21. વર્ગ 25-30 ની મધ્ય કિંમત ...... છે.

22. વર્ગ 45-55 ની મધ્યકિંમત ....... છે.

23. વર્ગ 30-45 ની વર્ગ લંબાઈ ...... છે.

24. વર્ગ 55.5 - 65.5 ની વર્ગ લંબાઈ ..... છે.

25. અવલોકનો 17, 23, 9, 32, 14, 27, 11 નો મધ્યસ્થ ........ છે.

26. અવલોકનો 54, 32, 19, 36, 29, 44, 21, 47 નો મધ્યસ્થ ....... છે.

27. અવલોકનો 26, 13, 7, 31, 21, 17 નો મધ્યસ્થ ...... છે.

28. અવલોકનો 76, 81, 68, 92, 88 નો મધ્યસ્થ .....

29. માહિતી 9, 8, 11, 3, 8, 15, 8, 9, 10, 14 નો બહુલક ..... છે.

30. પાંચ કારીગરોનો દરેકનો પગાર 5000 રૂ. છે, તો આ માહિતીનો મધ્યક ..........., મધ્યસ્થ ......... અને બહુલક ........ રૂ. છે.

31. અવલોકનો 1, 3, 2, 5, 3, 7, 2 નો બહુલક ........ છે.

32. અવલોકનો 7, 13, 15, 11, 13, 13, 7, 7, 19, 20, 15, 15 નો બહુલક ....... છે.

33. ઉપરોક્ત દાખલાની માહિતી ....... છે.

34. $1 + 3 + ...... + (2n - 1) = n^2$ છે તો પ્રથમ $n$ અયુગ્મ સંખ્યાઓનો મધ્યક ........ છે.

35. જો પ્રત્યેક અવલોકન 3, 7, 9, 18, 21, 32 ને 3 વડે ગુણવામાં આવે, તો નવો મધ્યક ....... છે.

36. જો પ્રત્યેક અવલોકન 8, 17, 25, 28, 32 માં (-7) ઉમેરવામાં આવે તો નવો મધ્યક ...... છે.

37. જો પ્રત્યેક અવલોકન 18, 33, 36, 39, 44 ને 2 વડે ભાગવામાં આવે તો નવો મધ્યક ..... છે.

38. જો અવલોકન 5, 37, 29, 18 માં અવલોકન 5 ને બદલે (-5) લેવામાં આવે તો નવો નવો મધ્યક ...... છે.

39. જો પ્રત્યેક અવલોકન 8, 13, 9, 15, 12 ને (-5) વડે ગુણવામાં આવે તો નવો મધ્યક ..... છે.

40. -2, -9, 31, 28, 41, 13 માં (-9) ને બદલે 9 લેવામાં આવે તો નવો $\overline{x}$ = .....

41. 33, 17, 23, 28, 42, 37 પ્રત્યેક અવલોકનમાં 4 ઉમેરવામાં આવે તો નવો મધ્યક .... છે.

**સમાન્તરશ્રેણી અથવા અંકગણિત શ્રેણી : પ્રશ્નો રૂપે**

42. 5, 10, 15, 20, ...... 200 ના પદોની સંખ્યા શોધો.

43. 200, 196, 192, ..... - 200 નું કેટલામું પદ 0 (શૂન્ય) હશે ?

44. 11, 17, 23, 29, ..... 605 માટે છેલ્લેથી 7 મું પદ શોધો.

45. 7 ના કેટલા ગુણોનો ત્રણ અંકોની સંખ્યા હોય ?

46. 10, 15, 20, 25, 30, ..... 1000 નું છેલ્લેથી પંદરમું પદ શોધો.

47. 5+11+17+........ નાં શ્રેણીનાં પ્રથમ 20 પદોનો સરવાળો કેટલો થાય.

48. 7+11+15+19+23........ નાં કેટલાં પદોનો સરવાળો 900 થાય.

49. 6 ના પ્રથમ 30 ધન પૂર્ણાંક ગણિતોનો સરવાળો મેળવો.

50. 2, 7, 12, 17 નાં કેટલાં પદનો સરવાળો 990 થાય ?

51. એક સમાંતર શ્રેણીનું પ્રથમ પદ 5 અને છેલ્લું પદ 45 છે. બધા પદોનો સરવાળો 500 છે. તો તે શ્રેણીનાં પદોની સંખ્યા કેટલી.

52. 3 વડે નિઃશેષ વિભાજ્ય હોય તેવી 3 અંકોની બધી પ્રાકૃતિક સંખ્યાઓનો સરવાળો શોધો.

53. 5 થી 205 સુધીની તમામ અયુગ્મ સંખ્યાઓનો સરવાળો કરો.

54. જો 3+5+7+9+........ $n$ પદનો સરવાળો 288 હોય તો $n$ =........ ?

55. સમાન્તર શ્રેણી 100, 97, 94, 91, ....... નું ક્યુ પદ તેનું પ્રથમ શ્રેણી પદ હોય ?

56. 5, 11, 17, ..... નું 101 મું પદ ........ થાય.

57. 5, 10, 15, 20, ....., 200 શ્રેણીના પદોની સંખ્યા...... છે.

58. 200, 196, 192, ....., - 200 શ્રેણીનું ક્યું પદ શુન્ય છે ?

59. 11, 17, 23, 29, ...., 605 શ્રેણીનું છેલ્લેથી ૭મું પદ ..... હશે.

60. 8, 11, 14, 17, ..... નું કેટલામું પદ 272 હોય ?

61. 5 + 11 + 17 + ...... + ..... શ્રેણીના પ્રથમ 20 પદોનો સરવાળો ....... થાય.

62. 3 + 6 + 9 + ...... + 300 = .........

63. 5 + 10 + 15 + ...... + 100 = .........

64. (-100) + (-92) + (-84) + ..... + 92 = .........

65. 25 + 21 + 17 + 13 + ....... + (-51) = ..........

66. નીચેના આંકડાઓમાં ? ખાલી જગ્યામાં શું આવે ?

(1) 729 (2) 343
(3) 125 (4)

(અ) 16 (બ) 118
(ક) 27 (ડ) 468

67. સમાંતર શ્રેણી 2, 7, 12, 17 નું 12 મું પદ ક્યું છે.

(અ) 50 (બ) 55
(ક) 57 (ડ) 67

68. આ શ્રેણીમાં હવે પછીની સંખ્યા કઈ આવશે ? 3, 5, 7, 11, 13, 17, .......

(અ) 21 (બ) 23
(ક) 22 (ડ) 19

69. જેનું N મું પદ (7n - 3) હોય તેવી સમાંતર શ્રેણીમાં પ્રથમ 40 પદોનો સરવાળો ........... થાય.

(અ) 5620 (બ) 6250
(ક) 5260 (ડ) 6520

70. એક સમાંતર શ્રેણીનું n મું પદ $T_n = 5n - 2$ છે, તો તેનું 12 મું પદ ક્યું હશે ?

(અ) 62 (બ) 72
(ક) 58 (ડ) 60

71. 9 + 19 + 29 + ........ + 99 નો સરવાળો કેટલો થાય.

(અ) 199 (બ) 500
(ક) 200 (ડ) 540

72. સમાંતર શ્રેણીનું $n$ મું પદ શોધવાનું સૂત્ર ક્યું છે ?

(અ) $Tn = 1 + (n-1)d$ (બ) $Tn = a + (n-1)d$
(ક) $Tn = a + (n+1)d$ (ડ) $Tn = a - (n+1)d$

73. સમાંતર શ્રેણીના સરવાળા અંગેનું સૂત્ર $Sn = {}^{n}\!/_{2}\,(a+1)$ ના શોધક ગણિતશાસ્ત્રી ........ હતા.

(અ) ગાઉસ (બ) ન્યૂટન
(ક) પાયથાગોરસ (ડ) શ્રીધર આચાર્ય

74. સમાંતર શ્રેણી 5,11,17 નું એકસો એક (101) મું પદ ક્યું થશે ?

(અ) 600 (બ) 405
(ક) 505 (ડ) 605

75. 3,6,9,12...... પ્રથમ 50 પદોના સરવાળો કેટલો થાય ?

(અ) 3625 (બ) 3825
(ક) 3725 (ડ) 3925

76. 40,54,82,....?......,180,250 સંખ્યાઓ બાબતે .... માં કઈ સંખ્યા આવે ?

(અ) 124 (બ) 116
(ક) 138 (ડ) 142

77. 3,6,18,72,....?..... પ્રશ્નાર્થ કરેલી સંખ્યા શોધો.

(અ) 360 (બ) 288
(ક) 114 (ડ) 216

78. 6, 13, 28, 59, .........
(અ) 122 (બ) 120
(ક) 125 (ડ) 119

79. નીચે આપેલ શ્રેણી પૂર્ણ બનાવો. 1, 5, 10, 16, 23, 31, .....
(અ) 38 (બ) 39
(ક) 40 (ડ) 41

80. નીચે દર્શાવેલ સંખ્યાઓની આંતરિક સરખામણીથી ખાલી જગ્યામાં કઈ સંખ્યા આવશે ? 21, 105, 735, 6615, .......
(અ) 19845 (બ) 33075
(ક) 3675 (ડ) 72765

81. આ શ્રેણી જુઓ : C 13, E 16 ........, I 22, K 25 ........ ખૂટતી સંખ્યા ઓળખો.
(અ) G 18 (બ) G 19
(ક) F 18 (ડ) H 19

82. આ શ્રેણીને જુઓ : 38, 36, 32, 30, 26, ........... પછીની સંખ્યા કઈ આવશે ?
(અ) 24 (બ) 22
(ક) 26 (ડ) 23

83. રિશ્વા નીચેની રીતે એક શ્રેણી બનાવે છે. તે શ્રેણીનું પ્રથમ પદ - 10 પસંદ કરે છે. શ્રેણીનું દરેક પદ તેના પુરોગામી પદ કરતાં 4 જેટલું ઓછું હોય છે, તો તેની શ્રેણીનાં પ્રથમ પાંચ પદ ક્યાં હશે ?
(અ) -10, -6, -2, 0, 4
(બ) -10, -6, -2, 2, 6
(ક) -10, -14,-18, -20, -24
(ડ) -10, -14, -18, -22, -26

84. નીચેની શ્રેણીમાં ? ની જગ્યાએ કઈ સંખ્યા આવે ? 1, 2, 6, 24, 120, ?
(અ) 740 (બ) 724
(ક) 728 (ડ) 720

85. 9366395937891639639
ઉપરની શ્રેણીમાં જેની તરત આગળ 6 અને તરત જ પાછળ 9 ન આવતા હોય તેવા '3 'ની સંખ્યા કેટલી ?
(અ) એક (બ) બે
(ક) ત્રણ (ડ) ચાર

86. નીચેનામાંથી કઈ સંખ્યા શ્રેણીમાં બંધબેસતી થતી નથી ?
0, 1, 3, 6, 10, 15, 21, 28, 37, 45
(અ)0 (બ) 21
(ક) 37 (ડ) 45

87. 6 : 72 : 8 : ?
(અ) 94 (બ) 96
(ક) 74 (ડ) 92

88. 6 : 36 : : 9 : ?
(અ) 81 (બ) 98
(ક) 42 (ડ) 56

89. 384 : ? : : 216 : 63
(અ) 128 (બ) 124
(ક) 113 (ડ) 192

90. 4, 16, 36, .... ? ...., 100
(અ) 56 (બ) 64
(ક) 48 (ડ) 52

91. 2, 3, 10, 15, 26, ....?...
(અ) 30 (બ) 52
(ક) 35 (ડ) 24

92. 12, 23, 34, 45, ...?..., 67, 78, 79
(અ) 76 (બ) 69
(ક) 56 (ડ) 54

93. 1, 1, 4, 8, 9, 27, 16, ..... ખાલી જગ્યામાં કઈ સંખ્યા આવશે ?
(અ) 81 (બ) 32
(ક) 48 (ડ) 64

94. નીચે આપેલી શ્રેણીની 24 પદો સુધી ગણતરી કરો.
$(8x+5y)+(11x+3y)+(14x+y)+........$
(અ) $1025x-425y$ (બ) $1022x-420y$
(ક) $1025x+425y$ (ડ) $1020x-432y$

95. પ્રશ્નાર્થની જગ્યાએ શું આવશે ? 0, 1, 9, 36, 100, 225, ?
(અ) 342 (બ) 441
(ક) 430 (ડ) 699

96. આ શ્રેણીને જુઓ : 80, 10, 70, 15, 60, .... હવે પછી ક્યો નંબર આવશે.
(અ) 20 (બ) 30
(ક) 25 (ડ) 50

97. આ શ્રેણીને જુઓ : 7, 10, 8, 11, 9, 12 હવે પછી ક્યો નંબર આવશે ?
(અ) 7 (બ) 12
(ક) 10 (ડ) 13

98. આ શ્રેણીને જુઓ : 53, 53, 40, 40, 27, 27 હવે પછી ક્યો નંબર આવશે ?
(અ) 12 (બ)

(ક) 14 (ડ) 53

99. આ શ્રેણીને જુઓ : 36, 34, 30, 28, 24 હવે પછી ક્યો નંબર આવશે ?

(અ) 20 (બ) 23

(ક) 22 (ડ) 26

100. આ શ્રેણીને જુઓ : 1000, 200, 40 હવે પછી ક્યો નંબર આવશે ?

(અ) 8 (બ) 15

(ક) 10 (ડ) 20

101. પ્રશ્નાર્થની જગ્યાએ શું આવશે ? 5, 6, 10, 19, ?

(અ) 25 (બ) 38

(ક) 35 (ડ) 45

102. શ્રેણીમાં કઈ સંખ્યા ખોટી છે ? 2, 9, 28, 65, 126, 216, 344

(અ) 9 (બ) 216

(ક) 126 (ડ) 344

103. નીચેની શ્રેણીમાં '?' ના સ્થાને શું આવશે ? 1, 2, 6, 24, 12, ?

(અ) 960 (ક) 720

(ક) 600 (ડ) 480

104. નીચેની શ્રેણીમાં '?'ના સ્થાને શું આવશે ? 35, 34.5, 35.5, 34, 36, ?

(અ) 36.5 (બ) 33

(ક) 33.5 (ડ) એકપણ નહીં.

105. 4, 6, 9, 13, .........

(અ) 15 (બ) 12

(ક) 18 (ડ) 17

106. 8, 20, 36, 56, ........

(અ) 80 (બ) 100

(ક) 64 (ડ) 84

107. 1, 1, 8, 4, 27, 9, ........

(અ) 8 (બ) 9

(ક) 64 (ડ) 16

108. 2, 16, 3, 81, 4, 9, .........

(અ) 64 (બ) 32

(ક) 256 (ડ) 272

109. 85 : 42 : : 139 : ?

(અ) 67 (બ) 69

(ક) 70 (ડ) 82

110. 169, 625, 196, 141, 144, ?

(અ) 141 (બ) 169

(ક) 144 (ડ) 625

111. શ્રેણી પૂર્ણ કરો : 3, 4, 7, 12, 19, (?)

(અ) 20 (બ) 30

(ક) 26 (ડ) 28

112. શ્રૃંખલા 1, 3, 8, 19, ?, 89 માં પ્રશ્નાર્થ ચિહ્નના સ્થાને શું આવશે ?

(અ) 35 (બ) 40

(ક) 42 (ડ) 48

113. ખૂટતી સંખ્યા શોધો. 95, 87, 80, 74, 69, .........

(અ) 49 (બ) 59

(ક) 48 (ડ) 65

114. 0, 1, +1, +2, +3, +5, 8, 13, 21, 34, ......, ....., ....., ..... આ શ્રેણીના હવે પછીના ચાર સભ્યો ક્યા હશે ?

(અ) 55, 89, 11, 4 અને 233

(બ) 45, 79, 134 અને 223

(ક) 65, 99, 154 અને 243

(ડ) 54, 89, 144 અને 232

115. ક્રમિક સંખ્યાઓ 2, ........, 24, 120, 720, ........, અને 40320

(અ) 4 અને 5040 (બ) 12 અને 21,600

(ક) 8 અને 5760 (ડ) 6 અને 5040

116. 3, 5, 9, 17, .......... શું આવે ?

(અ) 31 (બ) 32

(ક) 33 (ડ) 34

117. 59, 51, 43, ?, 27

(અ) 32 (બ) 33

(ક) 34 (ડ) 35

118. શ્રેણીમાં ખૂટતો અંક લખો. 624, 124, 24, 4, ..............

(અ) 2 (બ) 42

(ક) 0 (ડ) 1

119. શ્રેણીમાં ખૂટતો અંક લખો. 1, $\sqrt{2}$, $\sqrt{3}$, 2, ...........

(અ) $\sqrt{6}$ (બ) 3

(ક) $\sqrt{4}$ (ડ) $\sqrt{5}$

120. 2, 4, 3, 5, ........, 6, 5, 7, 6

(અ) 5 (બ) 6

(ક) 7 (ડ) 4

121. 0, 3, 8, 15, 24, 35, ...........

(અ) 49 (બ) 47

(ક) 48 (ડ) 46

122. 121, 225, 361, ............

(અ) 441 (બ) 484

(ક) 529 (ડ) 729

123. 09 : 25 : : 49 : ?

(અ) 63 (બ) 36

(ક) 64 (ડ) 81

124. 18, 10, 6, 4, ?

(અ) 8 (બ) 6

(ક) 3 (ડ) 5

125. 27, 64, 125, 216, 343, ?

(અ) 416 (બ) 512

(ક) 686 (ડ) 559

126. 17, 13, 11, 7, 5, 1, ?

(અ) 1 (બ) 2

(ક) 0 (ડ) -1

127. 1, 4, ?, 64, 256

(અ) 32 (બ) 16

(ક) 8 (ડ) 128

128. 25, 16, 50, 48, 100, 144, 200, ?

(અ) 437 (બ) 234

(ક) 342 (ડ) 432

129. $x:7=26:6$ તો $x$ ની કિંમત કેટલી થાય ?

(અ) 13 (બ) 2

(ક) 5 (ડ) 30.33

130. 1, 3, 5, 6, 8.5 ...... ?

(અ) 10 (બ) 11

(ક) 12 (ડ) 12.5

131. 6,13,28,59,.......?

(અ) 119 (બ) 122

(ક) 120 (ડ) 125

132. નીચેની સંખ્યામાં એક આંકડો બંધ બેસતો નથી તે શોધો.

1,2,5,21,88,545

(અ) 21 (બ) 88

(ક) 545 (ડ) 5

133. સમાન્તર શ્રેણી 5, 11, 17 ..... નું 101 મું પદ શોધો.

## : જવાબો :

(1) (અ) 25 (2) (અ) 21.25 (3) (ડ) 23 (4) (બ) 20 (5) (ક) 25 (6) (બ) 25 (7) (ડ) 20.67 (8) (અ) 6 (9) (ક) 30 – 40 (10) (બ) 35 (11) (ક) 20-30 (12) પ્રાથમિક (13) ગૌણ (14) ગૌણ (15) ગૌણ (16) 38 (17) 45 (18) 50 (19) 20 (20) 4 (21) 27.5 (22) 50 (23) 15 (24) 10 (25) 17 (26) 17 (27) 19 (28) 81 (29) 8 (30) 5000 (31) 2 અને 3 (32) 7, 13, 15 (33) બહુ બહુલકી (34) $n$ (35) 45 (36) 15 (37) 17 (38) 19.75 (39) -57 (40) 20 (41) 34 (42) 40 (43) 51 મું (44) 563 (45) 128 (46) 930 (47) 1240 (48) 20 (49) 2790 (50) 20 (51) 20 (52) 165150 (53) 10605 (54) 17 (55) 35 મું (56) 605 (57) 40 (58) ૫૧મું પદ (59) 569 (60) ૮૯મું પદ (61) 1240 (62) 15150 (63) 1020 (64) –100 (65) –260 (66) (ક) 27 (67) (ક) 57 (68) (ડ) 19 (69) (અ) 5620 (70) (ક) 58 (71) (ડ) 540 (72) (ક) $Tn = a+(n+1)d$ (73) (અ) ગાઉસ (74) (ડ) 605 (75) (બ) 3825 (76) (અ) 124 (77) (અ) 360 (78) (અ) 122 (79) (ક) 40 (80) (ડ) 72765 (81) (બ) G 19 (82) (અ) 24 (83) (ડ) -10, -14, -18, -22, -26 (84) (ડ) 720 (85) (બ) બે (86) (ક) 37 (87) (બ) 96 (88) (અ) 81 (89) ..... (90) (બ) 64 (91) (ક) 35 (92) (ક) 56 (93) (ડ) 64 (94) ...... (95) (બ) 441 (96) (અ) 20 (97) (ક) 10 (98) (ક) 14 (99) (ક) 22 (100) (અ) 8 (101) (ક) 35 (102) (ક) 126 (103) (ક) 720 (104) (ક) 33.5 (105) (ક) 18 (106) (અ) 80 (107) (ક) 64 (108) (ક) 256 (109) (બ) 69 (110) ...... (111) (ક) 26 (112) (ક) 42 (113) (ડ) 65 (114) ...... (115) (ડ) 6 અને 5040 (116) (ક) 33 (117) (ડ) 35 (118) ..... (119) (ડ) $\sqrt{5}$ (120) (ડ) 4 (121) (ક) 48 (122) ...... (123) (ડ) 81 (124) (ક) 3 (125) (બ) 512 (126) (ડ) -1 (127) (બ) 16 (128) (ડ) 432 (129) (ડ) 30.33 (130) ...... (131) (બ) 122 (132) ...... (133) 605

# ૧૭. શ્રેણી અને શ્રેઢી

શ્રેણી : જે વિધેયનો પ્રદેશ $N$ હોય તેને શ્રેણી કહે છે. જો $X$ કોઇ આપેલો અરિક્તગણ હોય તથા જો $F : N \rightarrow X$, તો $F$ ને $X$ ની એક શ્રેણી કહે છે.

દા. ત. :

(1) 1, 4, 9, 16, 25, ........, Tn

(2) 1, 4, 7, 10, 13, 16, ........, Tn

આ શ્રેણીનું $n$ મું પદ શોધવાના સૂત્રને 'શ્રેણીસૂત્ર' અથવા '$n$ માં પદનું સૂત્ર' કહે છે. તેને સંકેતમાં $T_n$, $a_n$, $u_n$, $t_n$ વગેરે વડે પણ દર્શાવાય છે.

નોંધ : અહીં, એ જરૂરી નથી કે દરેક શ્રેણીનું શ્રેણીસૂત્ર મળે.

દા. ત. : અવિભાજ્ય સંખ્યાઓની શ્રેણીને શ્રેણીસૂત્ર નથી.

શ્રેઢી :

ધારો કે $a_1, a_2, a_3, ...a_n$ એ સંખ્યાઓની શ્રેણી છે. પ્રત્યેક $n \in N$ માટે આ શ્રેણીના પ્રથમ $n$ પદોનો સરવાળો લઈ આપણે એક નવી શ્રેણી બનાવી શકીએ. આ નવી શ્રેણી $S_1, S_2, S_3, .... S_n$ થાય. આ નવી શ્રેણીને મૂળ શ્રેણી સાથે સંબંધિત 'શ્રેઢી' કહેવાય છે તથા મૂળ શ્રેણીએ આ શ્રેઢીને અનુરૂપ શ્રેણી કહેવાય છે.

દા. ત. : મૂળ શ્રેણી 1, 3, 5, 7, 9, .... ને સંબંધિત શ્રેઢી 1, 4, 9, 16, 25, .... મળે.

- સામાન્ય રીતે શ્રેઢીના $n$ માં પદને '$S_n$' વડે દર્શાવાય છે.
- સંબંધિત શ્રેઢીના $n$ માં પદ $S_n$ માટે જો સૂત્ર મળે તો તે સૂત્રને 'શ્રેઢીસૂત્ર' કહેવાય છે.
- દરેક શ્રેણીને સંબંધિત શ્રેઢી તો હોય જ, પણ શ્રેઢીસૂત્ર સરળતાથી મળે અથવા ન પણ મળે.
- સમાંતર શ્રેણી
  જે શ્રેણીમાં બે ક્રમિક પદો વચ્ચેનો તફાવત એક સરખો જ હોય તથા તફાવત શૂન્ય ના હોય તો તેવી શ્રેણીને 'સમાંતર શ્રેણી' કહે છે તથા આ તફાવતને સમાંતર શ્રેણીનો 'સામાન્ય તફાવત' કહે છે.
- સમાંતર શ્રેણી માટે $n$ માં પદનું સૂત્ર,

$$\boxed{t_n = a + (n - 1) d}$$

જ્યાં, $a$ = પ્રથમ પદ

$n$ = પદનો ક્રમ

$d$ = સામાન્ય તફાવત

$t_n$ = $n$ મું પદ

- સમાંતર શ્રેઢી :
  સમાંતર શ્રેણીને સંબંધિત શ્રેઢીને 'સમાંતર શ્રેઢી' કહેવાય. સમાંતર શ્રેઢીનું $n$ મું પદ એટલે મૂળ સમાંતર શ્રેણીનાં પહેલા $n$ પદોનો સરવાળો.
- કોઇ સમાંતર શ્રેણીનું પહેલું પદ $a$ , સામાન્ય તફાવત $d$ તથા $n$ મું પદ $l$ હોય તો, તેના પહેલાં $n$ પદોના સરવાળા $S_n$ માટેનું સૂત્ર,

$$\boxed{S_n = \frac{n}{2}[2a + (n - 1)d]} \text{ અથવા } \boxed{S_n = \frac{n}{2}[a + l]}$$

સમાંતર શ્રેણી તથા સમાંતર શ્રેઢી આધારિત ઉદાહરણ જોઈએ.

1. જો શ્રેણીસૂત્ર $T_n = 3n + 1$ હોય તો આ શ્રેણીના પ્રથમ પાંચ પદ મેળવો.

$T_n = 3n + 1$

$\therefore T_1 = 3(1) + 1 = 4$

$\therefore T_2 = 3(2) + 1 = 7$

$\therefore T_3 = 3(3) + 1 = 10$

$\therefore T_4 = 3(4) + 1 = 13$

$\therefore T_5 = 3(5) + 1 = 16$

આથી આપેલ શ્રેણીના પ્રથમ પાંચ પદ 4, 7, 10, 13, 16 થાય.

2. 1, 3, 5, 7, 9, 11, 13, ....... શ્રેણીનું 53 મું પદ જણાવો તથા 53 પદોનો સરવાળો જણાવો.

$T_{53} = 1 + (53 - 1)2$

$= 1 + 52 \times 2$

$= 1 + 104 = \boxed{105}$

તથા $S_{53} = \frac{53}{2}(1 + 105)$

$= \frac{53 \times 106}{2} = 53 \times 53$

$= 2809$

3. -17, -13, -9, ...... નું 16 મું પદ જણાવો.

અહીં, $a = -17$

સામાન્ય તફાવત $d = -13 - (-17) = 4$

હવે, 16 મું પદ, $t_{16} = a + (n - 1)d$

$= -17 + (16 - 1)4$

$= -17 + 60$

$= \boxed{43}$

4. 101, 96, 91, ..... નું 31 મું પદ જણાવો.

અહીં, $a = 101, d = -5$

$\therefore t_{31} = 101 + (31 - 1)(-5)$

$= 101 + 30(-5)$

$= 101 + (-150)$

$= -49$

5. $3, \frac{9}{2}, 6, \frac{15}{2}, ......$ નું 10 મું પદ જણાવો.

અહીં, પ્રથમ પદ $a = 3$ તથા સામાન્ય તફાવત $d = \frac{9}{2} - 3 = \frac{3}{2}$

હવે 10 મું પદ $t_{10} = a + (n-1)d$

$= 3 + (10-1)\frac{3}{2}$

$= 3 + 9 \times \frac{3}{2}$

$= \frac{6+27}{2}$

$= \boxed{\frac{33}{2}}$

6. 100 થી 500 ની વચ્ચે 5 વડે નિઃશેષ ભાગી શકાય તેવી સંખ્યા કેટલી તથા આ દરેક સંસ્થાનો સરવાળો જણાવો.

અહીં શ્રેણી 105, 110, 115, 120, ......... 495 તૈયાર થશે.

$\therefore t_n = a + (n-1)d$ લેતા

$495 = 105 + (n-1)5$ થાય.

$\therefore 495 = 105 + 5n - 5$

$\therefore 395 = 5n$

$\therefore n = \frac{395}{5} = 79$

$\therefore \boxed{n = 79}$ સંખ્યા આવી મળે.

તથા $S_n = \frac{n}{2}(a + l)$

$= \frac{79}{2}(105 + 495)$

$= \frac{79 \times 600}{2}$

$= 79 \times 300$

$\boxed{Sn = 23700}$

7. $9 + 19 + 29 + 39 + ...... + 199$ માં આવતી કુલ સંખ્યા કેટલી તથા તેનો સરવાળો જણાવો.

અહીં, $199 = 9 + (n-1)\,10$

$\therefore 199 = 9 + 10n - 10$

$\therefore 10n = 200$

$\therefore \boxed{n = 20}$ સંખ્યાઓ હોય.

$Sn = \frac{20}{2}(9 + 199)$

$= 10 \times 208$

$\therefore \boxed{Sn = 2080}$

8. જો એક સમાંતર શ્રેણીનું 10 મું પદ $\frac{1}{20}$ અને 20 મું પદ $\frac{1}{10}$ હોય, તો તેનું 200 મું પદ શોધો.

અહીં, $t_{10} = \frac{1}{20}$ અને $t_{20} = \frac{1}{10}$

$\therefore \frac{1}{20} = a + (10-1)d = a + 9d$

$\therefore \frac{1}{20} = a + 9d \rightarrow 1$

અને $\frac{1}{10} = a + 19d \rightarrow 2$

સમીકરણ 2 માંથી સમીકરણ 1 બાદ કરતાં

$\therefore (a + 19d) - (a + 9d) = \frac{1}{10} - \frac{1}{20}$

$\therefore 10d = \frac{1}{20}$

$\therefore d = \frac{1}{200} \qquad \therefore a = \frac{1}{200}$

હવે, $T_{200} = a + (200-1)d$

$= \frac{1}{200} + \frac{199}{200}$

$= \frac{200}{200}$

$= 1$

9. એક વ્યક્તિ તેની લોનની ચૂકવણી માટે પ્રથમ હપ્તામાં રૂ. 200 ભરે છે. જો તે દર માસે હપ્તાની રકમમાં રૂ. 20 વધારે, તો 20 માં હપ્તાના અંતે તેણે કુલ કેટલી રકમ ભરપાઈ કરી હશે ?

અહીં, 200, 220, 240, ....., $t_{20}$ શ્રેણી તૈયાર થાય.

$\therefore S_{20} = \frac{20}{2}\left[2(200) + (20-1) \times 20\right]$

$= 10\left[400 + 19 \times 20\right]$

$= 10\left[400 + 380\right]$

$\boxed{S_{20} = 7800}$ રૂ. 20 માં હપ્તે ચૂકવ્યા હશે.

- **સમગુણોતર શ્રેણી :**

જો શ્રેણી $F : N \rightarrow R, F(n) = Arn, A \in R - \{0\}, r \in R - \{0\}$ ને સમગુણોતર શ્રેણી કહે છે.

$n = 1, 2, 3, .......$ લેતાં સ્પષ્ટ થશે કે સમગુણોત્તર શ્રેણી $Ar^1, Ar^2, Ar^3, .......$ છે.

- અહીં r ને <u>સામાન્ય ગુણોત્તર</u> કહે છે. આ ગુણોત્તર શૂન્યેતર અચળ હોય છે.

- જો કોઇ સમગુણોત્તર શ્રેણીમાં પ્રથમ પદ $a$ તથા સામાન્ય ગુણોત્તર $r$ હોય તો, તો $n$ માં પદનું સૂત્ર $\boxed{t_n = ar^{n-1}}$ થાય.

- **સમગુણોત્તર શ્રેઢી :**
સમગુણોત્તર શ્રેણીને સંબંધિત શ્રેઢીને 'સમગુણોત્તર શ્રેણી' કહેવાય.
સમગુણોત્તર શ્રેણી $a, ar, ar^2, ....... ar^{n-1}$ ને સંબંધિત સમગુણોત્તર શ્રેઢી $a + ar + ar^2 + ....... + ar^{n-1}$ થાય.
આ શ્રેઢીના પ્રથમ $n$ પદોનો સરવાળો $S_n$ હોય તો,

$S_n = a + ar + ar^2 + ...... + ar^{n-1}$

$\therefore \boxed{S_n = na \text{ (જો } r = 1)} \rightarrow 1$

$\therefore \boxed{Sn = \frac{a(r^n - 1)}{r - 1} \text{ (જો } r > 1)} \rightarrow 2$

$\therefore \boxed{Sn = \frac{a(1 - r^n)}{1 - r} \text{ (જો } r < 1)} \rightarrow 3$

સમગુણોત્તર શ્રેણી અને સમગુણોત્તર શ્રેઢી આધારિત ઉદાહરણ જોઇએ.

1. જો સમગુણોત્તર શ્રેણીના $n$ માં પદનું સૂત્ર $tn = \frac{n - (-1)^n}{2}$ હોય તો શ્રેણીના પ્રથમ પાંચ પદ મેળવો.

અહીં, $t_1 = \frac{1 - (-1)^1}{2} = \frac{1+1}{2} = 1$

$t_2 = \frac{2 - (-1)^2}{2} = \frac{2 - 1}{2} = \frac{1}{2}$

$t_3 = \frac{3 - (-1)^3}{2} = \frac{3 + 1}{2} = 2$

$t_4 = \frac{4 - (-1)^4}{2} = \frac{4 - 1}{2} = \frac{3}{2}$

$t_5 = \frac{5 - (-1)^5}{2} = \frac{5 + 1}{2} = 3$

આમ, શ્રેણીનાં માગેલા પ્રથમ પાંચ પદો $1, \frac{1}{2}, 2, \frac{3}{2}, 3$ છે.

2. $\frac{1}{8}, \frac{1}{4}, \frac{1}{2}, 1, ........$નું $12$ મું પદ શોધો.

અહીં પ્રથમ પદ $a = \frac{1}{8}$

સામાન્ય ગુણોત્તર $R = \frac{1/4}{1/8} = 2$ & $n = 12$ છે.

$t_n = ar^{n-1}$

$\therefore t_{12} = \frac{1}{8}(2)^{12-1}$

$= \frac{1}{8} \times 2^{11} = \frac{2048}{8} = 256$

3. $7, \frac{-7}{2}, \frac{7}{4}, \frac{-7}{8}, ......$નું $11$મું પદ શોધો.

અહીં, સમગુણોત્તર શ્રેણીનું પ્રથમ પદ $a = 7$ અને સામાન્ય ગુણોત્તર $r = \frac{-7/2}{7} = \frac{-1}{2}$ અને $n = 11$ છે.

હવે, સમગુણોત્તર શ્રેણીના સૂત્ર અનુસાર,

$t_n = ar^{n-1}$

$\therefore t_{11} = 7\left(\frac{-1}{2}\right)^{11-1}$

$= 7\left(\frac{-1}{2}\right)^{10}$

$= \frac{7}{1024}$

4. $-2, -2\sqrt{2}, -4, -4\sqrt{2}, .........$નું $8$ મું પદ શોધો.

અહીં, $a = -2 \quad r = \frac{-2\sqrt{2}}{-2} = \sqrt{2}$ & $n = 8$

$\therefore t_8 = (-2)(\sqrt{2})^{8-1}$

$= -2(\sqrt{2})^7$

$= -2 \times 8\sqrt{2}$

$= -16\sqrt{2}$

5. $t_7 = 96, r = 2$, તો $t_{10}$ શોધો.

$96 = a(2)^{7-1}$

$\therefore 96 = a(2)^6$

$\therefore a = \frac{96}{64}$

$\therefore t_{10} = \frac{96}{64}(2)^{10-1}$

$= \frac{96}{64}(2)^9$

$= \frac{96 \times 512}{64} = 768$

$\therefore \boxed{t_{10} = 768}$

6. $a = 2, r = \sqrt{2}, t_n = 128$, તો n શોધો.

$t_n = ar^{n-1} = 128$

$\therefore 2(\sqrt{2})^{n-1} = 128$

$\therefore (\sqrt{2})^{n-1} = 64$

$\therefore 2^{\frac{n-1}{2}} = 2^6$

$\therefore \frac{n-1}{2} = 6$

$\therefore n - 1 = 12$

$\therefore \boxed{n = 13}$

7. $a = 3, r = 3, S_n = 363$, તો n શોધો.

અહીં, $r = 3 > 1$

$\therefore S_n = \frac{a(r^n - 1)}{r - 1}$

$\therefore 363 = \frac{3(3^n - 1)}{3 - 1}$

$\therefore 363 \times 2 = 3(3^n - 1)$

$\therefore 3^n - 1 = \frac{363 \times 2}{3} = 121 \times 2 = 242$

$\therefore 3^n = 243 = 3^5$

$\therefore \boxed{n = 5}$

8. $r = \frac{1}{3}, S_3 = \frac{585}{4}$ તો a શોધો.

અહીં, $r = \frac{1}{3} < 1$

$\therefore Sn = \frac{a(1 - r^n)}{1 - r}$

$\therefore \frac{585}{4} = \frac{a\left[1 - \left(\frac{1}{3}\right)^3\right]}{1 - \frac{1}{3}}$

$\therefore \frac{585}{4} = \frac{a\left(1 - \frac{1}{27}\right)}{1 - \frac{1}{3}} = \frac{a\left(\frac{26}{27}\right)}{\frac{2}{3}} = a\left(\frac{26 \times 3}{2 \times 27}\right)$

$\therefore a = \frac{585}{4} \times \frac{9}{13}$

$\therefore \boxed{a = \frac{405}{4}}$

9. જો સમગુણોત્તર શ્રેણીના પ્રથમ બે પદોનો સરવાળો $\frac{9}{2}$ અને છઠ્ઠું પદ એ તેનાં ત્રીજા પદથી 8 ગણું હોય, તો તે શ્રેણી શોધો.

ધારો કે સમગુણોત્તર શ્રેણીના પદો $a, ar, ar^2, ar^3, ar^4, ar^5,$ ............ છે.

$\therefore a + ar = \frac{9}{2}$ આપેલ છે. $\rightarrow$ (1)

વળી, છઠ્ઠું પદ $\left(ar^5\right) = 8 \times$ ત્રીજુંપદ $\left(ar^2\right)$

$\therefore ar^5 = 8 \times ar^2$

$\therefore r^5 = 8r^2$

$\therefore r^3 = 8$

$\therefore \boxed{r = 2}$

જે સમી - 1માં મૂકતા $a + a(2) = \frac{9}{2}$

$\therefore 3a = \frac{9}{2}$

$\therefore a = \frac{9}{2 \times 3} = \frac{3}{2}$

$\therefore$ માગેલ સમગુણોત્તર શ્રેણી,

$\frac{3}{2}, \frac{3}{2}(2), \frac{3}{2}(2)^2, \frac{3}{2}(2)^3, \frac{3}{2}(2)^4, \frac{3}{2}(2)^5$ ......

$\therefore \frac{3}{2}, 3, 6, 12, 24,$ ........ સમગુણોત્તર શ્રેણી થાય.

# 18. કોયડા / સમીકરણ, રૈખિક સમીકરણ, ઉંમર સંબંધિત પ્રશ્નો

***જે કિંમત વડે આપેલ સમસ્યાનું સમાધાન થાય તેને તે કોયડા કે સમીકરણનો ઉકેલ કહેવામાં આવે છે.***

1. કોઇ એક સંખ્યાના બમણામાં સાત ઉમેરતા 25 મળે છે, તો તે સંખ્યા કઇ હશે ?

   ધારો કે તે સંખ્યા = x છે.

   $\therefore 2x + 7 = 25$

   $\therefore 2x = 25 - 7$

   $\therefore x = \frac{18}{2}$

   $\therefore \boxed{x = 9}$

2. ત્રણ ક્રમિક સંખ્યાઓનો સરવાળો 33 થાય છે. તો તે સંખ્યાઓ.....

   ધારો કે પ્રથમ ક્રમિક સંખ્યા $= x$

   $\therefore$ બીજી ક્રમિક સંખ્યા $= x+1$

   $\therefore$ ત્રીજી ક્રમિક સંખ્યા $= x+2$

   $\therefore x + x + 1 + x + 2 = 33$

   $\therefore 3x = 33 - 3$

   $\therefore x = \frac{30}{3}$

   $\therefore x = 10$

   $\therefore$ ત્રણ ક્રમિક સંખ્યાઓ = 10, 11, 12

3. ત્રણ ક્રમિક એકી સંખ્યાઓનો સરવાળો 39 તો તે સંખ્યાઓ કઇ હશે ?

   ધારો કે પ્રથમ ક્રમિક એકી સંખ્યા $= x$

   બીજી ક્રમિક એકી સંખ્યા $= x+2$

   ત્રીજી ક્રમિક એકી સંખ્યા $= x+4$ છે.

   $\therefore x + x + 2 + x + 4 = 39$

   $\therefore 3x = 39 - 6$

   $\therefore x = \frac{33}{3}$

   $\therefore x = 11$

   $\therefore$ ત્રણ ક્રમિક એકી સંખ્યાઓ : 11, 13, 15

4. જો 3 પેન અને 4 પેન્સિલની કિંમત 23 રૂ. છે. જો એક પેન્સિલની કિંમત રૂ. 2 હોય તો એક પેનની કિંમત કેટલી થાય.

   1 પેન્સિલની કિંમત = 2 રૂ. છે.

   $\therefore$ 4 પેન્સિલની કિંમત $= 4 \times 2 = 8$ રૂ. થાય.

   ધારો કે એક પેનની કિંમત $= x$ રૂ. છે.

   $\therefore$ 3 પેનની કિંમત $= 3x$

   $\therefore 3x + 8 = 23$

   $\therefore 3x = 15$

   $\therefore x = 5$

   $\therefore$ એક પેનની કિંમત 5 રૂ. થાય.

5. રમેશ અને પરેશ વચ્ચે 1950 રૂ. એવી રીતે વહેંચો કે જેથી રમેશને પરેશ કરતા બમણી રકમ મળે.

   ધારો કે પરેશને મળતી રકમ $= x$ રૂ.

   $\therefore$ રમેશને મળતી રકમ $= 2x$

   $\therefore x + 2x = 1950$

   $\therefore 3x = 1950$

   $\therefore x = 650$

   $\therefore$ પરેશને મળતી રકમ = 650 રૂ. અને રમેશને મળતી રકમ $= 650 \times 2 = 1300$ રૂ.

6. વિવેકની હાલની ઉંમર ચિન્ટુ કરતા ત્રણ ગણી છે. જો પાંચ વર્ષ પહેલા વિવેકની ઉંમર ચિન્ટુ કરતા 13 ગણી હતી તો બંનેની હાલની ઉંમર શોધો.

   ધારો કે ચિન્ટુની હાલની ઉંમર $= x$ વર્ષ છે.

   $\therefore$ વિવેકની હાલની ઉંમર = 3x વર્ષ થાય.

   $\therefore 13\ (x-5) = 3x-5$

   $\therefore 13x-65 = 3x-5$

   $\therefore 13x-3x = 65-5$

   $10x = 60$

   $\therefore x = 6$

   $\therefore$ ચિન્ટુની હાલની ઉંમર $= 6$ વર્ષ તથા વિવેકની હાલની ઉંમર $= 18$ વર્ષ

7. કમલ, નયન અને જનકની ઉંમરનો સરવાળો 58 વર્ષ છે. જો જનકની ઉંમર 20 વર્ષ હોય તથા નયનની ઉંમર જનક કરતા 3 વર્ષ વધારે હોય તો કમલની ઉંમર શોધો.

   ધારો કે કમલની ઉંમર $= x$ વર્ષ છે.

   $\therefore x + 20 + (20+3) = 58$

   $\therefore x + 43 = 58$

   $\therefore x = 15$

   $\therefore$ કમલની ઉંમર = 15 વર્ષ થાય.

8. 23માંથી કઇ સંખ્યાના ચાર ગણા બાદ કરતા 3 મળે ?

   ધારો કે તે સંખ્યા = x છે.

   $\therefore 23 - 4x = 3$

   $\therefore 20 = 4x$

   $\therefore x = 5$

9. બે સંખ્યાનો સરવાળો 9 છે. એક સંખ્યાના પાંચ ગણા અને બીજી સંખ્યાના ત્રણ ગણાનો તફાવત 5 છે. તો તે બે સંખ્યાઓ શોધો.

   ધારો કે એક સંખ્યા = x છે.

   $\therefore$ બીજી સંખ્યા $= 9 - x$ થાય.

$\therefore$ હવે $5x - 3 (9 - x) = 5$

$5x - 27 + 3x = 5$

$\therefore 8x = 32$

$\therefore x = 4$

$\therefore$ એક સંખ્યા $= 4$ અને બીજી સંખ્યા $= 9 - 4 = 5$

10. રામ અને શ્યામની ઉંમરનો સરવાળો 25 વર્ષ છે. પાંચ વર્ષ પહેલા રામની ઉંમર શ્યામની ઉંમરથી બમણી હતી તો તેમની હાલની ઉંમર શોધો.

ધારો કે રામની ઉંમર $= x$

$\therefore$ શ્યામની ઉંમર $= 25 - x$

$\therefore (x - 5) = 2 (25 - x - 5)$

$\therefore x - 5 = 50 - 2x - 10$

$\therefore 3x = 45$

$\therefore x = 15$

$\therefore$ રામની હાલની ઉંમર = 15 વર્ષ અને શ્યામની હાલની ઉંમર $= 25 - x = 25 - 15 = 10$ વર્ષ

11. ચાનો 1 કિગ્રાનો ભાવ ખાંડના 1 કિગ્રાના ભાવથી સાતગણો છે. જો 5 કિગ્રા ખાંડ અને 2 કિગ્રા ચાની કિંમત રૂ. 380 હોય, તો ચા અને ખાંડની 1 કિગ્રાનો ભાવ શોધો.

ધારો કે ખાંડનો 1 કિગ્રાનો ભાવ $= x$ રૂ.

$\therefore$ ચાનો 1 કિગ્રાનો ભાવ $= 7x$ રૂ.

$\therefore 5x + 14x = 380$

$\therefore 19x = 380$

$x = 20$

$\therefore$ ખાંડનો 1 કિગ્રાનો ભાવ $= 20$ રૂ.

$\therefore$ ચાનો 1 કિગ્રાનો ભાવ $= 7x = 7 \times 20 = 140$ રૂ.

12. એક સંખ્યા બીજી સંખ્યા કરતાં 3 જેટલી ઓછી છે. મોટી સંખ્યાના બમણામાં 17 ઉમેરવાથી મળતી સંખ્યા નાની સંખ્યાના ત્રણ ગણા જેવડી થાય છે, તો તે સંખ્યા શોધો.

ધારો કે મોટી સંખ્યા $= x$

$\therefore$ નાની સંખ્યા $= x - 3$

હવે, $2x + 17 = 3 (x - 3)$

$\therefore 2x + 17 = 3x - 9$

$\therefore x = 26$

$\therefore$ મોટી સંખ્યા $= 26$ અને નાની સંખ્યા $= 23$

13. પિતા અને પુત્રની હાલની ઉંમરનો સરવાળો 54 વર્ષ છે. આઠ વર્ષ પછી પિતાની ઉંમર પુત્રની ઉંમરથી અઢી ગણી થતી હોય, તો બંનેની હાલની ઉંમર શોધો.

ધારો કે પિતાની હાલની ઉંમર $= x$ વર્ષ

$\therefore$ પુત્રની હાલની ઉંમર $= 54 - x$ વર્ષ

$\therefore x + 8 = \frac{5}{2} (54 - x + 8)$

$\therefore 2x + 16 = 270 - 5x + 40$

$\therefore 7x = 310 - 16$

$\therefore x = \frac{294}{7}$

$\therefore x = 42$

$\therefore$ પિતાની હાલની ઉંમર $= 42$ વર્ષ અને પુત્રની ઉંમર $= 12$ વર્ષ

14. એક ખુરશીની કિંમત કરતા એક ટેબલની કિંમત ચાર ગણી છે. બે ખુરશી અને એક ટેબલની કિંમત રૂ. 1500 હોય, તો એક ટેબલ અને એક ખુરશીની કિંમત શોધો.

ધારો કે એક ખુરશીની કિંમત $= x$ રૂ.

$\therefore$ એક ટેબલની કિંમત $= 4x$

હવે, $2x + 4x = 1500$

$\therefore 6x = 1500$

$\therefore x = \frac{1500}{6}$

$\therefore x = 250$

$\therefore$ એક ખુરશીની કિંમત $= 250$ રૂ. અને એક ટેબલની કિંમત $= 4x = 4 \times 250 = 1000$ રૂ.

15. બે સંખ્યાઓનો સરવાળો 60 છે. તેમાં મોટી અને નાની સંખ્યાનો ગુણોત્તર 3 : 2 છે, તો તે સંખ્યાઓ શોધો.

ધારો કે એક સંખ્યા $x$ છે.

$\therefore 3x + 2x = 60$

$\therefore 5x = 60$

$\therefore x = 12$

$\therefore$ નાની સંખ્યા $= 2x = 2 \times 12 = 24$

અને મોટી સંખ્યા $= 3x = 3 \times 12 = 36$

16. એક પ્રાકૃતિક સંખ્યામાં તેના પછીની પ્રાકૃતિક સંખ્યાના ત્રણ ગણા ઉમેરતા 27 થાય તો તે સંખ્યા શોધો.

ધારો કે પ્રાકૃતિક સંખ્યા $= x$

$\therefore x + 3 (x+1) = 27$

$\therefore x + 3x + 3 = 27$

$\therefore 4x = 24$

$x = 6$

17. એક અપૂર્ણાંક સંખ્યાનો છેદ તેના અંશ કરતા 6 જેટલો વધુ છે. જો અંશમાં 1 ઉમેરવામાં આવે અને છેદમાંથી 3 બાદ કરવામાં આવે, તો નવા અપૂર્ણાંકની કિંમત $\frac{3}{4}$ જેટલી થાય છે. તો મૂળ અપૂર્ણાંક શોધો.

ધારો કે અંશ $= x$

$\therefore$ છેદ $= x+6$

હવે, $\frac{x+1}{x+6-3} = \frac{3}{4}$

$\therefore$ 4 (x + 1) = 3 (x + 3)

$\therefore$ 4x + 4 = 3x + 9

$\therefore$ x = 5

$\therefore$ મૂળ અપૂર્ણાંક $= \frac{5}{11}$

18. બે આંકડાની એક સંખ્યાનો દશકનો અંક તેના એકમના અંકથી ત્રણ ગણો છે. અંકોની અદલાબદલી કરતાં મળતી સંખ્યા મૂળ સંખ્યાથી 54 જેટલી ઓછી છે તો તે સંખ્યા શોધો.

ધારો કે એકમનો અંક $= x$

માટે દશકનો અંક = 3x

મૂળ સંખ્યા = x + 10 (3x)

= x + 30x

= 31x

અંકોની અદલાબદલી કરતા મળતી સંખ્યા = 3x + 10 (x)

= 3x + 10x

= 13x

$\therefore$ 13x = 31x - 54

$\therefore$ 54 = 18x

$\therefore$ x = 3

$\therefore$ મૂળ સંખ્યા = 3 + 10 (3 × 3)

= 3 + 90

= 93

19. બે અંકની સંખ્યામાં દશકનો અંક એકમના અંક કરતા બમણો છે. હવે અંકોના ક્રમને ઉલટાવીને મળતી નવી સંખ્યા મૂળ સંખ્યામાંથી બાદ કરવાથી 27 મળે છે, તો મૂળ સંખ્યા શોધો.

ધારો કે એકમનો અંક = x

$\therefore$ દશકનો અંક = 2x

$\therefore$ મૂળ સંખ્યા = x + 10 (2x)

= x + 20x

= $21x$

અંકોના ક્રમને ઉલટાવીને મળતી નવી સંખ્યા

$= 2x+10(x)$

$= 2x+10x$

$= 12x$

$\therefore$ 21x -12x = 27

$\therefore$ 9x = 27

$\therefore$ x = 3

આથી મૂળ સંખ્યા = 3 + 10 (2 × 3) = 63

20. ચિરાગની ઉંમર અનિલની ઉંમર કરતા છ ગણી છે. જો બંનેની ઉંમરનો સરવાળો 35 વર્ષ હોય તો ચિરાગની ઉંમર કેટલી હશે ?

ધારો કે અનિલની ઉંમર = x વર્ષ છે.

માટે ચિરાગની ઉંમર = 6x

$\therefore$ x + 6x = 35

$\therefore$ 7x = 35

x = 5

માટે ચિરાગની ઉંમર = 6 × 5 = 30 વર્ષ થાય.

21. હાલમાં વિશાલ અને શેખરની ઉંમર વચ્ચેનો ગુણોત્તર 4 : 3 છે. 6 વર્ષ પછી વિશાલની ઉંમર 26 વર્ષ છે તો હાલમાં શેખરની ઉંમર કેટલી હશે ?

ધારો કે વિશાલની હાલની ઉંમર = 4x

અને શેખરની હાલની ઉંમર = 3x વર્ષ છે.

6 વર્ષ પછી વિશાલની ઉંમર 26 વર્ષ છે.

$\therefore$ 4x + 6 = 26

$\therefore$ $x = \frac{20}{4}$

$\boxed{\therefore\ x = 5}$

માટે હાલમાં શેખરની ઉંમર = $3x$ = 3 × 5 = 15 વર્ષ

22. જયા અને વંદનાની ઉંમરનો ગુણોત્તર 2 : 3 છે અને તેમની ઉંમરનો સરવાળો 60 વર્ષ છે. તો છ વર્ષ પછી તેમની ઉંમરનો ગુણોત્તર શું હશે ?

ધારો કે જયાની હાલની ઉંમર = 2x

અને વંદનાની હાલની ઉંમર = 3x વર્ષ છે.

$\therefore$ 2x + 3x = 60

$\therefore$ 5x = 60

$\therefore$ x = 12

$\therefore$ જયાની હાલની ઉંમર = 2x = 2 × 12 = 24 વર્ષ

અને વંદનાની હાલની ઉંમર = 3x = 3 × 12 = 36

હવે, છ વર્ષ પછીની ઉંમરનો ગુણોત્તર = 30 : 42

$\therefore$ ગુણોત્તર = 5 : 7

23. દસ વર્ષ પહેલા પતિ, તેની પત્ની અને તેના બાળકની સરેરાશ ઉંમર 25 વર્ષ હતી અને છ વર્ષ અગાઉ પતિ અને તેની પત્ની 37 વર્ષના હતા તો તાજેતરમાં તેઓના બાળકની ઉંમર શું હશે ?

10 વર્ષ પહેલા પતિ, પત્ની અને બાળકની કુલ ઉંમર = સરેરાશ ઉંમર × 3

= 25 × 3

= 75 વર્ષ

માટે હાલની ત્રણની કુલ ઉંમર = 75 + 30 = 105 વર્ષ

હવે, 6 વર્ષ અગાઉ પતિ અને પત્નીની કુલ ઉંમર = સરેરાશ ઉંમર × 2

= 37 × 2

$= 74$ વર્ષ

$\therefore$ હાલની બે વ્યક્તિની ઉંમર $= 74 + 12 = 86$ વર્ષ

$\therefore$ બાળકની હાલની ઉંમર $= 105 - 86 = 19$ વર્ષ

24. હાલમાં રણબીર અને કેટરીનાની ઉંમરનો ગુણોત્તર અનુક્રમે 5 : 6 છે. સાત વર્ષ પછી આ ગુણોત્તર 6 : 7 થઈ જાય તો રણબીરની હાલની ઉંમર કેટલા વર્ષ હશે ?

ધારો કે રણબીરની હાલની ઉંમર $= 5x$

ધારો કે કેટરીનાની હાલની ઉંમર $= 6x$

સાત વર્ષોના કારણે ગુણોત્તર 6 : 7 થાય છે.

$$\frac{5x + 7}{6x + 7} = \frac{6}{7}$$

$\therefore 35x + 49 = 36x + 42$

$\therefore x = 7$

માટે રણબીરની હાલની ઉંમર $= 5x = 5 \times 7 = 35$ વર્ષ

25. રીતેશ અને મિલનની ઉંમરનો ગુણોત્તર 3 : 4 છે. જો રીતેશની 3 વર્ષ પછીની ઉંમર અને મિલનની 5 વર્ષ પહેલાની ઉંમરનો ગુણોત્તર 3 થાય છે તો બંનેની હાલની ઉંમર શોધો.

ધારો કે રીતેશની હાલની ઉંમર $= 3x$

ધારો કે મિલનની હાલની ઉંમર $= 4x$

$$\therefore \frac{3x + 3}{4x - 5} = \frac{3}{1}$$

$\therefore 3x + 3 = 12x - 15$

$\therefore 18 = 9x$

$\therefore x = 2$

માટે રીતેશ અને મિલનની હાલની ઉંમર અનુક્રમે 6 અને 8 વર્ષ થાય.

## ● પ્રેક્ટીસ માટેના દાખલા

1. પાંચ વ્યક્તિઓની પાંચ વર્ષ પહેલાની ઉંમરનો સરવાળો 50 હતો. પાંચ વર્ષ પછી તે જ વ્યક્તિઓની ઉંમરનો સરવાળો ......... થાય.

(અ) 100 (બ) 75

(ક) 60 (ડ) 80

2. બે અંકની એક સંખ્યાના અંકોનો સરવાળો તે જ સંખ્યાના અંકોના ગુણાકાર બરાબર છે. તો તે સંખ્યા ...... છે.

(અ) 11 (બ) 23

(ક) 10 (ડ) 22

3. બે અંકોની એક સંખ્યામાં દશકનો અંક 7 છે. અને બંને અંકોનો સરવાળો એ એકમના અંકનો આઠ ગણો છે. તો તે સંખ્યા કઈ હશે.

(અ) 70 (બ) 17

(ક) 78 (ડ) 71

4. જો વ્યક્તિની ઉંમરમાં 16 વર્ષનો તફાવત હોય અને 6 વર્ષ પહેલા મોટો વ્યક્તિ નાના વ્યક્તિ કરતા ત્રણ ગણો મોટો હોય તો બન્નેની તાજેતરની ઉંમર શોધો.

(અ) 24, 40 (બ) 14, 30

(ક) 12, 28 (ડ) 10, 26

5. હાલમાં અશોક અને કિરણની ઉંમર વચ્ચેનો ગુણોત્તર $4:3$ છે. 6 વર્ષ પછી અશોકની ઉંમર 26 વર્ષ છે તો હાલમાં કિરણની ઉંમર ..... વર્ષ હશે ?

(અ) 10 વર્ષ (બ) 15 વર્ષ

(ક) 20 વર્ષ (ડ) 25 વર્ષ

6. કોઈ એક સંખ્યાના ત્રણ ગણામાંથી 5 બાદ કરતા 13 મળે છે. તો તે સંખ્યા શોધો.

(અ) 4 (બ) 5

(ક) 6 (ડ) 7

7. 15 વર્ષ પહેલા સચિનની ઉંમર અંજલી કરતા ત્રણ ગણી હતી. હાલમાં સચિનની ઉંમર અંજલીની ઉંમર કરતા બે ગણી હોય તો સચિનની હાલની ઉંમર કેટલી હશે ?

(અ) 40 વર્ષ (બ) 50 વર્ષ

(ક) 60 વર્ષ (ડ) 65 વર્ષ

8. બે અંકોની એક સંખ્યાના અંકોનો સરવાળો 12 છે. જો અંકોની અદલાબદલી કરીએ તો મળતી નવી સંખ્યા મૂળ સંખ્યા કરતા 18 વધુ છે. તો તે સંખ્યા શોધો.

(અ) 47 (બ) 56

(ક) 40 (ડ) 57

9. *7 વર્ષ પહેલાં માતા અને પિતાની ઉંમરનો સરવાળો X વર્ષ હતો. 5 વર્ષ પછી તેમનાં બે બાળકોની ઉંમરનો સરવાળો Y વર્ષ થશે. તો બધાની હાલની ઉંમરનો સરવાળો = ............ વર્ષ.*

*(અ)* X + Y + 14 *(બ)* X + Y + 10

*(ક)* X + Y + 4 *(ડ)* X + Y + 2

10. એક શિક્ષક ડબો ભરીને લાવેલી ચોકલેટ હાજર વિદ્યાર્થીઓમાં સરખે ભાગે વહેંચે છે. આમ કરતા દરેકને 7 ચોકલેટ મળે છે. જો વર્ગમાં 5 વિદ્યાર્થીઓ વધારે હોત, તો દરેકને 1 ઓછી મળત તો હાજર વિદ્યાર્થીની સંખ્યા શોધો.

(અ) 15 (બ) 25

(ક) 30 (ડ) 45

11. નક્ષ, ધર્મ અને જયની કુલ ઉંમર 93 વર્ષ છે, દસ વર્ષ પહેલા તેઓની ઉંમરનો ગુણોત્તર $2:3:4$ હતો, તો હાલમાં જયની ઉંમર કેટલી હશે ?

(અ) 32 વર્ષ (બ) 36 વર્ષ

(ક) 38 વર્ષ (ડ) 42 વર્ષ

12. એક સંખ્યામાંથી 8 બાદ કરી 5 વડે ભાગીએ અથવા તે જ સંખ્યામાં 13 ઉમેરી 8 વડે ભાગીએ તો જવાબ સરખા આવે છે તો તે સંખ્યા શોધો.

(અ) 43 (બ) 63

(ક) 33 (ડ) 41

13. સહેવાગ 40 વર્ષનો છે અને પાર્થિવ 60 વર્ષનો છે તો કેટલા વર્ષ પહેલા બન્નેની ઉંમરનો ગુણોત્તર 3 : 5 હશે ?

(અ) 3 વર્ષ (બ) 6 વર્ષ

(ક) 8 વર્ષ (ડ) 10 વર્ષ

14. બે અંકોની એક સંખ્યામાં એકમનો અંક દશકના અંક કરતાં ચાર ગણો છે. અંકોના સ્થાન અદલ બદલ કરતાં મળતી સંખ્યા અને મૂળ સંખ્યા વચ્ચેનો તફાવત 54 છે, તો તે સંખ્યા શોધો.

(અ) 82 (બ) 28

(ક) 56 (ડ) 29

15. રિતિક અને સુઝેનની હાલની ઉંમરનો ગુણોત્તર અનુક્રમે 5 : 7 છે. જો સુઝેનની હાલની ઉંમર અને રિતિકની ૬ વર્ષ પછીની ઉંમરનો તફાવત 2 છે. તો રિતિક અને સુઝેનની હાલની ઉંમરનો સરવાળો કેટલો હશે ?

(અ) 40 વર્ષ (બ) 44 વર્ષ

(ક) 48 વર્ષ (ડ) 54 વર્ષ

16. એક છોકરાને એક ચોક્કસ નંબરને 53 થી ગુણવા કહ્યું. તેણે 53 ના સ્થાને 35 થી ગુણાકાર કર્યો તેથી તેનો જવાબ સાચા જવાબ કરતા 1206 ઓછો આવ્યો તો જે નંબરથી ગુણવાનું કહ્યું તે નંબર શોધો ?

(અ) 67 (બ) 76

(ક) 57 (ડ) 53

17. એક શાળાનો વર્ગ 10 વાગ્યે સવારે શરૂ થઈ બપોરે 1.27 પૂરો થયો. આ દરમિયાન ચાર તાસ યોજાય છે. દરેક તાસ વચ્ચે 5 મી.નો બ્રેક આપવામાં આવે છે, તો દરેક તાસ કેટલા મિનિટનો હશે ?

(અ) 84 મી. (બ) 48 મી.

(ક) 42 મી. (ડ) 44 મી.

18. હાલમાં જય અને વીરુની ઉંમરનો ગુણોત્તર અનુક્રમે 5 : 4 છે. ત્રણ વર્ષ પછી તેમની ઉંમરનો ગુણોત્તર અનુક્રમે 11 : 9 હોય તો વીરુની હાલની ઉંમર કેટલી હશે ?

(અ) 20 વર્ષ (બ) 21 વર્ષ

(બ) 23 વર્ષ (ડ) 24 વર્ષ

19. *એક સંખ્યાને 5 ગણી કરી તે સંખ્યા ઉમેરતાં 360 થાય તો તે સંખ્યા કઈ ?*

*(અ)* 52 *(બ)* 56

*(ક)* 60 *(ડ)* 64

20. *એક સંખ્યાને સાત ગણી કરી તે સંખ્યા ઉમેરતાં 400 થાય તો તે સંખ્યા કઈ ?*

*(અ)* 49 *(બ)* 50

*(ક)* 51 *(ડ)* 52

21. *ઉત્સવ પાસે હર્ષ કરતાં પાંચ ગણા રૂપિયા છે. જો બંનેની રકમનો સરવાળો 36 થતો હોય, તો હર્ષ પાસે કેટલા રૂપિયા હશે ?*

*(અ)* 6 *રૂપિયા* *(બ)* 8 *રૂપિયા*

*(ક)* 10 *રૂપિયા* *(ડ)* 12 *રૂપિયા*

22. *કોઈ સંખ્યાના 45 ટકામાંથી 45 બાદ કરવામાં આવે અને છેલ્લે પણ 45 વધે તો તે સંખ્યા કઈ ?*

*(અ)* 300 *(બ)* 100

*(ક)* 400 *(ડ)* 200

23. *બે સંખ્યાઓમાં મોટી સંખ્યા નાની સંખ્યા કરતાં 5 ગણી છે. જો દરેકમાં 21 ઉમેરવામાં આવે તો મોટી સંખ્યા નાની સંખ્યા કરતાં બમણી થાય છે, તો તે સંખ્યાઓમાં નાની સંખ્યા કઈ હશે ?*

*(અ)* 7 *(બ)* 5

*(ક)* 35 *(ડ)* 10

24. *એક વ્યક્તિ પાસે 1 રૂ., 5 રૂ. અને 20 રૂ. ની કેટલીક નોટો છે. દરેક નોટોની સંખ્યા સરખી છે, તેની પાસે 260 રૂ. છે. તો વ્યક્તિ પાસે કુલ નોટોની સંખ્યા કેટલી છે ?*

*(અ)* 25 *(બ)* 30

*(ક)* 35 *(ડ)* 40

25. *8 ખુરશીની કિંમત 3 ટેબલની કિંમત બરાબર થાય છે. એક ખુરશી અને એક ટેબલની કુલ કિંમત રૂ. 605 થાય છે, તો ખુરશની કિંમત કેટલા રૂપિયા હશે ?*

*(અ)* 165 *(બ)* 55

*(ક)* 192 *(ડ)* 83

26. *ડિઝલના ભાવમાં એક લિટરે રૂપિયા 2 નો વધારો થતાં 360 રૂપિયામાં પહેલાં કરતાં બે લિટર ઓછું મળે છે, તો ડિઝલનો અગાઉનો ભાવ શું હતો ?*

*(અ)* 15 *રૂ. લીટર* *(બ)* 17 *રૂ. લીટર*

*(ક)* 18 *રૂ. લીટર* *(ડ)* 20 *રૂ. લીટર*

27. *બે અંકોની એક પ્રાકૃતિક સંખ્યાના અંકોનો ગુણાકાર 15 છે. જો તે સંખ્યામાં 18 ઉમેરવામાં આવે તો મળતી નથી. સંખ્યા તે મૂળ સંખ્યાના અંકોની અદલા-બદલી કરવાથી મળતી સંખ્યા બને છે, તો તે મૂળ સંખ્યા કઈ હતી ?*

*(અ)* 25 *(બ)* 15

*(ક)* 35 *(ડ)* 45

28. *પ્રિયંકાની હાલની ઉંમર 20 વર્ષ છે, તેની માતાની ઉંમર તેના કરતાં બમણી છે હવે જો પ્રિયંકાની ઉંમર બમણી (40 વર્ષ) થાય*

તો તેની માતાની ઉંમર કેટલા વર્ષ થાય ?

(અ) 80 (બ) 60

(ક) 40 (ડ) 100

29. એક સંખ્યાને 7 ગણી કરીએ અને તેમાં તે જ સંખ્યા ઉમેરીએ તો 576 થાય, તો તે સંખ્યા કઇ ગણાય ?

(અ) 70 (બ) 69

(ક) 71 (ડ) 72

30. માતાની ઉંમર પુત્રની ઉંમર કરતાં 6 ગણી છે. બંનેની ઉંમરનો સરવાળો 35 વર્ષ હોય તો પુત્રની ઉંમર કેટલી થાય ?

(અ) 13 વર્ષ (બ) 5 વર્ષ

(ક) 14 વર્ષ (ડ) 6 વર્ષ

31. પિતાની હાલની ઉંમર તેના પુત્રની ઉંમર કરતા 5 ગણી છે. 21 વર્ષ પછી પિતાની ઉંમર પુત્રની ઉંમર કરતા બમમી થાય છે, તો પિતા અને પુત્રની હાલની ઉંમર કેટલી ?

(અ) 25 અને 5 (બ) 35 અને 7

(ક) 30 અને 6 (ડ) 42 અને 21

32. એક દૂધના ડબ્બામાં 48 લીટર દૂધ નાખવાથી પૂરો ભરાઈ જાય છે. જેનો $\frac{7}{12}$ ભાગ ભરેલો છે. જો તેમાંથી અર્ધો દૂધનો ભાગ કાઢી લેવામાં આવે તો ડબ્બામાં હજી કેટલું દૂધ ભરવામાં આવે કે ડબ્બો આખો ભરાઈ જાય ?

(અ) 14 લીટર (બ) 34 લીટર

(ક) 28 લીટર (ડ) 40 લીટર

33. પંકજે ચારૂથી 15 ગુણ ઓછા મેળવ્યા અને ચારૂએ કાન્તાથી 5 ગુણ વધારે મેળવ્યા. જો આ ત્રણેયે કુલ 112 ગુણ મેળવ્યા હોય, તો કાન્તાએ જે ગુણ મેળવ્યા, તે છે ?

(અ) 29 (બ) 39

(ક) 44 (ડ) 45

34. પિતા અને તેના બે પુત્રોની ઉંમરનો સરવારો 5 વર્ષ પહેલાં x વર્ષ હતો, તો 5 વર્ષ પછી તે બધાની ઉંમરનો સરવાળો ....... વર્ષ થશે ?

(y ) $x+5$ (બ) $5x+10$

(ક) $x+30$ (ડ) $x+25$

35. પિતાની ઉંમર પુત્રની ઉંમર કરતાં 30 વર્ષ વધુ છે. દસ વર્ષ બાદ પિતાની ઉંમર પુત્રની ઉંમર કરતાં ત્રણ ગણી થશે, તો હાલ પુત્રની ઉંમર કેટલી હશે ?

(અ) 8 વર્ષ (બ) 7 વર્ષ

(ક) 5 વર્ષ (ડ) 9 વર્ષ

36. કોઇ થિયેટરમાં એક વ્યક્તિ પોતાના કુટુંબ સાથે ફિલ્મ જોવા જાય છે. જેમાં બાળકોની ટિકિટ પુખ્ત વ્યક્તિની ટિકિટના 1/4 છે. ત્રણ પુખ્ત અને 3 બાળકોની ટિકિટના રૂ. 600 થયા તો પુખ્ત વ્યક્તિની ટિકિટના કેટલા રૂપિયા છે ?

(અ) 40 રૂપિયા (બ) 50 રૂપિયા

(ક) 180 રૂપિયા (ડ) 160 રૂપિયા

37. બાટલી અને બુચની ભેગી કિંમત રૂ. 2.25 છે. બાટલી કરતાં બુચની કિંમત રૂ. 1.65 ઓછી હોય તો બુચની કિંમત કેટલી હશે ?

(અ) 30 પૈસા (બ) રૂ. 105

(ક) 60 પૈસા (ડ) રૂ. 120

38. એક વ્યક્તિ પાસે રૂ. 1, રૂ. ૫ તથા રૂ. 10 ની નોટ સરખા પ્રમાણમાં છે. આ બધી નોટ્સની કિંમત રૂ. 192 થાય તો તેની પાસે કુલ કેટલી નોટ્સ હશે ?

(અ) 18 (બ) 24

(ક) 12 (ડ) 36

39. 5 વર્ષ પહેલા P અને Qની સરેરાશ ઉંમર 15 વર્ષ હતી. P, Q, R ની સરેરાશ ઉંમર આજે 20 વર્ષ છે 10 વર્ષ પછી Rની ઉંમર કેટલી ?

(અ) 30 (બ) 32

(ક) 34 (ડ) 38

40. સરોજબેનની હાલની ઉંમર 52 વર્ષની છે. 8 વર્ષ પછી તેમની પુત્રની ઉંમરનો સરવાળો 75 વર્ષ થતો હોય તો તેમની પૂત્રીની હાલની ઉંમર શોધો.

(અ) 8 વર્ષ (બ) 6 વર્ષ

(ક) 7 વર્ષ (ડ) 9 વર્ષ

41. એક થેલામાં રૂ. 5 અને રૂ. 2 ના 40 સિક્કા રાખેલા છે. કુલ રૂ. 140 છે તો રૂ. 2 અને રૂ. 5 ના કેટલા સિક્કા છે ?

(અ) પ્રત્યેક 20 (બ) 25 અને 15

(ક) 30 અને 10 (ડ) 22 અને 18

42. એક ટોપલીમાં કેરી, ચીકુ અને દાડમના કુલ 18 ફળ છે, જેમાં કેરી કરતા ચીકુ દોઢા અને દાડમ બમણા છે, તો કેરીની સંખ્યા કેટલી હશે ?

(અ) 8 (બ) 2

(ક) 4 (ડ) 6

43. સચિનની 8 વર્ષ પહેલાંની ઉંમર અને 6 વર્ષ પછીની ઉંમરનો ગુણાકાર 680 થાય છે, તો સચિનની હાલની ઉંમર શોધો.

(અ) 34 વર્ષ (બ) 30 વર્ષ

(ક) 28 વર્ષ (ડ) 32 વર્ષ

44. એક વ્યક્તિ પાસે રૂ. 1, રૂ. 5 અને રૂ. 20 ની કેટલીક નોટો છે. દરેક નોટોની સંખ્યા સરખી છે તેની પાસે રૂ. 260 છે, તો વ્યક્તિ પાસે કુલ નોટોની સંખ્યા કેટલી છે ?

(અ) 25 (બ) 30

(ક) 35 (ડ) 40

45. માતાની ઉંમર પુત્રીની ઉંમર કરતાં ત્રણ ગણી અને 8 વર્ષથી મોટી છે. પિતાની ઉંમર માતા કરતાં 4 વર્ષ મોટી છે. હવે જો પુત્રીની ઉંમર 6 વર્ષ હોય તો પિતાની ઉંમર કેટલી ?

(અ) 29 વર્ષ (બ) 26 વર્ષ

(ક) 30 વર્ષ (ડ) 32 વર્ષ

46. મારો નાનો ભાઈ એક વર્ષનો થયો ત્યારે મારી ઉંમર તેની ઉંમર કરતાં સાત ગણી હતી. જ્યારે મારી ઉંમર તેની ઉંમર કરતાં બમણી થાય ત્યારે તેની ઉંમર કેટલી હશે ?

(અ) 8 (બ) 5

(ક) 6 (ડ) 7

47. મોહિતની ઉંમર તેના દિકરા કરતા 7 ગણી છે. 10 વર્ષ પછી તેની ઉંમર 3 ગણી થઈ જશે, તો હાલમાં તેના દિકરાની ઉંમર કેટલી હશે ?

(અ) 28 (બ) 35

(ક) 5 (ડ) 45

## : જવાબો :

(1) (અ) 100 (2) (ડ) 22 (3) (ડ) 71 (4) (બ) 14,30 (5) (બ) 15 વર્ષ (6) (ક) 6 (7) (ક) 60 વર્ષ (8) (ડ) 57 (9) (ક) X + Y + 4 (10) (ક) 30 (11) (ક) 38 વર્ષ (12) (અ) 43 (13) (ડ) 10 વર્ષ (14) (બ) 28 (15) (ક) 48 વર્ષ (16) (અ) 67 (17) (બ) 48 મી. (18) (ડ) 24 વર્ષ (19) (ક) 60 (20) (બ) 50 (21) (અ) 6 રૂપિયા (22) (ડ) 200 (23) (અ) 7 (24) (બ) 30 (25) (અ) 165 (26) (ક) 18 રૂ. લીટર (27) (ક) 35 (28) (બ) 60 (29) (ડ) 72 (30) (બ) 5 વર્ષ (31) (બ) 35 અને 7 (32) (બ) 34 લીટર (33) (બ) 39 (34) (ક) x + 30 (35) (ક) 5 વર્ષ (36) (ડ) 160 રૂપિયા (37) (ક) 60 પૈસા (38) (ડ) 36 (39) (અ) 30 (40) (ક) 7 વર્ષ (41) (અ) પ્રત્યેક 20 (42) (ક) 4 (43) (ક) 28 વર્ષ (44) (બ) 30 (45) (ક) 30 વર્ષ (46) (ક) 6 (47) (ક) 5

# ૧૯. રૈખિક સમીકરણ

## (દ્વિચલ સુરેખ સમીકરણ તથા દ્વિઘાત સમીકરણ)

1. સમીકરણ x - 3y = 1 તથા 3x+y = 3 નો ઉકેલગણ ................ છે.

(A) (0, 1) (B) (1, 1) (C) (1, 0) (D) $\left(\frac{1}{3}, 0\right)$

ગણતરી : સમીકરણ (2) ને 3 વડે ગુણી સમીકરણ (1) માં ઉમેરતાં.....

$$\begin{array}{r} x - 3y = 1 \\ + 9x + 3y = 0 \\ \hline 10x = 10 \end{array} \quad \therefore x = 1$$

x = 1 ની કિંમત 3x + y = 3 સમીકરણમાં મૂકતાં

$3 + y = 3 \quad \therefore y = 3 - 3 = 0$

ઉકેલ ગણ : $\{(1, 0)\}$ (Ans.: C)

2. જો 2x + 3y = 7 & 3x + 2y = 3 હોય તો x - y = ...........

(A) 4 (B) -4 (C) 2 (D) -2

ગણતરી : બંને સમીકરણની બાદબાકી = (2x + 3y) - (3x + 2y) = 7 - 3

$\therefore -x + y = 4$

$\therefore x - y = -4$ (Ans.: B)

3. બે સંખ્યાઓનો સરવાળો 10 અને ઘન તફાવત 2 છે તો આ બે સંખ્યાઓ પૈકી સૌથી મોટી સંખ્યા ................ છે.

(A) 2 (B) 4 (C) 6 (D) 8

ગણતરી : x + y = 10

$$\begin{array}{r} x - y = 2 \\ \hline 2x = 12 \end{array} \quad \therefore x = 6$$

(Ans. : C)

4. દ્વિચલ સુરેખ સમીકરણ $2x + 3y = 8$ નો ઉકેલ (1, y) હોય તો y = ...........

(A) 1 (B) 2 (C) 3 (D) 5

ગણતરી : 2x + 3y = 8 માં x=1 મુકતાં...........

$\therefore 2 + 3y = 8 \quad \therefore 3y = 6 \quad \therefore y = 2$ (Ans.: B)

5. દ્વિઘાત સમીકરણ $x^2 - 3x + 2 = 0$ નો એક ઉકેલ x = ......... છે.

(A) -3 (B) 1 (C) 3 (D) -2

ગણતરી : $x^2 - 3x + 2 = 0 \quad \therefore (x - 2)(x - 1) = 0$

$\therefore x - 2 = 0$ કે $x - 1 = 0 \quad \therefore x = 2$ અથવા $x = 1$ (Ans. : B)

6. $5x^2 - 6x + 1 = 0$ નો વિવેચક ........................ છે.

(A) 16 (B) 18 (C) 20 (D) 22

ગણતરી : ઉપરના સમીકરણમાં a = 5, b = 6, c = 1 છે.

વિવેચક = $b^2 - 4ac = (-6)^2 - 4(5)(1) = 36 - 20 = 16$ (Ans. : A)

7. $x^2 - 4x + a = 0$ નું એક બીજ 2 હોય તો a = ............

(A) -2 (B) 8 (C) -4 (D) 4

ગણતરી : ઉપરના સમીકરણમાં x = 2 મુકતાં ...... $(2)^2 - 4(2) + a = 0 \quad \therefore a = 4$ (Ans. : D)

8. જો દ્વિઘાત સમીકરણ $x^2 - 3x - K = 0$ ના વિવેચકનું મૂલ્ય 1 હોય તો K = ........

(A) -4 (B) -2 (C) 2 (D) 4

ગણતરી : ઉપરના સમીકરણમાં a = 1, b = -3, c = -K છે.

$\therefore\ 1 = (-3)^2 - 4(1)(-k) \quad \therefore\ 1 = 9 + 4k \quad \therefore\ K = -2$ (Ans. : B)

9. દ્વિઘાત સમીકરણ $x + \frac{2}{x} = 3$ નાં બીજ ............. છે.

(A) 2 & 1 (B) -2 & 2 (C) 2 & -1 (D) -2 & 1

ગણતરી : $x + \frac{2}{x} = 3 \quad \therefore\ x^2 + 2 = 3x \quad \therefore\ x^2 - 3x + 2 = 0$

$\therefore\ (x-2)(x-1) = 0 \quad \therefore\ x = 2$ કે $x = 1$ (Ans. : A)

10. $16x^2 + 40x + K$ પૂર્ણવર્ગ બહુપદી હોય તો K = ...............

(A) 10 (B) 15 (C) 20 (D) 25

ગણતરી : $\text{તૃતીયપદ} = \frac{(\text{મધ્યમપદ})^2}{4 \times \text{પ્રથમપદ}} \quad \therefore\ K = \frac{(40x)^2}{4 \times 16x^2} = \frac{1600x^2}{4 \times 16x^2} = 25$

$\therefore\ K = 25$ (Ans. : D)

11. x = .......... સંખ્યાને સુવર્ણ સંખ્યા (Golden Number) તરીકે ઓળખવામાં આવે છે.

(A) 1 (B) 0 (C) $\frac{1+\sqrt{5}}{2}$ (D) $\frac{1+\sqrt{3}}{2}$

(Ans. : C)

12. દ્વિઘાત સમીકરણ $x^2 = 49$ નાં બીજ ............ છે.

(A) 7 & 8 (B) 7 & -7 (C) 7 & -8 (D) 8 & -7

ગણતરી : $x^2 - 49 = 0 \quad \therefore\ (x-7)(x+7) = 0 \quad \therefore\ x = 7$ કે $x = -7$ (Ans. : B)

13. દ્વિઘાત સમીકરણ માટે ............. હોય તો સમીકરણનાં બંને બીજ ભિન્ન અને વાસ્તવિક મળે.

(A) D = 0 (B) D < 0 (C) D ≤ 0 (D) D > 0

(Ans. : D)

14. દ્વિઘાત સમીકરણ $x^2 + 18x + 81 = 0$ નાં બીજ .......... છે.

(A) પરસ્પર વ્યસ્ત (B) વિરોધી (C) અપૂર્ણાંક (D) સમાન

પૂર્ણવર્ગ ત્રિપદીના બે બીજ હંમેશાં સમાન હોય છે.

(Ans. : D)

15. દ્વિઘાત સમીકરણ $4x^2 + 2x + \frac{1}{4} = 0$ નાં બીજ ........... છે.

(A) $-\frac{1}{2}, \frac{1}{2}$ (B) $-\frac{1}{2}, -\frac{1}{2}$ (C) $-\frac{1}{4}, -\frac{1}{4}$ (D) $\frac{1}{4}, \frac{1}{4}$

ગણતરી : $16x^2 + 8x + 1 = 0 \quad \therefore\ (4x+1)^2 = 0 \quad \therefore\ 4x+1=0 \quad \therefore\ x = \frac{1}{4}$

પૂર્ણવર્ગ ત્રિપદી હોવાથી બંને બીજ સમાન છે.

(Ans. : C)

# ● વધુ પ્રેક્ટીશના દાખલા ●

1. સમીકરણયુગ્મ $x + y + 1 = 0$ અને $3x + 3y + 2 = 0$ નો ઉકેલગણ .............. છે.

(A) $\{(1, -2)\}$ (B) $\{(3, 1)\}$ (C) અનંતગણ (D) ખાલીગણ

(Ans. : D)

2. સમીકરણયુગ્મ $7x - 13y = 1$ અને $13x - 7y = 19$ માટે $x - y =$ ................

(A) 20 (B) 18 (C) 1 (D) 0

(Ans. : C)

3. સમીકરણયુગ્મ $13x - 7y = 19$ અને $7x - 13y = 31$ માટે $x + y =$ ...........

(A) 2 (B) -2 (C) 5 (D) 40

(Ans. : B)

4. દ્વિચલ સુરેખ સમીકરણ $3x - y = 7$ નો એક ઉકેલ $(x, -1)$ હોય, તો $x =$ ............

(A) 2 (B) $8/3$ (C) 3 (D) -2

(Ans. : A)

5. દ્વિચલ સુરેખ સમીકરણ $x - 2y = 4$ નો એક ઉકેલ .......... છે.

(A) (2, 3) (B) (2, -3) (C) (-2, 3) (D) (-2, -3)

(Ans. : D)

6. જો $x = -2$ અને $\frac{4}{x} + \frac{3}{y} = 1$ હોય, તો $y =$ ..........

(A) 3 (B) 2 (C) 1 (D) -1

(Ans. : C)

7. બે સંખ્યાઓની બાદબાકી 5 છે. જો મોટી સંખ્યા $x$ હોય, તો નાની સંખ્યા $y =$ .........

(A) 5 (B) 5y (C) x -5 (D) x + 5

(Ans. : C)

8. બે સંખ્યાઓનો સરવાળો 8 છે. જો નાની સંખ્યા $y$ હોય, તો મોટી સંખ્યા $x =$ .........

(A) y - 8 (B) y + 8 (C) 8y (D) 8-y

(Ans. : D)

9. સમીકરણયુગ્મ $3x + 3y - 3 = 0$ તથા $5x + 5y - 5 = 0$ નો ઉકેલગણ .............. છે.

(A) $\{3, 5\}$ (B) $\{5, 3\}$ (C) ખાલીગણ (D) અનંતગણ

(Ans. : D)

10. (-1, 3) એ સમીકરણ ............. નો એક ઉકેલ નથી.

(A) $3 - y + 4 = 0$ (B) $3x + y = 0$ (C) $x + 3y + 8 = 0$ (D) $x + 2y - 5 = 0$

(Ans. : C)

# ૨૦. વર્ગાત્મક સમીકરણ

1. જો $P(x) = 3x^2 - 10x + 3$ નું એક શૂન્ય $\frac{1}{3}$ છે તો બીજુ શૂન્ય ....... છે.

(A) 1 (B) 3 (C) -3 (D) -1

ગણતરી : $P\left(\frac{1}{3}\right) = 0 \therefore P(x) = 3x^2 - 9x - x - 3$

$= (3x - 1)(x - 3)$

$\therefore 3x - 1 = 0$ કે $x - 3 = 0$

$\therefore x = \frac{1}{3}$ કે $x = 3$ (Ans. : B)

2. બહુપદી $P(x) = x^3 - x$ ને ........... શુન્યો છે.

(A) 0 (B) 1 (C) 2 (D) 3

ગણતરી : $P(x) = x^3 - x = x(x^2 - 1) = x(x - 1)(x + 1) = 0$

$\therefore x = 0$ કે $x = 1$ કે $x = -1$

Ans. : (D) ત્રણ શૂન્યો મળે.

3. $P(X) = 3x^2 + 5x - 2$ નાં શૂન્યોનો સરવાળો .............. છે.

(A) $\frac{3}{5}$ (B) $-\frac{3}{5}$ (C) $-\frac{5}{3}$ (D) $\frac{5}{3}$

ગણતરી : $ax^2 + bx + C$ મુજબ $a = 3, b = 5, C = -2$ થાય.

શૂન્યોનો સરવાળો $= -\frac{b}{a} = -\frac{5}{3}$ (Ans. : C)

4. બહુપદી $x^2 - 4x + 3$ ના શૂન્યોનો ગુણાકાર ............. છે.

(A) 1 (B) 3 (C) 4 (D) -4

ગણતરી : $ax^2 + bx + c$ મુજબ $a = 1, b = -4, c = 3$ થાય.

શૂન્યોનો ગુણાકાર $= \frac{c}{a} = \frac{3}{1} = 3$, Ans. : B

5. $P(x) = 4x^3 + 3x^2 + 2x + 1$ નું $x = 1$ આગળ મૂલ્ય ............. છે.

(A) 7 (B) 4 (C) 10 (D) 14

ગણતરી : $4x^3 + 3x^2 + 2x + 1$ માં $x = 1$ કિંમત મૂકતાં...........

$= 4(1)^3 + 3(1)^2 + 2(1) + 1 = 4 + 3 + 2 + 1 = 10$ (Ans. : C)

6. $P(x) = 2x^4 - 3x^3 + 7x + 5$ માટે $P(-2) =$ ..........

(A) 75 (B) 20 (C) 47 (D) 30

ગણતરી : $P(-2) = 2(-2)^4 - 3(-2)^3 + 7(-2) + 5$

$= 2(16) - 3(-8) + 7(-2) + 5$

$= 32 + 24 - 14 + 5$

$= 47$ Ans. : C

7. સુરેખ બહુપદી $P(x) = \sqrt{3}x - 3$નું શૂન્ય............છે.

(A) 3 (B) $-\sqrt{3}$ (C) $\sqrt{3}$ (D) -3

ગણતરી : $\sqrt{3}(x - \sqrt{3}) = 0 \quad \therefore x - \sqrt{3} = 0 \quad \therefore x = \sqrt{3}$ (Ans. : C)

8. $P(x) = 4x^2 - 256$ ના શૂન્યો ક્યા છે ?

(A) 4, -4 (B) 16, - 16 (C) -8, 8 (D) -2, 2

ગણતરી : $4x^2 - 256 = 4(x^2 - 64) = 4(x - 8)(x + 8) = 0$

$\therefore x = -8$ કે $x = 8$ (Ans. : C)

## ● વધુ પ્રેક્ટીશના દાખલા ●

1. $x^2 + 7x + 12$ ના શૂન્યોનો સરવાળો .............. છે.

(A) -7 (B) 7 (C) 12 (D) - 12 (Ans. : (a) -7)

2. બહુપદી $x^3 + 4x^2 + x - 6$ નાં શૂન્યોનો ગુણાકાર ............. છે.

(A) 4 (B) -4 (C) -6 (D) 6 (Ans. : (d) 6)

3. બહુપદી $Kx^3 - 6x^2 + 11x - 6$ નાં શૂન્યોનો ગુણાકાર 4 છે, તો K = ............

(A) $-\frac{3}{2}$ (B) $\frac{3}{2}$ (C) 6 (D) 1 $\left(\text{Ans. : (b) } \frac{3}{2}\right)$

4. $P(x) = x^3 - 3x^2 - x + 3$ ને $x-1$ વડે ભાગતાં શેષ ............... મળે.

(A) 1 (B) 3 (C) 0 (D) -3 (Ans. : (c) 0)

5. $P(x) = x^3 - 4x$ નાં શૂન્યો .............. છે.

(A) $0, \pm 2$ (B) $\pm 4, 0$ (C) 0, 0, 0 (D) 0, 4 (Ans. (a) $0, \pm 2$)

6. $P(x) = 3x^3 + 2x^2 + 7x + 8$ માટે $P(-1) =$ .........

(A) 1 (B) 0 (C) -1 (D) 2 (Ans. : (b) 0)

7. $P(x) = x^2 + 4x + 3$ નાં શૂન્યો ............. છે.

(A) 1 & 3 (B) -1 & 3 (C) 1 & -3 (D) -1 & -3 (Ans. : (D) -1 & -3)

8. $P(x) = 2 + x - x^2$ નાં શૂન્યો ............... છે.

(A) -1 & 2 (B) 1 & -2 (C) 1 & 2 (D) -1 & -2 (Ans. : (A) -1 & 2)

9. જેનાં શૂન્યોનો સરવાળો -7 અને ગુણાકાર 12 હોય, તેવી દ્વિઘાત બહુપદી ................... છે.

(A) $P(x) = x^2 - 7x + 12$ (B) $P(x) = x^2 + 7x - 12$

(C) $P(x) = x^2 + 7x + 12$ (D) $P(x) = x^2 - 7x - 12$ (Ans. : (C) $P(x) = x^2 + 7x + 12$)

10. બે બહુપદીનો ગુણાકાર $x^2 + 8x + 15$ છે, તેમાંની એક બહુપદી $(x+3)$ હોય, તો બીજી બહુપદી ............ હોય.

(A) x - 64 (B) x + 5 (C) x + 9 (D) x - 9 (Ans. : (b) x + 5)

# 21. ભૂમિતીનું માળખું, રેખા, ખૂણા, ત્રિકોણ, ચતુષ્કોણ અને વર્તુળ

**01.** બિંદુ, રેખા, સમતલ અને અવકાશ એ ચાર અવ્યાખ્યાયિત પદો છે.

**02.** બિંદુ દર્શાવવા • નિશાની વપરાય છે. તેને એબીસીડીના કોઈપણ અક્ષરથી દર્શાવી શકાય છે.

ઉદા.: $\bullet A,\ \bullet B,\ \bullet N,\ \bullet P$

**03.** રેખાએ અનંત સુધી વિસ્તરેલા બિંદુઓનો ગણ છે. તેના પરના કોઈપણ બે બિંદુથી તેનું નામ કરણ થઈ શકે છે.

ઉદા.: 

ને $\overleftrightarrow{AB}, \overleftrightarrow{AC}, \overleftrightarrow{AD}, \overleftrightarrow{BA}, \overleftrightarrow{BC}, \overleftrightarrow{BD}$ વડે દર્શાવાય છે.

રેખાની લંબાઈ માપી શકાતી નથી એટલે કે અમાપ છે.

**04.** ચોક્કસ બિંદુથી શરૂ કરી ચોક્કસ દિશામાં અનંત સુધી વિસ્તરેલા બિંદુઓના ગણને કિરણ કહે છે. જે બિંદુથી કિરણ શરૂ થાય તેને ઉદ્ભવ બિંદુ કે ઉદ્ગમબિંદુ કહેવામાં આવે છે.

**05.** કિરણને દર્શાવવા ઉદ્ભવબિંદુ તથા તે સિવાયના એક બિંદુનો ઉપયોગ થાય છે.

ઉદા.: 

ને $\overrightarrow{XY}, \overrightarrow{XZ}$ અને $\overrightarrow{XW}$ થી દર્શાવી શકાય છે.

કિરણને એક જ અંત્યબિંદુ હોય છે તેની લંબાઈ માપી શકાતી નથી.

**06.** રેખાખંડ એ રેખાનો એક ખંડ (ટુકડો) છે.

બે બિંદુઓ વચ્ચેના તમામ બિંદુઓના ગણને રેખાખંડ કહે છે

● રેખાખંડને દર્શાવવા તેના બે અંત્યબિંદુઓ વપરાય છે.

ઉદા.: 

ને $\overline{AB}$ અથવા $\overline{BA}$ કહેવામાં આવે છે.

**07.** એક જ ઉદ્ભવબિંદુવાળા બે ભિન્ન કિરણોના યોગને ખૂણો કહે છે.




- તેને $\angle PQR$ કે $\angle RQP$ અથવા $\angle Q$ તરીકે દર્શાવાય છે.
- ખૂણાનું માપ 0 થી 180 ની વચ્ચે હોય છે.

**08.** ખૂણાના માપને આધારે તેના ત્રણ પ્રકાર પડે છે.

(i) લઘુકોણ: 90° થી ઓછા માપના ખૂણાને લઘુકોણ કહે છે.

(ii) ગુરૂકોણ: 90° થી વધારે માપના ખૂણાને ગુરુકોણ કહે છે.

(iii) કાટકોણ : 90° ના માપના ખૂણાને કાટકોણ કહે છે.

**09.** ખૂણાની જોડના પ્રકાર :

(i) કોટિકોણ : જે બે ખૂણાના માપનો સરવાળો 90° થતો હોય.

(ii) પૂરકકોણ : જે બે ખૂણાના માપનો સરવાળો 180° થતો હોય.

(iii) એકરૂપખૂણા : જે બે ખૂણાના માપ સરખા હોય.

(iv) રૈખિકજોડના ખૂણા : એક જ રેખા પર રચાતા બે ખૂણા જે હંમેશાં પૂરક હોય છે.

(v) અભિકોણ : બે વિરુધ્ધ કિરણોના ભૂજથી રચાતી જોડના ખૂણાને અભિકોણો કહે છે. અભિકોણો હંમેશા એકરૂપ હોય છે.

**10.** **વર્તુળ :**

કોઈ એક બિંદુથી સમાન અંતરે આવેલા બિંદુઓના ગણને વર્તૂળ કહે છે.

- વર્તૂળને દર્શાવવા $\odot(O, r)$ નિશાની વપરાય છે.
- કેન્દ્રથી પરીઘ સુધીના અંતરને ત્રિજ્યા કહે છે. તેની સંજ્ઞા $r$ છે.
- વર્તૂળ પરના કોઈપણ બે બિંદુઓને જોડવાથી જીવા બને છે.

ઉદા.: $\overline{AB}$ એ જીવા છે.




- કેન્દ્રમાંથી પસાર થતી જીવાને વ્યાસ કહે છે. તે વર્તૂળની સૌથી મોટી જીવા છે.

વ્યાસની સંજ્ઞા d છે. $d = 2 \times r$

- કેન્દ્રમાંથી જીવા પર દોરેલો લંબ જીવાને દુભાગે છે.
- અર્ધ વર્તૂળમાં અંતર્ગત ખૂણો કાટખૂણો હોય છે.

**11.** **ત્રિકોણ :**

● ત્રણ રેખાખંડોથી રચાતી બંધ આકૃતિને ત્રિકોણ કહે છે.

● ત્રિકોણના અંગો 6 છે. (ત્રણ બાજુઓ તથા ત્રણ ખૂણાઓ)

● બાજુઓના માપના આધારે ત્રિકોણના ત્રણ પ્રકાર પડે છે.

(i) સમબાજુ ત્રિકોણ : ત્રણેય બાજુના માપ સમાન હોય છે.

(ii) સમદ્વિબાજુ ત્રિકોણ : કોઈપણ બે બાજુના માપ સરખા હોય.

(iii) વિષમબાજુ ત્રિકોણ : ત્રણેય બાજુઓના માપ અલગ અલ હોય.

● ખૂણાઓના માપને આધારે ત્રિકોણના ત્રણ પ્રકાર પડે છે.

(i) લઘુકોણ ત્રિકોણ : ત્રણેય ખૂણાના માપ 90° થી ઓછા હોય.

(ii) ગુરુકોણ ત્રિકોણ : કોઈપણ એક ખૂણાનું માપ 90° થી વધારે હોય.

(iii) કાટકોણ ત્રિકોણ : કોઈપણ એક ખૂણાનું માપ 90° હોય.

- જે ત્રિકોણ સમબાજુ હોય તે સમકોણ પણ હોય તેનો દરેક ખૂણો 60° નો હોય.
- પાયથાગોરસના સિધ્ધાંત અનુસાર કાટકોણ ત્રિકોણમાં $(\text{કર્ણ})^2$ = કર્ણ સિવાયની બે બાજુઓના વર્ગનો સરવાળો. (કર્ણ એ સૌથી મોટી બાજુ છે)
- ત્રિકોણની કોઈપણ બે બાજુઓના મધ્યબિંદુઓને જોડતો રેખાખંડ ત્રીજી બાજુને સમાન્તર હોય તથા ત્રીજી બાજુના માપથી અડધા માપનો હોય.

**12.** **ચતુષ્કોણ :**

ચાર રેખાખંડોથી રચાતી બંધ આકૃતિને ચતુષ્તકોણ કહે છે.




ચતુષ્કોણના કુલ દશ અંગો હોય છે : 4 રેખાખંડો, 4 ખૂણાઓ અને 2 વિકર્ણો.

ચતુષ્કોણના મુખ્ય બે પ્રકાર છે.

(i) **સમલંબ ચતુષ્કોણ :**




જે ચતુષ્કોણની સમસામેની બાજુની એક જ જોડ સમાન્તર હોય.

(ii) **સમાન્તર બાજુ ચતુષ્કોણ :**




જે ચતુષ્કોણની સામસામેની બાજુની બંને જોડ સમાન્તર હોય.

સમાન્તર બાજુ ચતુષ્કોણના ચાર પ્રકાર પડે છે :

(i) **ચોરસ :**




જે ચતુષ્કોણની ચારે બાજુના માપ સરખા હોય તથા તેનો દરેક ખૂણો કાટખૂણો હોય.

(ii) **સમબાજુ :**




જે ચતુષ્કોણની ચારે બાજુના માપ સરખા હોય. (દરેક ખૂણો કાટખૂણો ન પણ હોય)

(iii) **લંબ ચોરસ :**



જે ચતુષ્કોણની સામસામેની બાજુના માપ સરખા હોય તથા ચારેય ખૂણા કાટખૂણા હોય.

(iv) **સમાન્તર બાજુ ચતષ્કોણ :**

જે ચતુષ્કોણની સામસામેની બાજુઓના માપ સમાન હોય. (દરેક ખૂણો કાટખૂણો જરૂરી નથી)

- દરેક સ.બા.ચ.ના વિકર્ણો એકબીજાને દુભાગે છે.
- ચોરસ તથા સમબાજુ ચતુષ્કોણના વિકર્ણો કાટખૂણો દુભાગે છે.
- ચોરસ તથા લંબચોરસના વિકર્ણો એકરૂપ (સરખામાપના) હોય છે.
- ચતુષ્કોણના ચારેય ખૂણાનો સરવાળો 360° થાય છે.

■ **અગત્યના દાખલા :**

01. $\overleftrightarrow{AB}$ પરના બે બિંદુઓની સંગત સંખ્યા 2 અને 7 છે તો $AB = ......$

$AB = |a-b| = |2-7| = |-5| = 5$

02. જો $PQ = 11$ હોય તથા P ને સંગત સંખ્યા 2 હોય તો Q ને સંગત સંખ્યા શોધો.

$PQ = |p-q| \therefore 11 = |2-q|$

$\therefore 11 = 2-q$ અથવા $-11 = 2-q$

$\therefore q = 2-11 = -9$ અથવા $\therefore q = 2+11 = 13$

03. $\odot(P,\ 3.6)$ ની મોટામાં મોટી જીવાનું માપ______ છે.

અહિં ત્રિજ્યા : $= 3.6 \therefore$ વ્યાસ $= 2\times 3.6 = 7.2$

વ્યાસ એ સૌથી મોટી જીવા છે. $\therefore$ જવાબ $= 7.2$

04. $\odot(P,\ r)$ માં $\overline{AB}$ અને $\overline{CD}$ બે એકરૂપ જીવાઓ છે

$m\angle APB = 130$ હોય તો

$m\angle APB = 130$ તથા

$m\angle APB = 130$ શોધો.




બે એકરૂપ જીવાઓ કેન્દ્ર આગળ સરખા માપનો ખૂણો બનાવે છે.

$\therefore\ m\angle CPD = 130$ થાય.

હવે $\Delta PAB$ અને $\Delta PCD$ માં જીવા સિવાયની બે બાજુઓ ત્રિજ્યા હોવાથી તે બંને ત્રિકોણ સમદ્વિબાજુ ત્રિકોણ બને છે.

$$\therefore\ m\angle PCD = \frac{180-130}{2} = \frac{50}{2} = 25 = m\angle PDC$$

05. એક વર્તુળમાં $\overparen{AB}$ લઘુચાપ છે જો તેની ત્રિજ્યા 21 સે.મી. તથા લઘુ ચાપે કેન્દ્ર આગળ બનાવેલ ખૂણો 60° હોય તો લઘુચાપની લંબાઈ તથા લઘુવૃત્તાંશનું ક્ષેત્રફળ શોધો.

લઘુચાપ




$$= \frac{\pi r\theta}{180} = \frac{22}{7}\times\frac{21\times 60}{180} = 22 \text{ સે.મી.}$$

$$\text{લઘુવૃત્તાંશનું ક્ષેત્રફળ} = \frac{\pi r^2\theta}{360} = \frac{22}{7}\times\frac{21\times 21\times 60}{360}$$

$$= 231 \text{ ચો.સે.મી.}$$

**06.** $\square^m\ ABCD$ માં $m\angle A = m\angle B = 80$ અને $m\angle C = 110$ તો $m\angle D =$ ______ થાય.

$m\angle A + m\angle B + m\angle C + m\angle D = 360$

$80 + 80 + 110 + m\angle D = 360$

$\therefore m\angle D = 360 - 270 = 90$

**07.** $\square^m\ ABCD$ માં $m\angle A : m\angle B : m\angle C : m\angle D = 1 : 2 : 3 : 4$ તો $\square^m\ ABCD$ ના બધા ખુણાના માપ અનુક્રમે ______ છે.

$m\angle A + m\angle B + m\angle C + m\angle D = 360$

$x + 2x + 3x + 4x = 360$

$\therefore 10x = 360\ \therefore x = 36$

દરેક ખુણાનું માપ : ૩૬, ૭૨, ૧૦૮, ૧૪૪ થાય.

**08.** $\square^m\ PQRS$ તો $m\angle P = 2x,\ m\angle Q = 3x,\ m\angle R = 5x,\ m\angle S = 8x$ હોય તો $m\angle P =$ ___ તથા .......

$\therefore 2x + 3x + 5x + 8x = 360$

$\therefore 18x = 360,\ x = 20$

$\therefore\ m\angle P = 2x = 2\times 20 = 40$

$m\angle R = 5x = 5\times 20 = 100$

**09.** $\square^m ABCD$ માં $m\angle A + m\angle C = 120$

$m\angle B + m\angle D = .............$

$m\angle A + m\angle C + m\angle B + m\angle D = 360$

$120 + m\angle B + m\angle D = 360$

$\therefore\ m\angle B + m\angle D = 240$

**10.** $\square^m\ PQRS$ માં $PQ = 5$ અને $QR + RS + SP = 21$ તો $QR =$ ______

સ.બા.ચ. માં સામસામેની બાજુઓની માપ સમાન હોય છે.

$\therefore\ PQ = 5 = RS \qquad \therefore QR + 5 + SP = 21$

$\therefore QR + SP = 16 \qquad \therefore QR = 8$

**11.** $\square^m\ ABCD$ લંબચોરસ છે $AB = 8$ અને $BC = 15$ હોય તો વિકર્ણ $BD =$ ______

$BD^2 = AB^2 + BC^2$

$= 8^2 + 15^2 = 64 + 225 = 289$

$\therefore BD = 17$

**12.** $\square^m$ $ABCD$ ચોરસ છે. જો $AC = 6$ તો $AB =$ _____

$AC^2 = 2AB^2 \ \therefore 36 = 2AB^2$

$\therefore 18 = AB^2 \ 3\sqrt{2} = AB$

**13.** $\square^m$ $PQRS$ લંબચોરસ છે. જો $PQ = 6$ અને $PR = 10$ તો $QR =$ _____

$PR^2 = PQ^2 + QR^2$

$\therefore 100 = 36 + QR^2 \ \therefore 64 = QR^2 \ \therefore QR = 8$

**14.** $\square^m$ $ABCD$ ચોરસ છે. જો $BD = 8\sqrt{2}$ તો $AB =$ _____

$BD^2 = 2AB^2 \ \therefore 128 = 2AB^2$

$\therefore 64 = AB^2 \ \therefore 8 = AB$

**15.** $\Delta PQR$ ના વેધ $QM$ અને $RN$ છે. જો $QM = 6$ સે.મી., $PQ = 10$ સે.મી. અને $PR = 15$ સે.મી. હોય તો $RN$ શોધો.

$PQ \times RN = PR \times QM$

$\therefore 10 \times RN = 15 \times 6$

$\therefore RN = \frac{15 \times 6}{10} = 9$ સે.મી.

**16.** $\square^m$ $ABCD$ ના વેધ $\overline{AM}$ અને $\overline{BN}$ છે. તેમને અનુરૂપ પાયા અનુક્રમે $\overline{BC}$ અને $\overline{CD}$ છે. જો $AM = 7.5$ સે.મી, $BN = 10$ સે.મી., $CD = 9$ તો $BC =$ _____ સે.મી. થાય.

$AM \times BC = BN \times CD$

$\therefore 7.5 \times BC = 10 \times 9 \ \therefore BC = \frac{10 \times 9}{7.5} = 12$

**17.** $\square^m$ $ABCD$ ની બાજુ $\overline{CD}$ પરના બે વેધ $\overline{AM}$ અને $\overline{BR}$ છે. જો $AM = 6$ અને $AB = 8$ હોય તો $BR =$ ____

એક જ બાજુ પર દોરેલા બંને વેધ સમાન લંબાઈના હોય છે.

$\therefore BR = 6$

**18.** વર્તૂળની સૌથી મોટી જીવાને <u>વ્યાસ</u> કહે છે.

**19.** $\odot (P, 8)$ ની મોટામાં મોટી જીવાનું માપ 16 છે.

**20.** $\odot(Q, r)$ માં $\overline{AB}$ જીવા છે. $\overline{QM} \perp \overline{AB}$ છે. $AM = 6$ તો $AB =$ ..........

$AB = 2AM = 2 \times 6 = 12$

**21.** $\odot(Q, 10)$ માં 8 અંતરે આવેલી જીવાની લંબાઈ ....... હોય.

$\frac{1}{2}$ જીવાની લંબાઈ $= \sqrt{10^2 - 8^2}$

$= \sqrt{100 - 64}$

$= \sqrt{36} = 6$

જીવાની લંબાઈ $= 6 \times 2 = 12$

**22.** $\odot(O, 13)$ માં 24 લંબાઈની જીવા કેન્દ્રથી ...... અંતરે છે.

કેન્દ્રથી જીવાનું અંતર $= \sqrt{13^2 - 12^2}$

$= \sqrt{169 - 144}$

$= \sqrt{25} = 5$

**23.** $\odot(P, r)$ માં 30 લંબાઈની જીવા કેન્દ્રથી 8 અંતરે છે તો ત્રિજ્યા .......... થાય.

ત્રિજ્યા $= \sqrt{15^2 + 8^2}$

$= \sqrt{225 + 64}$

$= \sqrt{289} = 17$

**24.** 20 સે.મી. ત્રિજ્યાના વર્તૂળની સૌથી મોટી જીવા કેન્દ્રથી ..... અંતરે હોય.

જવાબ : સૌથી મોટી જીવા એટલે વ્યાસ જે કેન્દ્રમાંથી પસાર થાય. .... અંતર $= 0$

**25.** $\Delta ABC$ સમભૂજ છે. $BC = 8$ તો વેધ $\overline{AD}$ નું માપ ____ છે.

સમભૂજ ત્રિકોણનું ક્ષેત્રફળ $\frac{\sqrt{3}}{4} \times$ (બાજુનું માપ)$^2$




$= \frac{\sqrt{3}}{4} \times 8^2 = \frac{\sqrt{3}}{4} \times 64$

$= \sqrt{3} \times 16$

ત્રિકોણનું ક્ષેત્રફળ $= \frac{1}{2} bh$

$\sqrt{3} \times 16 = \frac{1}{2} \times 8 \times AD$

$\frac{\sqrt{3} \times 16}{4} = AD = \boxed{4\sqrt{3} = AD}$

**26.** $\Delta ABC$ માં $AB = 7$, $BC = 24$ અને $AC = 25$ છે તો $\Delta ABC$ નું ક્ષેત્રફળ ____ થાય.

$\Delta ABC$ નું ક્ષેત્રફળ $= \sqrt{28 \times 21 \times 4 \times 3} = 84$

## વધુ પ્રેક્ટીસ માટેના દાખલાઓ :

1. જો $\triangle$ ABC માં $m\angle A = X, m\angle B = 3X$ અને $m \angle C = Y$ હોય, તેમજ $3Y - 5X = 30$ હોય, તો $\triangle$ ABC એ .............. છે.
(અ) કાટકોણ ત્રિકોણ (બ) સમબાજુ ત્રિકોણ
(ક) સમદ્વિબાજુ ત્રિકોણ (ડ) વિષમભુજ ત્રિકોણ

2. $\odot(b, r)$ માં $\overline{AB}$ જીવા છે. તેનું કેન્દ્રથી અંતર .......... હોય તો $AB = r$ થાય.
(અ) $\frac{\sqrt{3}}{2}$ 4 (બ) $\frac{1}{2}$ r
(ક) $\frac{\sqrt{3}}{4}$ r (ડ) $\frac{3}{4}$ r

3. □ ABCD માં $m\angle B = 144$ હોય, તો તે .......... પ્રકારનો ચતુષ્કોણ હશે.
(અ) ચોરસ (બ) સમલંબ
(ક) સમબાજુ (ડ) લંબચોરસ

4. □ ABCD ની બાજુઓનાં મધ્યબિંદુઓ અનુક્રમે P, Q, R અને S છે. જો $AC = 18$ અને $BD = 10$ હોય તો □ PQRS પરિમિતિ ............ છે.
(અ) 28 (બ) 56
(ક) 14 (ડ) 42

5. □ ABC માં જો $\overline{BC}$ ને M અને N બિંદુમાં ત્રિભાગે તો $\frac{AMN}{ABC}$ = ...........
(અ) $\frac{1}{3}$ (બ) $\frac{2}{1}$
(ક) $\frac{1}{2}$ (ડ) $\frac{3}{1}$

6. જો $m\angle A : m\angle B : m\angle C = 2 : 3 : 5$ હોય તો LR નુંમાપ ......થાય.
(અ) 72 (બ) 36
(ક) 54 (ડ) 45

7. $\odot$(Q, R) ના અંતર્ગત ભાગમાં A બિંદુ અને બર્હિભાગમાં B બિંદુ છે. તો $\overline{AB} \cap \odot$ Q, 4 ` બરાબર શું શક્ય છે ?
(અ) $\overline{AB}$ (બ) {Q}
(ક) {P} (ડ) { }

8. એક વર્તુળનો વ્યાસ 10 સે.મી. છે. વર્તુળના કેન્દ્રથી 3 સે.મી. દૂર આવેલ જીવાની લંબાઈ શોધો.
(અ) 8 સે.મી. (બ) 4 સે.મી.
(ક) 6 સે.મી. (ડ) 10 સે.મી.

9. એક તાર 100 મીટર લાંબો છે. તેના બે - બે મીટરના ટુકડા કરવા તે તાર કેટલીવાર કાપવો પડે ?
(અ) 50 વાર (બ) 49 વાર
(ક) 51 વાર (ડ) 100 વાર

10. 3.6 મીટર ઊંચાઈએ દિવાલને અડકે તે રીતે ગોઠવેલી નિસરણીની લંબાઈ 6 મીટર છે, તો નિસરણીના પાયા (નીચલો છેડો) દિવાલથી કેટલા મીટર દૂર હોય ?
(અ) 2.4 મીટર (બ) 5 મીટર
(ક) 4.8 મીટર (ડ) 9.6 મીટર

11. $\Delta ABC$ માં $\overline{AC}$ કર્ણ છે. $\overline{BM}$ વેધ છે. જો $AM = 16, CM = 12$ હોય તો $BM$ શોધો.
(અ) $8\sqrt{3}$ (બ) $8\sqrt{7}$
(ક) $4\sqrt{21}$ (ડ) $4\sqrt{3}$

12. ............ના પૂરકકોણનો કોટીકોણ $30^0$ છે.
(અ) 150 (બ) 90
(ક) 120 (ડ) 60

13. કાટકોણ ત્રિકોણમાં એક ખૂણાનું માપ 30 છે, તો આ ખૂણાની સામેની બાજુનું માપ કર્ણના માપ કરતાં ....... હોય.
(અ) બે ગણું (બ) અડધુ
(ક) ત્રણ ગણું (ડ) ચોથા ભાગનું

14. 5 મીટર લાંબી નિસરણીનો નીચેનો છેડો દિવાલથી 3 મીટર દૂર છે, તો નિસરણીનો ઉપરનો છેડો કેટલા મીટર ઉંચાઈએ દીવાલને અડકેલો હશે ?
(અ) 5 મીટર (બ) 3 મીટર
(ક) 4 મીટર (ડ) 8 મીટર

15. જો $\Delta ABC$ ના ખૂણાઓના માપ $1:2:3$ પ્રમામમાં હોય તો સૌથી નાના ખૂણાનું માપ કેટલું હશે ?
(અ) 30 (બ) 60
(ક) 90 (ડ) 120

16. ત્રણ સમાંતર રેખાઓને બીજી ત્રણ સમાંતર રેખાઓ છેદે તો કુલ કેટલા ચતુષ્કોણો રચાય ?
(અ) 9 (બ) 4
(ક) 6 (ડ) 8

17. એક રંગીન કોચિંડો 30 મિનિટમાં 50 સેન્ટિમીટર ઊંચે ચડી તરત જ 10 સેન્ટીમીટર નીચે આવે છે તો 200 સેન્ટિમીટર ઊંચી દીવાલ ચડતા તેને કેટલો સમય થશે ?
(અ) 3 કલાક (બ) 2 કલાક 30 મિનિટ

(ક) 2 કલાક 24 મિનિટ (ડ) 2 કલાક 16 મિનિટ

18. એક સમચોરસની એક બાજુ 25 મીટર છે, તો તેના વિકર્ણનું અંદાજિત માપ નીચેના પૈકી એક થાય.

(અ) 625 મીટર (બ) 5 મીટર

(ક) 35.35 મીટર (ડ) 39.06 મીટર

19. 17 મીટર લાંબી નિસરણીનો નીચેનો છેડો દીવાલથી 8 મીટર દૂર છે. નિસરણીનો ઉપરનો છેડો દીવાલથી .......... મીટર ઊંચાઈએ અડકે.

(અ) 12 મીટર (બ) 18 મીટર

(ક) 15 મીટર (ડ) 144 મીટર

20. સમભુજ ત્રિકોણનું પરિકેન્દ્ર ............. છે.

(અ) તેનું મધ્યકેન્દ્ર (બ) ત્રિકોણની બહાર (ક) એક બાજુ પર (ડ) એક શિરોબિંદુ

21. રૈખિક જોડના ખૂણાઓમાં એક ખૂણો લઘુકોણ હોય, તો બીજો ખૂણો ........... હોય.

(અ) એકરૂપ (બ) લઘુકોણ

(ક) ગુરુકોણ (ડ) કાટકોણ

22. જો $x - y - z$ તો $\overrightarrow{xz} =$ ..........

(અ) $\overleftrightarrow{yz}$ (બ) $\overleftrightarrow{zx}$

(ક) $\overrightarrow{xy}$ (ડ) $\overrightarrow{yx}$

23. $\Delta ABC$ માટે, $\overline{BC}$ ............. $\Delta$ABC.

(અ) $\in$ (બ) $\notin$

(ક) $\subset$ (ડ) $\not\subset$

24. વર્તુળની તમામ ત્રિજ્યાઓનો છેદગણ શું છે ?

(અ) $\varnothing$ (બ) વર્તુળ કેન્દ્ર

(ક) વર્તુળ (ડ) વર્તુળનો અંદરનો ભાગ

25. $\overrightarrow{BA}$ અને $\overrightarrow{BC}$ ભિન્ન કિરણો છે. જો .......... હોય, તો તેઓ અનન્ય સમતલમાં હોય,

(અ) તેઓ વિરુદ્ધ કિરણો હોય

(બ) તેઓ એક જ રેખા પર હોય

(ક) તેઓ વિરુદ્ધ કિરણો ન હોય

(ડ) તેઓ એના એ જ કિરણો હોય

26. જો $\Delta ABC$ કાટકોણ ત્રિકોણ ન હોય, તો ......... સત્ય છે.

(અ) $AB^2 + BC^2 = AC^2$

(બ) $AB + BC = AC$

(ક) $AC < AB + BC$ (ડ) $AC > AB + BC$

27. જમીન પરના બિંદુ A થી મકાનની ટોચનો ઉત્સેદકોણ 45 છે. A થી મકાનનું અંતર X અને મકાનની ઊંચાઈ 5 છે તો........

(અ) $x = y$ (બ) $x < y$

(ક) $x > y$ (ડ) $x = 2y$

28. $\sin^2 60^\circ - \tan 45^\circ + CoS^2 30 - Cot 90^\circ =$ .........

(અ) 1 (બ) 2

(ક) $\frac{1}{2}$ (ડ) એકપણ નહીં.

29. 3.6 મીટર ઉંચાઈએ દીવાલને અડકે તે રીતે ગોઠવેલી નિસરણીની લંબાઈ 6 મીટર છે, તો નિસરણીનો પાયો (નીચલો છેડો) દીવાલથી કેટલા મીટર દૂર હોય ?

(અ) 2.4 મીટર (બ) 5 મીટર

(ક) 4.8 મીટર (ડ) 9.6 મીટર

30. $\Delta ABC$ માં $AB = 4$ છે. $AC = 5$ છે તો $BC = ?$

(અ) 3 (બ) 4

(ક) 5 (ડ) 6

31. $\Delta ABC$ માં $AB = 3$ છે. $BC = 4$ છે તો $AC = ?$

(અ) 12 (બ) 10

(ક) 5 (ડ) 4

32. એક ચોરસ કાગળના એક ખૂણા પરથી કાટકોણ ત્રિકોણકાર કાપીએ તો હવે કેટલા ખૂણા બાકી છે ?

(અ) 5 (બ) 6

(ક) 7 (ડ) 8

## : જવાબો :

1. (અ) કાટકોણ ત્રિકોણ, 2. ......., 3. (બ) સમલંબ, 4. (અ) 28, 5. (અ) $\frac{1}{3}$, 6. (બ) 36, 7. ......, 8. (અ) 8 સે.મી., 9. (બ) 49 વાર, 10. (ક) 4.8 મીટર, 11. (અ) $8\sqrt{3}$, 12. (ક) 120, 13. (બ) અડધુ, 14. (ક) 4 મીટર, 15. (અ) 30, 16. (અ) 9, 17. (ક) 2 કલાક 24 મિનિટ, 18. (ક) 35.35 મીટર, 19. (ક) 15 મીટર, 20. (અ) તેનું મધ્યકેન્દ્ર, 21. (ક) ગુરુકોણ, 22. (ક) $\overrightarrow{xy}$, 23. (ક) $\subset$, 24. (બ) વર્તુળ કેન્દ્ર, 25. (અ) તેઓ વિરુદ્ધ કિરણો હોય, 26. (ક) $AC < AB + BC$, 27. ........, 28. (ક) $\frac{1}{2}$, 29. (ક) 4.8 મીટર, 30. (અ) 3, 31. (ક) 5, 32. (અ) 5

# 22. ક્ષેત્રફળ અને પરિમિતિ

**અગત્યના સૂત્રો :**

01. ત્રિકોણનું ક્ષેત્રફળ $=\frac{1}{2}bh$ અથવા

$\sqrt{s(s-a)(s-b)(s-c)}\left(\text{જ્યાં} s=\frac{a+b+c}{2}\right)$

02. સ.બા.ચ.નું ક્ષેત્રફળ = વેધ × અનુરૂપ પાયો.

03. ચોરસનું ક્ષેત્રફળ $=l^2$ = (લંબાઈ)$^2$

04. લંબચોરસનું ક્ષેત્રફળ $=\mathbf{l}\times\mathbf{b}=$ (લંબાઇ × પહોળાઈ)

04. સમબાજુ ચતુષ્કોણનું ક્ષેત્રફળ $=\frac{1}{2}\times$ બે વિકર્ણોના ગુણાકાર

05. વર્તુળનો પરીઘ $=2\pi r$

06. વ્યાસ $=2r$

07. વર્તુળનું ક્ષેત્રફળ $=\pi r^2$

08. અર્ધવર્તુળનું ક્ષેત્રફળ $=\frac{1}{2}\pi r^2$

09. શંકુની વક્રસપાટીનું ક્ષેત્રફળ $=\pi rL$

10. શંકુની કુલ સપાટીનું ક્ષેત્રફળ $=\pi r(L+r)$

11. નળાકારની વક્રસપાટીનું ક્ષેત્રફળ $=2\pi rh$

12. વ્યાસ પરથી નળાકારની વક્રસપાટીનું ક્ષેત્રફળ શોધવાનું સૂત્ર = $\pi dh$ છે.

13. એક છેડે બંધ નળાકારની કુલ સપાટીનું ક્ષેત્રફળ

$=2\pi rh+\pi r^2=\pi r(2h+r)$

14. બંને છેડે બંધ નળાકારની કુલ સપાટીનું ક્ષેત્રફળ

$=2\pi rh+2\pi r^2=2\pi r(h+r)$

15. ગોળાની વક્રસપાટીનું ક્ષેત્રફળ $=4\pi r^2$

16. અર્ધગોળાની વક્રસપાટીનું ક્ષેત્રફળ $=2\pi r^2$

17. અર્ધગોળાની કુલ સપાટીનું ક્ષેત્રફળ $=3\pi r^2$

18. ઓરડાની ચારે દિવાલોનું ક્ષેત્રફળ $=2h(l+b)$

19. સમઘનની કુલ સપાટીનું પૃષ્ઠફળ $=6L^2$

20. લંબઘનની કુલ સપાટીનું પૃષ્ઠફળ $=2(lb+bh+hl)$

21. સમબાજુ ત્રિકોણનું ક્ષેત્રફળ $=\frac{\sqrt{3}}{4}\times$ (બાજુની લંબાઈ)

**● આટલું યાદ રાખો.**

01. 1 મીટર = 100 સે.મી.

02. 1 ચો.મી. =10000 ચો.સે.મી.

03. 1 અર = 100 ચો.મી.

04. 100 અર = 1 હેક્ટર

05. 1 હેક્ટર =10,000 ચો.મી.

**● નીચેની ખાલી જગ્યા પુરો.**

01. એક નળાકારના પાયાની ત્રિજ્યા 7 સે.મી. અને ઉંચાઈ 5 સે.મી. છે. તો તેની વક્રસપાટીનું ક્ષેત્રફળ ______ ચો.સે.મી. થાય.

$\pi dh=\frac{22}{7}\times14\times5=220$

02. એક નળાકારના પાયાનો વ્યાસ 28 સે.મી. અને ઉંચાઈ 10 સે.મી., હોયતો તેની વક્રસપાટીનું ક્ષેત્રફળ ______ ચો.સે.મી. થાય.

$\pi dh=\frac{22}{7}\times28\times10=880$

03. એક નળાકારની પાયાની ત્રિજ્યા 25 સે.મી. અને ઉંચાઈ 40 સે.મી. છે. તો તેની વક્રસપાટીનું ક્ષેત્રફળ ______ ચો.સે.મી. થાય ($\pi=3.14$ લો)

$2\pi rh=2\times3.14\times25\times40=6280$

04. તળીયાવાળા એક નળાકારના પાયાનો વ્યાસ 14 સે.મી. અને ઉંચાઈ 50 સે.મી. છે તો તેની કુલ સપાટીનું ક્ષેત્રફળ ______ ચો.સે.મી. થાય.

$\pi r(2h+r)=\frac{22}{7}\times7(2\times50+7)=2354$

05. એક બંધ નળાકારના પાયાની ત્રિજ્યા 7 સે.મી. અને ઉંચાઈ 3 સે.મી. હોય તો તેની કુલ સપાટીનું ક્ષેત્રફળ ______ ચો.સે.મી. થાય.

$2\pi r(h+r)=2\times\frac{22}{7}\times7(3+7)=440$

06. એક નળાકારના પાયાનો વ્યાસ 60 સે.મી. અને ઉંચાઈ 50 સે.મી. છે તો તેની વક્રસપાટીનું ક્ષેત્રફળ ______ ચો.સે.મી. થાય ($\pi=3.14$ લો)

$\pi dh=3.14\times60\times50=9420$

07. એક છેડે ખૂલ્લા નળાકારની પાયાની ત્રિજ્યા 5 સે.મી. અને ઉંચાઈ 20 સે.મી. છે તો તેની કુલ સપાટીનું ક્ષેત્રફળ ______ ચો.સે.મી. થાય. ($\pi=3.14$ લો)

$\pi r(2h+r)=3.14\times5\ (2\times20+5)=706.5$

08. એક નળાકાર ટાંકીના પાયાની ત્રિજ્યા 3.5 મીટર અને ઉંચાઈ 4 મીટર છે તો તેની વક્રસપાટીને રંગવાનો ખર્ચ દર ચો.મી. રૂા.15 લેખે કેટલો થાય ?

$2\pi rh=2\times\frac{22}{7}\times3.5\times4=88$

ખર્ચ $=88\times15=1320$ રૂા.

09. એક લંબચોરસ પતરાની લંબાઈ 100 સે.મી. અને પહોળાઈ 44 સે.મી. છે આ પતરામાંથી 7 સે.મી. ત્રિજ્યા અને 10 સે.મી. ઉંચાઈના કેટલા ખુલ્લા નળાકાર બનાવી શકાય ?

પતરાનું ક્ષેત્રફળ $=100\times44=4400$ ચો.સે.મી.

નળાકારનું ક્ષેત્રફળ $= 2\pi rh = 2\times\frac{22}{7}\times 7\times 10$

$= 440$ ચો.સે.મી.

નળાકારની સંખ્યા $= \frac{4400}{440} = 10$

**10.** પાણી ભરવાના ધાતુના એક છેડે ખૂલ્લા પીપની ત્રિજ્યા 28 સે.મી. અને ઉંચાઈ 1.36 મીટર છે. જો ધાતુનો ભાવ 1 ચો.મી.ના રૂા. 500 હોય તો પીપની કિંમત શોધો.

પીપનું ક્ષેત્રફળ $= \pi r(2h+r)$

$= \frac{22}{7}\times\frac{28}{100}(2\times 1.36+0.28)$

$= 0.88\times 3 = 2.64$

પીપની કિંમત $= 2.64\times 500 = 1320$ રૂા.

**11.** પાણી ભરવાના લોખંડના ઢાંકણવાળા નળાકાર પીપનો વ્યાસ 5.2 મીટર અને ઉંચાઈ 2.9 મીટર છે. આવી 5 પીપને રંગવાનો ખર્ચ રૂા. 60 લેખે કેટલો થાય ?

નળાકારની કુલ સપાટીનું ક્ષેત્રફળ

$= 2\pi r(h+r) = 2\times\frac{22}{7}\times 2.1\times(2.9+2.1) = 66$

5 પીપને રંગવાનો ખર્ચ $= 66\times 60\times 5 = 19800$ રૂા.

**12.** એક નળાકાર ઓટલાનો વ્યાસ 5 મીટર અને ઉંચાઈ 2 મીટર છે તો તેની વક્રસપાટીને રંગવાનો ખર્ચ દર ચો.મી.ના રૂા. 15 લેખે ______ થાય.

નળાકારની વક્રસપાટીનું ક્ષેત્રફળ...

$2\pi rh = 2\times 3.14\times\frac{5}{2}\times 2 = 31.4$

રંગવાનો ખર્ચ $= 31.4\times 15 = 471$

**13.** $\square^m$ LMPQ સમબાજુ ચતુષ્કોણ છે. જો PQ = 4 હોય તો $\square^m$ LMPQ ની પરિમિતિ ______ થાય.

ચતુષ્કોણની પરિમિતિ $= 4\times$ બાજુની લંબાઈ

$= 4\times 4 = 16$

**14.** $\square^m$ ABCD માં $AB = 10$ અને $AD = 18$ તો $\square^m$ ABCDની પરિમિતિ .......... થાય.

સ.બા.ચ.ની પરિમિતિ

$= 2\times$ (બે પાસપાસેની બાજુની લંબાઈનો સરવાળો)

$= 2\times(10+18) = 56$

**15.** $\square^m$ DEFG માં $DE:EF = 2:3$ તથા $\square^m$ DEFG ની પરિમિતિ 30 તો $FG =$ ______

$DE+EF = 2x+3x = 5x$

$\therefore FG+DG = 5x$

$\square^m$ DEFG ની પરિમિતિ

$= DE+EF+FG+DG = 30$

$\therefore 10x = 30 \quad \therefore x = 3,$

$FG = 2x = 2\times 3 = 6$

**16.** $\square^m$ ABCD ની પરિમિતિ 22 છે. જો $AB = 4$ તો $BC =$ ______

$AB+BC = 11 \therefore 4+BC = 11 \therefore BC = 7$

**17.** $\square^m$ ABCD નું ક્ષેત્રફળ 24 ચો.સે.મી. હોય તો $\Delta ABC$ નું ક્ષેત્રફળ = ______ ચો.સે.મી. થાય.

$\Delta ABC$ નું ક્ષેત્રફળ

$= \frac{1}{2}\times ABCD$ નું ક્ષેત્રફળ $= \frac{1}{2}\times 24 = 12$

**18.** $\square^m$ PQRS માં $\overline{QS}$ વિકર્ણ છે. $\Delta PQS$ નું ક્ષેત્રફળ $= 16$ હોય તો $\square^m$ PQRS નું ક્ષેત્રફળ = ______ થાય.

PQRS નું ક્ષેત્રફળ $= 2\times\Delta PQS$ નું ક્ષેત્રફળ

$= 16\times 2 = 32$

**19.** $\Delta PQR$ માં $\overline{PQ}$ ને અનુરૂપ વેધ $\overline{RS}$ છે. જો $PQ = 10$ સે.મી. અને $RS = 8$ સે.મી. તો $PQR =$ ______ સે.મી.$^2$

$PQR = \frac{1}{2}\times PQ\times RS = \frac{1}{2}\times 10\times 8 = 40$

**20.** $\Delta PQR$ માં $m\angle P = 90$ તથા $PR = 6$ સે.મી. અને $PQ = 8$ સે.મી. છે. તો $\Delta PQR$ ક્ષેત્રફળ ______ ચો.સે.મી. થાય.

$\Delta PQR$ નું ક્ષેત્રફળ $= \frac{1}{2}\times PQ\times PR$

$= \frac{1}{2}\times 6\times 8 = 24$

**21.** $\Delta ABC$ માં $\overline{BC}\perp\overline{AD}$ છે. $BC = 10$ સે.મી. તથા $AD = 7$ સે.મી. તો $\Delta ABC$ નું ક્ષેત્રફળ ______ ચો.સે.મી. થાય.

ક્ષેત્રફળ $= \frac{1}{2}\times$ **પાયો** $\times$ **વેધ**

$= \frac{1}{2}\times 10\times 7 = 35$

**22.** $\square^m$ ABCD લંબચોરસ છે. જો $AB = 20$ અને $AC = 25$ તો ABCD નું ક્ષેત્રફળ = ______ થાય.

$BC^2 = 25^2 - 20^2 = 225$

$\therefore BC = 15$, ABCD નું ક્ષેત્રફળ $= 20\times 15 = 300$

**23.** $\square^m$ ABCD લંબચોરસ છે. જો $AB:BC = 3:5$ હોય તથા તેની પરિમિત 48 સે.મી. હોય તો $\square^m$ ABCD નું ક્ષેત્રફળ ______ ચો.સે.મી. થાય.

ABCD ની પરિમિત $= 2(3x+5x)$

$\therefore 48 = 16x$

$$\therefore \frac{48}{16} = x,\ 3 = x$$

ક્ષેત્રફળ $= 3x \times 5x = 3 \times 3 \times 5 \times 3 = 135$

**24.** એક કાટકોણ ત્રિકોણની કાટખૂણો બનાવતી બે બાજુઓના માપ 6 સે.મી. અને 18 સે.મી. છે તો ત્રિકોણનું ક્ષેત્રફળ...... ચો.સે.મી. થાય.

ત્રિકોણનું ક્ષેત્રફળ $\frac{1}{2}bh = \frac{1}{2} \times 6 \times 18 = 54$ ચો.સે.મી.

**25.** $\Delta PQR$ સમબાજુ ત્રિકોણ છે. $PQ = 10$ હોય તો $\Delta PQR$ નું ક્ષેત્રફળ =______ થાય.

સમબાજુ ત્રિકોણનું ક્ષેત્રફળ $= \frac{\sqrt{3}}{4} \times$ (બાજુનું લંબાઈ)$^2$

$$= \frac{\sqrt{3}}{4} \times 10^2 = \frac{\sqrt{3}}{4} \times 100 = 25\sqrt{3}$$

**26.** એક ત્રિકોણની બાજુઓના માપ 6 સે.મી., 8 સે.મી. અને 10 સે.મી. છે તો આ ત્રિકોણનું ક્ષેત્રફળ_____ ચો.સે.મી. થાય.

$$s = \frac{6+8+10}{2} = 12$$

ક્ષેત્રફળ $= \sqrt{s(s-a)(s-b)(s-c)}$

$= \sqrt{12 \times 6 \times 4 \times 2} = 24$

**27.** $\Delta ABC$ માં $AB = 20,\ BC = 30$ અને $AC = 40$ છે તો $\Delta ABC$ નું ક્ષેત્રફળ______ થાય.

$$s = \frac{AB + BC + AC}{2}$$

$$= \frac{20+30+40}{2} = 45$$

ત્રિકોણનું ક્ષેત્રફળ $= \sqrt{s(s-a)(s-b)(s-c)}$

$= \sqrt{45 \times 25 \times 15 \times 5}$

$= \sqrt{9 \times 5 \times 25 \times 5 \times 3 \times 5}$

$= 3 \times 5 \times 5\sqrt{5 \times 3} = 75\sqrt{15}$

**28.** એક ત્રિકોણની બાજુઓના માપનું પ્રમાણ 2:3:4 છે જો તેની પરિમીત 36 હોય તો ત્રિકોણની સૌથી નાની બાજુનું માપ_____ છે.

$2x + 3x + 4x = 36 \quad \therefore 9x = 36 \quad \therefore x = 4$

સૌથી નાની બાજુનું માપ $= 2x = 2 \times 4 = 8$

**29.** એક ત્રિકોણની બાજુઓના માપનો ગુણોત્તર 4:2:3 છે. જો તેની પરિમીત 36 સે.મી. હોય તો તેનું ક્ષેત્રફળ______ ચો.સે.મી. થાય.

$4x + 2x + 3x = 36 \therefore 9x = 36 \quad \therefore x = 4$

$\therefore$ બાજુઓના માપ 16, 8, 12 થાય

$$\therefore s = \frac{16+8+12}{2} = 18$$

ત્રિકોણનું ક્ષેત્રફળ $= \sqrt{s(s-a)(s-b)(s-c)}$

$= \sqrt{18 \times 2 \times 10 \times 6} = 12\sqrt{15}$

**30.** એક સમદ્વિબાજુ ત્રિકોણાકાર ખેતરની બે એકરૂપ બાજુઓના માપ 30 મીટર છે. તથા બાકીની બાજુનું માપ 20 છે તો તેનું ક્ષેત્રફળ_____ થાય.

ક્ષેત્રફળ $= \sqrt{40 \times 10 \times 10 \times 20} = 200 \times \sqrt{2}$ ચો.મી.

**31.** એક શંકુના પાયાની ત્રિજ્યા 5 સે.મી. અને ત્રાંસી ઉંચાઈ 7 સે.મી. છે. તો તેની વક્રસપાટીનું ક્ષેત્રફળ_____ છે.

શંકુની વક્રસપાટીનું ક્ષેત્રફળ $= \pi rl$

$$= \frac{22}{7} \times 5 \times 7 = 110 \text{ ચો.મી.}$$

**32.** એક શંકુના પાયાની ત્રિજ્યા 7 સે.મી. અને તિરકસ ઉંચાઈ 13 સે.મી. છે. તો આ શંકુનું કુલ પૃષ્ઠફળ_____ ચો.સે.મી. થાય.

શંકુનું કુલ પૃષ્ઠફળ $= \pi r(l + r)$

$$= \frac{22}{7} \times 7(13+7)$$

$$= 22 \times 20 = 440$$

**33.** એક શંકુના પાયાનો વ્યાસ 14 સે.મી. અને તિરકસ ઉંચાઈ 15 સે.મી. AuíkukLeõ¢NÃkxeLkwtkV¤ _____ સે.મી.$^2$ થાય.

શંકુની વક્રસપાટીનું ક્ષેત્રફળ $= \pi rl = \frac{22}{7} \times 7 \times 15 = 330$

**34.** એક શંકુની ઉંચાઈ 24 તથા ત્રાંસી ઉંચાઈ 25 છે તો વ્યાસ....... થાય.

$l^2 = h^2 + r^2 \ \therefore r^2 = 25^2 - 24^2 = 49$

$\therefore r = 7$ વ્યાસ $= 2 \times 7 = 14$

**35.** એક શંકુના પાયાનો પરીઘ 44 સે.મી. છે જો તેની ત્રાંસી ઉંચાઈ 10 સે.મી. હોય તો તેની વક્રસપાટીનું ક્ષેત્રફળ_____ ચો.સે.મી. થાય.

પરીઘ $2\pi r = 44 \therefore \pi r = 22$,

ક્ષેત્રફળ $= \pi rl = 22 \times 10 = 220$

**36.** એક બંધ શંકુના પાયાનો વ્યાસ 6 સે.મી. અને ત્રાંસી ઉંચાઈ 7 સે.મી. છે. તો શંકુનું કુલ પૃષ્ઠફળ_____ ચો.સે.મી. થાય.

વ્યાસ = 6 $\therefore$ ત્રિજ્યા = 3,

પૃષ્ઠફળ $\pi r(l + r) = \frac{22}{7} \times 3 \times 10 = 94.28$

**37.** એક શંકુની વક્રસપાટીનું ક્ષેત્રફળ 880 ચો.સે.મી. છે. જો તેની ત્રાંસી ઉંચાઈ 20 સે.મી. હોય તો શંકુનો વ્યાસ_____ સે.મી. થાય.

ક્ષેત્રફળ $= \pi rl \ \therefore 880 = \frac{22}{7} \times r \times 20$

$$\therefore r = \frac{880 \times 7}{22 \times 20} = 14 \ \therefore d = 28$$

38. એક બંધ શંકુનું કુલ પૃષ્ઠફળ 176 સે.મી. છે જો શંકુની ત્રાંસી ઉંચાઈ 10 સે.મી. હોય તો શંકુનો વ્યાસ_____ સે.મી. થાય.

શંકુનું પૃષ્ઠફળ $= \pi r(l+r) \therefore 176 = \frac{22}{7} \times r(10+r)$

$\therefore 176 \times \frac{7}{22} = 10r + r^2 \therefore 56 = 10r + r^2$

$\therefore r^2 + 10r - 56 = 0 \therefore (r+14)(r-4) = 0$

$\therefore$ r = -14 અથવા r = 4

$\therefore r = 4$ તથા $d = 8$

39. એક શંકુની ત્રિજ્યા અને ઉંચાઈ સરખા છે. જો શંકુનો વ્યાસ 12 હોય તો તેની વક્રસપાટીનું ક્ષેત્રફળ_____ થાય.

$d = 12 \therefore r = 6 \therefore h = 6,$

$l = \sqrt{h^2 + r^2} = \sqrt{72} = 6\sqrt{2}$

વક્રસપાટીનું ક્ષેત્રફળ $= \pi rl = \frac{22}{7} \times 6 \times 6\sqrt{2} = 36\sqrt{2}\pi$

40. 5 મીટર ત્રીજ્યા અને 14 મીટર ત્રાંસી ઉંચાઈનો તંબુ બનાવવા 2 મીટર પનાનું_____ મીટર કાપડ જોઈએ.
શંકુની વક્રસપાટીનું ક્ષેત્રફળ

$= \pi rl = \frac{22}{7} \times 5 \times 14 = 220$ ચો.મી.

કાપડની લંબાઈ = ક્ષેત્રફળ / પનો

$= \frac{220}{2} = 110$ મીટર

41. બે શંકુની ત્રિજ્યાઓનો ગુણોત્તર 2:3 અને તેમની ત્રાંસી ઉંચાઈઓનો ગુણોત્તર 9 : 4 છે તો તેમની વક્રસપાટીઓનો ગુણોત્તર________ થાય.

$$\frac{\text{પ્રથમ શંકુની વક્રસપાટી}}{\text{બીજા શંકુની વક્રસપાટી}} = \frac{\pi r_1 l_1}{\pi r_2 l_2}$$

$$= \frac{r_1}{r_2} \times \frac{l_1}{l_2} = \frac{2}{3} \times \frac{9}{4} = \frac{3}{2} = 3:2$$

42. 7 સે.મી. વ્યાસના ગોળાની વક્રસપાટીનું ક્ષેત્રફળ______ ચો.સે.મી. થાય.
ગોળાની વક્રસપાટીનું ક્ષેત્રફળ

$= 4\pi r^2 = 4 \times \frac{22}{7} \times \frac{7}{2} \times \frac{7}{2} = 154$

43. 14 સે.મી. વ્યાસના પોલા અર્ધગોળાની વક્રસપાટીનું ક્ષેત્રફળ______ ચો.સે.મી. થાય.
અર્ધગોળાની વક્રસપાટીનું ક્ષેત્રફળ

$= 2\pi r^2 = 2 \times \frac{22}{7} \times 7 \times 7 = 308$

44. ધાતુના એક ઘન અર્ધગોળાની ત્રિજ્યા 7 સે.મી. છે તો તેનું કુલ પૃષ્ઠફળ ચો.સે.મી.²

અર્ધગોળાનું કુલ પૃષ્ઠફળ

$= 3\pi r^2 = 3 \times \frac{22}{7} \times 7 \times 7 = 462$ ચો.સે.મી.²

45. એક ઘન અર્ધગોળાની કુલ સપાટીનું પૃષ્ઠફળ 60 ચો.સે.મી. છે તો તેની વક્રસપાટીનું ક્ષેત્રફળ______ ચો.સે.મી.² થાય.

$60 = 3\pi r^2 \therefore 20 = \pi r^2,$

વક્રસપાટીનું ક્ષેત્રફળ $= 2\pi r^2 = 2 \times 20 = 40$

46. બે ગોળાઓની ત્રિજ્યાઓનો ગુણોત્તર 1:3 છે તો તેમના ક્ષેત્રફળનો ગુણોત્તર______.

$$\frac{\text{પ્રથમ ગોળાની વક્રસપાટીનું ક્ષેત્રફળ}}{\text{બીજા ગોળાની વક્રસપાટી ક્ષેત્રફળ}}$$

$$= \frac{4\pi r_2^1}{4\pi r_2^2} = \frac{1^2}{3^2} = \frac{1}{9} = 1:9$$

47. ગોળાની વક્રસપાટીનું ક્ષેત્રફળ 314 ચો.સે.મી. છે તો તેને વ્યાસ ______ થાય. ($\pi = 3.14$)

ગોળાની વક્રસપાટીનું ક્ષેત્રફળ $= 4\pi r^2$

$\therefore 314 = 4 \times 3.14 \times r^2 \therefore r = 5,\ d = 10$

48. એક ઘન અર્ધગોળાનું કુલ પૃષ્ઠફળ $48\pi$ છે તો તેનો વ્યાસ______ થાય.

અર્ધગોળાનું પૃષ્ઠફળ $= 3\pi r^2$

$\therefore 48\pi = 3\pi r^2 \therefore 16 = r^2,\ 4 = r,\ d = 8$

49. 4928 ચો.સે.મી. વક્રસપાટીનું ક્ષેત્રફળ ધરાવતા ઘન અર્ધગોળાનો વ્યાસ ______ સે.મી. થાય.
અર્ધગોળાની વક્રસપાટીનું ક્ષેત્રફળ $= 2\pi r^2$

$\therefore 4928 = 2 \times \frac{22}{7} \times r^2 \therefore \frac{4928 \times 7}{44} = r^2$

$784 = r^2 \therefore\ r = 28,\ d = 56$

50. એક લંબઘનની લંબાઈ 15 સે.મી., પહોળાઈ 12 સે.મી. ઉંચાઈ 8 સે.મી. છે તો તેનું કુલ પૃષ્ઠફળ_____ સે.મી.² થાય.

લંબઘનનું કુલ પૃષ્ઠફળ $= 2(lb + bh + hl)$

$= 2(15 \times 12 + 12 \times 8 + 8 \times 15)$

$= 2(396) = 792$

51. એક ઘનની બાજુની લંબાઈ 10 સે.મી. છે તો તેનું પૃષ્ઠફળ______ સે.મી.² થાય

સમઘનનું પૃષ્ઠફળ $6l^2 = 6 \times 10^2$

$= 6 \times 100 = 600$

52. એક ઓરડાની લંબાઈ 20 મી, પહોળાઈ 15 મી, ઉંચાઈ 10 મી છે તો તેની ચારે દિવાલોનું ક્ષેત્રફળ______ મી² થાય.

ઓરડાની ચારે દિવાલોનું ક્ષેત્રફળ $= 2h(l+b)$

$= 2 \times 10(30+15) = 900$

**53.** એક ચોરસની લંબાઈ 12 સે.મી. છે તો તેનું ક્ષેત્રફળ______ સે.મી.$^2$ થાય.

ચોરસનું ક્ષેત્રફળ $= L^2 = 12^2 = 144$

**54.** એક ચોરસનું ક્ષેત્રફળ 324 સે.મી.$^2$ છે તો તેની લંબાઈ______ સે.મી. થાય.

ચોરસનું ક્ષેત્રફળ $= L^2 \therefore 324 = L \therefore 18 = L$

**55.** એક લંબચોરસની લંબાઈ 15 અને પહોળાઈ 18 છે તો ક્ષેત્રફળ ______ તથા પરિમિતિ______ થાય.

ક્ષેત્રફળ $= L \times b = 15 \times 18 = 270,$

પરિમિતિ $= 2(L+b) = 2(15+18) = 66$

**56.** એક લંબચોરસનું ક્ષેત્રફળ 112 સે.મી.$^2$ છે તેની લંબાઈ 14 સે.મી. હોય તો પરિમિતિ_______ થાય.

ક્ષેત્રફળ $= l \times b \therefore 112 = 14 \times b$

$\therefore \frac{112}{14} = b \therefore b = 8$ સે.મી.

પરિમિતિ $= 2(L+b) = 2(14+8)$

$= 2 \times 22 = 44$ સે.મી.

**57.** એક લંબઘનની પાયાની પરિમિતિ 30 સે.મી. છે જો તેની ઉંચાઈ 10 સે.મી. હોય તો આ લંબઘનમાં પાર્શ્વપૃષ્ઠોનું કુલ ક્ષેત્રફળ ______ સે.મી.$^2$ થાય.

લંબઘનનું કુલ પૃષ્ઠફળ $= 2h(l+b) = 2 \times 10(30) = 600$

**58.** એક લંબચોરસ ખેતરની એક બાજુનું માપ 12 મીટર છે અને તેણા કર્ણનું માપ 15 મીટર છે તો તે ખેતરનું ક્ષેત્રફળ______ ચો.મી. થાય.

બીજી બાજુની લંબાઈ $= \sqrt{15^2 - 12^2}$

$= \sqrt{225-144} = \sqrt{81} = 9$

લંબચોરસનું ક્ષેત્રફળ $= 12 \times 9 = 108$

**59.** એક લંબચોરસ મેદાનનું ક્ષેત્રફળ 225 ચો.મી. છે જો તેની લંબાઈ 25 મીટર હોય તો તે મેદાનની પરિમિતિ______ મીટર હોય.

ક્ષેત્રફળ $= l \times b \therefore 225 = 25 \times b$

$\therefore \frac{225}{25} \therefore b = 9$

પરિમિતિ $= 2(l+b) = 2(25+9) = 2(34) = 68$

**60.** એક લંબચોરસ મેદાનનું ક્ષેત્રફળ 460 ચો.મી. જો તેની લંબાઈ પહોળાઈ કરતા 15% વધુ હોય તો તેની પહોળાઈ______ મીટર થાય.

ધારો કે પહોળાઈ x છે $\therefore$ લંબાઈ $= \frac{115x}{100}$

ક્ષેત્રફળ $= l \times b \therefore 460 = x \times \frac{115x}{100}$

$\therefore \frac{460 \times 100}{115} = x^2$

$\therefore 400 = x^2 \therefore 20 = x$

**61.** 40 મીટર લંબાઈના ચોરસ મેદાનની બહાર ફરતે 2.5 મીટર જગ્યામાં બનાવેલ બગીચાનું ક્ષેત્રફળ______ ચો.મી. થાય?

રસ્તાનું ક્ષેત્રફળ $= 45^2 - 40^2$

$= 85 \times 5 = 425$

**62.** એક ચોરસની લંબાઈ 8 મીટર છે તથા એક લંબચોરસની લંબાઈ 9 મીટર અને પહોળાઈ 7 મીટર છે તો બંનેમાંથી મોટો______ થાય.

ગણતરી : ચોરસનું ક્ષેત્રળ $= 8^2 = 64$

લંબચોરસનું ક્ષેત્રફળ $9 \times 7 = 63$

$\therefore$ ચોરસ મોટો

**63.** એક લંબચોરસની લંબાઈ તથા પહોળાઈનો તફાવત 23 મી. છે જો પરિમિતિ 206 મીટર હોય તો ક્ષેત્રફળ_____ ચો.મી. થાય.

ધારો કે લંબાઈ = x $\therefore$ પહોળાઈ $x - 23$

પરિમિતિ $= 2(l+b) \quad \therefore 206 = 2(x+x-23)$

$\therefore 206 = 4x - 46$

$\therefore 252 = 4x$

$\therefore 63 = x$

લંબાઈ =63, પહોળાઈ =40. ક્ષેત્રફળ $= 63 \times 40 = 2520$

**64.** 25 મીટર પહોળો અને 4 કિમી. લાંબો રસ્તો______ હેક્ટર જમીન રોકે ?

ક્ષેત્રફળ $= 25 \times 4000 = 100000$ ચો.મી.

$= \frac{100000}{10000}$ હેક્ટર $= 10$ હેક્ટર

**65.** એક ચોરસની બાજુની લંબાઈમાં 25% વધારો કરવામાં આવે તો તેના ક્ષેત્રફળમાં______% વધારો થાય.

ચોરસનું ક્ષેત્રફળ $= x^2$

ધારો કે ચોરસની લંબાઈ $= 100$ મીટર છે.

$\therefore$ ચોરસનું ક્ષેત્રફળ $= 100^2 = 10,000$

25 % લંબાઈ વધારતાં નવા ચોરસની લંબાઈ $= 125$

$\therefore$ નવા ચોરસનું ક્ષેત્રફળ $= 15625$

$\therefore$ ક્ષેત્રફળમાં વધારો $= 15625 - 10,000 = 5625$

વધારો ટકામાં $= 56.25$ %

**66.** 1 બગીચાની લંબાઈ 60 મી. અને પહોળાઈ 25 મી છે તેમાં ફુવારાની 60 ચો.મી. જગ્યા છોડી દઈ બાકીના બગીચામાં 1 ચો.મી. ના રૂા. 5 લેખે લોન કરવાનો ખર્ચ રૂા. ______ થાય.

ક્ષેત્રફળ $= 60 \times 25 = 1500$,

લોન કરવાની જગ્યા $= 1500 - 60 = 1440$

ખર્ચ $= 1440 \times 5 = 7200$ રૂપિયા.

**67.** એક સમબાજુ ત્રિકોણનું ક્ષેત્રફળ $4\sqrt{3}$ ચો.સે.મી. છે તો તેની પરિમિતિ ______ સે.મી. થાય.

સમબાજુ ત્રિકોણનું ક્ષેત્રફળ $= \frac{\sqrt{3}}{4} \times$ (લંબાઈ)$^2$

$\therefore 4\sqrt{3} = \frac{\sqrt{3}}{4} \times$ (લંબાઈ)$^2$ $\therefore \frac{4 \times 4\sqrt{3}}{\sqrt{3}} = l^2$

$\therefore$ (લંબાઈ)$^2$ = 16, પરિમિતિ $= 3 \times 4 = 12$

$\therefore$ લંબાઈ $= 4$

**68.** એક ગોળાકાર બગીચાનો વ્યાસ 140 મી. છે તેની ફરતે 7 મીટર પહોળો રોડ છે તો 1 ચો.મી. દીઠ રૂા. 1.50 લેખે તેમાં લાદી બેસાડવાની મજુરી રૂા. ______ થાય.

$d = 140, \therefore r = 70$ તથા $R = 77$ થાય.

રસ્તાનું ક્ષેત્રફળ $= \pi(R+r)(R-r)$

$= \frac{22}{7} \times 147 \times 7 = 3234$

ખર્ચ $= 3234 \times 1.50 = 4851$

**70.** બે વર્તુળની ત્રિજ્યાના માપનો તફાવત 10 સે.મી. હોય તો તેમના પરિઘના માપ વચ્ચેનો તફાવત ______ સે.મી. થાય $(\pi = 3.14)$

મોટા વર્તૂળની ત્રિજ્યા $= x$

$\therefore$ નાના વર્તૂળની ત્રિજ્યા $= x - 10$

પરીઘનો તફાતવ $= 2\pi r_1 - 2\pi r_2$

$= 2 \times 3.14 (x - x + 10)$

$= 62.8$

## વધુ પ્રેક્ટીસ માટેના દાખલાઓ :

01. એક વર્તુળના પરિઘ અને ત્રિજ્યાનો તફાવત 37 સે.મી. છે તો આ વર્તુળનું ક્ષેત્રફળ કેટલું હશે ?
(અ) 111 વર્ગ સે.મી. (બ) 148 વર્ગ સે.મી.
(ક) 154 વર્ગ સે.મી. (ડ) 25 વર્ગ

02. એક ત્રિકોણની પરિમિતિ 100 મી. છે તથા તેની બાજુઓ 2 : 2 : 2 ના પ્રમાણમાં છે તો આ ત્રિકોણનું ક્ષેત્રફળ કેટલા વર્ગ મીટર થશે ?
(અ) $50\sqrt{15}$ મીટર$^2$ (બ) $100\sqrt{15}$ મીટર$^2$
(ક) $75\sqrt{15}$ મીટર$^2$ (ડ) $60\sqrt{15}$ મીટર$^2$

03. શંકુની ત્રિજ્યા 35 મીટર અને શંકુની ઉંચાઇ 12 મીટર છે. તો તેની વક્રસપાટીનું ક્ષેત્રફળ શોધો.
(અ) 35 મીટર (બ) 37 મીટર
(ક) 4070 મીટર (ડ) 25 મીટર

04. સરખા નળાકારનાં આકારની ત્રિજ્યા 5 ડેસી મીટર છે. અને તેનો વક્રભાગ 440 વર્ગ ડેસીમીટર છે. તો ઉંચાઇ શોધો.
(અ) 13 ડેસી મીટર (બ) 14 ડેસી મીટર
(ક) 15 ડેસી મીટર (ડ) 16 ડેસી મીટર

05. એક ગોળાકાર મેદાનની બહાર ચારેબાજુ એક ગોળાકાર રસ્તો છે. બહાર તથા અંદરના ગોળાકારના પરિઘનું અંતર 66 મીટર છે, તો રસ્તાની પહોળાઇ કેટલી છે ?
(અ) 5.25 મીટર (બ) 7 મીટર
(ક) 10.5 મીટર (ડ) 21 મીટર

06. જો કોઇ વર્તુળની ત્રિજ્યામાં 25% ઘટાડો કરવામાં આવે તો તેનું ક્ષેત્રફળ કેટલું ઘટશે ?

07. જો ગોળાના પૃષ્ઠનું ક્ષેત્રફળ તેના આયતન (ઘનફળ) થી અડધું હોય તો તેનો વ્યાસ કેટલો ?
(અ) 15 એકમ (બ) 5 એકમ
(ક) 10 એકમ (ડ) 12 એકમ

08. બે ત્રિકોણની લંબાઇનું પ્રમાણ 1:2 છે. અને તેનું ક્ષેત્રફળ સરખું છે તો તે ત્રિકોણના આધારનું પ્રમાણ થશે ?
(અ) 1:2 (બ) 1:3
(ક) 2:1 (ડ) 2:3

09. 15 ફુટ પહોળાઇ તથા 20 ફુટ લંબાઇવાળી એક શેતરંજી નો સફાઇ ખર્ચ 810 રૂપિયા છે તો પ્રતિ વર્ગ ફુટના હિસાબથી ખર્ચ કેટલો થશે ?
(અ) 2.80 (બ) 11.55
(ક) 27 (ડ) 2.70

10. વર્તુળના ખંડનું ક્ષેત્રફળ શોધો જેની ત્રિજ્યા 14 સે.મી. અને ખંડનો ખૂણો 45° છે.
(અ) 66 સે.મી.$^2$ (બ) 77 સે.મી.$^2$
(ક) 80 સે.મી.$^2$ (ડ) 60 સે.મી.$^2$

11. એક સમકોણ ત્રિકોણનું ક્ષેત્રફળ તેના આધારના 40 ગણું છે. જો આધાર અને ઊંચાઇનો કુલ યોગ 100 સે.મી. છે તો તેની ઉંચાઇ શું હશે ?
(અ) 80 સે.મી. (બ) 60 સે.મી.
(ક) 45 સે.મી. (ડ) એક પણ નહિં

12. 60 મીટર લંબાઇ અને 40 મીટર પહોળાઇવાળા એક લંબચોરસ બગીચાની વચ્ચે ચારે બાજુના છેડાથી લાગેલ 4 મીટરનો રસ્તો છે તો રસ્તા વગરના બગીચાનું ક્ષેત્ર કેટલું હશે ?
(અ) 1536 મીટર$^2$ (બ) 1504 મીટર$^2$
(ક) 2080 મીટર$^2$ (ડ) 1925 મીટર$^2$

13. એક ઘડિયાળમાં મિનિટ કાટાંની લંબાઇ 21 સે.મી. છે. તો તેના દ્વારા 20 મિનિટમાં કેટલું ક્ષેત્રફળ ફરી શકાશે ?
(અ) 462 સે.મી.$^2$ (બ) 464 સે.મી.$^2$
(ક) 460 સે.મી.$^2$ (ડ) 466 સે.મી.$^2$

14. જો કોઇ એક વર્ગનાં વિકર્ણ અને બીજા વર્ગની એક બાજુની લંબાઇ પ્રત્યેક 10 સે.મી. છે. તો પહેલાં વર્ગનું ક્ષેત્રફળ અને બીજા વર્ગનાં ક્ષેત્રફળનું શું પ્રમાણ છે ?
(અ) 1:2 (બ) 1:3
(ક) 1:4 (ડ) 2:3

15. 17 સે.મી. ત્રિજ્યાવાળા કોઇ વર્તુળમાં બે સમાંતર જીવાઓ વ્યાસની બંને તરફ ખેંચાયેલી છે. અને જીવાઓની વચ્ચેનું અંતર 23 સેમી છે. જો એક જીવાની લંબાઇ 16 સે.મી. છે તો બીજી જીવાની લંબાઇ શું હશે ?
(અ) 15 સે.મી. (બ) 23 સે.મી.
(ક) 30 સે.મી. (ડ) 34 સે.મી.

16. એક ટપાલી ટપાલ વહેંચવા માટે ઉત્તરની બાજુ 120 મીટર ચાલે છે. પછી તે બીજો પત્ર વહેંચવા માટે પૂર્વની બાજુ 50 મીટર જાય છે બંને સ્થાનની વચ્ચેનું ઓછામાં ઓછું અંતર હશે.
(અ) 70 મીટર (બ) 120 મીટર
(ક) 130 મીટર (ડ) 170 મીટર

17. ચતુષ્કોણની સમાંતર બાજુઓની લંબાઈ7 સે.મી. અને 11 સે.મી. છે. અને તેનું ક્ષેત્રફળ 45 વર્ગ સે.મી. છે, સમલંબ ચતુષ્કોણની ચારે બાજુની સમાંતર બાજુઓની વચ્ચેની લંબાઈનું અંતર શું ?
(અ) 6 સે.મી. (બ) 8 સે.મી.
(ક) 5 સે.મી. (ડ) એક પણ નહીં

18. જો કોઈ વર્તુળની ત્રિજ્યા 100% વધારી દેવામાં આવે તો તેના ક્ષેત્રફળમાં કેટલા ટકાની થાય.

19. 176 મી. નું અંતર કાપવા માટે 40 સે.મી. વ્યાસવાળા પૈડાં દ્વારા લગાવાયેલા ચક્કરોની સંખ્યા છે ?
(અ) 140 (બ) 160
(ક) 150 (ડ) 240

20. બે ઘનોના પૃષ્ઠ ક્ષેત્રફળોનું પ્રમાણ 64:225 છે તેની બાજુઓનું પ્રમાણ છે.
(અ) 4:15 (બ) 8:15
(ક) 24:15 (ડ) 9:25

21. એક ચોરસની ત્રિજ્યામાં 10% વધારો કરવામાં આવે તો, તેના ક્ષેત્રફળમાં કેટલા ટકાનો વધારો થશે.
(અ) 11 (બ) 31
(ક) 21 (ડ) 15

22. જો ત્રિકોણનો આધાર 15 મી. છે અને તેની ઉંચાઈ 12 મી. છે તો બે ગણી ક્ષેત્રફળ અને 20 સે.મી. આધારવાળા બીજા ત્રિકોણની ઉંચાઈ ________
(અ) 9 મીટર (બ) 12 મીટર
(ક) 4.5 મીટર (ડ) 18 મીટર

23. એક સમચતુષ્કોણ જેની એક બાજુ 25 સે.મી. અને વિકર્ણ 40 સે.મી. છે. તો તેનું ક્ષેત્રફળ છે.
(અ) 600 વર્ગ સે.મી. (બ) 250
(ક) 200 વર્ગ સે.મી. (ડ) 150 વર્ગ સે.મી.

24. તારના ટુકડાની ત્રિજ્યા ઘટીને અડધી થઈ જાય છે. જો આયતન સમાન રહે છે, તો તેની લંબાઈ કેટલી વધશે.
(અ) 2 ગણી (બ) 3 ગણી
(ક) 4 ગણી (ડ) 5 ગણી

25. 5 મીટર વ્યાસવાળા વર્તુળનું ક્ષેત્રફળ તેના પરિઘના કેટલા ટકા હશે ?
(અ) 200 (બ) 125 %
(ક) 240 (ડ) 250

26. કોઈ વર્ગનું ક્ષેત્રફળ, 16 સે.મી. લંબાઈ અને 9 સે.મી. પહોળાઈ વાળા કોઈ લંબચોરસના ક્ષેત્રફળને બરાબર છે તો તે વર્ગની પરિમિતિ છે ?
(અ) 24 સે.મી. (બ) 25 સે.મી.
(ક) 48 સે.મી. (ડ) 50 સે.મી.

27. જો કોઈ ત્રિકોણ $ABC$ માં $\angle A = 100^\circ$ અને $AB = AC$ હોય તો $\angle B$ ની કિંમત શેના બરાબર છે.
(અ) 45° (બ) 30°
(ક) 40° (ડ) 80°

28. જો કોઈ વર્તુળાકાર બગીચાની બાહ્ય અને આંતરિક પરિઘ ક્રમશ: 44 સે.મી. અને 22 સે.મી. છે તો રસ્તાની પહોળાઈ કેટલી થશે ?
(અ) 4 સે.મી. (બ) 3 સે.મી.
(ક) 5 સે.મી. (ડ) 3.5 સે.મી.

29. 16 મીટર પહોળી તથા 20 મીટર લાંબી એક ચટ્ટાઈ (પાથરણું) 2496 રૂપિયામાં ખરીધ્યું તો તેનો દર વર્ગ મીટર મુલ્ય શું હશે.
(અ) 156 (બ) 124.80
(ક) 7.80 (ડ) 78

30. જો ત્રિકોણનાં ત્રણે બાજુઓ 3, 4 અને 5 છે તો ત્રિજ્યા કોના બરાબર હશે, જો વર્તુળ ત્રણેય ખૂણાઓમાંથી પસાર થતું હોય ?
(અ) 2 (બ) 2.5
(ક) 3 (ડ) 4

31. એક ગોળ બગીચાની ચારેબાજુ રસ્તો છે જો તેની બહાર પરિઘ 596 મીટર ચે. અને અંદરની પરિઘ 420 મીટર હોય તો રસ્તાની પહોળાઈ શું હશે ?
(અ) 12 મીટર (બ) 28 મીટર
(ક) 16 મીટર (ડ) 20 મીટર

32. એક હોલની પહોળાઈ, લંબાઈના $\frac{3}{4}$ છે, જો હોલનું ક્ષેત્રફળ 300 વર્ગ મીટર છે. તો તેની લંબાઈ અને પહોળાઈમાં શું અંતર છે.
(અ) 3 મીટર (બ) 4 મીટર
(ક) 5 મીટર (ડ) 15 મીટર

33. એક શંકુ આકાર ગુંબજનો વ્યાસ 28 મીટર તથા તળિયાથી ત્રાસી ઊંચાઈ 50 મીટર છે. તેના વક્રપૃષ્ઠ પર 80 પૈસા પ્રતિવર્ગ મીટર દીઠ ચુનો કરાવવાનો ખર્ચ કેટલો આવે ?
(અ) 1300 (બ) 1760
(ક) 1850 (ડ) 1600

34. એક જમીનના ટુકડાની લંબાઈ 40 મીટર અને પહોળાઈ 30 મીટર છે. આ જમીનના ટુકડાની ફરતે તારની વાડ કરાવવાનો ખર્ચ પ્રતિ મીટર રૂ. 26 પ્રમાણે કેટલો થાય ?
*(અ)* રૂ. 1400 *(બ)* રૂ. 1820
*(ક)* રૂ. 3640 *(ડ)* રૂ. 31,200

35. કોઈ સમાંતર બાજુ ચતુષ્કોણનો આધાર 12 સે.મી. તથા તેની ઉંચાઈ 8 સે.મી. હોય તો તેનું ક્ષેત્રફળ શું થાય ?
(અ) 96 (બ) 48
(ક) 192 (ડ) 144 વર્ગ સે.મી.

36. એક લંબચોરસ પ્લોટની લંબાઈ અને પહોળાઈ નું પ્રમાણ 7:5 છે. જો પ્લોટનું પરિમિતી 144 મી છે. તો તેનું ક્ષેત્રફળ શોધો.
(અ) 1400 (બ) 1260
(ક) 580 (ડ) 850

37. એક મીટર પનાના 3 મીટર લાંબા કાપડમાંથી 2500 ચો.સે.મી.ના કેટલા રૂમાલ બને ?

(અ) 12 (બ) 6

(ક) 8 (ડ) 10

38. જો કોઈ વર્ગની બાજુ ચાર ગણી કરવામાં આવે તો પરિણામી વર્ગ તથા આપેલ વર્ગનાં ક્ષેત્રફળોનું પ્રમાણ શું થશે ?

(અ) 1:4 (બ) 4:1

(ક) 8:1 (ડ) 16:1

39. જમીનનો એક લંબચોરસ પ્લોટ 50 મીટર લાંબો અને 20 મીટર પહોળો છે. તો પ્લોટનું ક્ષેત્રફળ શોધો.

(અ) 100 (બ) 1000

(ક) 10000 (ડ) 110

40. જો કોઈ વર્તુળની ત્રિજ્યા 100% વધારી દેવામાં આવે તો તેના ક્ષેત્રફળમાં કેટલા ટકાની વૃધ્ધિ કરવામાં આવશે?

(અ) 100% (બ) 300%

(ક) 200% (ડ) 400%

41. એક ઓરડાનું ક્ષેત્રફળ 160 વર્ગ મીટર છે. અને તેની લંબાઇ અને પહોળાઇ 8:5 છે તો ઓરડાની પરિમિતિ નીચેનામાંથી શું હશે ?

(અ) 55 (બ) 60

(ક) 40 (ડ) 52

42. એક ચોરસનું ક્ષેત્રફળ 225 ચો.સે.મી. છે જો એક લંબચોરસનાં ક્ષેત્રફળની બરાબર છે. લંબચોરસની લંબાઇ તેની પહોળાઈથી 16 સે.મી. વધારે છે. ચોરસની બાજુ અને લંબચોરસની પહોળાઈની વચ્ચે ક્રમશઃ કેટલું પ્રમાણ છે ?

(અ) 3:5 (બ) 5:3

(ક) 5:4 (ડ) 5:5

43. $PQRS$ ચતુષ્કોણમાં કોણ $Q$ કોણ $P$ થી બમણો છે. કોણ $R$ કોણ $S$ થી ત્રણ ગણો છે. કોણ $R$ નો મુલ્ય $135°$ છે. તો કોણ $Q$ અને કોણ $S$ વચ્ચે કેટલું અંતર છે ?

(અ) 30° (બ) 60°

(ક) 40° (ડ) 75°

44. એક લંબચોરસની લંબાઇ અને પહોળાઇ વચ્ચે 7 સે.મી.નો તફાવત છે અને લંબચોરસનું પરિમિતી 50 સે.મી. છે તો લંબચોરસનું ક્ષેત્રફળ કેટલું છે.

(અ) 144 (બ) 154

(ક) 288 (ડ) 160

45. એક સમકોણ ત્રિકોણનો આધાર9 સે.મી. છે. અને એનું ક્ષેત્રફળ 81 વર્ગ સે.મી. છે. સમકોણ ત્રિકોણની ઉંચાઇ કેટલી છે.

(અ) 18 (બ) 9

(ક) 27 (ડ) 12

46. એક વર્તુળનો વ્યાસ તેના વર્ગની બાજુના અડધાથી સેન્ટી મીટર ઓછો છે. જેનું ક્ષેત્રફળ 256 ચો.સે.મી. છે. વર્તુળનો ક્ષેત્રફળ કેટલું છે.

(અ) 132 (બ) 154

(ક) 144 (ડ) 165

47. *એક ચોરસનાં ક્ષેત્રફળ અને પરિમિતિનાં આંક (માપ) સરખા છે, તો તેની લંબાઈ કેટલી ?*

48. *એક ચોરસ પડદાની લંબાઈ 4 મીટર છે. તેની કિનાર ફરતી પટ્ટી લગાડવાનો ખર્ચ 1 મીટરનાં 8 રૂપિયા લેખે કેટલો થશે?*

49. *એક ઓરડો 6 મીટર લાંબો, 5 મીટર પહોળો અને 4 મીટર ઊંચો છે. તેમાં 8 ચો.મી. બારીબારણા આવેલા છે, તો તે ઓરડાની ચાર દિવાલને ધોળવાનો ખર્ચ 1 ચો.મી.નાં 10 રૂ. લેખે કેટલો થશે.*

50. *એક રૂમ 3 મીટર લાંબો અને ર મીટર પહોળો છે. તેનાં ભોંયતળીયે 25 ચો.સે.મી. વાળી ચોરસ લાદી જડવાની છે, તો કેટલી લાદીઓ જોઈએ ?*

51. *એક ખેતરની લંબાઈ 75 મીટર અને પહોળાઈ 60 મીટર છે. આ ખેતર ખેડવાનો ખર્ચ 100 ચો.મીટરનાં 10 રૂપિયા લેખે કેટલો થાય ?*

52. *એક ઓરડાની એક ચોરસ દિવાલની લંબાઈ 6 મીટર છે. આ ઓરડાની બાકીની દીવાલ તેટલા જ માપની છે, તો આ ઓરડાની ચારેય દીવાલ રંગવાનો ખર્ચ 1 ચો.મી.નાં રૂ. 30 લેખે કેટલો થાય ?*

53. *નીચેના પૈકી અર્ધગોળાની વક્રસપાટીનું ક્ષેત્રફળ શોધવાનું સૂત્ર ક્યું છે ?*

*(અ)* $3\pi r^2$ *(બ)* $4\pi rh$

*(ક)* $\pi r^2$ *(ડ)* $2\pi r^2$

54. *એક ખેતરની લંબાઈ 110 મીટર અને પહોળાઈ 70 મીટર છે. આ ખેતરને ટ્રેક્ટર દ્વારા ખેડીને સમતલ કરવાનો ખર્ચ દર અરનાં રૂ. 45 લેખે કેટલો થાય ?*

55. *રાજુભાઈનાં એક ચોરસ પ્લોટની લંબાઈ 25 મીટર છે. 1 ચો.મી. જમીનનાં રૂ. 2000 લેખે વેચતાં કુલ કેટલા રૂપિયા ઉપજે ?*

56. *2 મીટર લાંબા 1 મીટર પનાનાં કાપડમાંથી 25 સેન્ટી મીટરનાં કેટલા ચોરસ રૂમાલ બને.*

57. *80 મીટર લાંબા અને 120 મીટર પહોળા ખેતરનું ક્ષેત્રફળ કેટલા અર થાય.*

58. *એક વર્ગ ખંડની લંબાઈ 20 મીટર અને પહોળાઈ 18 મીટર છે, તેનાં ભોંયતળિયે ટાઈલ્સ લગાવવાની મજૂરી દર ચો.મી.નાં રૂ. 7 લેખે કેટલી થાય ?*

59. *એક ચોરસ બગીચાની લંબાઈ 70 મીટર છે. આ બગીચામાં માટી પાથરવાનો ખર્ચ 5 ચો.મી.નાં રૂ. 5 લેખે કેટલો થાય ?*

60. *10 મીટર લંબાઈ અને 2 મીટર પહોળાઈ ધરાવતા કાપડનાં ટૂકડામાંથી 40 સેન્ટી મીટર લંબાઈનાં કેટલા ચોરસ આસનો બને ?*

61. *એક ચોરસ ડાઈનિંગ ટેબલની લંબાઈ 4 મીટર છે. આ ટેબલ પર મલમલ ચોંટાડવાનો ખર્ચ 1 ચો.મીટરનાં રૂ. 30 લેખે કેટલો થાય ?*

62. રંગીન કાર્ડ પેપરની લંબાઈ 60 સેન્ટી મીટર અને પહોળાઈ 40 સેન્ટી મીટર છે. આ કાર્ડ પેપરમાં 5 સેન્ટી મીટર લંબાઈનાં કેટલા ચોરસ બને ?

63. કાટખૂણો બનાવતી 3 મીટર બાજુઓનાં માપ અનુક્રમે 12 અને 5 છે, તો તેનું ક્ષેત્રફળ કેટલા ચો. એકમ થાય ?

64. એક $\Delta$ કાર ખેતરની એક બાજુનું માપ 80 મીટર અને તેનાં પરનાં વેધની લંબાઈ 60 મીટર છે. જો એક અર ખેતર ખેડવાની મજુરી 100 રૂ. હોય તો આખા ખેતરને ખેડવાની મજુરી કેટલી થશે ?

65. 8 ફૂટ x 12 ફૂટના તળીયે ચોડવા માટે 6 ઈંચ x 6 ઈંચની કેટલી લાદી જોઈએ ?

(અ) 864 (બ) 540

(ક) 384 (ડ) 576

66. નીચેના પૈકી અર્ધગોળાની વક્રસપાટીની ક્ષેત્રફળ શોધવાનું સૂત્ર ક્યું છે ?

(અ) $\pi r^2$ (બ) $2\pi r^2$

(ક) $3\pi r^2$ (ડ) $4\pi rh$

67. એક લંબચોરસ ABCD માં AC = 25 સે.મી. અને CD = 7 સે.મી. હોય તો તેની પરિમિતિ કેટલી થાય ?

(અ) 64 સે.મી. (બ) 62 સે.મી.

(ક) 36 સે.મી. (ડ) 46 સે.મી.

68. બંધ શંકુનું પૃષ્ઠફળ શોધવા માટે નીચેના પૈકીનું ક્યું સૂત્ર છે ?

(અ) $\pi r l$ (બ) $2\pi r (r + h)$

(ક) $3\pi r^3$ (ડ) $\pi r (r + l)$

69. એક આયાતકાર ખેતર જેની રેખાઓ 64 મીટર x 36 મીટર છે, જેનું ક્ષેત્રફળ એક ચોરસ (વર્ગાકાર) ખેતરના ક્ષેત્રફળની બરાબર છે, તો ચોરસ ખેતરની રેખાઓ (મી.મા) છે ?

(અ) 64 (બ) 48

(ક) 36 (ડ) 24

70. તળિયાવાળા ખુલ્લા નળાકારની કુલ સપાટીનું ક્ષેત્રફળ = ........

(અ) $\pi r^2 h$ (બ) $2\pi rh$

(ક) $\pi r(2h+r)$ (ડ) $2\pi r(h+r)$

71. એક ચોરસની પરિમિતિ એક 7 મીટરની લંબાઈ અને 5 મીટરની પહોળાઈવાળી બાજુઓવાળા લંબચોરસની પરિમિતિ જેટલી છે, તો તે ચોરસનું ક્ષેત્રફળ કેટલું હશે ?

(અ) 25 ચો.મી. (બ) 35 ચો.મી.

(ક) 49 ચો.મી. (ડ) 36 ચો.મી.

72. એક વર્તુળનું ક્ષેત્રફળ 154 ચો.સે.મી. છે, તો તેના પરિધની લંબાઈ કેટલા સે.મી. હશે ?

(અ) 44 (બ) 48

(ક) 49 (ડ) 51

73. એક શંકુ આકારની ટાંકીની ઊંચાઈ 60 સે.મી. છે અને તેના પાયાનો વ્યાસ 64 સે.મી. છે. રૂ. 25 પ્રતિચો.મી.ના દરથી તેને બહારથી રંગ કરવાનો ખર્ચ કેટલો થશે ?

(અ) રૂ. 52.00 લગભગ (બ) રૂ. 39.20 લગભગ

(ક) રૂ. 17.10 લગભગ (ડ) રૂ. 23.94 લગભગ

74. 1 મીટર પહોળાઈવાળા 2 મીટર કાપડમાંથી 625 ચો.સે.મી. ક્ષેત્રફળ ધરાવતાં કેટલાં ચોરસ રૂમાલ બને ?

(અ) 25 (બ) 10

(ક) 16 (ડ) 32

75. નળાકારની વક્રસપાટીનું ક્ષેત્રફળ શોધવાનું સૂત્ર જણાવો.

(અ) $\pi r (2h + r)$ (બ) $2\pi rh$

(ક) $\pi r^2 h$ (ડ) $2\pi (h + r)$

76. 50 પૈસાના સિક્કાની નીચલી સપાટીનું ક્ષેત્રફળ શોધવાનું સૂત્ર ........ છે.

(અ) $A = \pi r$ (બ) $A = \pi r^2$

(ક) $A = \pi rh$ (ડ) $A = \pi r^2 h$

77. 1 રૂપિયાના સિક્કાની વક્રસપાટીનું ક્ષેત્રફળ શોધવાનું સૂત્ર ........... છે.

(અ) $A = 2\pi r^2$ (બ) $A = 2\pi rh$

(ક) $A = \frac{4}{3}\pi r^2$ (ડ) $A = 4\pi r^2$

78. એક પતરાની લંબાઈ અને પહોળાઈ અનુક્રમે 88 સે.મી. અને 50 સે.મી. છે. આ પતરામાંથી 14 સે.મી. ત્રિજ્યા અને 5 સે.મી. ઊંચાઈના કેટલા ખુલ્લા નળાકાર બનાવી શકાય ?

(અ) 10 નળાકાર બનાવી શકાય

(બ) ખુલ્લા નળાકાર ન બનાવી શકાય.

(ક) 44 નળાકાર બનાવી શકાય

(ડ) 4.4 નળાકાર બનાવી શકાય.

79. એક ગાયને દોરડા વડે ખૂંટે બાંધેલી છે, જો દોરડાની લંબાઈ 7 મીટર હોય તો ગાયને એક ચક્કર કાપતાં કેટલું અંતર કાપવું પડે ?

(અ) 88 મીટર (બ) 44 મીટર

(ક) 22 મીટર (ડ) 7 મીટર

80. 1 અર = ............ ચો. મીટર

(અ) 10 (બ) 1000

(ક) 100 (ડ) 10,000

81. એક તોલો સોનું = ............. ગ્રામ

(અ) 11.66 ગ્રામ (બ) 13.60 ગ્રામ

(ક) 10.60 ગ્રામ (ડ) 14.60 ગ્રામ

82. 1 હેક્ટર = .................. એકર.

(અ) 2571 (બ) 2.471

(ક) 4047 (ડ) 3476

83. એક ઓરડાનું માપ 6 મીટર × 4 મીટર × 3.5 મીટર છે. આ ઓરડાને 1 ચો.મી.ના રૂ. 100 લેખે પ્લાસ્ટર કરવાનો ખર્ચ કેટલો થાય ?

(અ) 11800 (બ) 1180

(ક) 7000 (ડ) 8811

84. 30 મીટર × 20 મીટરના બાગમાં વચ્ચે ૨ મીટર પહોળાઈનો આડો અને ઉભો રસ્તો છે, તો રસ્તામાં એક ચોરસ મીટરની કેટલી લાદીઓ ગોઠવી શકાય ?

(અ) 300 (બ) 60

(ક) 120 (ડ) 96

85. એક વર્તુળની પરિમિતિ 88 હોય તો તેની ત્રિજ્યા કેટલી હોય ?

(અ) 14 (બ) 18

(ક) 22 (ડ) 7

86. એક ચોરસ 10 સે.મી.નું છે તો તેનું ક્ષેત્રફળ કેટલું ?

(અ) 500 ચો.સેમી. (બ) 400 ચો.સેમી

(ક) 300 ચો.સેમી (ડ) 100 ચો.સેમી

87. 100 મીટર લંબાઈના ચોરસ બાગની ફરતે 5 મીટરના અંતરે ઝાડ રોપવા હોય તો કુલ કેટલા ઝાડ જોઈશે ?

(અ) 78 (બ) 40

(ક) 76 (ડ) 80

88. એક મીટર પનાના 3 મીટર લાંબા કાપડમાંથી 625 ચો.સે.મી.ના કેટલા રૂમાલ બને ?

(અ) 12 (બ) 6

(ક) 48 (ડ) 10

89. એક વર્તુળનો વ્યાસ 14 સે.મી. છે, તો તેનાં પરિધનું માપ નીચેના પૈકી એક થાય.

(અ) 14 સે.મી. (બ) 3.14 સે.મી.

(ક) 88 સે.મી. (ડ) 44 સે.મી.

90. એક લંબચોરસની એક બાજુ બીજી બાજુ કરતાં 3 સેમી વધુ છે. આ લંબચોરસની પરિમિતિ 58 સેમી હોય તો તેની લાંબી બાજુનું માપ કેટલું થાય ?

(અ) 16 સેમી (બ) 13 સેમી

(ક) 14.5 સેમી (ડ) 31 સેમી

91. એક લંબચોરસની પહોળાઈ તેની લંબાઈનો $\frac{3}{4}$ ભાગ છે. લંબચોરસનું ક્ષેત્રફળ 192 ચો.મી. છે, તો તેની પરિમિતિ .......... છે ?

(અ) 12 મીટર (બ) 56 મીટર

(ક) 74 મીટર (ડ) 16 મીટર

92. બંધ નળાકારની કુલ સપાટીનું પૃષ્ઠફળ શોધવાનું સૂત્ર .......... છે.

(અ) $2\pi rh$ (બ) $2\pi r(r+h)$

(ક) $2\pi\ (r+h)$ (ડ) $2\pi h\ (r+h)$

93. 5 સે.મી. ત્રિજ્યાવાળા અર્ધવર્તુળનો વ્યાસની લંબાઈ કેટલી થાય ?

(અ) 10 સે.મી. (બ) 2.5 સે.મી.

(ક) 5 સે.મી. (ડ) 12.5 સે.મી.

## : જવાબો :

01. (ક) 154 વર્ગ સે.મી., 02. (બ) $100\sqrt{15}$ મીટર$^2$, 03. (ક) 4070 મીટર, 04. (બ) 14 ડેસી મીટર, 05. (ક) 10.5 મીટર, 06. 43.75 %, 07. (ડ) 12 એકમ, 08. (ક) 2:1, 09. (ડ) 2.70, 10. (બ) 77 સે.મી.$^2$, 11. (અ) 80 સે.મી., 12. (ડ) 1925 મીટર$^2$, 13. (અ) 462 સે.મી.$^2$, 14. (અ) 1:2, 15. (ક) 30 સે.મી., 16. (ક) 130 મીટર, 17. (ક) 5 સે.મી., 18. 300 %, 19. (અ) 140, 20. (બ) 8:15, 21. (ક) 21, 22. (ડ) 18 મીટર, 23. ......, 24. (અ) 2 ગણી, 25. (બ) 125 %, 26. (ક) 48 સે.મી., 27. (ક) 40°, 28. (ડ) 3.5 સે.મી., 29. (ક) 7.80, 30. (બ) 2.5, 31. (બ) 28 મીટર, 32. (ક) 5 મીટર, 33. (બ) 1760, 34. (ક) રૂ. 3640, 35. (અ) 96, 36. (બ) 1260, 37. (અ) 12, 38. (ડ) 16:1, 39. (બ) 1000, 40. (બ) 300%, 41. (ડ) 52, 42. (બ) 5:3, 43. (બ) 60°, 44. (અ) 144, 45. (અ) 18, 46. ........, 47. 4, 48. 128 રૂ., 49. રૂ. 800, 50. 96, 51. 450 રૂ., 52. 4320 રૂ., 53. (ડ) $2\pi r^2$, 54. 3465 રૂ., 55. 12,50,000 રૂ., 56. 32, 57. 96, 58. 2520, 59. 4900 રૂ., 60. 125, 61. 480 રૂ., 62. 96, 63. 30 ચો. એકમ, 64. 2400 રૂ., 65. (ક) 384, 66. (ક) $3\pi r^2$, 67. **(બ) 62 સે.મી.**, 68. (ડ) $\pi r (r+l)$, 69. (બ) 48, 70. (ક) $\pi r(2h+r)$, 71. (ડ) 36 ચો.મી., 72. (અ) 44, 73. (ક) રૂ. 17.10 લગભગ, 74. (ડ) 32, 75. (બ) $2\pi rh$, 76. (બ) $A=\pi r^2$, 77. (બ) $A=2\pi rh$, 78. (અ) 10 નળાકાર બનાવી શકાય, 79. (બ) 44 મીટર, 80. (ક) 100, 81. (અ) 11.66 ગ્રામ, 82. (બ) 2.471, 83. (ક) 7000, 84. (ડ) 96, 85. (અ) 14, 86. (ડ) 100 ચો.સેમી, 87. (ડ) 80, 88. (ક) 48, 89. (ડ) 44 સે.મી., 90. (અ) 16 સેમી, 91. (બ) 56 મીટર, 92. (બ) $2\pi r(r+h)$, 93. (અ) 10 સે.મી.

# 23. ઘનફળ, જથ્થો અને સપાટીનો વિસ્તાર

**01. અગત્યના સૂત્રો :**

01. સમઘનનું ઘનફળ $= l^3$
02. લંબઘનનું ઘનફળ $= l \times b \times h$
03. નળાકારનું ઘનફળ $= \pi r^2 h$
04. શંકુનું ઘનફળ $= \frac{1}{3}\pi r^2 h$
05. ગોળાનું ઘનફળ $= \frac{4}{3}\pi r^3$
06. અર્ધગોળાનું ઘનફળ $= \frac{2}{3}\pi r^3$
07. 1 ઘન સે.મી. $= \frac{1}{1000}$ લીટર
08. 1 ઘન મીટર $= 1000$ લીટર
09. 1000 ઘન સે.મી. $= 1$ લીટર

## પ્રેક્ટીસ માટેના દાખલાઓ :

**01.** એક લંબઘન ટાંકીની લંબાઈ 8 મી પહોળાઈ 6 મી અને ઉંચાઈ 5 મી. છે તો તેનું ઘનફળ ______ ઘન મીટર થાય.

ઘનફળ $= l \times b \times h = 8 \times 6 \times 5 = 240$

**02.** એક ઘનાકાર ટાંકીની બાજુની લંબાઈ 6 મી. છે. તેમાં ______ લીટર પાણી સમાય.

ઘનફળ $= l^3 = 6^3 = 216$ ઘ.મી.

$= 216000$ લીટર પાણી સમાય.

**03.** એક લંબઘનની લંબાઈ 6 મી. પહોળાઈ 4 મી અને ઉંચાઈ 2 મી તો ઘનફળ ______ ઘન મીટર

ઘનફળ $= 6 \times 4 \times 2 = 48$

**04.** 1 સમઘનની લંબાઈ 4 મી છે, તો તેનું ઘનફળ ______ ઘન મીટર થાય.

ઘનફળ $= l^3 = 4^3 = 64$

**05.** એક લંબઘનના પાયાનું ક્ષેત્રફળ 20 સે.મી.$^2$ છે. જો તેની ઉંચાઈ 3 સે.મી. હોય તો ઘનફળ ______ સે.મી.$^3$ થાય.

લંબઘનના પાયાનું ક્ષેત્રફળ $= l \times b = 20$

લંબઘનનું ઘનફળ $= l \times b \times h = 20 \times 3 = 60$

**06.** એક સમઘન ટાંકીના તળીયાનું ક્ષેત્રફળ 25 ચો.મી. છે. તેમાં ______ લિટર પાણી સમાય.

ક્ષેત્રફળ $= l^2 \therefore 25 = l^2 \therefore 5 = l,$

ઘનફળ $= l^3 = 5^3 = 125$ ઘનમીટર $= 125000$ લીટર

**07.** એક લંબઘન ટાંકીનું ઘનફળ 192 મી$^3$ છે. જો ટાંકીની લંબાઈ 8 મી અને પહોળાઈ 6 મી હોય તો ટાંકીની ઉંચાઈ ______ મીટર થાય.

ઘનફળ $= l \times b \times h \quad \therefore 192 = 8 \times 6 \times h$

$$\therefore h = \frac{192}{8 \times 6} = 4 \text{ મીટર}$$

**08.** એક સમઘન ટાંકીનું ઘનફળ 216 ઘન મીટર છે તો તેની ઉંચાઈ ....... મીટર થાય.

સમઘનનું ઘનફળ $= l^3 \;\therefore 216 = l^3 \;\therefore 6 = l = h$

**09.** એક લંબઘનકાર ટાંકીની પાણીની ક્ષમતા 100000 લીટર છે જો તે ટાંકીની લંબાઈ 5 મીટર પહોળાઈ 4 મીટર હોય તો ઉંચાઈ ______ મીટર થાય.

100000 લીટર $= 100$ ઘ.મી.,

ઘનફળ $l \times b \times h \;\therefore 100 = 5 \times 4 \times h \;\therefore h = 5$

**10.** એક કલરબોક્ષનું માપ 12 સે.મી. × 6 સે.મી. × 4 સે.મી. છે. આવા 25 બોક્સ સમાઈ શકે તેવી પેટીનું ઘનફળ ______ સે.મી.$^3$ થાય.

કલર બોક્ષનું ઘનફળ $= 12 \times 6 \times 4 = 288$

$\therefore 25$ કલર બોક્સનું ઘનફળ $= 288 \times 25 = 7200$

**11.** એક ગામની વસતી 10000 છે. દરેક વ્યક્તિ સરેરાશ 100 લીટર દૈનિક પાણી વાપરે તો. 20 મી × 15 મી × 10 મી. માપની ટાંકીનું પાણી ______ દિવસ ચાલે.

દૈનિક પાણીનો વપરાશ $= 10000 \times 100$

$= 1000000$ લીટર

$= 1000$ મી$^3$

ટાંકીમાં રહેલ પાણીનું ઘનફળ $= 20 \times 15 \times 10$

$= 3000$ મી$^3$

$\therefore$ 3 દિવસ પાણી ચાલે.

**12.** લાકડાના એક ખોખાનું માપ 2 મી. × 2 મી. × 1 મી. છે. આ ખોખામાં 25 સે.મી. લંબાઈના સમઘન પાર્સલ ______ સમાઈ શકે.

$$\text{પાર્સલની સંખ્યા} = \frac{200 \times 200 \times 100}{25 \times 25 \times 25} = 256$$

**13.** એક નળાકારની ત્રિજ્યા 7 સે.મી. તથા ઉંચાઈ 15 સે.મી. છે તો તેનું ઘનફળ ______ સે.મી.$^3$ છે.

નળાકારનું ઘનફળ $= \pi r^2 h = \frac{22}{7} \times 7 \times 7 \times 15$

$= 2310$ ઘન સે.મી.

**14.** એક નળાકારના પાયાનું ક્ષેત્રફળ 40 સે.મી. અને ઉંચાઈ 10 સે.મી. છે. તો ઘનફળ ______ સે.મી.$^3$ થાય.

પાયાનું ક્ષેત્રફળ $= \pi r^2 \therefore 40 = \pi r^2,$

ઘનફળ $= \pi r^2 h = 40 \times 10 = 400$ સે.મી.$^3$

**15.** એક નળાકારનું ઘનફળ $1000\pi$ ઘન સે.મી. છે જો તેની ત્રિજ્યા અને ઉંચાઈ સરખા હોય તો નળાકારનો વ્યાસ ______ સે.મી. થાય.

નળાકારનું ઘનફળ $= \pi r^2 h \quad \therefore 1000\pi = \pi \times r^2 \times r$

$$\therefore 1000 = r^3,\; r = 10,\; d = 20$$

16. સરખી ઉંચાઈના બે નળાકારની ત્રિજ્યાનો ગુણોત્તર 2:3 છે તો તેમના ઘનફળનું પ્રમાણ ______ થાય.

બે નળાકારના ઘનફળનો ગુણોત્તર $= \pi r_1^2\, h_1 : \pi r_2^2\, h_2$

$= 4 : 9$

18. એક નળાકારનું ઘનફળ 550 સે.મી.$^3$ તથા ઉંચાઈ 7 સે.મી. હોય તો ત્રિજ્યા ______ સે.મી. થાય.

નળાકારનું ઘનફળ $= \pi r^2 h \therefore 550 = \frac{22}{7} \times r^2 \times 7$

$\therefore \frac{550}{22} = r^2 \;\therefore 25 = r^2$

$\therefore 5 = r$

19. એક નળાકારના પાયાનો પરીઘ 44 સે.મી. છે જો નળાકારની ઉંચાઈ 15 સે.મી. હોય તો નળાકારનું ઘનફળ ______ ઘન સે.મી. થાય.

પરીઘ $= 2\pi r \therefore 44 = 2 \times \frac{22}{7} \times r \therefore \frac{44 \times 7}{2 \times 22} = r \therefore 7 = r$

ઘનફળ $= \pi r^2 h = \frac{22}{7} \times 7 \times 7 \times 15 = 2310$

20. એક નળાકાર પ્લેટનો વ્યાસ 14 સે.મી. અને ઉંચાઈ 2 સે.મી. છે આવી 20 પ્લેટો એકબીજા પર ગોઠવી બનતા નળાકારનું ઘનફળ ______ ઘન સે.મી. થાય.

20 પ્લેટો ગોઠવતાં બનતા નળાકારની ઉંચાઈ $20 \times 2 = 40$ સે.મી.

નળાકારનું ઘનફળ $= \pi r^2 h = \frac{22}{7} \times 7 \times 7 \times 40 = 6160$

21. એક શંકુના પાયાની ત્રિજ્યા 14 સે.મી. અને ઉંચાઈ 15 સે.મી. છે તો ઘનફળ ______ ઘન સે.મી. થાય.

શંકુનું ઘનફળ $= \frac{1}{3}\pi r^2 h \quad = \frac{1}{3} \times \frac{22}{7} \times 14 \times 14 \times 15$

$= 3080$ ઘન સેમી.

22. એક શંકુની ત્રિજ્યા 5 સે.મી. અને ઉંચાઈ 6 સે.મી. છે તો તેનું ઘનફળ ______ થાય $(\pi = 3.14)$

શંકુનું ઘનફળ $= \frac{1}{3}\pi r^2 h = \frac{1}{3} \times \frac{314}{100} \times 5 \times 5 \times 6$

$= 157$ ઘન સે.મી.

23. એક શંકુનું ઘનફળ $100\pi$ ઘન સે.મી. છે જો તેની ત્રિજ્યા 10 સે.મી. હોય તો ઉંચાઈ ______ સે.મી.

ઘનફળ $= \frac{1}{3}\pi r^2 h \therefore 100\pi = \frac{1}{3}\pi \times 100 \times h$

$\therefore \frac{3 \times 100}{100} = h \therefore 3 = h$

24. એક શંકુના પાયાનું ક્ષેત્રફળ 75 સે.મી. અને ઉંચાઈ 10 સે.મી. છે તો ઘનફળ ______ ઘન સે.મી. થાય.

પાયાનું ક્ષેત્રફળ $= \pi r^2 = 75$

ઘનફળ $= \frac{1}{3}\pi r^2 h = \frac{1}{3} \times 75 \times 10 = 250$

25. એક શંકુની ત્રિજ્યા 3 સે.મી. તેની ઉંચાઈ ત્રિજ્યા જેટલી જ છે તો ઘનફળ ______ ઘન સે.મી. થાય. $(\pi = 3.14)$

ઘનફળ $= \frac{1}{3}\pi r^2 h = \frac{1}{3} \times \frac{314}{100} \times 3 \times 3 \times 3 = 28.26$ ઘન સે.મી.

26. એક શંકુના પાયાનો પરિઘ 44 સે.મી. છે અને ઉંચાઈ 9 સે.મી. તો ઘનફળ ______ ઘન સે.મી. થાય.

પરિઘ $= 2\pi r \therefore 44 = 2 \times \frac{22}{7} \times r \therefore \frac{44 \times 7}{2 \times 22} = r \therefore 7 = r$

ઘનફળ $= \frac{1}{3}\pi r^2 h = \frac{1}{3} \times \frac{22}{7} \times 7 \times 7 \times 9 = 462$

27. એક શંકુની ત્રિજ્યા 21 સે.મી. અને ત્રાંસી ઉંચાઈ 35 સે.મી. હોય તો ઘનફળ ______ સે.મી. થાય.

$h^2 = l^2 - r^2 = 35^2 - 21^2 = 56 \times 14 = 784 \therefore h = 28$

ઘનફળ $= \frac{1}{3}\pi r^2 h = \frac{1}{3} \times \frac{22}{7} \times 21 \times 21 \times 28 = 12936$ સે.મી.

28. એક શંકુની વક્રસપાટીનું ક્ષેત્રફળ 550 ચો.સે.મી. છે જો શંકુનો વ્યાસ 14 સે.મી. હોય તો તેનું ઘનફળ ______ ઘન સે.મી. થાય.

શંકુની વક્રસપાટીનું ક્ષેત્રફળ $= \pi r l$

$550 = \frac{22}{7} \times 7 \times l$

$\frac{550}{22} = l$

$25 = l$

$h^2 = l^2 - r^2 = 25^2 - 7^2 = 625 - 49$

$\therefore h^2 = 576 \;\therefore h = 24$

શંકુનું ઘનફળ $= \frac{1}{3}\pi r^2 h$

$= \frac{1}{3} \times \frac{22}{7} \times 7 \times 7 \times 24 = \boxed{1232}$

29. 10 સે.મી. ત્રિજ્યા અને 15 સે.મી. ઉંચાઈના શંકુ આકારના પાત્રમાં ભરેલું પાણી 5 સે.મી. ત્રિજ્યાના નળાકારમાં રેડતાં પાણીની ઉંચાઈ ______ સે.મી. થાય.

શંકુનું ઘનફળ = નળાકારમાં રહેલ પાણીનું ઘનફળ

$\therefore h=\frac{\pi\times100\times15}{3\times\pi\times25}$=20 સે.મી.

**30.** એક ગોળાની ત્રિજ્યા 21 સે.મી. છે તો ગોળાનું ઘનફળ ......... સે.મી.$^3$ થાય.

ઘનફળ $=\frac{4}{3}\pi r^3=\frac{4}{3}\times\frac{22}{7}\times21\times21\times21=38808$

**31.** મોહનભાઈના ખેતરમાં શંકુ આકારના 10 ઘઉંના ઢગલા છે. દરેક ઢગલાનો વ્યાસ 140 સે.મી. અને ઉંચાઈ 60 સે.મી. છે. આ બધા ઘઉ 20 સે.મી. ત્રિજ્યા અને 50 સે.મી. ઉંચાઈના નળાકાર પીપમાં ભરવા ______ પીપ જોઈએ.

10 ઢગલાનું ઘનફળ $=10\times\frac{1}{3}\times\frac{22}{7}\times70\times70\times60$

$=10\times22\times10\times70\times20$

નળાકાર પીપનું ઘનફળ $=\pi r^2h=\frac{22}{7}\times20^2\times50$

પીપની સંખ્યા $=\frac{10\times22\times10\times70\times20\times7}{22\times20\times20\times50}=49$

**32.** એક નક્કર અર્ધગોળાની ત્રિજ્યા 30 સે.મી. છે તો ઘનફળ ______ ઘન સે.મી. થાય $(\pi=3.14)$

અર્ધગોળાનું ઘનફળ $=\frac{2}{3}\pi r^3$

$=\frac{2}{3}\times\frac{314}{100}\times30\times30\times30=56520$

**33.** 3 સે.મી. ત્રિજ્યાના ગોળાનું ઘનફળ ______ ઘન સે.મી. થાય.

ગોળાનું ઘનફળ $=\frac{4}{3}\times\pi\times3\times3\times3=36\pi$

**34.** ગોળાની ત્રિજ્યા બે ગણી કરીએ તો તેનું ઘનફળ ______ ગણું થાય.

ત્રિજ્યા બે ગણી કરતાં ઘનફળમાં ત્રિજ્યાનો ઘન થાય $2^3=8$

**35.** બે ગોળાઓની ત્રિજ્યાઓનો ગુણોત્તર 2:3 છે તો તેમના ઘનફળોનો ગુણોત્તર ______ થાય.

$=\frac{4}{3}\pi r_1^3:\frac{4}{3}\pi r_2^3\ \therefore 2^3:3^3\ \therefore 8:27$

**36.** એક ગોળાનું ઘનફળ $36\pi$ સે.મી.$^3$ છે તો ગોળાનો વ્યાસ ______ સે.મી. થાય.

ઘનફળ $=\frac{4}{3}\pi r^3\ \therefore 36\pi=\frac{4}{3}\pi r^3\ \therefore\frac{36\times3}{4}=r^3$

$\therefore 3=r,\ d=6$

**37.** એક ગોળાનું ઘનફળ 4851 સે.મી.$^3$ છે તો તેનો વ્યાસ ______ સે.મી.

ઘનફળ $=\frac{4}{3}\pi r^3\ \therefore 4851=\frac{4}{3}\times\frac{22}{7}r^3$

$\therefore\frac{4851\times3\times7}{4\times22}=r^3$

$\therefore\frac{21\times21\times21}{2\times2\times2}=r^3$

$\therefore\frac{21}{2}=r,\quad\therefore d=21$

**38.** એક અર્ધગોળાનું ઘનફળ $89\frac{5}{6}$ ઘન સે.મી. છે તો તેનો વ્યાસ ______ સે.મી. થાય.

ઘનફળ $=\frac{2}{3}\pi r^3\ \therefore\frac{539}{6}=\frac{2}{3}\times\frac{22}{7}\times r^3$

$\therefore\frac{539\times7\times3}{6\times22\times2}=r^3\ \therefore\frac{7^3}{2^3}=r^3$

$\therefore\frac{7}{2}=r\ \therefore\ d=7$

**39.** એક ગોળાનું ઘનફળ $1437\frac{1}{3}$ ઘન સે.મી. છે તો તેની વક્રસપાટીનું ક્ષેત્રફળ ______ સે.મી.$^2$

$\therefore\frac{4312}{3}=\frac{4}{3}\times\frac{22}{7}\times r^3\ \therefore\frac{4312\times7}{4\times22}=r^3$

$\therefore 343=r^3\ \therefore 7=r$

ગોળાની વક્રસપાટીનું ક્ષેત્રફળ $=4\pi r^2=4\times\frac{22}{7}\times7\times7=616$

**40.** એક ગોળાની વક્રસપાટીનું ક્ષેત્રફળ 154 સે.મી.$^2$ છે તો તેનું ઘનફળ ______ ઘન સે.મી. છે.

ક્ષેત્રફળ $=4\pi r^2\ \therefore 154=4\times\frac{22}{7}\times r^2$

$\therefore\frac{154\times7}{4\times22}=r^2\ \therefore\frac{49}{4}=r^2$

$\therefore r=\frac{7}{2}$, ઘનફળ $=\frac{4}{3}\times\frac{22}{7}\times\frac{7}{2}\times\frac{7}{2}\times\frac{7}{2}$

$=\frac{539}{3}=179\frac{2}{3}$

**41.** એક લંબચોરસ કાગળની લંબાઈ 88 સે.મી. અને પહોળાઈ 20 સે.મી. છે આ કાગળને વાળીને નળાકાર બનાવીએ તો તેનું ઘનફળ ______ ઘન સે.મી. થાય.

નળાકારનો પરીઘ $=2\pi r\ \therefore 88=2\times\frac{22}{7}\times r$

$\therefore \frac{88\times 7}{44}=r \ \therefore r=14$

નળાકારનું ઘનફળ $=\pi r^2 h=\frac{22}{7}\times 14\times 14\times 20=12320$

**42.** 5.4 મી. વ્યાસ ધરાવતા 20 મી ઉંડો કૂવો ખોદતાં નીકળતી માટી 15 મી ત્રિજ્યા ધરાવતા વર્તૂળાકાર મેદાનમાં પાથરતાં તેની ઉંચાઈમાં _____ મી. વધારો થાય.

કુવાનું ઘનફળ = મેદાનનું ઘનફળ

$\therefore \pi r_1^2 h_1=\pi r_2^2 h_2 \ \therefore 2.7\times 2.7\times 20=15\times 15\times h$

$\therefore \frac{2.7\times 2.7\times 20}{15\times 15}=h$

$\therefore 0.648=h$

**43.** એક અર્ધગોળાકાર પાત્રની ત્રિજ્યા 12 સે.મી. છે તે પાણીથી પુરેપુરું ભરેલ છે તેનાથી 3 સે.મી. ત્રિજ્યા અને 8 સે.મી. ઉંચાઈની કેટલી શીશીઓ ભરી શકાય ?

અર્ધગોળાનું ઘનફળ $=\frac{2}{3}\pi r^3$

$=\frac{2}{3}\times\frac{22}{7}\times 12\times 12\times 12$ ઘન સે.મી.

નળાકાર શીશીનું ઘનફળ $=\pi r^2 h=\frac{22}{7}\times 3\times 3\times 8$

શીશીની સંખ્યા $=\frac{\frac{2}{3}\times\frac{22}{7}\times 12\times 12\times 12}{\frac{22}{7}\times 3\times 3\times 8}=16$

16 શીશીઓ ભરી શકાય

**44.** 21 સે.મી. ત્રિજ્યાના ગોળાને ઓગાળી 0.5 સે.મી. ત્રિજ્યાનો કેટલા મીટર લાંબો તાર બનાવી શકાય ?

ગોળાનું ઘનફળ = તારનું ઘનફળ

$\therefore \frac{4}{3}\pi r_1^3=\pi r_2^2 h$

$\therefore \frac{4}{3}\times 21\times 21\times 21=0.5\times 0.5\times h$

$\therefore \frac{4\times 7\times 21\times 21}{0.5\times 0.5}=h \ \therefore 49392=h$

$\therefore h=493.92$ મીટર

**45.** 12 સે.મી. વ્યાસના ગોળાને ઓગાળી 0.3 સે.મી. ત્રિજ્યાની _____ ગોળીઓ બને.

ગોળાનું ઘનફળ $=n\times$ ગોળીઓનું ઘનફળ

$\therefore \frac{4}{3}\pi r_1^3=n\times\frac{4}{3}\pi r_2^3$

$\therefore 6\times 6\times 6=n\times 0.3\times 0.3\times 0.3 \ \therefore n=8000$

**46.** 21 સે.મી. વ્યાસના ગોળાને ઓગાળી 7 સેમી વ્યાસ અને 3 સે.મી. ઉંચાઈના _____ શંકુ બને.

ગોળાનું ઘનફળ $=n\times$ શંકુનું ઘનફળ

$\therefore \frac{4}{3}\pi r^3=n\frac{1}{3}\pi r^2 h$

$\therefore 4\times\frac{21}{2}\times\frac{21}{2}\times\frac{21}{2}=n\times\frac{7}{2}\times\frac{7}{2}\times 3 \ \therefore 126=n$

**47.** 1 સે.મી. વ્યાસ અને 4 સે.મી. ઉંચાઈના એક નળાકારને ઓગાળી $\frac{1}{8}$ સે.મી. ત્રિજ્યાની _____ ગોળીઓ બનાવી શકાય.

નળાકારનું ઘનફળ $=n\times$ ગોળીનું ઘનફળ

$\pi r_1^2 h=n\times\frac{4}{3}\pi r_2^3 \ \therefore \frac{1}{2}\times\frac{1}{2}\times 4=n\times\frac{4}{3}\times\frac{1}{8}\times\frac{1}{8}\times\frac{1}{8}$

$\therefore n=3\times 2\times 8\times 8=384$

**48.** એક લંબઘનની લંબાઈ 18 મીટર, પહોળાઈ 16 મીટર અને ઉંચાઈ 9 મીટર છે. તો તેનું ઘનફળ _____ મી$^3$ તથા વક્રસપાટીનું ક્ષેત્રફળ _____ ચો.મી.$^2$ થાય.

લંબઘનનું ઘનફળ $l\times b\times h=18\times 16\times 9=2592$

લંબઘનની વક્રસપાટીનું ક્ષેત્રફળ

$=2(lb+bh+hl)$

$=2(18\times 16+16\times 9+9\times 18)=1188$

**49.** એક સમઘનનું ઘનફળ 512 ઘન સેમી છે તો કોઈપણ એકબાજુનું ક્ષેત્રફળ _____ સે.મી.$^2$

ઘનફળ $=l^3 \therefore 512=l^3 \ \therefore l=8,$

ક્ષેત્રફળ $=l^2=8^2=64$

**50.** એક નળાકારના પાયાની ત્રિજ્યા 9 સે.મી. અને તેની ઉંચાઈ 14 સે.મી. છે તો તેનું ઘનફળ _____ સે.મી.$^3$ થાય.

ઘનફળ $\pi r^2 h=\frac{22}{7}\times 9\times 9\times 14=3564$

**51.** એક શંકુની ત્રિજ્યા 14 સે.મી. અને ઉંચાઈ 27 સેમી છે. તો તેનું ઘનફળ _____ ઘન સે.મી.$^3$

ઘનફળ $=\frac{1}{3}\pi r^2 h=\frac{1}{3}\times\frac{22}{7}\times 14\times 14\times 27=5544$

**52.** એક ગોળાની ત્રિજ્યા 10.5 સે.મી. હોય તો ઘનફળ _____ સે.મી.$^3$ તથા વક્રસપાટીનું ક્ષેત્રફળ _____ સે.મી.$^2$

ગોળાનું ઘનફળ $=\frac{4}{3}\pi r^3=\frac{4}{3}\times\frac{22}{7}\times\frac{105}{10}\times\frac{105}{10}\times\frac{105}{10}$

$=4851$

ગોળાનું ક્ષેત્રફળ $=4\pi r^2=4\times\frac{22}{7}\times 10.5\times 10.5=1386$

**53.** એક અર્ધગોળાની ત્રિજ્યા 14 સેમી હોય તો તેનું ઘનફળ, વક્રસપાટીનું ક્ષેત્રફળ તથા કુલ સપાટીનું ક્ષેત્રફળ શોધો.

$$\text{ઘનફળ} = \frac{2}{3}\pi r^3 = \frac{2}{3}\times\frac{22}{7}\times 14\times 14\times 14$$

$$= 5749.33 \text{ સે.મી.}^3$$

$$\text{વક્રસપાટીનું ક્ષેત્રફળ} = 2\pi r^2 = 2\times\frac{22}{7}\times 14\times 14$$

$$= 1232 \text{ સે.મી.}^3$$

$$\text{કુલ સપાટીનું ક્ષેત્રફળ} = 3\pi r^2 = 3\times\frac{22}{7}\times 14\times 14$$

$$= 1848$$

**54.** લાકડાના એક ટુકડાની લંબાઈ 9 સે.મી. પહોળાઈ 5 સે.મી. અને જાડાઈ 3 સે.મી. છે. જો 1 ઘન સે.મી. લાકડાનું વજન 9 ગ્રામ હોય તો તેનું કુલ વજન ______ ગ્રામ થાય.

લાકડાનું ઘનફળ $l\times b\times h = 9\times 5\times 3 = 135$ ઘન સે.મી.

લાકડાનું વજન $= 135\times 9 = 1215$ ગ્રામ

**55.** એક લંબઘન ધાતુનો ટુકડો 48 સે.મી. × 11 સે.મી. × 8 સે.મી. માપનો છે તેને ઓગાળી 16 સેમી વ્યાસનો નળાકાર બનાવીએ તો નળાકારની ઉંચાઈ ______ સે.મી. થાય.

લંબઘન ઘનફળનું = નળાકારનું ઘનફળ

$$\therefore 48\times 11\times 8 = \frac{22}{7}\times 8\times 8\times h$$

$$\therefore h = \frac{48\times 11\times 8\times 7}{22\times 8\times 8} = 21 \text{ સે.મી.}$$

**56.** 28 સે.મી. ઉંચાઈ અને 6 સેમી ત્રિજ્યાના નળાકારને પિગાળી તેમાંથી 1.5 સે.મી. વ્યાસ ધરાવતી કેટલી ગોળીઓ બને ?

નળાકારનું ઘનફળ $= n\times$ ગોળીનું ઘનફળ

$$\frac{22}{7}\times 6\times 6\times 28 = n\times\frac{4}{3}\times\frac{15}{20}\times\frac{15}{20}\times\frac{15}{20}\times\frac{22}{7}$$

$$\frac{6\times 6\times 28\times 3\times 20\times 20\times 20}{4\times 15\times 15\times 15} = n$$

$\therefore n = 1792$ ગોળીઓ બને

**57.** બે સમઘનના ઘનફળનું પ્રમાણ 27:1 તો બાજુઓનું પ્રમાણ ______ થાય.

$$l_1^3 : l_2^3 = 27:1 \therefore l_1 : l_2 = 3:1$$

**58.** એક સમઘનની વક્રસપાટીનું ક્ષેત્રફળ 1944 છે તો તેનું ઘનફળ ______ થાય.

સમઘનની વક્રસપાટીનું ક્ષેત્રફળ

$$= 6l^2 \therefore 1944 = 6l^2$$

$$\therefore 324 = l^2,\ l = 18$$

સમઘનનું ઘનફળ $= l^3 = 18^3 = 5832$

**59.** બે સમઘનના ઘનફળનો ગુણોત્તર 1:64 છે તો તેમના પૃષ્ઠફળોનો ગુણોત્તર ______ થાય.

લંબાઈનો ગુણોત્તર $= 1:4$, પૃષ્ઠફળોનો ગુણોત્તર $= 1:16$

**60.** બે નળાકારની ત્રિજ્યાઓનો ગુણોત્તર 4:6 અને ઉંચાઈનો ગુણોત્તર 3:4 છે તો તે બંનેના ઘનફળનો ગુણોત્તર ______ થાય.

પ્રથમ નળાકારનું ઘનફળ : બીજા નળાકારનું ઘનફળ

$$\therefore \pi r_1^2 h_1 : \pi r_2^2 h_2 \therefore 4^2\times 3 : 6^2\times 4 \therefore 48:144 \therefore 1:3$$

**61.** એક લંબઘન બોક્ષની ત્રણ બાજુઓના ક્ષેત્રફળ અનુક્રમે 120 સે.મી.$^2$, 72 સે.મી.$^2$ અને 60 સે.મી. છે તો તેનું ઘનફળ ______ સે.મી.$^3$ થાય.

$$l\times b = 120,\ b\times h = 72,\ h\times l = 60$$

$$\therefore (l\times b)(b\times h)(h\times l) = 120\times 72\times 60$$

$$\therefore l^2\times b^2\times h^2 = 518400$$

$$\therefore l\times b\times h = 720$$

$\therefore$ ઘનફળ $= 720$

**62.** એક સમઘનની એકબાજુની પરિમિતિ 20 સે.મી. છે તો તેનું ઘનફળ ______ સે.મી.$^3$

$$\text{પરિમિતિ} = 4\times l \therefore 20 = 4\times l \therefore \frac{20}{4} = l \therefore l = 5$$

ઘનફળ $= l^3 = 5^3 = 125$

**63.** બે શંકુની ત્રિજ્યા 2:5 ના પ્રમાણમાં અને ઉંચાઈ 5:2 ના પ્રમાણમાં છે તો તેમના ઘનફળનું પ્રમાણ ______ થાય.

$$\text{ઘનફળ પ્રમાણ} = \frac{1}{3}\pi r_1^2 h_1 : \frac{1}{3}\pi r_2^2 h_2$$

$$= 2^2\times 5 : 5^2\times 2 = 20:50 = 2:5$$

**64.** 0.88 ઘ.મી. લોખંડના ટુકડામાંથી 14 મી લંબાઈ અને 2 સે.મી. વ્યાસના કેટલા લોખંડના સળીયા બને ?

$$0.88 = n\times\frac{22}{7}\times\frac{1}{100}\times\frac{1}{100}\times 14$$

$$\therefore \frac{88\times 100\times 100}{100\times 44} = n \therefore 200 = n$$

જવાબ : 200 સળીયા બને.

**65.** એક નક્કર અર્ધગોળાનું કુલ પૃષ્ઠફળ 462 સે.મી.$^2$ છે તો તેનું ઘનફળ ______ સે.મી.$^3$

$$\text{પૃષ્ઠફળ} = 3\pi r^2 \therefore 462 = 3\times\frac{22}{7}\times r^2$$

$$\therefore \frac{462\times 7}{3\times 22} = r^2 \therefore 7 = r$$

ઘનફળ

**66.** એક અર્ધગોળાકાર પાણીની ટાંકીની અંદરની ત્રિજ્યા 2.1 મી છે તો તે ટાંકીમાં ______ લીટર પાણી સમાય.

ઘનફળ $= \frac{2}{3}\pi r^3 = \frac{2}{3} \times \frac{22}{7} \times \frac{21}{10} \times \frac{21}{10} \times \frac{21}{10}$

$= 19.404$ ઘ.મી.

$= 19404$ લીટર

**67.** જો બે ઘનના પૃષ્ઠફળોનો ગુણોત્તર 9:4 છે તો તેમના ઘનફળોનો ગુણોત્તર ______ થાય.

બાજુઓનો ગુણોત્તર $= 3:2$

$\therefore$ ઘનફળોનો ગુણોત્તર $= 27:8$

**68.** એક નળાકારની ત્રિજ્યા અને ઉંચાઈ સરખા છે જો નળાકારનો વ્યાસ 2 સે.મી. હોય તો. નળાકારનું ઘનફળ ______ સે.મી.$^3$ થાય.

ઘનફળ $= \frac{22}{7} \times r^2 \times h = \frac{22}{7} \times 1^2 \times 1 = \frac{22}{7} = 3.14$

**69.** એક શંકુની ઉંચાઈ 1 સે.મી. છે. જો આ શંકુની ત્રિજ્યા ઉંચાઈ કરતાં ત્રણગણી હોય તો શંકુનું ઘનફળ ______ સે.મી.$^3$

ઘનફળ $= \frac{1}{3}\pi r^2 h = \frac{1}{3} \times \frac{22}{7} \times 3 \times 3 \times 1$

$= \frac{66}{7} = 9.43$ અથવા $9\frac{3}{7}$

**70.** એક ગોળાનું ઘનફળ અને તેમની વક્રસપાટીનું ક્ષેત્રફળના માપ સરખા છે તો વ્યાસ થાય.

$\therefore \frac{4}{3}\pi r^3 = 4\pi r^2 \quad \therefore r = 3 \quad \therefore d = 6$

**71.** બે શંકુના પાયાની ત્રિજ્યાઓ સરખી છે. તેમની ત્રાંસી ઉંચાઈનો ગુણોત્તર 3:4 છે તો તે બે શંકુની વક્રસપાટીઓનો ગુણોત્તર ______ છે.

$= \pi r_1 l_1 : \pi r_2 l_2 \quad \therefore \pi \times x \times 3 : \pi \times x \times 4 \quad \therefore 3:4$

**72.** એક નળાકાર અને શંકુની વક્રસપાટીઓના ક્ષેત્રફળ સરખા છે. જો તેમની ત્રિજ્યાઓ સરખી હોય તો નળાકારની ઉંચાઈ અને શંકુની ત્રાંસી ઉંચાઈનો ગુણોત્તર ______ છે.

$= 2\pi rh = \pi rl \quad \therefore 2h = l \quad \therefore \frac{h}{l} = \frac{1}{2} \quad \therefore h:l = 1:2$

**73.** જેના પાયાનું ક્ષેત્રફળ 72 સે.મી.$^2$ હોય અને ઉંચાઈ 5 સે.મી. હોય તેવા શંકુનું ઘનફળ ______ સે.મી.$^3$

શંકુના પાયાનું ક્ષેત્રફળ $= \pi r^2$

$72 = \pi r^2$

શંકુનું ઘનફળ $= \frac{1}{3}\pi r^2 h = \frac{1}{3} \times 72 \times 5 = 120$

**74.** $3\pi$ સે.મી.$^2$ કુલ પૃષ્ઠફળ ધરાવતા નક્કર અર્ધગોળાનો વ્યાસ ______ સે.મી. થાય.

અર્ધગોળાનું પૃષ્ઠફળ $= 3\pi r^2 \quad \therefore 3\pi = 3\pi r^2$

$\therefore l = r \quad \therefore d = 2$

## વધુ પ્રેક્ટીસ માટેના દાખલાઓ :

01. જો કોઈ વર્ગને ચાર ગણો કરી તે પરિચાપી વર્ગ તથા આપેલ વર્ગનું ક્ષેત્રફળ નું પ્રમાણ શું હશે ?

(અ) 1:4 (બ) 4:1

(ક) 8:1 (ડ) 16:1

02. વર્ગની બાજુઓ માપવામાં 5% ની વધુ ભુલ થાય છે તો આપેલ ક્ષેત્રફળમાં વૃધ્ધિના ટકા કેટલા હશે ?

(અ) 10¼ % (બ) 25%

(ક) 5½ % (ડ) 10%

03. 12 સે.મી. બાજુવાળા એક ઘનથી 4 સે.મી. બાજુવાળા કેટલા ઘન બનાવી શકાય ?

(અ) 54 (બ) 16

(ક) 27 (ડ) 21

04. 3 સે.મી. ત્રિજ્યાવાળા એક ગોળાને એક નળાકાર વાસણ, જેમાં થોડું પાણી ભરેલું હતું તેમાં મૂકવામાં આવે છે. વાસણની ત્રિજ્યા 6 સે.મી. છે. જો ગોળો પાણીમાં પૂરો ડુબી જાય છે તો પાણીની સપાટી કેટલી વધશે ?

(અ) ¼ સે.મી. (બ) ½ સે.મી.

(ક) 1 સે.મી. (ડ) 2 સે.મી.

05. પાણીની એક ટાંકી 25 મી લાંબી અને 16 મીટર પહોળી છે ટાંકીના તળિયાને $\frac{1}{2}$ મીટર ઓછું કરવા માટે કાઢી લેવામાં આવતું પાણીનું આયતન કેટલું હશે.

(અ) 150 ઘન મી. (બ) 200 ઘન મી.

(ક) 250 ઘન મી. (ડ) 800 ઘન મી.

06. પાણીની એક ઘનઆકાર ટાંકીની લંબાઈ 2 મીટર છે. જો ટાંકી પાણીથી અડધી ભરી હોય તો ટાંકીમાં કેટલો લીટર પાણી છે ?

(અ) 2000 લીટર (બ) 1100 લીટર

(ક) 8000 લીટર (ડ) 4000 લીટર

07. 8 સે.મી. ત્રિજ્યાવાળા કોઈ ગોળાને પીગળાવીને 2 સે.મી. ત્રિજ્યાવાળી નક્કર પોલાદના દડાની સંખ્યા કેટલી હશે ?

(અ) 4 (બ) 16

(ક) 32 (ડ) 64

08. કોઈ શંકુ આકારના વાસણ 14 સે.મી. અને ઊંચાઈ 9 સે.મી. એમાં બનેલ બરફની આયતનનો વ્યાસ શું હશે ?

(અ) 162 (બ) 262 ઘન સે.મી.

(ક) 362 ઘન સે.મી. (ડ) 462 ઘન સે.મી.

09. 4 સે.મી. ત્રિજ્યાવાળા કોઈ ગોળાને ઓગાળી 2 સે.મી. ત્રિજ્યાવાળી કેટલી ગોળીઓ બનાવી શકાય ?

(અ) 64 (બ) 44

(ક) 8 (ડ) 6

10. એક ટાંકી $\frac{3}{4}$ ભાગ પાણીથી ભરેલો છે. 21 લિટર પાણી કાઢી નાંખવાથી ટાંકીનો $\frac{2}{5}$ ભાગ ભરેલો રહે છે. તો ટાંકીની ધારિતા (ક્ષમતા) લીટરમાં કેટલી હશે ?

(અ) 100 લીટર (બ) 120 લીટર
(ક) 60 લીટર (ડ) 50 લીટર

11. એક મેદાનનું ક્ષેત્રફળ 2800 વર્ગ મીટર છે. તેના પર 2.5 સે.મી. મોટી માટીનું પડ પાથરવા માટેનો ખર્ચ 10.50 રૂપિયા પ્રતિ ઘન મીટરના દરથી કેટલું થશે ?

(અ) 735 (બ) 1000
(ક) 500 (ડ) 900

12. એક વર્તુળાકાર બાગની ત્રિજ્યા 28 મીટર છે. આ બાગની ફરતે તારની વાડ કરવા 1 મીટરના 5 રૂ. લેખે કેટલા રૂપિયા મજુરી ચૂકવવી પડે.

13. એક વર્તુળાકાર તળાવનો વ્યાસ 133 મીટર છે. તળાવને ફરતે વાડ કરવાનો ખર્ચ મીટરના 5 રૂપિયા લેખે કેટલો થશે ?

14. 14 મીટર વ્યાસવાળા મેદાનનું ક્ષેત્રફળ કેટલું થાય.

15. 49 મી. ત્રિજ્યાવાળી સપાટીનું ક્ષેત્રફળ કેટલું થાય.

16. એક પૈંડાની ત્રિજ્યા 35 સે.મી. છે. 100 આંટા ફરે તો કેટલું અંતર કાપશે ?

17. એક પૈંડાનો વ્યાસ 1.05 મીટર છે. આ પૈંડું 33 કિ.મી. અંતર કાપે તો તે કેટલા આંટા ફર્યું હશે ?

18. એક વર્તુળાકાર મેદાનનો વ્યાસ 42 મીટર છે. તો મેદાનનું ક્ષેત્રફળ કેટલું થાય ?

19. એક વર્તુળની ત્રિજ્યા 7 ચો.મી. છે. જો ત્રિજ્યાને બમણી કરવામાં આવે તો વર્તુળનું ક્ષેત્રફળ કેટલા ચો.મી. થાય ?

20. એક નળાકારના પાયાની ત્રિજ્યા 14 મીટર અને ઉંચાઈ 20 મીટર છે, તો નળાકારની વક્રસપાટીનું ક્ષેત્રફળ શોધો.

21. 8 સે.મી. બાજુવાળા બે ઘન સરખી રીતે જોડાય છે. પરિણામી ઘનફળ પૃષ્ઠફળ નીચેનામાંથી કયું હશે ?

(અ) 650 (બ) 640
(ક) 690 (ડ) 670

22. નળાકાર ચિમનીનો વ્યાસ 2 મીટર અને ઉંચાઈ 7 મીટર છે. આ ચીમનીને બહારથી રંગવાનો ખર્ચ દર ચો.મી.નાં રૂ. 160 લેખે કેટલો થાય ?

23. તળિયાવાળા એક નળાકારની ત્રિજ્યા 7 મી. અને ઉંચાઈ 50 મી. છે. તો તેનું ક્ષેત્રફળ કેટલું થાય ?

24. અનાજ ભરવાનાં એક ઢાંકણાવાળા નળાકારનો વ્યાસ 1 મીટર અને ઉંચાઈ 2.5 મીટર છે. આ પીપની સપાટીનું ક્ષેત્રફળ શોધો ?

($\pi = 3.14$ લો)

25. ઢાંકળાવાળા એક નળાકાર ટાંકાની ત્રિજ્યા 2.1 મીટર અને ઉંચાઈ 2.9 મીટર છે. તો તેની કુલ સપાટીનું ક્ષેત્રફળ શોધો.

26. 20 સે.મી. ઉંચાઈનાં અને 14 સે.મી. વ્યાસના 50 નળાકાર તૈયાર કરવા કેટલા ચો.મી. પતરું જોઈએ ? એક ચો.મી. પતરાંની કિંમત રૂ. 200 હોય તો કેટલો ખર્ચ થાય ?

27. એક લંબઘનનાં સે.મી.માં પરિમાણ $20 \times 15 \times 10$ હોય તો લંબઘનનું કુલ પુષ્ઠફળ કેટલું ?

28. એક ઘનાકાર પેટીની દરેક ધારની લંબાઈ 12 સે.મી. છે. તો તેનું કુલ પુષ્ઠફળ કેટલું ? પાર્શ્વપુષ્ઠોનું ક્ષેત્રફળ કેટલું ?

29. શાળાના પ્રાર્થના ખંડની લંબાઈ 10 મીટર પહોળાઈ 8 મીટર અને ઉંચાઈ 5 મીટર છે. તેમાં $(3\times1.5)$ મી$^2$ નાં બે બારણા અને $(2\times12)$ મી$^2$ ની ચાર બારીઓ છે. પ્રાર્થનાં ખંડની દિવાલોને ધોળવાનો ખર્ચ 1 ચો.મી.ના રૂ. 6 લેખે કેટલો ખર્ચ થાય ?

30. 140 સે.મી. લંબાઈવાળા રોલરનો વ્યાસ 80 સે.મી. છે. જો રમતના મેદાનને સમતલ બનાવવા માટે રોલરને 600 આંટા મારવા પડે, તો કેટલા ચો.મી. જમીનને સમતલ બનાવી હશે ?

31. એક નળાકારની વક્રસપાટીનું ક્ષેત્રફળ 3696 સે.મી.$^2$ છે. જો નળાકારની ત્રિજ્યા 14 સે.મી. હોય તો તેની ઉંચાઈ કેટલી ?

32. નળાકારની ઊંચાઈ 28 સે.મી. છે. જો તેની વક્રસપાટીનું ક્ષેત્રફળ 2816 સે.મી.$^2$ હોય, તો તેનો વ્યાસ શોધો ?

33. એક નળાકારની ત્રિજ્યા અને ઉંચાઈ સરખા છે અને તે 50 સે.મી. છે. નળાકારનું કુલ ક્ષેત્રફળ શોધો ? ($\pi = 3.14$ લો)

34. શંકુની ત્રિજ્યા અને ત્રાંસી ઉંચાઈનો ગુણોત્તર 4 : 7 છે. વક્રસપાટીનું ક્ષેત્રફળ 792 સે.મી.$^2$ છે. તો શંકુની ત્રિજ્યા શોધો ?... ઉંચાઈ શોધો ?

35. 7 મીટર ત્રિજ્યાવાળો અને 24 મીટર ઉંચાઈવાળો શંકુ આકારનો તંબુ બનાવવા માટે 2 મીટર પનાવાળું કેટલા મીટર કાપડ જોઈએ ?

36. પાયાની ત્રિજ્યા 7 સે.મી. અને ઉંચાઈ 24 સે.મી. હોય, તેવી શંકુ આકારની જોકરની 15 ટોપીઓ બનાવવા માટે જરૂરી કાગળનું ક્ષેત્રફળ શોધો.

37. એક બંધ શંકુની ત્રાંસી ઉંચાઈ તેનાં પાયાની ત્રિજ્યા કરતા સાત ગણી છે. જો પાયાની ત્રિજ્યા 3 સે.મી. હોય તો કુલ પૃષ્ઠફળ શોધો. ($\pi = 3.14$ લો)

38. 282.60 મીટર$^2$ કાપડમાંથી 4 મીટર ઉંચાઈ અને 3 મીટર ત્રિજ્યા હોય તેવા કેટલાં શંકુ આકારનાં તંબુઓ બનાવી શકાય ? ($\pi = 3.14$ લો)

39. બંધ અર્ધગોળાકારની કુલ સપાટીનું પૃષ્ઠફળ અને ગોળાની વક્રસપાટીનું ક્ષેત્રફળનો ગુણોત્તર 25 : 108 છે. તો તેમની ત્રિજ્યાઓનો ગુણાકાર શોધો.

40. એક ગોળો, એક નળાકાર અને એક શંકુની ત્રિજ્યા સરખી છે અને ઉંચાઈ પણ સરખી છે, તથા ત્રિજ્યા અને ઊંચાઈ સરખા છે તો તેમની વક્રસપાટીનાં ક્ષેત્રફળનો ગુણોત્તર શોધો.

41. નળાકાર અને શંકુની ત્રિજ્યાઓ સરખી છે. બંનેની વક્રસપાટીનાં ક્ષેત્રફળ પણ સરખા છે. નળાકારની ઉંચાઈ તે શંકુનાં ત્રાસી ઉંચાઈ કરતાં કેટલા ગણી હશે ?

42. એક નક્કર અર્ધગોળાનું કુલ પુષ્ઠફળ 462 સે.મી.$^2$ છે. તો તેની ત્રિજ્યા શોધો ?

43. ગોળાનું ઘનફળ તેની વક્રસપાટીના ક્ષેત્રફળના માપ કરતા ...... ગણું હોય છે.

(અ) $\sqrt{\frac{r}{4}}$ (બ) $4 \pi r^2$

(ક) $\frac{r}{3}$ (ડ) $\frac{r^2}{4}$

44. **એક દિવાલની ઉંચાઇ, પહોળાઇની 5 ગણી તથા લંબાઇ, પહોળાની 8 ગણી છે, જો તે દિવાલની ઘનફળ 5000 ઘન મીટર છે. તો તેની પહોળાઇ શોધો.**

(અ) 5 મીટર (બ) 20 મીટર

(ક) 15 મીટર (ડ) 13 મીટર

45. એક નળાકારની ત્રિજ્યા અને ઊંચાઈનો ગુણોત્તર 5 : 7 અને તેનું ઘનફળ 550 સે.મી.$^3$ હોય તો તેની ત્રિજ્યા ......... સે.મી. હોય.

(અ) 5 (બ) 7

(ક) 10 (ડ) 6

46. 5.6 મીટર વ્યાસના એક કૂવાની ઉંડાઈ 25 સે.મી. વધારવામાં આવે તો કેટલા ઘન મીટર માટી નીકળે ?

(અ) 616 (બ) 61.6

(ક) 6.16 (ડ) 0.616

47. 1 મીટર લંબાઈ, 1 મીટર પહોળાઈ અને 1 મીટર ઊંડાઈ ટાંકીમાં ......... લિટર પાણી સમાય.

(અ) 10,000 (બ) 100

(ક) 1 (ડ) 1000

48. 1 મીટર લાંબા, 1 મીટર પહોળા અને 10 મીટર ઊંડા ખાડામાં ........ લિટર પ્રવાહી સમાય.

(અ) 100 (બ) 10

(ક) 1000 (ડ) 10,000

49. નળાકારનું ઘનફળ શોધવાનું સૂત્ર નીચેનામાંથી ક્યું છે ?

(અ) $\pi$ ત્રિ$^2$ (બ) $2\pi$ ત્રિ $\times$ ઊંચાઈ

(ક) $\pi$ ત્રિ$^2$ $\times$ ઊંચાઈ (ડ) $\pi \times$ ત્રિ $\times$ ઊંચાઈ

50. 50 સે.મી. ત્રિજ્યાના પાયાવાળી ટાંકીમાં 2 મીટર ઊંચાઈ સુધી પાણી ભરેલ છે, તેમાંથી 10 લીટરના કેટલા કેન ભરી શકાય ?

(અ) 2000 (બ) 100

(ક) 157 (ડ) 1570

51. 1 લિટર = ............ ઘનસેમી

(અ) 10 (બ) 100

(ક) 1000 (ડ) 10,000

52. 1 ઘન મીટર = .......... લિટર.

(અ) 10 (બ) 100

(ક) 1000 (ડ) 10,000

53. 1 ઘન મિટર = ........... કિલો લિટર.

(અ) 10 (બ) 100

(ક) 1000 (ડ) 1

54. 10 મીટર લાંબા અને 8 મીટર પહોળા ધાબામાં 6 સેન્ટિમીટર વરસાદ પડે તો ધાબામાં કેટલા લીટર પાણી પડ્યું કહેવાય ?

(અ) 48 લીટર (બ) 480 લીટર

(ક) 48000 લીટર (ડ) 4800 લીટર

55. એક નળાકારની પાયાની ત્રિજ્યા 14 સે.મી. છે અને ઊંચાઈ 15 સે.મી. છે, તો તેનું ઘનફળ કેટલું થાય ?

(અ) 9240 ઘન સે.મી. (બ) 8250 ઘન સે.મી.

(ક) 7240 ઘન સે.મી. (ડ) 6240 ઘન સે.મી.

56. પ્લાસ્ટિકની નળાકાર ટાંકીના પાયાનો વ્યાસ 70 સે.મી. છે અને ઊંચાઈ 2 મીટર છે તો આ ટાંકીમાં વધુમાં વધુ કેટલા પાણી સમાઈ શકે ?

(અ) 760 (બ) 860

(ક) 770 (ડ) 870

57. એક રૂપિયાના સિક્કાનું ઘનફળ શોધવાનું સૂત્ર ........... છે ?

(અ) $2\pi rh$ (બ) $2\pi r$

(ક) $\pi r^2$ (ડ) $\pi r^2 h$

58. **તાંબાનો 8 સે.મી. લાંબો વાયર જેનો વ્યાસ 1 સે.મી. છે, તેને ગરમ કરીને ખેંચવાથી 18 મીટર તારમાં પરિણમે છે, તો આ તારનો વ્યાસ કેટલા $mm$ હશે ?**

(અ) $\frac{1}{2}$ (બ) $\frac{2}{3}$

(ક) $\frac{4}{3}$ (ડ) $\frac{3}{4}$

59. **એક નળાકાર થાંભલાના વક્રભાગનું ક્ષેત્રફળ 528 મીટર$^2$ છે તથા તેનું ઘનફળ 2772 ઘન મીટર છે. તો થાંભલાની ઉંચાઇ**

કેટલી છે.

(અ) 10.5 (બ) 7.5 મી.

(ક) 8 મી. (ડ) 5.25 મી.

60. ઘનના પૃષ્ઠનું કુલ ક્ષેત્રફળ 294 સેમી$^2$ છે તો તેનું ઘનફળ છે.

(અ) 340 સે.મી.$^3$ (બ) 343 સે.મી.$^3$

(ક) 320 સે.મી.$^3$ (ડ) 298 સે.મી.$^3$

61. જો કોઈ ગોળાના ઘનફળને તેના પૃષ્ઠ ક્ષેત્ર ફળથી વિભાજીત કરાય તો પરિણામ 27 સે.મી. પ્રાપ્ત થાય છે તો ગોળાની ત્રિજ્યા છે.

(અ) 9 સે.મી. (બ) 27 સે.મી.

(ક) 81 સે.મી. (ડ) 243 સે.મી.

www.gujposts.in

## : જવાબો :

1. *(ડ)* 16:1, 2. *(અ)* 10¼ %, 3. *(ક)* 27, 4. *(ક)* ૧ ***સે.મી.*** 5. *(બ)* 200 ***ઘન મી.***, 6. *(ડ)* 4000 ***લીટર***, 7. *(ડ)* 64, 8. *(ડ)* 462 ***ઘન સે.મી.***, 9. *(ક)* 8, 10. *(ક)* 60 ***લીટર***, 11. *(અ)* 735, 12. 880 રૂ., 13. 2090 રૂ., 14. 154 ચો. મીટર, 15. 7546 ચો.મી., 16. 220 મીટર, 17. 10,000, 18. 1368 ચો.મી., 19. 616 ચો.મી., 20. 12320 ચો.મી., 21. (બ) ૬૪૦, 22. 7040 રૂ., 23. 2354 ચો.મી., 24. 9.42 ચો.મી., 25. 66 ચો.મી., 26. 4.4 ચો.મી., 880 રૂ., 27. 1300 ***ચો.મી.***$^૨$, 28. 864 ***સે.મી.***$^૨$, 576 ***ચો.સે.મી.***, 29. 930 રૂ., 30. 2112 મી$^૨$, 31. 42 સે.મી., 32. $d = 32$ ***સે.મી.***, 33. 31400 સે.મી.$^૨$, 34. $(r = 12\ c.m.,\ l = 21\ c.m.)$, 35. 275 મીટર, 36. 8250 ***સે.મી.***$^૨$, 37. 226.28 ***સે.મી.***$^૨$, 38. તંબુની સંખ્યા 6, 39. (5:9), 40. 4:3:1, 41. $\frac{1}{2}$ ગણી, 42. 4.7 ***સે.મી.***, 43. (ક) $\frac{r}{3}$, 44. (અ) ૫ મીટર, 45. (અ) 5, 46. (ક) 6.16, 47. (ડ) 1000, 48. (ડ) 10,000, 49. (ક) π ત્રિ$^૨$ × ઊંચાઈ, 50. (ક) 157, 51. (ક) 1000, 52. (ક) 1000, 53. (ડ) 1, 54. (ડ) 4800 લીટર, 55. (અ) 9240 ઘન સે.મી., 56. (ક) 770, 57. (ડ) $\pi r^2 h$, 58. (બ) $\frac{2}{3}$, 59. (ક) ૮ મી., 60. (બ) ૩૪૩ સે.મી.$^૩$, 61. (ક) ૮૧ સે.મી.

# ૨૪. ત્રિકોણમિતિ

● રીત - 1

(1) $\sin\theta = \dfrac{\text{સામેની બાજુ}}{\text{કર્ણ}}$ (2) $\cos\theta = \dfrac{\text{પાસેની બાજુ}}{\text{કર્ણ}}$

(3) $\tan\theta = \dfrac{\text{સામેની બાજુ}}{\text{પાસેની બાજુ}}$ (4) $\operatorname{cosec}\theta = \dfrac{\text{કર્ણ}}{\text{સામેની બાજુ}}$

(5) $\sec\theta = \dfrac{\text{કર્ણ}}{\text{પાસેની બાજુ}}$ (6) $\cot\theta = \dfrac{\text{પાસેની બાજુ}}{\text{સામેની બાજુ}}$

● રીત - 2

(1) $\sin\theta = \dfrac{1}{\operatorname{cosec}\theta}$, $\operatorname{cosec}\theta = \dfrac{1}{\sin\theta}$, $\sin\theta \cdot \operatorname{cosec}\theta = 1$

(2) $\cos\theta = \dfrac{1}{\sec\theta}$, $\sec\theta = \dfrac{1}{\cos\theta}$, $\cos\theta \cdot \sec\theta = 1$

(3) $\tan\theta = \dfrac{\sin\theta}{\cos\theta}$, $\cot\theta = \dfrac{\cos\theta}{\sin\theta}$, $\tan\theta \cdot \cot\theta = 1$

● રીત - 3

(1) $\sin^2\theta + \cos^2\theta = 1$, $\sin^2\theta = 1 - \cos^2\theta$, $\cos^2\theta = 1 - \sin^2\theta$

(2) $\sec^2\theta - \tan^2\theta = 1$, $\sec^2\theta = 1 + \tan^2\theta$, $\tan^2\theta = \sec^2\theta - 1$

(3) $\operatorname{cosec}^2\theta - \cot^2\theta = 1$, $\operatorname{cosec}^2\theta = 1 + \cot^2\theta$, $\cot^2\theta = \operatorname{cosec}^2\theta - 1$

● રીત - 4

(1) $\sin(90-\theta) = \cos\theta$ તથા $\cos(90-\theta) = \sin\theta$

(2) $\tan(90-\theta) = \cot\theta$ તથા $\cot(90-\theta) = \tan\theta$

(3) $\operatorname{cosec}(90-\theta) = \sec\theta$ તથા $\sec(90-\theta) = \operatorname{cosec}\theta$

● રીત - 5

*વિવિધ વિધેયોના વિવિધ ખૂણાઓના માપ*

| | $0^0$ | $30^0$ | $45^0$ | $60^0$ | $90^0$ |
|---|---|---|---|---|---|
| sin | 0 | $\frac{1}{2}$ | $\frac{1}{\sqrt{2}}$ | $\frac{\sqrt{3}}{2}$ | 1 |
| cos | 1 | $\frac{\sqrt{3}}{2}$ | $\frac{1}{\sqrt{2}}$ | $\frac{1}{2}$ | 0 |
| cosec | * | 2 | $\sqrt{2}$ | $\frac{2}{\sqrt{3}}$ | 1 |
| sec | 1 | $\frac{2}{\sqrt{3}}$ | $\sqrt{2}$ | 2 | * |
| tan | 0 | $\frac{1}{\sqrt{3}}$ | 1 | $\sqrt{3}$ | * |
| cot | * | $\sqrt{3}$ | 1 | $\frac{1}{\sqrt{3}}$ | 0 |

## ● પ્રેક્ટીસના દાખલા ●

1. $\Delta ABC$ માં $m\angle C = 90^0$ અને $\tan A = \dfrac{1}{\sqrt{3}}$, તો $\sin A = ...........$

(A) $\frac{1}{2}$ (B) $\sqrt{3}/2$ (C) $\frac{1}{\sqrt{2}}$ (D) 0




અહીં $\tan A = \dfrac{1}{\sqrt{3}}$ આપેલ છે.

$\therefore A = 30^0$ થાય.

હવે $\sin A = \sin 30^0 = 1/2$

$\therefore$ જવાબ (A) $1/2$

2. $5\cos A = 4\sin A$, તો $\tan A = ...........$

(A) $1/2$ (B) $5/4$ (C) 5 (D) $4/5$

અહીં $5\cos A = 4\sin A$ આપેલ છે.

$\therefore \dfrac{\sin A}{\cos A} = 5/4$ પણ $\therefore \dfrac{\sin A}{\cos A} = \tan A$ થાય.

$\therefore \tan A = 5/4$

$\therefore$ જવાબ (B) $5/4$

3. $\tan\theta = 4/3$, તો $\dfrac{5\sin\theta + 2\cos\theta}{3\sin\theta - \cos\theta} = ..........$

(A) $22/13$ (B) 2 (C) $26/9$ (D) $7/2$

અહીં $\dfrac{5\sin\theta + 2\cos\theta}{3\sin\theta - \cos\theta} = \dfrac{5\dfrac{\sin\theta}{\cos\theta} + 2\dfrac{\cos\theta}{\cos\theta}}{\dfrac{3\sin\theta}{\cos\theta} - \dfrac{\cos\theta}{\cos\theta}}$

$= \dfrac{5\tan\theta + 2}{3\tan\theta - 1}$

$= \dfrac{5(4/3) + 2}{3(4/3) - 1}$

$= \dfrac{\frac{20+6}{3}}{\frac{12-3}{3}} = \dfrac{26}{9}$

$\therefore$ જવાબ (C) $\frac{26}{9}$

4. જો $3\cot\theta = 4$, તો $\frac{1 - \tan^2\theta}{1 + \tan^2\theta} = ............$

(A) $\frac{7}{25}$ (B) $\frac{4}{3}$ (C) $\frac{3}{4}$ (D) $\frac{1}{7}$

અહીં $3\cot\theta = 4$ આપેલ છે.

$\therefore \frac{1}{\cot\theta} = \frac{3}{4}$ થાય.

$\therefore \tan\theta = \frac{3}{4}$

હવે $\frac{1 - \tan^2\theta}{1 + \tan^2\theta} = \frac{1-\left(\frac{3}{4}\right)^2}{1+\left(\frac{3}{4}\right)^2} = \frac{1-\frac{9}{16}}{1+\frac{9}{16}} = \frac{16-9}{16+9}$

$= \frac{7}{25}$

$\therefore$ જવાબ (A) $\frac{7}{25}$

5. $\text{cosec}\,\theta = \frac{2}{\sqrt{3}}$, તો $\theta = ..........$

(A) 30 (B) 45 (C) 60 (D) 90

અહીં $\text{cosec}\,\theta = \frac{2}{\sqrt{3}}$ $\therefore \sin\theta = \frac{\sqrt{3}}{2}$

પણ $\sin 60 = \frac{\sqrt{3}}{2}$ $\therefore \theta = 60$

$\therefore$ જવાબ (C) $\theta = 60$

6. $\sin60 \sin45 + \cos60 \cos45 = ............$

(A) $\sqrt{3}+1$ (B) $\frac{\sqrt{3}+1}{2}$

(C) $\frac{\sqrt{6}+\sqrt{2}}{4}$ (D) $\frac{1}{2}$

અહીં $\sin60 \sin45 + \cos60 \cos45 = \frac{\sqrt{3}}{2} \cdot \frac{1}{\sqrt{2}} + \frac{1}{2} \cdot \frac{1}{\sqrt{2}}$

$= \frac{\sqrt{3}}{2\sqrt{2}} + \frac{1}{2\sqrt{2}}$

$= \frac{\sqrt{3}+1}{2\sqrt{2}} = \frac{\sqrt{6}+\sqrt{2}}{4}$

$\therefore$ જવાબ (C) $\frac{\sqrt{6}+\sqrt{2}}{4}$

7. $\frac{\sin 60 + \cos 30}{1 + \sin 30 + \cos 60} = .................$

(A) $\frac{1}{\sqrt{2}}$ (B) $\frac{1}{2}$ (C) 1 (D) $\frac{\sqrt{3}}{2}$

$= \frac{\sin 60 + \cos 30}{1 + \sin 30 + \cos 60}$

$= \frac{\frac{\sqrt{3}}{2} + \frac{\sqrt{3}}{2}}{1 + \frac{1}{2} + \frac{1}{2}} = \frac{\frac{2\sqrt{3}}{2}}{\frac{4}{2}}$

$= \frac{2\sqrt{3}}{4} = \frac{\sqrt{3}}{2}$

$\therefore$ જવાબ (D) $\frac{\sqrt{3}}{2}$

8. $\text{Sin}x = \sin60 \cdot \cos30 - \cos60 \cdot \sin30$ તો $x = ........$

(A) 0 (B) 30 (C) 45 (D) 60

$\text{Sin}x = \sin60 \cdot \cos30 - \cos60 \cdot \sin30$

$= \frac{\sqrt{3}}{2} \cdot \frac{\sqrt{3}}{2} - \frac{1}{2} \cdot \frac{1}{2}$

$= \frac{3}{4} - \frac{1}{4} = \frac{3-1}{4} = \frac{2}{4} = \frac{1}{2}$

$\therefore \sin x = \frac{1}{2}$ પરંતુ $\sin30 = \frac{1}{2}$ $\therefore x = 30$

$\therefore$ જવાબ $x = 30$

9. $\sin70 = \cos\theta$, તો $\theta = ...........$

(A) 70 (B) 90 (C) 20 (D) 30

$\sin70 = \sin(90-20) = \cos20$

પણ $\sin70 = \cos\theta$ આપેલ છે.

$\therefore \cos\theta = \cos20$ $\therefore \theta = 20$

$\therefore$ જવાબ (C) 20

10. $\frac{\cos50}{\sin40} + \frac{\sin15}{\cos75} = ...........$

(A) 0 (B) 1 (C) 2 (D) 3

અહીં $\frac{\cos 50}{\sin 40} + \frac{\sin 15}{\cos 75}$ આપેલ

$\therefore \frac{\cos(90-40)}{\sin 40} + \frac{\sin(90-75)}{\cos 75}$

$= \frac{\sin 40}{\sin 40} + \frac{\cos 75}{\cos 75} = 1 + 1 = 2$

$\therefore$ જવાબ (C) 2

11. જો $\sec4A = \text{cosec}(A - 20)$, જ્યાં 4A એ લઘુકોણનું માપ છે, તો A ની કિંમત ................ છે.

(A) 45 (B) 70 (C) 30 (D) 22

sec4A = cosec (A-20) આપેલ છે.

$\therefore$ cosec (90 - 4A) = cosec (A-20)

$\therefore$ 90 - 4A = A-20

$\therefore$ 5A = 110

$\therefore$ A = 22

$\therefore$ જવાબ (D) 22

12. $\dfrac{\cos^2 40+\cos^2 50}{\sin^2 40+\sin^2 50}=$ ...........

(A) 2 (B) 4 (C) 1 (D) 0

અહીં $\dfrac{\cos^2 40+\cos^2 50}{\sin^2 40+\sin^2 50} = \dfrac{\cos^2 40+\cos^2(90-40)}{\sin^2 40+\sin^2(90-40)}$

$= \dfrac{\cos^2 40+\sin^2 40}{\sin^2 40+\cos^2 40}$

$\therefore$ જવાબ (C) 1

13. sin48 · sec42 + cos48 cosec42 = ...........

(A) 2 (B) 1 (C) $\frac{3}{4}$ (D) 0

sin48 sec42 + cos48 cosec42

= sin (90-42) sec42+cos(90-42) · cosec42

= cos42 · sec42 + sin42 · cosec42

= 1 + 1 = 2

$\therefore$ જવાબ (A) 2

14. $\dfrac{\cos (90 - A) \sin (90 - A)}{\tan (90-A)}$ નું સાદુરૂપ ............. છે.

(A) $\sin^2$A (B) $\cos^2$A (C) sinA (D) 1

$= \dfrac{\cos (90 - A) \cdot \sin (90 - A)}{\tan (90-A)}$

$= \dfrac{\sin A \cdot \cos A}{\cot A}$

$= \dfrac{\sin A \cdot \cos A}{\frac{\cos A}{\sin A}} = \sin^2 A$

$\therefore$ જવાબ $\sin^2 A$

15. જો લઘુકોણના માપ θ માટે sinθ = cos30 હોય, તો $2\tan^2\theta - 1 =$ ...........

(A) 5 (B) 4 (D) 3 (D) 0

અહીં sinθ = cos30 $\therefore$ sinθ = $\frac{\sqrt{3}}{2}$ $\therefore$ θ = 60

$\therefore 2\tan^2\theta - 1 = 2\tan^2 60 - 1$

$= 2\left(\sqrt{3}\right)^2 - 1 = 2 \times 3 - 1 = 6 - 1 = 5$

$\therefore$ જવાબ (A) 5

16. 0 < θ < 90 અને secθ = cosec60 હોય તો $2\cos^2\theta - 1$ ની કિંમત ........... છે.

(A) 3 (B) 1 (C) $\frac{3}{4}$ (D) $\frac{1}{2}$

$\sec\theta$ = cosec60 $\therefore$ $\sec\theta$ = cosec (90-30)

$\therefore$ $\sec\theta$ = sec30

$\therefore$ $\theta$ = 30

હવે, $2\cos^2\theta - 1 = 2\cos^2 30 - 1 = 2\left(\frac{\sqrt{3}}{2}\right)^2 - 1$

$= \frac{2\times 3}{4} - 1 = \frac{3}{2} - 1 = \frac{1}{2}$

$\therefore$ જવાબ (D) $\frac{1}{2}$

17. cosec$\theta = \sqrt{2}$, તો $\tan\theta$ નું મૂલ્ય ............. છે.

(A) $\sqrt{3}$ (B) 1 (C) $\frac{1}{\sqrt{2}}$ (D) $\frac{1}{\sqrt{3}}$

cosec$\theta = \sqrt{2}$ $\therefore$ $\sin\theta = \frac{1}{\sqrt{2}}$ $\therefore$ $\theta = 45$

$\therefore$ $\tan\theta$ = tan45 = 1

$\therefore$ જવાબ (B) 1

18. જો $\cot\theta = \frac{4}{3}$, તો $\dfrac{\cos\theta - \sin\theta}{\cos\theta + \sin\theta}$ ની કિંમત ........ છે.

(A) 7 (B) $\frac{1}{7}$ (C) $\frac{4}{3}$ (D) $\frac{-4}{3}$

અહીં $\dfrac{\cos\theta - \sin\theta}{\cos\theta + \sin\theta} = \dfrac{\cot\theta - 1}{\cot\theta + 1} = \dfrac{\frac{4}{3} - 1}{\frac{4}{3} + 1}$

$= \dfrac{\frac{1}{3}}{\frac{7}{3}} = \frac{1}{7}$

$\therefore$ જવાબ (B) $\frac{1}{7}$

19. જો $\cos^2 45 - \cos^2 30$ = x cos45 sin45, તો x = .......

(A) 2 (B) $\frac{3}{2}$ (C) $-\frac{1}{2}$ (D) $\frac{3}{4}$

અહીં $\cos^2 45 - \cos^2 30$ = x cos45 sin45 આપેલ છે.

$\therefore \left(\frac{1}{\sqrt{2}}\right)^2 - \left(\frac{\sqrt{3}}{2}\right)^2 = x \; \frac{1}{\sqrt{2}} \cdot \frac{1}{\sqrt{2}}$

$\therefore \frac{1}{2} - \frac{3}{4} = x \frac{1}{2}$

$\therefore \frac{x}{2} = \frac{-1}{4} \therefore x = \frac{-1}{2}$

$\therefore$ જવાબ (C) $\frac{-1}{2}$

20. $\tan 20 \cdot \tan 25 \cdot \tan 45 \cdot \tan 65 \cdot \tan 70 =$ ........

(A) -1 (B) 2 (C) 0 (D) 1

અહીં $\tan 20 \cdot \tan 25 \cdot \tan 45 \cdot \tan 65 \cdot \tan 70$

$= \tan 20 \cdot \tan 25 \times 1 \times \cot(90 - 65) \cdot \cot(90 - 70)$

$= \tan 20 \cdot \tan 25 \cdot \cot 25 \cdot \cot 20$

$= 1 \times 1 = 1$

$\therefore$ જવાબ (D) 1

21. $\frac{1}{\cos^2\theta} - \frac{1}{\cot^2\theta} =$ .........

(A) 1 (B) 0 (C) 2 (D) $\cos^2\theta$

$\frac{1}{\cos^2\theta} - \frac{1}{\cot^2\theta} = \sec^2\theta - \tan^2\theta = 1$

$\therefore$ જવાબ (A) 1

22. $(1 + \tan^2\theta)(1 - \cos^2\theta) =$ ...........

(A) $\cot^2\theta$ (B) $\tan^2\theta$ (C) 1 (D) 0

$(1 + \tan^2\theta)(1 - \cos^2\theta) = \sec^2\theta \cdot \sin^2\theta$

$= \frac{\sin^2\theta}{\cos^2\theta} = \tan^2\theta$

$\therefore$ જવાબ (B) $\tan^2\theta$

23. $(\sin\theta + \cos\theta)^2 + (\sin\theta - \cos\theta)^2 =$ ........

(A) $4\sin\theta\cos\theta$ (B) 2

(C) 1 (D) 0

અહીં, $(\sin\theta + \cos\theta)^2 + (\sin\theta - \cos\theta)^2$

$= \sin^2\theta + 2\sin\theta\cos\theta + \cos^2\theta + \sin^2\theta - 2\sin\theta\cos\theta + \cos^2\theta$

$= 2(\sin^2\theta + \cos^2\theta) = 2(1) = 2$

$\therefore$ જવાબ (B) 2

24. $8\sin^2 45 - 2\tan^2 60 + 3\tan^2 60 - 2\cos^2 45 =$ ........

(A) 5.5 (B) 6 (C) 4 (D) 5

અહીં, $8\sin^2 45 - 2\tan^2 60 + 3\tan^2 60 - 2\cos^2 45$

$= 8\left(\frac{1}{\sqrt{2}}\right)^2 - 2(\sqrt{3})^2 + 3(\sqrt{3})^2 - 2\left(\frac{1}{\sqrt{2}}\right)^2$

$= \frac{8}{2} - 6 + 9 - \frac{2}{2} = 4 - 6 + 9 - 1 = 6$

$\therefore$ જવાબ (B) 6

25. $\sec^2\theta + \tan^2\theta = \frac{13}{12}$ હોય તો $\sec^4\theta - \tan^4\theta$ નું મૂલ્ય ............ છે.

(A) $\frac{12}{13}$ (B) $\frac{13}{12}$ (C) 1 (D) $\frac{1}{12}$

અહીં, $\sec^4\theta - \tan^4\theta = (\sec^2\theta + \tan^2\theta)(\sec^2\theta - \tan^2\theta)$

$= \frac{13}{12} \times 1 = \frac{13}{12}$

$\therefore$ જવાબ (B) $\frac{13}{12}$

26. જો $\tan 7\theta \times \tan 3\theta = 1$ હોય તો $\theta$ નું મૂલ્ય........ છે.

(A) 18 (B) 0 (C) 9 (D) 10

અહીં, $\tan 7\theta = \frac{1}{\tan 3\theta}$ થાય.

$\therefore \tan 7\theta = \cot 3\theta = \tan(90 - 3\theta)$

$\therefore 7\theta = 90 - 3\theta$

$\therefore 10\theta = 90$

$\therefore \theta = 9$

$\therefore$ જવાબ (C) 9

27. $\tan 5 \cdot \tan 25 \cdot \tan 45 \cdot \tan 65 \cdot \tan 85$ ની કિંમત .......... છે.

(A) 3 (B) 2 (C) 1 (D) 0

$= \tan 5 \cdot \tan 25 \cdot \tan 45 \cdot \tan 65 \cdot \tan 85$

$= \tan 5 \cdot \tan 25 \times 1 \times \cdot \cot(90 - 65) \cdot \cot(90 - 85)$

$= \tan 5 \cdot \tan 25 \cdot \cot 25 \cdot \cot 5$

$= 1 \times 1 = 1$

$\therefore$ જવાબ (C) 1

28. $\sin^2 15 + \sin^2 75 =$ ...........

(A) 1 (B) 0 (C) 2 (D) 6

$\sin^2 15 + \sin^2 75 = \sin^2 15 + \sin^2(90 - 15)$

$= \sin^2 15 + \cos^2 15 = 1$

$\therefore$ જવાબ (A) 1

29. $7\cos^2\theta + 3\sin^2\theta = 4$ તો $\cot\theta =$ ...........

(A) $\frac{3}{7}$ (B) $\frac{7}{3}$ (C) $\sqrt{3}$ (D) $\frac{1}{\sqrt{3}}$

$7\cos^2\theta + 3\sin^2\theta = 4$

$\therefore 7\cos^2\theta + 3\sin^2\theta = 4(\cos^2\theta + \sin^2\theta)$

$\therefore 7\cos^2\theta + 3\sin^2\theta = 4\cos^2\theta + 4\sin^2\theta$

$\therefore \sin^2\theta = 3\cos^2\theta$

$\therefore\ \tan^2\theta = 3\ \therefore\ \tan\theta = \sqrt{3}\ \therefore\ \cot\theta = \frac{1}{\sqrt{3}}$

$\therefore$ જવાબ (D) $\frac{1}{\sqrt{3}}$

- **વધુ પ્રેક્ટીસના દાખલા**

1. $\cot\theta = \frac{4}{3}$ તો $\frac{\cos\theta - \sin\theta}{\cos\theta + \sin\theta}$ =..........
2. $\tan A = \frac{5}{12}$ તો $(\sin A + \cos A) \cdot \sec A$ નું મૂલ્ય ........ થાય.
3. $\cos\theta = \frac{12}{13}$ તો $\text{cosec}\theta + \tan\theta$ = ..........
4. $\sec\theta = \sqrt{5}$ તો $\tan\theta - \sqrt{5}\sin\theta$ = ..........
5. $\cos^2 45^0 - \cos^2 30^0 = x\cos 45^0 \cdot \sin 45^0$ તો x = ..........
6. $\sin^2 60^0 - \tan 45^0 + \cos^2 30 - \cot 90$ = ..........
7. $x\tan 30 + x\cot 30 = 1$ તો x = .........
8. $\cos\theta = \sin 30$ તો $\theta$ નું મૂલ્ય શું થાય ?
9. $\frac{\cos(90-\theta)}{\sin\theta} + \frac{\sin\theta}{\cos(90-\theta)}$ = ..........
10. $\tan(90-\theta) \times \cos(90-\theta)$ = ..........
11. $\sec^2 15 - \frac{1}{\tan^2 75}$ = ..........
12. $\tan 11 \times \tan 79 - \sin^2\theta = \cos^2\theta + K$ તો K = .....
13. $(\sin 80 + \cos 10)(\sin 80 - \cos 10)$ = .......
14. $(1 + \sin\theta)(1 - \sin\theta)$ = .............
15. $(1 - \cos^2\theta)(1 + \tan^2\theta)$ = .............
16. $(1 + \tan^2\theta)(1 - \sin^2\theta)(\sec^2\theta - \tan^2\theta)$ = ...........
17. $\sec\theta \cdot \tan\theta \cdot \text{cosec}\theta - \tan^2\theta$ = ...........
18. $\sin\theta \cdot \tan\theta + \cos\theta$ = .........
19. $\tan^2\theta = \tan^2\theta + \cos^2\theta$ તો $\theta$ = ............
20. $5\cos A = 4\sin A$ તો $\tan A$ = .............
21. $\frac{\text{cosec}^4\theta - \cot^4\theta}{\text{cosec}^2\theta + \cot^2\theta}$ = .............
22. $\frac{\sin^4\theta - \cos^4\theta}{\sin^2\theta - \cos^2\theta}$ = ............
23. $7\cos^2\theta + 3\sin^2\theta = 4$ તો $\cot\theta$ = .............

# ૨૫. અંતર અને ઊંચાઈ

1. 3 મીટર લાંબી એક નિસરણીનો નીચેનો છેડો દીવાલથી 1.5 મીટર દૂર રહે છે તે રીતે દીવાલ પર ટેકવી છે, તો નિસરણી જમીન સાથે ........... માપનો ખૂણો બનાવે.

અહીં, $\cos\theta = \frac{1.5}{3}$




$\therefore\ \cos\theta = \frac{1}{2} = \cos 60$

$\therefore\ \boxed{\theta = 60^0}$

2. એક ટાવરની ઊંચાઈ $50\sqrt{3}$ મીટર છે. તેના તળિયાથી 50 મીટર દૂર આવેલ બિંદુએથી તેની ટોચના ઉત્સેધકોણનું માપ ............ થાય.

અહીં, $\tan\theta = \frac{50\sqrt{3}}{50}$




$\therefore\ \tan\theta = \sqrt{3} = \tan 60$

$\therefore\ \boxed{\theta = 60^0}$

3. ટાવરની ઊંચાઈ અને તેના પડછાયાની લંબાઇનો ગુણોત્તર $1 : \sqrt{3}$ છે, તો સૂર્યના ઉત્સેધકોણનું માપ ............ છે.

અહીં, $\tan\theta = \frac{x}{\sqrt{3}x} = \frac{1}{\sqrt{3}}$

$\therefore\ \tan\theta = \frac{1}{\sqrt{3}} = \tan 30^0$




$\therefore\ \boxed{\theta = 30^0}$

4. 18 મીટર અને 12 મીટર ઊંચાઈવાળા બે સ્તંભની ટોચ વચ્ચે એક તાર બાંધેલ છે. તાર સમક્ષિતિજ રેખા સાથે 30 માપનો ખૂણો બનાવે, તો તારની લંબાઈ .......... મીટર છે.

અહીં, $\sin 30 = \frac{6}{x}$




$\therefore\ \frac{1}{2} = \frac{6}{x}$

$\therefore\ \boxed{x = 12\ m}$

5. 30 મીટર ઊંચા ટાવરની ટોચ પરથી એક વહાણના અવસેધકોણનું માપ 60 છે, ટાવરથી વહાણનું અંતર ......... મીટર હોય.

અહીં, $\tan 60 = \frac{30}{x}$

$\therefore\ \sqrt{3} = \frac{30}{x}$




$\therefore\ x = \frac{30}{\sqrt{3}} = \frac{10 \times \sqrt{3} \times \sqrt{3}}{\sqrt{3}}$

$\therefore\ \boxed{x = 10\sqrt{3}\ m}$

6. ટાવરથી 400 મીટર દૂર આવેલ બિંદુએથી ટાવરની ટોચના ઉત્સેધકોણનું માપ 30 છે, તો ટાવરની ઊંચાઈ ......... મીટર છે.

અહીં, $\tan 30^0 = \frac{h}{400}$




$\therefore\ \frac{1}{\sqrt{3}} = \frac{h}{400}$

$\therefore\ h = \frac{400}{\sqrt{3}}$ મીટર

7. એક થાંભલાના પડછાયાની લંબાઈ થાંભલાની ઊંચાઈ જેટલી થાય ત્યારે સૂર્યના ઉત્સેધકોણનું માપ .......... થાય.

અહીં, $\tan\theta = \frac{x}{x}$




$\therefore\ \tan\theta = 1 = \tan 45^0$

$\therefore\ \boxed{\theta = 45^0}$

8. એક થાંભલો જમીન પર શિરોલંબ સ્થિતિમાં છે. થાંભલાથી 60 મીટર દૂર આવેલા બિંદુથી થાંભલાની ટોચના ઉત્સેધકોણનું માપ 30 હોય તો થાંભલાની ઊંચાઈ શોધો.

અહીં, $\tan 30 = \frac{h}{60}$




$\therefore\ \frac{1}{\sqrt{3}} = \frac{h}{60}$

$\therefore\ \boxed{h = 60/\sqrt{3}}$ મીટર

$\therefore\ \boxed{h = 20\sqrt{3}}$ મીટર

9. 4 મીટર લાંબી એક નીસરણી 2 m ઊંચા થાંભલા પર ટકવેલી છે, તો તે જમીન સાથે .......... માપનો ખૂણો બનાવે.

અહીં, $\sin\theta = 2/4$

$\therefore\ \sin\theta = 1/2 = \sin 30^0$




$\therefore\ \boxed{\theta = 30^0}$

10. ટાવરથી 100 m દૂર આવેલા બિંદુએથી ટાવરની ટોચના ઉત્સેધકોણનું માપ $60^0$ છે, તો ટાવરની ઊંચાઇ .......... મીટર છે.




અહીં, $\tan 60 = \dfrac{h}{100}$

$\therefore \sqrt{3} = \dfrac{h}{100}$

$\therefore$ $\boxed{h = 100\sqrt{3}\ m}$

11. એક 30 m ઊંચી ટેકરીની ટોચ પરથી અવલોકન કરતા એક ટાવરની ટોચના ઉત્સેધકોણ અને તળિયાના અવસેધકોણના માપ સરખા જણાય છે તો ટાવરની ઊંચાઇ શોધો.




અહીં, ઉત્સેધકોણ તથા અવસેધકોણ સરખા હોવાથી ટાવરની ઊંચાઈ ટેકરીની ઊંચાઈની બમણી થાય. માટે 60 m થશે.

ટાવરની ઉંચાઈ = 60 m

12. નદી કિનારેથી નિરીક્ષણ કરતા સામે કિનારે આવેલા ઝાડની ટોચના ઉત્સેધકોણનું માપ 60 માલૂમ પડે છે. જો કિનારેથી 40 $m$ દૂરથી ઝાડની ટોચના ઉત્સેધકોણનું માપ 30 માલૂમ પડે છે. તો નદીની પહોળાઈ .......... છે.

અહીં $\tan 60^0 = \dfrac{h}{x}$

$\therefore \sqrt{3} = h/x \quad \therefore h = \sqrt{3}x$




તથા $\tan 30^0 = \dfrac{h}{x+40}$

$\therefore \dfrac{1}{\sqrt{3}} = \dfrac{h}{x+40}$

$\therefore \dfrac{1}{\sqrt{3}} = \dfrac{\sqrt{3}x}{x+40}$ $(\because h = \sqrt{3}x)$

$\therefore x + 40 = 3x$

$\therefore 2x = 40 \therefore$ $\boxed{x = 20\ m}$

$\therefore$ $\boxed{\text{નદીની પહોળાઈ} = 20\ m}$

13. જમીનથી 60 માપના ખૂણે બનાવેલ ઢોળાવવાળા રસ્તા પર $x$ મીટર ચાલવાથી જમીનથી $20\sqrt{3}$ m ઉપર પહોંચાય છે, તો $x =$..........




અહીં, $\sin 60 = \dfrac{20\sqrt{3}}{x}$

$\therefore \sqrt{3}/2 = \dfrac{20\sqrt{3}}{x}$

$\therefore x = \dfrac{20\sqrt{3} \times 2}{\sqrt{3}}$

$\therefore$ $\boxed{x = 40\ m}$

14. એક ટાવરની ઊંચાઈ 60 m છે. તેના પડછાયાની ઊંચાઈ (લંબાઈ) ............મીટર થાય, જ્યારે ઉત્સેધકોણ 30 હોય.

$\tan 30^0 = \dfrac{60}{x}$




$\therefore \dfrac{1}{\sqrt{3}} = \dfrac{60}{x}$

$\therefore x = 60\sqrt{3}$

15. નદી કિનારાથી સામેના કિનારે આવેલા મંદિરની ટોચનો ઉત્સેધકોણ 60 તથા મંદિરની ઊંચાઈ $30\sqrt{3}$ m છે, તો નદીની પહોળાઈ શોધો.




અહીં, $\tan 60 = \dfrac{30\sqrt{3}}{x}$

$\sqrt{3} = \dfrac{30\sqrt{3}}{x}$

$\therefore$ $\boxed{x = 30\ m}$

16. $x$ મીટર ઊંચો ટેકરી પરથી જોતા પૂર્વ અને પશ્ચિમ દિશામાં આવેલા બંને મકાનોનાં અવસેધકોણ 30 માલૂમ પડે છે તથા બંને મકાનો વચ્ચેનું અંતર 200 m છે. તો ટેકરીની ઉંચાઈ x = ..........

$\tan 60 = \dfrac{100}{x}$




$\sqrt{3} = \dfrac{100}{x}$

$\therefore$ $\boxed{x = \dfrac{100}{\sqrt{3}}\ m}$

17. જયની પતંગ 20 m ઊંચે ગઈ તો તેની 40 m દોરી વપરાઈ તો પતંગનો ઉત્સેધકોણ શોધો.




$\sin\theta = \dfrac{20}{40}$

$\therefore \sin\theta = \dfrac{1}{2} = \sin 30$

$\therefore$ $\boxed{\theta = 30^0}$

18. એક પતંગની દોરી 100 m લાંબી છે, તે સમક્ષિતિજ સાથે 60 ના માપનો ખૂણો બનાવે છે. તો પતંગની ઊંચાઈ શોધો. (પતંગની દોરીમાં ઢીલ નથી તેમ માનો)

અહીં, $\sin 60 = \frac{h}{100}$




$\therefore \ \frac{\sqrt{3}}{2} = \frac{h}{100}$

$\therefore \ h = \frac{100\sqrt{3}}{2}$

$\therefore \ h = 50\sqrt{3} \ m$

19. એક ટાવરની ટોચ પરથી જોતા પૂર્વ અને પશ્ચિમ દિશામાં આવેલા બે મકાનો A અને B ના અવસેધકોણ અનુક્રમે $30^0$ અને $60^0$ છે તો,

*a*. મકાન A એ મકાન B કરતા ટાવરની નજીક છે.
*b*. મકાન B એ મકાન A કરતા ટાવરની નજીક છે.
*c*. મકાન A અને મકાન B ટાવરથી સમાન અંતરે છે.
*d*. આ ત્રણમાંથી એકપણ નહીં.

આકૃતિ જોતા ખ્યાલ આવે છે કે, મકાન B એ મકાન એ કરતા ટાવરની નજીક છે.




## ● પ્રેક્ટીશના વધુ દાખલા ●

1. એક માણસ 50 m ઊંચા ટાવરના ટોચથી તેના તરફ $30^0$ના અવસેધકોણથી આવતી કાર જૂએ છે. થોડા સમય બાદ અવસેધકોણ $60^0$નો થાય છે. તે સમયમાં કારે કાપેલ અંતર = .........

(A) $\frac{150\sqrt{3}}{3} \ m$ (B) $\frac{50}{3} \ m$

(C) $50\sqrt{3} \ m$ (D) $^{100}/_{53} \ m$

2. જમીન પરના બિંદુ P થી એક ટાવરની ટોચનો ઉત્સેધકોણ $45^0$ છે અને તેના પર h મી. ઊંચાઈવાળા એન્ટેનાનો ઉત્સેધકોણ $60^0$નો છે અને ટાવર અને માણસ વચ્ચેનું અંતર 54 મીટર છે, તો એન્ટેનાની ઊંચાઈ શોધો.

(A) $45\left(\sqrt{3}+1\right)$ (B) $54\left(\sqrt{3}+1\right)$

(C) $54\left(\sqrt{3}-1\right)$ (D) $45\left(\sqrt{3}-1\right)$

3. દરિયાઇ સપાટીથી 200 m ઊંચે આવેલી એક ટેકરી પરથી નિરીક્ષક, ટેકરીની વિરુદ્ધ બાજુઓએ આવેલાં બે વહાણોના અવસેધકોણ અનુક્રમે $45^0$ & $60^0$ છે તેવું નિરીક્ષણ કરે છે. તો વહાણો વચ્ચેનું અંતર ........ છે.

(A) $\frac{200}{\sqrt{3}}$ (B) $\frac{200}{\sqrt{3}}\left(\sqrt{3}+1\right)$

(C) $200\left(\sqrt{3}+1\right)$ (D) $200\sqrt{3}+\sqrt{3}$

4. 100 મીટરના ટાવર પરથી એક માણસ એક કારને ટાવર તરફ આવતી જુએ છે ત્યારે તેનો અવસેધકોણ $30^0$ છે. થોડાક સમય પછી કારનો અવસેધકોણ $60^0$ બને છે. આ સમયમાં કારે કાપેલું અંતર મીટરમાં શોધો.

(A) $100\sqrt{3}$ (B) $\frac{200\sqrt{3}}{3}$

(C) $\frac{100\sqrt{3}}{3}$ (D) $200\sqrt{3}$

5. સૂર્યનો ઉત્સેધકોણ $30^0$ માંથી $60^0$ બને ત્યારે ટાવરના પડછાયાની લંબાઇ ૬૦ મીટર ઘટે છે, તો ટાવરની ઊંચાઈ ........... થાય.

(A) 62 m (B) 301 m (C) 101 m
(D) 75 m (E) 52 m

**જવાબ :** (1) (D) $\frac{100}{\sqrt{3}}$ m, (2) (C) $54(\sqrt{3}-1)$, (3) (B) $\frac{200}{\sqrt{3}}(\sqrt{3}+1)$, (4) (B) $\frac{200\sqrt{3}}{3}$, (5) (E) 52 m,

# ૨૯. ક્રમચય અને સંચય

1. ઋચા પાસે બે ટોપ, ત્રણ પેન્ટ્સ અને બે જોડી બુટ છે તો કેટલી પ્રકારે તૈયાર થઇ પાર્ટીમાં જઇ શકે.

   જવાબ : $2 \times 3 \times 2 = 12$

2. કૉમ્પ્યુટરની એક ફાઈલ ખોલવા માટે છ ભિન્ન આંકડાનો પાસવર્ડ છે, તો વધારેમાં વધારે કેટલા પ્રયત્નો કરવા પડે ?

   જવાબ : $10 \times 9 \times 8 \times 7 \times 6 \times 5 = 1{,}51{,}200$

3. 1, 2, 4, 6 અને 8 અંકોનો ઉપયોગ કરી ચાર અંકોની કેટલી સંખ્યાઓ ભિન્ન આંકડાઓની બનાવી શકાય ?

   જવાબ : $5 \times 4 \times 3 \times 2 = 120$

4. KENY શબ્દમાં આવતા બધા મૂળાક્ષરોનો ઉપયોગ કરી ચાર અક્ષરવાળા કેટલા શબ્દો બને ? પ્રથમ E હોય તેવા કેટલા શબ્દો બને ? (અક્ષરોનું પુનરાવર્તન કરવાનું નથી.)

   જવાબ : (1) $4 \times 3 \times 2 \times 1 = 24$, (2) $3 \times 2 \times 1 = 6$

5. TULSI શબ્દના બધા જ અક્ષરોનો ઉપયોગ કરી કેટલા શબ્દો બનાવી શકાય ? T થી શરૂ થતા કેટલા શબ્દો બને ? છેલ્લે I હોય તેવા કેટલા શબ્દો બને ? (કોઇ પણ શબ્દમાં અક્ષરનું પુનરાવર્તન કરવાનું નથી.)

   અહીં, TULSI શબ્દમાં કુલ 5 અક્ષરો T, U, L, S, I છે. બધા જ અક્ષરોનો ઉપયોગ કરી શબ્દો બનાવવાના છે.

   આમ, ગણતરીના મૂળભૂત સિદ્ધાંત અનુસાર, 5 અક્ષરોને 5 સ્થાનમાં ગોઠવવાના પ્રકાર $5 \times 4 \times 3 \times 2 \times 1 = 120$ થાય.

   અહીં, ઉપર (1) ની ચર્ચા મુજબ, જો શબ્દની શરૂઆત T થી થતી હોય, તો પ્રથમ સ્થાન T થી ભરાઇ જાય. બાકી રહેલા 4 સ્થાન બાકી રહેલા 4 અક્ષરો U, L, S, I થી ભરવા પડે.

   આમ, ગણતરીના મૂળભૂત સિદ્ધાંત અનુસાર 4 અક્ષરોને 4 સ્થાનમાં ગોઠવવાના પ્રકાર $4 \times 3 \times 2 \times 1 = 24$ થાય.

   અહીં, ઉપર (1) ની ચર્ચા મુજબ, જો શબ્દમાં છેલ્લે I આવતો હોય, તો આગળના 4 અક્ષરો ગોઠવવાના રહે. આગળના 4 સ્થાન બાકી રહેલા 4 અક્ષરો T, U, L, S માંથી ભરવા પડે.

   આમ, ગણતરીના મૂળભૂત સિદ્ધાંત અનુસાર, 4 અક્ષરોને 4 સ્થાનમાં ગોઠવવાના પ્રકાર $4 \times 3 \times 2 \times 1 = 24$ થાય.

6. એક સમતોલ સિક્કાને 8 વખત ઉછાળવામાં આવે તો શક્ય પરિણામોની સંખ્યા ........... છે.

   જવાબ : સિક્કાને ઉછાળતાં 2 શક્યતા બને છે. છાપ કાંતો કાંટો

   $\therefore$ માગેલી શક્યતા $= 2^8 = 256$

7. પુનરાવર્તન કર્યા સિવાય 3, 4, 5, 6 અંકોનો ઉપયોગ કરી બનતી તમામ સંખ્યાઓના એકમના અંકોનો સરવાળો કેટલો થાય ?

   જવાબ : ચાર અંકની બનતી સંખ્યા $= 4 \times 3 \times 2 \times 1 = 24$

   આ 24 સંખ્યાઓને સરવાળા સ્વરૂપે લખતાં દરેક અંક 6 વખત હોય.

   $\therefore$ સરવાળો $= (6 \times 3) + (6 \times 4) + (6 \times 5) + (6 \times 6)$

   $= 18 + 24 + 30 + 36 = 108$

8. 0, 1, 2, 3, 4 સંખ્યાઓનો ઉપયોગ કરી 20 વડે વિભાજ્ય કેટલી સંખ્યાઓ બને ?

   જવાબ : 20 વડે વિભાજ્ય સંખ્યામાં એકમનો અંક 0 તથા દશકનો અંક 2 કે 4 હોવા જોઇએ.

   $\therefore$ બનતી સંખ્યાઓ $= 1 \times 2 \times 3 \times 2 \times 1 = 12$

9. એક મીટીંગમાં દરેક વ્યક્તિ એકબીજા સાથે હસ્તધૂન કરે છે. જો હાથ મીલાવવાની કુલ પ્રક્રિયા 105 વખત થઇ હોય તો તે મીટીંગમાં કુલ કેટલા વ્યક્તિઓ હાજર હશે ?

   કુલ હસ્તધૂનની સંખ્યા $= \dfrac{n(n-1)}{2}$

   $\therefore 105 = \dfrac{n(n-1)}{2} \quad \therefore 210 = n(n-1) \quad \therefore 15(15-1) = n(n-1)$

   $\therefore n = 15$

10. 10 સમક્ષિતિજ અને 8 શિરોલંબ રેખાઓથી કેટલા લંબચોરસ બને ?

    જવાબ : લંબચોરસ બનાવવા 10 સમક્ષિતિજમાંથી 2 રેખા તથા 8 શિરોલંબ રેખામાંથી 2 રેખા પસંદ કરવી પડે.

    $$\therefore \binom{10}{2} \times \binom{8}{2} = \frac{10 \times 9}{2 \times 1} \times \frac{8 \times 7}{2 \times 1} = 1260$$

11. એક ગોળાકાર ડાઇનીંગ ટેબલ પર 7 વ્યક્તિઓ કેટલી રીતે જમવા બેસી શકે ?

    જવાબ : $(7-1)! = 6! = 6 \times 5 \times 4 \times 3 \times 2 \times 1 = 720$

12. TEACHER શબ્દના અક્ષરોમાંથી બે સ્વર સાથે ન આવે તે રીતે કેટલા શબ્દો બનાવી શકાય ?

    જવાબ : ચાર વ્યંજનોને 4! પ્રમાણે ગોઠવી શકાય એ 3 સ્વરને 5 જગ્યાએ ગોઠવી શકાય. જેથી $5P_3 \times \dfrac{1}{3!}$

    $\therefore$ કુલ ગોઠવણી $= 4! \dfrac{5P_3}{3!} = \dfrac{4 \times 3! \times 5 \times 4 \times 3}{3!} = 240$

13. 20 વિદ્યાર્થીના એક વર્ગમાં દિવાળી નિમિત્તે એક બીજાને કાર્ડ કેટલી રીતે વહેંચી શકાય ?

    જવાબ : $2 \times 20P_2 = 2 \times 20 \times 19 = 760$

14. 0 થી 7 સુધીની સંખ્યાનો ઉપયોગ કરી અંકનો પુનરાવર્તન કર્યા સિવાય 3 વડે વિભાજ્ય કેટલી સંખ્યાઓ બને ?

    જવાબ : 5 અંકની સંખ્યા માટે $= 5P_4 - 4$

    $= (5 \times 4 \times 3 \times 2) - 4$

    $= 120 - 4 = 116$

15. 6 પુરુષો અને 5 સ્ત્રીઓ વર્તુળાકાર ટેબલ પર કેટલી રીતે જમવા બેસી શકે જેથી કોઈપણ બે સ્ત્રી પાસે બેઠેલ ન હોય ?

જવાબ : 6 પુરુષની ગોઠવી = 5!

6 પુરુષ સાથે 5 સ્ત્રીને જમવા બેસાડવાના પ્રકાર = 6P5

$\therefore$ કુલ ગોઠવણી = $5! \times 6P_5$

$= (5\times4\times3\times2) \times (6\times5\times4\times3\times2)$

$= 120 \times 720$

$= 86400$

## ● વધુ પ્રેક્ટીસના દાખલા

1. એક વિદ્યાર્થીને એક પરીક્ષામાં 13 માંથી 10 પ્રશ્નોના જવાબ આપવાના છે. પસંદ કરેલા 10 પ્રશ્નો પૈકી ઓછામાં ઓછા 4 પ્રશ્નો પ્રથમ પાંચ પ્રશ્નોમાંથી પસંદ કરવાના છે. તો તે જુદા જુદા પ્રકારે કેટલી રીતે જવાબ આપી શકે.

(A) 196 (B) 280 (C) 346 (D) 140

2. GARDEN શબ્દના અક્ષરોને કેટલી રીતે ગોઠવી શકાય કે જેમાં સ્વર ડિક્ષનરીના ક્રમમાં આવે.

(A) 360 (B) 240 (C) 120 (D) 480

3. 3 બોક્ષમાં 8 સમાન દડાની ગોઠવણી કેટલી રીતે થઈ શકે. જેથી કોઈ બોક્ષ ખાલી ન રહેવું જોઈએ ?

(A) $3^8$ (B) 21 (C) 5 (D) $8C_3$

4. SACHIN શબ્દના બધા જ અક્ષરો શક્ય એટલી બધી જ રીતે ગોઠવવામાં આવે અને તેમને ડિક્ષનેરી ક્રમમાં લખવામાં આવે, તો SACHIN નો ક્રમ કેટલામો આવે ?

(A) 603 (B) 602 (C) 601 (D) 600

5. એક મતદાન વખતે મતદાર જેટલા ઉમેદવાર ચૂંટવાના હોય અથવા તેનાથી ઓછા મત આપી શકે છે. 10 ઉમેદવાર છે પણ તેમાંથી 4 જ ચૂંટવાના છે. મતદાર ઓછામાં ઓછો 1 વોટ કેટલી રીતે આપી શકે ?

(A) 5040 (B) 6210 (C) 385 (D) 1110

6. 6 જુદી જુદી નવલકથા અને 3 જુદા જુદા શબ્દકોષમાંથી 4 નવલકથા અને 1 શબ્દકોષ પસંદ કરી તેને કબાટમાં એક હારમાં ગોઠવવાના છે, કે જેથી શબ્દકોષ હંમેશા વચ્ચે જ આવે, આવી ગોઠવણીની સંખ્યા કેટલી થાય ?

(A) ઓછામાં ઓછી 500 પણ 750 થી ઓછી

(B) ઓછામાં ઓછી 750 પણ 1000 થી ઓછી

(C) ઓછામાં ઓછી 1000

(D) 500 થી ઓછી

7. બોક્ષ A માં 3 ભિન્ન લાલ દડા છે અને બોક્ષ B માં 9 ભિન્ન ભૂરા દડા છે. દરેક બોક્ષમાંથી 2 દડા લેવામાં આવે છે અને તેમને બીજા બોક્ષમાં મૂકવામાં આવે છે, તો આ કેટલા પ્રકારે થઈ શકે ?

(A) 66 (B) 108 (C) 3 (D) 36

8. અંકો 0, 1, 2, 3, 4, 5 ની મદદથી 3000 થી મોટી કેટલી સંખ્યાઓ બનાવી શકાય ?

(A) 180 (B) 360 (C) 1380 (D) 1500

9. એક સ્ત્રી 6 મહેમાનોને રાત્રિ ભોજન આવે છે. તેમની પસંદગી તેના 10 મિત્રોમાંથી કરે છે. તે કે કેટલા પ્રકારે આ પસંદગી કરી શકે કે, 10 માંથી 2 ચોક્કસ મિત્રો જોડે પસંદ ન થાય.

(A) 112 (B) 140

(C) 164 (D) આમાંથી કોઈ નહીં.

10. "KRISNA" શબ્દોના અક્ષરોની તમામ શક્ય ગોઠવણીથી બનતા શબ્દોની ડિક્ષનેરી પ્રમાણે ગોઠવણી કરવામાં આવે તો "KRISNA" શબ્દ કેટલામાં ક્રમે આવે ?

(A) 324 (B) 341

(C) 359 (D) આમાંથી કોઈ નહીં.

**: જવાબો :**

1. (a) 196, 2. (a) 360, 3. (b) 21, 4. (c) 601, 5. (c) 385

6. (c) ઓછામાંઓછી 1000, 7. (b) 108, 8. (c) 1380, 9. (b) 140, 10. (a) 324

# 27. સંભાવના

● ***પ્રસ્તાવના :***

*આપણે સંભાવના, શક્યતા, તક વગેરે શબ્દોથી પરિચિત છીએ. આપણે જ્યારે કોઈ પણ ઘટનાના પરિણામ વિશે નિશ્ચિત ન હોઈએ ત્યારે આપણે આ શબ્દોનો ઉપયોગ કરીએ છીએ. આ શબ્દો ઘટના બનવાની અચોક્કસતાનો ભાસ દર્શાવે છે.*

*આદર્શ પરિસ્થિતિમાં ઘટનાઓની નિશ્ચિતતાનું માપ શોધવા આપણે 'સંભાવના' શબ્દનો ઉપયોગ કરીએ છીએ. પ્રયોગ એટલે એવી ક્રિયા કે જેના કારણે આપણે ચોક્કસ પરિણામ મેળવી શકીએ છીએ. યાદૃચ્છિક પ્રયોગની પૂર્વધારણાયુક્ત અભિગમ. પ્રશિષ્ટ અભિગમ બ્લેઝ પાસ્કલે* (Blaize Pascal) *તથા પૂર્વધારણાયુક્ત અભિગમ ઈ.સ. 1937માં કોલ્મોગોરોવે* (Kolmogorov) *રજૂ કર્યા. આ પ્રકરણમાં આપણે આ બંનેનો અભ્યાસ કરીશું.*

● ***વ્યાખ્યા :***

*સંભાવનાની પ્રશિષ્ટ વ્યાખ્યા અનુસાર ઘટના E ની સૈદ્ધાંતિક સંભાવના P(E) વડે દર્શાવાય છે, તે નીચે મુજબ વ્યાખ્યાયિત થાય છે.*

$$P(E) = \frac{\text{ઘટના E ઉદ્ભવવા માટેના પરરિણામોની સંખ્યા}}{\text{પ્રયોગના કુલ પરિણામોની સંખ્યા}}$$

⇒ *સમતોલ પાસાને ઉછાળતાં આપણને 6 પરિણામ મળે છે, જે 1, 2, 3, 4, 5 અને 6 છે. હવે પ્રશ્ન થાય કે અંક 7 પાસા પર મળવાની સંભાવના શું ?*

*પાસાની એક પણ બાજુ પર અંક 7 અંકિત કરેલ ન હોય, માટે અંક 7 મળે તે પરિણામની સંખ્યા શૂન્ય છે. બીજા શબ્દોમાં કહીએ તો પાસા પર અંક 7 મળે તે ઘટના અશક્ય છે.*

*માટે* $P$ (*અંક 7 મળે*) $= = \frac{0}{6} = 0$

*માટે, અશક્ય ઘટનાની સંભાવના શૂન્ય થાય.*

- ચોક્કસ ઘટનાની સંભાવના 1 છે.
- અશક્ય ઘટનાની સંભાવના 0 છે.
- ઘટના E ની સંભાવના માટે $0 \le P(E) \le 1$ થાય.

⇒ જે ઘટનામાં ફક્ત એક જ પરિણામ હોય તે ઘટનાને પ્રાથમિક ઘટના કહે છે. પ્રયોગની તમામ પ્રાથમિક (મૂળભૂત) ઘટનાઓની સંભાવનાઓનો સરવાળો 1 થાય.

⇒ ગણતરી કરેલ દાખલા

1. સરખી રીતે ચીપેલા 52 પત્તાના ઢગમાંથી એક પત્તું યાદૃચ્છિક રીતે પસંદ કરવામાં આવે છે. તો તે પત્તું, (A) ચિત્રવાળું હોય (B) ચોકટનું હોય (C) એક્કો ન હોય (D) કાળા રંગનો એક્કો હોય તેની સંભાવના શોધો.

ઉકેલ : અહીં સરખી રીતે ચીપેલાં 52 પત્તાના ઢગમાંથી એક પત્તું પસંદ કરવાની ઘટના સમસંભાવી છે.

(A) અહીં ચિત્રવાળાં 12 પત્તાં છે (4 રાજા, 4 રાણી, 4 ગુલામ). ધારો કે, ઘટના A : 'પસંદ કરેલ પત્તું ચિત્રવાળું છે.' માટે A ઉદ્ભવવા માટેનાં પરિણામોની સંખ્યા 12 છે.

$\therefore P(A) = \frac{12}{52} = \frac{3}{13}$

(B) ચોકટનાં કુલ 13 પત્તાં છે. ધારો કે, ઘટના B : 'પસંદ કરેલ પત્તું ચોકટનું છે.' માટે B ઉદ્ભવવા માટેનાં પરિણામોની સંખ્યા 13 છે.

$\therefore P(B) = \frac{13}{52} = \frac{1}{4}$

(C) ધારો કે, ઘટના C : 'પસંદ કરેલ પત્તું એક્કો નથી.' તો ઘટના C' : 'પસંદ કરેલ પત્તું એક્કો છે.' થાય.

માટે C' ઉદ્ભવવા માટેનાં કુલ પરિણામોની સંખ્યા 4 થાય.

$\therefore P(C') = \frac{4}{52} = \frac{1}{13}$

$\therefore P(C) = 1 - P(C')$

$= 1 - \frac{1}{13} = \frac{12}{13}$

(D) ધારો કે, ઘટના D : 'પસંદ કરેલ પત્તું કાળા રંગનો એક્કો છે.' માટે D ઉદ્ભવવા માટેનાં કુલ પરિણામોની સંખ્યા 2 (એટલે કે ફૂલ્લી અથવા કાળીનો એક્કો) છે.

$\therefore P(D) = \frac{2}{52} = \frac{1}{26}$

2. 400 સ્ક્રૂના પેકેટમાં 120 સ્ક્રૂ ખામીવાળા છે. યાદૃચ્છિક રીતે પસંદ કરેલ સ્ક્રૂ ખામી વગરનો હોય તેની સંભાવના શોધો.

ઉકેલ : અહીં પેકેટમાં કુલ 400 સ્ક્રૂ છે. ધારો કે, ઘટના A : 'પસંદ કરેલ સ્ક્રૂ ખામી વગરનો છે.'

માટે ઘટના A ઉદ્ભવવાનાં કુલ પરિણામોની સંખ્યા $= 400 - 120 = 280$ થાય.

$\therefore P(A) = \frac{280}{400} = 0.7$

3. ફૂલદાનીમાં 5 લાલ, 2 પીળા અને 3 સફેદ ગુલાબ છે. તેમાંથી એક ગુલાબ યાદૃચ્છિક રીતે પસંદ કરવામાં આવે છે તો તે (A) લાલ રંગનું (B) પીળા રંગનું (C) સફેદ ન હોય તેવા રંગનું હોય તે ઘટનાની સંભાવના શોધો.

ઉકેલ : અહીં ફૂલદાનીમાં કુલ $5 + 2 + 3 = 10$ ગુલાબ છે.

(A) ધારો કે, ઘટના A : પસંદ કરેલ ગુલાબ લાલ રંગનું છે.

માટે A ને ઉદ્ભવવા માટેનાં કુલ પરિણામોની સંખ્યા 5 છે.

$\therefore P(A) = \frac{5}{10} = \frac{1}{2} = 0.5$

(B) ધારો કે, ઘટના B : પસંદ કરેલ ગુલાબ પીળા રંગનું છે.

માટે B ને ઉદ્ભવવા માટેનાં કુલ પરિણામોની સંખ્યા 2 છે.

$\therefore P(B) = \frac{2}{10} = \frac{1}{5} = 0.2$

(C) ધારો કે, ઘટના C : પસંદ કરેલ ગુલાબ સફેદ રંગનું નથી. ઘટના Cની પૂરક ઘટના ($\overline{P} = 1 - P$)(એટલે કે $\overline{C}$) : પસંદ કરેલ ગુલાબ સફેદ રંગનું છે.
માટે $C$ ઉદ્ભવવા માટેનાં કુલ પરિણામોની સંખ્યા ૩ છે.

$$\therefore\ P(C) = \frac{3}{10} = 0.3$$

પરંતુ $\therefore\ P(\overline{C}) = 1 - P(C) = 1 - 0.3 = 0.7$

4. પાસો એક વખત ઉછાળવામાં આવે છે, તો પાસા પરનો અંક (A) અવિભાજ્ય સંખ્યા હોય (B) અંક 2 અને 5ની વચ્ચે હોય, (C) યુગ્મ અંક હોય તેની સંભાવના શોધો.
ઉકેલ : પાસો એક વખત ઉછાળવામાં આવે છે, માટે તેનાં પરિણામો 1, 2, 3, 4, 5 અને 6 છે.

(A) ધારો કે, ઘટના A : પાસા પરનો અંક અવિભાજ્ય હોય. આ પ્રયોગમાં 2, 3 અને 5 અવિભાજ્ય સંખ્યાઓ છે માટે ઘટના A ઉદ્ભવવા માટેનાં કુલ પરિણામોની સંખ્યા 3 છે.

$$\therefore\ P(A) = \frac{3}{6} = \frac{1}{2}$$

(B) ધારો કે, ઘટના B : પાસા પરના અંકો 2 અને 5ની વચ્ચે હોય. 2 અને 5ની વચ્ચેના અંકો 3 અને 4 છે. માટે ઘટના B ઉદ્ભવવાનાં કુલ પરિણામોની સંખ્યા 2 થાય.

$$\therefore\ P(B) = \frac{2}{6} = \frac{1}{3}$$

(C) ધારો કે, ઘટના C : પાસા પરનો અંક યુગ્મ સંખ્યા હોય. અહીં 2, 4 અને 6 એ યુગ્મ અંકો છે. માટે ઘટના C ઉદ્ભવવાના કુલ પરિણામોની સંખ્યા 3 થાય.

$$\therefore\ P(C) = \frac{3}{6} = \frac{1}{2}$$

5. ગોપી તેના પુત્ર માટે ખામી વગરનું રમકડું ખરીદવા ઇચ્છે છે. દુકાનદાર 10 રમકડાં ભરેલી એક પેટી લે છે. જેમાં 3 રમકડાં ખામીવાળાં છે, તેમાંથી યાદચ્છિક રીતે એક રમકડું ગોપીને બતાવે છે. (A) ગોપી રમકડું ખરીદે, (B) ગોપી રમકડું ન ખરીદે તેની સંભાવના શોધો.
ઉકેલ : અહીં પેટીમાં કુલ 10 રમકડાં છે જે પૈકી 3 ખામીવાળા છે, માટે 7 રમકડાં ખામી વગરનાં છે.

(A) ધારો કે, ઘટના A : ગોપી રમકડું ખરીદે છે. એનો અર્થ એ થયો કે રમકડું ખામી વગરનું છે. માટે ઘટના A ઉદ્ભવવા માટેનાં પરિણામોની સંખ્યા 7 થાય.

$$\therefore\ P(A) = \frac{7}{10} = 0.7$$

(B) ધારો કે, ઘટના B : ગોપી રમકડું ખરીદતી નથી. એનો અર્થ એ છે કે રમકડું ખામીવાળું છે માટે ઘટના ઉદ્ભવવા માટેનાં પરિણામોની સંખ્યા 3 થાય.

$$\therefore\ P(B) = \frac{3}{10} = 0.3$$

અહીં નોંધીએ કે ઘટના B એ ઘટના A ઉદ્ભવતી નથી તે છે.

$$\therefore\ P(B) = P(\overline{A}) = 1 - P(A) = 1 - 0.7 = 0.3$$

● ***યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.***

1. એક સમતોલ પાસાને ઉછાળતાં મળતા અયુગ્મ અંકો પૈકીનો અંક અવિભાજ્ય સંખ્યા હોય તેની સંભાવના ......... છે.

(અ) $\frac{1}{3}$ (બ) $\frac{5}{6}$

(ક) $\frac{2}{3}$ (ડ) $\frac{2}{5}$

જવાબ : (અ)

અહીં નિદર્શાવકાશ $U = \{1, 2, 3, 4, 5, 6\}\ \therefore\ n = 6$

અવિભાજ્ય અયુગ્મ અંક મળે તેવી ઘટના $A = \{3, 5\}$

$\therefore\ r = 2$

$$\therefore\ P(A) = \frac{r}{n} = \frac{2}{6} = \frac{1}{3}$$

2. સરખી રીતે ચીપેલી 52 પત્તાની થોકડીમાંથી કોઈપણ બે પત્તાં યાદચ્છિક રીતે પસંદ કરવામાં આવે, તો બન્ને પત્તાં રાજા હોય તેવી સંભાવના ........... છે.

(અ) $\frac{1}{221}$ (બ) $\frac{5}{6}$

(ક) $\frac{2}{3}$ (ડ) $\frac{2}{5}$

જવાબ (અ)

52 પત્તામાંથી યાદચ્છિક રીતે 2 પત્તાં પસંદ કરવાના પ્રયોગ નિદર્શાવકાશ માટે $n = {}_{52}C_2$

બંને પત્તાં રાજા હોય તેવી ઘટના A ઘટવા માટે અનુકૂળ સભ્યોની સંખ્યા $= {}_4C_2$

$$\therefore\ P(A) = \frac{r}{n} = \frac{{}_4C_2}{{}_{52}C_2} = \frac{4\times3}{1\times2}\times\frac{1\times2}{52\times51} = \frac{1}{221}$$

3. એક થેલીમાં સાત લાલ અને પાંચ વાદળી દડા છે. તેમાંથી યાદચ્છિક રીતે બે દડા પસંદ કરવામાં આવે તો પસંદ થયેલા દડામાંથી એક દડો લાલ અને એક દડો વાદળી હોય તેવી સંભાવના ........... છે.
જવાબ : (ક)

(અ) $\frac{31}{66}$ (બ) $\frac{32}{66}$

(ક) $\frac{35}{66}$ (ડ) $\frac{23}{66}$

12 દડામાંથી યાદચ્છિક રીતે બે દડા પસંદ કરવાના નિદર્શાવકાશ માટે $n = {}_{12}C_2$

એક દડો લાલ અને એક દડો વાદળી હોય તેવી ઘટના A માટે અનુકૂળ સભ્યોની સંખ્યા = ${}_7C_1 \times {}_5C_1 = r$

$$P(A) = \frac{r}{n} = \frac{{}_7C_1 \times {}_5C_1}{{}_{12}C_2} = \frac{7\times5}{12\times11} \times \frac{1\times2}{1} = \frac{35}{66}$$

4. અંગ્રેજી મૂળાક્ષરો પૈકીના મૂળાક્ષરોમાંથી એક મૂળાક્ષર પસંદ કરવામાં આવે છે. પસંદ થયેલો મૂળાક્ષર સ્વર હોય તેની સંભાવના ....... છે.

(અ) $\frac{21}{26}$ (બ) $\frac{5}{26}$

(ક) $\frac{3}{26}$ (ડ) $\frac{1}{26}$

જવાબ : (બ)

26 મૂળાક્ષરોમાંથી એક મૂળાક્ષર પસંદ કરવાના યાદચ્છિક પ્રયોગના નિદર્શાવકાશ માટે $n = {}_{26}C_1 = 26$ પસંદ કરેલ મૂળાક્ષર સ્વર હોય તેવી ઘટના A ઘટવા માટે અનુકૂળ સભ્યોની સંખ્યા $= r = {}_5C_1 = 5$

$$\therefore P(A) = \frac{r}{n} = \frac{5}{26}$$

5. 1 થી 25 સુધીના અંકોમાંથી પસંદ થયેલ અંક અવિભાજ્ય હોય તેવી સંભાવના ........ છે. (દરેક અંકની પસંદગી સમસંભાવી ઘટના છે.)

(અ) $\frac{9}{25}$ (બ) $\frac{16}{25}$

(ક) $\frac{7}{25}$ (ડ) 0.23

જવાબ : (અ)

1 થી 25 અંકોમાંથી યાદચ્છિક રીતે એક અંક પસંદ કરવાના પ્રયોગના નિદર્શાવકાશ માટે $n = {}_{25}C_1$

હવે 1 થી 25 અંકોના અવિભાજ્ય અંકો 2, 3, 5, 7, 11, 13, 17, 19, 23 છે.

પસંદ થયેલ અંક અવિભાજ્ય અંક હોય તેવી ઘટના A ઘટવા માટે અનુકૂળ સભ્યોની સંખ્યા $= r = 9$

$$\therefore P(A) = \frac{r}{n} = \frac{9}{25}$$

6. 8 છોકરા અને 2 છોકરીઓ હારમાં બેઠેલા છે. તે પૈકી બન્ને છોકરીઓ સાથે ન બેસે તેની સંભાવના .......... છે.

(અ) $\frac{1}{5}$ (બ) $\frac{4}{5}$

(ક) $\frac{3}{5}$ (ડ) $\frac{2}{5}$

જવાબ : (બ)

8 છોકરા અને 2 છોકરીઓને હારમાં બેસાડવાના યાદચ્છિક પ્રયોગના નિદર્શાવકાશ માટે $n = 10!$

2 છોકરીઓ એક સાથે બેસે તેવી ઘટના A ઘટવા માટે અનુકૂળ સભ્યોની સંખ્યા $= r = 9! \times 2!$

$$\therefore P(A) = \frac{r}{n} = \frac{9! \times 2!}{10!} = \frac{9! \times 2 \times 1}{10 \times 9!} = \frac{1}{5}$$

હવે $P(A') = 1 - P(A)$

$$= 1 - \frac{1}{5}$$

$$= \frac{4}{5}$$

7. એક સમતોલ પાસાને એક વખત ઉછાળવામાં આવે છે. પાસા પર મળતો અંક 3 વડે વિભાજ્ય હોય તેવી ઘટનાની સંભાવના .......... છે.

(અ) $\frac{1}{6}$ (બ) $\frac{2}{5}$

(ક) $\frac{1}{3}$ (ડ) $\frac{5}{6}$

જવાબ : (ક)

અહીં $U = \{1, 2, 3, 4, 5, 6\} \therefore n = 6$

પાસા પર મળતો અંક 3 વડે વિભાજ્ય હોય તેવી ઘટના $A = \{3, 6\} \therefore r = 2$

$$\therefore P(A) = \frac{r}{n} = \frac{2}{6} = \frac{1}{3}$$

8. બે સમતોલ પાસાને એક સાથે ઉછાળવામાં આવે છે. બન્ને પાસા પર સમાન અંક મળે તેની સંભાવના ........ છે.

(અ) $\frac{2}{5}$ (બ) $\frac{3}{7}$

(ક) $\frac{1}{6}$ (ડ) $\frac{5}{6}$

જવાબ : (ક)

અહીં $U = \left\{(x, y) / \begin{matrix} x = 1, 2, 3, 4, 5, 6 \\ y = 1, 2, 3, 4, 5, 6 \end{matrix}\right\} \therefore n = 36$

બન્ને પાસા પર સમાન અંક મળે તેવી ઘટના

$A = \{(1, 1), (2, 2), (3, 3), (4, 4), (5, 5), (6, 6)\}$

માટે, ઘટના A ઘટવા માટે અનુકૂળ સભ્યોની સંખ્યા $= r = 6$

$$\therefore P(A) = \frac{r}{n} = \frac{6}{36} = \frac{1}{6}$$

9. એક પેટીમાં 5 સફેદ, 4 કાળા અને 6 લાલ રંગના દડા છે. તેમાંથી 3 દડા પસંદ કરતાં ત્રણેય દડા એક જ રંગના મળે તેની સંભાવના.

(અ) $\frac{33}{455}$ (બ) $\frac{34}{455}$

(ક) $\frac{1}{455}$ (ડ) આમાંથી એકપણ નહિં.

જવાબ : (બ)

$n(U) = {}^{15}C_3$

માટે માંગેલી સંભાવના $= \frac{{}^5C_3 + {}^4C_3 + {}^6C_3}{{}^{15}C_3}$

$= \frac{10 + 4 + 20}{455} = \frac{34}{455}$

10. લીપ વર્ષ ન હોય તેવા વર્ષમાં 53 રવિવાર આવે તેની સંભાવના = ..........

(અ) $\frac{1}{7}$ (બ) $\frac{2}{7}$

(ક) $\frac{3}{7}$ (ડ) 0

લીપ વર્ષ ન હોય તેવા વર્ષમાં 52 અઠવાડિયાં અને 1 દિવસ હોય.

$[\because\ 365 = (52)\,7 + 1]$

52 અઠવાડિયામાં 52 રવિવાર હોય જ.

53મો રવિવાર વર્ષના છેલ્લા દિવસે શક્ય છે. છેલ્લા દિવસનો નિદર્શાવકાશ $U = \{$રવિ, સોમ, મંગળ, બુધ, ગુરુ, શુક્ર, શનિ$\}$

માટે માંગેલી સંભાવના $= \frac{1}{7}$

11. સમતોલ પાસાને 1 વાર ઉછાળતાં યુગ્મ નંબર મળે છે તો 2 કે 4 મળે તેની સંભાવના કેટલી ?

(અ) $\frac{2}{6}$ (બ) $\frac{2}{3}$

(ક) $\frac{4}{9}$ (ડ) $\frac{1}{6}$

જવાબ : (બ)

$U = \{2, 4, 6\} \Rightarrow n(U) = 3$

$U = \{2, 4\} \Rightarrow n(A) = 2$

$\therefore\ P(A) = \frac{2}{3}$

12. એક પેટીમાં 7 લીલા અને 5 પીળા દડા છે તેમાંથી 2 દડા યાદચ્છિક રીતે પસંદ કરતાં પસંદ કરેલા બંને દડા એક જ રંગના હોય તેની સંભાવના કેટલી ?

(અ) $\frac{35}{66}$ (બ) $\frac{18}{65}$

(ક) $\frac{29}{33}$ (ડ) $\frac{31}{66}$

જવાબ : (ડ)

પેટીમાં કુલ 12 દડા છે. 12માંથી 2 દડા યાદચ્છિક રીતે પસંદ કરવાના

કુલ પ્રકાર $= {}^{12}C_2 = \frac{12\times 11}{1\times 2} = 66 = n$

ઘટના $A =$ પસંદ થયેલા બંને દડા એક જ રંગના હોય.

ઘટના $A$ માટે બે વિકલ્પો થશે.

બંને દડા લીલા અથવા બંને દડા પીળા રંગના હોય.

$\therefore P(A) = \frac{{}^7C_2 + {}^5C_2}{{}^{12}C_2} = \frac{21+10}{66} = \frac{31}{66}$

13. 1 થી 100 પૂર્ણાંક આપેલ છે. તેમાંથી એવો પૂર્ણાંક પસંદ કરો કે તે પૂર્ણ વર્ગ સ્વરૂપમાં હોય તો તેની સંભાવના.

(અ) $\frac{1}{5}$ (બ) $\frac{2}{5}$

(ક) $\frac{1}{10}$ (ડ) આમાંથી કોઈ નહીં.

જવાબ : (ક)

અહીં, 1 થી 100 પૂર્ણાંક છે.

તેમાં $1^2, 2^2, 3^2, 4^2, 5^2, 6^2, 7^2, 8^2, 9^2, 10^2$ પૂર્ણાંકો આવે છે.

$r = 10, n = 100$

$P(A) = \frac{r}{n} = \frac{10}{100} = \frac{1}{10}$

14. બોર્ડના 100 માર્ક્સના પ્રશ્નપત્રમાં 100 અથવા 100થી ઓછા માર્ક્સ મળવાની ઘટનાની સંભાવના કેટલી.

(અ) 0 (બ) $\frac{1}{4}$

(ક) $\frac{1}{2}$ (ડ) 1

જવાબ : (ડ)

બોર્ડની પરીક્ષામાં 100 માર્ક્સ અથવા 100 કરતાં ઓછા માર્ક્સ મળવા એ ચોક્કસ ઘટના છે.

$\therefore\ P(U) = 1$

15. એક પેટીમાં 3 કેરી અને 3 સફરજન છે. તેમાંથી યાદચ્છિક રીતે ફળ લેવામાં આવે છે. તો તેમાં એક કેરી અને એક સફરજન પસંદ થાય તેની સંભાવના.

(અ) $\frac{3}{5}$ (બ) $\frac{5}{6}$

(ક) $\frac{1}{36}$ (ડ) આમાંથી કોઇ નહીં.

જવાબ : (અ)

સંભાવના $= \frac{3C_1 \cdot 3C_1}{6C_2} = \frac{3\times3\times2}{6\times5} = \frac{3}{5}$

16. 3 પુરુષ, 2 સ્ત્રી, 4 બાળકો છે તેમાં 4 વ્યક્તિ પસંદ કરવાની છે. તેમાં બે બાળકો હોય તેની સંભાવના.

(અ) $\frac{11}{21}$ (બ) $\frac{9}{21}$

(ક) $\frac{10}{21}$ (ડ) આમાંથી કોઇ નહીં.

જવાબ : (ક)

| પુરુષ | સ્ત્રી | બાળકો | કુલ |
|---|---|---|---|
| 3 | 2 | 4 | 9 |

કુલ 4 વ્યક્તિ પસંદ કરવાની છે. આમાંથી બે બાળકો પસંદ કરતાં તેની સંભાવના

$= \frac{{}_4C_2 \cdot {}_5C_2}{{}_9C_4} = \frac{6\times10}{9\times2\times7} = \frac{10}{21}$

17. બરાબર ચીપેલ 52 પત્તાંની થોકડીમાંથી એક પત્તું પસંદ કરવામાં આવે છે. પસંદ થયેલ પત્તું એક્કો હોય તેની સંભાવના ............ છે.
જવાબ : (અ)

(અ) $\frac{1}{13}$ (બ) $\frac{4}{13}$

(ક) $\frac{3}{52}$ (ડ) $\frac{1}{52}$

જવાબ : (અ)

52 પત્તામાંથી એક પત્તું પસંદ કરવાના પ્રકાર $= {}_{52}C_1$

$\therefore\ n = {}_{52}C_1 = 52$

ચાર એક્કામાંથી એક એકડાની પસંદગીના પ્રકાર $= {}_4C_1$

$\therefore\ r = {}_4C_1 = 4$

$\therefore$ માંગેલ સંભાવના $= \frac{r}{n} = \frac{4}{52} = \frac{1}{13}$

18. એક સમતોલ પાસો ઉછાળતાં પાસા પર અયુગ્મ સંખ્યા અથવા 4 થી ઓછી સંખ્યા આવે તેની સંભાવના .......... છે.

(અ) $\frac{2}{3}$ (બ) 1

(ક) $\frac{5}{6}$ (ડ) $\frac{1}{2}$

જવાબ : (અ)

અહીં નિદર્શાવકાશ $U = \{1, 2, 3, 4, 5, 6\}$ $\therefore\ n = 6$

પાસા પર અયુગ્મ સંખ્યા અથવા 4થી ઓછી સંખ્યા આવે તેવી ઘટના

$A = \{1, 3, 5, 2\}$ $\therefore\ r = 4$

$\therefore\ P(A) = \frac{r}{n} = \frac{4}{6} = \frac{2}{3}$

19. એક કુટુંબમાં બે બાળકો છે. બંને બાળકો છોકરાઓ હોય તેની સંભાવના ......... છે.

(અ) $\frac{1}{3}$ (બ) $\frac{1}{5}$

(ક) $\frac{1}{4}$ (ડ) $\frac{1}{6}$

જવાબ : (ક)

અહીં નિદર્શાવકાશ $U = \{bg, gb, bb, gg\}$ $\therefore\ n = 4$

બંને બાળક છોકરા હોવાની ઘટના $A = (bb)$ $\therefore\ r = 1$

$\therefore\ P(A) = \frac{r}{n} = \frac{1}{4}$

20. એક સમતોલ સિક્કાને બે વખત ઉછાળવામાં આવે છે. બંને વખત છાપ આવે તેની સંભાવના ...... છે.

(અ) $\frac{1}{6}$ (બ) $\frac{1}{4}$

(ક) $\frac{1}{3}$ (ડ) $\frac{1}{5}$

જવાબ : (બ)

અહીં નિદર્શાવકાશ $U = \{HH, HT, TH, TT\}$ $\therefore\ n = 4$

બંને વખત છાપ આવે તેવી ઘટના $A = \{HH\}$ $\therefore\ r = 1$

$\therefore\ P(A) = \frac{r}{n} = \frac{1}{4}$

21. એક પેટીમાં 6 ખીલીઓ અને 10 નટ્ - બોલ્ટ્સ છે. અડધી ખીલીઓ અને અડધા નટ્ - બોલ્ટ્સ કટાઇ ગયેલા છે. આ પેટીમાંથી એક વસ્તુની પસંદગી કરતાં તે કટાઇ ગયેલ હોય અથવા ખીલી હોય તેની સંભાવના ......... છે.

(અ) $\frac{12}{13}$ (બ) $\frac{10}{13}$

(ક) $\frac{11}{16}$ (ડ) $\frac{13}{18}$

જવાબ : (ક)

પેટીની 6 ખીલીઓમાંથી 3 કટાએલી છે.

10 નટ્ - બોલ્ટ્સમાંથી 6 કટાએલા છે.

પેટીમાંની 16 વસ્તુઓમાંથી એક પસંદ કરવાના પ્રકાર

$= n = {}_{16}C_1 = 16$

6 ખીલીઓ કે 5 કટાએલા બેલ્ટમાંથી એક પસંદ કરવાના પ્રકાર

$= n = {}_{11}C_1 = 11$

$\therefore$ સંભાવના $= \frac{r}{n} = \frac{11}{16}$

22. જો એક લોટરીમાં 5 ઇનામો છે અને 95 ઇનામો વગરની હોય, તો પારિતોષિક મળવાની સંભાવના ..... છે.

(અ) $\frac{1}{20}$ (બ) $\frac{1}{19}$

(ક) $\frac{19}{20}$ (ડ) $\frac{1}{5}$

જવાબ : (અ)

100 ટિકિટમાંથી 1 ટિકિટ મળવાના પ્રકાર

$= {}_{100}C_1 = 100 = n$

5 ઇનામવાળી ટિકિટમાંથી 1 ટિકિટ મળવાનાં પ્રકાર

$= {}_{5}C_1 = 5 = r$

માટે માંગેલ સંભાવના $= \frac{r}{n} = \frac{5}{100} = \frac{1}{20}$

## ● વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પૂછાયેલ દાખલાઓ.

1. પેન્સિલના એક જથ્થામાં 12 સારી, 6 થોડી ખામીવાળી, 2 ખૂબ જ ખામીવાળી પેન્સિલો છે તેમાંથી યાદચ્છિક રીતે પેન્સિલ પસંદ કરતાં તે ખામી વગરની પેન્સિલ હોય તેની સંભાવના.

(અ) $\frac{3}{5}$ (બ) $\frac{3}{10}$

(ક) $\frac{4}{5}$ (ડ) $\frac{1}{2}$

જવાબ : (અ)

માંગેલ સંભાવના $= \frac{{}_{12}C_1}{{}_{20}20_1} = \frac{12}{20} = \frac{3}{5}$

2. બે પાસાને સાથે ઉછાળવામાં આવે છે તો ઉપરના પૂર્ણાંકોનો સરવાળો 5 થાય તેની સંભાવના.

(અ) $\frac{1}{18}$ (બ) $\frac{1}{12}$

(ક) $\frac{1}{9}$ (ડ) અમાંથી કોઇ નહીં.

જવાબ : (ક)

અહીં બે પાસાને ઉછાળતા કુલ ઘટકો $n = 36$

પૂર્ણાંકનો 5 થાય તેવા ઘટકો.

$\{(1, 4), (4, 1), (2, 3), (3, 2)\}$

$r = 4$

$P(A) = \frac{r}{n} = \frac{4}{36} = \frac{1}{9}$

3. એક બોક્ષમાં 5 ભૂરા અને 4 સફેદ ચોક છે. જો આમાંથી બે ચોક પસંદ કરવામાં આવે તો બન્ને ચોક એક જ રંગના હોય તેવી સંભાવના ......... છે.

(અ) $\frac{5}{108}$ (બ) $\frac{1}{6}$

(ક) $\frac{5}{18}$ (ડ) $\frac{4}{9}$

જવાબ : (ડ)

9 ચોકમાંથી બે ચોક પસંદ કરવાના યાદચ્છિક પ્રયોગ માટેના નિદર્શાવકાશ માટે $n = {}_{9}C_2 = 36$

બંને ચોક સફેદ હોય તેવી ઘટના Aને અનુકૂળ ઘટકો $= {}_{4}C_2 = 6$

બંને ચોક ભૂરા હોય તેવી ઘટના Bને અનુકૂળ ઘટકો $= {}_{5}C_2 = 10$

$\therefore P(A) = \frac{6}{36} = \frac{1}{6}$ $\therefore P(B) = \frac{10}{36} = \frac{5}{18}$

હવે, A અને B પરસ્પર નિવારક ઘટનાઓ છે.

$\Rightarrow P(A \cap B) = 0$

$\therefore P(A \cup B) = P(A) + P(B)$

$= \frac{1}{6} + \frac{5}{18} = \frac{4}{9}$

4. ત્રણ સમતોલ પાસાને એક સાથે ઉછાળતાં ઉપરના પૂર્ણાંકો ત્રણેમાં સમાન હોય તેની સંભાવના શોધો.

(અ) $\frac{1}{6}$ (બ) $\frac{1}{18}$

(ક) $\frac{1}{36}$ (ડ) આમાંથી કોઇ નહિં.

જવાબ : (ક)

ત્રણ સમતોલ પાસાના કુલ ઘટક $6 \times 6 \times 6 = 216$ થાય.

$n = 216$

ત્રણે પાસા પર સમાન પૂર્ણાંકના ઘટકોની ઘટના A .

$$A = \left\{ \begin{matrix} (1, 1, 1), (2, 2, 2), (3, 3, 3), (4, 4, 4), \\ (5, 5, 5), (6, 6, 6) \end{matrix} \right\}$$

$r = 6$

$P(A) = \frac{r}{n} = \frac{6}{216} = \frac{1}{36}$

5. એક સમતોલ પાસાને એક વખત ઉછાળતાં ઉપરની બાજુએ 1 અથવા 6 પૂર્ણાંક મળે તેની સંભાવના.

(અ) $\frac{2}{3}$ (બ) $\frac{3}{2}$

(ક) $\frac{1}{3}$ (ડ) $\frac{1}{4}$

જવાબ : (ક)

પૂર્ણાંક = (1, 2, 3, 4, 5, 6) = n = 6

ઉપરની બાજુએ 1 અને 6 પૂર્ણાંક મળે તો r = 2

સંભાવના $= \frac{r}{n} = \frac{2}{6} = \frac{1}{3}$

6. 00, 01, 02, 03, .... 47, 48, 49 નંબરોવાળી 50 ટિકિટોમાંથી જેના આંકડાઓનો ગુણાકાર શૂન્ય થતો હોય તેવી ટિકિટો પસંદ કરવાના યાદચ્છિક પ્રયોગમાં જેના આંકડાઓનો સરવાળો 8 થતો હોય તેવી ટિકિટો પસંદ થવાની ઘટનાની સંભાવના ..... છે.

(અ) $\frac{1}{5}$ (બ) $\frac{1}{14}$

(ક) $\frac{5}{0}$ (ડ) $\frac{2}{10}$

જવાબ : (બ)

અહીં નિદર્શાવકાશ $U = \begin{Bmatrix} 00, 01, 02, 03, 04, 05, 06, \\ 07, 08, 09, 10, 20, 30, 40 \end{Bmatrix}$

$\therefore$ n = 14

જેના આંકડાઓનો સરવાળો 8 થતો હોય તેવા નંબરવાળી ટિકિટ પસંદ કરવાની ઘટના

$A = \{08\}$

$\therefore$ r = 1

$\therefore P(A) = \frac{1}{14}$

● ***થોડુંક જાતે વિચારો.***

(1) *પાસો એક વખત ઉછાળવામાં આવે છે. પાસા પરનો એક યુગ્મ હોય તેની સંભાવના શોધો.* ($0.5/\frac{1}{2}$)

(2) પાસો એક વખત ઉછાળવામાં આવે છે. પાસા પરનો એક અવિભાજ્ય સંખ્યા હોય તેની સંભાવના શોધો. (0.5 અને $\frac{1}{2}$)

(3) *સમતોલ પાસા પર એક 5 આવે તેની સંભાવના કેટલી* $\left(\frac{1}{6}\right)$

(4) *બે સમતોલ સિક્કાઓને ઉછાળતાં બંને પર છાપ આવે તેની સંભાવના કેટલી ?* $\left(\frac{1}{4}\right)$

(5) *કોઈપણ ઘટનાની સંભાવના ક્યાં બે અંકની વચ્ચે હોય છે ?* (0 થી 1)

(6) 52 *પત્તાના ઢગમાંથી એક પત્તું પસંદ કરતાં તે રાજા હોય તેની સંભાવના કેટલી ?* $\left(\frac{1}{13}\right)$

(7) 50 *ગુણમાંથી* 51 *ગુણ મેળવવાની સંભાવના કેટલી ?* (0)

(8) *'સૂર્ય પૂર્વમાં ઉગે છે' અથવા 'સૂર્ય પશ્ચિમમાં આથમે છે' તે ઘટનાની સંભાવના.* (1)

# ૨૮. કાર્તેઝિયન યામ પદ્ધતિ

બે બિંદુ વચ્ચેનું અંતર $=\sqrt{(x_2-x_1)^2+(y_2-y_1)^2}$

1. એક વર્તુળનું કેન્દ્ર O તથા પરિઘ પરનું એક બિંદુ A છે. O (-1, -2) અને A (1, 2) છે તો તેનો પરીઘ શોધો.

(A) $4\pi\sqrt{5}$ (B) $2\pi\sqrt{5}$ (C) $10\pi$ (D) $20\pi$

ગણતરી : $OA=\sqrt{\{1-(-1)\}^2+\{2-(-2)\}^2}=\sqrt{2^2+4^2}=\sqrt{20}=2\sqrt{5}$

વર્તુળમાં OA ત્રિજ્યા છે. $\therefore\ =2\pi\times 2\sqrt{5}=4\pi\sqrt{5}$

2. બિંદુઓ (8,0) અને (0,–6) વચ્ચેનું અંતર ............. છે.

(A) 4 (B) 6 (C) 8 (D) 10

ગણતરી : અંતર $=\sqrt{(8-0)^2+(0-6)^2}=\sqrt{8^2+6^2}$

$=\sqrt{64+36}=\sqrt{100}=10$

3. બિંદુઓ A અને B ના યામ અનુક્રમે (2, 3) અને (x, y) છે. જો તેમનું મધ્યબિંદુ ઉગમબિંદુ હોય તો x = ........ અને y = ........

46. એક મહાવિદ્યાલયના 45 કર્મચારીઓનું સરેરાશ વેતન 950 રૂપિયા છે જો પ્રિન્સીપાલનો પગાર ઉમેરી દેવામાં આવે તો સરેરાશ 50 રૂપિયા વધી જાય છે. તો પ્રિન્સિપાલનો પગાર શું હશે ?

47. દસ સંખ્યાઓની સરેરાશ 15 છે. પ્રથમ ચાર સંખ્યાઓ ક્રમશઃ 10, 12, 14, 16 છે. બાકીની 5 સંખ્યાઓની સરેરાશ 18 છે. તો 10 મી સંખ્યા શું હશે ?

48. સાત સળંગ પૂર્ણાંકોનો સરવાળો 49 છે. તેમાં સૌથી નાનો પૂર્ણાંક કયો છે ?

49. જો 8 વ્યક્તિઓના એક પરિવારમાં પિતા, માતા અને સૌથી મોટા પુત્રની માસિક આવક અનુક્રમે 600 રૂા, 400 રૂા, અને 200 રૂા. હોય તો પરિવારના એક સભ્યની સરેરાશ આવક કેટલી હશે ?

50. A, B, C, D અને E નિરંતર વિષમ સંખ્યાઓ છે આ પાંચ સંખ્યાઓનો સરવાળો 475 છે. તો A અને B નો ગુણનફળ કેટલો છે ?

---

## પ્રેક્ટીસ પેપર - ૦૪ જવાબો

(1) 1.8, (2) 8, (3) 766.65 (4) 45, (5) 25, (6) 4155, (7) 5526, (8) 1200, (9) 1765113, (10) 372.33, (11) 63600, (12) 8500, (13) 526, (14) 0.75, (15) 0.75, (16) 737, (17) $8^2$, (18) 0, (19) $2\frac{1}{2}$, (20) 4, (21) 4, (22) 6, (23) 12, (24) $(-4)^3$, (25) 665, (26) 16, (27) 59, (28) 78, (29) 12.9, (30) 19, (31) 100, (32) 174, (33) 72, (34) 5, (35) 7.17, (36) 13, (37) 4160, (38) 08, (39) 9, (40) 7, (41) 10, (42) 15, (43) 17, (44) 17.75, (45) 55, (46) 3250, (47) 8, (48) 4, (49) 150, (50) 8463.

# પ્રેક્ટીસ પેપર - ૦૫

1. એક વર્ગના 30 વિદ્યાર્થીઓની સરેરાશ વય 16 વર્ષ છે. જો તેમાં શિક્ષકની વય ઉમેરવામાં આવે તો સરેરાશ વયમાં એક વર્ષનો વધારો થાય છે, તો શિક્ષકની વય કેટલા વર્ષ હશે ?

2. ચાર ક્રમશ- એકી સંખ્યાઓની સરેરાશ 40 હોય તો બીજી અને ચોથી સંખ્યાનો ગુણાકાર કેટલો થાય ?

3. પાંચ સંખ્યાની સરાસરી 51.4 છે. પહેલી બે સંખ્યાની સરાસરી 30.5 છે. ચોથી અને પાંચમી સંખ્યાની સરાસરી 62 છે, તો ત્રીજી સંખ્યા કઈ ?

4. એક પ્રવાસી તેની અડધી મુસાફરી ટ્રેન દ્વારા 60 કિ.મી. / કલાક, બાકી બચેલી મુસાફરીમાંથી અડધી 30 કિ.મી. / કલાક બસ દ્વારા અને વધેલી મુસાફરી સાયકલ દ્વારા 10 કિ.મી. / કલાકની ગતિએ કરે છે. તો આખી મુસાફરી દરમિયાન તેની સરેરાશ ગતિ કેટલા કિ.મી. / કલાકની હશે ?

5. એક માહિતીનો મધ્યક 84 છે. દરેક પ્રાપ્તાંકમાં 3 ઉમેરી 5 વડે ભાગતાં મળતો નવો મધ્યક કેટલો થાય ?

6. એક આવૃત્તિ - વિતરણમાં કુલ આવૃત્તિ 50 છે, $efixi = 122$ હોય તો મધ્યકની કિંમત શોધો.

7. $\frac{a^2}{b^2}$ અને $\frac{b^2}{a^2}$ નો ગુણોત્તર મધ્યક કેટલો થાય ?

8. 10 પ્રાપ્તાંકોનો મધ્યક 12.5 છે, તેમાં ભૂલથી એક પ્રાપ્તાંક +8 ને બદલે (-8) લંબાઈ ગયું છે, તો સાચો મધ્યક કેટલો થાય ?

9. - 5 થી +5 સુધીની પૂર્ણાંક સંખ્યાઓનો મધ્યસ્થ કેટલો થાય ?

10. 2 અને x નો ગુણોત્તર મધ્યક 4 હોય તો x ની કિંમત કેટલી થાય ?

11. 10 પ્રાપ્તાંકોનો મધ્યક 19.2 છે. જેમાં એક પ્રાપ્તાંક ભૂલથી 23 ને બદલે 32 લેવાયો હોય તો સાચો મધ્યક શોધો.

12. ચાર ક્રમશઃ સમ સંખ્યાઓની સરેરાશ 40 હોય તો બીજી અને ચોથી સંખ્યાનો ગુણાકાર કેટલો થાય ?

13. 2, 7, 9, 13, 14 નો મધ્યસ્થ ........... છે ?

14. 8 વર્ષ પહેલાં એક કુટુંબના 4 સભ્યોની ઉંમરની સરેરાશ 24 વર્ષ હતી. હવે, બે બાળકો જન્મ્યા પછી પણ આજે કુટુંબના સભ્યોની ઉંમરની સરેરાશ પહેલાની સરેરાશ ઉંમર જેટલી જ છે. જો બન્ને બાળકોની ઉંમર વચ્ચે 4 વર્ષનો ગાળો હોય તો, સૌથી મોટા બાળકની હાલની ઉંમર શું થશે ?

15. 10 પ્રાપ્તાંકોનો સરવાળો 95 છે. તેમનો એક પ્રાપ્તાંક 5 કાઢી લે તો બાકીના પ્રાપ્તાંકોનો મધ્યક ........ થાય.

16. એક માહિતીનો મધ્યક 84 છે. જો દરેક પ્રાપ્તાંકના 6 ઉમેરી 9 વડે ભાગવામાં આવે, તો નવી માહિતીનો મધ્યક ...... થાય.

17. એક બેટ્સમેન 17 મી વન-ડેમાં 85 રન બનાવે છે જેથી તેની સરેરાશ 3 રન વધી જાય છે તો 17 મી વન-ડે બાદ તેની સરેરાશ કેટલા રનની હશે ?

18. ત્રણ સળંગ બેકી સંખ્યાઓનો સરવાળો 210 છે તો તેમાં સૌથી મોટી અને નાની સંખ્યા વચ્ચેનું અંતર કેટલું છે ?

19. 10 બાળકોની 10 વર્ષ પહેલાંની ઉંમરનો સરવાળો 10 વર્ષ હતો. તો 10 વર્ષ પછી તેમની ઉંમરનો સરવાળો કેટલો થશે ?

20. એક ક્રિકેટ ટીમની સરેરાશ ઉંમર 27 વર્ષ છે. તેમાંથી 24 અને 27 વર્ષની ઉંમરના બે ખેલાડીઓના સ્થાને 23 અને 28 વર્ષની ઉંમરવાળા બે નવા ખેલાડી આવે છે તો હવે ટીમની સરેરાશ ઉંમર કેટલા વર્ષ હશે ?

21. એક દિવાલને રંગકામ કરવા માટે પ્રથમ અસ્તરમાં લીટર દીઠ 6 ચો.મીટર રંગકામ થાય છે. બીજા અસ્તરમાં લીટર દીઠ 12 ચો.મીટર રંગકામ થાય છે, તો બે અસ્તરનું રંગકામ કરવામાં સરેરાશ લીટર દીઠ કેટલા કેટલા ચો.મીટર રંગકામ થાય ?

22. 623, 164, 529, 425, ........ 205, 301, 824. આપેલ તમામ સંખ્યાની સરેરાશ 472 હોય તો ખાલી જગ્યામાં કઈ સંખ્યા આવશે ?

23. 7,10,16,20,27 નો મધ્યક ........... છે.

24. કોઈ માહિતી માટે $Z - M = 2.5$ અને માહિતીનો મધ્યક 20 હોય તો $Z =$ ................

25. 10 વિદ્યાર્થીઓની હાલની ઉંમરનો સરવાળો 100 વર્ષ છે. 5 વર્ષ પહેલાં તેમની સરેરાશ ઉંમર કેટલી હશે ?

26. 50 વિદ્યાર્થીઓના વર્ગમાં વિદ્યાર્થીઓએ મેળવેલ માર્ક્સ 85 છે. સૌથી વધારે માર્ક્સ મેળવનાર 4 વિદ્યાર્થીઓને બાદ કરીએ તો બાકીના વિદ્યાર્થીઓની સરેરાશમાં 1 માર્ક્સથી ઘટાડો થાય છે, તો સૌથી વધારે માર્ક્સ મેળવનાર 4 વિદ્યાર્થીઓના સરેરાશ માર્ક્સ જણાવો.

27. હોકી ટીમના 20 ખેલાડીઓની સરેરાશ ઉંમર 19 છે. જો મેનેજરની ઉંમર ઉમેરવામાં આવે તો તમામની સરેરાશ ઉંમર 20 થાય છે, તે મેનેજરની ઉંમર કેટલી હશે ?

28. ત્રણ સંખ્યાઓમાંથી બીજી સંખ્યા પ્રથમ સંખ્યાથી બે ગણી તથા ત્રીજી સંખ્યાથી ત્રણ ગણી છે. જો ત્રણેય સંખ્યાઓની સરેરાશ 44 હોય તો સૌથી નાની સંખ્યા કઈ છે ?

29. છ સંખ્યાઓ 7, 12, 24, 26, 19 અને 28 છે, જો દરેક સંખ્યામાં 8 ઉમેરાયેલ છે તો નવું સરેરાશ શું હશે ?

30. 1 થી 15 સુધીના અંકોના સરવાળાની સરેરાશ કિંમત નીચેના પૈકી એક થાય.

31. એક સ્ટોર્સના 25 કામના દિવસોની સરેરાશ દૈનિક કમાણી રૂ. 100 છે. આ પૈકી પ્રથમ 15 દિવસોની સરેરાશ દૈનિક કમાણી રૂ. 80 છે, જ્યારે પછીના 10 દિવસોમાં એક તહેવારના દિવસ સિવાયની કુલ કમાણી રૂપિયા 540 છે, તો તહેવારના દિવસની કમાણી નીચેની પૈકી એક થાય.

32. અવલોકનો 12, 13, x, 17, 18, 20 નો મધ્યક 16 છે, તો x ની કિંમત શોધો.

33. બે ક્રમિક સંખ્યાનો સરવાળો 51 છે તો તે સંખ્યા કઈ ?

34. - 5 થી +5 સુધીની પૂર્ણાંક સંખ્યાઓનો મધ્યક કેટલો થાય ?

35. બે ક્રમિક સંખ્યાઓનો સરવાળો 61 છે તો તે સંખ્યાઓ કઈ હશે ?

36. $20-30$ વર્ગની વર્ગ લંબાઈ કેટલી થાય ?

37. 9.5 ટકા લેખે રૂ. 2400 ની 4.5 વર્ષની રાશ શોધો.

38. પહેલી પાંચ અવિભાજ્ય સંખ્યાનો મધ્યક શોધો.

39. $10, 8, 5, x, 7$ નો મધ્યક 7 છે, તો $x$ ની કિંમત શોધો.

40. $22 \times 18 = .........?$

41. માધવી કરતા વર્ષા 3 વર્ષ નાની છે. જો બંનેની હાલની ઉંમરનો સરવાળો 27 વર્ષનો હોય તો બન્નેની હાલની ઉંમર શોધો.

42. ધોરણ-9 ના 30 વિદ્યાર્થીઓની સરાસરી ઉંમર 15 વર્ષ છે. જો શિક્ષકની ઉંમર ઉમેરી દેવામાં આવે તો સરાસરી 1 વધી જાય છે. શિક્ષકની ઉંમર કેટલી હશે ?

43. પ્રથમ અગિયાર પ્રાકૃતિક સંખ્યાઓનો મધ્યક ........... છે.

44. શ્રેણીની 10 સંખ્યાનાં મધ્યક 25 છે. દરેક સંખ્યામાંથી 5 બાદ કરવામાં આવે તો નવો મધ્યક કેટલો થશે ?

45. ત્રણ વર્ષ પહેલાં એક કુટુંબના 5 સભ્યોની સરેરાશ ઉંમર 18 વર્ષ હતી. જો એક બાળકના જન્મ બાદ તે કુટુંબના સભ્યોની સરેરાશ ઉંમર હાલ એટલી જ રહેતી હોય, તો બાળકની ઉંમર શું હશે ?

46. પહેલી 10 બેકી સંખ્યાઓનો મધ્યક કેટલો થાય ?

47. 8 પ્રાપ્તાંકોની સરાસરી 45 છે. આ પૈકી એક પ્રાપ્તાંક બાદ કરતાં સરાસરી 44 થાય છે તો બાદ કરેલા પ્રાપ્તાંકો ક્યાં હશે ?

48. નીચેનામાંથી કઈ સંખ્યાના 560 ના 40 ટકાના 30 ટકા બરાબર છે ?

49. 320 ના 68 % નું માન છે ?

50. ............ના 64 ટકા - 1120 ના 96 ટકા = 499.2 થાય.

## પ્રેક્ટીસ પેપર - ૦૫ જવાબો

(1) 47 year, (2) 1677, (3) 72, (4) 24, (5) 17.4, (6) 2.44, (7) 1, (8) 14.1, (9) 0, (10) 8, (11) 18.3, (12) 1677, (13) 9, (14) 10 Year, (15) 10, (16) 10, (17) 37, (18) 4, (19) 210 Year, (20) 27, (21) 9, (22) 705, (23) 16, (24) 21.67, (25) 15, (26) 96.5, (27) 40 Year, (28) 24, (29) 27, (30) 8, (31) 760 Rs., (32) 16, (33) 25, 26, (34) 0, (35) 30, 31, (36) 10, (37) 3426 Rs., (38) 5.6, (39) 5, (40) 396, (41) 15, 12, (42) 46, (43) 06, (44) 20, (45) 3 Year, (46) 11, (47) 52, (48) 280 na 40 % na 60 %, (49) 217.6, (50) 2460.

# પ્રેક્ટીસ પેપર - ૦૬

1. એક સંખ્યાના 10 ટકાના 10 ટકા બરાબર 10 થાય છે, તો તે સંખ્યા શોધો.

2. નીચે પૈકી કોના 24 ટકા બરાબર 78 થાય ?

   (અ) 320 (બ) 324 (ક) 328 (ડ) 325

3. એક પરીક્ષામાં પાસ થવા માટે ઉમેદવારોને 33 ટકા માર્ક્સની જરૂર છે, તે 282 માર્ક્સ મેળવે છે અને 15 માર્ક્સથી નાપાસ થાય છે, તો તે પરીક્ષા કેટલા માર્ક્સની ?

4. 40 ટકાના 40 ટકા કેટલા થાય ?

5. 65 બાળકોના એક વર્ગમાં દરેક બાળકને બાળકોની કુલ સંખ્યામાં 20 ટકા જેટલી મીઠાઈ મળી હોય તો કુલ કેટલા કિલો મીઠાઈ હતી ?

6. એક પ્રાણી સંગ્રહાલયમાં 20 જાનવરો, 25 પક્ષીઓ અને 35 સરીસૃપ પ્રાણીઓ હોય તો જાનવરોની ટકાવારી કેટલી થાય ?

7. કોઈ એક સંખ્યાના 60 ટકામાંથી 60 બાદ કરતાં જવાબ 60 આવે છે, તો તે સંખ્યા કઈ ?

8. કોઈ પરીક્ષામાં પાસ થવા માટે 33 ટકા માર્ક જરૂરી છે. રાજુને 25 ટકા માર્ક આવ્યા અને તે 40 માર્કથી ફેલ થયો. તો પછી કુલ માર્ક કેટલા હશે ?

9. જો રામને લક્ષ્મણ કરતાં 10 ટકા વધુ મળે તો લક્ષ્મણને રામ કરતા નીચેના પૈકી એક મળે ?

10. જો $A$ ની આવક $B$ કરતાં 150 ટકા વધારે છે, તો $B$ ની આવક $A$ ની આવક કરતાં કેટલા ટકા ઓછી છે ?

11. કઈ એક રકમના 40 % 2000 થાય ?

12. એક વ્યક્તિ 2 રૂપિયાની 3 પેન્સિલ લઈને 3 રૂપિયામાં 2 પેન્સિલ વેચે છે, તો તેને કેટલા ટકા નફો થાય ?

13. જો કોઈ સંખ્યાના 15 ટકા, 105 થાય તો તે જ સંખ્યાના 105 ટકા શું થશે ?

14. કઈ એક રકમનાં 40 %2000 થાય ?

15. જો $A$ ની આવક $B$ કરતાં 150 ટકા વધારે છે, તો $B$ ની આવક $A$ ની આવક કરતાં કેટલા ટકા ઓછી છે ?

16. એક વસ્તુની છાપેલી કિંમત પર 20 ટકા અને 5 ટકા ક્રમશઃ વળતર મળતું હોય તો ખરેખર વળતર કેટલા ટકા થયું ગણાય ?

17. એક સાઈકલની છાપેલી કિંમત 1560 રૂ. અને તેના પર લેવાતા વેચાણ વેરાના દર ૫ ટકા હોય તો કેટલો વેચાણવેરો ભરવો પડે ?

18. જો એક કારની કિંમત 52,000 છે. જો ખરીદનાર માટે તેનો 12.5 ટકા વેટ આપવો પડે તો વેટની કેટલી રકમ ચૂકવવી પડશે ?

19. એક સાયકલની છાપેલી કિંમત રૂ. 1560 અને તેના પર લેવાતા વેચાણ વેરાના દર 5 ટકા હોય તો કેટલો વેચાણવેરો ભરવો પડે ?

20. ગઈ ચુંટણીમાં કોઈ ગ્રામીણ ક્ષેત્રમાં બે ઉમેદવારો વચ્ચે સીધી સ્પર્ધા ÚE. y tiW( Ëõkh 30% મત મેળવ્યા પછી પણ 4000 મતથી હારે છે. તો કુલ મળેલા વોટની સંખ્યા કેટલી હશે?

21. એક વસ્તુની કિંમતમાં 10%નો વધારો થવાથી વપરાશકાર પોતાની વપરાશમાં કેટલા ટકા ઘટાડો કરે કે જેથી તેનાં ખર્ચ અને આવકનું પ્રમાણ પહેલા જેટલું જળવાઈ રહે ?

22. 800 ના 64% = _______

23. એક વ્યક્તિ પોતાની આવકનો 45% રકમ ઘરખર્ચ માટે, 15% રકમ કપડા પર અને 20% અન્ય ખર્ચ માટે ખર્ચે છે. જો તેની પાસે 75 રૂપિયાની બચત થતી હોય તો તેની આવક કેટલી હશે ?

24. જો ટીકીટની કિંમતમાં 20% ઘટાડો થાય તો દર્શકોની સંખ્યામાં કેટલા ટકા વધારો થાય તો આવક જળવાઈ રહે?

25. 20 ના 40% = 40 ના x %

26. એક ખાદ્યતેલની કિંમત 25 વધી જાય છે. તો તેલના ખર્ચામાં કેટલા ટકા ઘટાડો કરવો પડશે. તેના પર થતો ખર્ચ પરિવર્તિત રહે.

27. જો કોઈ સંખ્યાના 147%, 441 છે. તો તે સંખ્યાના 20% કેટલા હશે ?

28. કોઈ વ્યક્તિ 1800 રૂપિયા દર મહિને કમાય છે. અને પોતાના પગારના 10% ભાગ બચાવે છે. તો કેટલા બચાવે છે.

29. 1000 વિદ્યાર્થીઓમાંથી 200 બંગાળી બોલે છે 400 તમિલ બોલે છે અને બાકીના વિદ્યાર્થીઓ હિન્દી બોલે છે. તો કેટલા ટકા હિન્દી બોલે છે.

30. શીલા 8 રૂપિયા લઈને બજાર ગઈ તેણે 1.10 રૂપિયા પ્રતિ નકલના ભાવની 5 પેન્સિલ અને 0.60 રૂપિયા પ્રતિનકલના ભાવની 2 પેન્સિલ ખરીદી હવે તેની પાસે કેટલા રૂપિયા હશે.

31. પગારમાં કેટલા ટકાની કપાત કરાય કે તે પગારમાં કરેલ 20% ના વધારાને સમાપ્ત કરી છે ?

32. કોઈ પરીક્ષામાં 60% વિદ્યાર્થી અંગ્રેજીમાં પાસ થયા છે. 70% હિન્દીમાં અને 40% બંનેમાં ઉત્તીર્ણ થાય છે. તો અંગ્રેજી અને હિન્દી બંને નાપાસ થનાર વિદ્યાર્થીની સંખ્યા કેટલા ટકા ?

33. બે સંખ્યાઓનું અંતર બંનેમાં મોટી સંખ્યાનો 20%ના બરાબર છે, જો નાની સંખ્યા 20 હોય તો મોટી સંખ્યા શોધો.

34. અભયનો માસિક પગાર વિજયના માસિક પગારના 50% છે,

વિજયનો માસિક પગાર રાજનના માસિક પગારના 75% છે, જો આમાંથી દરેકનો ભેગો માસિક પગાર 25500 રૂપિયા થાય છે તો અભયનો માસિક પગાર કેટલો ?

35. જ્યારે એક કંપની સ્કુટરની કિંમત 30% ઘટાડે છે. ત્યારે સ્કુટરની વેચાણ 20% વધે છે. કુલ વેચાણ પર શું અસર થશે?

36. એક વિદ્યાર્થી એક વિષયમાં પાસ થવા માટે 45% પ્રાપ્ત કરવા પડે છે, તે 45 ગુણ પ્રાપ્ત કરે છે. અને 9 ગુણથી નાપાસ થઈ જાય છે. તો વિષયમાં વધુમાં કેટલા ગુણ છે?

37. 10%, 12% તથા 15% ના ક્રમશઃ ઘટતા ભાગની સમતુલ્ય છુટ શું થશે ?

38. લોખંડ અને તાંબાની બનેલ એક મિશ્રધાતુમાં 20 ભાગ લોખંડ અને 100 ભાગ તાંબુ છે. મિશ્રિત ધાતુમાં લોખંડની ટકાવારી શોધો.

39. જો ખાંડનો ભાવ પહેલાથી 25% વધી જાય તો એક વ્યક્તિ કેટલા ટકા ખાંડ ઓછી ખરીદે કે જેથી તેનો ખર્ચ પહેલા જેટલો રહે ?

40. રમેશભાઈની આવક અને ખર્ચનો ગુણોત્તર 8 : 7 છે, જો તેમનો ખર્ચ 2100 રૂ. હોય તો બચત કેટલી થાય ?

41. કુંવરજી કાકા અને દુર્લભજી દાદાની ઉંમર વચ્ચે 24 વર્ષનું અંતર છે. ઉંમરનું પ્રમાણ 5:7 છે તો તેમની હાલની ઉંમરનો સરવાળો કેટલો છે ?

42. A અને B ઉંમરનો ગુણોત્તર 6 : 5 તથા તેનો સરવાળો 44 છે તો આઠ વર્ષ બાદ તેની ઉંમરનો ગુણોત્તર કેટલો હશે ?

43. ત્રણ સંખ્યાઓ 5, M, 80 ગુણોત્તર શ્રેણીમાં છે તો M શોધો.

44. રમેશ અને સુરેશના વચ્ચે અમુક રકમ 5 : 7 ના પ્રમાણમાં વહેંચવામાં આવે છે, જો રમેશને ભાગે 2500 રૂપિયા આવે તો સુરેશના ભાગે કેટલી રકમ આવશે ?

45. $X$ અને $Y$ $3:2$ ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતાં ભાગીદારી પેઢીમાં $Z$ ને $\frac{1}{5}$ ના ભાગ સાથે પ્રવેશ આપ્યો તો નવું વહેંચણીનું પ્રમાણ શું થશે ?

46. જો $25 : x : : x : 4$ હોય તો $x$ નું મૂલ્ય નીચેના પૈકી એક થાય ?

47. જો $\frac{a}{b}=\frac{3}{5}$ હોય તો $\frac{a-b}{a+b}$ નું મૂલ્ય નીચેના પૈકી એક થાય ?

48. 'અ', 'બ', અને 'ક' ભાગીદારો અનુક્રમે $2:3:1$ ના પ્રમાણમાં નફો - નુકસાન વહેંચે છે. 'અ' સક્રિય ભાગીદાર હોઈ તેને માસિક રૂપિયા 1000 વેતન પણ મળે છે. જો કોઈ વર્ષે 'અ'નો પગાર તથા નફાની કુલ કમાણી રૂ. 42,000 થાય તો આ વર્ષની પેઢીનો કુલ નફો નીચે પૈકીનો એક હોય ?

49. ત્રણ મોટરકારની કિંમતનો ગુણોત્તર $4:5:7$ છે. આ પૈકી સૌથી મોંઘી અને સૌથી સસ્તી મોટરકારની કિંમતનો તફાવત રૂ. 60,000 હોય તો મધ્યમકક્ષાની મોટરકારની કિંમત નીચેના પૈકી એક થાય.

50. 2 અને x નો ગુણોત્તર મધ્યક 4 હોય તો x ની કિંમત કેટલી થાય ?

---

## પ્રેક્ટીસ પેપર - ૦૬ જવાબો

(1) 1000, (2) 325, (3) 900, (4) 0.16%, (5) 845, (6) 25, (7) 200, (8) 500, (9) $9\frac{1}{11}$% ઓછા મળે, (10) 60 %, (11) 5000, (12) 125 %, (13) 735, (14) 5000, (15) 60 %, (16) 24 %, (17) 78 Rs., (18) 6500, (19) 78 Rs., (20) 10,000, (21) $9\frac{1}{11}$%, (22) 512, (23) 375 Rs., (24) 25 %, (25) 20 %, (26) 20%, (27) 60, (28) 180 Rs., (29) 40 %, (30) 1.30 Rs., (31) $16\frac{2}{3}$, (32) 10 %, (33) 25, (34) 4500 Rs., (35) 16 % વેચાણ ઘટે, (36) 120 ગુણ, (37) 18 % છુટ, (38) $16\frac{2}{3}$%, (39) 20 %, (40) 300 Rs., (41) 144 વર્ષ, (42) 8 : 7, (43) ± 20, (44) 3500, (45) 12 : 8 : 5, (46) X = 10, (47) $-\frac{1}{4}$, (48) Rs. 1,02,000, (49) Rs. 1 Lakh, (50) X=8.

# પ્રેક્ટીસ પેપર - ૦૭

1. અ અને બ એક વેપારમાં 5 : 4 નાં પ્રમાણમાં રોકાણ કરે છે, કુલ લાભના 10 ટકા દાન આપે છે, 'અ' ને ભાગે રૂ. 7500 આવે છે, તો કુલ લાભ કેટલો થયો હશે ?

2. જગદીશ, રામ તથા પ્રકાશની હાલની ઉંમરનો સરવાળો 93 વર્ષ છે. 10 વર્ષ પહેલાં તેમની ઉંમરનો ગુણોત્તર 2:3:4 હતો તો પ્રકાશની હાલની ઉંમર કેટલી ?

3. ત્રણ આંકડાઓ 3 : 4 : 5 ના ગુણોત્તરમાં છે. જો પ્રથમ અને ત્રીજા આંકડાનો સરવાળો બીજા આંકડા કરતાં 52 જેટલો વધુ હોય તો મોટો આંક ક્યો મળે ?

4. કોઈ રકમ સાધારણ વ્યાજના દરે ઉધાર લેવામાં આવે જે 10 વર્ષ અંતમાં મૂળ રકમથી બે ગણી થઈ જાય તો વાર્ષિક વ્યાજની ટકાવારી શોધો.

5. જો 1200 રૂપિયા સાધારણ વ્યાજથી 4 વર્ષમાં વ્યાજ મુદ્દલ 1440 રૂપિયા થઈ જાય છે. તો વ્યાજનો વાર્ષિક દર શું છે.

6. 10% વાર્ષિક વ્યાજ ના દરથી 600 રૂપિયા પર સાધારણ વ્યાજ કેટલા સમયમાં 300 રૂપિયા થઈ જશે ?

7. કોઈ સંખ્યા સાધારણ વ્યાજ દર થી 20 વર્ષમાં ત્રણ ગણી થાય છે તો વ્યાજનો દર શોધો.

8. કોઈ રકમનું સાધારણ વ્યાજ 4 વર્ષમાં રકમનાં $\frac{1}{5}$ ભાગ છે. તો વ્યાજનો દર શોધો.

9. 500 રૂપિયાના 5% ના વાર્ષિક સાધારણ વ્યાજના દરથી કેટલા સમયમાં વ્યાજ રૂપિયા 50 થશે.

10. કોઈ વ્યક્તિ એ સાધારણ વ્યાજ પર બે વર્ષ માટે 20000 રૂપિયા ઉધાર લીધા બે વર્ષના અંતમાં તેને વ્યાજ સહિત 24800 રૂપિયા આપવાના હતા તો વાર્ષિક વ્યાજનો દર છે.

11. 800 રૂપિયાના 3 વર્ષમાં સાધારણ વ્યાજની મિશ્રધન 920 રૂપિયા થઈ જાય છે. જો વ્યાજનો દર 3% વધી જાય તો મિશ્રધન શું થશે ?

12. કોઈ રકમનું 10% વ્યાજના દરે 5 તથા 3 વર્ષનાં સાદા વ્યાજનું અંતર 180 રૂપિયા છે તો તે રકમ શોધો.

13. જો કોઈ રકમ સાધારણ વ્યાજના દર થી 2 વર્ષમાં 5184 રૂપિયા તથા 3 વર્ષમાં 5832 રૂપિયા થઈ જાય છે. તો તે રકમ કેટલી હશે ?

14. સાધારણ વ્યાજ પર જમા કરાયેલ રકમ 2 વર્ષમાં 2800 રૂપિયા અને 5 વર્ષમાં 3250 રૂપિયા થઈ જાય છે. તો વ્યાજના દરની ટકાવારી શોધો.

15. 5000 રૂપિયાનું 2% લેખે 3 વર્ષનું સાદુ વ્યાજ કેટલું ?

16. એક વેપારી તા. 5-6-2012 ના રોજ શરાફ પાસેથી વ્યાજે લીધેલી રકમ તા. 14-8-2012 ના રોજ પરત કરે છે, તો વેપારીએ કેટલા દિવસનું વ્યાજ ચૂકવ્યું હશે ?

17. રૂ. 15,000 એક T.V. હપ્તેથી ખરીદવા માટે રૂ. 6000 રોકડા અને પછી રૂ. X નો એક એવા માસિક સાત હપ્તા ચૂકવવાના હોય તો ............ રૂપિયા વ્યાજ ચૂકવ્યું ગણાય.

18. કઈ રકમનું 10 ટકા લેખે 10 વર્ષનું વ્યાજ રૂ. 10 થાય છે ?

19. રૂ. 6000 નું 8 ટકા લેખે સાદા વ્યાજે 3 વર્ષનું વ્યાજ મુદ્દલ કેટલું થાય ?

20. રૂ. 15,000 ને 8 વર્ષ માટે સાધારણ વ્યાજ પર લગાવાથી રૂ. 25,800 થઈ જાય છે. વાર્ષિક વ્યાજ દર હશે ?

21. રૂ. 16,000 નું સ્કુટર હપ્તેથી ખરીદવા રૂ. 6000 રોકડા ચૂકવવા પડે છે અને પછી રૂ. X નો એક એવા માસિક ત્રણ હપ્તા ચૂકવવાના હોય, તો વ્યાજની રકમ રૂ. ...... થાય.

22. જે રકમ વ્યાજે મૂકવામાં કે લેવામાં આવે તેને શું કહે છે ?

23. ધ્રુવીબેન 6000 રૂપિયા 5 ટકાના લેખે 3 માસ માટે સહકારી બેન્કમાં મૂકે છે તેમને મુદ્દતને અંતે વ્યાજ સહિત કુલ કેટલા રૂપિયા મળશે ?

24. ધારો કે અમુક રૂપિયા 12 વર્ષે બમણા થાય તો તેના પ્રતિવર્ષ વ્યાજનો દર કેટલો થશે ?

25. સાદા વ્યાજે રૂ. 2000 નું 5 વર્ષનું વ્યાજમુદ્દલ 2600 રૂ. છે. જો વ્યાજનો દર 3 ટકા વધારે હોત તો વ્યાજમુદ્દલ કેટલા રૂપિયા થાય.

26. મુદ્દત માટે વપરાતો સંકેત =............

27. 4 ટકા લેખે કઈ રકમનું 3 વર્ષનું વ્યાજ રૂપિયા 96 થાય ?

28. એક વ્યક્તિને ઘરની મરામત માટે રૂ. 20,000 ના 10 ટકા લેખે 2 વર્ષ માટે સાદા વ્યાજે લીધા તો તે વ્યક્તિએ 2 વર્ષ પછી કુલ કેટલા રૂપિયા ચૂકવવા પડે ?

29. રૂ. 1100 નું પ ટકા લેખે 2 વર્ષનું સાદુ વ્યાજ કેટલું થાય ?

30. કોઈ વ્યક્તિ અમુક રકમ બે વર્ષ માટે 25 ટકાના વ્યાજે લઈ કુલ 9000 રૂપિયા ચૂકવે છે, તો તેણે કેટલી રકમ વ્યાજે લીધી હશે ?

31. 14 ટકા સાદા વ્યાજે લીધેલી રકમ ચાર વર્ષ પછી રૂ. 11,700 પરત કર્યા તો કેટલા રૂ. લાવ્યા હશે ?

32. 4 ટકાના સાદા દરે રકમ કેટલાં વર્ષે બમણી થાય ?

33. રૂ. 500 બે વર્ષમાં 10 % લેખે સાદું વ્યાજ ........... થાય.

34. રૂ. 6000નું 8 ટકા લેખે સાદા વ્યાજે 3 વર્ષનું વ્યાજમુદ્દલ કેટલું થાય ?

35. રૂ. 10,000 નું 15 ટકા લેખે છ માસનું સાદું વ્યાજ કેટલું થાય ?

36. સાદા વ્યાજે 8 ટકા રૂ. 500 ની રાશ રૂ. 660 કેટલા વર્ષે થાય ?

37. રમેશે રૂ. 8000, 6.5 % નાં દરે 1 વર્ષ 9 માસ માટે સાદા વ્યાજે બેંકમાં મુક્યા તો મુદ્દતનાં અંતે રમેશને કેટલી રકમ મળશે ?

38. એક ઘડીયાળની રોકડ વેચાણ કિંમત રૂ.1525 છે. હપતાથી ખરીદનારને ખરીદતી વખતે રૂ. 1000 રોકડા અને રૂ. 600 નો એક માસિક હપ્તો આપવો પડે છે, તો વેપારી રૂ. ............. વ્યાજ લે છે.

39. એક સ્કુટરની રોકડ વેચાણ કિંમત રૂ. 40,000 છે, અથવા ખરીદતી વખતે રૂ. 25,000 રોકડા અને 8000 નો એક એવા બે માસિક હપ્તા આપવાના છે, તો હપ્તા - પદ્ધતિમાં રૂ. ...... વ્યાજ ચૂકવવું પડે.

40. એક કમ્પ્યુટર રોકડેથી ખરીદવા રૂ. 12,000 આપવા પડે છે અથવા ખરીદતી વખતે રૂ. 7000 રોકડા અને રૂ. 3000 નો એવા માસિક બે હપ્તા આપવાના હોય છે, તો હપ્તેથી ખરીદવામાં રૂ. ........... વધારે આપવા પડે છે.

41. એક ઘડિયાળની રોકડ વેચાણ કિંમત રૂ. 8000 છે. હપ્તેથી ખરીદતા 50 ટકા રોકડા અને બાકીની રકમ રૂ. 500 વ્યાજ સહિત બે સરખા હપ્તામાં ચૂકવવાની હોય, તો હપ્તાની રકમ રૂ. .......... હોય.

42. એક સાયકલની રોકડ કિંમત રૂ. 1540 છે. હપતાથી ખરીદવામાં આવે તો ખરીદતી વખતે રૂ. 400 રોકડા અને રૂ. 625 નો એક એવા બે હપ્તા ચૂકવતા હપ્તાની રીતમાં વેપારીએ કેટલા રૂપિયા વધુ લીધા ?

43. કોઈ રકમ ચક્રવૃધ્ધિ વ્યાજ પર 15 વર્ષમાં બે ગણી થઈ જાય છે તો આ દરથી આ રકમ 8 ગણી કેટલા વર્ષમાં થાય ?

44. 5% વાર્ષિક દરથી 6000 રૂપિયા પર ત્રણ વર્ષનાં અંતમાં ચક્રવૃધ્ધિ વ્યાજ કેટલું થશે ?

45. તે દરે જેના પર 64 રૂપિયા ની રકમ ચક્રવૃધ્ધિ વ્યાજ પર 3 વર્ષોમાં 125 રૂપિયા થઈ જાય.

46. 1000 રૂપિયા નું ચક્રવૃધ્ધિ વ્યાજ 10% ના દરથી કેટલા સમયમાં 210 રૂપિયા થશે.

47. 2000 રૂપિયા પર 3 વર્ષ ને માટે 10% વાર્ષિકના દરથી ચક્રવૃધ્ધિ વ્યાજ બતાવો જ્યારે વ્યાજ વાર્ષિક અપાય.

48. કોઈ રકમ પર 4% વાર્ષિક દરથી ૨ વર્ષનું ચક્રવૃધ્ધિ વ્યાજ તથા સાધારણ વ્યાજનું અંતર 10 રૂપિયા હશે.

49. કોઈ રકમ ચક્રવૃધ્ધિ વ્યાજનાં દરથી 4 વર્ષમાં બમણી થઈ જાય છે. તો કેટલા વર્ષોમાં 8 ગણી થઈ જાય ?

50. ચક્રવૃદ્ધિ વ્યાજે એક રકમનું 5 ટકા લેખે પહેલા વર્ષનું ચક્રવૃદ્ધિ વ્યાજ રૂ. 80 થાય છે. તો બીજા વર્ષનું વ્યાજ કેટલા રૂપિયા થાય ?

## પ્રેક્ટીસ પેપર - ૦૭ જવાબો

(1) 15,000, (2) 35 Year, (3) 65, (4) 10 %, (5) 5 %, (6) 5 Year, (7) 10 %, (8) 5 %, (9) 2 Year, (10) 12 Year, (11) Rs. 992, (12) Rs. 900, (13) Rs. 3888, (14) 6 %, (15) Rs. 300, (16) 70, (17) 7x-9000, (18) Rs. 10, (19) Rs. 7440, (20) 9 %, (21) 3x-10,000, (22) મુદ્દલ, (23) Rs. 6075, (24) 8.33 % or $8\frac{1}{3}$%, (25) 2900, (26) N, (27) 800, (28) 24,000, (29) Rs. 110, (30) Rs. 6000, (31) 7500, (32) 25 Year, (33) Rs. 100, (34) Rs. 7440, (35) Rs. 750, (36) 4 Year, (37) 8910, (38) 75, (39) Rs. 1000, (40) Rs. 1000, (41) Rs. 2250, (42) Rs. 110, (43) 45 Year, (44) 945.75, (45) 25 %, (46) 2 Year, (47) Rs. 669, (48) 6250, (49) 12 Year, (50) Rs. 4.

# પ્રેક્ટીસ પેપર - ૦૮

1. એક રકમનું 10 ટકા લેખે પ્રથમ વર્ષનું વ્યાજ 450 છે. તે જ રકમનું બીજા વર્ષનું ચક્રવૃદ્ધિ વ્યાજ ........... રૂપિયા થાય.
2. રૂ. 1200 ના 5 ટકા દરે 2 વર્ષનું ચક્રવૃદ્ધિ વ્યાજ શોધો.
3. ચક્રવૃદ્ધિ વ્યાજ મુદ્દલ ગણવાનું સૂત્ર ક્યું છે ?
4. 50,000 રૂપિયા ૨ વર્ષ માટે 12 ટકાના દરે સાદા વ્યાજે મુકવા કરતા ચક્રવૃદ્ધિ વ્યાજે મુકતા કેટલું વ્યાજ વધારે મળે ?
5. ચક્રવૃદ્ધિ વ્યાજ (I) શોધવાનું સૂત્ર .......... છે.
6. એક રકમનું પહેલા વર્ષનું વ્યાજ 150 અને બે વર્ષનું ચક્રવૃદ્ધિ વ્યાજ રૂ. 309 થાય છે તો વ્યાજનો દર શોધો.
7. સહકારી મંડળીમાંથી એક ખેડૂત રૂ. 11,236 , 12 ટકાનાં દરે 1 વર્ષ માટે ચક્રવૃદ્ધિ વ્યાજે લે છે તો મુદ્દતનાં અંતે તેણે કેટલા રૂપિયા ચૂકવવા પડશે ? (વ્યાજ દર 6 માસે ઉમેરાય છે.)
8. ડીઝલ 1.70 રૂપિયા લીટર થી 2.04 રૂપિયા પ્રતિ લિટર થઈ જાય છે. તો તેના મુલ્યમાં કેટલા ટકાની વૃઘ્ધિ થઈ ?
9. 9 વસ્તુઓની ખરીદ કિંમત 10 વસ્તુઓના વેચાણ કિંમત બરાબર છે તો થતો લાભ કે ખોટ ટકાવારીમાં બતાવો.
10. 95 ના 10% કેટલા થાય ?
11. જો કોઈ વસ્તુની ઉત્પાદન કિંમત : વેચાણ કિંમત = 4:3 તો, વસ્તુ પર થતો લાભ કે નુકસાન ટકામાં બતાવો.
12. 200 નાં 125% + 350 ના 36 % =
13. એક વ્યાપારી અંકિત મુલ્ય પર 15% ની છુટ આપે છે. તે પોતાના માલ પર ખરીદ કિંમતથી કેટલા ટકા વધારે અંકિત કરે તો તેનો 19% લાભ થાય.
14. એક વ્યક્તિ 1 રૂપિયામાં 8 લીંબુ ખરીદે છે. હવે તેણે 1 રૂપિયામાં કેટલા લીંબુ વેચવાથી તેને 60% લાભ થાય ?
15. 20% ખોટ ખાઈને એક ટેબલ 1600 રૂપિયામાં વેચ્યું 15% લાભ મેળવવા માટે તેને કેટલામાં વેચવું જોઈએ ?
16. એક છત્રીની કિંમત 80 રૂપિયા છે. પરંતુ 65 રૂપિયામાં વેચવામાં આવે તો આપેલ ડિસ્કાઉન્ટની ટકાવારી શોધો.
17. સંજયે એક રેડિયો 500 રૂપિયામાં ખરીધ્યો તેણે મુકેશને 5% ના લાભથી વેચી દીધો. થોડા સમય પછી મુકેશે તેને 5% ની ખોટ પર ફરી સંજને વેચી દીધો. ત્યારે સંજયને કેટલું લાભ કે નુકસાન થશે ?
18. એક રૂપિયામાં 12 સંતરા વેચીને એક આદમી 20% નુકશાન ઉઠાવે છે. 25% લાભ મેળવવા માટે તે આદમી એક રૂપિયામાં કેટલાં સંતરા વેચશે.
19. એક બળદ 10% ખોટથી વેચાયો જો તેને 70 રૂપિયાના વધારાથી વેચવામાં આવ્યો હોય તો તેમાં 4 ટકા લાભ થયો હતો. તો બતાવો કે બળદને કેટલામાં વેચવામાં આવ્યો હતો.
20. એક દુકાનદાર 10% કમીશન થી છાપેલ કિંમત રાખે છે. છતાં પણ 25% લાભ થાય છે એ વસ્તુની ઉત્પાદન કિંમત નક્કી કરો જેની છાપેલી કિંમત 50 રૂપિયા છે.
21. જો 5 જામફળની ઉત્પાદન કિંમત 4 જામફળની વેચાણ કિંમતની બારબર છે. લાભની ટકાવારી બતાવો.
22. જો 16 વસ્તુઓની ખરીદ કિંમત 12 વસ્તુઓના વેચાણ કિંમતને બરાબર છે તો લાભ ટકામાં બતાવો.
23. કોઈ રમકડાને 90 રૂપિયામાં વેચવાથી થતો લાભને તેને 60 રૂપિયામાં વેચવાથી થતા નુકસાનને બરાબર છે. તો મૂળકિંમત કેટલી ?
24. જો બટાકાનો ભાવ 25 ઘટી જાય છે તો કોઈ વ્યક્તિ 100 રૂપિયામાં 6.25 કિલો વધુ બટાકા ખરીદી શકે છે તો બટાકાનો ઘટેલો ભાવ છે.
25. એક દુકાનદાર પોતાના સામાન પર ખરીદ કિંમત કરતા 20% વધુ ભાવ છાપે છે તથા છાપેલ ભાવ પર 15% ની છુટ આપે છે. તો તેને કેટલા ટકા લાભ થાય ?
26. 28 રૂપિયા 11 કેરી ખરીદીને 28 રૂપિયામાં 9 કેરીના ભાવે વેચે તો કેટલા ટકા લભા થશે ?
27. એક મકાન વેચતાં 2% લેખે દલાલીની રકમ રૂા. 530 મળે તો મકાનની વેચાણ કિંમત શું હશે ?
28. 20 વસ્તુઓની ખરીદ કિંમત 15 વસ્તુઓના વેચાણ કિંમત બરાબર છે તો વેપારમાં લાભની ટકાવારી કેટલી ?
29. એક વ્યક્તિ બે ઘોડામાંથી દરેકને 7820 રૂપિયામાં વેચે છે એક પર તેને 15% ફાયદો અને બીજા પર તેને 15% ખોટ જાય છે તો વેપારમાં તેની કુલ ખોટ કે લાભ શું હશે ?
30. એક વેપારી 10 રૂપિયામાં 6 ચોકલેટ ખરીદી તેને 5 રૂપિયામાં ૨ના દરથી વેચે છે. તો તેને કેટલા ટકા લાભ થશે ?
31. કોઈ વસ્તુની ખરીદ કિંમત 153 રૂપિયા છે. તેના પર કેટલી કિંમત છાપવામાં આવે તો 10% ડિસ્કાઉન્ટ પર વેચવાથી 63 રૂા. નફો થાય.
32. જો મને 70 રૂપિયામાં 70 પૈસાનો લાભ થાય છે. તો મારો લાભ કેટલા ટકા કહેવાય.
33. કોઈ વસ્તુની ખરીદ કિંમતમાં કેટલા ટકા વધારીને તેનો ભાવ છાપવામાં આવે તો ગ્રાહકોને 5% છુટ આપીને પણ 33% ફાયદો થાય.
34. એક મશીન 10% લાભથી વેચ્યું, જો તેને 80 રૂપિયા ઓછામાં વેચ્યુ હોય તો 10% ની ખોટ જાય તો મશીનની ખરીદ કિંમત શું છે ?
35. એક ટાઈપરાઈટરને 9243.50 રૂપિયા પડતર કિંમતથી ખરીધ્યુ તેની છાપેલી કિંમત 9730 રૂપિયા હતી. ટાઈપરાઈટર પર આપેલ છુટની ટકાવારી શું છે ?
36. રેડીમેઈડ શર્ટની એક દુકાનમાં 20 ટકા વળતર આપવામાં આવે છે.

ક્રિશ એ દુકાનમાંથી રૂ. 600 ની છાપેલી કિંમતવાળા ૧૦ શર્ટ ખરીદે છે. એ તમામ શર્ટ કાવ્યાને રૂ. 5500 માં વેચી દે છે. તો તેને શર્ટદીઠ કેટલા રૂપિયા નફો કે ખોટ થાય ?

37. સરસ્વતીચંદ્ર પોતાની સાયકલ રૂ. 7200 /-માં વેચે છે તો તેને 20 ટકાની ખોટ જાય છે. તેનાં બદલે 20 ટકા નફો મેળવવો હોય તો કેટલા રૂપિયા વેચવી જોઈએ ?

38. એક વ્યક્તિ એક વસ્તુને 20 ટકા નફા પર વેચે છે પરંતુ વાસ્તવમાં તેણે તે વસ્તુને 20 ટકા ખોટ પર રૂ. 480 માં વેચી છે. તો આ નફો પ્રાપ્ત કરવા માટે તેણે આ વસ્તુને કેટલા રૂપિયામાં વેચવી જોઈતી હતી ?

39. જો ચોખાનો અમુક જથ્થો 11 રૂ. પ્રતિ કિગ્રા વહેંચવાથી 10 ટકાનો લાભ થાય છે. જો કુલ લાભ રૂ. 50 હોય તો, કેટલા કિગ્રા ચોખા વહેંચ્યા હશે ?

40. રૂ. 340 માં ખરીદેલી ખુરશી પર ખરાજાત રૂ. 30 છે. આ ખુરશી રૂ. 405 માં વેચતાં કેટલા રૂપિયા નફો થાય ?

41. તે શર્ટનું ક્યું મૂલ્ય શું હશે જેને 25 ટકા નફામાં વેચવાથી રૂ. 2500 મળે ?

42. એક વસ્તુ રૂ. 84 માં વેચતા 25 ટકા ખોટ જાય છે તો વસ્તુની ખરીદ કિંમત ?

43. એક વેપારી એક પુસ્તક રૂ. 42 માં વેચતાં 40 ટકા નફો મેળવે છે, તો તેણે 50 ટકા નફો મેળવવા તે પુસ્તક કઈ કિંમતે વેચવું જોઈએ ?

44. કોઈ એક વસ્તુની છાપેલી કિંમત પર ગ્રાહકોને 5 ટકા વટાવ આપવામાં આવે છે. એક વ્યક્તિ એક વસ્તુ રૂ. 76 માં ખરીદે છે, તો તે વસ્તુની છાપેલી કિંમત શું હશે ?

45. એક વસ્તુ એક રૂપિયામાં વેચવાથી 15 ટકા ખોટ જાય છે, તો તેનાથી બમણી કિંમતે વેચવાથી ....... ટકા નફો થાય ?

46. જો કોઈ વસ્તુને 270 માં વેચવાથી 10 ટકાનો લાભ થાય છે, તો તે વસ્તુની ખરીદ કિંમત કેટલી હશે ?

47. રૂ. 460 માં વસ્તુ વેચતાં 15 ટકા નફો થાય છે તો વસ્તુની પડતર કિંમત ?

48. રૂ. 50 માં ખરીદેલી વસ્તુ રૂ. 65 વેચતા ....... નફો થાય.

49. રૂ. 80 માં ખરીદેલી વસ્તુ અડધી કિંમતે વેચતાં ...... ખોટ થાય.

## પ્રેક્ટીસ પેપર - ૦૮ જવાબો

(1) 495 Rs., (2) 123 Rs., (3) $A = P\left(1 + \frac{R}{100}\right)^N$, (4) 720 Rs., (5) I = A - P, (6) 6 %, (7) 11623, (8) 20 %, (9) 11.11 %, (10) 9.5, (11) 25 % ખોટ, (12) 376, (13) 40 %, (14) 5 લીંબુ, (15) 2300 Rs., (16) 18.75 %, (17) 26.25 % લાભ, (18) 12 સંતરા, (19) 450 Rs., (20) 36 Rs., (21) 25 %, (22) 25 %, (23) 75 Rs., (24) 4.50 Rs., (25) 2 %, (26) $22\frac{2}{3}$ %, (27) 26,500 Rs., (28) $33\frac{1}{3}$%, (29) 360 Rs., (30) 50%, (31) 240 Rs., (32) 1 %, (33) 40 %, (34) 400 Rs., (35) 5 %, (36) 70 Rs. નફો, (37) 10,800 Rs., (38) 720 Rs., (39) 50 k.g., (40) 35 Rs., (41) 2000 Rs., (42) 112 Rs., (43) 45 Rs., (44) 80, (45) 70 %, (46) 245.45 Rs., (47) 400 Rs., (48) 30 %, (49) 50 %.

# પ્રેક્ટીસ પેપર - ૦૯

1. એક ટેબલ રૂ. 365 માં ખરીદાયું અને તેનો મરામત ખર્ચ રૂ. 25 થયો. ત્યારબાદ તે ટેબલ રૂ. 420 માં વેચાયું તો કેટલા ટકા નફો થયો ?
2. એક સાઈકલ રૂ. 60 ની ખોટ ખાઈને રૂ. 840 માં વેચી. જો તે સાયકલ રૂ. 1020 માં વેચાય તો તેને કેટલા રૂપિયા નફો થાય ?
3. એક વસ્તુની ખરીદ કિંમત રૂ. 480 છે અને તેની વેચાણ કિંમત 500 રૂ. છે. તો તેને કેટલો નફો થયો હશે ?
4. એક સાઈકલ 450 માં લઈ તેમાં 50 રૂપિયાની મરામત કરાવી 600 રૂપિયામાં વેચી તો કેટલા ટકા નફો થયો ?
5. રૂ. 400 ની પડતર કિંમતની વસ્તુ ઉપર કેટલી એમ.આર.પી. રાખી શકાય કે જેથી 12 ટકા વળતર આપવાથી 10 ટકા નફો થઈ શકે ?
6. રૂ. 80 ની મૂળકિંમતની વસ્તુ રૂ. 90 માં વેચવાથી ...........
7. રૂ. 1 લાખનું મશીન ખરીદાયું, રૂ. 20,000 ટ્રાન્સપોર્ટનો ખર્ચ કર્યો અને રૂ. 10,000 મશીન બેસાડવાની મજૂરી આપી તો કુલ મૂડીગત ખર્ચ કેટલો ?
8. 5 એકમના ઉત્પાદનની કુલ પડતર રૂ. 300 છે અને છઠ્ઠા એકમના ઉત્પાદન બાદ કુલ પડતર રૂ. 342 થાય તો છઠ્ઠા એકમની વધતી જતી પડતર (marginal cost) કેટલી ?
9. 5 એકમના ઉત્પાદનમાં અસ્થિર પડતર (Variablc cost) રૂ. 1000 છે. જો સ્થિર પડતર (Fix cost) રૂ. 400 હશે તો 5 એકમથી સરેરાશ પડતર કેટલી ?
10. કંપની 'ક્ષ' તેનાં 25 ઉત્પાદનો રૂ. 1200 ની સરેરાશ કિંમતે વેચે છે. જો તેના આ 25 ઉત્પાદનોમાંથી કોઈપણ રૂ. 4200 ના ભાવથી નીચે ન વેચાતું હોય અને તેનાં 10 ઉત્પાદનો રૂ. 1000 થી ઓછી કિંમતે વેચાતાં હોય તો સહુથી મોંઘા ઉત્પાદનની સહુથી વધારે કિંમત કેટલી હશે ?
11. એક ઉત્પાદક પેઢીની કુલ પડતરમાં કાચામાલનો ખર્ચ 30 ટકા, મજૂરી ખર્ચ 40 ટકા અને અન્ય ખર્ચા 30 ટકા છે. કુલ પડતર પર 20 ટકા નફો ચઢાવીને વેચાણ કિંમત નક્કી કરવામાં આવે છે. કાચો માલ અને મજૂરી ખર્ચમાં અનુક્રમે 20 ટકા અને 25 ટકા ભાવવધારો અને અન્ય ખર્ચામાં 20 ટકા ઘટાડો થાય તો કુલ પડતર પર અગાઉ જેટલો જ નફાનો દર જાળવી રાખવા માટે વેચાણ કિંમતમાં કેટલા ટકા વધારો કરવો જોઈએ ?
12. એક વ્યાપારી પાસે 1000 કિ.ગ્રા ખાંડ છે. તેના કેટલાક ભાગને તે 8 ટકા લાભ પર તથા શેષને 18 ટકા લાભ પર વેચી દે છે. આનાથી તેને કુલ ખાંડ પર 14 ટકા લાભ થાય છે. 18 ટકા લાભ પર કેટલી ખાંડ વેચાઈ ગઈ ?
13. આકાશ એક ફેન્સી પેન ધરતીને પડતર પર 20 ટકા નફો ચઢાવીને વેચે છે. ધરતી આ જ પેન પોતાની પડતર પર 25 ટકા નફો ચઢાવીને પાતાળને વેચે છે. જો પાતાળ આ પેનના રૂપિયા 75 ચૂકવતો હોય તો આકાશને આ પેન કેટલામાં પડી હશે ?
14. 56 રૂપિયામાં એક પેન વેચતા તેની મૂળકિંમત જેટલા ટકા નફો થયો, તો તેની મૂળ કિંમત કેટલી થશે ?
15. ખરીદ કિંમત + ખરાજાત = ............
16. એક દુકાનદાર એક ટેબલ રૂ. 5000 માં ખરીદી 4500 માં વેચે છે તો તેના કેટલા ટકા ખોટ ગઈ કહેવાય ?
17. બે નળ A અને B કોઈ હોજને 30 અને 40 મિનિટમાં ભરી શકે છે ત્રીજો નળ Cને હોજમાંથી 50 લિટર દર મિનિટે પાણી બહાર કાઢે છે. જો ત્રણે નળો એક સાથે ખોલવામાં આવે તો હોજ 1 કલાકમાં ભરાઈ જાય તો બતાવો કે હોજમાં કેટલું પાણી આવે છે?
18. જો 3 પુરૂષો કે 5 છોકરા કોઈ કામને 12 દિવસમાં પુરું કરે છે તો 6 પુરુષો અને 5 છોકરા પહેલા કરતાં બમણું કામ કેટલા દિવસમાં કરે ?
19. 16 માણસો એક કામને 14 દિવસમાં સમાપ્ત કરે છે. તેમના દ્વારા કામ શરૂ કર્યાના 6 દિવસ પછી 3 માણસો તેમની સાથે જોડાય છે. તો બાકીનું કાર્ય પુરુ કરવામાં કેટલા દિવસ લાગશે ?
20. A અને B એક કામને 16 દિવસમાં કરે છે. B તેને 20 દિવસમાં કરે છે. A તેને કેટલા દિવસમાં પુરુ કરશે?
21. જો 6 પુરુષો અથવા 10 સ્ત્રીઓ કોઈ કાર્યને 18 દિવસમાં પુરું કરે છે. તો 3 પુરુષ તથા 5 સ્ત્રીઓ તે કાર્યને કેટલા દિવસામં પુરુ કરી શકે.
22. A એક કામ 20 દિવસમાં કરે છે, B એજ કામને 25 દિવસમાં કરે છે. તેઓ 5 દિવસ સાથે કામ કરે છે. અને ત્યારે B કામ છોડી ચાલી જાય છે. તો આ કામને A કેટલા દિવસમાં પુરું કરી નાખશે ?
23. A કોઈ કામ 30 દિવસમાં પુરુ કરે છે B કોઈ કામ 40 દિવસમાં પુરુ કરી શકે છે. બંને ભેગા થઈને તે કામ કેટલા દિવસમાં પુરુ કરશે ?
24. A કોઈ કામ Bની તુલનામાં બમણી ગતિથી કરે છે જો બંને મળીને તે કામ 12 દિવસમાં પુરુ કરે તો એકલો B તે કામને કેટલા દિવસમાં પુરુ કરશે ?
25. જો 5 પુરુષો અથવા 9 છોકરાં એક કામને 15 દિવસમાં કરી શકે છે. તો 10 પુરુષો અને 12 છોકરા બમણાં કામને કેટલા દિવસમાં પુરું કરે ?
26. એક કામ 20 દિવસમાં પુરું કરવા માટે કેટલાક વ્યક્તિઓના એ સમૂહને વહેંચ્યુ, પરંતુ 12 વ્યક્તિ કામ પર ન આવી અને બાકીની વ્યક્તિઓ એ તે કામ 32 દિવસમાં પુરું કર્યું તો શરૂઆતનાં સમયે કેટલી વ્યક્તિ હતી ?
27. જો 24 વ્યક્તિ 8 કલાક પ્રત્યેક દિવસ કામ કરીને એક કામ 10 દિવસમાં પુરું કરી શકે છે. તો તેજ કામને 10 કલાક પ્રત્યેક દિવસ કામ કરીને 6 દિવસમાં કેટલી વ્યક્તિઓ પુરું કરી શકે ?
28. A એક કામ 10 દિવસમાં પુરું કરી શકે છે. જ્યારે B તેને 15 દિવસમાં પુરું કરી શકે છે જો બંને સાથે મળી કામ કરે તો તે કામને કેટલા દિવસમાં પુરું કરી શકે છે ?
29. સંદિપ કોઈ કામને 8 દિવસાં, જયદિપ 10 દિવસમાં તથા પ્રદિપ 15 દિવસામં કરી શકે છે. તો ત્રણેય મળીને કામ કેટલા દિવસમાં કરશે ?

30. જો 5 માણસોની 12 દિવસની મજુરી 60 રૂપિયા છે. તો 6 માણસોની 20 દિવસની મજુરી શું હશે ?

31. જો A તથા B એક કાર્યને અલગ અલગ ક્રમશઃ 30 દિવસ તથા 40 દિવસામં સમાપ્ત કરી શકે તો બન્ને મળીને આ કાર્યને કેટલા દિવસમાં સમાપ્ત કરી શકશે ?

32. 45 વ્યક્તિ કોઈ કાર્યને 16 દિવસમાં પુરું કરે છે. કાર્ય શરૂ થયાના 6 દિવસ પછી બીજા 30 વ્યક્તિઓ આ કામમાં સામેલ થયા, તો બાકીનું કાર્ય કેટલા દિવસમાં પુરું થશે ?

33. જો સાત કરોળિયા જાળાં 7 દિવસમાં બનાવે તો 1 કરોળિયાને 1 જાળું બનાવતા કેટલા દિવસો લાગે ?

34. 10 માણસો રોજના 6 કલાક કામ કરી એક કામને 18 દિવસમાં પૂરું કરે છે, તો 15 માણસો એ કામને 12 દિવસમાં પૂરું કરવા રોજના કેટલા કલાક કામ કરશે ?

35. એક ઠેકેદાર એક કામ 20 દિવસમાં પૂરું કરવા માટે 30 માણસો કામે લગાવ્યા. જો તેને તે કામ 15 દિવસમાં પૂરું કરવું હોય તો તેને કેટલા માણસો વધારે કામ લગાડવા પડશે ?

36. એક ટાંકીને બે નળ છે. ઉપરના નળથી ટાંકી 6 કલાકમાં ભરાય છે, જ્યારે તળીયાના નળથી ટાંકી 15 કલાકમાં ખાલી થાય છે. જો નળ એક સાથે ખોલવામાં આવે તો ટાંકીને ભરાતા કેટલો સમય લાગે ?

37. $A$ અને $B$ અમુક કામ અનુક્રમે 18 દિવસ અને 24 દિવસમાં પૂરું કરી શકે છે. બંને ભેગા મળીને તે કામ 8 દિવસ સુધી કરે છે અને પછી $A$ કામ છોડી જાય છે. તો બાકીનું કામ પૂરું કરતાં $B$ ને કેટલા દિવસ લાગશે ?

38. એક હોજમાં ત્રણ નળ A, B અને C લગાડવામાં આવ્યા છે. નળ A અને B અનુક્રમે 3 લાખ અને 6 કલાકમાં હોજ ભરી દે છે. જ્યારે નળ C હોજને 4 કલાકમાં ખાલી કરી દે છે. જો ત્રણેય નળ A, B અને C એકી સાથે ખોલવામાં આવે તો હોજ પૂરેપૂરો કેટલા સમયમાં ભરાઈ જશે ?

39. દસ મીટર લંબાઈની ચોરસ જમીનનું ઘાસ નિંદતા એક કલાક લાગે તો 30 મીટર લંબાઈની ચોરસ જમીનનું ઘાસ નિંદતા કેટલો સમય લાગે ?

40. દિયા અને નેહા સાથે મળીને એક કામ 12 દિવસમાં પૂરં કરી શકે છે. દિયાની કુશળતા નેહા કરતાં બમણી છે, તો નેહા એકલી તે કામ કેટલા દિવસમાં પૂરું કરશે ?

41. 20 માણસો એક રસ્તાનું સમારકામ ૬ દિવસમાં કરી શકે છે તો 30 માણસો તે રસ્તાનું સમારકામ કેટલા દિવસમાં કરી શકશે ?

42. કોઈ કામ 12 વ્યક્તિઓ 14 દિવસમાં કરી શકે તો 8 વ્યક્તિઓ તે કામ કેટલા દિવસમાં કરી શકે ?

43. એક યંત્ર 10 કલાકમાં જેટલા પ્લાનનું ઉત્પાદન કરે છે તેટલા જ પ્યાલાનું ઉત્પાદન કરતા બીજા યંત્રને 15 કલાક લાગે છે. જો બંને યંત્રો એક સાથે ચલાવવામાં આવે તો એટલું જ ઉત્પાદન કેટલા સમયમાં થાય.

44. જો 42 વ્યક્તિ કોઈ કાર્ય 15 દિવસમાં પૂરું કરે. જો 30 વ્યક્તિ આ જ કાર્ય કેટલાં દિવસમાં કરે ?

45. 16 વ્યક્તિ 8 કલાક રોજના કામ કરી 8 દિવસમાં 168 પેટીઓ બનાવે છે. 24 વ્યક્તિ 10 કલાક કામ કરી 8 દિવસમાં કેટલી પેટીઓ બનાવશે ?

46. 640 ચો. ફુટ દીવાલને રંગકામ કરતા A નોટ કલાક અને B ને 20 કલાક લાગે છે, બન્ને સાથે મળીને કેટલા કલાકમાં કામ પૂરું કરી શકશે ?

47. એક કામ 40 મજુર 100 દિવસમાં પૂર્ણ કરે તો તે કામ 125 મજૂર કેટલા દિવસમાં પૂર્ણ કરી શકે ?

48. A નળ વડે એક ટાંકી 40 મિનિટમાં ભરી શકાય છે, B નળ વડે આ ટાંકી 2 કલાકમાં ખાલી થાય છે. જો બન્ને નળ એક સાથે ખુલ્લા કરવામાં આવે તો ટાંકીને ભરાતા કેટલો સમય લાગે ?

49. જો 24 કારીગરો 8 દિવસ કામ કરે તો તેઓને કુલ રૂપિયા 960 ની કમાણી થાય છે. તેઓ પૈકી 12 કારીગરો તે જ દરે 12 દિવસ કામ કરે તો તેઓની કુલ કમાણી કેટલા રૂપિયા થાય ?

50. બે પાઈપો $A$ અને $B$ ક્રમશઃ 20 મિનિટ અને 30 મિનિટમાં એક ટાંકીને ભરી શકે છે. જો બન્ને પાઈપો એકી સાથે ખોલી નાંખવામાં આવે તો ટાંકી કેટલા સમયમાં ભરાઈ જશે ?

## પ્રેક્ટીસ પેપર - ૦૯ જવાબો

(1) 7.69 %, (2) 120 Rs., (3) $4\frac{1}{6}$%, (4) 20%, (5) 500, (6) 12.5 %, (7) 1,30,000 Rs., (8) 42, (9) 80 Rs., (10) 11,800, (11) 10 %, (12) 400 k.g., (13) 50 Rs., (14) 40 Rs., (15) પડતર કિંમત, (16) 10 %, (17) 1200 લિટર, (18) 8, (19) $6\frac{14}{19}$ દિવસ, (20) 80 દિવસ, (21) 36 દિવસ, (22) 11 દિવસ, (23) $17\frac{1}{7}$ દિવસ, (24) 36 દિવસ, (25) 9 દિવસ, (26) 32 દિવસ, (27) 32 દિવસ, (28) 6 દિવસ, (29) $3\frac{3}{7}$ દિવસ, (30) 120 દિવસ, (31) $17\frac{1}{7}$ દિવસ, (32) 6 દિવસ, (33) 7 દિવસ, (34) 6 દિવસ, (35) 10 દિવસ, (36) 10 કલાક, (37) $5\frac{1}{3}$ દિવસ, (38) 4 કલાક, (39) 9 કલાક, (40) 36, (41) 4 દિવસ, (42) 21 દિવસ, (43) 6 કલાક, (44) 21 દિવસ, (45) 315, (46) 16, (47) 32, (48) 1, (49) 720, (50) 12.

# પ્રેક્ટીસ પેપર - ૧૦

1. પાઉચ બનાવવાની કામગીરીમાં 5000 પાઉચ બનાવતા ભાવનાબહેને 10 કલાક અને રમબહેનને 8 કલાક લાગે છે. જો બંનેને તેટલાં જ પાઉચ બનાવવાનું કામ એક સાથે સોંપવામાં આવે તો સંયુક્ત કામનો દર કેટલો થાય ?
2. કોઈ વિશિષ્ટ પ્રકારની ગતિથી ચાલતી રેલગાડી એક સ્થિર એન્જિનને 20 સેકન્ડામાં પાર કરી જાય છે. ગાડીની ઝડપ જાણવા માટે કઈ જાણકારી હોવી જરૂરી છે.
3. એક 500 મીટર લાંબી રેલગાડી સમાન ગતિથી ચાલીને એક સ્ટેશનના પ્લેટફોર્મ ને 35 સેકન્ડમાં પાર કરે છે. જો પ્લેટફોર્મની લંબાઈ 221 મીટર હોય તો ગાડીની ઝડપ દર કલાકે કેટલા કિ.મી. હશે ?
4. એક વ્યક્તિ નદીના પ્રવાહની દિશામાં 12 કિ.મી.નું અંતર 3 કલાકમાં અને પ્રવાહની વિરુધ્ધ દિશામાં 4 કલાકમાં પુરુ કરે છે. તો શાંત જળમાં વ્યક્તિની ઝડપ શું હશે ?
5. એક રેલગાડી એક સરખી ઝડપથી ચાલી રહી છે. તે 130 મીટર લાંબા પ્લેટફોર્મ ને 14 સેકન્ડમાં અને બીજા 180 મીટર લાંબા પ્લેટફોર્મને 18 સેકન્ડમાં પાર કરે છે. રેલગાડીની ઝડપ દર સેકન્ડે શું હશે ?
6. એક નાવિક નદીના વહેણ તરફ 7 કલાકમાં 42 કિ.મી. અને પ્રવાહની વિરુધ્ધ દિશામાં 4 કલાકમાં 8 કિ.મી. થઈ શકે છે. તો પ્રવાહની ઝડપ દર કલાકે કેટલા કિ.મી. હશે?
7. 150 મીટર લાંબીરેલગાડી 300 મીટર લાંબી સુરંગને 45 સેકન્ડમાં પાર કરી જાય છે. તો ગાડીની ગતિ શું છે. ?
8. એક ટ્રેન એક વ્યક્તિને 8 સેકન્ડમાં પસાર કરે છે. જો ટ્રેનની ઝડપ 54 કિ.મી./કલાક છે તો ટ્રેનની લંબાઈ શોધો.
9. એક રેલગાડી A થી B સ્ટેશન સુધી 60 કિ.મી. અંતરને 45 મિનિટમાં પુરું કરે છે. જો ગાડીની ગતિ 5 કિ.મી. દર કલાકે ઓછી કરવામાં આવે તો તે અંતરને કાપતાં ગાડીને કેટલો સમય લાગે ?
10. બે રેલ્વે સ્ટેશન A અને B એક બીજાથી 110 કિ.મી. દુર છે. એક સ્કૂટર સવાર A થી Bની તરફ સવારે 7 વાગે 20 કિ.મી. કલાકની ગતિથી જવાનો પ્રારંભ કરે છે. તથા બીજો એક સ્કૂટર સવાર B થી Aની તરફ સવારે 8 વાગે 25 કિ.મી./કલાકની ગતિથી જવાનો પ્રારંભ કરે છે. તો બતાવો બંને ક્યારે એક બીજાને મળશે.
11. 300 મીટર લાંબી એક રેલગાડી 900 મીટર લાંબા પ્લેટફોર્મ 1 મિનિટ 12 સેકન્ડમાં પાર કરી શકે છે. તે રેલગાડીની ઝડપ કિ.મી./કલાક માં બતાવો.
12. 240 મીટર લાંબી રેલગાડી એક થાંભલાને 24 સેકન્ડમાં પસાર કરે છે, તો આ રેલગાડી 650 મીટર લાંબા પ્લેટફોર્મને કેટલા સમયમાં પસાર કરશે ?
13. 160 મીટર લાંબી ટ્રેન 160 મીટર લાંબા પ્લેટફોર્મને 16 સેકન્ડમાં પસાર કરે છે. તો ટ્રેનની ગતિ શોધો.
14. 270 મીટર લાંબી રેલગાડી કોઈ ટેલિફોનનાં થાંભલાને 18 સેકન્ડમાં પાર કરે છે. તો રેલગાડીની ગતિ કેટલી છે.
15. 1 વ્યક્તિ 250 મીટર પહોળો રસ્તો 75 સેકન્ડમાં પાર કરે છે તે વ્યક્તિની ઝડપ કેટલા કિ.મી. દર કલાકની હશે ?
16. એક રેલગાડી એક સમાન ગતિથી ચાલી રહી છે. તે 140 મી. લાંબા એક પ્લેટફોર્મ ને 16 સેકન્ડમાં અને બીજા 190 મીટર લાંબા પ્લેટફોર્મને 20 સેકન્ડમાં પાર કરે છે. તો રેલગાડીની ઝડપ પ્રતિ સેકન્ડ શોધો.
17. ગૌતમ પોતાની કાર કલાકના 72 કિ.મી.ની ઝડપે ચલાવે છે, જ્યારે અનંત પોતાની કાર 4 મિનિટમાં 56 કિ.મી.ની ઝડપે ચલાવે છે. બંનેની ઝડપનો ગુણોત્તર ......
18. એક છોકરો તેના ઘેરથી સ્કૂલ 3 કિ.મી. / પ્રતિ કલાકની ઝડપથી જાય છે અને 2 કિ.મી. /પ્રતિ કલાકની ઝડપથી પાછો આવે છે, જો તેને આવવા જવામાં 5 કલાક થાય તો તેના ઘર અને સ્કૂલ વચ્ચેનું અંતર કેટલું ?
19. એક ગાડી (કાર) બિંદુ B માટે, જે 210 કિ.મી.ની દૂરી પર છે, 60 કિ.મી./કલાકની ઝડપે સવારે 9.30 વાગે ચાલે છે. તો તે પોતાના નિર્ધારિત મુકામ B પર ક્યારે પહોંચશે ?
20. એક કાર 45 કિ.મી./કલાકની ગતિથી ચાલે છે, તો તેને 450 કાપતાં તેને કેટલો સમય લાગે ?
21. એક કારની ઝડપ તેની મૂળ ઝડપ કરતાં 5 કિ.મી./કલાક વધારવામાં આવે તો 150 કિ.મી.નું અંતર કાપતાં તેને પહેલાં કરતા 60 મિનિટ ઓછી લાગે છે. તો કારની મૂળ ઝડપ શોધો.
22. બે શહેર *A* અને *B* ની વચ્ચેનું અંતર 390 કિ.મી. છે. એક ટ્રેન શહેર *A* થી સવારે 8.15 કલાકે ઉપડી શહેર *B* તરફ 60 કિ.મી./કલાકની ઝડપથી દોડે છે. બીજી ટ્રેન શહેર *B* થી સવારે 9.15 કલાકે ઉપડી શહેર *A* તરફ 72 કિ.મી./કલાકની ઝડપથી દોડે છે, તો તે બંને ટ્રેન કેટલા વાગે મળશે ?
23. એક બસ દિલ્હીથી દહેરાદૂન તરફ 60 કિ.મી./કલાકના વેગે જાય છે, ત્રણ કલાકમાં બંને શહેરો વચ્ચેનું અડધું અંતર કાપે છે તો દિલ્હી અને દહેરાદૂન વચ્ચે અંતર કેટલું ?
24. 3.5 કિલોમીટર લાંબા તારમાંથી 5 મીટર લંબાઈના કેટલા ટુકડા થાય ?
25. એક વાહન 315 કિ.મી.નું અંતર 5 કલાક અને 15 મિનિટમાં કાપે છે, તો તેની ઝડપ કેટલી હશે ?
26. બે ટ્રેન અમદાવાદથી એક સાથે રવાના થાય છે. એક ટ્રેન ઉપર તરફ 60 કિ.મી. અને બીજી ટ્રેન દક્ષિણ તરફ 40 કિ.મી.ના ગતિથી ચાલે છે. કેટલા કલાક પછી બન્ને ટ્રેન 150 કિ.મી.ના દૂરી પર રહેશે ?
27. 1 નોટીકલ માઈલ = ......... કિ.મી. ?
28. એક કારની ઝડપ તેની મૂળ ઝડપ કરતાં 5 કિ.મી. / કલાક વધારવામાં આવે તો 150 કિ.મી.નું અંતર કાપતા તેને પહેલાં કરતાં 600 મિનિટ ઓછી લાગે છે, તો કારની મૂળ ઝડપ શોધો.

29. *એક કાર 400 કિ.મી.નું અંતર 5 કલાકમાં કાપે છે તો કારની ઝડપ શોધો.*

30. *એક વર્તુળના પરિઘ અને ત્રિજ્યાનો તફાવત 37 સે.મી. છે તો આ વર્તુળનું ક્ષેત્રફળ કેટલું હશે ?*

31. *એક ત્રિકોણની પરિમિતિ 100 મી. છે તથા તેની બાજુઓ 2 : 2 : 2 ના પ્રમાણમાં છે તો આ ત્રિકોણનું ક્ષેત્રફળ કેટલા વર્ગ મીટર થશે ?*

32. શંકુની ત્રિજ્યા 35 મીટર અને શંકુની ઉંચાઇ 12 મીટર છે. તો તેની વક્રસપાટીનું ક્ષેત્રફળ શોધો.

33. સરખા નળાકારનાં આકારની ત્રિજ્યા 5 ડેસી મીટર છે. અને તેનો વક્રભાગ 440 વર્ગ ડેસીમીટર છે. તો ઉંચાઇ શોધો.

34. એક ગોળાકાર મેદાનની બહાર ચારેબાજુ એક ગોળાકાર રસ્તો છે. બહાર તથા અંદરના ગોળાકારના પરિઘનું અંતર 66 મીટર છે, તો રસ્તાની પહોળાઇ કેટલી છે ?

35. શંકુની ત્રિજ્યા 35 મી. અને શંકુની ઉચાઇ 12 મીટર છે તો વક્ર પૃષ્ઠનું ક્ષેત્રફળ શોધો.

36. જો ગોળાના પૃષ્ઠનું ક્ષેત્રફળ તેના આયતન (ઘનફળ) થી અડધું હોય તો તેનો વ્યાસ કેટલો ?

37. બે ત્રિકોણની લંબાઇનું પ્રમાણ 1:2 છે. અને તેનું ક્ષેત્રફળ સરખું છે તો તે ત્રિકોણના આધારનું પ્રમાણ થશે ?

38. 15 ફુટ પહોળાઇ તથા 20 ફુટ લંબાઇવાળી એક શેતરંજી નો સફાઇ ખર્ચ 810 રૂપિયા છે તો પ્રતિ વર્ગ ફુટના હિસાબથી ખર્ચ કેટલો થશે ?

39. વર્તુળના ખંડનું ક્ષેત્રફળ શોધો જેની ત્રિજ્યા 14 સે.મી. અને ખંડનો ખૂણો 45° છે.

40. એક સમકોણ ત્રિકોણનું ક્ષેત્રફળ તેના આધારના 40 ગણું છે. જો આધાર અને ઊંચાઇનો કુલ યોગ 100 સે.મી. છે તો તેની ઉંચાઇ શું હશે ?

41. 60 મીટર લંબાઇ અને 40 મીટર પહોળાઇવાળા એક લંબચોરસ બગીચાની વચ્ચે ચારે બાજુના છેડાથી લાગેલ 4 મીટરનો રસ્તો છે તો રસ્તા વગરના બગીચાનું ક્ષેત્ર કેટલું હશે ?

42. એક ઘડિયાળમાં મિનિટ કાટાંની લંબાઇ 21 સે.મી. છે. તો તેના દ્વારા 20 મિનિટમાં કેટલું ક્ષેત્રફળ ફરી શકાશે ?

43. જો કોઇ એક વર્ગનાં વિકર્ણ અને બીજા વર્ગની એક બાજુની લંબાઇ પ્રત્યેક 10 સે.મી. છે. તો પહેલાં વર્ગનું ક્ષેત્રફળ અને બીજા વર્ગનાં ક્ષેત્રફળનું શું પ્રમાણ છે ?

44. 17 સે.મી. ત્રિજ્યાવાળા કોઇ વર્તુળમાં બે સમાંતર જીવાઓ વ્યાસની બંને તરફ ખેંચાયેલી છે. અને જીવાઓની વચ્ચેનું અંતર 23 સેમી છે. જો એક જીવાની લંબાઇ 16 સે.મી. છે તો બીજી જીવાની લંબાઇ શું હશે ?

45. એક ટપાલી ટપાલ વહેંચવા માટે ઉત્તરની બાજુ 120 મીટર ચાલે છે. પછી તે બીજો પત્ર વહેંચવા માટે પૂર્વની બાજુ 50 મીટર જાય છે બંને સ્થાનની વચ્ચેનું ઓછામાં ઓછું અંતર હશે.

46. ચતુષ્કોણની સમાંતર બાજુઓની લંબાઇ 7 સે.મી. અને 11 સે.મી. છે. અને તેનું ક્ષેત્રફળ 45 વર્ગ સે.મી. છે, સમલંબ ચતુષ્કોણની ચારે બાજુની સમાંતર બાજુઓની વચ્ચેની લંબાઇનું અંતર શું ?

47. 176 મી. નું અંતર કાપવા માટે 40 સે.મી. વ્યાસવાળા પૈડાં દ્વારા લગાવાયેલા ચક્કરોની સંખ્યા છે ?

48. બે ઘનોના પૃષ્ઠ ક્ષેત્રફળોનું પ્રમાણ 64:225 છે તેની બાજુઓનું પ્રમાણ છે.

49. એક ચોરસની ત્રિજ્યામાં 10% વધારો કરવામાં આવે તો, તેના ક્ષેત્રફળમાં કેટલા ટકાનો વધારો થશે.

50. જો ત્રિકોણનો આધાર 15 મી. છે અને તેની ઉંચાઇ 12 મી. છે તો બે ગણી ક્ષેત્રફળ અને 20 સે.મી. આધારવાળા બીજા ત્રિકોણની ઉંચાઇ ________

---

## *પ્રેક્ટીસ પેપર - ૧૦ જવાબો*

(1) 1125, (2) *ગાડીની લંબાઇ,* (3) 74.16 k.m., (4) 3.5 k.m. / *કલાક,* (5) 45 કિ.મી./કલાક **(6) 2 કિ.મી./કલાક, (7) 10 મીટર/સેકન્ડ, (8) 120 મીટર, (9) 48 મિનિટ, (10) 10 વાગે, (11) 60 કિ.મી./કલાક, (12) 89 સેકન્ડ, (13) 72 કિ.મી./કલાક, (14) 54 કિ.મી./કલાક, (15) 12 કિ.મી./કલાક, (16)** $12\frac{1}{2}$ **મી./સેકન્ડ, (17)** 3 : 35**, (18)** 80 *કિ.મી./કલાક***, (19)** 1.00 *વાગે બપોર પછી,* **(20) 36** સેકન્ડ, **(21)** 25 ***કિ.મી./કલાક, (22) સવારે*** 11.45 ***કલાકે,* (23)** 360 ***કિ.મી.,* (24)** 700 **, (25)** 60 ***કિ.મી. પ્રતિ કલાક,* (26)** 3/2 **, (27)** 1.852**, (28)** 25 ***કિ.મી./કલાક*, (29)** 80 ***કિ.મી./કલાક*, *(30) 154 વર્ગ સે.મી., (31)*** $100\sqrt{15}$ ***મીટર$^2$, (32) 4070 મીટર, (33) 14 ડેસી મીટર, (34) 10.5 મીટર, (35) 4370 મી.$^2$ , (36) 12 એકમ, (37) 2:1, (38) 2.70, (39) 77 સે.મી.$^2$, (40) 80 સે.મી., (41) 2181 સે.મી., (42) 462 સે.મી.$^2$, (43) 1:2, (44) 30 સે.મી., (45) 130 મીટર, (46) 5 સે.મી., (47) 140, (48) 8:15, (49) 21, (50) 18 મીટર,***

# પ્રેક્ટીસ પેપર - ૧૧

1. એક સમચતુષ્કોણ જેની એક બાજુ 25 સે.મી. અને વિકર્ણ 40 સે.મી. છે. તો તેનું ક્ષેત્રફળ છે.
2. તારના ટુકડાની ત્રિજ્યા ઘટીને અડધી થઈ જાય છે. જો આયતન સમાન રહે છે, તો તેની લંબાઈ કેટલી વધશે.
3. 5 મીટર વ્યાસવાળા વર્તુળનું ક્ષેત્રફળ તેના પરિઘના કેટલા ટકા હશે ?
4. કોઈ વર્ગનું ક્ષેત્રફળ, 16 સે.મી. લંબાઈ અને 9 સે.મી. પહોળાઈ વાળા કોઈ લંબચોરસના ક્ષેત્રફળને બરાબર છે તો તે વર્ગની પરિમિતિ છે ?
5. જો કોઈ ત્રિકોણ $ABC$ માં $\angle A = 100°$ અને $AB = AC$ હોય તો $\angle B$ ની કિંમત શેના બરાબર છે.
6. જો કોઈ વર્તુળાકાર બગીચાની બાહ્ય અને આંતરિક પરિઘ ક્રમશઃ 44 સે.મી. અને 22 સે.મી. છે તો રસ્તાની પહોળાઈ કેટલી થશે ?
7. 16 મીટર પહોળી તથા 20 મીટર લાંબી એક ચટ્ટાઈ (પાથરણું) 2496 રૂપિયામાં ખરીદ્યું તો તેનો દર વર્ગ મીટર મુલ્ય શું હશે.
8. જો ત્રિકોણનાં ત્રણે બાજુઓ 3, 4 અને 5 છે તો ત્રિજ્યા કોના બરાબર હશે, જો વર્તુળ ત્રણેય ખૂણાઓમાંથી પસાર થતું હોય ?
9. એક ગોળ બગીચાની ચારેબાજુ રસ્તો છે જો તેની બહાર પરિઘ 569 મીટર ચે. અને અંદરની પરિઘ 420 મીટર હોય તો રસ્તાની પહોળાઈ શું હશે ?
10. એક હોલની પહોળાઈ, લંબાઈના $\frac{3}{4}$ છે, જો હોલનું ક્ષેત્રફળ 300 વર્ગ મીટર છે. તો તેની લંબાઈ અને પહોળાઈમાં શું અંતર છે.
11. એક શંકુ આકાર ગુંબજનો વ્યાસ 28 મીટર તથા તળિયાથી ઊંચાઈ 50 મીટર છે. તેના વક્રપૃષ્ઠ પર 80 પૈસા પ્રતિવર્ગ મીટર દીઠ ચુનો કરાવવાનો ખર્ચ કેટલો આવે ?
12. એક ત્રિકોણની પરિમિતિ 100 મીટર છે તથા તેની બાજુઓ 2:1:2 ના પ્રમાણમાં છે. આ ત્રિકોણનું ક્ષેત્રફળ કેટલા ર્ગ મીટર હશે ?
13. કોઈ સમાંતર બાજુ ચતુષ્કોણનો આધાર 12 સે.મી. તથા તેની ઉંચાઈ 8 સે.મી. હોય તો તેનું ક્ષેત્રફળ શું થાય ?
14. એક લંબચોરસ પ્લોટની લંબાઈ અને પહોળાઈ નું પ્રમાણ 7:5 છે. જો પ્લોટનું પરિમિતી 144 મી છે. તો તેનું ક્ષેત્રફળ શોધો.
15. નળાકારના આધારની ત્રિજ્યા 5 ડેસીમીટર છે. અને તેનું વક્ર પૃષ્ઠ 440 વર્ગ ડેસી મીટર છે તો ઉંચાઈ શોધો.
16. જો કોઈ વર્ગની બાજુ ચાર ગણી કરવામાં આવે તો પરિણામી વર્ગ તથા આપેલ વર્ગનાં ક્ષેત્રફળોનું પ્રમાણ શું થશે ?
17. જમીનનો એક લંબચોરસ પ્લોટ 50 મીટર લાંબો અને 20 મીટર પહોળો છે. તો પ્લોટનું ક્ષેત્રફળ શોધો.
18. જો કોઈ વર્તુળની ત્રિજ્યા 100% વધારી દેવામાં આવે તો તેના ક્ષેત્રફળમાં કેટલા ટકાની વૃધ્ધિ કરવામાં આવશે?
19. એક ઓરડાનું ક્ષેત્રફળ 160 વર્ગ મીટર છે. અને તેની લંબાઈ અને પહોળાઈ 8:5 છે તો ઓરડાની પરિમિતિ નીચેનામાંથી શું હશે ?
20. એક ચોરસનું ક્ષેત્રફળ 225 ચો.સે.મી. છે જો એક લંબચોરસનાં ક્ષેત્રફળની બરાબર છે. લંબચોરસની લંબાઈ તેની પહોળાઈથી 16 સે.મી. વધારે છે. ચોરસની બાજુ અને લંબચોરસની પહોળાઈની વચ્ચે ક્રમશઃ કેટલું પ્રમાણ છે ?
21. $PQRS$ ચતુષ્કોણમાં કોણ $Q$ કોણ $P$ થી બમણો છે. કોણ $R$ કોણ $S$ થી ત્રણ ગણો છે. કોણ $R$ નો મુલ્ય $135°$ છે. તો કોણ $Q$ અને કોણ $S$ વચ્ચે કેટલું અંતર છે ?
22. એક લંબચોરસની લંબાઈ અને પહોળાઈ વચ્ચે 7 સે.મી.નો તફાવત છે અને લંબચોરસનું પરિમિતી 50 સે.મી. છે તો લંબચોરસનું ક્ષેત્રફળ કેટલું છે.
23. એક સમકોણ ત્રિકોણનો આધાર 9 સે.મી. છે. અને એનું ક્ષેત્રફળ 81 વર્ગ સે.મી. છે. સમકોણ ત્રિકોણની ઉંચાઈ કેટલી છે.
24. *એક વર્તુળનું ક્ષેત્રફળ 154 ચો.સે.મી. છે, તો તેના પરિધની લંબાઈ કેટલા સે.મી. હશે ?*
25. *એક ચોરસનાં ક્ષેત્રફળ અને પરિમિતિનાં આંક (માપ) સરખા છે, તો તેની લંબાઈ કેટલી ?*
26. *એક ચોરસ પડદાની લંબાઈ 4 મીટર છે. તેની કિનાર ફરતી પટ્ટી લગાડવાનો ખર્ચ 1 મીટરનાં 8 રૂપિયા લેખે કેટલો થશે? (128 રૂ.)*
27. *એક ઓરડો 6 મીટર લાંબો, 5 મીટર પહોળો અને 4 મીટર ઊંચો છે. તેમાં 8 ચો.મી. બારીબારણા આવેલા છે, તો તે ઓરડાની ચાર દિવાલને ધોળવાનો ખર્ચ 1 ચો.મી.નાં 10 રૂ. લેખે કેટલો થશે.*
28. *એક રૂમ 3 મીટર લાંબો અને ર મીટર પહોળો છે. તેનાં ભોંયતળીયે 25 ચો.સે.મી. વાળી ચોરસ લાદી જડવાની છે, તો કેટલી લાદીઓ જોઈએ ? (96)*
29. *એક ખેતરની લંબાઈ 75 મીટર અને પહોળાઈ 60 મીટર છે. આ ખેતર ખેડવાનો ખર્ચ 100 ચો.મીટરનાં 10 રૂપિયા લેખે કેટલો થાય ? (450 રૂ.)*
30. *એક ઓરડાની એક ચોરસ દિવાલની લંબાઈ 6 મીટર છે. આ ઓરડાની બાકીની દીવાલ તેટલા જ માપની છે, તો આ ઓરડાની ચારેય દીવાલ રંગવાનો ખર્ચ 1 ચો.મી.નાં રૂ. 30 લેખે કેટલો થાય ? (4320 રૂ.)*
31. *એક ખેતરની લંબાઈ 75 મીટર અને પહોળાઈ 60 મીટર છે. આ ખેતર ખેડવાનો ખર્ચ 1 અરનાં 10 રૂપિયા લેખે કેટલો થાય ? (450 રૂ.)*
32. *એક ખેતરની લંબાઈ 110 મીટર અને પહોળાઈ 70 મીટર છે. આ ખેતરને ટ્રેક્ટર દ્વારા ખેડીને સમતલ કરવાનો ખર્ચ દર અરનાં રૂ. 45 લેખે કેટલો થાય ? (3465 રૂ.)*
33. *રાજુભાઈનાં એક ચોરસ પ્લોટની લંબાઈ 25 મીટર છે. 1 ચો.મી.*

જમીનનાં રૂ. 2000 લેખે વેચતાં કુલ કેટલા રૂપિયા ઉપજે ? (12,50,000 રૂ.)

34. 2 મીટર લાંબા 1 મીટર પનાનાં કાપડમાંથી 25 સેન્ટી મીટરનાં કેટલા ચોરસ રૂમાલ બને. (32)

35. 80 મીટર લાંબા અને 120 મીટર પહોળા ખેતરનું ક્ષેત્રફળ કેટલા અર થાય. (96)

36. એક વર્ગ ખંડની લંબાઈ 20 મીટર અને પહોળાઈ 18 મીટર છે, તેનાં ભોંયતળિયે ટાઈલ્સ લગાવવાની મજૂરી દર ચો.મી.નાં રૂ. 7 લેખે કેટલી થાય ? (2520)

37. એક ચોરસ બગીચાની લંબાઈ 70 મીટર છે. આ બગીચામાં માટી પાથરવાનો ખર્ચ 5 ચો.મી.નાં રૂ. 5 લેખે કેટલો થાય ? (4900 રૂ.)

38. 10 મીટર લંબાઈ અને 2 મીટર પહોળાઈ ધરાવતા કાપડનાં ટૂકડામાંથી 40 સેન્ટી મીટર લંબાઈનાં કેટલા ચોરસ આસનો બને ? (125)

39. એક ચોરસ ડાઈનિંગ ટેબલની લંબાઈ 4 મીટર છે. આ ટેબલ પર મલમલ ચોંટાડવાનો ખર્ચ 1 ચો.મીટરનાં રૂ. 30 લેખે કેટલો થાય ? (480 રૂ.)

40. રંગીન કાર્ડ પેપરની લંબાઈ 60 સેન્ટી મીટર અને પહોળાઈ 40 સેન્ટી મીટર છે. આ કાર્ડ પેપરમાં સેન્ટી મીટર લંબાઈનાં કેટલા ચોરસ બને ? (96)

41. કાટખૂણો બનાવતી 3 મીટર બાજુઓનાં માપ અનુક્રમે 12 અને 5 છે, તો તેનું ક્ષેત્રફળ કેટલા ચો. એકમ થાય ? (30 ચો. એકમ)

42. એક $\Delta$ કાર ખેતરની એક બાજુનું માપ 80 મીટર અને તેનાં પરનાં વેધની લંબાઈ 60 મીટર છે. જો એક અર ખેતર ખેડવાની મજુરી 100 રૂ. હોય તો આખા ખેતરને ખેડવાની મજુરી કેટલી થશે ? (2400 રૂ.)

43. 8 ફૂટ x 12 ફૂટના તળીયે ચોડવા માટે 6 ઈંચ x 6 ઈંચની કેટલી લાદી જોઈએ ?

44. નીચેના પૈકી અર્ધગોળાની વક્રસપાટીની ક્ષેત્રફળ શોધવાનું સૂત્ર ક્યું છે ?

45. એક લંબચોરસ ABCD માં AC = 25 સે.મી. અને CD = 7 સે.મી. હોય તો તેની પરિમિતિ કેટલી થાય ?

46. બંધ શંકુનું પૃષ્ઠફળ શોધવા માટે નીચેના પૈકીનું ક્યું સૂત્ર છે ?

47. એક આયાતકાર ખેતર જેની રેખાઓ 64 મીટર x 36 મીટર છે, જેનું ક્ષેત્રફળ એક ચોરસ (વર્ગાકાર) ખેતરના ક્ષેત્રફળની બરાબર છે, તો ચોરસ ખેતરની રેખાઓ (મી.મા) છે ?

48. તળિયાવાળા ખુલ્લા નળાકારની કુલ સપાટીનું ક્ષેત્રફળ = ........

49. એક ચોરસની પરિમિતિ એક 7 મીટરની લંબાઈ અને 5 મીટરની પહોળાઈવાળી બાજુઓવાળા લંબચોરસની પરિમિતિ જેટલી છે, તો તે ચોરસનું ક્ષેત્રફળ કેટલું હશે ?

50. એક વર્તુળનું ક્ષેત્રફળ 154 ચો.સે.મી. છે, તો તેના પરિધની લંબાઈ કેટલા સે.મી. હશે ?

## પ્રેક્ટીસ પેપર - ૧૧ જવાબો

(1) 600 સે.મી., (2) 2 ગણી, (3) 125 %, (4) 48 સે.મી., (5) 40°, (6) 3.5 સે.મી., (7) 7.80, (8) 2.5, (9) 28 મીટર, (10) 5 મીટર, (11) 1760, (12) રૂ. 3640, (13) 96, (14) 1260, (15) 12, (16) 16:1, (17) 1000, (18) 300%, (19) 52, (20) 5:3, (21) 60°, (22) 144, (23) 18, (24) 44, (25) 4, (26) 128, (27) 800 Rs., (28) 96, (29) 450 Rs., (30) 4320 Rs., (31) 450 Rs., (32) 3465 Rs., (33) 12,50,000 રૂ., (34) 32, (35) 96, (36) 2520, (37) 4900 રૂ., (38) 125, (39) 480 રૂ., (40) 96, (41) 30 ચો. એકમ, (42) 2400 રૂ., (43) 384, (44) $3\pi r^2$, (45) 62 સે.મી., (46) $\pi r(r + l)$, (47) 48, (48) $\pi r(2h+r)$, (49) 36 ચો.મી., (50) 44.

# પ્રેક્ટીસ પેપર - ૧૨

1. એક શંકુ આકારની ટાંકીની ઊંચાઈ 60 સે.મી. છે અને તેના પાયાનો વ્યાસ 64 સે.મી. છે. રૂ. 25 પ્રતિચો.મી.ના દરથી તેને બહારથી રંગ કરવાનો ખર્ચ કેટલો થશે ?
2. 1 મીટર પહોળાઈવાળા ૨ મીટર કાપડમાંથી 625 ચો.સે.મી. ક્ષેત્રફળ ધરાવતાં કેટલાં ચોરસ રૂમાલ બને ?
3. નળાકારની વક્રસપાટીનું ક્ષેત્રફળ શોધવાનું સૂત્ર જણાવો.
4. 50 પૈસાના સિક્કાની નીચલી સપાટીનું ક્ષેત્રફળ શોધવાનું સૂત્ર ........ છે.
5. 1 રૂપિયાના સિક્કાની વક્રસપાટીનું ક્ષેત્રફળ શોધવાનું સૂત્ર ........... છે.
6. એક પતરાની લંબાઈ અને પહોળાઈ અનુક્રમે 88 સે.મી. અને 50 સે.મી. છે. આ પતરામાંથી 14 સે.મી. ત્રિજ્યા અને 5 સે.મી. ઊંચાઈના કેટલા ખુલ્લા નળાકાર બનાવી શકાય ?
7. એક ગાયને દોરડા વડે ખૂંટે બાંધેલી છે, જો દોરડાની લંબાઈ 7 મીટર હોય તો ગાયને એક ચક્કર કાપતાં કેટલું અંતર કાપવું પડે ?
8. 1 અર =............ ચો. મીટર
9. એક તોલો સોનું =............. ગ્રામ
10. 1 હેક્ટર =.................. એકર.
11. એક ઓરડાનું માપ 6 મીટર × 4 મીટર × 3.5 મીટર છે. આ ઓરડાને 1 ચો.મી.ના રૂ. 100 લેખે પ્લાસ્ટર કરવાનો ખર્ચ કેટલો થાય ?
12. ૩૦ મીટર × ૨૦ મીટરના બાગમાં વચ્ચે ૨ મીટર પહોળાઈનો આડો અને ઉભો રસ્તો છે, તો રસ્તામાં એક ચોરસ મીટરની કેટલી લાદીઓ ગોઠવી શકાય ?
13. એક વર્તુળની પરિમિતિ 88 હોય તો તેની ત્રિજ્યા કેટલી હોય ?
14. એક ચોરસ 10 સે.મી.નું છે તો તેનું ક્ષેત્રફળ કેટલું ?
15. 100 મીટર લંબાઈના ચોરસ બાગની ફરતે 5 મીટરના અંતરે ઝાડ રોપવા હોય તો કુલ કેટલા ઝાડ જોઈશે ?
16. એક મીટર પનાના 3 મીટર લાંબા કાપડમાંથી 625 ચો.સે.મી.ના કેટલા રૂમાલ બને ?
17. એક વર્તુળનો વ્યાસ 14 સે.મી. છે, તો તેનાં પરિઘનું માપ નીચેના પૈકી એક થાય.
18. એક લંબચોરસની એક બાજુ બીજી બાજુ કરતાં 3 સેમી વધુ છે. આ લંબચોરસની પરિમિતિ 58 સેમી હોય તો તેની લાંબી બાજુનું માપ કેટલું થાય ?
19. એક લંબચોરસની પહોળાઈ તેની લંબાઈનો $\frac{3}{4}$ ભાગ છે. લંબચોરસનું ક્ષેત્રફળ 192 ચો.મી. છે, તો તેની પરિમિતિ .......... છે ?
20. બંધ નળાકારની કુલ સપાટીનું પૃષ્ઠફળ શોધવાનું સૂત્ર .......... છે.
21. 5 સે.મી. ત્રિજ્યાવાળા અર્ધવર્તુળનો વ્યાસની લંબાઈ કેટલી થાય ?
22. અર્ધગોળાની વક્રસપાટીનું ક્ષેત્રફળ શોધવાનું સૂત્ર ક્યું છે ?
23. એક મીટર પનાના 3 મીટર લાંબા કાપડમાંથી 2500 ચો.સે.મી.ના કેટલા રૂમાલ બને ?
24. એક જમીનના ટુકડાની લંબાઈ 40 મીટર અને પહોળાઈ 30 મીટર છે. આ જમીનના ટુકડાની ફરતે તારની વાડ કરાવવાનો ખર્ચ પ્રતિ મીટર રૂ. 26 પ્રમાણે કેટલો થાય ?
25. **જો કોઈ વર્તુળની ત્રિજ્યા 100% વધારી દેવામાં આવે તો તેના ક્ષેત્રફળમાં કેટલા ટકાનો વધારો થાય.**
26. **જો કોઈ વર્તુળની ત્રિજ્યામાં 25% ઘટાડો કરવામાં આવે તો તેનું ક્ષેત્રફળ કેટલું ઘટશે ?**
27. જો કોઈ વર્ગને ચાર ગણો કરી તે પરિચાપી વર્ગ તથા આપેલ વર્ગનું ક્ષેત્રફળ નું પ્રમાણ શું હશે ?
28. વર્ગની બાજુઓ માપવામાં 5% ની વધુ ભુલ થાય છે તો આપેલ ક્ષેત્રફળમાં વૃધ્ધિના ટકા કેટલા હશે ?
29. 12 સે.મી. બાજુવાળા એક ઘનથી 4 સે.મી. બાજુવાળા કેટલા ઘન બનાવી શકાય ?
30. 3 સે.મી. ત્રિજ્યાવાળા એક ગોળાને એક નળાકાર વાસણ, જેમાં થોડું પાણી ભરેલું હતું તેમાં મૂકવામાં આવે છે. વાસણની ત્રિજ્યા 6 સે.મી. છે. જો ગોળો પીમાં પૂરો ડુબી જાય છે તો પાણીની સપાટી કેટલી વધશે ?
31. પાણીની એક ટાંકી 25 મી લાંબી અને 16 મીટર પહોળી છે ટાંકીના તળિયાને $\frac{1}{2}$ મીટર ઓછું કરવા માટે કાઢી લેવામાં આવતું પાણીનું આયતન હશે.
32. પાણીની એક ઘનઆકાર ટાંકીની લંબાઈ 2 મીટર છે. જો ટાંકી પાણીથી અડધી ભરી હોય તો ટાંકીમાં કેટલો લીટર પાણી છે ?
33. 8 સે.મી. ત્રિજ્યાવાળા કોઈ ગોળાને પીગળાવીને 2 સે.મી. ત્રિજ્યાવાળી નક્કર પોલાદના દડાની સંખ્યા કેટલી હશે ?
34. કોઈ શંકુ આકારના વાસણ 14 સે.મી. અને ઊંચાઈ 9 સે.મી. એમાં બનેલ બરફની આયતન શું હશે ?
35. 4 સે.મી. ત્રિજ્યાવાળા કોઈ ગોળાને ઓગાળી 2 સે.મી. ત્રિજ્યાવાળી કેટલી ગોળીઓ બનાવી શકાય ?
36. એક ટાંકી $\frac{3}{4}$ ભાગ પાણીથી ભરેલો છે. 21 લિટર પાણી કાઢી નાંખવાથી ટાંકીનો $\frac{2}{5}$ ભાગ ભરેલો રહે છે. તો ટાંકીની ધારિતા (ક્ષમતા) લીટરમાં કેટલી હશે ?

37. એક મેદાનનું ક્ષેત્રફળ 2800 વર્ગ મીટર છે. તેના પર 2.5 સે.મી. મોટી માટીનું પડ પાથરવા માટેનો ખર્ચ 10.50 રૂપિયા પ્રતિ ઘન મીટરના દરથી કેટલું થશે ?

38. એક વર્તુળાકાર બાગની ત્રિજ્યા 28 મીટર છે. આ બાગની ફરતે તારની વાડ કરવા 1 મીટરના 5 રૂ. લેખે કેટલા રૂપિયા મજુરી ચૂકવવી પડે.

39. એક વર્તુળાકાર તળાવનો વ્યાસ 133 મીટર છે. તળાવને ફરતે વાડ કરવાનો ખર્ચ મીટરના 5 રૂપિયા લેખે કેટલો થશે ?

40. 14 મીટર વ્યાસવાળા મેદાનનું ક્ષેત્રફળ કેટલું થાય.

41. 49 સે.મી. ત્રિજ્યાવાળી સપાટીનું ક્ષેત્રફળ કેટલું થાય.

42. એક પૈંડાની ત્રિજ્યા 35 સે.મી. છે. 100 આંટા ફરે તો કેટલું અંતર કાપશે ?

43. એક પૈંડાનો વ્યાસ 1.05 મીટર છે. આ પૈંડું 33 કિ.મી. અંતર કાપે તો તે કેટલા આંટા ફર્યું હશે ?

44. એક વર્તુળાકાર મેદાનનો વ્યાસ 42 મીટર છે. તો મેદાનનું ક્ષેત્રફળ કેટલું થાય ?

45. એક વર્તુળની ત્રિજ્યા 7 મી. છે. જો ત્રિજ્યાને બમણી કરવામાં આવે તો વર્તુળનું ક્ષેત્રફળ કેટલા ચો.મી. થાય ?

46. એક નળાકારના પાયાની ત્રિજ્યા 14 મીટર અને ઉંચાઈ 20 મીટર છે, તો નળાકારની વક્રસપાટીનું ક્ષેત્રફળ શોધો.

47. નળાકાર ચિમનીનો વ્યાસ ૨ મીટર અને ઉંચાઈ 7 મીટર છે. આ ચીમનીને બહારથી રંગવાનો ખર્ચ દર ચો.મી.નાં રૂ. 160 લેખે કેટલો થાય ?

48. તળિયાવાળા એક નળાકારની ત્રિજ્યા 7 મી. અને ઉંચાઈ 50 મી. છે. તો તેનું ક્ષેત્રફળ કેટલું થાય ?

49. અનાજ ભરવાનાં એક ઢાંકણાવાળા નળાકારનો વ્યાસ 1 મીટર અને ઉંચાઈ 2.5 મીટર છે. આ પીપની સપાટીનું ક્ષેત્રફળ શોધો ?

50. ઢાંકળાવાળા એક નળાકાર ટાંકાની ત્રિજ્યા 2.1 મીટર અને ઉંચાઈ 2.9 મીટર છે. તો તેની કુલ સપાટીનું ક્ષેત્રફળ શોધો.

---

www.gujposts.in

## પ્રેક્ટીસ પેપર - ૧૨ જવાબો

(1) રૂ. 17.10 લગભગ, (2) 32, (3) $2\pi rh$, (4) $A=\pi r^2$, (5) $A=2\pi rh$, (6) 10 નળાકાર બનાવી શકાય, (7) 44 મીટર, (8) 100, (9) 11.66 ગ્રામ, (10) 2.471, (11) 7000, (12) 96, (13) 14, (14) 100 ચો.સેમી, (15) 80, (16) 48, (17) 44 સે.મી., (18) 16 સેમી, (19) 56 મીટર, (20) $2\pi r(r+h)$, (21) 10 સે.મી., (22) $2\pi r^2$, (23) 12, (24) 3640, (25) 300%, (26) 43.75, (27) 16:1, (28) 10¼ %, (29) 27, (30) 1 સે.મી., (31) 200 ઘન મી., (32) 4000 લીટર, (33) 64, (34) 462 ઘન સે.મી., (35) 8 લીટર, (36) 60 લીટર, (37) 735, (38) 880 રૂ., (39) 2090 રૂ., (40) 154 ચો. મીટર, (41) 7546 ચો.મી., (42) 220 મીટર, (43) 10,000, (44) 1368 ચો.મી., (45) 616 ચો.મી., (46) 12320 ચો.મી., (47) 7040 રૂ., (48) 2354 ચો.મી., (49) 9.42 ચો.મી., (50) 66 ચો.મી.

# પ્રેક્ટીસ પેપર - ૧૩

1. 20 સે.મી. ઉંચાઈનાં અને 14 સે.મી. વ્યાસના 50 નળાકાર તૈયાર કરવા કેટલા ચો.મી. પતરું જોઈએ ? એક ચો.મી. પતરાંની કિંમત રૂ. 200 હોય તો કેટલો ખર્ચ થાય ?

2. એક લંબઘનનાં સે.મી.માં પરિમાણ $20 \times 15 \times 10$ હોય તો લંબઘનનું કુલ પુષ્ઠફળ કેટલું ?

3. એક ઘનાકાર પેટીની દરેક ધારની લંબાઈ 12 સે.મી. છે. તો તેનું કુલ પુષ્ઠફળ કેટલું ? પાર્શ્વપુષ્ઠોનું ક્ષેત્રફળ કેટલું ?

4. શાળાના પ્રાર્થના ખંડની લંબાઈ 10 મીટર પહોળાઈ 8 મીટર અને ઉંચાઈ 5 મીટર છે. તેમાં $(3\times1.5)$ મી$^2$ નાં બે બારણા અને $(2\times12)$ મી$^2$ ની ચાર બારીઓ છે. પ્રાર્થનાં ખંડની દિવાલોને ધોળવાનો ખર્ચ 1 ચો.મી.ના રૂ. ૬ લેખે કેટલો ખર્ચ થાય ?

5. 140 સે.મી. લંબાઈવાળા રોલરનો વ્યાસ 80 સે.મી. છે. જો રમતના મેદાનને સમતલ બનાવવા માટે રોલરને 600 આંટા મારવા પડે, તો કેટલા ચો.મી. જમીનને સમતલ બનાવી હશે ?

6. એક નળાકારની વક્રસપાટીનું $A$ 3696 સે.મી.$^2$ છે. જો નળાકારની ત્રિજ્યા 14 સે.મી. હોય તો તેની ઉંચાઈ કેટલી ?

7. નળાકારની ઊંચાઈ 28 સે.મી. છે. જો તેની વક્રસપાટીનું ક્ષેત્રફળ 2816 સે.મી.$^2$ હોય, તો તેનો વ્યાસ શોધો ?

8. એક નળાકારની ત્રિજ્યા અને ઉંચાઈ સરખા છે અને તે 50 સે.મી. છે. નળાકારનું કુલ ક્ષેત્રફળ શોધો ? ($\pi = 3.14$ લો)

9. શંકુની ત્રિજ્યા અને ત્રાંસી ઉંચાઈનો ગુણોત્તર4 : 7 છે. વક્રસપાટીનું ક્ષેત્રફળ 792 સે.મી.$^2$ છે. તો શંકુની ત્રિજ્યા શોધો ? ... ઉંચાઈ શોધો ?

10. 7 મીટર ત્રિજ્યાવાળો અને 24 મીટર ઉંચાઈવાળો શંકુ આકારનો તંબુ બનાવવા માટે 2 મીટર પનાવાળું કેટલા મીટર કાપડ જોઈએ ?

11. પાયાની ત્રિજ્યા 7 સે.મી. અને ઉંચાઈ 24 સે.મી. હોય, તેવી શંકુ આકારની જોકરની 15 ટોપીઓ બનાવવા માટે જરૂરી કાગળનું ક્ષેત્રફળ શોધો.

12. એક બંધ શંકુની ત્રાંસી ઉંચાઈ તેનાં પાયાની ત્રિજ્યા કરતા સાત ગણી છે. જો પાયાની ત્રિજ્યા 3 સે.મી. હોય તો કુલ પૃષ્ઠફળ શોધો. ($\pi = 3.14$ લો)

13. 282.60 મીટર$^2$ કાપડમાંથી 4 મીટર ઉંચાઈ અને 3 મીટર ત્રિજ્યા હોય તેવા કેટલાં શંકુ આકારનાં તંબુઓ બનાવી શકાય ? ($\pi = 3.14$ લો)

14. બંધ અર્ધગોળાકારની કુલ સપાટીનું પૃષ્ઠફળ અને ગોળાની વક્રસપાટીનું ક્ષેત્રફળનો ગુણોત્તર 25 : 108 છે. તો તેમની ત્રિજ્યાઓનો ગુણાકાર શોધો.

15. એક ગોળો, એક નળાકાર અને એક શંકુની ત્રિજ્યા સરખી છે અને ઉંચાઈ પણ સરખી છે, તો તેમની વક્રસપાટીનાં ક્ષેત્રફળનો ગુણોત્તર શોધો.

16. નળાકાર અને શંકુની ત્રિજ્યાઓ સરખી છે. બંનેની વક્રસપાટીનાં ક્ષેત્રફળ પણ સરખા છે. નળાકારની ઉંચાઈ તે શંકુનાં ઉંચાઈ કરતાં કેટલા ગણી હશે ?

17. એક નક્કર અર્ધગોળાનું કુલ પુષ્ઠફળ 462 સે.મી.$^2$ છે. તો તેની ત્રિજ્યા શોધો ?

18. ગોળાનું ઘનફળ તેની વક્રસપાટીના ક્ષેત્રફળના માપ કરતા ...... ગણું હોય છે.

19. ગોળાનું ઘનફળ તેની વક્રસપાટીના ક્ષેત્રફળનાં માપ કરતાં .............. ગણું હોય.

20. એક નળાકારની ત્રિજ્યા અને ઊંચાઈનો ગુણોત્તર 5 : 7 અને તેનું ઘનફળ 550 સે.મી.$^3$ હોય તો તેની ત્રિજ્યા ......... સે.મી. હોય.

21. 5, 6 મીટર વ્યાસના એક કૂવાની ઉંડાઈ 25 સે.મી. વધારવામાં આવે તો કેટલા ઘન મીટર માટી નીકળે ?

22. 1 મીટર લંબાઈ, 1 મીટર પહોળાઈ અને 1 મીટર ઊંડાઈ ટાંકીમાં .......... લિટર પાણી સમાય.

23. 1 મીટર લાંબા, 1 મીટર પહોળા અને 10 મીટર ઊંડા ખાડામાં ........ લિટર પ્રવાહી સમાય.

24. નળાકારનું ઘનફળ શોધવાનું સૂત્ર નીચેનામાંથી ક્યું છે ?

25. 50 સે.મી. ત્રિજ્યાના પાયાવાળી ટાંકીમાં 2 મીટર ઊંચાઈ સુધી પાણી ભરેલ છે, તેમાંથી 10 લીટરના કેટલા કેન ભરી શકાય ?

26. 1 લિટર =............ ઘનસેમી

27. 1 ઘન મીટર =.......... લિટર.

28. 1 ઘન મિટર =........... કિલો લિટર.

29. 10 મીટર લાંબા અને 8 મીટર પહોળા ધાબામાં 6 સેન્ટિમીટર વરસાદ પડે તો ધાબામાં કેટલા લીટર પાણી પડ્યું કહેવાય ?

30. એક નળાકારની પાયાની ત્રિજ્યા 14 સે.મી. છે અને ઊંચાઈ 15 સે.મી. છે, તો તેનું ઘનફળ કેટલું થાય ?

31. પ્લાસ્ટિકની નળાકાર ટાંકીના પાયાનો વ્યાસ 70 સે.મી. છે અને ઊંચાઈ 2 મીટર છે તો આ ટાંકીમાં વધુમાં વધુ કેટલા પાણી સમાઈ શકે ?

32. એક રૂપિયાના સિક્કાનું ઘનફળ શોધવાનું સૂત્ર ........... છે ?

33. તાંબાનો 8 સે.મી. લાંબો વાયર જેનો વ્યાસ 1 સે.મી. છે, તેને ગરમ કરીને ખેંચવાથી 18 મીટર તારમાં પરિણમે છે, તો આ તારનો વ્યાસ કેટલા $mm$ હશે ?

34. એક નળાકાર થાંભલાના વક્રભાગનું ક્ષેત્રફળ 528 મીટર$^2$ છે તથા તેનું ઘનફળ 2772 ઘન મીટર છે. તો થાંભલાની ઉંચાઈ કેટલી છે.

35. એક ટાંકીનો $\frac{3}{4}$ ભાગ પાણીથી ભરેલો છે. 21 લીટર પાણી કાઢી નાંખ્યા પછી ટાંકીનો $\frac{2}{5}$ ભાગ ભરેલો રહે છે. તો ટાંકીની ક્ષમતા કેટલી હશે ?

36. એક મેદાનનું ક્ષેત્રફળ 2800 મી.$^2$ છે. તેના પર 2.5 સે.મી. માટીનું થર પાથરવાનો ખર્ચ 10.50 રૂપિયા પ્રતિ ઘનમીટરના દરથી કેટલો થશે ?

37. ઘનના પૃષ્ઠનું કુલ ક્ષેત્રફળ 294 સેમી$^2$ છે તો તેનું ઘનફળ છે.

(અ) 340 સે.મી.$^3$ (બ) 243 સે.મી.$^3$

(ક) 320 સે.મી.$^3$ (ડ) 298 સે.મી.$^3$

38. જો કોઈ ગોળાના ઘનફળને તેના પૃષ્ઠ ક્ષેત્ર ફળથી વિભાજીત કરાય તો પરિણામ 27 સે.મી. પ્રાપ્ત થાય છે તો ગોળાની ત્રિજ્યા છે.

39. એક દિવાલની ઉંચાઈ, પહોળાઈની 5 ગણી તથા લંબાઈ, પહોળાની 8 ગણી છે, જો તે દિવાલની ઘનફળ 5000 ઘન મીટર છે. તો તેની પહોળાઈ શોધો.

40. 8 સે.મી. બાજુવાળા બે ઘન સરખી રીતે જોડાય છે. પરિણામી પૃષ્ઠફળ કયું હશે ?

41. જો $\triangle ABC$ માં $m\angle A = X, m\angle B = 3X$ અને $m\angle C = Y$ હોય, તેમજ $3Y - 5X = 30$ હોય, તો $\triangle ABC$ એ .............. છે.

42. $\odot(b, r)$ માં $\overline{AB}$ જીવા છે. તેનું કેન્દ્રથી અંતર .......... હોય તો AB = r થાય.

43. $\square$ ABCD માં $m\angle B = 144$ હોય, તો તે .......... પ્રકારનો ચતુષ્કોણ હશે.

44. $\square$ ABCD ની બાજુઓનાં મધ્યબિંદુઓ અનુક્રમે P, Q, R અને S છે. જો AC = 18 અને BD = 10 હોય તો $\square$ PQRS પરિમિતિ ........... છે.

45. $\square$ ABC માં જો $\overline{BC}$ ને M અને N બિંદુમાં ત્રિભાગે તો $\frac{AMN}{ABC}$ = ...........

46. જો $m\angle A : m\angle B : m\angle C = 2:3:5$ હોય તો $\angle R$ નુંમાપ ......થાય.

$\odot$(Q, R) ના અંતર્ગત ભાગમાં A બિંદુ અને બર્હિભાગમાં B બિંદુ છે. તો $\overline{AB} \cap$ ⊙⌒Q, 4 ` બરાબર શું શક્ય છે ?

48. એક વર્તુળનો વ્યાસ 10 સે.મી. છે. વર્તુળના કેન્દ્રથી 3 સે.મી. દૂર આવેલ જીવાની લંબાઈ શોધો.

49. એક તાર 100 મીટર લાંબો છે. તેના બે - બે મીટરના ટુકડા કરવા તે તાર કેટલીવાર કાપવો પડે ?

50. 3.6 મીટર ઊંચાઈએ દિવાલને અડકે તે રીતે ગોઠવેલી નિસરણીની લંબાઈ 6 મીટર છે, તો નિસરણીના પાયા (નીચલો છેડો) દિવાલથી કેટલા મીટર દૂર હોય ?

## પ્રેક્ટીસ પેપર - ૧૩ જવાબો

**(1)** 4.4 ચો.મી., 880 રૂ., **(2)** 1300 ચો.મી.$^2$, **(3)** 864 સે.મી.$^2$, 576 ચો.સે.મી., **(4)** 930 રૂ., **(5)** 2112 મી$^2$, **(6)** 42 સે.મી., **(7)** $d = 32$ સે.મી., **(8)** 31400 સે.મી.$^2$, **(9)** $(r = 12\ c.m.,\ l = 21\ c.m.)$, **(10)** 275 મીટર, **(11)** 8250 સે.મી.$^2$, **(12)** 226.28 સે.મી.$^2$, **(13)** તંબુની સંખ્યા 6, **(14)** (5:9), **(15)** 4:3:1, **(16)** $\frac{1}{2}$ ગણી, **(17)** 4.7 સે.મી., **(18)** $\frac{r}{3}$, **(19)** **5** મીટર, **(20)** 5, **(21)** 6.16, **(22)** 1000, **(23)** 10,000, **(24)** $\pi$ ત્રિ$^2$ $\times$ ઊંચાઈ, **(25)** 157, **(26)** 1000, **(27)** 1000, **(28)** 1, **(29)** 4800 લીટર, **(30)** 9240 ઘન સે.મી., **(31) 770**, **(32)** $\pi r^2 h$, **(33)** $\frac{2}{3}$, **(34) 8** મી. **(35) 60** લીટર, **(36) 735 Rs.**, **(37) 343** સે.મી.$^3$, **(38) 81** સે.મી., **(39) 5** મીટર, **(40) 60** ચો.મી., **(41) કાટકોણ ત્રિકોણ**, **(42)** $\frac{\sqrt{3}}{2}r$, **(43) સમલંબ**, **(44) 28**, **(45)** $\frac{1}{3}$, **(46)** 36, **(47)** (Q,4), **(48)** 8 **સે.મી.**, **(49)** 49 **વાર**, **(50)** 4.8 **મીટર.**

# પ્રેક્ટીસ પેપર - ૧૪

1. □ABC માં $\overline{AC}$ કર્ણ છે. $\overline{BM}$ વેધ છે. જો $AM = 16, CM = 12$ હોય તો $BM$ શોધો.

2. ............ના પૂરકકોણનો કોટીકોણ ૩૦° છે.

3. કાટકોણ ત્રિકોણમાં એક ખૂણાનું માપ છે, તો આ ખૂણાની સામેની બાજુનું માપ કર્ણના માપ કરતાં ....... હોય.

4. 5 મીટર લાંબી નિસરણીનો નીચેનો છેડો દિવાલથી 3 મીટર દૂર છે, તો નિસરણીનો ઉપરનો છેડો કેટલા મીટર ઉંચાઈએ દીવાલને અડકેલો હશે ?

5. જો ΔABC ના ખૂણાઓના માપ 1:2:3 પ્રમામમાં હોય તો સૌથી નાના ખૂણાનું માપ કેટલું હશે ?

6. ત્રણ સમાંતર રેખાઓને બીજી ત્રણ સમાંતર રેખાઓ છેદે તો કુલ કેટલા ચતુષ્કોણો રચાય ?

7. એક રંગીન કોચિંડો 30 મિનિટમાં 50 સેન્ટિમીટર ઊંચે ચડી તરત જ 10 સેન્ટીમીટર નીચે આવે છે તો 200 સેન્ટિમીટર ઊંચી દીવાલ ચડતા તેને કેટલો સમય થશે ?

8. એક સમચોરસની એક બાજુ 25 મીટર છે, તો તેના વિકર્ણનું અંદાજિત માપ નીચેના પૈકી એક થાય.

9. 17 મીટર લાંબી નિસરણીનો નીચેનો છેડો દીવાલથી 8 મીટર દૂર છે. નિસરણીનો ઉપરનો છેડો દીવાલથી .......... મીટર ઊંચાઈએ અડકે.

10. સમભુજ ત્રિકોણનું પરિકેન્દ્ર ............. છે.

11. રૈખિક જોડના ખૂણાઓમાં એક ખૂણો લઘુકોણ હોય, તો બીજો ખૂણો ........... હોય.

12. જો $x - y - z$ તો $\overrightarrow{xz} =$ ..........

13. $\Delta ABC$ માટે, $\overline{BC}$ ............. ΔABC.

14. વર્તુળની તમામ ત્રિજ્યાઓનો છેદગણ શું છે ?

15. $\overrightarrow{BA}$ અને $\overrightarrow{BC}$ ભિન્ન કિરણો છે. જો .......... હોય, તો તેઓ અનન્ય સમતલમાં હોય,

16. જો $\Delta ABC$ કાટકોણ ત્રિકોણ ન હોય, તો ......... સત્ય છે.

17. જમીન પરના બિંદુ A થી મકાનની ટોચનો ઉત્સેદકોણ 45 છે. A થી મકાનનું અંતર X અને મકાનની ઊંચાઈ 5 છે તો જમીન પરના બિંદુ A થી મકાનનું અંતર ........ છે.

18. $\sin^2 60^\circ - \tan 45^\circ + Cos^2 30 - Cot 90^\circ =$ .........

19. 3.6 મીટર ઉંચાઈએ દીવાલને અડકે તે રીતે ગોઠવેલી નિસરણીની લંબાઈ 6 મીટર છે, તો નિસરણીનો પાયો (નીચલો છેડો) દીવાલથી કેટલા મીટર દૂર હોય ?

20. $\Delta ABC$ માં $AB = 4$ છે. $AC = 5$ છે તો $BC = ?$

21. $\Delta ABC$ માં $AB = 3$ છે. $BC = 4$ છે તો $AC = ?$

22. એક ચોરસ કાગળના એક ખૂણા પરથી કાટકોણ ત્રિકોણકાર કાપીએ તો હવે કેટલા ખૂણા બાકી છે ?

23. 6, 13, 28, 59, .........

24. નીચે આપેલ શ્રેણી પૂર્ણ બનાવો. 1, 5, 10, 16, 23, 31, .....

25. નીચે દર્શાવેલ સંખ્યાઓની આંતરિક સરખામણીથી ખાલી જગ્યામાં કઈ સંખ્યા આવશે ? 21, 105, 735, 6615, .......

26. આ શ્રેણી જુઓ : C 13, E 16 ........, I 22, K 25 ........ ખૂટતી સંખ્યા ઓળખો.

27. આ શ્રેણીને જુઓ : 38, 36, 32, 30, 26, ............ પછીની સંખ્યા કઈ આવશે ?

28. રિશ્વા નીચેની રીતે એક શ્રેણી બનાવે છે. તે શ્રેણીનું પ્રથમ પદ - 10 પસંદ કરે છે. શ્રેણીનું દરેક પદ તેના પુરોગામી પદ કરતાં 4 જેટલું ઓછું હોય છે, તો તેની શ્રેણીનાં પ્રથમ પાંચ પદ ક્યાં હશે ?

29. નીચેની શ્રેણીમાં ? ની જગ્યાએ કઈ સંખ્યા આવે ? 1, 2, 6, 24, 120, ?

30. 93663959378916396 39

ઉપરની શ્રેણીમાં જેની તરત આગળ 6 અને તરત જ પાછળ 9 ન આવતા હોય તેવા '3 'ની સંખ્યા કેટલી ?

31. નીચેનામાંથી કઈ સંખ્યા શ્રેણીમાં બંધબેસતી થતી નથી ? 0, 1, 3, 6, 10, 15, 21, 28, 37, 45

32. 6 : 72 : 8 : ?

33. 6 : 36 : : 9 : ?

34. 384 : ? : : 216 : 63

35. 4, 16, 36, .... ? ...., 100

36. 2, 3, 10, 15, 26, ....?...

37. 12, 23, 34, 45, ...?..., 67, 78, 79

38. 1, 1, 4, 8, 9, 27, 16, ..... ખાલી જગ્યામાં કઈ સંખ્યા આવશે ?

39. નીચે આપેલી શ્રેણીની 24 પદો સુધી ગણતરી કરો.

$(8x+5y)+(11x_3y)+(14+y)+........$

40. પ્રશ્નાર્થની જગ્યાએ શું આવશે ? 0, 1, 9, 36, 100, 225, ?

41. આ શ્રેણીને જુઓ : 80, 10, 70, 15, 60, .... હવે પછી ક્યો નંબર આવશે.

42. આ શ્રેણીને જુઓ : 7, 10, 8, 11, 9, 12 હવે પછી ક્યો નંબર આવશે ?

43. આ શ્રેણીને જુઓ : 53, 53, 40, 40, 27, 27 હવે પછી ક્યો નંબર આવશે ?

44. આ શ્રેણીને જુઓ : 36, 34, 30, 28, 24 હવે પછી ક્યો નંબર આવશે ?

45. આ શ્રેણીને જુઓ : 1000, 200, 40 હવે પછી ક્યો નંબર આવશે ?

46. પ્રશ્નાર્થની જગ્યાએ શું આવશે ? 5, 6, 10, 19, ?

47. શ્રેણીમાં કઈ સંખ્યા ખોટી છે ? 2, 9, 28, 65, 126, 216, 344

48. નીચેની શ્રેણીમાં '?' ના સ્થાને શું આવશે ? 1, 2, 6, 24, 12, ?

49. નીચેની શ્રેણીમાં '?'ના સ્થાને શું આવશે ? 35, 34.5, 35.5, 34, 36, ?

50. 4, 6, 9, 13, .........

## પ્રેક્ટીસ પેપર - ૧૪ જવાબો

**(1)** $8\sqrt{3}$ **, (2)** 120 **, (3) અડધુ, (4)** 4 **મીટર, (5)** 30 **, (6)** 9 **, (7)** 2 **કલાક** 24 **મિનિટ, (8)** 35.35 **મીટર, (9)** 15 **મીટર, (10) તેનું મધ્યકેન્દ્ર, (11) ગુરુકોણ, (12)** $\overline{xy}$ **(13)** $\subset$ **(14) વર્તુળ કેન્દ્ર, (15) તેઓ વિરુદ્ધ કિરણો હોય, (16)** $AC < AB + BC$ **, (17) 5, (18)** $\frac{1}{2}$ **, (19)** 4.8 **મીટર, (20)** 3 **, (21)** 5 **, (22)** 5 **(23)** 122 **(24)** 40 **(25)** 72765 **(26)** G 19 **(27)** 24 **(28)** -10, -14, -18, -22, -26 **(29)** 720 **(30) બે (31)** 37 **(32)** 96 **(33)** 81 **(34) 112 (35)** 64 **(36)** 35 **(37)** 56 **(38)** 64 **(39) -61x+189y (40)** 441 **(41)** 20 **(42)** 10 **(43)** 14 **(44)** 22 **(45)** 8 **(46)** 35 **(47)** 126 **(48)** 720 **(49)** 33.5 **(50)** 18

# પ્રેક્ટીસ પેપર - ૧૫

1. 8, 20, 36, 56, ........

2. 1, 1, 8, 4, 27, 9, ........

3. 2, 16, 3, 81, 4, 9, .........

4. 85 : 15 : : 391 : ?

5. *નીચેના ગ્રુપમાં કઈ સંખ્યા બંસબેસતી નથી.*

   169, 625, 196, 141, 144, ?

6. *શ્રેણી પૂર્ણ કરો :* 3, 4, 7, 12, 19, (?)

7. *શ્રૃંખલા* 1, 3, 8, 19, ?, 89 *માં પ્રશ્નાર્થ ચિહ્નના સ્થાને શું આવશે ?*

8. *ખૂટતી સંખ્યા શોધો.* 95, 87, 80, 74, 69, .........

9. 0, 1, +1, +2, +3, +5, 8, 13, 21, 34, ......, ....., ....., .....
   *આ શ્રેણીના હવે પછીના ચાર સભ્યો ક્યા હશે ?*

10. *ક્રમિક સંખ્યાઓ* 2, ........, 24, 120, 720, ........, *અને* 40320

11. 3, 5, 9, 17, .......... *શું આવે ?*

12. 59, 51, 43, ?, 27

13. *શ્રેણીમાં ખૂટતો અંક લખો.* 324, 224, 124, 24,.............

14. *શ્રેણીમાં ખૂટતો અંક લખો.* 1, $\sqrt{2}$, $\sqrt{3}$, 2, ...........

15. 2, 4, 3, 5, ........, 6, 5, 7, 6

16. 0, 3, 8, 15, 24, 35, ...........

17. 121, 225, 361, ............

18. 09 : 25 : : 49 : ?

19. 18, 10, 6, 4, ?

20. 27, 64, 125, 216, 343, ?

21. 17, 13, 11, 7, 5, 1, ?

22. 1, 4, ?, 64, 256

23. 25, 16, 50, 48, 100, 144, 200, ?

24. $x : 7 = 26 : 6$ *તો* $x$ *ની કિંમત કેટલી થાય ?*

25. 0, 7, 26, 63, ...... ?

26. 6, 13, 28, 59, .......?

27. *નીચેની શ્રેણીમાં એક આંકડો બંધ બેસતો નથી તે શોધો.*
    1, 2, 5, 21, 88, 545

28. પાંચ વ્યક્તિઓની પાંચ વર્ષ પહેલાની ઉંમરનો સરવાળો 50 હતો. પાંચ વર્ષ પછી તે જ વ્યક્તિઓની ઉંમરનો સરવાળો ......... થાય.

29. બે અંકની એક સંખ્યાના અંકોનો સરવાળો તે જ સંખ્યાના અંકોના ગુણાકાર બરાબર છે. તો તે સંખ્યા ...... છે.

30. બે અંકોની એક સંખ્યામાં દશકનો અંક 7 છે. અને બંને અંકોનો સરવાળો એ એકમના અંકનો આઠ ગણો છે. તો તે સંખ્યા કઈ હશે.

31. જો વ્યક્તિની ઉંમરમાં 16 વર્ષનો તફાવત હોય અને 6 વર્ષ પહેલા મોટો વ્યક્તિ નાના વ્યક્તિ કરતા ત્રણ ગણો મોટો હોય તો બન્નેની તાજેતરની ઉંમર શોધો.

32. હાલમાં અશોક અને કિરણની ઉંમર વચ્ચેનો ગુણોત્તર 4 : 3 છે. 6 વર્ષ પછી અશોકની ઉંમર 26 વર્ષ છે તો હાલમાં કિરણની ઉંમર ..... વર્ષ હશે ?

33. કોઈ એક સંખ્યાના ત્રણ ગણામાંથી 5 બાદ કરતા 13 મળે છે. તો તે સંખ્યા શોધો.

34. 15 વર્ષ પહેલા સચિનની ઉંમર અંજલી કરતા ત્રણ ગણી હતી. હાલમાં સચિનની ઉંમર અંજલીની ઉંમર કરતા બે ગણી હોય તો સચિનની હાલની ઉંમર કેટલી હશે ?

35. બે અંકોની એક સંખ્યાના અંકોનો સરવાળો 12 છે. જો અંકોની અદલાબદલી કરીએ તો મળતી નવી સંખ્યા મૂળ સંખ્યા કરતા 18 વધુ છે. તો તે સંખ્યા શોધો.

36. 5 વ્યક્તિના એક પરિવારની સરેરાશ માસિક આવક રૂ. 1000 છે. જો એક વ્યક્તિની વાર્ષિક આવક 12,000 રૂ. વધે તો આ પરિવારની સરેરાશ માસિક આવક કેટલી ?

37. એક શિક્ષક ડબો ભરીને લાવેલી ચોકલેટ હાજર વિદ્યાર્થીઓમાં સરખે ભાગે વહેંચે છે. આમ કરતા દરેકને 7 ચોકલેટ મળે છે. જો વર્ગમાં 5 વિદ્યાર્થીઓ વધારે હોત, તો દરેકને 1 ઓછી મળત તો હાજર વિદ્યાર્થીની સંખ્યા શોધો.

38. નક્ષ, ધર્મ અને જયની કુલ ઉંમર 93 વર્ષ છે, દસ વર્ષ પહેલા તેઓની ઉંમરનો ગુણોત્તર 2 : 3 : 4 હતો, તો હાલમાં જયની ઉંમર કેટલી હશે ?

39. એક સંખ્યામાંથી 8 બાદ કરી 5 વડે ભાગીએ અથવા તે જ સંખ્યામાં 13 ઉમેરી 8 વડે ભાગીએ તો જવાબ સરખા આવે છે તો તે સંખ્યા શોધો.

40. સહેવાગ 40 વર્ષનો છે અને પાર્થિવ 60 વર્ષનો છે તો કેટલા વર્ષ

પહેલા બન્નેની ઉંમરનો ગુણોત્તર 3:5 હશે ?

41. બે અંકોની એક સંખ્યામાં એકમનો અંક દશકના અંક કરતાં ચાર ગણો છે. અંકોના સ્થાન અદલ બદલ કરતાં મળતી સંખ્યા અને મૂળ સંખ્યા વચ્ચેનો તફાવત 54 છે, તો તે સંખ્યા શોધો.

42. રિતિક અને સુઝેનની હાલની ઉંમરનો ગુણોત્તર અનુક્રમે 5:7 છે. જો સુઝેનની હાલની ઉંમર અને રિતિકની ૬ વર્ષ પછીની ઉંમરનો તફાવત 2 છે. તો રિતિક અને સુઝેનની હાલની ઉંમરનો સરવાળો કેટલો હશે ?

43. એક છોકરાને એક ચોક્કસ નંબરને 53થી ગુણવા કહ્યું. તેણે 53ના સ્થાને 35થી ગુણાકાર કર્યો તેથી તેનો જવાબ સાચા જવાબ કરતા 1206 ઓછો આવ્યો તો જે નંબરથી ગુણવાનું કહ્યું તે નંબર શોધો ?

44. એક શાળાનો વર્ગ 10 વાગ્યે સવારે શરૂ થઈ બપોરે 1.27 પૂરો થયો. આ દરમિયાન ચાર તાસ યોજાય છે. દરેક તાસ વચ્ચે 5 મી.નો બ્રેક આપવામાં આવે છે, તો દરેક તાસ કેટલા મિનિટનો હશે ?

45. હાલમાં જય અને વીરુની ઉંમરનો ગુણોત્તર અનુક્રમે 5:4 છે. ત્રણ વર્ષ પછી તેમની ઉંમરનો ગુણોત્તર અનુક્રમે 11:9 હોય તો વીરુની હાલની ઉંમર કેટલી હશે ?

46. *એક સંખ્યાને 5 ગણી કરી તે સંખ્યા ઉમેરતાં 360 થાય તો તે સંખ્યા કઈ ?*

47. *એક સંખ્યાને સાત ગણી કરી તે સંખ્યા ઉમેરતાં 400 થાય તો તે સંખ્યા કઈ ?*

48. *ઉત્સવ પાસે હર્ષ કરતાં પાંચ ગણા રૂપિયા છે. જો બંનેની રકમનો સરવાળો 36 થતો હોય, તો હર્ષ પાસે કેટલા રૂપિયા હશે ?*

49. *કોઈ સંખ્યાના 45 ટકામાંથી 45 બાદ કરવામાં આવે અને છેલ્લે પણ 45 વધે તો તે સંખ્યા કઈ ?*

50. *બે સંખ્યાઓમાં મોટી સંખ્યા નાની સંખ્યા કરતાં 5 ગણી છે. જો દરેકમાં 21 ઉમેરવામાં આવે તો મોટી સંખ્યા નાની સંખ્યા કરતાં બમણી થાય છે, તો તે સંખ્યાઓમાં નાની સંખ્યા કઈ હશે ?*

## પ્રેક્ટીસ પેપર - ૧૫ જવાબો

*(1)* 80 *(2)* 64 *(3)* 256 *(4)* 69 *(5) 141 (6)* 28 *(7)* 42 *(8)* 65 *(9) 55, 89, 144, 233, (10)* 6 અને 5040 *(11)* 33 *(12)* 35 *(13) -76 (14)* $\sqrt{5}$ *(15)* 4 *(16)* 48 *(17) 529 (18)* 81 *(19)* 3 *(20)* 512 *(21)* -1 *(22)* 16 *(23)* 432 *(24)* 30.33 *(25) 124 (26)* 122 *(27) 88 (28) 100 (29) 22 (30) 71 (31) 14, 30 (32) 15 (33) 6 (34) 60 (35) 57 (36) 1200 (37) 30 (38) 38 (39) 43 (40) 10 (41) 28 (42) 48 (43) 67 (44) 48 (45) 24 (46) 60 (47) 50 (48) 6 (49) 200 (50) 7*

# પ્રેક્ટીસ પેપર - ૧૬

1. એક વ્યક્તિ પાસે 1 રૂ., 5 રૂ. અને 20 રૂ.ની કેટલીક નોટો છે. દરેક નોટોની સંખ્યા સરખી છે, તેની પાસે 260 રૂ. છે. તો વ્યક્તિ પાસે કુલ નોટોની સંખ્યા કેટલી છે ?
2. 8 ખુરશીની કિંમત 3 ટેબલની કિંમત બરાબર થાય છે. એક ખુરશી અને એક ટેબલની કુલ કિંમત રૂ. 605 થાય છે, તો ખુરશની કિંમત કેટલા રૂપિયા હશે ?
3. બે આંકડાની એક સંખ્યાનો દશકનો અંક તેના એકમના અંકથી ત્રણ ગુણો છે. અંકોની અદલા-બદલી કરતાં મળતી સંખ્યા મૂળ સંખ્યાથી 54 જેટલી ઓછી છે, તો તે સંખ્યા શોધો.
4. બે અંકોની એક પ્રાકૃતિક સંખ્યાના અંકોનો ગુણાકાર 15 છે. જો તે સંખ્યામાં 18 ઉમેરવામાં આવે તો મળતી નથી. સંખ્યા તે મૂળ સંખ્યાના અંકોની અદલા-બદલી કરવાથી મળતી સંખ્યા બને છે, તો તે મૂળ સંખ્યા કઈ હતી ?
5. પ્રિયંકાની હાલની ઉંમર 20 વર્ષ છે, તેની માતાની ઉંમર તેના કરતાં બમણી છે હવે જો પ્રિયંકાની ઉંમર બમણી (40 વર્ષ) થાય તો તેની માતાની ઉંમર કેટલા વર્ષ થાય ?
6. એક સંખ્યાને 7 ગણી કરીએ અને તેમાં તે જ સંખ્યા ઉમેરીએ તો 576 થાય, તો તે સંખ્યા કઈ ગણાય ?
7. માતાની ઉંમર પુત્રની ઉંમર કરતાં 6 ગણી છે. બંનેની ઉંમરનો સરવાળો 35 વર્ષ હોય તો પુત્રની ઉંમર કેટલી થાય ?
   (અ) 13 વર્ષ (બ) 5 વર્ષ
   (ક) 14 વર્ષ (ડ) 6 વર્ષ
8. પિતાની હાલની ઉંમર તેના પુત્રની ઉંમર કરતા 5 ગણી છે. 21 વર્ષ પછી પિતાની ઉંમર પુત્રની ઉંમર કરતા બમમી થાય છે, તો પિતા અને પુત્રની હાલની ઉંમર કેટલી ?
9. એક દૂધના ડબ્બામાં 48 લીટર દૂધ નાખવાથી પૂરો ભરાઈ જાય છે. જેનો $\frac{7}{12}$ ભાગ ભરેલો છે. જો તેમાંથી અર્ધો દૂધનો ભાગ કાઢી લેવામાં આવે તો ડબ્બામાં હજી કેટલું દૂધ ભરવામાં આવે કે ડબ્બો આખો ભરાઈ જાય ?
10. પંકજે ચારૂથી 15 ગુણ ઓછા મેળવ્યા અને ચારૂએ કાન્તાથી 5 ગુણ વધારે મેળવ્યા. જો આ ત્રણેયે કુલ 112 ગુણ મેળવ્યા હોય, તો કાન્તાએ જે ગુણ મેળવ્યા, તે છે ?
11. પિતા અને તેના બે પુત્રોની ઉંમરનો સરવાળો 5 વર્ષ પહેલાં x વર્ષ હતો, તો 5 વર્ષ પછી તે બધાની ઉંમરનો સરવાળો ....... વર્ષ થશે ?
12. પિતાની ઉંમર પુત્રની ઉંમર કરતાં 30 વર્ષ વધુ છે. દસ વર્ષ બાદ પિતાની ઉંમર પુત્રની ઉંમર કરતાં ત્રણ ગણી થશે, તો હાલ પુત્રની ઉંમર કરતાં ત્રણ ગણી થશે, તો હાલ પુત્રની ઉંમર કેટલી હશે ?
13. કોઈ થિયેટરમાં એક વ્યક્તિ પોતાના કુટુંબ સાથે ફિલ્મ જોવા જાય છે. જેમાં બાળકોની ટિકિટ પુખ્ત વ્યક્તિની ટિકિટના 1/4 છે. ત્રણ પુખ્ત અને 3 બાળકોની ટિકિટના રૂ. 600 થયા તો પુખ્ત વ્યક્તિની ટિકિટના કેટલા રૂપિયા છે ?
14. પાંચ વ્યક્તિઓની પાંચ વર્ષ પહેલાંની ઉંમરનો સરવાળો 50 વર્ષ હતો. આજથી પાંચ વર્ષ પછી તેમની સરેરાશ ઉંમર કેટલી હશે ?
15. એક વ્યક્તિ પાસે રૂ. 1, રૂ. 5 તથા રૂ. 10 ની નોટ સરખા પ્રમાણમાં છે. આ બધી નોટ્સની કિંમત રૂ. 192 થાય તો તેની પાસે કુલ કેટલી નોટ્સ હશે ?
16. 5 વર્ષ પહેલા P અને Qની સરેરાશ ઉંમર 15 વર્ષ હતી. P, Q, R ની સરેરાશ ઉંમર આજે 20 વર્ષ છે 10 વર્ષ પછી Rની ઉંમર કેટલી ?
17. સરોજબેનની હાલની ઉંમર 52 વર્ષની છે. 8 વર્ષ પછી તેમની અને પુત્રીની ઉંમરનો સરવાળો 75 વર્ષ થતો હોય તો તેમની પૂત્રીની હાલની ઉંમર શોધો.
18. એક થેલામાં રૂ. 5 અને રૂ. 2 ના 40 સિક્કા રાખેલા છે. કુલ રૂ. 140 છે તો રૂ. 2 અને રૂ. 5 ના કેટલા સિક્કા છે ?
19. એક ટોપલીમાં કેરી, ચીકુ અને દાડમના કુલ 18 ફળ છે, જેમાં કેરી કરતા ચીકુ દોઢા અને દાડમ બમણા છે, તો કેરીની સંખ્યા કેટલી હશે ?
20. સચિનની 8 વર્ષ પહેલાંની ઉંમર અને 6 વર્ષ પછીની ઉંમરનો ગુણાકાર 680 થાય છે, તો સચિનની હાલની ઉંમર શોધો.
21. માતાની ઉંમર પુત્રીની ઉંમર કરતાં ત્રણ ગણી અને 8 વર્ષથી મોટી છે. પિતાની ઉંમર માતા કરતાં 4 વર્ષ મોટી છે. હવે જો પુત્રીની ઉંમર 6 વર્ષ હોય તો પિતાની ઉંમર કેટલી ?
22. મારો નાનો ભાઈ એક વર્ષનો થયો ત્યારે મારી ઉંમર તેની ઉંમર કરતાં સાત ગણી હતી. જ્યારે મારી ઉંમર તેની ઉંમર કરતાં બમણી થાય ત્યારે તેની ઉંમર કેટલી હશે ?
23. મોહિતની ઉંમર તેના દિકરા કરતા 7 ગણી છે. 10 વર્ષ પછી તેની ઉંમર 3 ગણી થઈ જશે, તો હાલમાં તેના દિકરાની ઉંમર કેટલી હશે ?
24. બાટલી અને બુચની ભેગી કિંમત રૂ. 2.25 છે. બાટલી કરતાં બુચની કિંમત રૂ. 1.65 ઓછી હોય તો બુચની કિંમત કેટલી હશે ?
25. ડિઝલના ભાવમાં એક લિટરે રૂપિયા 2 નો વધારો થતાં 360 રૂપિયામાં પહેલાં કરતાં બે લિટર ઓછું મળે છે, તો ડિઝલનો અગાઉનો ભાવ શું હતો ?
26. કોઇક માહિતી માટે $Z = 25$ અને $\bar{x} = 25$, તો $M = .......$
27. કોઇક માહિતી માટે $Z - M = 2.5$, જો માહિતીનો મધ્યક 20 હોય, તો $Z = .........$
28. જો $\bar{x} - Z = 3$ અને $\bar{x} + Z = 45$, તો $M = .......$
29. જો $Z = 24$, $\bar{x} = 18$, તો $M = ........$
30. જો $M = 15$, $\bar{x} = 10$, તો $Z = .........$

31. જો $M = 22, Z = 16,$ તો $\bar{x} =$ .........

32. જો $\bar{x} = 21.44$ અને $Z = 19.13,$ તો $M =$ .........

33. જો $M = 26, \bar{x} = 36,$ તો $Z =$ .........

34. નીચે આપેલી માહિતીનો બહુલકીય વર્ગ ........... છે.

| વર્ગ | 0-10 | 10-20 | 20-30 | 30-40 | 40-50 |
|---|---|---|---|---|---|
| આવૃત્તિ | 7 | 15 | 13 | 17 | 10 |

35. ઉપરના દાખલા $(9)$ માં આપેલ વર્ગ $20-30$ ની સંચયી આવૃત્તિ .......... છે.

36. દાખલા $(9)$ માં આપેલ આવૃત્તિ વિતરણનો મધ્યસ્થ વર્ગ .......... છે.

37. *શાળામાં કુલ વર્ગોની સંખ્યા એ ......... માહિતી છે.*

38. *પુસ્તકાલયોમાં પુસ્તકોની સંખ્યાએ ........ માહિતી છે.*

39. *દૈનિક સમાચારપત્રોમાંથી મેળવેલ ફુગાવાના દરના આંકડા ...... માહિતી છે.*

40. *કંપનીના વાર્ષિક અહેવાલમાંથી નફો - નુકશાનનાં મેળવેલ આંકડા ...... માહિતી છે.*

41. 10 *વિદ્યાર્થીઓએ* 50 *ગુણની એક કસોટીમાં મેળવેલ ગુણ* 13, 25, 42, 11, 40, 33, 49, 37, 19, 27 *છે માટે આ માહિતીનો વિસ્તાર ...... છે.*

42. *પાંચ કામદારોનો રોજનો પગાર રૂપિયામાં* 45, 32, 59, 37 *અને* 52 *છે. આ માહિતીનો મધ્યક ...... છે.*

43. *વર્ગ* 41-50 *ની ઉર્ધ્વ સીમા ........ છે.*

44. *વર્ગ* 20-29 *ની અધઃસીમા ...... છે.*

45. *માહિતી* 3, 7, 5, 6, 7, 5, 7, 9, 4, 7 *માં* 7 *ની આવૃત્તિ ........ છે.*

46. *વર્ગ* 25-30 *ની મધ્ય કિંમત ...... છે.*

47. *વર્ગ* 45-55 *ની મધ્યકિંમત ....... છે.*

48. *વર્ગ* 30-45 *ની વર્ગ લંબાઈ ...... છે.*

49. *વર્ગ* 55.5 - 65.5 *ની વર્ગ લંબાઈ ..... છે.*

---

## પ્રેક્ટીસ પેપર - ૧૬ જવાબો

*(1) 30 (2) 165 (3) 93 (4) 35 (5) 60 (6) 72 (7) 5 (8) 35 , 7 (9) 34 (10) 29 (11) X+30 (12) 5 (13) 160 Rs. (14) 20 (15) 36 (16) 30 (17) 7 (18) પ્રત્યેક 20 (19) 4 (20) 26 (21) 30 (22) 6 (23) 5 (24) 60 પૈસા (25) 18 Rs., (26) 25 (27) 21.25 (28) 23 (29) 20 (30) 25 (31) 25 (32) 20.67 (33) 6 (34) 30-40 (35) 35 (36) 20-30 (37) પ્રાથમિક (38) ગૌણ (39) ગૌણ (40) ગૌણ (41) 38 (42) 45 (43) 50 (44) 20 (45) 4 (46) 27.5 (47) 50 (48) 15 (49) 10.*

# પ્રેક્ટીસ પેપર - ૧૭

1. અવલોકનો 17, 23, 9, 32, 14, 27, 11 નો મધ્યસ્થ ........ છે.
2. અવલોકનો 54, 32, 19, 36, 29, 44, 21, 47 નો મધ્યસ્થ ....... છે.
3. અવલોકનો 26, 13, 7, 31, 21, 17 નો મધ્યસ્થ ...... છે.
4. અવલોકનો 76, 81, 68, 92, 88 નો મધ્યસ્થ .....
5. માહિતી 9, 8, 11, 3, 8, 15, 8, 9, 10, 14 નો બહુલક ..... છે.
6. પાંચ કારીગરોનો દરેકનો પગાર 5000 રૂ. છે, તો આ માહિતીનો મધ્યક ..........., મધ્યસ્થ ......... અને બહુલક ........ રૂ. છે.
7. અવલોકનો 1, 3, 2, 5, 3, 7, 2 નો બહુલક ........ છે.
8. અવલોકનો 7, 13, 15, 11, 13, 13, 7, 7, 19, 20, 15, 15 નો બહુલક ....... છે.
9. ઉપરોક્ત દાખલાની માહિતી ....... છે.
10. $1+3+......+(2n-1)=n^2$ છે તો પ્રથમ $n$ અયુગ્મ સંખ્યાઓનો મધ્યક ........ છે.
11. જો પ્રત્યેક અવલોકન 3, 7, 9, 18, 21, 32 ને 3 વડે ગુણવામાં આવે, તો નવો મધ્યક ....... છે.
12. જો પ્રત્યેક અવલોકન 8, 17, 25, 28, 32 માં (-7) ઉમેરવામાં આવે તો નવો મધ્યક ...... છે.
13. જો પ્રત્યેક અવલોકન 18, 33, 36, 39, 44 ને 2 વડે ભાગવામાં આવે તો નવો મધ્યક ..... છે.
14. જો અવલોકન 5, 37, 29, 18 માં અવલોકન 5 ને બદલે (-5) લેવામાં આવે તો નવો નવો મધ્યક ...... છે.
15. જો પ્રત્યેક અવલોકન 8, 13, 9, 15, 12 ને (-5) વડે ગુણવામાં આવે તો નવો મધ્યક ..... છે.
16. -2, -9, 31, 28, 41, 13 માં (-9) ને બદલે 9 લેવામાં આવે તો નવો $\overline{x}=$ .....
17. 33, 17, 23, 28, 42, 37 પ્રત્યેક અવલોકનમાં 4 ઉમેરવામાં આવે તો નવો મધ્યક .... છે.
18. સમાન્તર શ્રેણી 5, 11, 17 ..... નું 101 મું પદ શોધો.
19. 5, 10, 15, 20, ...... 200 ના પદોની સંખ્યા શોધો.
20. 200, 196, 192, ..... - 200 નું કેટલામું પદ 0 (શૂન્ય) હશે ?
21. 11, 17, 23, 29, ..... 605 માટે છેલ્લેથી 7 મું પદ શોધો.
22. 7 ના કેટલા ગુણોનો ત્રણ અંકોની સંખ્યા હોય ?
23. 10, 15, 20, 25, 30, ..... 1000 નું છેલ્લેથી પંદરમું પદ શોધો.
24. $5+11+17+........$ નાં શ્રેણીનાં પ્રથમ 20 પદોનો સરવાળો કેટલો થાય.
25. $7+11+15+19+23........$ નાં કેટલાં પદોનો સરવાળો 900 થાય.
26. 6 ના પ્રથમ 30 ઘન પૂર્ણાંક ગુણિતોનો સરવાળો મેળવો.
27. 2, 7, 12, 17 નાં કેટલાં પદનો સરવાળો 990 થાય ?
28. એક સમાંતર શ્રેણીનું પ્રથમ પદ 5 અને છેલ્લું પદ 45 છે. બધા પદોનો સરવાળો 500 છે. તો તે શ્રેણીનાં પદોની સંખ્યા કેટલી.
29. 3 વડે નિઃશેષ વિભાજ્ય હોય તેવી 3 અંકોની બધી પ્રાકૃતિક સંખ્યાઓનો સરવાળો શોધો.
30. 5 થી 205 સુધીની તમામ અયુગ્મ સંખ્યાઓનો સરવાળો કરો.
31. જો $3+5+7+9+........$ $n$ પદનો સરવાળો 288 હોય તો $n=$........ ?
32. સમાન્તર શ્રેણી 100, 97, 94, 91, ....... નું ક્યુ પદ તેનું પ્રથમ શ્રેણી પદ હોય ?
33. 8, 11, 14, 17, ..... નું કેટલામું પદ 272 હોય ?
34. 3 + 6 + 9 + ...... + 300 = .........
35. 5 + 10 + 15 + ...... + 100 = .........
36. (-100) + (-92) + (-84) + ..... + 92 = .........

37. 25 + 21 + 17 + 13 + ....... + (-51) = ..........

38. નીચેના આંકડાઓમાં ? ખાલી જગ્યામાં શું આવે ?

(1) 729 (2) 343

(3) 125 (4) 27

39. સમાંતર શ્રેણી 2, 7, 12, 17 નું 12 મું પદ ક્યું છે.

40. આ શ્રેણીમાં હવે પછીની સંખ્યા કઈ આવશે ? 3, 5, 7, 11, 13, 17, .......

41. જેનું N મું પદ (7n - 3) હોય તેવી સમાંતર શ્રેણીમાં પ્રથમ 40 પદોનો સરવાળો ............ થાય.

42. એક સમાંતર શ્રેણીનું nમું પદ $T_n = 5_n - 2$ છે, તો તેનું 12 મું પદ ક્યું હશે ?

43. 9 + 19 + 29 + ........ = 99 નો સરવાળો કેટલો થાય.

44. સમાંતર શ્રેણીનું $n$ મું પદ શોધવાનું સૂત્ર ક્યું છે ?

45. સમાંતર શ્રેણીના સરવાળા અંગેનું સૂત્ર $Sn = \frac{n}{2}(a+1)$ ના શોધક ગણિતશાસ્ત્રી ........ હતા.

46. આ શ્રેણીમાં ..........નો જવાબ શું આવશે ?

1, 121, 441, 961, 1681, (?)

47. 4, 196, 16, 144, 36, 100, 64, (?)

48. 1, 4, 14, 45, 139, 422, (?)

49. 9 + 19 + 29 + ......... + 99 નો સરવાળો કેટલો થાય ?

50. 93663959378916396 39 ઉપરની શ્રેણીમાં જેની તરત આગળ 6 અને તરત જ પાછળ 9 ન આવતા હોય તેવા '3' ની સંખ્યા કેટલી ?

---

## પ્રેક્ટીસ પેપર - ૧૭ જવાબો

(1) 17 (2) 34 (3) 19 (4) 81 (5) 8 (6) 5000 (7) 2 & 3 (8) 7, 13 & 15 (9) બહુલકી (10) n (11) 45 (12) 15 (13) 17 (14) 19.75 (15) - 57 (16) 20 (17) 34 (18) 605 (19) 40 (20) 51 (21) 569 (22) 128 (23) 930 (24) 1240 (25) 20 (26) 2790 (27) 20 (28) 20 (29) 165150 (30) 10605 (31) 16 (32) 35 (33) 89 (34) 15150 (35) 1020 (36) - 100 (37) - 260 (38) 27 (39) 57 (40) 19 (41) 5620 (42) 58 (43) 540 (44) $T_n = a + (n - 1)d$ (45) ગાઉસ (46) 2601 (47) 64 (48) 1272 (49) 540 (50) 2

# પ્રેક્ટીસ પેપર - ૧૮

1. 1 થી 36 સુધીના અંકોનો કુલ સરવાળો .................... થાય.

(અ) 360 (બ) 666 (ક) 720 (ડ) 540

2. 1 થી 12 સુધીના અંકોના સરવાળાની સરેરાશ ............ થાય.

(અ) 6.5 (બ) 6 (ક) 72 (ડ) 78

3. $\frac{0.25 \times 0.25 - 0.24 \times 0.24}{0.49}$

(અ) 0.1 (બ) 0.01 (ક) 0.49 (ડ) 0.0006

4. $\sqrt{\frac{25+15+5}{\sqrt{25}}} = ............$

(અ) $\sqrt{20}$ (બ) 5 (ક) 9 (ડ) 3

5. $16 : x :: x : 9$ જ્યાં $x =$ ..........

(અ) 12 (બ) 4 (ક) 3 (ડ) 7

6. જો $\frac{a}{b} = \frac{1}{2}$ હોય તો $\frac{a-b}{a+b} = ............$

(અ) $\frac{2}{3}$ (બ) $\frac{1}{3}$ (ક) 1 (ડ) $\frac{4}{3}$

7. નીચેના ચાર અપૂર્ણાંકોમાંથી ક્યો અપૂર્ણાંક $\frac{7}{15}$ થી વધુ છે ?

(અ) $\frac{3}{5}$ (બ) $\frac{1}{3}$ (ક) $\frac{6}{20}$ (ડ) $\frac{1}{8}$

8. બે ગાણિતિક રકમોનો લઘુત્તમ સાધારણ અવયવ 840 છે અને તેનો ગુરુત્તમ સાધારણ અવયવ 14 છે. આ પૈકીની એક રકમ 42 છે, તો બીજી રકમ કઈ હશે ?

(અ) 280 (બ) 420 (ક) 140 (ડ) 88

9. 12 વસ્તુની મૂળ કિંમત બરાબર 10 વસ્તુની વેચાણ કિંમત, તો આ વ્યવહારમાં નફો કેટલા ટકા ?

(અ) 20 % (બ) 30 % (ક) 50 % (ડ) 60 %

10. 20 કારીગરો એક કામ 25 દિવસમાં પૂરું કરે તો 25 કારીગરો આ કામ કેટલા દિવસમાં પૂર્ણ કરશે ?

(અ) 15 (બ) 20 (ક) 33.3 (ડ) 12.5

11. અનિલ બકુલને એક ઘડિયાળ 10% નફાથી વેચે છે અને બકુલ આ જ ઘડિયાળ કમલને 5% નફાથી વેચે છે. જો કમલ આ ઘડિયાળના રૂ. 462 ચૂકવતો હોય તો અનિલને આ ઘડિયાળ કેટલા રૂપિયામાં પડી હશે ?

(અ) 250 (બ) 320 (ક) 240 (ડ) 400

12. એક રકમને 10% ના વ્યાજદરે 2 વર્ષ માટે સાદા વ્યાજે અને ચ.વ્યાજે રોકવામાં આવે તો વ્યાજ તફાવત 2 રૂ. થાય છે, તો મુદ્દલ રકમ કેટલા રૂપિયા હશે ?

(અ) 500 (બ) 550 (ક) 300 (ડ) 200

13. 73 દિવસ પછી પાકતી રૂ. 1,000 ની હુંડી આજરોજ બેન્કમાં વટાવવામાં આવે તો રૂ. 970 મળે છે, તો વ્યાજનો દર કેટલો હશે ?

(અ) 18% (બ) 16% (ક) 12% (ડ) 15.46 %

14. રૂ. 100 ની મૂ.કિંમતની 5% વ્યાજદર વાળી સરકારી જામીનગીરીનો બજાર ભાવ રૂ. 90 છે અને 4% વ્યાજદરની તેટલી જ મૂ. કિંમતવાળી સરકારી જામીનગીરીનો બજારભાવ રૂ. 80 છે, તો કઈ જામીનગીરીમાં વર્તમાન રોકાણ લાભદાયી ગણાય ?

(અ) 5% વ્યાજદરની જામીનગીરી

(બ) 4% વ્યાજદરની જામીનગીરી

(ક) બંને જામીનગીરીમાં અનુક્રમે 50% - 50%

(ડ) બંને જામીનગીરીમાં 70% - 30%

15. એક વ્યક્તિની 7 દિવસની સરેરાશ કમાણી રૂ. 25 છે અને પ્રથમ 6 દિવસની સરેરાશ કમાણી રૂ. 23 છે, તો સાતમા દિવસની કમાણી કેટલા રૂપિયા થાય ?

(અ) 14 (બ) 26 (ક) 37 (ડ) 47

16. એક વર્તુળની પરિમિતિ અને વ્યાસનો તફાવત 85.6 cm હોય તો આ વર્તુળનું ક્ષેત્રફળ કેટલા ચો.સે.મી. થાય ?

(અ) 314 (બ) 1256 (ક) 125.6 (ડ) 3140

17. એક લંબચોરસની પરિમિતિ 800 મીટર છે અને તેની પહોળાઈ 150 મીટર છે. આ લંબચોરસનું ક્ષેત્રફળ કેટલા ચોરસ મીટર થશે ?

(અ) 37, 500 (બ) 3,75,000

(ક) 3.750 (ડ) 5100

18. નાનામાં નાની પ્રાકૃતિક સંખ્યા કઈ છે ?

(અ) 0 (બ) 01 (ક) 1 (ડ) 10

19. 1 + 0.1 + 0.01 = ...........

(અ) 1.11 (બ) 11.1 (ક) 111.0 (ડ) 0.111

20. ત્રિકોણના બધા ખૂણાઓનો કુલ સરવાળો કેટલા અંશ થાય ?

(અ) $45^0$ (બ) $90^0$ (ક) $180^0$ (ડ) $360^0$

21. એક ચોરસનું ક્ષેત્રફળ 49 ચો.સે.મી. છે તો તેની બાજુઓની લંબાઈ કેટલા સે.મી. હોય ?

(અ) 3 સે.મી. (બ) 5 સે.મી. (ક) 7 સે.મી. (ડ) 9 સે.મી.

22. $1 \times 0.1 \times 0.01$ બરાબર કેટલા થાય ?

(અ) 1.001 (બ) 0.001 (ક) 1.01 (ડ) 1.0001

23. 2.0999 માં કેટલા ઉમેરવાથી સરવાળો 3 થાય ?

(અ) 0.9001 (બ) 1.0001

(ક) 0.0001 (ડ) 0.0009

24. 1+1+0.1 બરાબર .............

(અ) 20 (બ) 11 (ક) 2 (ડ) 2.1

25. એક શાળામાં 0.32 ભાગની છોકરીઓ છે. જો શાળામાં વિદ્યાર્થીઓ 340 હોય તો શાળામાં કુલ વિદ્યાર્થિઓની સંખ્યા શોધો ?

(અ) 600 (બ) 700 (ક) 500 (ડ) 800

26. 45 મીટર કાપડમાંથી 2 મીટર 25 સે.મી.નું એક એવા કેટલા શર્ટ બને ?

(અ) 30 (બ) 20 (ક) 36 (ડ) 50

27. એક વર્ગમાં વિદ્યાર્થીઓની સંખ્યા 55 છે. તેમાં ગેરહાજર વિદ્યાર્થીઓની સંખ્યા 5 છે, તો હાજર અને ગેરહાજર વિદ્યાર્થીઓનો ગુણોત્તર કેટલો થાય ?

(અ) 10:1 (બ) 20:1 (ક) 1:10 (ડ) 5:1

28. 16 અને 25 નું મધ્યમ પ્રમાણપદ કેટલું થાય ?

(અ) 04 (બ) 01 (ક) 20 (ડ) 14.5

29. 1.05 કિ.મી. લાંબા તારમાંથી 2.1 મીટર લંબાઈના કેટલા ટુકડા થાય ?

(અ) 50 (બ) 500 (ક) 5000 (ડ) 250

30. પાણીની એક ટાંકીનું કદ 10,000 ઘન સે.મી. છે. તેમાંથી 20 લીટરનો એક ડબો એવા કેટલા ડબા ભરાય ?

(અ) 5 (બ) 50 (ક) 25 (ડ) 100

31. 17.5 બરાબર કેટલા ટકા થાય ?

(અ) 175 (બ) 17.5 (ક) 1.75 (ડ) 1750

32. 40.5 % ને અપૂર્ણાંકમાં દર્શાવો.

(અ) 0.4050 (બ) 0.405

(ક) 4.05 (ડ) 0.0405

33. વસ્તુઓની કિંમતમાં 40 % નો ભાવ વધારો થાય છે. જો ખર્ચ યથાવત્ રાખવો હોય તો વપરાશમાં કેટલા ટકાનો ઘટાડો કરવો જોઈએ ?

(અ) 28 (બ) 25 (ક) 40 (ડ) 30

34. એક વેપારી વેચાણના 25 % કાચો નફો કમાવવા લાગે છે તો આ માટે તેણે મૂળ કિંમત ઉપર કેટલા ટકા નફો ઉમેરવો પડે ?

(અ) 25 % (બ) $33\frac{1}{3}$ % (ક) $66\frac{2}{3}$ % (ડ) 75 %

35. એક વર્ગમાં છોકરા - છોકરીઓનું સરેરાશ વજન 38 kg છે. આ પૈકી છોકરાઓનું સરાસરી વજન 42 kg છે અને છોકરીઓનું સરાસરી વજન 33 kg છે. જો છોકરાઓની સંખ્યા 25 હોય તો છોકરીઓની સંખ્યા કેટલી હશે ?

(અ) 40 (બ) 35 (ક) 20 (ડ) 25

36. કોઈ રકમનો 4 % ના વ્યાજ દરે બીજા વર્ષના અંતે ચ. વ્યાજ અને સાદા વ્યાજ વચ્ચેનો તફાવત રૂ. 1 હોય તો આ રકમ કેટલી છે ?

(અ) Rs. 625 (બ) Rs. 400

(ક) Rs. 200 (ડ) Rs. 550

37. 12 પુરુષો અને 16 સ્ત્રીઓ એક કામ 15 દિવસમાં પુરું કરે છે. આ કામ 8 પુરુષો અને 18 સ્ત્રીઓ સાથે મળીને કેટલા દિવસમાં પુરું કરશે ?

(અ) 5 (બ) 10 (ક) 20 (ડ) 9

38. 25 વસ્તુઓની 5 કિંમત 20 વસ્તુઓની વે.કિંમત જેટલી હોય તો નફાનું પ્રમાણ કેટલા ટકા થાય ?

(અ) 20 (બ) 25 (ક) 5 (ડ) 12.5

39. એક પરીક્ષા પાસ કરવા માટે 33 % માર્ક્સ જોઈએ. એક ઉમેદવારના 210 માર્ક્સ છે અને તેને પાસ થવામાં 21 માર્ક્સ ખૂટે છે. તો આ પરીક્ષા કુલ કેટલા માર્ક્સની હશે ?

(અ) 231 (બ) 700 (ક) 330 (ડ) 630

40. અશોક એક કામ 20 દિવસમાં પુરું કરે છે. આ જ કામ બકુલ 30 દિવસમાં પૂરું કરે છે. બંને સાથે મળીને આ કામ કેટલા દિવસમાં પુરું કરશે ?

(અ) 12 (બ) 25 (ક) 5 (ડ) 10

41. એક ક્રિકેટ ખેલાડીની 25 ઈનિંગ્સનો સરાસરી સ્કોર 30 રન છે. વધારાની એક ઈનિંગ્સ રમવાને કારણે તેના રનની સરાસરી 2 રન વધી જાય છે, તો છેલ્લી વધારાની ઈનિંગ્સમાં તેણે કેટલા રન કર્યા હશે ?

(અ) 60 (બ) 50 (ક) 82 (ડ) 2

42. એક પિતાની ઉંમર હાલમાં તેના મોટા દિકરા કરતા બમણી છે. 10 વર્ષ પછી પિતાની ઉંમર તેમના નાના દિકરા કરતા ત્રણ ગણી થશે. જો મોટા અને નાના દીકરા વચ્ચેની ઉંમરનો તફાવત 15 વર્ષ હોય તો પિતાની હાલની ઉંમર કેટલા વર્ષ હશે ?

(અ) 50 (બ) 45 (ક) 55 (ડ) 60

43. કિંમત શોધો. $x^{10} \times 0^{10} \times 10^{1} \times 1^{10}$

(અ) 10 (બ) 1 (ક) 0 (ડ) અનિશ્ચિત

44. એક વર્તુળાકાર બગીચાની પરિમિતિ 88 મીટર છે, તો તેનો વ્યાસ કેટલા મીટર હશે ?

(અ) 14 (બ) 28 (ક) 22 (ડ) 35

45. એક કાટકોણ ત્રિકોણનો પાયો 4 ઈંચ છે અને તેના પરનો લંબ 3 ઈંચ છે, તો તેની ત્રીજી બાજુનું માપ કેટલા ઈંચ થાય ?

(અ) 5 (બ) 16 (ક) 9 (ડ) 7

46. બે રકમોનો લ.સા.અ. અને ગુ.સા.અ. અનુક્રમે 80 અને 15 છે. આ પૈકીની એક રકમ 40 હોય તો બીજી રકમ કેટલી હશે ?

(અ) 15 (બ) 8 (ક) 30 (ડ) 47.5

47. જો $\frac{2x+5y}{6x+3y}=\frac{3}{5}$ હોય તો $\frac{x}{y}$ નો ગુણોત્તર કેટલો થાય ?

(અ) $\frac{1}{2}$ (બ) $\frac{2}{1}$ (ક) $\frac{2}{5}$ (ડ) $\frac{7}{9}$

48. નીચેના પૈકી ક્યો અપૂર્ણાંક $\frac{17}{50}$ થી નાનો છે ?

(અ) $\frac{3}{5}$ (બ) $\frac{11}{25}$ (ક) $\frac{3}{10}$ (ડ) $\frac{9}{20}$

49. $\sqrt{\frac{\sqrt{900}-3}{1+\sqrt{4}}}$ ની કિંમત શોધો.

(અ) $\sqrt{300}$ (બ) 5 (ક) 9 (ડ) 3

50. બે રકમોનો સરવાળો 59 અને તેમનો તફાવત 19 છે. તો આ રકમનોનો ગુણાકાર કેટલો થાય ?

(અ) 680 (બ) 975 (ક) 780 (ડ) 1121

## પ્રેક્ટીસ પેપર - ૧૮ જવાબો

1. (બ) 666, 2. (અ) 6.5, 3. (બ) 0.01, 4. (ડ) 3, 5. (અ) 12, 6. (બ) $\frac{1}{3}$, 7. (અ) $\frac{3}{5}$, 8. (બ) 280, 9. (અ) 20, 10. (બ) 20, 11. (ડ) 400, 12. (ડ) 200, 13. (ડ) 15.46, 14. (અ) 5% વ્યાજદરની જામીનગીરી, 15. (ક) 37, 16. (બ) 1256, 17. (અ) 37, 500, 18. (ક) 1, 19. (અ) 1.11, 20. (અ) 20 %, 21. (ક) 7 સે.મી., 22. (બ) 0.001, 23. (અ) 0.9001, 24. (ડ) 2.1, 25. (ક) 500, 26. (બ) 20, 27. (અ) 10:1, 28. (ક) 20, 29. (ક) 5000, 30. (બ) 50, 31. (ડ) 1750, 32. (બ) 0.405, 33. (અ) 28, 34. (બ) $33\frac{1}{3}$ %, 35. (ક) 20, 36. (અ) Rs. 625, 37. (ક) 20, 38. (અ) 20, 39. (બ) 700, 40. (અ) 12, 41. (ક) 82, 42. (અ) 50, 43. (ક) 0, 44. (બ) 28, 45. (અ) 5, 46. (ક) 30, 47. (બ) $\frac{2}{1}$, 48. (ક) $\frac{3}{10}$, 49. (ડ) 3, 50. (ક) 780

# પ્રેક્ટીસ પેપર - ૧૯

1 . અશોક, બકુલ અને કિરણ એક પેઢીના ભાગીદારો છે. જે $5:3:2$ ના પ્રમાણમાં નફા - નુકસાનની વહેંચણી કરે છે. અશોકને સક્રિય કામ કરવા બદલ નફામાં ભાગ ઉપરાંત વાર્ષિક રૂ. 1,000 પગાર આપવામાં આવે છે. કોઈ વર્ષ અશોકને કુલ રૂ. 1600 મળે તો આ વર્ષે કિરણને નફામાં કેટલો ભાગ મળશે ?

(અ) 300 Rs. (બ) 320 Rs.

(ક) 360 Rs. (ડ) 240 Rs.

2. જો 1 થી 20 સુધીના દરેક અંકમાં 4 ઉમેરવામાં આવે તો આ આંકડાઓની સરાસરી કિંમત કેટલી થાય ?

(અ) 55 (બ) 59 (ક) 5.5 (ડ) 9.5

3. જો $\sqrt{6} = 2.45$ હોય તો $\sqrt{\frac{2}{3}} = (?)$

(અ) 1.225 (બ) 4.9 (ક) 0.0018 (ડ) 0.0817

4. બે સંખ્યાઓનો ધનનો સરવાળો 1729 છે. આ પૈકીની એક સંખ્યા 10 હોય તો બીજી સંખ્યા કેટલી હશે ?

(અ) 9 (બ) 27 (ક) 100 (ડ) 81

5. $\dfrac{0.06\times0.06\times0.06-0.05\times0.05\times0.05}{0.06\times0.06+0.06\times0.05+0.05\times0.05}$

(અ) 0.01 (બ) 0.001 (ક) 0.1 (ડ) 0.02

6. કાટખૂણ ત્રિકોણમાં કાટખૂણો બનાવતી એક બાજુનું માપ 12 cm તથા તે ત્રિકોણનું ક્ષેત્રફળ 30 ચો.મી. હોય, તો તે ત્રિકોણની પરિમિતિ કેટલી મીટર થશે ?

(અ) 0.5 (બ) 0.13 (ક) 30 (ડ) 0.300

7. $1 + (0.1)^2 - (0.1)^3 =$ ...............

(અ) 1 (બ) 1.01 (ક) 1.09 (ડ) 1.009

8. $\times$ નો અર્થ ઓછા, $\div$ નો અર્થ વત્તા, $+$ નો અર્થ ગુણ્યા અને - નો અર્થ ભાગ્યા થતો હોય, તો $12\div6\times4+16-8$ બરાબર કેટલા થાય ?

(અ) 10 (બ) 16 (ક) 18 (ડ) 26

9. એક ટ્રીલિયન એટલે એકડા પર કેટલા મીંડા ?

(અ) 8 (બ) 9 (ક) 12 (ડ) 15

10. *Rs.*10 નો શેર 10 ટકા વટાવે મળતો હોય તો આવા 10 શેર ખરીદવા કેટલા રૂપિયા જોઈએ ?

(અ) 90 (બ) 100 (ક) 110 (ડ) 900

11. ફળોનો એક વેપારી રૂ. 5 ની ત્રણ લેખે નારંગી ખરીદી રૂ. 4 ની બે લેખે વેચે તો તેને કેટલા ટકા નફો થાય ?

(અ) 10 % (બ) 11 %

(ક) 15 % (ડ) આ ત્રણ પૈકી એકેય નહીં.

12. વિનિમયનો દર રૂ. $100 = 12.5$ ડૉલર હોય, તો 800 ડૉલર બરાબર,

(અ) 6400 (બ) 1600 (ક) 640 (ડ) 160

13. એક બાઈસિકલના પૈડાનો વ્યાસ 28 cm છે. 440 મીટરનું અંતર કાપવા તે કેટલા આંટા મારશે ?

(અ) 250 (બ) 500 (ક) 150 (ડ) 300

14. નીચેનામાંથી ક્યો અપૂર્ણાંક મોટો છે ?

(અ) $\frac{3}{5}$ (બ) $\frac{1}{3}$ (ક) $\frac{6}{20}$ (ડ) $\frac{1}{8}$

15. $(x+y)$ માંથી $(x-y)$ બાદ કરીએ તો અંતિમ ઉકેલ શો આવે ?

(અ) 0 (બ) $2x$

(ક) $2y$ (ડ) $2x-2y$

16. 1 એકર એટલે કેટલા ચોરસવાર ?

(અ) 1,000 ચો. વાર (બ) 4,061 ચો. વાર

(ક) 4,840 ચો. વાર (ડ) 3,840 ચો. વાર

17. 1 ઈંચ બરાબર કેટલા સેન્ટિમીટર ?

(અ) 1.75 (બ) 2.15 (ક) 2.54 (ડ) 2.61

18. '$\div$' ગાણિતિ સંજ્ઞાઓનું ચિન્હ શું સુચવે છે ?

(અ) ની બરાબર છે. (બ) ની બરાબર નથી.

(ક) ની લગભગ બરાબર છે. (ડ) ની બરાબર વિરુદ્ધ છે.

19. '#' ગાણિતિક સંજ્ઞાઓનું આ ચિન્હ શું સુચવે છે ?

(અ) સમાંતર છે. (બ) સમાંતર નથી.

(ક) સમાંતર હોઈ શકે. (ડ) ત્રણમાંથી એકપણ નહીં.

20. 25 ની અંદરની બે આંકડાની એવી કઈ સંખ્યા છે કે જે અંકોનો સરવાળો એ સંખ્યા કરતા અડધા જેટલો થાય છે ?

(અ) 16 (બ) 19 (ક) 15 (ડ) 18

21. 150 વ્યક્તિઓને 12 દિવસ ચાલે તેટલો ખોરાક 200 વ્યક્તિઓને કેટલા દિવસ ચાલશે ?

(અ) 10 (બ) 9 (ક) 8 (ડ) 7

22. દશાંશ પદ્ધતિ ક્યા વર્ષથી અમલમાં આવી ?

(અ) જૂન 1920 (બ) એપ્રિલ 1857

(ક) જાન્યુઆરી 1947 (ડ) એપ્રિલ 1957

23. $\frac{3}{4}$ એટલે કેટલા ટકા ?

(અ) 80% (બ) 20% (ક) 25% (ડ) 75%

24. ચોરસની એક બાજુ 3.5 cm છે, તો તેની પરિમિતિ કેટલી ?

(અ) 14 cm (બ) 7 cm (ક) 15 cm (ડ) 12 cm

25. 36 ના 75 % એટલે કેટલા ?

(અ) 30 (બ) 25 (ક) 27 (ડ) 32

26. એક રેલગાડી કલાકના 86.4 km ની ગતિએ દોડે છે, તો 10 મિનિટમાં કેટલા કિ.મી. કાપશે ?

(અ) 1.44 km (બ) 14.0 km

(ક) 14.4 km (ડ) 8.64 km

27. એક 2.9 મીટર લંબાઈની નિસરણી દીવાલને ટેકવીને નીચેની દીવાલથી 2.1 મીટર દૂર રાખી છે, તો દિવાલની ઊંચાઈ કેટલી ?

(અ) 4.0 મીટર (બ) 2.0 મીટર

(ક) 2.9 મીટર (ડ) 2.1 મીટર

28. એક ઘડિયાળ દર દસ મિનિટે એક મિનિટ અટકાવી દઈએ, તો મિનિટ કાંટાને ઘડિયાળનું એક ચક્ર પૂરું કરતા કેટલી મિનિટ લાગે ?

(અ) 60 (બ) 66 (ક) 70 (ડ) 65

29. મારો નાનો ભાઈ એક વર્ષનો થયો ત્યારે મારી ઉંમર તેના કરતા સાત ગણી હતી. જ્યારે મારી ઉંમર તેની ઉંમર કરતા બમણી થાય ત્યારે તેની ઉંમર કેટલી હશે ?

(અ) 5 (બ) 6 (ક) 7 (ડ) 8

30. સૌથી મોટી સંખ્યા કઈ ?

(અ) 0.1 (બ) 0.01 (ક) 1.0 (ડ) 1.21

31. 3393 માં કેટલા ઉમેરવાથી મળતી સંખ્યાને 8 વડે નિઃશેષ ભાગી શકાય ?

(અ) 2 (બ) 4 (ક) 6 (ડ) 7

32. $\sqrt{40}$ ના 36 % બરાબર કેટલા ?

(અ) 2.27 (બ) 1.8 (ક) 1.2 (ડ) 33

33. એક કાટખૂણે ત્રિકોણનું ક્ષેત્રફળ તેના પાયાના માપ કરતા ૩૦ ગણું વધારે છે. જો તેના પાયા અને ઊંચાઈના માપનો સરવાળો 110 cm થતો હોય તો ત્રિકોણની ઊંચાઈ કેટલા સે.મી. થાય ?

(અ) 30 સે.મી. (બ) 60 સે.મી.

(ક) 80 સે.મી. (ડ) 45 સે.મી.

34. શિક્ષક સાથે 24 વિદ્યાર્થીઓની સરાસરી ઉંમર 15 વર્ષ છે. શિક્ષકને બાદ કરતા બાકીનાની સરાસરી ઉંમર 14 વર્ષ થાય, તો શિક્ષકની ઉંમર કેટલા વર્ષ હશે ?

(અ) 38 (બ) 39 (ક) 40 (ડ) 24

35. 51798 × 9999 નો ગુણાકાર કેટલો થાય ?

(અ) 517988202 (બ) 526978202

(ક) 517928202 (ડ) એકપણ નહીં.

36. એક કિલોમીટરના કેટલા માઈલ થાય ?

(અ) 0.621 (બ) 0.386 (ક) 0.254 (ડ) 0.248

37. 512 ના 25% ના 200 % બરાબર કેટલા થાય ?

(અ) 1024 (બ) 500 (ક) 256 (ડ) 562

38. 4 અર ક્ષેત્રવાળા ચોરસ બાગની લંબાઈ કેટલા મીટર થાય ?

(અ) 20 મીટર (બ) 8 મીટર

(ક) 2 મીટર (ડ) 4 મીટર

39. $1000^1$ અને $1^{1000}$ વચ્ચે કેટલો તફાવત છે ?

(અ) 99 (બ) 999 (ક) 9999 (ડ) 0

40. જો કોઈ વસ્તુની મૂળ કિંમતના 5 ગણા, તેની વેચાણ કિંમતના 4 ગણા બરાબર છે, તો નફાનું પ્રમાણ કેટલા ટકા થાય ?

(અ) 16 (બ) 20 (ક) 25 (ડ) 18

41. વર્તુળના સૌથી મોટી જીવાને શું કહેવાય ?

(અ) વ્યાસ (બ) ત્રિજ્યા (ક) ચાપ (ડ) પરિધ

42. 256 નું ચતુર્થ મૂળ કેટલું ?

(અ) 4 (બ) 2 (ક) 16 (ડ) 8

43. $x^2 + 5x + 6 = 0$ સમીકરણના બીજ ક્યા ?

(અ) (3,2) (બ) (−3,−2)

(ક) (−3,2) (ડ) (3,−2)

44. એક ચોરસની પરિમિતિ અને ક્ષેત્રફળ અંક સમાન છે, તો તેનું ક્ષેત્રફળ કેટલું હશે ?

(અ) 16 (બ) 8 (ક) 4 (ડ) 2

45. ત્રિકોણની એક બાજુ 3' છે અને બીજી બાજુ 4' છે, તો કર્ણ કેટલો ?

(અ) 7' (બ) 6' (ક) 3.5' (ડ) 5'

46. 5400 ÷ 9 ÷ 3 = (?)

(અ) 900 (બ) 300

(ક) 450 (ડ) એકપણ નહીં.

47. $\frac{(10-20)^2}{20} = (?)$

(અ) −5 (બ) −50 (ક) 5 (ડ) −5

48. $\pi$ (પાઇ)ની માત્રા સૌથી પહેલા કોણે આપી હતી ?

(અ) પ્લેટોએ (બ) આર્ય ભટ્ટે

(ક) પાઇથાગોરસે (ડ) વરાહ મિહિરે

49. $(-2)^4$ ની કિંમત શું થાય ?

(અ) 16 (બ) -16 (ક) -8 (ડ) 8

50. એક કામ x 20 દિવસમાં અને y 30 દિવસમાં કરી શકે છે. બંને સાથે મળી કામ કરે છે જેની મજુરી રૂ. 450 મળે છે તો x અને y ને શું મળે ?

(અ) x ને 300 અને y 150

(બ) x ને 250 અને y 200

(ક) x ને 275 અને y 175

(ડ) x ને 270 અને y 180

---

## પ્રેક્ટીસ પેપર - ૧૯ જવાબો

1. (ડ) 240 Rs., 2. (ડ) 9.5, 3. (ડ) 0.0817, 4. (અ) 9, 5. (અ) 0.01, 6. (ક) 30, 7. (ડ) 1.009, 8. (અ) 10, 9. (ડ) 15, 10. (અ) 90, 11. (ડ) આ ત્રણ પૈકી એકેય નહીં., 12. (અ) 6400, 13. (બ) 500, 14. (અ) $\frac{3}{5}$, 15. (ક) $2y$, 16. (ક) 4,840 ચો. વાર, 17. (ક) 2.54, 18. (ડ) ની બરાબર વિરુદ્ધ છે., 19. (બ) સમાંતર નથી., 20. (ડ) 18, 21. (બ) 9, 22. (ડ) એપ્રિલ 1957, 23. (ડ) 75%, 24. અ) 14 cm, 25. (ક) 27, 26. (ક) 14.4 km, 27. (બ) 2.0 મીટર, 28. (ડ) 65, 29. (બ) 6, 30. (ડ) 1.21, 31. (ડ) 7, 32. (અ) 2.27, 33. (બ) 60 સે.મી., 34. (અ) 38, 35. (ક) 517928202, 36. (અ) 0.621, 37. (ક) 256, 38. (ક) 2 મીટર, 39. (બ) 999, 40. (ક) 25, 41. (અ) વ્યાસ, 42. (અ) 4, 43. (બ) (−3,−2), 44. (અ) 16, 45. (ડ) 5', 46. (ડ) એકપણ નહીં., 47. (ક) 5, 48. (બ) આર્ય ભટ્ટે, 49. (અ) 16, 50. (ડ) x ને 270 અને y 180

# પ્રેક્ટીસ પેપર - ૨૦

1. કોના વર્ગમૂળનું ઘનમૂળ 2 છે ?
   (અ) 8 (બ) 16 (ક) 36 (ડ) 64
2. 10 તોલા એના ગ્રામ કેટલા ?
   (અ) 116.64 ગ્રામ (બ) 127.60 ગ્રામ
   (ક) 117.20 ગ્રામ (ડ) 115.36 ગ્રામ
3. 10 cm વ્યાસવાળા વર્તુળની ત્રિજ્યા કેટલી હોય ?
   (અ) 5 (બ) 20 (ક) 100 (ડ) 125
4. એક કાટખૂણ ત્રિકોણનો એક ખૂણો $45^0$ નો ખૂણો છે તો ત્રીજો ખૂણો કેટલા અંશનો હોય ?
   (અ) 45 (બ) 90 (ક) 60 (ડ) 40
5. $xyz^0 =$ ............ ?
   (અ) 1 (બ) શૂન્ય (ક) $xy$ (ડ) $xyz$
6. $8^2$ નું ઘનમૂળ શું થાય ?
   (અ) 8 (બ) 4 (ક) 64 (ડ) 2
7. નળાકારના ઘનફળનું સૂત્ર શું ?
   (અ) $2\pi rh$ (બ) $\pi r^2h$ (ક) $\frac{\pi}{3}r^2h$ (ડ) $\frac{4}{3}\pi r^2h$
8. $(5 + 5 \times 15 \div 5)$ નું સાદુરુપ આપતા ક્યો જવાબ મળે ?
   (અ) 10 (બ) 20 (ક) 30 (ડ) 16
9. એક રકમનું 2 વર્ષનું સાદુ વ્યાજ 40 અને ચક્રવૃદ્ધિ વ્યાજ 41 રૂ. થાય છે તે વ્યાજનો દર શો હશે ?
   (અ) 4 % (બ) 5 % (ક) 6 % (ડ) 8 %
10. એક કોઠારમાં 6 માણસોને 12 દિવસ ચાલે તેટલું અનાજ છે તો તે અનાજ 8 માણસોને કેટલા દિવસ ચાલે ?
    (અ) 4 દિવસ (બ) 6 દિવસ (ક) 9 દિવસ (ડ) 8 દિવસ
11. Rs. 50 નો એક એવા 8 ટકા ડિવિડન્ડ આપતા 100 શેરો હોય તો વાર્ષિક ડિવિડન્ડ કેટલા થાય ?
    (અ) 200 Rs. (બ) 400 Rs.
    (ક) 32 Rs. (ડ) 40 Rs.
12. x, y અને z વચ્ચે 1000 રૂ. 2:3:5 ના પ્રમાણમાં વહેંચાય તો x ને કેટલા રૂપિયા મળે ?
    (અ) 200 Rs. (બ) 300 Rs.
    (ક) 500 Rs. (ડ) 20 Rs.
13. એક કાટકોણ ત્રિકોણનું ક્ષેત્રફળ 600 ચો સે.મી. છે. તેનો પાયો 40 સે.મી. છે, તો તેની પરિમિતિ કેટલી ?
    (અ) 120 cm (બ) 240 cm
    (ક) 70 cm (ડ) 90 cm
14. ગોળાના કદ માટેનું સૂત્ર ક્યું ?
    (અ) $2\pi$ ત્રિજ્યા (બ) $4\pi$ ત્રિજ્યા²
    (ક) $\frac{4}{3}\pi$ ત્રિજ્યા³ (ડ) $\pi x$ વ્યાસ
15. સરવાળામાં તટસ્થ સંખ્યા કઈ ?
    (અ) 1 (બ) 0
    (ક) 10 (ડ) એકપણ નહીં.
16. રોમન લિપિમાં C દ્વારા દર્શાવાતી સંખ્યા કઈ ?
    (અ) 10 (બ) 100 (ક) 1000 (ડ) 10,000
17. આમાંથી કઈ સંખ્યાને બમણી કરીએ તો જવાબ અડધો $\frac{1}{2}$ આવે ?
    (અ) $\frac{1}{8}$ (બ) $\frac{1}{3}$ (ક) $\frac{1}{4}$ (ડ) $\frac{1}{5}$
18. રૂ. 600 ની ઘડિયાળ રૂ. 750 માં વેચતા કેટલા ટકા નફો થાય ?
    (અ) 150 % (બ) 25 % (ક) 15 % (ડ) 20 %
19. સમઘનનું પૃષ્ઠફળ શોધવાનું સૂત્ર આપો ?
    (અ) 4 (લંબાઈના)² (બ) લંબાઈ $\times$ પહોલાઈ
    (ક) 3 (લંબાઈ)² 3 (પહોળાઈ) (ડ) 6 (બાજુની લંબાઈ)²
20. રૂ. 100 ના 10% લેખે બે વર્ષના સાદા અને ચ. વ્યાજનો તફાવત કેટલો થાય ?
    (અ) 30 Rs. (બ) 20 Rs.
    (ક) 10 Rs. (ડ) એકપણ નહીં.
21. પાણીનો નળ 8 કલાક ચાલુ રાખવાથી ટાંકી પૂરેપૂરી ભરાઈ જાય છે. તેથી આ નળથી $\frac{1}{4}$ ભાગની ટાંકી ભરાતા કેટલી મિનિટ થાય ?
    (અ) 32 મિનિટ (બ) 60 મિનિટ
    (ક) 120 મિનિટ (ડ) 240 મિનિટ
22. $\Delta ABC$ માં માપ $\angle A = 78^0$ છે, તો માપ $\angle B +$ માપ $\angle C =$ કેટલા અંશ થશે ?
    (અ) $78^0$ (બ) $102^0$ (ક) $100^0$ (ડ) $80^0$
23. જો $|x-1| = 8$ હોય તો $x$ ની કિંમત શોધો ?
    (અ) 9 (બ) (-9) અથવા 7
    (ક) (-9) અથવા (-7) (ડ) 9 અથવા (-7)

24. ઘડિયાળમાં મિનિટ કાંટા અને કલાકકાંટા વચ્ચે પાંચ વાગે થતો ખૂણો ક્યો છે ?

(અ) ગુરુકોણ (બ) લઘુકોણ (ક) કાટકોણ (ડ) સરળકોણ

25. 1 ક્વિન્ટલ બરાબર કેટલા ગ્રામ થાય ?

(અ) 1000 ગ્રામ (બ) 1,00,000 ગ્રામ

(ક) 10,00,000 ગ્રામ (ડ) 10,000 ગ્રામ

26. જો $x$ અને $\frac{4}{x}$ નો સરવાળો 4 થાય તો $x$ નું મૂલ્ય કેટલું ?

(અ) 2 (બ) 4 (ક) 8 (ડ) એકપણ નહિં.

27. એક વેપારી એક ટેબલ 480 Rs. માં વેચે તો તેને 20 ટકા ખોટ જાય છે. જો તેને 20 ટકા નફો મેળવવો હોય તો તે ટેબલ કેટલા રૂપિયામાં વેચવું જોઈએ ?

(અ) 520 Rs. (બ) 600 Rs.

(ક) 720 Rs. (ડ) 800 Rs.

28. અ અને બ 3 : 2 ના પ્રમાણમાં નફો નુકસાન વહેંચતા ભાગીદારો $\frac{1}{5}$ ભાગ આપી ક ને પેઢીમાં દાખલ કરે છે. નવું પ્રમાણ 9 : 7 : 4 ગણવાનું હોય તો જૂના ભાગીદારોના ત્યાગનું પ્રમાણ કેટલું ?

(અ) $\frac{4}{3}$ (બ) $\frac{3}{4}$ (ક) $\frac{2}{4}$ (ડ) $\frac{4}{2}$

29. અ અને બ 3 : 2 ના પ્રમાણમાં નફો નુકસાન વહેંચે છે. ક ને ભાગીદારીમાં દાખલ કરતા નવું પ્રમાણ 2 : 2 : 1 નક્કી થાય છે. ક રૂ. 10,000 પાઘડી તરીકે લાવે છે. પાઘડીની વહેંચણી દર્શાવો.

(અ) અ ને રૂ. 5,000 અને બ ને રૂ. 5,000

(બ) અ ને 6,000 અને બ ને 4,000

(ક) અ ને રૂ. 10,000 મળે

(ડ) કોઈને પાઘડી ન મળે.

30. $\left(1+\frac{1}{2}\right)\left(1+\frac{1}{3}\right)\left(1+\frac{1}{4}\right)\ldots\ldots\ldots\left(1+\frac{1}{81}\right)$ નું મૂલ્ય કેટલું ?

(અ) 6 (બ) 12 (ક) 10 (ડ) 41

31. રૂ. 1 લાખનું મશીન ખરીદાયું રૂ. 20,000 ટ્રાન્સપોર્ટનો ખર્ચ કર્યો અને 10,000 રૂ. મશીન બેસાડવાની મજુરી આપી તો કુલ મુડીગત ખર્ચ કેટલો ?

(અ) Rs. 1,00,000 (બ) Rs. 1,20,000

(ક) Rs. 1,10,000 (ડ) Rs. 1,30,000

32. $x$ અને $y$ એ 3 : 2 ના પ્રમાણમાં નફો અને નુકસાન વહેંચે તો ભાગીદારી પેઢીમાં $z$ ને $\frac{1}{5}$ ભાગ સાથે પ્રવેશ આપ્યો તો નવું વહેંચણીનું પ્રમાણ શું થશે ?

(અ) 12:8:5 (બ) 8:12:5 (ક) 2:2:1 (ડ) 14:8:3

33. શ્રેણીની 10 સંખ્યાનો મધ્યક 25 છે. દરેક સંખ્યામાંથી 5 બાદ કરવામાં આવે તો નવો મધ્યક કેટલો થાય ?

(અ) 5 (બ) 10 (ક) 20 (ડ) 25

34. $\lim_{x\to -2} \frac{x^2-4}{x+2} = (?)$

